શ્રી સ્થાનકવાસી

જૈન જ્ઞાનસાગર



: પ્રકાશક :

જીવણલાલ છગનલાલ સંઘવી

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥

શ્રી સ્થાનકવાસી

જૈન જ્ઞાન-સાગર

卐

સંગ્રાહક અને પ્રકાશક:
જીવણલાલ છગનલાલ સંઘવી.
પંચભાઈની પોળ, અમદાવાદ.

આવૃત્તિ બીજી
ઇ. સ. ૧૯૫૦

નકલ ૮૦૦
સં. ૨૦૦૬

કિંમતઃ સાડા ત્રણ રૂપિયા.

મંગળ સ્તોત્રમ્

વીરઃ સર્વ સુરા સુરેન્દ્ર મહિતો, વીરં બુધાઃ સંશ્રિતાઃ;
વીરેણાભિહતઃ સ્વકર્મનિચયો, વીરાય નિત્યં નમઃ;
વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપો,
વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચયઃ, શ્રી વીર! ભદ્રં દિશ.

× × ×

અર્હન્તો ભગવન્ત ઇન્દ્ર મહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતાઃ,
આચાર્યાઃ જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રી સિદ્ધાન્ત સુપાઠકાઃ મુનિવરાઃ, રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્.

શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મણીલાલ છગનલાલે છાપી.
ઘીકાંટા રોડ, નોવેલ્ટી સીનેમા પાસેઃ અમદાવાદ.

પ્રસ્તાવના

'**पढमं नाणं तओ दया**' એ જૈન સૂત્રનું મહાવાકય છે. જીવનમાં જ્ઞાન એક એવી અદ્‌ભુત વસ્તુ છે કે જેને લીધે મનુષ્ય પોતાનું જીવન સુખ, સંતોષ અને રસીકતાપૂર્વક વહાવી શકે. મનુષ્યને જો સારા ખોટાની સમજણ ન હોય તો તેને જીવનમાં લેશ પણ આનંદ આવી શકતો નથી. ઉલટું, તેનું જીવન અવ્યવસ્થિતપણે વહન થઈ તે ભાવિ દુઃખમાં ધકેલાઈ જાય છે. એટલા જ માટે પ્રભુ મહાવીરે કહ્યું છે કે જીવનમાં જ્ઞાન વસ્તુને ઓળખવી એ સર્વ કોઇ શ્રાવકનું પ્રથમ કર્તવ્ય છે અને તે જ્ઞાનને ઓળખ્યા પછી જ મનુષ્ય દયા, પ્રેમ, અહિંસા, સત્ય, પરોપકાર, ક્ષમાદિ ગુણોને વિકસાવી પોતાના આત્માનું શ્રેય સાધી શકે છે.

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અપાર છે. તેમાં સૂક્ષ્મ બાબતથી લઈને સ્થૂલમાં સ્થૂલ વિષયોનું અગાધ જ્ઞાન ભર્યું પડયું છે. એ જ્ઞાન મેળવી, તે દ્વારા આદરવા યોગ્ય આદરીને, છાંડવા યોગ્ય છાંડીને અને જાણવા યોગ્ય જાણીને સાચો જૈન પોતાના આત્માને ઉચ્ચ ગતિ પ્રતિ લઇ જઈ શકે છે.

સ્થા. જૈનધર્મ માન્ય ૩૨ આગમો (સિદ્ધાન્તો) છે, તેની, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને કથાનુયોગઃ એવા ચાર વિભાગોમાં વહેંચણી કરવામાં આવી છે. તે સૂત્રોમાંથી જાણવા યોગ્ય થોક (તત્ત્વસંગ્રહ) ના કેટલાક પ્રકરણો પ્રસ્તુત ગ્રન્થમાં આપવામાં આવ્યા છે. જેથી આબાલવૃદ્ધ સર્વ કોઇ તત્ત્વજીજ્ઞાસુ તેનો સારી રીતે અભ્યાસ કરી શકે.

આવા ગૂજરાતી ભાષામાં સૂત્રોમાંથી સંક્ષિપ્ત રીતે ઉતારેલા થોકડા, અધ્યયનો, સ્તોત્રો આદિના એક સર્વોપયોગી ગ્રન્થની જૈન સમાજને ભારે આવશ્યકતા હતી, તે પૂર્તિ કરવાનું મહાન પરિશ્રમી કાર્ય આજથી ૪૭ વર્ષ પહેલાં જામનગરનિવાસી ધર્મપ્રેમી તત્ત્વજ્ઞ સ્વ. શ્રી આણંદજી તારાચંદ પુનાતરે ઉપાડયું અને ' જ્ઞાનસાગર ' નામથી તેની પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૮૯૯ના ઓગસ્ટમાં પ્રગટાવી. પુસ્તક આદરણીય બન્યું અને જૈન સમાજે તેને પૂરેપૂરૂં અપનાવ્યું; એટલે તે પછી અત્યાર સુધીમાં આ પુસ્તકની ૭ આવૃત્તિ પ્રકટાવવાનું માન સ્વર્ગસ્થ પુનાતરને ઘટે છે.

આ સમય દરમ્યાન 'જ્ઞાનભંડાર' નામથી આને લગભગ મળતો જ સંગ્રહ મુંબાઈની શ્રી જૈન સ્થાનકવાસી વિદ્યાલય કમીટી તરફથી ઈ. સ. ૧૯૨૨માં પ્રગટયો, તેને ૨૫ વર્ષનો અને જ્ઞાનસાગરની છેલ્લી આવૃત્તિ પ્રગટયાને દશ વર્ષનો ગાળો પડી ગયો હતો.

દરમ્યાન આ પુસ્તકની માગણી હરહંમેશ ચાલુ જ હતી; તેથી આજથી ત્રણ વર્ષ પૂર્વે એટલે તા. ૨૩-૩-૧૯૪૭ ના રોજ "સ્થાનકવાસી જૈન જ્ઞાન સાગર" નામથી પહેલી નવી આવૃત્તિ પ્રથમની બધી આવૃત્તિઓ કરતાં વધારે સંગ્રહવાળી અમે પ્રકટ કરી. તે આવૃત્તિ માત્ર બે જ વર્ષના ગાળામાં ખપી ગઈ. અને આ પાઠયપુસ્તકની માગણી પુનઃ એટલા જ જોરમાં શરૂ થઈ. તેથી એ માંગને પહોંચી વળવા ખાતર આજે અમે આ પુસ્તકની દ્વિતીય આવૃત્તિ પ્રગટ કરીએ છીએ; તે એવા સંપૂર્ણ વિશ્વાસથી કે જ્ઞાનપિપાસુ ભાઈઓ અને બહેનો આ પુસ્તકને એટલા જ ઉમંગપૂર્વક અપનાવી લેશે.

પ્રથમ આવૃત્તિ જેટલા જ વિષયો આમાં દાખલ કરવામાં આવ્યા છે. માત્ર એક થોકડો ઓછો કરી, તેના બદલે 'શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (સંસ્કૃત) ઉમેરવામાં આવ્યું છે, જેથી અભ્યાસીઓ તેને કંઠસ્થ કરી શકે.

ટાઇપો સ્વચ્છ બ્લેક વાપરવામાં આવ્યા છે તે તેની બધી આવૃત્તિઓ કરતાં વિશિષ્ટતા છે, એટલે અભ્યાસ કરનારાઓને વાંચન માટે અતિ સરળ પડે તેમ છે, ભાષા અને જોડણી તથા પ્રુફ-સંશોધન પરત્વે પણ પૂરતી કાળજી રાખવામાં આવી છે.

આ ગ્રંથ જ્ઞાનસાગર અને જ્ઞાનભંડારના આધારે જ તૈયાર કરવામાં આવેલો હોઈ, તે તે ગ્રન્થોના સંશોધકો અને પ્રકાશકોનો અમે પુનઃ આભાર માનીયે છીએ.

ટુંકમાં પાઠશાળાના સંચાલકો અને જૈન ભાઈ-બહેનો આ પાઠય-પુસ્તકને પ્રથમની જેમ ત્વરાએ અપનાવી લેશે તો અમારો આ દિશાનો પ્રયાસ વિશેષ સફળ થયો જણાશે.

ફાગણ શુદી ૨ : શનિવાર : સં. ૨૦૦૬ }
અમદાવાદ : તા. ૧૮-૨-૫૦ }

ભવદીય
જીવનલાલ છગનલાલ સંઘવી

અનુક્રમણિકા

	વિષય	પૃષ્ઠ
૧	શ્રી સામાયિકવ્રત–અર્થ સહિત	૧
૨	શ્રી સામાયિકના બત્રીશ દોષ	૮
૩	કાઉસ્સગના વીસ દોષ	૧૧
૪	શ્રી પ્રતિક્રમણ સૂત્ર–અર્થ સહિત	૧૨
૫	ધર્મધ્યાનનો કાઉસ્સગ	૫૮
૬	દશમું–અગીયારમું વ્રત આદરવાની વિધિ	૬૦
૭	પોષાના અઢાર દોષ	૬૧
૮	શ્રાવકના દશ પચ્ચખાણ	૬૧
૯	પંચપરમેષ્ઠિનાં ૧૦૮ ગુણ–અર્થસહિત	૬૪
૧૦	શ્રાવકના ૨૧ ગુણ	૬૭
૧૧	છકાયના બોલ	૬૮
૧૨	નવતત્ત્વ	૭૩
૧૩	લઘુદંડક	૧૦૩
૧૪	ગતાગતના બોલ	૧૨૬
૧૫	ગુણસ્થાનદ્વાર	૧૩૧
૧૬	મોટો બાસઠીયો	૧૫૦
૧૭	ચાર કષાયનો થોકડો	૧૬૩
૧૮	અઠાણું બોલનો અલ્પબહુત્વદ્વાર	૧૬૪
૧૯	ચોવીશ જિનાંતરા	૧૬૬
૨૦	શ્વાસોશ્વાસનો થોકડો	૧૭૪
૨૧	કર્મપ્રકૃતિના બોલ	૧૭૬
૨૨	૭ આરાના બોલ	૧૮૨
૨૩	ત્રેવીશ પદવીના બોલ	૧૮૬
૨૪	વિરહ દ્વાર	૧૮૯
૨૫	પ્રમાણબોધનો થોકડો	૧૯૦

	વિષય	પૃષ્ઠ
૨૬	પચીસ બોલનો થોકડો	૧૯૫
૨૭	શ્રોતા અધિકાર	૨૦૬
૨૮	પાંત્રીશ બોલ	૨૧૨
૨૯	સિદ્ધ દ્વાર	૨૧૭
૩૦	ગર્ભ વિચાર	૨૨૨
૩૧	બત્રીસ અસજ્ઝાય...	૨૩૪
૩૨	અધ્યયનો	૨૩૫
	(૧) પુચ્છિસ્સુણું.....(અર્થ સાથે)	૨૩૫
	(૨) પરચુરણ ગાથાઓ	૨૪૦
	(૩) દશ વૈકાલિક સૂત્રના અધ્યયન ૧-૨-૩ (અર્થ સાથે)...	૨૪૨
	(૪) ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયન ૩-૪-૬-૧૬ (અર્થ સાથે)	૨૪૭
૩૩	ભક્તામર સ્તોત્ર (અર્થ સાથે)	૨૭૭
૩૪	કલ્યાણ મંદિર સ્તોત્ર મૂળ અને પદ્યાનુવાદ	૨૯૧
૩૫	શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર-અર્થ સાથે	૩૦૪
૩૬	વ્યાખ્યાન પ્રારંભે કહેવાતી શ્રી મહાવીર સ્તુતિ... ...	૩૦૮
૩૭	કાવ્ય સંગ્રહ (વિધવિધ કાવ્યો)	૩૧૦

અમારાં બીજી કાયમનાં

જૈન પ્રકાશનો

જૈનતત્ત્વપ્રકાશ ગ્રંથ (મોટાં પૃષ્ઠ ૫૦૦)	૫—૦—૦
ધર્મપ્રાણ લોંકાશાહ	૦—૧૨—૦
સ્થાનકવાસી જૈન ઇતિહાસ	૦—૧૨—૦
આદર્શ જૈન સ્તુતિ (પાંચમી આવૃત્તિ)	૦—૧૦—૦
સોનગઢી સિદ્ધાન્ત પર એક દૃષ્ટિ	૦—૮—૦
સાહિત્ય સાગરના મોતી	૦—૬—૦
દ્રૌપદીની ચર્ચા	૦—૬—૦
સમ્યક્ સંદેશ	૦—૬—૦
સતી રાજેમતી	૧—૦—૦
સુબાહુકુમાર	૧—૦—૦
વીરભાણ–ઉદયભાણ ચરિત્ર	૧—૦—૦
સતી દમયંતી	૦—૧૨—૦
જંબુસ્વામી ચરિત્ર	૧—૦—૦
જ્ઞાતાસૂત્રની કથાઓ	૧—૪—૦
સામાયિક પ્રતિક્રમણ	૦—૪—૦
શ્રાવકની આલોયણા	૦—૪—૦
જૈન થોકસંગ્રહ (૧૧ થોકડા)	૦—૧૨—૦
જૈનધર્મ શિક્ષાવલી	૦—૩—૬
રત્નાકર પચીસી	૦—૩—૦
અનુપૂર્વી અને સાધુવંદના	૦—૧—૩
લોંકાશાહ મત સમર્થન	૧—૦—૦
રાજચંદ્ર વિચાર નિરીક્ષણ	૧—૪—૦

આ ઉપરાંત જૈનધર્મના દરેક જાતનાં પુસ્તકો-રાસો, ચરિત્રો, મૂળ, ભાષાંતર અને ટીકાવાળાં આગમો, પાઠ્યપુસ્તકો, રેસીટેશનો વગેરે મળશે. વધુ માટે અમારું સૂચીપત્ર મંગાવોઃ—

જીવણલાલ છગનલાલ સંઘવી
જૈન બુકસેલર અને પબ્લીશર
પંચભાઈની પોળ, **અમદાવાદ.**

મંગળાચરણ

[મારા હૈયા કેરા હાર–એ રાગ]

વ્હાલા વીર જિનેશ્વર, જન્મ જરા નિવારજો રે;
પ્યારા પ્રભુજી પ્રીતે, મુજ શીર પર કર સ્થાપજો રે.
ત્રણ રત્ન આપો પ્રભુ મુજને, ખોટ ખજાને, કો નહિ તુજને;
અરજી ઉર ધારી, કરમ કંટક સંહારજો રે.....વહાલા૦ ૧
કુમતિ ડાકણ વળગી મુજને, નમી નમી વિનવું, હે પ્રભુ તુજને;
એ દુઃખથી દૂર કરવા, વહેલા આવજો રે. વહાલા૦ ૨
આ અટવીમાં ભૂલો પડીયો, તું સાહેબ સાચો મુને મલીયો;
સેવકને શીવપુરની સડક બતાવજો રે. વહાલા૦ ૩
અરજી ઉચ્ચારી, શ્રી જિન આગે, મહાવીર શિષ્યો પ્રભુ પદ માગે.
મહેર કરી મહારાજ, અમને તારજો રે. વહાલા૦

મંગળમય મહાવીર.

મંગલમય મહાવીર, અમારા મંગલમય મહાવીર.
શાસનનાયક, વીર જિનેશ્વર, ઉતારો ભવ તીર...અમારા૦ ૧
ચંદનબાળા સતી શીલવંતી, લાધ્યા બાકળા પ્રતિવીર...અમારા૦ ૨
ચરણે ડસ્યો ચંડ નાગ કોશીઓ, દૂધનું વહ્યું રૂધીર...અમારા૦ ૩

શ્રી સામાયિકસૂત્ર (અર્થ સાથે)

(૧) નવકાર (નમોક્કાર) મંત્ર

નમો—નમસ્કાર હોજો. **અરિહંતાણં**—કર્મરૂપ વેરીના હણનાર એવા **અરિહંતને**, જેણે ચાર ઘનઘાતી કર્મ–જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની અને અંતરાય, ક્ષય કર્યા તથા જેનાથી કાંઇ રહસ્ય નથી અને જે ચોત્રીશ અતિશયે તથા પાંત્રીશ પ્રકારની વાણીએ તથા બાર ગુણે કરી બીરાજમાન છે. **નમો**—નમસ્કાર હોજો. **સિદ્ધાણં**—સકલ કાર્ય સાધ્યાં જેણે તે **સિદ્ધ** ભગવંતને, જે આઠ કર્મ ખપાવી સિદ્ધના સુખને પામ્યા તથા એકત્રીશ ગુણે કરી સહિત છે. **નમો**–નમસ્કાર હોજો. **આયરિયાણં**–આચાર્યજીને, જે શુદ્ધ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આચાર પોતે પાળે અને બીજાને પળાવે, તથા છત્રીશ ગુણે કરી સહિત છે. **નમો**—નમસ્કાર હોજો. **ઉવજ્ઝાયાણં**—ઉપાધ્યાયજીને, જે શુદ્ધ સૂત્રાર્થ ભણે, ભણાવે તથા પચીશ ગુણે કરી સહિત છે. **નમો**—નમસ્કાર હોજો. **લોએ**—લોકને વિષે. **સવ્વસાહુણં**—સર્વ સાધુને, જે જ્ઞાન દર્શન ચારિત્ર અને તપના સાધનાર તથા સત્તાવીશ ગુણે કરી સહિત છે.

(૨) તિખુત્તો અથવા વંદના.

તિખુત્તો—ત્રણ વાર. **આયાહિણં**—બે હાથ જોડીને–જમણા કાનથી ડાબા કાન સુધી. **પયાહિણં**—પ્રદક્ષિણા કરીને. **વંદામિ**—વાંદું છું એટલે પગે લાગું છું. **નમંસામિ**—નમસ્કાર કરું છું. (પાંચ અંગ નમાવીને.) **સક્કારેમિ** - સત્કાર દઉં છું. **સમ્માણેમિ**—સન્માન દઉં છું. **કલ્લાણં**—કલ્યાણકારી છો. **મંગલં**—મંગળકારી છો. **દેવયં**—ધર્મદેવ સમાન છો. **ચેઇયં**—છકાય જીવને સુખદાયક, જ્ઞાનગુણસંપન્ન છો. **પજ્જુવાસ્સામિ**—સેવા કરું છું (મન, વચન, કાયાએ).

(૩) ઇરિયાવહી.

ઇચ્છામિ–ઇચ્છું છું. **પડિક્કમિઉં**–પાપ કર્મથી નિવર્તવાને. **ઇરિયા**-(રસ્તામાં) પંથને વિષે. **વહિયાએ**—ચાલતી વખત. **વિરાહણાએ**–દુઃખ દીધું હોય. **ગમણાગમણે**—આવતાં, જતાં. **પાણ**—પ્રાણીજીવને. **ક્કમણે**–કચર્યાં હોય. **બીય**—બીજ. **ક્કમણે**—કચર્યાં હોય. **હરિય**—લીલોતરી (વનસ્પતિ.) **ક્કમણે**—કચરી હોય. **ઉસા**—ઝાકળ, **હાર ઉત્તિંગ**—કીડી-

મારાં—પણગ-લીલ, ફૂલ. (પંચવર્ણી.) દગ—કાચું પાણી, **મટ્ટી**—કાચી માટી. **મક્કડા**—કરોળીઆનાં પડ. **સંતાણા**—કરોળીઆની જાળ. **સંક્કમણે**—એ સર્વને કચર્યાં હોય. **જેમેજીવા**—મેં કોઇ જીવને. **વિરાહિયા**—દુઃખ દીધું હોય, વિરાધના કરી હોય. **એગેંદ્રિયા**—એક ઇંદ્રિય, શરીરવાળા (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના) જીવ. **બેઇંદ્રિયા**—બે ઇંદ્રિય, શરીર અને જીભવાળાં (કીડાં, વાળા, પોરા અને કરમીયાં વગેરે) **તેઇંદ્રિયા**—ત્રણ ઇંદ્રિય, શરીર, જીભ, નાકવાળાં (કીડી, મંકોડી, જુ, માંકડ, ધનેડાં વગેરે.) **ચઉરિંદ્રિયા**—ચાર ઇંદ્રિય,-શરીર, જીભ, નાક ને આંખવાળાં (પતંગીયાં, માખી, ડુદાં, તીડ, ભમરા, વીંછી વગેરે.) **પંચિંદ્રિયા**—પાંચ ઇંદ્રિય,-શરીર, જીભ, નાક, આંખ ને કાનવાળાં (મનુષ્ય, પશુ, પંખી વગેરે.) **અભિહુયા**—સામા આવતા હણ્યા હોય. **વત્તિયા**-વાટલા વાળ્યા હોય, ધૂળે કરી ઢાંકયા હોય. **લેસિયા**—મસળ્યા હોય. **સંઘાઇયા**—એક બીજા સાથે અથડાવ્યાં હોય. **સંઘટ્ટિયા**-થોડો સ્પર્શ કરી દુઃખ દીધું હોય. **પરિયાવિયા**—સર્વ પ્રકારે પીડા ઉપજાવી હોય. **કિલામિયા**—કિલામના ઉપજાવી હોય. **ઉદ્દવિયા**—કાળ પાડી હોય. **ઠાણા**—રહેવાના ઠેકાણેથી. **ઓહાણું**—બીજે ઠેકાણે. **સંકામિયા**—મુકયા હોય. **જીવિયાઓ**-જીવિત થકી. **વવરોવિયા**—નાશ કીધો હોય. **તસ્સ**—તેનું. **મિચ્છામિદુક્કડં**—ફળ મને નિષ્ફળ થાઓ.

(૪) તસ્સઉત્તરિ.

તસ્સ—તેને. **ઉત્તરિ**—વિશેષ શુદ્ધ. **કરણેણું**—કરવા સારૂ. **પાયછિત્ત**—લાગેલાં પાપનું છેદન. **કરણેણું**—કરવા સારૂ. **વિસોહિ**—વધારે નિર્મળ. **કરણેણું**—કરવા સારૂ. **વિસલ્લી**—ત્રણ શલ્ય રહિત (કપટ, નિયાણું અને મિથ્યાત્વ) **કરણેણું**—કરવા સારૂ. **પાવાણું**—પાપ. **કમ્માણું**—કર્મ. **નિગ્ઘાએણું**—ટાળવાને. **ઠામે**—અર્થે. **ઠામી**—સ્થિર રહીને કરૂં છું. **કાઉસ્સગ**—કાયાને હલાવવી નહિ તે. **અનત્થ**—તેમાં આગળ કહ્યા મુજબ કાયા હલે તેની છુટ રાખું છું. **ઉસ્સસિએણું**—ઉંચો શ્વાસ લેવાથી. **નિસ્સસસીએણું**—નીચો શ્વાસ મુકવાથી, **ખાસિએણું**—ઉધરસ આવવાથી. **છીએણું**—છીંકથી. **જંભાઇએણું**—બગાસું આવવાથી, **ઉડુએણું**—ઓડકાર આવવાથી **વાયનિસગ્ગેણું**—વાયુ સરવાથી. **ભમલીએ**—ફેર તથા ચકરી આવવાથી. **પિત્ત**—વમન કરવાથી. **મુછાએ**—મૂર્છા આવવાથી. **સુહુમેહિં**—સૂક્ષ્મ (થોડું ક.) **અંગ**—શરીર. **સંચાલેહિં**—હલવાથી. **સુહુમેહિં**—થોડાક. **ખેલ**—બળખો આવવાથી. **સંચાલેહિં**—હલવાથી.

સુહુમેહિં—થોડીક. **દિઠિ**—નજર (દૃષ્ટિ.) **સંચાલેહિં**—હલવાથી. **એવમાઇએહિં**—એ આદિ બીજા મનમાં ચિંતવ્યા હોય તે. **આગારેહિં**—આગાર એટલે મોકળાથી. **અભગ્ગો**—ભાંગે નહિ. **અવિરાહિઓ**—હાનિ પહોંચે નહિ. **હુજ્જ**—હોજો. **મે**—મહારો. **કાઉસગ્ગો**—કાઉસગ્ગ એટલે કાયાનું અણ હલાવવું. **જાવ**—જ્યાં સુધી. **અરિહંતાણું**—અરિહંતનું નામ સંભારું. **ભગવંતાણું**—ભગવંતનું નામ સંભારું. **નમોક્કારેણું**—નમસ્કાર કરું. **નપારેમિ**—ધ્યાન મુકું નહિ. **તાવ**—ત્યાં સુધી. **કાયં**—કાયાને. **ઠાણેણું**—એક સ્થાને સ્થિર રાખીને. **મોણેણું**—અબોલ રહીને, **ઝાણેણું**—ધ્યાને કરીને. **અપ્પાણું**—આત્માને. **વોસિરામિ**—તજું છું.

આ ઠેકાણે ("ઇચ્છામિ પડિકમિઉ" થી તે "જીવિયાઓ વવરોવિઆ તસ્સમિચ્છામિદુક્કડં" તથા એક નવકાર સુધી પાઠ મનમાં બોલીને કાઉસગ્ગ કરવો અને નમો અરિહંતાણું શબ્દ બોલી પાળવો)

(૫) લોગસ્સ.

લોગસ્સ—લોકમાં.—**ઉજ્જોયગરે**—ઉદ્યોતના કરનાર, **ધમ્મ**—ધર્મ. **તિત્થયરે**—+તીર્થના સ્થાપનાર. **જિણે**—જિન, રાગ-દ્વેષના જીતનાર. **અરિહંતે**—અરિહંતદેવની. **કિત્તઇસ્સં**—નામ લઇને સ્તુતિ-કીર્ત્તિ કરું છું. **ચઉવિસંપિ**—ચોવીશે તીર્થંકરો તથા **કેવલી**—બીજા કેવળજ્ઞાનીઓની. **ઉસભ**—પહેલા ઋષભદેવ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાએ સ્વપ્નામાં વૃષભ દીઠો તેથી એ નામ આપ્યું. **અજિયંચ**—બીજા અજિતનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતા પાસે રમતાં જીત્યાં તેથી એ નામ આપ્યું. **વંદે**—વાંદું છું. **સંભવ**—ત્રીજા સંભવનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી દુષ્કાળ ટળીને સુકાળ થયો. ધાન્યના સંભવ થયા તેથી એ નામ આપ્યું. **અભિનંદણંચ**—ચોથા અભિનંદન સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી ઇંદ્રે જયકાર કર્યો તેથી એ નામ આપ્યું. **સુમઇ**—પાંચમા સુમતિનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાને ભલી મતિ ઉપજી તેથી એ નામ આપ્યું, **ચ**—વળી, **પઉમપ્પહું**—છઠ્ઠા પદ્મપ્રભુ સ્વામી. સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાને પદ્મ કમળની શય્યામાં સુવાની ઇચ્છા થઇ તેથી તે નામ આપ્યું. **સુપાસં**—સાતમા સુપાર્શ્વનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાનાં પાસાં બરસટ હતાં તે સુંવાળાં થયાં તેથી એ નામ આપ્યું. **જિણું**—રાગ દ્વેષના જીતનાર, **ચ**—વળી. **ચંદપ્પહું**—આઠમા ચંદ્રપ્રભ સ્વામી. સ્વામી

+ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર તીર્થ.

ગર્ભમાં આવ્યા પછી માતાને ચંદ્રમાની રમુજ થઇ તથા ચંદ્ર સરખી શરીરની પ્રભા થઇ તેથી તે નામ આપ્યું. **વંદે**--વાંદું છું. **સુવિહિં**--નવમા સુવિધિનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી નગરમાંથી અવિધિ ટાળીને સુવિધિ કરી તેથી તે નામ આપ્યું. **ચ**—વળી. **પુપ્ફદંતં**--તથા બીજું નામ પુષ્પદંત સ્વામી, સ્વામીના દાંત પુલ સરખા હતા તેથી તે નામ આપ્યું. **સીયલં**--દશમા શીતળનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી પિતાને જ્વર થયો ત્યારે સ્વામીની માતાનો હાથ ફરસ્યાથી કાયા શીતળ થઇ તેથી તે નામ આપ્યું. **સીજ્જંસ**--અગ્યારમા શ્રીશ્રેયાંસનાથ સ્વામી, શીતળ પોઢવાની અદષ્ટ દેવશય્યામાં સ્વામી, ગર્ભમાં આવ્યા પછી માતા સુતાં ને દેવતા નાઠો તેથી તે નામ આપ્યું. **વાસુપુજ્જં**--બારમા વાસુપૂજ્ય સ્વામી, માતાની સુવાની શય્યામાં દેવતા રહી કોઇને સુવા દેતો નહિ, પણ સ્વામી ગર્ભમાં આવ્યા પછી દેવતા તેમાંથી નાશી ઊલટી માતાની પૂજા કીધી તેથી કરી એ નામ દીધું. **ચ**-વળી, **વિમલ**-તેરમા વિમળનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાની પુંઠ વાંકી હતી તે પાંસરી થઇ તેથી તે નામ આપ્યું. **અણંત**--ચઉદમા અનંતનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી અનંત રત્નોની રાશિ સ્વપ્નમાં દીઠી તેથી તે નામ આપ્યું. **ચ**--વળી. **જિણં**-રાગદ્વેષના જીતનાર. **ધમ્મં**--પંદરમા ધર્મનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતા ધર્મને પામી. **સંતિં**--સોળમા શાંતિનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી મરકીનો રોગ મટયો ને શાંતિ થઇ તેથી તે નામ આપ્યું. **ચ**--વળી. **વંદામિ**--વાંદું છું. **કુંથું**--સત્તરમા કુંથુનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી શત્રુ કંથવા સરખા થયા તેથી તે નામ આપ્યું. **અરં**-અઢારમા અરનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાએ રત્નમય આરો દીઠો તેથી તે નામ આપ્યું. **ચ**-વળી. **મલ્લિં**-ઓગણિશમા મલ્લીનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી માતાને પુલની શય્યાનો દોહદ ઉપન્યો તે દેવતાએ પૂરો પાડયો તેથી તે નામ આપ્યું. **વંદે**--વાંદું છું. **મુણિસુવ્વયં**--વીશમા મુનિસુવ્રત સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી વેરી નમી ગયા તેથી તથા માતાએ મુનિના જેવાં વ્રત પાળ્યાં તેથી તે નામ આપ્યું. **નમિજિણું**--એકવીશમા નમિનાથ સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી વેરી નમાડયા તેણે કરી તે નામ આપ્યું. **ચ**--વળી. **વંદામિ**—વાંદું છું. **રિટ્ઠનેમિં**--બાવીશમા અરિષ્ટનેમી સ્વામી (નેમનાથ), માતાએ સ્વપ્નમાં અરિષ્ટ રત્નમય નેમિ ચક્રધારા દીઠી તેથી તે નામ આપ્યું. **પાસં**--ત્રેવીશમા પાર્શ્વનાથ સ્વામી, પિતાની શય્યા નીચે સર્પ આંટા દેતો હતો ને તેનો હાથ

હું હતો તે માતાએ લઇ ઉપર મુકયો અને વિઘ્ન ગયું તેથી તે નામ આપ્યું. **તહ**--તેમજ. **વદ્ધમાણું**-ચોવીસમા વર્ધમાન સ્વામી, સ્વામી ગર્ભમાં આવ્યા પછી ધન વગેરેના ખૂબ વધારા થયા તેથી તે નામ આપ્યું. **ચ**--વળી. **એવં-મએ**--એ પ્રકારે મેં. **અભિથ્થુયા**--નામે કરી સંસ્તવ્યા, તે ચોવીશ તીર્થંકર કેવા છે? **વિહુય**--ટાળ્યાં છે. **રય**--કર્મરૂપી રજ. **મલા**--બાંધેલ કર્મરૂપી મેલ. **પહિણ**--ખપાવ્યાં છે. **જરમરણા**--જરા ને મરણ. **ચઉ-વિસંપિ**--ચોવીશે એકઠા. **જિનવરા**--જિનવર. **તિત્થયરા**--તીર્થંકરો. **મે**--મુજને. **પસીયંતુ**--પ્રસન્ન થાઓ **કિત્તિય**--કીર્તિ કીધી. **વંદીય**-નમસ્કાર કીધો. **મહિઆ**--શુભ ધ્યાનયોગે કરી પૂજા કીધી. **જે એ**-જે કહ્યા તે **લોગસ્સ**--લોકમાં. **ઉત્તમા**-ઉત્તમ. **સિદ્ધ**--સિદ્ધ-પદ પામ્યા. **આરૂગ્ગ**- સર્વ રોગ રહિત. **બોહિલાભં**--સમકિતરૂપ બોધની પ્રાપ્તિ. **સમાહિ**--સમાધિ. **વર**--પ્રધાન--**મુત્તમં**-સર્વોત્તમ. **દિંતુ**-દીઓ. **ચંદેસુ**--ચંદ્રમાથી અધિક. **નિમ્મલયરા**--નિર્મળ છો. **આઇ-ચ્ચેસુ**--સૂરજ થકી. **અહિયં**--અધિક. **પયાસયરા**--પ્રકાશના કરનાર છો. **સાગર**- સમુદ્ર. **વર**--મ્હોટો. **ગંભીરા**--ગંભીર એટલે મ્હોટા સમુદ્રથી પણ વધારે ગંભીર છો. **સિદ્ધા**--એવા હે સિદ્ધ ભગવાન! **સિદ્ધિં**--મુકિત પદ. **મમ**--મને. **દિસંતુ**--દીઓ.

સાધુ અથવા શ્રી સીમંધર સ્વામીની આજ્ઞા માગી

(૬) સામાયિક આદરવાની વિધિ.

દ્રવ્યથકી--કાયાએ કરી, **સાવજ્જોગનાં**--પાપના વ્યાપાર કરવાના **પચ્ચખાણ**--બંધી. **ક્ષેત્રથકી**--જમીનથી. **આખા લોક પ્રમાણે**--બધા જગતમાં. **કાળથકી**--કેટલો વખત. **બે ઘડી સુધી ઉપરાંત ન પાળું ત્યાં સુધી**--બે ઘડી ઉપરાંત જેટલું રહેવું હોય તેટલું. **ભાવથકી**--મનની ધારણાથી. **છકોટીએ**--છ પ્રકારે-તે બે કરણ ને ત્રણ જોગે. **પચ્ચખાણ**--બંધિ. **કરેમિ**--કરૂં છું. **ભંતે**--હે પૂજ્ય. **સામાઇયં**--સમતારૂપી સામાયિક. **સાવજ્જં**--પાપના કામની. **જોગં**--મન, વચન, કાયાના જોગે. **પચ્ચખામિ**-બંધી કરૂં છું. **જાવ**--જ્યાં સુધી. **નિયમ પજ્જુવાસામિ**--બંધીની મર્યાદા કરી છે ત્યાં સુધી સેવા કરૂં છું. **દુવિ-હું**--બે કરણે. **તિવિહેણું**--ત્રણ જોગે. **ન કરેમિ**--કરૂં નહિ. **ન કારવેમિ**--કરાવું નહિ (બે બે કરણ). **મણસા**--મનની કલ્પનાએ કરી. **વયસા**--વચનની કલ્પનાએ કરી. **કાયસા**--કાયા પ્રવર્ત્તાવવી (એ ત્રણ

જોગ) તસ્સ--તે સર્વને. ભંતે—હે પૂજ્ય ! પડિક્કમામિ—નિવર્તું છું. નિંદામિ—નિંદુ છું. આત્માની સાખે. ગરિહામિ—ગરહું છું. ગુરૂની સાખે અપ્પાણં-અશુભ જોગમાં જતાં આત્માને. વોસિરામિ—તજું છું.

(૭) નમોત્થુણંનો પાઠ.

નમોત્થુણં—નમસ્કાર હો. અરિહંતાણં—અરિહંત દેવને. ભગવંતાણં—ભગવંતને. આઇગરાણં—ધર્મની આદિના કરનારને, તિત્થયરાણં—તીર્થના સ્થાપનાર એટલે સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા એ ચાર જાતના તીર્થના સ્થાપનારને. સયંસંબુદ્ધાણં—પોતાની મેળે બુઝયા છે તેને. પુરિસોત્તમાણં—પુરૂષમાંહે ઉત્તમ. પુરિસસિહાણં—પુરૂષમાંહે સિંહસમાન, પુરિસ વર પુંડરિઆણં—પુરૂષમાંહે ઉત્તમ પુંડરિક કમળ સમાન. પુરિસ—પુરૂષમાંહે. વર—પ્રધાન, ગંધ હુત્થીણં—ગંધ હસ્તી સમાન છે. લોગુત્તમાણં—લોક માંહે ઉત્તમ છે. લોગનાહાણં—લોકના નાથ છે. લોગહિયાણં—લોકના હિતકારી. લોગપઇવાણં—લોકને વિષે દીપક સમાન છે. લોગપજ્જોયગરાણં—લોકમાંહે ઉદ્યોત કરનાર. અભયદયાણં—અભય દાનના દેનાર. ચક્ખુદયાણં—જ્ઞાનરૂપ ચક્ષૂના દેનાર. મગ્ગદયાણં-મોક્ષ માર્ગના દેનાર. શરણદયાણં—શરણના દેનાર જીવદયાણં—સંજમરૂપ જીવતરના દેનાર. બોહિદયાણં—સમકિતરૂપ બોધના દેનાર ધમ્મદયાણં—ધર્મના દેનાર, ધમ્મદેસીઆણં—ધર્મ-ઉપદેશના દેનાર. ધમ્મનાયગાણં—ધર્મના નાયક. ધમ્મસારહિણં—ધર્મરૂપ રથના સારથિ. ધમ્મ—ધર્મને વિષે. વર—પ્રધાન. ચાઉરંત—ચાર ગતિના અંત કરવા માટે. ચક્કવટ્ટિણં—ચક્રવર્તિ સમાન છો. દીવો—સંસાર-સમુદ્રમાં બુડતા જીવને બેટ સમાન. તાણં—દુઃખના નિવારણ કરનાર. સરણ—આધાર. ગઇ—ચાર ગતિમાં. પઇઠા—પડતા જીવને. અપડિહય-નથી હણાણું એવું. વર—પ્રધાન. નાણં—જ્ઞાન. દંસણ—દર્શન એટલે દેખવું. ધરાણં—ધરનાર. વિયટ્ટ—ગયું છે. છઉમાણં—છદ્મસ્તપણું. જિણાણં—જીત્યા છે રાગ દ્વેષને. જાવયાણં—બીજાને જીતાવ્યા છે રાગ દ્વેષ, તિન્નાણં—તર્યા છે સંસારરૂપી સમુદ્ર. તારયાણં—બીજાને તારે છે સંસાર સમુદ્રથી. બુદ્ધાણં—પોતે સમજ્યા તત્ત્વજ્ઞાનને. બોહિયાણં—બીજાને તત્ત્વજ્ઞાન સમજાવનાર. મુત્તાણં—પોતે મુકાણા બહારનાં તથા અંતરના બંધનથી. મોયગાણં—બીજાને એથી મુકાવનાર. સવ્વન્નૂણં—સર્વ જ્ઞાની છે. સવ્વદરિસિણં—સર્વ પદાર્થના દેખનાર. શિવ-ઉપદ્રવ રહિત. અયલ—અચળ. અરૂય-રોગ રહિત. અણંત—મરણ

રહિત. **અખ્ખય**--ક્ષયરહિત. **અવ્વાબાહ**--બાધા-પીડા રહિત. **અપુણરાવૃત્તિ**--નથી ફરીથી અવતરવું જેને. **સિદ્ધિગઈ**--એહવી સિદ્ધની ગતિ-**નામધેયં**-એવું અમર નામ. **ઠાણું**--એવું સ્થાનક. **સંપત્તાણું**--પામ્યા છે. **નમોસિદ્ધાણું**--નમસ્કાર હોજો એવા સિદ્ધ થયેલા તીર્થંકરોને, **જીય-ભયાણું**--સાત ભયના જીતનારને.

(પહેલું નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવંતને કહેવું, બીજું શ્રી અરિહંત દેવને કહેવું. તેમાં ઠાણું સંપત્તાણંને બદલે ઠાણું સંપાવીઓ કામાણું કહેવું અને 'નમો સિદ્ધાણં' ને બદલે 'નમો જિણાણં' કહેવું.)

ત્રીજું નમોત્થુણં-વર્તમાનકાળના સ્વધર્માચાર્યો-સ્વધર્મોપદેશકોને કરવાનું છે તેનો પાઠ:--

નમોત્થુણં, મમધમ્મ આયરિયસ્સ, મમધમ્મ ઉવદ્દેસિયસ્સ, જાવ સંપાવિઓ કામસ્સ, નમો આયરિયસ્સ.

સામાયિક પાળવાની વિધિ.

(પહેલા પાઠથી લોગસ્સ સુધીની ક્રિયા સામાયિક આદરવાની રીતે કરીને છઠ્ઠા પાઠને ઠેકાણે નીચે મુજબ કહેવું).

દ્રવ્યથકી સાવજ્જ જોગનાં પચ્ચખાણ કર્યાં હતાં તે પૂરાં થયાં તે પાળું છું, ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, કાળથકી બેઘડી, ઉપરાંત ન પાળું ત્યાં સુધી, ભાવથકી છકોટીએ પચ્ચખાણ કર્યાં હતાં તે પૂરાં થયાં તે પાળું છું.

(૧) **એહવા નવમા સામાયિક વ્રતના**--ઉપરની વિધિ મુજબ આદરેલા સામાયિક વ્રતને વિષે. **પંચઅઇયારા**--પાંચ અતિચાર. **જાણીયવ્વા**--જાણવા. **ન સમાયરીયવ્વા**--આચરવા નહિ. **તંજહા**-તે આ પ્રમાણે. **તે આલોઉં**--તે કહી દેખાડું છું. **મણદુપ્પડિહાણે**--મન માઠું પ્રવર્તાવ્યું હોય. **વયદુપ્પડિહાણે**--વચન માઠું પ્રવર્તાવ્યું હોય. **કાયદુપ્પડિહાણે**--કાયા માઠી પ્રવર્તાવી હોય. **સામાઇયસ્સસઇ**--સમતારૂપ સામાયિક. **અકરણયાએ**--બરાબર કીધું કે નહિ, તેના બરાબર બબર ન રહ્યાં હોય. **સામાઇયસ્સ**--સામાયિક, **અણવઠિયસ્સ કરણયાએ**--પૂરું થયા વિના પાળ્યું હોય, **તસ્સ**-તેનું, **મિચ્છામિદુક્કડં**--ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

(૨) **સામાયિકને વિષે દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ દોષમાંથી કોઇદોષ લાગ્યો હોય તો મિચ્છામિદુક્કડં.**

(૩) સામાયિકમાં **આહારસંજ્ઞા**--ખાવાની ઇચ્છા થઇ હોય. **ભયસંજ્ઞા**-બીક લાગી હોય. **મૈથુનસંજ્ઞા**--સ્ત્રી સેવવાની ઇચ્છા કરી હોય **પરિગ્રહસંજ્ઞા**--માયાની ઇચ્છા કરી હોય. **એ ચાર સંજ્ઞા માંહેલી કોઇ સંજ્ઞા કરી હોય તો મિચ્છામિદુક્કડં,**

(૪) સામાયિકમાં સ્ત્રી કથા+,ભક્તકથા, દેશકથા, રાજકથા, એ ચાર કથા માંહેલી કોઇ કથા કરી હોય તો મિચ્છામિદુક્કડં.

(૫) સામાયિક સમકાએણં—સામાયિક કાયાએ કરીને સરાખર રીતે. ફાસીયં—સ્પર્શ કર્યું-અંગીકાર કર્યું.-પાલીયં—તેવુંજ પાળ્યું. સોહિયં—શુદ્ધ કર્યું. તિરિયં—પાર ઉતાર્યું. કિત્તિયં—કીર્તિ કીધી. આરાહિયં—આરાધના કીધી. આણાએ—વીતરાગ દેવની આજ્ઞાને. અણુપાલીયં—વિશેષે પાળી હોય. નભવઇ—તે પ્રમાણે ન વરતાયું હોય. તસ્સ મિચ્છામિદુક્કડં— તે ખોટા કીધાનું ફળ નિષ્ફળ થાઓ.

(૬) સામાયિક વિધિએ લીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો મિચ્છામિદુક્કડં. (૭) સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં મને, વચને, કાયાએ કરી કાંઇ દોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં.

(૮)સામાયિકમાં કાનો, માત્રા, મીંડી, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું અધિક વિપરીત કહેવાણું હોય તો અરિહંત, અનંતા સિદ્ધ કેવળિની સાખે તસ્સમિચ્છામિદુક્કડં.

(પછી આગળ મુજબ ત્રણ નમોત્થુણં કહેવા.)

[સામાયિકવ્રત સંપૂર્ણ]

સામાયિક કરતાં મનના દશ, વચનના દશ તથા કાયાના બાર એ પ્રમાણે બત્રીશ દોષ ન લાગે તે માટે નિરંતર ઉપયોગ રાખવો. તે બત્રીશ દોષ નીચે પ્રમાણે :—

મનના દશ દોષ.

૧ **અવિવેક દોષ**—સામાયિક કરે તે વારે સર્વ ક્રિયા કરે પણ મનમાં વિવેક ન હોય એટલે સામાયિક શું ચીજ છે તે જાણે નહિ અને વિવેક-સહિત સામાયિક કરવાથી કોણ તર્યા છે ? એનાથી શું ફળ પ્રાપ્તિ છે ? એ કોનું સાધન છે ? એમાં કોણ પરસાધ્ય છે ? વ્યવહાર સામાયિક કયું અને નિશ્ચય સામાયિક કયું ? સામાયિકની રીતિ જિનેશ્વરે શા પ્રમાણે કહી છે વગેરે વિવેક વિના જે સામાયિક કરે તે અવિવેકનો પ્રથમ દોષ.

૨ **યશ વાંછા દોષ**—સામાયિક કરીને કીર્તિની વાંછના કરે એટલે સામાયિક તો નિર્જરાનો હેતુ છે અને સિદ્ધપદનું સાધન છે તેને બદલે તેનાથી કીર્તિની વાંછના કરે તે યશ વાંછા દોષ.

૩ **ધન વાંછા દોષ**—સામાયિક કરવાથી ધન-પ્રાપ્તિની ઇચ્છા કરે તે.

૪ **ગર્વ દોષ**—સામાયિક લઇને મનમાં ગર્વ આણવો કે હું જ ધર્મ જાણનાર છું. હું કેવું સામાયિક કરું છું ! બીજા મૂર્ખ લોકો સામાયિક શું સમજે ? વગેરે બાબતનો જે ગર્વ કરવો તે ગર્વ દોષ.

+ સ્ત્રીઓએ આ ઠેકાણે પુરૂષકથા એમ કહેવું.

૫ **ભય દોષ**—એટલે કોઈ પ્રકારના ભયથી કે લોકમાં પોતાની નિંદા થશે એવી બીકથી સામાયિક કરે પણ મનમાં સામાયિક કરવાનો ભાવ ન હોય તે ભય દોષ.

૬ **નિદાન દોષ**—સામાયિક કરીને ધનાદિકનું અથવા બીજી કોઈ પ્રેચ્છિત વસ્તુનું નિયાણું કરે તે કારણે સામાયિકનું તો મહત ફળ છે, તે ન વિચારતાં એવા ખોટા ફાયદા ઉપર લક્ષ રાખી નિયાણું કરી તે વેચી નાંખ્યા બરોબર થાય તે નિદાન દોષ.

૭ **સંશય દોષ**—સંશયયુક્ત સામાયિક કરે એટલે મનમાં વિચારે કે સામાયિક કરીએ છીએ તો ખરા, પણ આગળ ઉપર ફળ થશે કે નહિ? એમ પ્રતીતિ નહિ તે.

૮ **કષાય દોષ**—કષાયભર્યું સામાયિક કરે એટલે કોઈની સાથે રોષ વર્તે છે તેથી તેને જવાબ દેવો નથી એમ ધારી સામાયિક કરી બેસે એવું રહસ્ય છે છતાં કષાયયુક્ત કરે તે દોષિત ગણાય તેનું નામ **કષાય દોષ**.

૯ **અવિનય દોષ**—વિનય રહિત સામાયિક કરે તે. ગુરૂનો વિનય જાણવો.

૧૦ **બહુમાન દોષ**—બહુ માન સહિત કરે પણ ભક્તિભાવથી ન કરે તે.

વચનના દશ દોષ.

૧ **કુત્સિત વચન દોષ**—જે વચન સાંભળી કોઈને લજ્જા, ભય, કષાયાદિ ઉપજે તેવા કુત્સિત વચન સામાયિકમાં બોલે તે કુત્સિત દોષ.

૨ **સહસાત્કાર દોષ**—સામાયિકમાં આગળ પાછળનો ઉપયોગ રાખ્યા સિવાય અણવિચાર્યું વચન બોલે તે.

૩ **અસદારોહણ દોષ**—સામાયિકમાં કોઇ ઉપર અસત્ય દોષ (તોહમત) મુકે તે.

૪ **નિરપેક્ષ વાક્ય દોષ**—સામાયિકમાં શાસ્ત્રની અપેક્ષા વિના સ્વમતિનાં વચન બોલે તે.

૫ **સંક્ષેપ દોષ**—સામાયિકમાં સૂત્ર પાઠે વચન સંક્ષેપ કરી બોલે—અક્ષરપાઠાદિ હીણા બોલે તે.

૬ **કલહ કર્મ દોષ**—સામાયિકમાં કોઇની સાથે કલેશ કરે તે.

૭ **વિકથા દોષ**—સામાયિકમાં સઝાય, ધ્યાન, ધર્મ કથા, મહા પુરૂષનાં ચરિત્ર અથવા તીર્થંકર આદિનો મહિમા વગેરે ક્રિયા કરવાની કહી છે તે પ્રમાણે ન વર્તતાં રાજ્યાદિક વગેરેની ચાર કથા કરે તે.

૮ **હાસ્ય દોષ**—સામાયિકમાં કોઇની મશ્કરી કરે તે.

૯ **અશુદ્ધ પાઠ દોષ**—સામાયિકનાં સૂત્રાદિક ઉચ્ચાર કરે તેમાં મુખથી

સંપાદનહીન અથવા હ્રસ્વ અક્ષરને ઠેકાણે દીર્ઘ બોલે, કોઇ ઠેકાણે માત્રાહીન અથવા અધિક ઉચ્ચરે, અશુદ્ધ પાઠનો ઉચ્ચાર કરે તે.

૧૦ **મુણ મુણ વચન દોષ**—સામાયિક લઇને ઉતાવળે પાઠનો ઉચ્ચાર કરે, સ્પષ્ટ પ્રગટ અક્ષર ન ઉચ્ચરે, પદનું, ગાથાનું ઠેકાણું માલમ ન પડે, માંખીની પેઠે બણબણ કરે એમ ગડબડ કરીને પાઠ પૂર્ણ કરે તે.

કાયાના બાર દોષ

૧ **અયોગ્ય આસન દોષ**—સામાયિક કરતી વખતે પગ ઉપર પગ ચડાવીને બેસે, મહાત્મપર્યાય થકી વિનય ગુણની વૃદ્ધિની હાની કરે, વસ્ત્રવડે જાનું બાંધીને બેસે તે પ્રથમ દોષ; માટે જે વડે વિનય ગુણ રહે, ઉદ્ધતાઇ ન જણાય. અજયણા ન થાય તેવી રીતે બેસવું.

૨ **ચળાસન દોષ**—આસનને સ્થિર ન રાખે, વારંવાર આગળ પાછળ ચલાયમાન કરે ને પોતે ચપળતા ઘણી કરે તે ચળાસન દોષ કહેવાય.

૩ **ચળદૃષ્ટિ દોષ**—સામાયિક લઇને દૃષ્ટિને નાસિકા ઉપર સ્થાપિ મનમાં શ્રુતોપયોગ રાખી મૌનપણે ધ્યાન ન ધરે, શાસ્ત્રાભ્યાસ કરવો હોય તો જયણાયુક્ત પુસ્તક ઉપર દૃષ્ટિ રાખવી વગેરે શુદ્ધ સામાયિકની રીતિ જે શાસ્ત્રકારે કહેલી છે તે રીતિનો ત્યાગ કરી ચકિત મૃગની જેમ ચારે દિશાએ નેત્રો ફેરવે તે ચળદૃષ્ટિ દોષ.

૪ **સાવદ્ય ક્રિયા દોષ**—કાયાવડે કંઇ સાવદ્ય ક્રિયા કરે અથવા સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે તે.

૫ **આલંબન દોષ**—સામાયિકમાં દીવાલ પ્રમુખનો આશ્રય છોડી એકાંત બેસવું એ રીતિ છે તે રીતિ ત્યાગી દીવાલ, થાંભલા વગેરેને પીઠ લગાડીને બેસે તે કારણે પુંજ્યા વિનાની દિવાલ ઉપર ઘણા જીવોનો વિશ્રામ હોય ત્યાં પીઠ લગાડતાં ઘણા જીવોની વિરાધના થાય અથવા ઓઠીંગણ દઈ બેસવાથી નિદ્રાદિક પ્રમાદ વધે અને તેથી શુભ ધ્યાનાદિકમાં ખામી આવે તેથી તે દોષયુક્ત છે.

૬ **આકુંચન પ્રસારણ દોષ**—સામાયિક લઇને કારણવિના હાથ પગ સંકોચે અથવા લાંબા કરે.

૭ **આલસ્ય દોષ**—સામાયિકને વિષે અંગે આલસ મરડે, ટાચકા ફોડે, કરડકા કરે, કમ્મર વાંકી કરે વગેરે પ્રમાદની બહુલતાનાં કાર્યો કરે તે.

૮ **મોટન દોષ**—સામાયિકમાં અંગુલી પ્રમુખને વાંકી કરી ટાચકા વગાડે તે.

૯ **મલસ્ય દોષ**—સામાયિક લઇને શરીરે ખસ પ્રમુખ થઇ હોય તે વલુરે, મેલ ઉતારે તે.

૧૦ **વિમાસણ દોષ**--સામાયિકમાં અંગ વિમાસણ કરાવે, હાથનો ટેકો દે, ગળે હાથ દઈ બેસે તે.

૧૧ **નિદ્રા દોષ**--સામાયિકમાં નિદ્રા કરે તે.

૧૨ **વસ્ત્ર સંકોચન દોષ**--ટાઢ પ્રમુખની પ્રબળતાથી પોતાને સમસ્ત અંગે સારી પેઠે વસ્ત્ર ઓઢે તે.

એ પ્રમાણે મનના દશ દોષ, વચનનાં દશ દોષ અને કાયાના બાર દોષ એ સર્વ બત્રીશ દોષ થાય. વિવેકી પુરૂષો તે દોષ ટાળી શુદ્ધ સામાયિક કરે.

નીચેના વીસ દોષ ટાળી કાઉસગ્ગ કરવો.

૧ ઘોડાની પેઠે પગ ઉંચો નીચો કરે તે ઘોટક દોષ. ૨ લતાની પેઠે સુઈ રહે તે લતા દોષ. ૩ સ્થંભને આધારે ઓઠીંગે રહી ઉભો ઝુલે તે સ્થંભ દોષ. ૪ પર્વતના કૂટની પેઠે અક્કડ ઉભો રહે તે કૂટ દોષ. ૫ ઝાલણીઆના ઉંચા ઓઠીંગે રહી કાઉસગ્ગ કરે તે માળા દોષ. ૬ ભીલડીની પેઠે હાથ આગળ રાખી કરે તે શબરી દોષ. ૭ વહુની પેઠે ધુંઘટો કાઢી વસ્ત્ર ઓઢે તે વધૂ દોષ. ૮ પ્રમાણ ઉપરાંત વસ્ત્ર માથે રાખી કરે તે લંબતર દોષ. ૯ શરીરને સ્તનની પેઠે ઢાંકીને કરે તે સ્તન દોષ. ૧૦ ગાડાંની ઉધની પેઠે બે પગની પાની એકઠી રાખે તે ઉધ દોષ. ૧૧ સાધ્વીની પેઠે વસ્ત્ર ઓઢી કરે તે સંજતી દોષ. ૧૨ દિગંબરની પેઠે હાથ ઉંચા રાખી કરે તે ખલીણ દોષ. ૧૩ કાગની પેઠે નેત્ર ચંચળ કરે તે વાયસ દોષ. ૧૪ કોઠનાં ફળ એકઠાં કર્યાની પેઠે વસ્ત્ર એકઠાં કરે તે કવીઠ દોષ. ૧૫ શરીરમાં ભૂત પ્રવેશ જેમ મસ્તક ધૂણાવે તેમ ધૂણી કાઉસગ કરે તે શીશકંપન દોષ. ૧૬ મુંગાની પેઠે હું હું કરે તે મૂક દોષ. ૧૭ આંગળી પાંપણે રાખી વિચાર કર્યાની પેઠે કાઉસગ કરે તે અંગુલીભ્રમૂહ દોષ. ૧૮ દારૂ શીશામાં નાખતાં ગરમીને યોગે બડબડ થાય તેની પેઠે કરે તે વારૂણી દોષ. ૧૯ તરસ્યા કપિની પેઠે હોઠ હલાવે તે પ્રેક્ષા દોષ. ૨૦ બીજની પાસે પાઠ ઉચરાવી કરે તે અન્ય પાઠોચ્ચરિત દોષ.

કાઉસગ કરતી વખતે ઉપરના વીસ દોષોમાંથી એક પણ દોષ પોતામાં ન આવે તેનું બરાબર ધ્યાન આપવું.

શ્રી પ્રતિક્રમણ સૂત્ર. (અર્થ સાથે)

—— ૦ ——

પ્રતિક્રમણ શરૂ કરતાં પહેલાં ઉભા થઈ સવિનયે ગુરૂઆદિકને વંદણા કરી પ્રતિક્રમણના ત્રણ આવશ્યકની આજ્ઞા માગવી.

પહેલો આવશ્યક.[૧]

(આ ઠેકાણે નવકાર તથા તિખ્ખુતોનો પાઠ પૂરો કહેવો.)

ઇચ્છામિણં—મારી ઇચ્છા છે. **ભંતે**—હે પૂજ્ય. **તુભેહિં**—તમારી. **અભણુંનાયસ્સમાણે**—આજ્ઞા થવાથી. **દેવસી**—દિવસ સંબંધી **પડિક્કમણું**—પાપને નિવારણ કરવાને. **ઠાએમો**—એક સ્થાનકે બેસું છું. **દેવસી**—દિવસ સંબંધી. **જ્ઞાન**—જ્ઞાન. **દંસણ**—દર્શન. **ચારિત્ર**—આવતાં કર્મને રોકવાં તે. **તપ**—પૂર્વ કર્મ ખપાવવા તે. **અતિચાર**—લીધેલા વ્રત ભાંગવાને તૈયાર થવું તે. **ચિંતવનાર્થ**—વિચારવાને અર્થે. **કરેમિ**—કરૂં છું. **કાઉસગ્ગ**—કાયા સ્થિર રાખવી તે. (નવકાર તથા કરેમિભંતેનો પાઠ બોલવો.)

સ્તુતિ—બાર ગુણ શ્રી અરિહંતના, આઠ ગુણ શ્રી સિદ્ધભગવંતના—છત્રીશ ગુણ શ્રી આચાર્યજીના, પચીશ ગુણ શ્રી ઉપાધ્યાયજીના, સત્તાવીશ ગુણ શ્રી સાધુના, એ પંચ પરમેષ્ઠીના મળી એકસો આઠ ગુણ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, અભક્તિ, અસાતના થઈ હોય તે મન, વચન, કાયાએ કરી જાણપણે, અજાણપણે, આકોટીપણે અણાકોટીપણે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દેશથી, સર્વથી વિરાધના કરી હોય, ને દિવસ સંબંધી અવજ્ઞા—અપરાધ કીધો હોય, કરાવ્યો હોય, અનુમોદ્યો હોય તે સર્વે અરિહંત અનંતાસિદ્ધ ભગવાનની સાખે મિચ્છામિદુક્કડં.

ઇચ્છામિ—ઇચ્છું છું. **ઠામી**—એક ઠેકાણે રહીને કરૂં છું. **કાઉસગ્ગ**—કાયા સ્થિર રાખવી. **જો**—જે. **મેં**—મહારે જીવે. **દેવસી**—દિવસ સંબંધી. **અઇયારો**—અતિચાર. **કઓ**—લગાડ્યો હોય. **કાઇઓ**—કાયાએ કરી. **વાઇઓ**—વચને કરી. **માણસીઓ**—મને કરી. **ઉસ્સુત્તો**—સૂત્રવિરૂદ્ધ કર્યું હોય. **ઉમ્મગ્ગો**—જિન માર્ગ છોડીને અન્ય માર્ગ પકડ્યો હોય. **અકપ્પો**—ન ભોગવવા જેવી વસ્તુ ભોગવી હોય. **અકરણિજ્જો**—ન કરવા

---

૧. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ વિશેષ કરીને અવશ્ય કરવું તેને આવશ્યક કહે છે.

જેવું કર્યું હોય. **દુજ્ઝાએ**--માઠું ધ્યાન ધર્યું હોય. **દુવિચિંતિએ**—માઠી ચિંતવણા કરી હોય. **અણાયારો**--આચરવાયોગ્ય નહિ. **અણિચ્છિયવ્વો** – ઇચ્છવાયોગ્ય નહિ. **અસાવગ**—શ્રાવકને નહિ કરવા યોગ્ય. **પાવગો**--કોઇ પ્રયોગ કર્યો હોય. **નાણે**--જ્ઞાનને વિષે. **તહ**—તેમજ. **દંસણે**--દર્શનને વિષે. **ચરિત્તાચરિત્તે**--થોડીવાર ચરિત્ર ને થોડીવાર નહિ ચરિત્ર એવું જે શ્રાવકનું ચારિત્ર તેને વિષે. **સૂએ**--સૂત્ર સિદ્ધાંતને વિષે. **સામાઇએ**--સમતા-રૂપ સામાયિકને વિષે. **તિણ્હું**--ત્રણ પ્રકારની. **ગુત્તિણું**--ગુપ્તિ,-મન, વચન અને કાયા એ ત્રણનું **ચઉણ્હું**--ચાર પ્રકારનાં. **કસાએણું**--કષાય એટલે ક્રોધ, માન, માયા ને લોભ. **પંચણ્હું**--પાંચ પ્રકારનાં. **અણુવયાણું**--અણુવ્રત (પહેલેથી પાંચ વ્રત.) **તિણ્હું**--ત્રણ પ્રકારનાં. **ગુણવયાણું**--ગુણવ્રત (તે છઠું, સાતમું ને આઠમું વ્રત.) **ચઉણ્હું**--ચાર પ્રકારનાં. **સિક્ખાવયાણું**--શિક્ષાવ્રત (તે નવ. દશ, અગીયાર ને બારમું વ્રત.) **બારસવિહસ**--(એ કહ્યા તે) બાર પ્રકારના. **સાવગ**--શ્રાવકના. **ધમ્મસ**--ધર્મને વિષે. **જં**--જે કાંઇ. **ખંડિયં**--ખંડિત કર્યું હોય. **જં**--જે કાંઇ. **વિરાહિયં**--વિરાધ્યું હોય. **તસ્સ**--તેનું. **મિચ્છામિદુક્કડં**--દુષ્કૃત, પાપ નિષ્ફળ થાઓ.

સ્તુતિ—પ્રથમ મારો આત્મા અનાદિકાળનો મમતાપણે પરિણમ્યો છે તેને સમતાપણે પરિણમવાને વાસ્તે સાવજ્જ જોગની નિવૃત્તિ કરવી. સમભાવનો લાભ તે સામાયિક કહીયે. પ્રથમ સામાયિક આવશ્યક તે સમતા પરિણામ રાખવા માટે નીપજાવવો.

બીજો આવશ્યક.

તસ્સઉત્તરિકરણેણંથી ઠેઠ અપ્પાણંવોસિરામિ સુધી કહીને તે પછી **સ્થિર રહી** કાઉસગ કરવો. તેમાં નવાણું અતિચાર જે દરેક વ્રત વગેરેને **અંતે** કહેવાશે તે અથવા ચાર લોગસ્સ મનમાં બોલવા અને એક નવકાર ગણી કાઉસગ્ગ પાળવો.

સ્તુતિ--જે સમતાપણે પરિણમ્યા, મમતા પરિહર્યા, ચૌદ રાજલોકને મસ્તકે સિદ્ધ વર્યા, સંસાર સમુદ્ર નિસ્તર્યા, સર્વ ઉપમા અલંકૃત, સર્વ અધમળહર, એવા ચોવીશ તીર્થંકર જન્મ, જરા, મરણને પરિક્ષીણ કરી, આત્મગુણ, આત્મપણે પરિણમ્યા, સાદિ અનંત ભાગે સિદ્ધ થયા. સમણ રમણરૂપ અનુભવ સ્થિર રહ્યા, તમારી સહાયપણે સમતા પ્રગટ થવા, મમતા પરિહરવાને અવસરે, સ્મરણ, ચિંતન, મનન, ધ્યાનરૂપે સહાય હોજો. એવા ચોવીશ તીર્થંકરની સ્તુતિરૂપ બીજો ચોવીસંથારૂપ આવશ્યક. (લોગસ્સનો પાઠ કહેવો.).

ત્રીજો આવશ્યક.

સ્તુતિ—હવે એવા ચોવીશ તીર્થંકર જેણે ઓળખાવ્યા; તેવા મારા ધર્મગુરૂ, ધર્માચાર્ય, મહાઉપકારી, જ્ઞાનલોચનના દાતાર, અજ્ઞાનતિમિરના ફેડણહાર, મિથ્યાત્વ કલંકના મિટાવણહાર, ભવદાવાનળ શમાવવાને અર્થે અમૃતધારા વાણી વરસાવતા, મુજ અપરાધીને ન્યાલ કરવા, માર્ગથી ભૂલ્યાને માર્ગે ચડાવ્યો, (પછી પોતાના ભાગ્યની વાત) એવા મારા ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, ધર્માત્મા, છ કાયાના ગોવાળ, અધમ-ઉદ્ધારણ, ભવદુઃખભંજન, લોચનદાતાર, નિર્લોભી, નિર્લાલચી, સમતાવંત, ધૈર્યવંત, વિવેકી, વિજ્ઞાની, એકાંત ઉપકાર નિમિત્તે મેહેરબાની કરી સાચા મિત્રપણે હાથ દઈ, મુજ કિંકર અપરાધી, ગુણરહિતઉપર કરૂણાબુદ્ધિએ ન્યાયમાર્ગ દેખાડી સાચા દેવાધિદેવને ઓળખાવ્યા.

વંદણા.

ઇચ્છામિ ખમાસમણો. (ઉકડે આસને બેસીને કહેવું.)

ઇચ્છામિ—ઇચ્છું છું. **ખમા**—ક્ષમાવંત. **સમણો**—સાધુ. **વંદિઉં**—વાંદુ છઉં. **જાવણિજ્જાએ**—યથાશક્તિ. **નિસિહિયાએ**—અશુભ જોગને નિષેધ કરીને. **અણુજાણહ**—આજ્ઞા દીઓ. **મે**—મુજને. **મિ**—મર્યાદાથી. **ઉગ્ગહં**—આવવાની. **નિસિહિ**—નિષેધ કરીને અશુભ જોગને. **અહોકાયં**—તમારી કાયાને. **કાયસંફાસિયં**—મારી કાયાએ સ્પર્શ કરૂં છું. **ખમણિજ્જો**—ખમજો. **ભે**—પૂજ્ય. **કિલામો**—કલેશ ઉપજાવ્યો હોય તે. **અપ્પ**—ગર્વ છે. **કિલંતાણં**—કિલામના તમારી. **બહુ**—ઘણી. **સુભેણં**—શુભયોગે કરી. **ભે**—પૂજ્ય. **દિવસો**—દિવસ. **વઇક્કંતો**—વહી ગયો (ચાલ્યો ગયો.) **જત્તા ભે**—જત્રારૂપ પૂજ્ય. **જવણિ**—જીતી છે. ઈંદ્રિને. **જં**ચ—યથાશક્તિ. **ભે**—પૂજ્ય તમે. **ખામેમિ**—ખમાવું છઉં. **ખમાસમણો**—ક્ષમાસહિત સાધુ તમને **દેવસિયં**—દિવસ સંબંધી. **વઇક્કમં**—થયેલા અપરાધને. **આવસિયાએ**—અવશ્ય કરણી કરતાં થયેલા અતિચારથી. **પડિક્કમામિ**—હું નિવર્તું છઉં. **ખમાસમણાણં**—ક્ષમાવંત સાધુની. **દેવસિયાએ**—દિવસ સંબંધી. **આસાયણાએ**—આસાતના. **તેત્તીસંનયરાએ**—તેત્રીસ તથા તેથી અનેરે પ્રકારે. **જં**—જે. **કિંચિ**—કાંઈ. **મિચ્છાએ**—ખોટું કીધું હોય. **મણ**—મને. **દુક્કડાએ**—માઠું કર્યું હોય. **વય**—વચને. **દુક્કડાએ**—માઠું બોલ્યો હઉં. **કાય**—કાયા. **દુક્કડાએ**—માઠી વર્તાવી હોય. **કોહાએ**—ક્રોધ કર્યો હોય. **માણાએ**—

માન કર્યું હોય. માયાએ—કપટ કર્યું હોય. લોહાએ--લોભ કર્યો હોય. સવ્વકાલિયાએ- સર્વ કાળને વિષે. સવ્વમિચ્છોવયારાએ—સર્વ જે કાંઇ ખોટું કર્યું હોય. સવ્વ--સર્વ. ધમ્માઈ--ધર્મની, કમણાએ--કરણીને વિષે. આસાયણાએ- આશાતના કરી હોય. જો--જે. મે--મને. દેવસિઓ--દિવસ સંબંધી. અઇયારો—અતિચાર. કઓ--લાગ્યા હોય. તસ્સ--તે અતિચારને. ખમાસમણો--ક્ષમાવંત સાધુ, પડિકમામિ—નિવર્તું છું. નિંદામિ--નિંદું છું, ગરિહામિ--ગરહું છઊં, હેલું છું. અપ્પાણં વોસિરામિ--આત્માને તજું છઊં. આ પાઠ બે વખત કહેવો)

સ્તુતિ—એવા મારા ધર્મગુરૂએ, મુજને ન્યાલ કરવા મેહેરબાન થઇને મુજ અપરાધિને સુકૃત કમાણીરૂપ પુંજી સબળ, અર્થ ભાવ, લક્ષ્મી, ભવોભવ કલ્યાણકારી, શિવ–એકાંત સુખકારી, આનંદકારી, જયવિજયકારી, પુણ્ય અને ધર્મબુદ્ધિકારી, સુલભબોધબીજદાયક, સંવર કરણી બતાવી, મારી સમજણ માફક ભાગ્ય પ્રમાણે, છતી શક્તિ પ્રમાણે, મૂળગુણ, ઉત્તરગુણ, વ્રત, પચ્ચખાણ નિયમ મર્યાદા કરાવી છે, તે પાંચ આચાર સંબંધી થોડા કાળની મર્યાદા કરી ભલાં પચ્ચખાણ કરાવ્યાં છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતાદિકને વિષે કોઇ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર દોષ લાગ્યો હોય, તે આલવણ, નિંદણ, ગર્હણ આત્માને વિશુદ્ધ કરી પાપથી પાછા પગલાં ભરીને; આત્માને વિશુદ્ધ કરવા સારૂ, સંભારી-સંભારી, ધારી ધારી, વિચારી વિચારીને દોષ નિવારવા પ્રતિક્રમણરૂપ ચોથો આવશ્યક કરવાની ઇચ્છા ઉપજી છે તે સફળ હોજો. દુક્કૃત નિષ્ફળ હોજો

સામાયિક એક, ચોવીસંથ્થો એટલે લોગસ્સ બે અને વંદણા ત્રણ એ ત્રણ આવશ્યક પૂરા થયા, તેને વિષે કાનો, માત્રા, મીંડી, પદ, અક્ષર, ગ[illegible] સૂત્ર ઓછું અધિક વિપરીત કહેવાણું હોય તે મિચ્છામિદુક્કડં.

(ચોથા આવશ્યકની આજ્ઞા લેવી.)

ચોથો આવશ્યક.

દિવસસંબંધી--દિવસને વિષે જ્ઞાન--જ્ઞાન. દરશણ--દર્શન. ચારિત્ર-તપને વિષે જે અતિચાર લાગ્યો હોય તે આલોઉં- કહી દેખાડું છઊં. આગમે--સૂત્ર સિદ્ધાંત. તિવિહે—ત્રણ પ્રકારનાં, પન્નતે- પરૂપ્યા. તંજહા-જેમ છે તેમ કહે છે. સુત્તાગમે--સૂત્ર આગમ. અત્થાગમે--અર્થ આગમ એટલે સૂત્રના અર્થ કરવા તે. તદુભયાગમે –તે બે આગમ-સૂત્ર તથા તેના અર્થ બન્ને સાથેજ હોય તે. એહવા જ્ઞાનને વિષે જે

અતિચાર દોષ લાગ્યો હોય તે આલોઉં--કહું છઊં. **જં વાઇદ્ધં**--સૂત્ર આઘાં પાછાં ભણાયાં હોય. **વચ્ચામેલીયં**--ધ્યાનવિના શૂન્ય ઉપયોગે સૂત્ર ભણાયાં હોય. **હીણક્ખરં**--ઓછો અક્ષર ભણાયો હોય. **અચ્ચક્ખરં**--અધિક અક્ષર ભણાયો હોય. **પયહીણું**--પદ ઓછું ભણાયું હોય, **વિણયહીણું**--વિનયરહિત ભણાયું હોય. **જોગહીણું**--મન, વચન, કાયાના જોગ સ્થિર રહ્યા વિના ભણાયું હોય. **ઘોસહીણું**--શુદ્ધ ઉચ્ચારરહિત ભણાયું હોય. **સુદુદિન્નં**--રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય. **દુદુપડિચ્છિયં**--દુષ્ટ રીતે ભણાયું હોય. **અકાલે કઓ સઝાઓ**--સંધ્યાકાળઆદિ બાર અકાળ તે વખતે સઝાય કરી હોય. **કાલે ન કઓ સઝાઓ**--ખરો વખત છે તે વખત સઝાય ન કરી હોય. **અસઝાઇએ સઝાયં**--લોહી, પરૂ આદિ અપવિત્ર જગ્યાએ સઝાય કરી હોય. **સઝાઇએ ન સઝાયં**--સઝાય કરવા યોગ્ય જગા હોય ત્યાં સઝાય ન કરી હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**--એ ચૌદ પ્રકારના અતિચાર માંહેલો કોઇ દોષ લાગ્યો હોય તે ખોટું કરેલું નિષ્ફળ થાજો.

દંસણ--સદ્દહણા, આસ્તા. **સમકિત**×--ખરા ધર્મનું આચરણ. **પરમત્થ**--એ મોટો અર્થ. નવતત્ત્વનો **સંથવોવા**--પરિચય કરવો, **સુદિઠ**--ભલી દૃષ્ટિથી **પરમત્થ**--એ મુખ્ય અર્થની. **સેવણા**--સેવના કરવી. **વાવિ**--અથવા. **વાવન**--સમકિત પામી ખસી જાય તે. **કુદંસણ**--ત્રણસે ત્રેશઠ પાખંડી (મુળગું સમકિત જેને ન હોય) **વજ્જણા**--તેને વર્જવા, ત્યાગ કરવો. **સમત્ત**--એ સમકિતવંતની. **સદ્દહણા**--શ્રદ્ધા. **એહવા સમકિતના સમણોવાસએણં**--એવા સમકિતી જીવ સાધુના પાસાના સેવનાર શ્રાવકને **સમત્તસ્સ**--સમકિતના **પંચ**--પાંચ. **અઇયારા**--અતિચાર. **પાયાલા**--મોહોટા પાતાળ કળશાસમાન. **જાણિયવ્વા**--જાણવા. **ન સમાયરિયવ્વા**--(પણ) આચરવા નહિ. **તંજહા**--જેમ છે તેમ. **તે**--તે. **આલોઉં**, કહું છું. **શંકા**--સમકિતને વિષે શંકા રાખે (જૈનધર્મ ખરો હશે કે ખોટો હશે.) **કંખા**--મિથ્યાત્વના મતની ઇચ્છા કરવી તે. **વિત્તિગિછા**--કરણીના ફળનો સંદેહ આણે. **પરપાસંડ**--બીજા પાખંડીનાં મતનાં. **પરસંસા**--વખાણ કર્યાં હોય. **પરપાસંડ**--બીજા પાખંડીનો. **સંથવો**--સમાગમ કર્યો હોય (કેમકે જે પોતાના મતમાં જાણોતો ન હોય ને બીજાનો સમાગમ કરે તો તે એક તરફી વિચારથી

× પાંચ ગુણ જેનામાં હોય તેને સમકિત કહેવું ૧ સંમ, ૨ સંવેગ, ૩ નિર્વેગ, ૪ અનુકંપા, ૫ આસ્તા.

ખસી જાય છે). એ પાંચ અતિચાર મધ્યેથી કોઇ અતિચાર લાગ્યો હોય તો **तस्समिच्छामिदुक्कडं**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

પહેલું વ્રત.

પહેલું—પહેલું **અણુવ્રત**—નાનું (સાધુના વ્રતથી). **થુલાઓપાણાઇવાયાઓ**—મોટકા પ્રાણી હણવાથી. **વેરમણું**—નિવર્તું છું. **ત્રસજીવ**—હાલતા ચાલતા જીવ (તે કહે છે.) **બે ઇંદ્રિય**–બે ઇંદ્રિયવાળા. **તેઇંદ્રિય**–ત્રણ ઇંદ્રિયવાળા. **ચઉરિંદ્રિય**—ચાર ઇંદ્રિયવાળા. **પંચેન્દ્રિય**—પાંચ ઇંદ્રિયવાળા. **જીવ**—પ્રાણી. **જાણિ**—જાણીને. **પ્રીછી**—ઓળખ્યા છતાં **સવ્વસંબંધી**—પોતાના સગાસંબંધી. **શરીરમાંહેલા પીડાકારી**—પોતાના શરીરમાં પીડા ઉપજાવે એવા જીવ. **સાપરાધી**—પોતાનો અપરાધ જેણે કર્યો હોય તે. પણ **વિગલેંદ્રિ વિના**—જ્ઞાન રહિત (ભાન રહિત) તે બેઇંદ્રિ તેઇંદ્રિ ચઉરેન્દ્રિ એ વરજીને. **આકુટ્ટી**–જાણીને. **હણુવા**–હણવાની. **નિમિત્તે**—બુદ્ધિએ. **હણુવાના**—હણવાની. **પચ્ચખાણ**—બંધી. **તથા સૂક્ષ્મ એકેંદ્રિય પણ હણવાના પચ્ચખાણ. જાવજીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **દુવિહું**—બે કરણે કરી. **તિવિહેણું**—ત્રણ જોગે કરી. **ન કરેમિ**—કરું નહિ. **ન કારવેમિ**—બીજા પાસે કરાવું નહિ **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એહવા**—એવા. **પહેલા**—પહેલા. **થૂલ**—મોટા. **પાણાતિપાત**—જીવ હણવા થકી. **વેરમણું**—નિવૃત્તવાના. **વ્રતના**—વ્રતના. **પંચ અઇઆરા**–પાંચ અતિચાર. **પાયાલા**—પાતાળ કળશા સમાન. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિવ્વા**—(પણ) આચરવા નહિ. **તંજહા**—જેમ છે તેમ. **તે આલોઉં**—કહું છું **બંધે**—કોઇ જીવને તાણીને બાંધ્યો હોય. **વહે**–ઘણો માર માર્યો હોય. **છવિચ્છએ**—અવયવ છેદ્યાં હોય (કાન, નાક આદિ.) **અઇભારે**—ઘણો ભાર ભર્યો હોય (ગજા ઉપરાંત). **ભત્તપાણવોચ્છેએ**–અન્ન પાણી ભોગવતાં અટકાવ્યાં હોય. (ભાત, પાણીની અંતરાય પાડી હોય) **तस्समिच्छामिदुक्कडं**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

બીજું વ્રત.

બીજું અણુવ્રત—બીજું અણુવ્રત. **થૂલાઓ**—મોટું **મુસાવાયાઓ**—જુઠું બોલવાથી. **વેરમણું**—નિવર્તું છું. **કન્નાલિક**—કન્યાસંબંધી કામમાં. **ગોવાલિક**—ગાય ભેંશ આદિ ઢોરસંબંધી કામમાં. **ભોમાલિક**—જમીનના કામમાં. **થાપણ**—થાપણ ઓળવવી. **મોસો**—

પંચેંદ્રિય જીવનો વધ થાય અથવા કોઈને મોટા દુઃખનું કારણ થાય તેવી. **મોટકીકુડીસાખ**—મોહોટી ખોટી સાક્ષી આપવા સંબંધી. **ઇત્યાદિક**—એ વગેરે. **મોટકું**—મોહોટું. **જુઠું**—જુઠું. **બોલવાના**—બોલવાની. **પચ્ચખાણ**—બંધી, ત્યાગ. **જાવજીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **દુવિહં**—બે કરણ. **તિવિહેણં**—ત્રણ જોગે કરી, **ન કરેમિ**—(બે કામ) હું કરૂં નહિ. **ન કારવેમિ**—(બીજા પાસે તેવું કામ) કરાવું નહિ. **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એહવા બીજાથૂલ**—મહોટા. **મૃષાવાદ**—જુઠું બોલવાનું. **વેરમણં**—તજવાના. **વ્રતના પંચ**—પાંચ. **અઇયારા**—અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિવ્વા**—(પણ) આચરવા નહિ. **તંજહા**—જેમ છે તેમ. **તે આલોઉં**—કહું છું. **સહસ્સાભક્ખાણે**—ધ્રાસકો પડે એવું બોલાણું હોય, **રહસ્સાભક્ખાણે**—કોઈની છાની વાત ઉઘાડી કરી હોય. **સદારમંતભેએ**—પોતાની સ્ત્રીના મર્મ ઉઘાડા કર્યા હોય. **મોસોવએસે**—ખોટો ઉપદેશ કર્યો હોય. **કુડલેહકરણે**—ખોટા લેખ કર્યા હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

ત્રીજું વ્રત.

ત્રીજું અણુવ્રત—અણુવ્રત. **થૂલાઓ**—મોહોટું **અદિન્નાદાણાઓ**—અણ દીધેલું લેવાથી એટલે ચોરી કરવાથી. **વેરમણં**—નિવર્તું છું. **ખાતર ખણી**—ખાતર ખોદીને. **ગાંઠડી છોડી**—કોઈની ગાંસડી છોડી. **તાલું પર કુંચિએ કરી**—કોઈનું તાળું બીજી કુંચીએ ઉઘાડીને. **પડી વસ્તુ ધણીયાતી જાણી**—કોઈ પડેલી વસ્તુ તેનો કોઇ ધણી છે એમ જાણ્યા છતાં લેવી. **ઇત્યાદિ**—એ વગેરે બીજી. **મોટકું અદત્તાદાન લેવાના પચ્ચખાણ**—મોહોટી કોઈની ચીજ રજા વગર લેવાની બંધી (તેમાં એટલો આગાર કે). **સગાં સંબંધી, વ્યાપાર સંબંધી નિભ્રમી વસ્તુ ઉપરાંત**—ભરમ વિનાની વસ્તુ એટલે એવી હલકી કે જે લેતાં કોઈ ચોર ઠરાવે કે ઠપકો આપે નહિ તે સિવાય બીજી બધી વસ્તુઓ. **અદત્તાદાન લેવાના પચ્ચખાણ**—આપ્યા વગર લેવાની એટલે ચોરી કરવાની બંધી. **જાવજીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **દુવિહં**—બે કરણે કરી. **તિવિહેણં**—ત્રણ જોગે કરી, **ન કરેમિ**—હું પોતે ચોરી કરૂં નહિ. **ન કારવેમિ**—બીજા પાસે કરાવું નહિ. **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એહવા ત્રીજા થૂલ**—મોહોટા. **અદત્તાદાન**—ચોરી કરવાનું. **વેરમણંવ્રતના**—તજવાના. વ્રતના. **પંચ**—પાંચ. **અઈ-**

યારા—અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તે આલોઉં**—કહું છું. **તેન્નાહડે**—ચોરાઉ વસ્તુ લીધી હોય. **તક્કરપ્પઉગે**—ચોરને મદદ આપી હોય. **વિરૂદ્ધ-રજ્જાઇક્કમે**—રાજ્યવિરૂદ્ધ કીધું હોય એટલે દાણ ચોરી વગેરે રાજાએ મનાઈ કરેલા ગુનાહ કીધા હોય. **કુડતોલે**—ખોટું તોળ્યું હોય **કુડમાણે**—ખોટું માપ્યું હોય, ભાર્યું હોય. **તપડિરૂવગવવહારે**—સારી વસ્તુ દેખાડી નરસી આપી હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

ચોથું વ્રત.

ચોથું અણુવ્રત—અણુવ્રત. **થૂલાઓ**—મોહોટું. **મેહુણાઓ**—મૈથુન સેવવાથી. **વેરમણું**—નિવર્તું છું. **સદ્દાર**[1]—પોતાની સ્ત્રીથીજ. **સંતોસીએ**—સંતોષ રાખવો. **અવસેસં**—તે સિવાય બીજી કોઈ સાથે. **મેહુણવિહું**—મૈથુન સેવવાની. **પચ્ચખાણ**—બંધી, ત્યાગ. (**અને સ્ત્રીને સભરથાર**—પોતાના ભરથારથીજ. **સંતોસીએ**—સંતોષ રાખવો.) **અવસેસં**—તે સિવાય બીજા કોઇની સાથે. **મેહુણ**—મૈથુન. **સેવવાના**—કરવાની. **પચ્ચખાણ**—બંધી) **અને જે સ્ત્રીપુરૂષને મૂળથકી કાયાએ કરી મેહુણ**—મૈથુન. **સેવવાના પચ્ચખાણ હોય**—સેવવાની બંધી હોય. **તેહને દેવતા મનુષ્યતિર્યંચ**—દેવતા, માણસ, પશુ વગેરે. **સંબંધી મેહુણના**—મૈથુન સેવવાની. **પચ્ચખાણ**—બંધી, ત્યાગ, **જાવજ્જીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **દેવતાસંબંધી**—તેમાં દેવતાની સાથે **દુવિહું**—બે કરણે, **તિવિહેણું**—ત્રણ જોગે. **ન કરેમિ**—એ કામ કરૂં નહિ. **ન કારવેમિ**—બીજા પાસે કરાવું નહિ. **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **અને મનુષ્યતિર્યંચસંબંધી**—અને માણસ તથા પશુ વગેરેની સાથે. **એગવિહું**—એક કરણે. **એગવિહેણું**—એક જોગે. **ન કરેમિ**—એ કામ કરૂં નહિ. **કાયસા**—કાયાએ કરી. **એવા ચોથા થૂલ**—મ્હોટા. **મેહુણ**—મૈથુન. **વેરમણવ્રતના**—ત્યાગ કરવાના વ્રતના. **પંચ**—પાંચ. **અઇયારા**—અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તે આલોઉં**—કહું છું. **ઇત્તરિય**—નહાની ઉમરની સ્ત્રી, **પરિગ્ગહિય**—પોતાની પરણેલી સાથે. **ગમણે**—ગમન કર્યું હોય. **અપરિગ્ગહિયગમણે**—સ્ત્રીને પરણ્યો નથી તે અગાઉ તેની સાથે ગમન કર્યું હોય. **અનંગકીડા**—કામભોગ સંબંધી બીજી કાંઈ ક્રીડા કરી હોય. **પરવિવાહકરણે**—બીજાઓના વિવાહ મેળવી આપ્યા હોય. **કામભોગેસુ**—કામભોગને વિષે. **તિવ્વાભિલાસા**—તીવ્ર અભિલાષા રાખી હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

---

[1] અહીં સ્ત્રીએ "સભર્તા સંતોસીએ" કહેવું.

પાંચમુ વ્રત.

પાંચમું અણુવ્રત—અણુવ્રત. **થુલાઓ**—મ્હોટા. **પરિગ્ગહાઓ**—ધન, દ્હોલત વગેરે પરિગ્રહથી. **વેરમણું**—નિવર્તું છું. **ખેત**—ખેતર, વાડી આદિ ઉઘાડી જમીન. **વથ્થુનું**—ઘર, તબેલા આદિ ઢાંકી જમીનની, **યથાપરિમાણ**—જેટલી મર્યાદા કરી છે. **હિરણ**—રૂપું. **સોવનનું**—સોનાની **યથાપરિમાણ**—જે પ્રમાણે મર્યાદા કરી છે. **ધન**—સિક્કાબંધ નાણું. **ધાનનું**—દાણાની **યથાપરિમાણ**—જે પ્રમાણે મર્યાદા કરી છે. **દુપદ**—બે પગાં મનુષ્યાદિક. **ચઉપદનું**—ચોપગાં ઢોરની **યથાપરિમાણ**—જે પ્રમાણે મર્યાદા કરી છે. **કુવિયનું** ઘરવખરાની. **યથાપરિમાણ**—જે પ્રમાણે મર્યાદા કરી છે. **એ યથાપરિમાણ કીધું છે**—એ પ્રમાણે જેવી મર્યાદા કરી છે. **તે ઉપરાંત પોતાનો પરિગ્રહ**—દ્હોલત. **કરી રાખવાના પચખાણ**—બંધી. **જાવજ્જવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી **એગવિહું**—એક કરણે કરી. **તિવિહેણું**—ત્રણ જોગે કરી. **ન કરેમિ**-કરૂં નહિ (મર્યાદા ઉપરાંત દ્હોલત રાખું નહિ). **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એવા પાંચમા થૂલ**—મ્હોટા. **પરિગ્ગહપરિમાણ**—દ્હોલતની મર્યાદા ઉપરાંત. **વેરમણવ્રતના**—તજી દેવાના વ્રતના. **પંચ**—પાંચ. **અઇયારા**—અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તેઆલોઉં**—કહું છું. **ખેતવથ્થુપમાણાઇક્કમે** ઉઘાડી તથા ઢાંકી જમીનની મર્યાદા ઓળંગી હોય. **હિરણસોવનપમાણાઇક્કમે**—રૂપું તથા સોનાની મર્યાદા ઓળંગી હોય. **ધનધાનપમાણાઇક્કમે**—રોકડ નાણું તથા દાણાની મર્યાદા ઓળંગી હોય. **દુપદચઉપદપમાણાઇક્કમે**—બે પગાં તથા ચોપગાંની મર્યાદા ઓળંગી હોય. **કુવિયપમાણાઇક્કમે**—ઘરવખરાની મર્યાદા ઓળંગી હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

છઠ્ઠું વ્રત

છઠ્ઠું દિશિવ્રત–દિશાઓની મર્યાદા બાંધવાનું વ્રત. **ઉડ્ઢદિશિનું**-ઉંચી દિશાનું. **યથાપરિમાણ**—મર્યાદા કરી છે. **અધોદિશિનું**—નીચી દિશાની. **યથાપરિમાણ**—મર્યાદા કરી છે. **તિરિયદિશિનું**—ત્રીછી (વચલી) જમીનની દિશાની (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ) **યથાપરિમાણ** - મર્યાદા કરી છે. **એ યથાપરિમાણ કીધું છે**—એ પ્રમાણે મર્યાદા કરી છે. **તે ઉપરાંત**—તે સિવાય. **સઇચ્છાએ**—પોતાની મરજીથી, **કાયાએ જઈને**—

પોતાની કાયાએ કરીને. **પાંચ [1]આશ્રવ સેવવાના**—ભોગવવાની **પચ્ચખાણ**—બંધી. **જાવજ્જીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **દુવિહું**—બે કરણે કરી. **તિવિહેણું**—ત્રણ જોગે કરી. **ન કરેમિ**—હું કરું નહિ. **ન કારવેમિ**—બીજા પાસે એ કામ કરાવું નહિ. **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એહવાછઠ્ઠાદિશિવેરમણંવ્રતના**—એ પ્રમાણે દિશાની મર્યાદા ઉપરાંત કોઈ દિશાએ જવાનું તજી દેવાનું વ્રતના. **પંચ**—પાંચ. **અઇયારા**—અતિચાર. **જાણિયવ્વા**—જાણવા **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા તે આલોઉં**—તે જેમ છે તેમ કહું છું. **ઉદ્ધદિશિપમાણાઇક્કમે**—ઉંચી દિશાની (પ્રમાણ અતિક્રમ્યા હોય) મર્યાદા ઓળંગી હોય. **અધોદિશિપમાણાઇક્કમે**—નીચી દિશાની મર્યાદા ઓળંગી હોય. **તિરિયદિશિપમાણાઇક્કમે**—ત્રીછી દિશા (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર. દક્ષિણ) ની મર્યાદા ઓળંગી હોય. **ખેતવુદ્ધી**—ક્ષેત્ર વૃદ્ધિ-એક દિશા ઘટાડીને બીજી દિશા વધારી હોય. **સઙ્ઘિંતરધ્ધાએ**—સંદેહ પડ્યા છતાં આગળ જવાયું હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

સાતમું વ્રત.

સાતમું વ્રત ઉવભોગ—જે વસ્તુ એકજવાર ભોગવાય તે ખાનપાનાદિ. **પરિભોગવિહું**—જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તે ઘરેણાં, લુગડાં વગેરે તેની મર્યાદાની. **પચ્ચખાયમાણે**—બંધી કરતી, ૧ **ઉલણિયાવિહું**—અંગ લુવાનાં વસ્ત્રની મર્યાદા. ૨ **દંતણુવિહું**—દાતણની મર્યાદા. ૩ **ફલવિહું**—ફળની મર્યાદા. ૪ **અભંગણુવિહું**—તેલ વગેરે શરીરે ચોપડવાની વસ્તુની મર્યાદા. ૫ **ઉવટણુવિહું**—મર્દન કરવાની વસ્તુ (પીઠી વગેરે)ની મર્યાદા. ૬ **મંજણુવિહું**—નાહવાના પાણી વગેરેની મર્યાદા. ૭ **વથ્થવિહું**—વસ્ત્રની મર્યાદા. ૮ **વિલેવણુવિહું**—વિલેપન કરવાની વસ્તુની મર્યાદા. ૯ **પુપ્ફવિહું**—પુષ્પ-ફુલની મર્યાદા. ૧૦ **આભરણુવિહું**—ઘરેણાની મર્યાદા. ૧૧ **ધૂપવિહું**—ધૂપ કરવાની મર્યાદા. ૧૨ **પેજ્જવિહું**—પીવાની વસ્તુ ઓસડ કવાથ વગેરેની મર્યાદા. ૧૩ **ભક્ખણુવિહું**—સુખડીની મર્યાદા. ૧૪ **ઓદનવિહું**—ધાનની જાતની મર્યાદા. ૧૫ **સુપવિહું**—કઠોળની મર્યાદા. ૧૬ **વિગયવિહું**—(ઘી, તેલ, દુધ, દહી, ગોળ આદિ) વિગયની મર્યાદા. ૧૭ **સાકવિહું**—લીલોતરી શાકની મર્યાદા. ૧૮ **મહુરવિહું**—મેવાની મર્યાદા. ૧૯ **જમણુવિહું**—જમવાની મર્યાદા-અમુક વખતે આટલી વસ્તુ ખાવી. ૨૦ **પાણિવિહું**—પાણીની મર્યાદા. ૨૧ **મુખવા-**

---

૧ જીવહિંસા. ૨ જુઠું. ૩ ચોરી. ૪ મૈથુન. ૫ પરિગ્રહ.

સવિહું—સોપારી, લવિંગ, એલચી વગેરે મુખવાસની મર્યાદા. ૨૨ **વાહન-વિહું**—અશ્વાદિક વાહનની મર્યાદા. ૨૩ **વાહનવિહું**—પગરખાં વગેરેની મર્યાદા. ૨૪ **સયણવિહું**—શય્યા, પલંગ આદિ સુવાની વસ્તુની મર્યાદા. ૨૫ **સચિતવિહું**-સચિત્ત (જીવ સહિત) વસ્તુની મર્યાદા. ૨૬ **દવ્વવિહું**-બીજાં દ્રવ્ય એટલે પદાર્થની મર્યાદા. **ઇત્યાદિકનું યથા પરિમાણ કીધું છે**-એ તથા એ સિવાય વસ્તુની જે પ્રમાણે મર્યાદા બાંધી (ફલાણી વસ્તુ મારે આજ આટલી ખાવી કે પીવી તથા ફલાણી વસ્તુ આજ ભોગવવી કે નહિ ઇત્યાદિ) **તે ઉપરાંત**—જે મર્યાદા બાંધી છે તે ઉપરાંત. **ઉવભોગ**—જે વસ્તુ એકજવાર ભોગવવામાં આવે તે. **પરિભોગ**—જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તે. **ભોગનિમિત્તે**—ભોગવવાની મરજી કરી. **ભોગવવાના પચખાણ**—ભોગવવાની બાંધી. **જાવજીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **એગવિહું**—એક કરણે કરી. **તિવિહેણું**—ત્રણ જોગે કરી **ન કરેમિ**—એ કામ કરું નહિ. **મણસા**-મને કરી. **વયસા**-વચને કરી **કાયસા**—કાયાએ કરી. **એહવા-સાતમાઉવભોગ**—એકજવાર ભોગવવાની વસ્તુ. **પરિભોગ**—વારંવાર ભોગવવાની વસ્તુ. **દુવિહે**-બે પ્રકારે. **પન્નતે**—કહી છે. **તંજહા**—તે જેમ છે તેમ કહે છે. **ભોયણાઉય**—ભોજનનો એક ભેદ. **કમ્મઉય**-વ્યાપારનો બીજો ભેદ. **ભોયણાઉય**—ભોજનનાં. **સમણોવાસએણું**—શ્રાવકને. **પંચઅઇયારા**—પાંચ અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**-(પણ) આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તેઆલોઉં**-કહું છું. **સચિત્તાહારે**—સચેત વસ્તુ ખાધી હોય. (વનસ્પતિ આદિ કાચું ખાવું). **સચિત્તપડિબદ્ધાહારે**—સચેતની સાથે લાગેલી વસ્તુ (લીંબડાનો ગુંદ વગેરે) ખાધી હોય. **અપ્પોલિઓસહીભક્ખણિયા**—જે વસ્તુમાં જીવના પ્રદેશ રહી ગયા હોય એવી વસ્તુ ખાધી હોય-કાચું પાકું શાક આદિ. **દુપ્પોલિઓસહીભક્ખણિઆ**—માઠી રીતે પકવેલી વસ્તુ ખાધી હોય-ભડથાં વગેરે. **તુછોસહીભક્ખણિઆ**—ખાવું થોડું ને નાખી દેવું ઘણું એવી વસ્તુ ખાધી હોય (સીતાફળ, શેરડી વગેરે) એ પાંચ પ્રકારની વસ્તુ ખાધી હોય તો અતિચાર લાગે. **કમ્મઉણું**—વ્યાપારના. **સમણોવાસએણું**—શ્રાવકને. **પનરસકમ્માદાણાઇ**—પંદર પ્રકારે કર્મ આવવાનાં ઠેકાણાં. **જાણિયવ્વા**-જાણવાં. **ન સમાયરિયવ્વા**-આચરવા નહિ. **તંજહા**—જેમ છે તેમ. **તે આલોઉં**—કહું છું. **ઇંગાલકમ્મે**—અગ્નિનો વેપાર કીધો હોય (લુહારાદિ). **વણકમ્મે**—મોટાં મોટાં વનનાં ઝાડો કપાવી વ્યાપાર કીધો હોય. **સાડિકમ્મે**—સોડ કરીને વસ્તુ વેચવાનો વેપાર

કીધો હોય (ગળી, દારૂ વગેરેનો). **ભાડીકમ્મે**—ગાડાં, ઘર વગેરે નવાં કરાવી તેનાં ભાડાં ખાવાનો વેપાર કર્યો હોય. **ફોડીકમ્મે**—પૃથ્વીનાં પેટ ફોડાવવાનો વેપાર કીધો હોય. (કુવા વાવ આદિ કરાવવાનો). **દંતવાણિજ્જે**—હાથીદાંત વગેરેનો વેપાર કીધો હોય **કેસવાણિજ્જે**—ચમરી ગાય વગેરેના વાળનો વેપાર કીધો હોય. **રસવાણિજ્જે**—મદિરાદિકના રસનો વેપાર કીધો હોય. **લખવાણિજ્જે**—લાખ વગેરેનો વેપાર કીધો હોય. **વિસવાણિજ્જે**—વિષ (ઝેર)નો વેપાર કીધો હોય. **જંતુપીલણકમ્મે**—ઘાણી, સંચા વગેરે યંત્રોનો વેપાર કીધો હોય. **નિલંછણકમ્મે**—બળદ, ઘોડા વગેરેના અવયવ સમાર્યાનો વેપાર કીધો હોય **દવગ્ગિદાવણિયા**—દાવાનળ સળગાવ્યો હોય. **સર**–સરોવર. **દહ**– દ્રહ–કુંડ. **તલાગ**– તળાવ. **પરિસોસણિઆ**—ઉલેચાવ્યાં હોય. **અસઇજણપોસણિયા**– ઢોર તથા ગુલામ આદિને ઊછેરી ઊછેરીને વેચ્યાં હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—એ ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

આઠમું વ્રત.

આઠમું વ્રત અણત્થાદંડનું—સ્વાર્થ વિના આત્મા દંડાય છે. **વેરમણું**—(તેથી) નિવર્તું છું. **ચઉવિહે**—ચાર પ્રકારે. **અણત્થાદંડે**—અર્થ વિના દંડ પડે છે. **પન્નતે**—તે કહે છે. **તંજહા**– જેમ છે તેમ. **અવજ્ઝાણાચરિયં**—આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન ધરવાથી (માઠી ચિંતવણા કરવાથી) **પમાયાચરિયં**—પ્રમાદ કરવાથી (આળસથી ઘી, તેલ વગેરેનાં ઠામ ઉઘાડાં રાખવાથી જીવ હિંસા થાય છે) **હિંસપયાણું**—હિંસા થાય એવાં શસ્ત્રો (છરી, ચાકુ, સુડી વગેરે) આપવાથી, **પાવકમ્મોવએસં**—પાપ, કર્મનો ઉપદેશ કરવાથી. **એહુવાઆઠમાઅણત્થાદંડ**– અર્થ વિનાનાં પાપ. **સેવવાના પચખાણ**—સેવવાની બંધી. **જાવજ્જીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી **દુવિહું**—બે કરણે. **તિવિહેણું**—ત્રણ જોગે કરી. **ન કરેમિ**—એ પ્રમાણે કરું નહિ. **ન કારવેમિ**—બીજા પાસે તેમ કરાવું નહિ. **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એવાઆઠમાઅણત્થાદંડ**–તે અર્થ વિનાના દંડ આવે તે પાપ. **વેરમણું**—તજી દેવાના. **વ્રતના પંચ**–પાંચ. **અઇયારા**—અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તે આલોઉં**–કહું છું. **કંદપ્પે**—કામ વધે એવી વાત કરી હોય. **કુકુઇએ**—કુચેષ્ટા કરી હોય. **મોહરિએ**—જેમ તેમ બોલ્યો હોય, ગાળ દીધી હોય. **સંજુત્તાહિગરણે**—ઘણાં હથિયારો એકઠાં કરી રાખ્યાં હોય. **ઉવભોગપરિભોગ**

અપરિભોગ—એકવાર ભોગવાય તેવી તથા વારવાર ભોગવાય તેવી વસ્તુ ઉપર આસક્ત રહ્યો હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

નવમું વ્રત.

નવમું સામાયિકવ્રત—સમતારૂપ સામાયિકનું વ્રત. **સાવજ્જજોગનું**—પાપના કામથી. **વેરમણું**—નિવર્તું છું. **જાવનિયમ**—જ્યાં સુધી મર્યાદા કીધી છે ત્યાં સુધી. **પજ્જુવાસામિ**—શુભ જોગને સેવું **દુવિહું**—બે કરણે. **તિવિહેણું**-ત્રણે જોગે કરી. **ન કરેમિ**—પાપનું કામ હું કરું નહિ. **ન કારવેમિ**—બીજા પાસે કરાવું નહિ. **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી **કાયસા**—કાયાએ કરી. એવી મારી તમારી સદ્દહણા પરૂપણાએ કરી સામાયિકનો અવસર આવે અને સામાયિક કરી હોય તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો. **એવા નવમા સામાયિક વ્રતના, પંચ અઈયારા** પાંચ અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તેઆલોઉં**—તે કહું છું.—**મણદુપડિહાણે**—સામાયિકમાં મન માઠું વર્ત્યું હોય. **વયદુપડિહાણે**—વચન માઠું વર્ત્યું હોય. **કાયદુપ ડિહાણે**—કાયા માઠી વરતાવી હોય. **સામાઇયસ્સસઇ**—સામાયિક કીધું છે છતાં. **અકરણીયાએ**—બરાબર કીધું કે નહિ તેની ખબર ન રહી હોય. **સામાઇયસ્સ**—સામાયિક કીધું છે તે. **અણવઠિયસકરણયાએ**—પૂરું થયા વિના પાળ્યું હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**-તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

દશમું વ્રત.

દશમું દેશાવગાસિકવ્રત—દિશાની મર્યાદા બાંધવાનું વ્રત (બાંધેલી હદ ઉપરાંત છેટે જવું નહિ.) **દિનપ્રતિ પ્રભાત થકી પ્રારંભીને**—પ્રતિદિન દિવસ ઉગવાને વખતે-સવારથી બીજો દિવસ ઊગતાં સુધી આદરીને **પૂર્વાદિક છ દિશે**—પૂર્વ દિશા આદિ છ દિશાએ.[1] **જેટલી ભૂમિકા**—જેટલી ધરતી. **મોકળી રાખી છે**—મર્યાદા બાંધી છે એટલે સવારમાં ઉઠીને માન કરવું કે આજ મારે દરેક દિશાએ આટલા ગાઉ ઉપરાંત જવું નહિ **તે ઉપરાંત**—બાંધેલી હદ ઉપરાંત. **સઇચ્છાએ**—પોતાની મરજીથી. **કાયાએ જયને પાંચ આશ્રવ**—કાયાએ જયને જીવહિંસાદિક પાંચ આશ્રવ. **સેવવાના પચ ખાણ**—સેવવાની બંધી. **જાવઅહોરત્તં**—એક દિવસ ને રાત સુધી. **દુવિહું**—બે કરણે. **તિવિહેણું**—ત્રણ જોગે. **ન કરેમિ**—પાપ હું કરું નહિ. **ન કારવેમિ**—બીજા પાસે કરાવું નહિ. **મણસા**—મને કરી **વયસા**—વ-

---

૧ ઊંચી, નીચી, ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ.

ચને કરી. **કાયસા**—કાયાએ કરી. **જેટલી ભૂમિકા મોકળી રાખી છે તેમાંહિ જે દ્રવ્યાદિકની મર્યાદા કીધી છે**—મોકલી રાખેલી ધરતીમાં પણ જે બંધી કરી હોય કે આજ આટલા પદાર્થ ઉપયોગમાં લાવવા. **તે ઉપરાંત**—તે હદ ઉપરાંત. **ઉવભોગ**—એકજવાર ભોગવાય એવી વસ્તુ. **પરિભોગ**—વારંવાર ભોગવાય એવી વસ્તુ. **ભોગનિમિત્તે**—ભોગની ઇચ્છાએ. **ભોગવવાના પચ્ચખાણ**—ભોગવવાની બંધી. **જાવઅહોરત્તં**—એક દિવસ ને રાત સુધી. **એગવિહેણં**—એક કરણે. **તિવિહેણં**—ત્રણ જોગે. **ન કરેમિ**—હું કરૂં નહિ. **મણસા**—મને કરીને. **વયસા**—વચને કરીને. **કાયસા**—કાયાએ કરી. એવી મારી તમારી સદ્દહણા પરૂપણાએ કરી દશમું વ્રત કરવાનો અવસર આવે ને કરીએ તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો. **એવા દશમા દિસાવગાસિક વ્રતના પંચઅઇઆરા**—પાંચ અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તે આલોઉં**—કહું છું. **આણવણપઉગે**—કાંઇ વસ્તુ મંગાવી ઉપયોગ કીધો હોય, બીજા પાસે વસ્તુ મંગાવી હોય; **પેસવણપઉગે**—ચાકરનો ઉપયોગ, ચાકર મોકલીને વસ્તુ મંગાવી હોય; **સદ્દાણુવાએ**—શબ્દનો ઉપયોગ, સાદ કરીને હદ ઉપરાંતથી બોલાવ્યો હોય. **રૂવાણુવાએ**—પોતાનું રૂપ દેખાડીને કોઇને બોલાવ્યો હોય. **બહીઆ**—બાહેર. **પોગ્गલપક્ખેવે**—કાંકરો નાંખી બોલાવ્યો હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

અગીઆરમું વ્રત.

અગીઆરમું પરિપૂર્ણપોષધવ્રત—પાપરહિત થઇ સંવરે કરી આત્માને પોષવો તેનું વ્રત. **અસણં**—અન્ન. **પાણં**—પાણી. **ખાઇમં**—મેવાની જાત. **સાઇમંના**—મુખવાસ—સોપારી આદિક ખાવાની. **પચ્ચખાણ**—બંધી **અબંભના પચ્ચખાણ**—મૈથુન સેવવાની બંધી **મણીસોવનના પચ્ચખાણ**—મણી, સોનું વગેરે પાસે રાખવાની બંધી. **માલાવન્નંગ**—માળા વિગેરેની. **વિલેવણના**—વિલેપન કરવાની. **પચ્ચખાણ**—બંધી. **સત્થ**—શસ્ત્ર, હથીયાર. **મુશલાદિક**—સાંબેલાં વગેરે. **સાવજ્જજોગના પચ્ચખાણ**—પાપનું કામ કરવાની બંધી. **જાવઅહોરત્ત**—રાત દિવસ સુધી. **પજ્જુવાસામિ**—એ પ્રમાણે આચરીશ **દુવિહં**—બે કરણે. **તિવિહેણં**—ત્રણ જોગે. **ન કરેમિ**—પાપ કરૂં નહિ. **ન કારવેમિ**—બીજા પાસે કરાવું નહિ. **મણસા**—મને કરી. **વયસા**—વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એહવીસદ્દહણા**—કરવાની શ્રદ્ધા થાય. **પરૂપણા કરી**—પરૂપણા કરીએ. પોષો કરવાનો વખત આવે પોષો કરીએ. **તે વારે ફરસનાએ કરી શુદ્ધિ હોજો**—તે

વખત શક્તિમુજબ શુદ્ધ હોજો. **એવા અગીઆરમા પડિપુન્ન**—પ્રતિ પૂર્ણ **પોષધવ્રતના**—સંવરે આત્માને પોષવાના વ્રતના. **પંચઅઇયારા**—પાંચ અતિચાર. **જાણીયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા તે આલોઉં**—તે જેમ છે તેમ કહું છું. **અપડિલેહિયં**—બરાબર તપાસીને જોયાં ન હોય. **દુપડિલેહિયં**—માઠી રીતે જોયાં હોય. **સેજ્જાસંથારએ**—પાટ વગેરે સેજા તથા પથારીને, **અપમજ્જિયં**—પોંજ્યું ન હોય. **દુપમજ્જિયં**—માઠી રીતે પોંજ્યું હોય. **સેજ્જાસંથારએ**—સેજા-પથારીને. **અપડિલેહિયં**—તપાસીને જોઇ ન હોય **દુપડિલેહિયં**—માઠી રીતે જોઇ હોય. **ઉચ્ચારપાસવણભૂમિ**—દિશા તથા પેશાબે જવાની જગ્યાને. **અપમજ્જિયં**—પોંજી ન હોય. **દુપમજ્જિયં** માઠી રીતે પોંજી હોય. **ઉચ્ચારપાસવણભૂમિ**—દિશા તથા પેશાબે જવાની જગ્યાને. **પોસહસ્સ**—પોષો કીધો છે તેમાં. **સમ્મં**—પ્રમાદ કરે. **અણાણુપાલણયા**—પોષાની ક્રિયા આદી પાછી કીધી હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તેમાં થયેલું પાપ નિષ્ફળ થાજો.

બારમું વ્રત.

બારમું અતિથિ—જેની તિથિ નથી (સાધુ આહાર લેવા આવે એ કાંઇ મુકરર નથી). **સંવિભાગવ્રત**—ભાગ કરવો એટલે આહાર કરતી વખત ચિંતવણા કરવી કે જો સાધુ પધારે તો માંહેથી આપું. **સમણેનિગંથે**—નિર્ગ્રંથ સાધુને. **ફાસુ**—જીવ રહિત. **એસણિજ્જેણં**—દોષ રહિત. **અસણં**—અન્ન. **પાણં**—પાણી. **ખાઇમં**—મેવો. **સાઇમં**—મુખવાસ. **વત્થ**—વસ્ત્ર. **પડિગ્ગહ**—પાત્ર. **કંબલ**—કાંમળી. **પાયપુછ્છણેણં**—પાથરવાનું લુગડું. **પાઢિયારૂ**—આપીને પાછી લેવાય તેવી વસ્તુ (તે કહે છે). **પીઢ**—બાજોઠ. **ફલગ**—પાટીઓ. **સેજા**—શય્યા. **સંથારએણં**—તરણા વગેરેની પથારી. **ઉસહ**—ઓસડ. **ભેસજ્જેણં**—ઘણી વસ્તુથી થએલ ગોળી વગેરે. **પડિલાભેમાણે**—પ્રતિલાભ કરતાં થકાં (આપતાં થકાં). **વિહરામિ**—વિચરીશ. **એહવિસદ્દહણા**—શ્રદ્ધા. **પરૂપણાએ**—ઉપદેશ. **સાધુની જોગવાઈ મળે, સુજતા આહાર પાણી વહોરાવીએ તેવારે ફરસનાએ કરી શુદ્ધિ હોજો. એહવા બારમા અતિથિસંવિભાગ વ્રતના**—મુકરર તિથિ નહિ માટે ભાગ કરી ચિંતવવાના વ્રતના. **પંચઅઇયારા**—પાંચ અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિ. **તંજહા**—તે જેમ છે તેમ. **તે આલોઉં**—તે કહું છું. **સચિત્તનિક્ષેવણિયા**—સચેત વસ્તુની ઉપર અચેત વસ્તુ મુકી હોય.

સચિત્તપેહણિયા—અચેત વસ્તુથી સચેત વસ્તુ ઢાંકી હોય. **કાલાઇક્કમે**—કાળ વહી ગયો હોય, બગડી ગયેલી કે ખોરી થયેલી વસ્તુ આપી હોય. **પરોવએસે**—સાધુને વહોરાવવાનું બીજાને કહે (સાધુ આવે તે વખતે પોતે ન આપતાં બીજાને હુકમ કરે). **મચ્છરિયાએ**—દાન દઇને અહંકાર કીધો હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

સંથારાનો પાઠ.

અપચ્છિમ—બીજું કાંઇ કામ કરવું રહ્યું નથી. **મારણંતિયં**—પંડિત-મરણને અંતે. **સંલેહણા**—આત્માને પાપના કામથી દૂર કરવો. **પોષધ-શાલા**—સંથારો કરવાની જગા. **પૂંજીને**—વાળી સાફ કરીને. **ઉચ્ચાર-પાસવણ**—દિશા તથા પેશાબની. **ભૂમિકા**—જગ્યા. **પડિલેહિને**—નજરે જોઇને. **ગમણાગમણે**—જતાં આવતાં જીવ ચંપાણા હોય તેનું. **પડિક્ક-મોને**—પ્રાયશ્ચિત લઇને. **દર્ભાદિકસંથારો**—ડાભ વગેરેની પથારી **સંથરીને**—પાથરીને. **દર્ભાદિકસંથારો**—ડાભ વગેરેની પથારી ઉપર **દુરૂહિને**—બેસીને. **પૂર્વ તથા ઉત્તરદિશિ**—પૂર્વ કે ઉત્તર દિશા તરફ. **પલ્યંકાદિક**—પલાંઠી વાળી અથવા શક્તિ પ્રમાણે. **આસને બેસીને**—આસન વાળીને. **કરયલ**—બે હાથ. **સંપગ્ગહિયં**—જોડીને. **સિરસાવ-ત્તયં**—માથાને આવર્તન કરી. **મત્થએ અંજલિકટ્ટુ**—માથા ઉપર બે હાથ જોડેલા રાખી. **એવં**—એમ. **વયાસી**—કહે. **નમોત્થુણં**—નમસ્કાર હોજો. **અરિહંતાણં**—અરિહંત દેવને. **ભગવંતાણં**—ભગવંતને. **જાવસંપ-ત્તાણં**—તે ઠેઠ મુક્તિ પહોંચ્યા સુધીનો પાઠ (જે સામાયિકને અંતે નમોત્થુણંનો છે તેટલો કહેવો) એમ અનંતાસિદ્ધને નમસ્કાર કરીને વર્તમાન પોતાના ધર્મગુરૂ ધર્માચાર્યને નમસ્કાર કરીને પૂર્વે જે વ્રત આદર્યાં છે. **તેઆલોઇ**—સંભારીને. **પડિક્કમી**—પ્રાયશ્ચિત લઇને. **નિંદી**—(આત્માની સાખે) નિંદા કરીને. **નિસલ્લ થઇને**—શલ્ય રહિત થઇને. **સવ્વંપાણાઇવાયં**—સર્વ પ્રકારે જીવ હિંસા કરવાની. **પચ્ચખામી**—બંધી કરીને. **સવ્વંમુસાવાય-પચ્ચખામી**—સર્વ પ્રકારનું જુઠું બોલવાની બંધી કરીને. **સવ્વંઅદીના-દાણંપચ્ચખામી**—સર્વ પ્રકારની ચોરી કરવાની બંધી કરીને. **સવ્વં-મેહુણંપચ્ચખામી**—સર્વથા મૈથુનની બંધી કરીને. **સવ્વંપરિગ્ગહંપચ્ચ-ખામી**—સર્વથા દોલત રાખવાની બંધી કરીને. **સવ્વંકોહંપચ્ચખામી**—સર્વથા ક્રોધ કરવાની બંધી કરીને. **જાવજ્જિચ્છાદંસણસલ્લં**—તે અન્ય ધર્મ સેવવો તથા શલ્ય રાખવું ત્યાં સુધીનાં જે અઢાર પાપસ્થાનક આગળ કહેવાશે ત્યાં સુધીની. **અકરણિજંજોગં**—કરવા જોગ નહિ તેની. **પચ્ચખામી**—

બંધી કરીને. **જાવજ્જીવાએ**—જ્યાં સુધી જીવું ત્યાં સુધી. **તિવિહં**—ત્રણ કરણે કરી. **તિવિહેણં**—ત્રણ જોગે કરી. **ન કરેમિ**—હું પાપ કરું નહિ. **ન કારવેમિ**—બીજા પાસે કરાવું નહિ. **કરંતંનાણુજ્જાણામિ**—કોઈ પાપ કરે તે ભલું જાણું નહિ. **મણસા** મને કરી. **વયસા** વચને કરી. **કાયસા**—કાયાએ કરી. **એમ અઢારે પાપસ્થાનક**—પાપના ઠેકાણાં, **પચ્ચખીને**—બંધી કરીને. **સવ્વં**—સર્વ. **અસણું**—અન્ન. **પાણું**—પાણી. **ખાઇમં**—મેવો. **સાઇમં** મુખવાસ **ચઉવિહંપિયાહાર**—એ ચાર પ્રકારના આહારની. **પચ્ચખામી**—બંધી કરીને. **જાવજ્જીવાએ**—જીવું ત્યાં સુધી. **એમ ચારે આહાર પચ્ચખીને જં**—જે. **પિયં**—પ્રિય. **ઇમંશરીરં**—આ મારું શરીર. **ઇઠં**—ઇષ્ટકારી. **કંતં**—કાંન્તિવાન; **પિયં**—પ્રિય. **મણુન્નં**—મનને શોભીતું. **મણામં**—મનને અતિવહાલું—**ધિજં** ધીરજ દેનાર. **વિસાસીયં**—વિશ્વાસનું ઠેકાણું. **સમયં**—માનવા યોગ્ય. **અણુમયં**—વિશેષ માનવા યોગ્ય. **બહૂમયં**—ઘણું માનવા યોગ્ય. **ભંડકરંડગસમાણં**—ઘરેણાંના ડાબલા સમાન. **રયણકરંડગભુયં**—રત્નના કરંડીઆ સમાન. **માણંસીયં** રખે મને ટાઢ વાય. **માણંઉન્હું**—રખે મને તાપ લાગે. **માણંખુહા**—રખે મને ભુખ લાગે. **માણંપીવાસા**—રખે મને તરસ લાગે. **માણંબાલા**—રખે મને સર્પ કરડે. **માણંચોરા**—રખે ચોર ઉપાડી જાય. **માણંદંસા**—રખે મને ડાંસ કરડે. **માણંમસગા**—રખે મચ્છર કરડે. **માણંવાહિયં**—રખે મને વ્યાધિ ઉપજે. **પિત્તીયં**—પીત જાગે. **સંભિમં**—શ્લેષ્મ થાય. **સન્નિવાઇયં**—સન્નિપાત થાય **વિવિહારોગાયંકા**—રખે વિવિધ પ્રકારનાં રોગ ઉત્પન્ન થાય. **પરિસહોવસગ્ગા**—(ઉપસર્ગ) બાવીશ જાતના પરીસહ તથા દેવતાદિકની ડરામણી. **ફાસાફુસંતિ**—એવી રીતના સ્પર્શ થયે થકે. **એયંપિયણું**—એવું મારું શરીર વહાલું તે. **ચરિમેહિં**—છેલ્લા. **ઉસાસનિસાસેહિ**—શ્વાસોશ્વાસ સુધી. **વોસિરામિ**—તજું છું. **તિકટુ**—એમ કહીને. **એમ શરીર વોસિરાવીને**—શરીરને તજી દઈને. **કાલંઅણવકંખમાણે**—કાળને અણવાંછતો થકો (જીવવાની આશા તથા મરણનો ભય ન રાખતો) **વિહરંતિ**—વિચરે. **એહવી સદ્દહણા પરૂપણા કરીએ**—એવી શ્રદ્ધા કે પરૂપણા કરીએ. સંથારાના અવસરે સંથારો કરીએ. **તિવારે ફરસનાએ કરી શુદ્ધિ હોજો**—ત્યારે શક્તિ પ્રમાણે શુદ્ધિ થાજો. **એવા અપછિમ મારણંતિય**—મરણને અંતે કાંઈ વસ્તુ બાકી નહિ. **સંલેહણા**—આત્માને માઠાં કામથી દૂર કરવાના **ઝુસણા**—ક્ષમા કરવાના. **આરાહણાના**—આરાધના કરવાના. **પંચ અ-**

પ્યારા—પાંચ અતિચાર. **જાણિયવ્વા**—જાણવા. **ન સમાયરિયવ્વા**—આચરવા નહિં. **તંજહા તે આલોઉં**—તે જેમ છે તેમ કહું છું. **ઇહલોગાસંસપઉગે**—આ લોકને વિષે સુખની વાંછના કરી હોય કે મરી ગયા પછી મોટો રાજા થાઉં. **પરલોગાસંસપઉગે**—પરલોકને વિષે સુખની ઇચ્છા કરી હોય કે મહર્ધિક દેવતા થાઉં. **જીવીઆસંસપઉગે**—જીવતરની ઇચ્છા કરી હોય કે ઝાઝું જીવું તો ઠીક. **મરણાસંસપઉગે**—મરણની ઇચ્છા કરી હોય કે દુઃખ પામું છું માટે ઝટ મરી જાઉં તો ઠીક. **કામભોગાસંસપઉગે**—કામ ભોગની ઇચ્છા કરી હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે ખોટું કાર્યેલું નિષ્ફળ થાજો. **એમ સમકિત પૂર્વક**—એમ પૂર્વે કહ્યાં તે સમકિતના પાઠથી. **બારવ્રત સંલેષણાસહિત**—બાર વ્રત સંથારાના પાઠ સહિત તથા નવાણું અતિચાર. **એહને વિષે જે કોઇ અતિક્રમ**—(કરેલી બંધીમાં દોષના ચાર પ્રકાર છે તેમાં) અતિક્રમ એટલે બંધી કરેલી વસ્તુ કરવાનું મન કરવું. **વ્યતિક્રમ**—તે વસ્તુ કરવા તરફ ચાલ્યો તે દોષ. **અતિચાર**—તે વસ્તુ હાથમાં લીધે તે દોષનુ નામ. **અણાચાર**—તે વસ્તુ ભોગવે એટલે બંધી ભાંગે તે દોષનું નામ, જાણતાં અજાણતાં મન, વચન, કાયાએ કરી સેવ્યો હોય, સેવરાવ્યો હોય, સેવતા પ્રત્યે રૂડું જાણ્યું હોય તે અનંતાસિદ્ધ કેવળીની સાખે. **મિચ્છામિદુક્કડં**—નિષ્ફળ થાજો.

અઢાર પ્રકારનાં પાપસ્થાનક.

૧ **પ્રાણાતિપાત**—જીવહિંસા. ૨ **મૃષાવાદ**—જુઠું બોલવું ૩ **અદત્તાદાન**—ચોરી કરવી. ૪ **મૈથુન**—સ્ત્રી સેવવી. ૫ **પરિગ્રહ**—દોલત. ૬ **ક્રોધ**—રીસ. ૭ **માન**—અહંકાર. ૮ **માયા**—કપટ. ૯ **લોભ**—તૃષ્ણા રાખવી. ૧૦ **રાગ**—પ્રીતિ. ૧૧ **દ્વેષ**—અદેખાઇ. ૧૨ **કલેશ**—કજીયો. ૧૩ **અભ્યાખ્યાન**—આળ ચડાવવું. ૧૪ **પૈશુન્ય**—ચાડી કરવી. ૧૫ **પરપરિવાદ**—પારકું વાંકું બોલવું. ૧૬ **રઇઅરઇ**—(રતિઅરતિ) ખુશી-દિલગીરી. ૧૭ **માયામોસો**—કપટ સહિત જુઠું બોલવું. ૧૮ **મિચ્છાદંસણસલ્લ**—ખોટી શ્રદ્ધા તથા શલ્ય રાખવું. એ અઢાર પાપસ્થાનક સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે રૂડું જાણ્યું હોય તે અનંતા સિદ્ધ કેવળીની સાખે. **મિચ્છામિદુક્કડં**—પાપ નિષ્ફળ થાજો.

પચ્ચીસ પ્રકારનું મિથ્યાત્વ.

૧ **અભિગ્રહિકમિથ્યાત્વ**—ખરાં ખોટાંની ખબર વગર ખોટાને પકડી રહે, મુકે નહિ તે. ૨ **અણાભિગ્રહિકમિથ્યાત્વ**—બધા દેવને તથા બધા ગુરૂને

માને. ૩ **અભિનિવેસિકમિથ્યાત્વ**–તીર્થંકરનો માર્ગ જાણે ને ઉપદેશ અન્ય ધર્મનો આપે. ૪ **સંસયિકમિથ્યાત્વ**—કયો મત ખરો ને કયો મત ખોટો તે નક્કી ન કરે અને સંશય વદે તે. ૫ **અણાભોગમિથ્યાત્વ** - જેમાં બીલકુલ જાણપણું ન હોય તે. ૬ **લૌકિકમિથ્યાત્વ** -લોકને વિષે જે દેવ કરી બેસાડયા હોય તે તથા ઢોંગી ગુરૂઓ તથા તેમના નામમાં જે પ્રવર્તે અને માને તે. ૭ **લોકોત્તરમિથ્યાત્વ**—તીર્થંકર દેવની માનતા કરે કે ફલાણું કામ થાય તો આમ કરીશ, તે તથા ફળની લાલચે કાંઈ વ્રત કરે તે. ૮ **કુપરાવચનમિથ્યાત્વ**—ત્રણસે ત્રેસઠ પાખંડીના મતને માને. ૯ અજીવને જીવ સરદહે તો મિથ્યાત્વ ૧૦ જીવને અજીવ સરદહે તો મિથ્યાત્વ. ૧૧ સાધુને કુસાધુ સરદહે તો મિથ્યાત્વ. ૧૨ કુસાધુને સાધુ સરદહે તો મિથ્યાત્વ. ૧૩ જિન મારગને અન્ય મારગ સરદહે તો મિથ્યાત્વ. ૧૪ અન્ય મારગને જિન મારગ સરદહે તો મિથ્યાત્વ. ૧૫ અધર્મને ધર્મ સરદહે તો મિથ્યાત્વ. ૧૬ ધર્મને અધર્મ સરદહે તો મિથ્યાત્વ. ૧૭ આઠ કર્મથી જે નથી મુકાણા તેને મુકાણા સરદહે તો મિથ્યાત્વ. ૧૮ આઠ કર્મથી જે મુકાણા તેને નથી મુકાણા સરદહે તો મિથ્યાત્વ. ૧૯ જિન મારગથી ઓછું પરૂપે તો મિથ્યાત્વ. ૨૦ જિન મારગથી અધિક પરૂપે તો મિથ્યાત્વ ૨૧ જિન મારગથી વિપરીત પરૂપે તો મિથ્યાત્વ. ૨૨ અવિનય મિથ્યાત્વ. ૨૩ અક્રિયા મિથ્યાત્વ. ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ ૨૫ અશાતના મિથ્યાત્વ. એ પચ્ચીશ પ્રકારનું મિથ્યાત્વ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતં પ્રત્યે રૂડું જાણ્યું હોય તો **તસ્સમિચ્છામિદુક્કડં**—તે પાપ નિષ્ફળ થાજો.

ચૌદ સ્થાનકમાં સમુર્છિમ જીવ ઉપજે છે તે.

૧ **ઉચ્ચારેસુવા**—વડીનીતમાં ઉપજે તે. ૨ **પાસવણેસુવા**—લઘુનીતમાં ઉપજે તે. **ખેળેસુવા**—બગખામાં ઉપજે તે, ૪ **સંઘાણેસુવા**—લીંટમાં ઉપજે તે. ૫ **વંતેસુવા**—વમનમાં ઉપજે તે. ૬ **પિત્તેસુવા**—પીતોડામાં ઉપજે તે. ૭ **પુએસુવા**—પરૂમાં ઉપજે તે. ૮ **સોણીએસુવા**—રૂધિરમાં ઉપજે તે. ૯ **સુક્કેસુવા**—વીર્યમાં ઉપજે તે. ૧૦ **સુક્કપોગ્ગલપરિસાડિએસુવા**—વીર્યના પુદ્ગલ સુકાયેલ ભીના થાય તેમાં ઉપજે તે ૧૧ **વિગયજીવકલેવરેસુવા**—જીવ ગયા પછી રહેલા કલેવરમાં ઉપજે તે. ૧૨ **ઇત્થીપુરૂષસંજોગેસુવા**—સ્ત્રી પુરૂષના સંજોગથી ઉપજે તે. ૧૩ **નગરનિદ્ધમણેસુવા**—નગર માંહેલી ખાળમાં ઉપજે તે. ૧૪ **સવ્વએસુઠાણેસુવા**—બધાં ગંદકીનાં ઠેકાણામાં ઉપજે તે. એ ચૌદ સ્થાનકના જીવની વિરાધના થઈ હોય તો મિચ્છામિદુક્કડં.

" આ ઠેકાણે ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગ, નવકાર અને કરેમિભંતેના પાઠ કહેવા."

શ્રી ચત્તારિ મંગલં.

ચત્તારિમંગલં—ચાર પ્રકારના માંગલીક તે કહે છે. **અરિહંતા-મંગલં**—અરિહંત દેવ માંગલિક છે. **સિદ્ધામંગલં**-સિદ્ધ દેવ માંગલિક છે. **સાહૂમંગલં**—સાધુ માંગલિક છે. **કેવલીપન્નતોધમ્મોમંગલં**-કેવલીનો પ્રરૂપેલો ધર્મ માંગલિક છે. **ચત્તારિલોગુત્તમા**—લોકને વિષે ચાર ઉત્તમ છે. **અરિહંતા લોગુત્તમા**—અરિહંત દેવ, લોકમાં ઉત્તમ છે. **સિદ્ધા-લોગુત્તમા**—સિદ્ધદેવ, લોકમાં ઉત્તમ છે. **સાહુલોગુત્તમા**—સાધુ લોકમાં ઉત્તમ છે. **કેવલીપન્નત્તોધમ્મોલોગુત્તમા**—કેવળીનો પ્રરૂપેલો ધર્મ લોકમાં ઉત્તમ છે. **ચત્તારિસરણંપવજ્જામિ**- ચાર પ્રકારનું શરણ અંગીકાર કરૂં છું. **અરિહંતાસરણંપવજ્જામિ**—અરિહંતનું શરણ અંગીકાર કરૂં છું. **સિદ્ધાસરણંપવજ્જામિ**—સિદ્ધનું શરણ અંગીકાર કરૂં છું. **સાહુસર-ણંપવ્વજ્જામિ**—સાધુનું શરણ અંગીકાર કરૂં છું. **કેવલીપન્નત્તોધમ્મો-સરણંપવજ્જામિ**—કેવળીના પ્રરૂપેલા ધર્મનું શરણ અંગીકાર કરૂં છું. એ ચાર માંગલીક, ચાર ઉત્તમ ને ચાર શરણા કરે જે, ભવસાગરથી તરે તે; સકળ કરમનો આણે અંત, મોક્ષતણાં સુખ લહે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુકતે જાય; સંસારમાં શરણ ચાર, અવર ન શરણું કોય, જે નરનારી આદરે, તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર; ગુરૂગૌતમને સમરીએ, તો સદાય મનવાં છિત ફળ દાતાર. દાન દીજીએ શીયળ પાળીએ તપ તપીજે ભલી ભાવના ભાવીએ તો આ ભવ પરભવ વહેલાં વહેલાં મુક્તિનાં સુખને પામીએ.

" આ ઠેકાણે--ઇચ્છામિઠામિ કાઉસગ્ગ તથા ઇરિયાવહીના પાઠ કહેવા."

આલોયણા—ચાર ગતિ, ચોવીશ દંડક, ચોરાશી લાખ જીવાજોનિ, એક ક્રોડ સતાણું લાખ, કુલકોટીના જીવને મારે જીવે આજના દિવસ-સંબંધી આરંભે સમારંભે, મન, વચન, કાયાએ કરી દુહવ્યા હોય, દ્રવ્ય-પ્રાણ, ભાવપ્રાણ દુહવ્યા હોય; પરિતાપના કિલામના ઉપજાવી હોય, ક્રોધે, માને, માયાએ, લોભે, રાગે, દ્વેષે, હાસ્યે, ભયે, બળાયે, ઘીઠાયે, આપદ્યાપ-નાએ, પરઉદ્યાપનાએ, દુષ્ટલેશ્યાએ, દુષ્ટપ્રણામે, દુષ્ટધ્યાને, આર્ત્તધ્યાને, રૌદ્રધ્યાને કરીને, ઇર્ષ્યાએ, મમતે, હઠપણે, ધીઠાઇપણે, અવજ્ઞા કરી હોય, દુઃખમાં જોડયાં હોય, સુખ ચુકવ્યાં હોય, પ્રાણ, પર્યાય સંજ્ઞા, ઇંદ્રિયાદિ લબ્ધિઋદ્ધિથી ભ્રષ્ટ કર્યા હોય તે સર્વ અઢાર લાખ ચોવીશ હજાર એકસો વીશ પ્રકારે દોષ લાગ્યો હોય તો મિચ્છામિદુક્કડં.

સમણુ-સૂત્ર.

પહેલું સૂત્ર.

ઇચ્છામિ ઇચ્છું છું. **પડિક્કમિઉં**—પાપનું નિવારણ કરવાને. **પગામસિજ્જાએ**—ઘણું સુવાણું હોય **નિગામસિજ્જાએ**—ઘણે પાથરણે કરી સુવાણું હોય. **સંથારઉવટ્ટણાએ**—સુતાં સુતાં વગર પૂંજ્યે પડખું ફેરવ્યું હોય. **પરિયટ્ટણાએ**—વારે વારે એ રીતે પડખાં ફેરવ્યાં હોય. **આઉટ્ટણાએ** હાથપગ સંકોચ્યા હોય. **પસારણાએ**—હાથપગ પૂંજ્યા વિના લાંબા કર્યા હોય. **છપ્પઇસંઘટ્ટણાએ**—છ પગી જૂને કચરી હોય. **કુઇએકક્કરાઇએ**—ઉઘાડે મોઢે બોલાણ હોય. **છીએ**—ઉઘાડે મોઢે છીંક ખાધી હોય. **જંભાઇએ**—ઉઘાડે મોઢે બગાસું ખાધું હોય. **આમોસે**—પુંજ્યા વગર ખણ્યું હોય. **સસરક્ખામોસે**—સચેત રજે ખરડેલ વસ્ત્રાદિકનો સ્પર્શ કર્યો હોય. **આઉલમાઉલાએ**—આકુળ વ્યાકુળ થયો હોય. **સુવણ્ણવત્તીયાએ**—સ્વપ્નામાંહે અનેક તરેહનાં રૂપ દીઠાં હોય. **ઇત્થીવિપરિયાસિયાએ**—સ્ત્રી સંગાતે સ્વપ્નામાં ભોગ કર્યો હોય. **દિટ્ઠીવિપરિયાસિયાએ**—દૃષ્ટિએ કરી સ્ત્રી સાથે ક્રીડા કરી હોય. **મણવિપરિયાસિયાએ**—મને કરી સ્વપ્નામાં ભોગ કર્યો હોય **પાણભોયણવિપરિયાસિયાએ**—પાણી ભોજન સ્વપ્નામાં કરેલ હોય. **જો મે**—જે મને. **દેવસીઓ**—દિવસ સંબંધી. **અઇયારો કઓ**—અતિચાર લાગ્યા હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે પાપ નિષ્ફળ થાજો.

બીજું સૂત્ર.

પડિક્કમામિ—પાપનું નિવારણ કરૂં છું. **ગોયરગ્ગચરિયાએ**—ગાયની પેઠે થોડો થોડો આહાર લેવા જતાં. **ભિક્ખાયરિયાએ**—ભિક્ષા માગવા જતા. **ઉઘાડકમાડ**—અડધું કમાડ ઉઘાડયું હોય **ઉઘાડણાએ**—આખું કમાડ ઉઘાડયું હોય. **સાણા**—કૂતરા. **વચ્છા**—વાછરડાં. **દારા**—બાળક. **સંઘટ્ટણાએ**—અડીને કે ઓળંગીને જવાણું હોય. **મંડીપાહુડીયાએ**—બીજા કોઇને વાસ્તે રાખેલ લીધું હોય. **બલીપાહુડીયાએ**—બાકળા ઉડાડવા સારૂં કર્યા હોય તે લીધા હોય. **ઠવણાપાહુડીયાએ**—કોઇ ભીખારી વગેરે સારૂં રાખી મેલ્યું હોય તે લીધું હોય. **સંકીએ સહસ્સાગારે**—શંકા પડયા છતાં આગ્રહ કે ઉતાવળથી લેવું પડયું હોય. **અણેસણાએ**—અસૂઝતું અન. **પાણેસણાએ**—અસૂઝતું પાણી. **અણભોયણાએ**—સચેત ભોજન.

પાણભોયણાએ—સચેત પાણી લીધું હોય **બીયભોયણાએ**—બીજ-વાળું ભોજન લીધું હોય. **હરિયભોયણાએ**—લીલોત્રીવાળું ભોજન લીધું હોય. **પચ્છાકમ્મિયાએ**—આહાર વોહોર્યા પછી કાંઈ દોષ લગાડયો હોય. **પુરેકમ્મિયાએ**—આહાર લીધા પહેલાં કાંઈ દોષ લગાડયો હોય. **અદિઠ-હડાએ**—નજરે દેખાતું ન હોય ત્યાંથી લાવી દીધેલું લીધું હોય. **દગસંસ-ઠહુડાએ**—કાચા પાણીનો સ્પર્શ કરી દીધેલો આહાર લીધો હોય. **રયસં-સંહુડાએ**—સચેત રજના સ્પર્શવાળું લીધું હોય. **પારિસાડણિઆએ**-ઘણો આહાર લઇને પછી નાંખી દીધો હોય. **પારિહાવણિયાએ** ખાવો થોડો ને નાંખી દેવો ઘણો એવો આહાર લીધો હોય. **ઉલ્લાસણભિખાએ**—વારંવાર વસ્તુ માગી લીધી હોય. **જં ઉગમેણં**—જે ગૃહસ્થથી દોષ લાગ્યા હોય. **ઉપાયણેસણાએ**—પોતાથકી જે દોષ લાગ્યા હોય. **અપડિસુદ્ધં**—એવા અકલ્પનિક આહાર પાણી. **પરિગાહિયં**—લીધાં હોય. **પડિભુત્તંવા**-ભોગવ્યાં હોય. **જં ન પરિઠવિયં**—જે નાંખી દેવા યોગ્ય હોય તે નાંખી દીધું ન હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે પાપ નિષ્ફળ થાજો.

ત્રીજું સૂત્ર.

પડિક્કમામિ—પાપનું નિવારણ કરૂં છું. **ચાઉકાલં**—ચાર વખત (સવારે, સાંજે, આગલી રાત્રે, પાછલી રાત્રે). **સજ્ઝાયસ્સઅકરણિયાએ**-સઝાય પાઠ ન કર્યા હોય. **ઉભયકાલં**—બે વખત (સાંજે, સવારે) **ભંડો-વગરણસ્સ** ભંડ ઉપકરણ (પાત્રાદિક તથા વસ્ત્રાદિકને). **અપડિલેહણાએ**-નજરે જોયાં ન હોય. **દુપડિલેહણાએ**—માઠી રીતે જોયાં હોય. **અપ-મજ્જણાએ**—પોંજ્યાં ન હોય. **દુપમજ્જણાએ**—માઠી રીતે પોંજ્યાં હોય. **અઇક્કમે**—અતિક્રમ કીધો હોય (પાપ કરવાનો વિચાર). **વઇ-ક્કમે**—વ્યતિક્રમ કીધો હોય. (પાપ કરવાને તૈયાર થયો હોઉં). **અઇ-યારે**—અતિચાર તે વસ્તુ કરવામાં લાગ્યો હોય. **અણાયારે**—અનાચાર તે પાપ કીધું હોય. **જોમેદેવસિઓ**—જે મેં દિવસ સંબંધી. **અઇયારો-ક્કઓ**—પાપ કીધું હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**-તે પાપ નિષ્ફળ થાજો.

ચોથું સૂત્ર.

પડિક્કમામિ—પાપનું નિવારણ કરૂં છું. **એગવિહે**—એક પ્રકારે. **અસંજમે**—અસંજમપણું (અવ્રત) **પડિક્કમામિ**—નિવર્તું છું. **દોહિં**—બે પ્રકારના. **બંધણેહિં**—બંધનથી. **રાગબંધણેણં**—પ્રીતિ બંધન. **દોષબંધણેણં**—દ્વેષ બંધન. **પડિક્કમામિ**—નિવર્તું છું. **તિહિં દંડેહિ**—

ત્રણ પ્રકારના દંડથી. **મણદંડેણું**—મનનો દંડ. (અશુભ મને) **વયદંડેણું**—વચનનો દંડ. **કાયદંડેણું**—કાયાનો દંડ. **પડિક્કમામિ**—નિવર્તું છું, **તિહિંગુત્તીહિં**—ત્રણ પ્રકારની ગુપ્તિ (ન કરી હોય તેથી). **મણગુત્તીએ**—મનને શુભ પરિણામે કરી ગોપવી રાખવું. **વયગુત્તીએ**—શુભ વચનને ગોપાવવું. **કાયગુત્તીએ**—કાયાને ગોપવી રાખવી તે. **પડિક્કમામિ**—નિવર્તું છું. **તિહિંસલ્લેહિં**—ત્રણ પ્રકારનાં શલ્યથી. **માયાસલ્લેણું**—કપટ રાખવું તે શલ્ય. **નિયાણસલ્લેણું**—નિયાણું એટલે ક્રિયાનું ફળ માગી લેવું તે શલ્ય. **મિચ્છાદંસણસલ્લેણું**—જુઠો ધર્મ તે શલ્ય. **પડિક્કમામિ**—નિવર્તું છું. **તિહિંગારવેહિં**—ત્રણ પ્રકારના ગર્વથી. **ઇઢીગારવેણું**—રૂદ્ધિ (નાણા) નો ગર્વ. **રસગારવેણું**—સ્વાદનો ગર્વ. **સાયાગારવેણું**—સાતા (શરીરના સુખનો) ગર્વ. **પડિક્કમામિ**—નિવર્તું. છું. **તિહિંવિરાહણાએ**—ત્રણ પ્રકારની વિરાધનાથી (ભંગ લગાડવાથી). **નાણવિરાહણાએ**—જ્ઞાનમાં ભંગ પડયો હોય. **દંસણવિરાહણાએ**—સમકિતમાં ભંગ પડયો હોય. **ચરિત્તવિરાહણાએ**—ચારિત્ર કરણીમાં ભંગ પડયો હોય. **પડિક્કમામિ**—નિવર્તું છું. **ચઉવિહિંકસાએહિં**—ચાર પ્રકારના કષાયથી. **કોહકસાએણું**—ક્રોધ કષાય. **માણકસાએણું**—અભિમાન કષાય. **માયાકસાએણું**—કપટ કષાય. **લોહકસાએણું** લોભ કષાય **પડિક્કમામિ**—નિવર્તું છું. **ચઉહિંસન્નાહિં**—ચાર પ્રકારની સંજ્ઞાથી (ઇચ્છા). **આહારસન્નાએ**—આહારની ઇચ્છા. **ભયસન્નાએ**—બ્હીક ભોગવવી. **મેહૂણસન્નાએ**—મૈથુનની ઇચ્છા. **પરિગ્ગહસન્નાએ**-દોલત વસ્ત્રાદિકની ઇચ્છા. **પડિક્કમામિ**—નિવર્તું છું. **ચઉહિંવિકહાએહિં**—ચાર પ્રકારની વિકથાથી (પાપની કથા). **ઇત્થીકહાએ**—સ્ત્રીની કથા (રૂપાદિક સંબંધી). **ભત્તકહાએ**—ભોજનની કથા (સારૂં નરસું કહ્યા કરવું). **દેશકહાએ**—દેશની કથાને વિષે (સારૂં નરસુ કહેવું તે). **રાયકહાએ**—રાજાવિષે (સારૂં નરસું કહેવું). **પડિક્કમામિ**—નિવર્તું છું. **ચઉહિંઝાણેહિં**—ચાર પ્રકારનાં ધ્યાનથી. **અટ્ટેણંઝાણેણું**—આર્તધ્યાન (વિષયકષાય સંબંધી ધ્યાન ધરવાથી). **રૂદ્દેણંઝાણેણું** રૌદ્રધ્યાન (હિંસાદિકનું ધ્યાન ધરવાથી). **ધમ્મેણંઝાણેણું**—ધર્મસંબંધી ધ્યાન (ન ધરવાથી). **સુક્કેણંઝાણેણું**—શુકલધ્યાન (નિર્મળા ધ્યાન ન ધરવાથી) **પડિક્કમામિ**—નિવર્તું છું. **પંચહિંકિરિયાહિં**—પાંચ પ્રકારની ક્રિયા લાગે છે તેથી (કર્મ લાગે છે). **કાઇયાએ**—કાયાએ કરી (અજતનાએ વરતવાથી). **અહિગરણિયાએ**—અધિકરણથી (હથિયારથી) **પાઉસીયાએ**—બીજા ઉપર દ્વેષ રાખવાથી.

પારિતાવણિયાએ–બીજાને પરિતાપ ઉપજાવવાથી. **પાણાઇવાયકિરિયાએ**–જીવહિંસા કરવાથી. **પડિક્કમામિ**–નિવર્તું છું. **પંચહિંકામગુણેહિં**–પાંચ પ્રકારના કામ વધવાના ગુણથી.. **સદ્દેણં**—શબ્દથી વિષયી ગીત ગાન સાંભળવાથી. **રૂવેણં**—રૂપ નિરખવાથી. **રસેણં**—રસથી, સ્વાદ લેવાથી. **ગંધેણં**—ગંધેથી, સુગંધીઓથી. **ફાસેણં**—સ્પર્શથી–સારા સારા સ્પર્શ અંગીકાર કરવાથી. **પડિક્કમામિ**—નિવર્તું છું. **પંચહિંમહુવ્વએહિં**—પાંચ મહાવ્રતને વિષે દોષ લાગવાથી. **પાણાઇવાયાઓવેરમણં**—હિંસા કરવાથી નિવર્તું છું. **મુસાવાયાઓવેરમણં**—સર્વથા જુઠું બોલવાથી નિવર્તું છું. **અદિન્નાદાણાઓવેરમણં**—અણદીધેલું લેવાથી સર્વથા નિવર્તું છું. **મેહૂણાઓવેરમણં**–મૈથુન થકી નિવર્તું છું. **પરિગ્ગહાઓવેરમણં**—દોલત રાખવાથી નિવર્તું છું. **પડિક્કમામિ**—નિવર્તું છું. (પ્રાયશ્ચિત લઉં છું). **પંચહિંસુમિએહિં**—પાંચ પ્રકારની સુમતિને વિષે દોષ લાગ્યો હોય તેથી. **ઇરિયાસુમિએ**—રસ્તે ચાલતાં જોઈને ચાલવું તે સુમતિ. **ભાસાસુમિએ**–બોલતાં દોષ ન લાગે તેવું બોલવું તે સુમતિ. **એસણાસુમિએ**–દોષ રહિત આહાર લેવો તે સુમતિ. **આયાણભંડમત્તનિક્ખેવણાસુમિએ**—પાતરાં, વસ્ત્રને જતનાએ લેવાં મુકવાં તે સુમતિ. **ઉચ્ચાર, પાસવણ, ખેલસંઘાણ, જલ, પારિઠ્ઠાવણિયાસુમિએ**—ઝાડો, પેશાબ, બળખો, લીટ, મેલને પરઠવવું એટલે બળવીને નાંખવું તે સુમતિ. **પડિક્કમામિ**—નિવર્તું છું. **છહિંજીવનીકાએહિં**—૭ પ્રકારના જીવની જાતને વિષે દોષ લાગ્યા હોય તેથી. **પુઢવીકાએણં**—પૃથ્વીની જાત. **આઉકાએણં**—અપકાય. **તેઉકાએણં**—અગ્નિકાય. **વાઉકાએણં**—વાયુકાય. **વણસ્સઇકાએણં**–વનસ્પતિની કાયા. **તસ્સકાએણં**—ત્રસકાય. બેઇન્દ્રિથી પંચેન્દ્રિ સુધીના જીવ. **પડિક્કમામિ**–નિવર્તું છું. **છહિંલેસાહિં**—૭ પ્રકારની લેશ્યા એટલે જીવનાં પરિણામ (મન). **કિન્હલેસાએ**—કૃષ્ણલેશ્યા. અત્યંત હિંસા કરવાનું મન. **નીલલેસાએ**—નીલ લેશ્યા–ક્રોધ દ્વેષ આદિ દુરાચાર કરવાનું મન. **કાઉલેસાએ**—વાંકા કાર્ય કરવાં. સરલપણારહિત, પોતાના દોષ ઢાંકવા, મિથ્યાત્વ તથા અનર્થપણું તે. **તેઉલેસાએ**–તેજુ લેશ્યા–કપટરહિત, વિનિત, દૃઢધર્મિ, મોક્ષનો અર્થી એવા ગુણ હોય તે. **પઉમલેસાએ**–પદ્મ લેશ્યા-ક્રોધ, માન, કપટ આદિને પાતળાં કરી નાંખ્યાં છે, તથા આત્માને દમ્યો છે, મન, વચન, કાયાને જીત્યાં છે, એવા ગુણ હોય તે. **સુક્કલેસાએ**—શુકલ લેશ્યા. ધર્મ ધ્યાન, શુકલ ધ્યાન ધ્યાય, રાગ દ્વેષ જીત્યા છે જેણે તથા સુમતિ, ગુપ્તિસહિત એવા ગુણ હોય તે.

પડિક્કમામિ—નિવર્તું છું. **સતહિંભયઠાણેહિં**—સાત પ્રકારના ભયના ઠેકાણાથી. ૧ લોકભય. ૨ પરલોકભય. ૩ ધનભય ૪. અકસ્માતભય. ૫ આજીવિકા ભય. ૬ મરણભય. ૭ અપજશભય. **પડિક્કમામિ**—નિવર્તું છું. **અઠહિંમયઠાણેહિં**—આઠ પ્રકારના મદનાં ઠેકાણાં ૧ જાતિ ૨ કુળ. ૩ બળ. ૪ રૂપ. ૫ તપ. ૬ લાભ. ૭ સૂત્ર. ૮ મોટાઈ. **નવહિંબંભ ચેરગુત્તિહિં**—નવ પ્રકારનું બ્રહ્મચર્ય, (સાધુની ગુપ્તિ) ૧ સ્ત્રી, પશુ, નપુંસકરહિત ઠેકાણામાં રહેવું. ૨ સ્ત્રી સાથે એકાંતે વાત કરવી નહિ. ૩ સ્ત્રીને આસને બેસવું નહિ. ૪ સ્ત્રીનું રૂપ નિરખવું નહિ. ૫ સ્ત્રી રહેતી હોય ત્યાં ભીંતને આંતરે રહેવું નહિ. ૬ પૂર્વની ક્રીડા સંભારવી નહિ. ૭ પુષ્કળ ઘી સહિત સરસ આહાર જમવો નહિ. ૮ અતિ આહાર કરવો નહિ. ૯ યુવા ચંદન આદિ વિલેપન કરી શરીરને શોભાવવું નહિ. **દસવિહેસમણધમ્મે**—દશ પ્રકારનો સાધુનો ધર્મ. ૧ ક્ષમા, ૨ નિર્લોભપણું, ૩ કપટરહિતપણું, ૪ માનરહિતપણું, ૫ બાર પ્રકારનું તપ કરવું, ૬ સંજમપાળવો. ૭ સત્ય બોલવું, ૮ નિર્મળપણું. ૯ ધનરહિતપણું, ૧૦ બ્રહ્મચર્યવ્રત. **ઇકારસહિંઉવાસગપડિમાહિં**—અગીયાર પ્રકારની શ્રાવકની પ્રતિમા (તપની જાત), ૧ દંસણ પ્રતિમા—એટલે સમકિત ચોખું રાખવું. ૨ વ્રત પ્રતિમા એટલે બારે વ્રત નિર્દોષ પાળવાં. ૩ સામાયક પ્રતિમા—દરરોજ બે વખત સામાયક કરવું. ૪ પોસહ પ્રતિમા એક મહિનામાં બે પોષા કરે. ૫ પોષો કરવો તેમાં બને તો આખી રાત અથવા બે પહોર સુધી કાઉસગ્ગ કરવો. ૬ છઠ્ઠી પ્રતિમા—પોષાને બીજે દિવસે પણ બ્રહ્મચર્ય પાળવું. ૭ સાતમી સચિત્ત પરિહાર પ્રતિમા-સચિત આહાર ન કરવો, સાત માસ સુધી. ૮ અણારંભ પ્રતિમા—આરંભ—પાપ લાગે એવું કામ આઠ માસ સુધી કરે નહિ. ૯ પેષારંભ વિવજ્જણ પ્રતિમા—દાસ વગેરે આગળ પણ આરંભનું કામ ન કરાવે નવ માસ સુધી. ૧૦ ઉદ્દિષ્ટકૃત પ્રતિમા-પોતા સારૂં કરેલાં આહાર પાણી ન લીએ પણ નિર્દોષ હોય તે જ લીએ, દશ માસ સુધી. ૧૧ શ્રમણભૂત પ્રતિમા—સાધુનો વેષ ધારણ કરી તે પ્રમાણે વર્તે ને કોઈ વંદણા કરે તો કહે કે હું સાધુ નથી પણ સાધુની ક્રિયા સર્વ પાળે. અગીયાર માસ સુધી. ઉપર મુજબ અગીયાર પ્રતિમા, તે પહેલી એક માસથી છેલી અગીયારમી અગીયાર માસ સુધી પાળવાની છે (આગળ શ્રાવક તે મુજબ કરતા હતા). **બારસહિંભિખુપડિમાહિં**—બાર પ્રકારની સાધુની પ્રતિજ્ઞાના નિયમ એટલે જે સાધુ એકલો વિચરી પ્રતિમા કરવા ચાહે તે આ પ્રમાણે કરે. ૧ પ્રતિમા— તે રોજ એક વખત એકજ

ઘેર આહારની એક દાંત એટલે એકધાર તથા પાણીની એક દાંત લેવી ને તેથી નિર્વાહ કરવો. બીજા ત્રીજા ચોથા–પાંચમા–છઠ્ઠા અને સાતમા મહીનામાં રોજ બે, ત્રણ, ચાર, પાંચ, ૭ અને સાત દાંત ઉપરાંત લેવું નહિ. એવો નિયમ તે સાત પ્રતિમા થઈ. ૮ સાત દિવસ સુધી એકાંતરા ઉપવાસ કરે અને ઉત્કૃષ્ટ આસન એટલે કઠણ આસને બેશે. ૯ સાત દિવસ એકાંતરા ઉપવાસ કરે પણ દંડાસને બેશે. ૧૦ નવમી મુજબ પણ ગોદોહિક એટલે જેમ ગાયને દોહોવા બેશે એવી રીતે બેશી રહે ૧૧ એક રાત દિવસની પ્રતિમા તે અગાઉથી બે ઉપવાસ કરી તે જ દિવસ ને રાત ગામબહાર કાઉસ્સગ કરે. ૧૨ એક રાતની પ્રતિમા તે પહેલાં ત્રણ ઉપવાસ કરી ત્રીજે દિવસે રાત વનમાં એક ચિત્તે રહીને ઉપસર્ગ આવે તે સહે. **તેરસહિંકિરિયાઠાણેહિં**–તેર પ્રકારની ક્રિયા એટલે કર્મ બાંધવાનાં ઠેકાણાં. ૧ કામ સારૂ આરંભ કરવો. ૨ વગર કામે આરંભ કરવો. ૩ જીવઘાત કરવા સારૂ કાંઈ હિંસા કરે. ૪ અકસ્માત કિરીયા–તે જેમ કે હરણને તીર મારતાં માણસને વાગે ને તેનો જીવ જાય. ૫ મિતદ્વેષ ક્રિયા–તે મિત્રને વેરો કરી માને તથા અચોરને ચોર ગણી હણે. ૬ મુસાવાઈ ક્રિયા–તે જુઠું બોલવાથી લાગે છે. ૭ અદીનાદાણ ક્રિયા–અણદીધું લેવાથી લાગે તે. ૮ અનથ ક્રિયા–વગર કારણે આર્તરૌદ્ર ધ્યાન ધરવું. ૯ માનવતીય ક્રિયા–અહંકાર કરવાથી લાગે તે. ૧૦ અમીત ક્રિયા–તે પુત્ર, સેવક આદિને થોડે અપરાધે ઘણો દંડ કરે તે. ૧૧ માયા કપટ કરવું તે ક્રિયા. ૧૨ લોભવત્તિયા ક્રિયા તે લોભ કરવો તે. ૧૩ ઇરીયા વહીયા ક્રિયા–મારગે અજતનાએ ચાલતાં ક્રિયા લાગે તે. **ચઉદ્દસહિંભુયગામેહિં**—ચઉદ પ્રકારના જીવના જથ્થા–સૂક્ષ્મ એકેંદ્રિ, બાદર એકેંદ્રિ, બેઇંદ્રિ તેઇંદ્રિ, ચૌરિંદ્રિ, અસંજ્ઞી પંચેંદ્રિ, સંજ્ઞી પંચેંદ્રિ એ સાત જાતના જીવના અપર્યાપ્તા ને પર્યાપ્તા. એ ચઉદ જાતના જીવ. પર્યાય ૭ છે તે–૧ આહાર, ૨ શરીર, ૩ ઇંદ્રિ, ૪ શ્વાસોશ્વાસ, ૫ ભાષા, ૬ મન, તે જે જીવને જેટલી પર્યાય બાંધવી હોય તે ઉપન્યા પછી પૂરી બાંધી રહ્યો નથી ત્યાં સુધી તે અપર્યાપ્ત કહેવાય ને પછી પર્યાપ્ત કહેવાય. એ સાત જાતિના જીવના બે બે ભાગ કર્યા તેનું કારણ એજ કે, અપર્યાપ્તપણે પણ જીવ મરી જાય છે. **પન્નરસહિંપરમાહુમ્મીએહિં**—પંદર પ્રકારના પરમાધામી એટલે અધર્મીદેવતા તેનાં નામ–૧ અંબ. ૨ અંબરિસ, ૩ શ્યામ, ૪ સબળ, ૫ રૂદ્ર, ૬ મહારૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિપત્ર. ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ ૧૨ વાલુ, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર ને ૧૫ મહાઘોષ. **સોલસહિંગાહાસોલસ-**

એહિં–સુયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનાં સોળ અધ્યયન છે. **સત્તરસવિહેઅસંજમેહિં**–સત્તર ભેદે અસંયમ–૧ પૃથ્વી, ૨ પાણી, ૩ અગ્નિ, ૪ વાયુ, ૫ વનસ્પતિ. ૬ બેઇંદ્રિ, ૭ તેઇંદ્રિ, ૮ ચોરેંદ્રિ, ૯ પંચેંદ્રિ એ નવને હણવા તે અસંજમ તથા, ૧૦ અજીવ તે પુસ્તકાદિકને અવધિએ વાપરે તે ૧૧ (પેહા) જોયા વગર જમીન પર બેસે, ૧૨ (ઉપેહા) સંજમને વિષે લાગેલા સાધુને મદદ કરે નહિ. ૧૩ (અપમજણા) પાત્રાદિકને બરાબર પોંજે નહિ, ૧૪ (પરીઠવણ) પાત્રાદિકને અવિધિએ પરઠવે, ૧૫ મન, ૧૬ વચન, ૧૭ કાયા તેને અયોગ્ય રીતે વરતાવે. **અટ્ઠારસવિહેઅબંભેહિં**—અઢાર પ્રકારનું અબ્રહ્મચર્ય–ઉદારિક મનુષ્ય ને તિર્યંચની સાથે વિષય સેવવો, સેવરાવવો અને સેવતા પ્રત્યે રૂડું જાણવું એ ત્રણ; તે મને કરી, વચને કરી ને કાયાએ કરી એટલે નવ; તેમજ વૈક્રિય શરીર સંબંધી નવ ભેદ એટલે કુલ અઢાર. **એગુણવિસાએનાયઝયણેહિં**—શ્રી જ્ઞાતા ધર્મકથા સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનાં ઓગણીશ અધ્યયન છે. **વિસાએઅસમાહિઠાણેહિં**—વીશ પ્રકારનાં અસમાધિનાં ઠેકાણાં (મોક્ષ માર્ગને વિષે એકાંત ચિત્તની સ્થિરતાથકી વિપરીતપણે વરતે તે અસમાધિ). ૧ ઉતાવળો ઉતાવળો ચાલે, ૨ વગર પુંજે ચાલે, ૩ જેમ તેમ પોંજીને ચાલે, ૪ ઘણા પાટપાટલા ભોગવે, ૫ ગુરૂના સામું બોલે, ૬ સાધુની ઘાત ચિંતવે, ૭ પ્રાણીની ઘાત ચિંતવે, ૮ ક્રોધ કરે. ૯ પારકું વાંકું બોલે; ૧૦ પૂરી ખબર વિના નિશ્ચયકારી ભાષા બોલે, ૧૧ કલેશ કરે, ૧૨ બીજાને કલેશ ઉપજાવે ૧૩ અકાળે સઝાય કરે, ૧૪ બહારથી આવ્યા પછી હાથ પગ પોંજ્યા વગર બેસે, ૧૫ પોહોર રાત્રિ ગયા પછી ઉતાવળો બોલે, ૧૬ માંહોમાંહે કજીયા કરે, ૧૭ ગચ્છ ભેદ કરે એટલે તડાં પડાવે, ૧૮ પોતે તપે અને બીજાને તપાવે ૧૯ ઘણું ખા ખા કરે, ૨૦ જોઈને કામ કરવું તેમાં સાવચેતી ન રાખે. **એગવીસાએસબલેહિં**—એકવીશ પ્રકારના સબળા દોષ કે જેથી ચારિત્રને હાનિ પહોંચે તે. ૧ હસ્તકર્મ કરે તો સબળો દોષ લાગે. ૨ મૈથુન સેવે તો સબળો દોષ લાગે, ૩ રાત્રિ ભોજન કરે તો, ૪ દોષ સહિત આહાર જમે તો, ૫ રાયપિંડ આહાર ભોગવે (મ્હોટા રાજાને વાસ્તે કીધેલો આહાર જેથી ઘણું સામર્થ્ય ઉપજે તેવો), ૬ વેચાતી લઈ આપેલી વસ્તુ લે તો, ૭ ઉછીની લઈ આપે તેવી વસ્તુ લે તો, ૮ દીક્ષા લઈને છમહીનાની અંદર બીજા ટોળામાં જાય તો, ૯ એક મહીનામાં ત્રણ નદી નાળામાં પગ મેલે તો, ૧૦ એક મહીનામાં ૩ વાર કપટ કરે તો. ૧૧ વારંવાર બંધી ભાંગે તો. ૧૨ પોતાની કાયાએ કરી

જીવની હિંસા કરે તો. ૧૩ જાણીને જુઠું બોલે તો, ૧૪ જાણીને ચોરી કરે તો, ૧૫ સચિત પૃથ્વી ઉપર બેસે તો. ૧૬ સચિત માટી તથા પાણી ભેળાં કર્યાં હોય તે ઉપર બેસે સુવે તો, ૧૭ શય્યા પાટ પાટલા ઘણાં ભોગવે તો. ૧૮ સચિત કંદ મૂળનો આહાર ભોગવે તો, ૧૯ એક વરસમાં દશ નદી નાળાં પગેથી ઉતરે તો. ૨૦ એક વરસમાં દશ વાર કપટ કરે તો, ૨૧ સચિતે કરી હાથ કે વાસણ ખરડ્યાં હોય તેવા પાસેથી આહાર લે તો સબળો દોષ લાગે. **બાવીસાએપરિસહેહિં**—બાવીસ પ્રકારના પરિષહ એટલે ઉપદ્રવ—૧ ક્ષુધાનો, ૨ તૃષાનો, ૩ ટાઢનો, ૪ તાપનો, ૫ દંશમંશનો, ૬ અચેલનો, ૭ અરતિ (સંજમને વિષે અરતિ લાગે ને સંસારને વિષે રતિ લાગે તે ન લાગવા દેવી). ૮ સ્ત્રીનો, ૯ ચર્યાનો (ચાલવાનો.) ૧૦ બેસવાનો (એક સ્થાનકે બેસી રહેવું પડે), ૧૧ સેજાનો (સ્થાનક વગેરે બરોબર ન મળે,) ૧૨ આક્રોશ વચનનો, ૧૩ વધનો, ૧૪ જાચવાનો, ૧૫ અલાભનો, ૧૬ રોગનો, ૧૭ તૃણ સ્પર્શનો, ૧૮ મેલનો, ૧૯ સત્કારપુરસ્કાર (આદરમાન ન મળે,) ૨૦ પ્રજ્ઞાનો (જાણપણું મેળવવાનો,) ૨૧ અજ્ઞાનનો, ૨૨ દંસણનો, **તેવીસાએસુયગડજ્ઝયણેહિં**—શ્રી સુયગડાંગ સૂત્રના પહેલા બીજા શ્રુતસ્કંધનાં મળીને ત્રેવીશ અધ્યયન છે. **ચઉવીસાએદેવેહિં**—ચોવીશ જાતના દેવતા—૧૦ ભવનપતિ, ૮ વાણવ્યંતર, ૫ જ્યોતિષી ને ૧ વૈમાનિક (કુલ ચોવીશ) તથા ચોવીશ તીર્થંકર દેવ છે. **પણવીસાએભાવણાહિં**—પચ્ચીશ પ્રકારની ભાવના—પાંચ મહાવ્રત—તેમાં. દરેકની પાંચ પાંચ ભાવના એટલે કુલ પચ્ચીશ તે કહે છે પહેલા મહાવ્રતની ૧ ઇર્યા ભાવના (જોઈને ચાલવું) ૨ મન ભાવના (સંજમને વિષે શુદ્ધ મન.) ૩ વચન ભાવના, ૪ એષણા ભાવના (નિર્દોષ આહાર પાણી લેવો,) ૫, નિક્ષેવણા ભાવના (પાત્રાદિક જતનાએ મુકવાં,) બીજા મહાવ્રતની પાંચ ભાવના—૧ ભાષા વિચારીને બોલે, ૨ હાંસી ન કરે, ૩ ક્રોધ ન કરે, ૪ લોભ ન કરે, ૫ ભય ન કરે. ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના—જે જગાએ રહેવું હોય તેના ધણી અથવા તેની તરફના માણસની રજા લઇ તેમાં રહેવું. ૨ તે મહિની વસ્તુ રજા લીધા વિના ભોગવવી નહિ, ૩ સ્થાનક સમારવું નહિ ૪ સ્વધર્મિ સાથે સંવિભાગ કરી વસ્તુ ભોગવવી, ૫ પોતાથી મ્હોટા હોય તેનો વિનય કરવો. ચોથા મહાવ્રતની પાંચ ભાવના—૧ સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનક ભોગવવું, ૨ સ્ત્રીની કથા વાર્તા કરવી નહિ, ૩ પૂર્વના કામ ભોગ સંભારવા નહિ. ૪ સરસ આહાર કરવો નહિ, ૫ સ્ત્રીને આસને બેસવું નહિ. પાંચમા

મહાવ્રતની પાંચ ભાવના–૧ શ્રોત્રેંદ્રિ વશ કરવી, ૨ ચક્ષુ ઇંદ્રિ વશ કરવી, ૩ ઘ્રાણ ઇંદ્રિ વશ કરવી, ૪ રસ ઇંદ્રિ વશ કરવી, ૫ સ્પર્શ ઇંદ્રિ વશ કરવી. એ કુલ પચ્ચીશ ભાવના. **છવ્વીસાએદસાકપ્પવવહારેણુદ્દેસણકાલેણ**—છવ્વીશ ઉદ્દેશા તેમાં દશાશ્રુતસ્કંધના ૧૦, બૃહત્કલ્પના ૬, વ્યવહાર સૂત્રના ૧૦, એ કુલ ૨૬ ઉદ્દેશા તે સરખ્યા તથા પાળ્યા ન હોય **સત્તાવીસાએઅણગારગુણેહિં**—સત્તાવીશ પ્રકારે સાધુના ગુણ છે–૧ પ્રાણા તિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ એ પાંચ મહાવ્રત પાળે, ૬ પૃથ્વી, ૭ પાણી, ૮ અગ્નિ, ૯ વાયુ. ૧૦ વનસ્પતિ અને ૧૧ ત્રસ જીવની હિંસા ન કરે, ૧૨ રાત્રિભોજન ન કરે, ૧૩ શ્રોત્રેંદ્રિ, ૧૪ ચક્ષુ ઇંદ્રિ, ૧૫ ઘ્રાણઇંદ્રિ, ૧૬ રસેંદ્રિ, ૧૭ સ્પર્શેન્દ્રિને વશ કરે, ૧૮ લોભ જીતે, ૧૯ ક્ષમાવંત, ૨૦ ભાવવિશુદ્ધ, ૨૧ ક્રિયા વિશુદ્ધ, ૨૨ સંજમમાં ચિત્ત, ૨૩ મન, ૨૪ વચન, ૨૫ કાયાને ગોપાવનાર, ૨૬ બાવીશ પરિષહના સહન કરનાર, ૨૭ મરણથી ડરે નહિ. **અટ્ઠાવીસાએઆયારપ્પકપ્પેહિં**—અઠ્ઠાવીશ સાધુના આચાર છે તેમાંનાં પચ્ચીશ અધ્યયન આચારાંગ સૂત્રમાં છે તથા ત્રણ અધ્યયન નીસિય સૂત્રમાં છે. **એગુણતીસાએપાવસુયપસંગેહિં**—ઓગણત્રીશ પ્રકારનાં પાપ સૂત્ર છે–૧ વ્યંતરદેવ કૃત હાસ્યાદિકનો ગ્રંથ, ૨ ઋષિરાદિક વરસે તેનો ગ્રંથ ૩ ગ્રહના ચાળાનાં ફળ લખ્યાં હોય તે, ૪ ધરતીકંપના ફળનું જ્ઞાન બતાવે તે, ૫ શરીરનાં લક્ષણ સંબંધી ગ્રંથ, ૬ મસા, તિલકાદિના જ્ઞાનસંબંધી ગ્રંથ, ૭ હાથ પગની રેખા પ્રમુખનું જ્ઞાન બતાવે તે, ૮ સ્વરના લક્ષણ સંબંધી ગ્રંથ એ આઠ મૂળ તેના વૃતિ, વારતિ; એક એકના ત્રણ ત્રણ ભેદ થાય છે એટલે કુલ ૨૪, ૨૫ ગાંધર્વ, ૨૬ નાટક, ૨૭ વાસ્તુવિદ્યાનાં શાસ્ત્ર, ૨૮ આયુર્વેદ ૨૯ ધનુર્વેદ એ ઓગણત્રીશ પાપસૂત્ર **તીસાએમહામોહણીઠાણેહિં**—ત્રીશ પ્રકારનાં મહામોહનીનાં ઠેકાણાં છે. (મહામોહની કર્મ બાંધવાથી જીવ સંસારમાં રઝળે છે.) તે મોહની ત્રીશ પ્રકારથી બંધે તે કહે છે–૧ ત્રસજીવને પાણીમાં બોળી મારે, ૨ બાળકાદિકને મોઢે મુંગો દઈ મારે, ૩ બાળક વગેરેને આળાં ચર્મ વીંટીને મારે, ૪ મુદ્ગળ પ્રમુખ માથામાં મારે, ૫ પરોપકારી જે ઘણા જીવને આધારભૂત હોય તેને મારે, ૬ મોટા રાજાને હણે, ૭ છતી શક્તિએ કંગાળ લોકની સંભાળ ન રાખે, ૮ જે સાધુ શુદ્ધ ધર્મમાર્ગને વિષે લાગેલો હોય તેને તેથી બળાત્કારે ભ્રષ્ટ કરે. ૯ જિનધર્મનું વાંકું બોલે, ૧૦ જ્ઞાનાદિ મદે કરી આચાર્ય વગેરેને માઠા દે, ૧૧ શુદ્ધ સાધુને આહાર પાણી ન આપે, ૧૨ ઘણાં હથિયારો

એકઠાં કરે. ૧૩ જ્ઞાનનો માર્ગ ન પાળે, ૧૪ અધર્મી–પ્રયોગ એટલે મંત્ર જંત્ર આદિકની સાધના કરે, ૧૫ ચારિત્ર લીધા પછી વિષયની વાંછના કરે, ૧૬ પોતે વિદ્વાન ન હોય ને હું બહુ વિદ્વાન છું એમ ડોળ બતાવે. ૧૭ તપસ્વી ન હોય ને કહે કે હું તપસ્વી છું, ૧૮ ઘરમાં ઘાલી ક્રોધને અગ્નિએ બાળે તથા ધુમાડાથી ગુંગળાવે. ૧૯ પોતે પાપ કરી બીજાને માથે નાખે, ૨૦ કોઈનું રહસ્ય કામ ભર સભામાં કહી દે, ૨૧ હમેશાં ક્રોધ તથા કલેશ કરે. ૨૨ વિશ્વાસઘાત કરે, ૨૩ કોઈ પુરૂષથી પ્રીતિ લગાડી તેની સ્ત્રીને ભોળવે, ૨૪ પોતે કુંવારો નથી ને કુંવારો કહે. ૨૫ જેણે પોતાને ધન આદિકે વધાર્યો તેનું માઠું ચિંતવે, ૨૬ બ્રહ્મચારી ન હોય ને કહે કે હું બ્રહ્મચારી છું. ૨૭ જેને પ્રતાપે લોકમાં પ્રસિદ્ધ થયો હોય, મહત્ત્વ પામ્યો હોય તેને હાનિ કરે, ૨૮ દેશની જેને શિર ચિંતા છે તેને હણે, ૨૯ કાંઈ દેખતો ન હોય તો પણ કપટે કરી કહે કે હું જ્ઞાનમાં દેવતાદિકને પ્રત્યક્ષ દેખું છું, ૩૦ દેવને અવગણે કે દેવ આવો કેવો કે મને કાંઇ આપે નહિ. એ ત્રીસ પ્રકારનું કામ કરે તો મહામોહની કર્મ બાંધે. **એગતિસાએસિદ્ધાઈગુણેહિં**—એકત્રીશ સિદ્ધ ભગવાનના ગુણ કહે છે– પાંચ સંઠાણ–૧ પરિમંડળ, ૨ વાટલો (નક્કર ગોળ.) ૩ ત્રીકોણ ૪ ચોખુણ, ૫ લાંબુ. પાંચ વર્ણ—૬ કાળો, ૭ લીલો, ૮ રાતો, ૯ પીળો, ૧૦ ધોળો, પાંચ રસ ૧૧ ખાટો, ૧૨ મીઠો, ૧૩ કડવો, ૧૪ કસાયલો, ૧૫ તીખો. બે ગંધ–૧૬ સુગંધ, ૧૭ દુર્ગંધ. આઠ સ્પર્શ—૧૮ ખરખરો, ૧૯ સુંવાળો, ૨૦ ઉનો, ૨૧ ટાઢો, ૨૨ હળવો, ૨૩ ભારે, ૨૪ લુખો, ૨૫ ચોપડયો. ત્રણ વેદ—૨૬ સ્ત્રી, ૨૭ પુરૂષ ૨૮ નપુંસક, એમાંનું સિદ્ધને કાંઈ નથી તથા ૨૯ અશરીરપણું, ૩૦ અસંગપણું છે, ૩૧ જ્ઞાનાવરણી આદિ આઠ કર્મ ખપાવ્યાં છે. તે કુલ એકત્રીશ સિદ્ધના ગુણ. **બત્તીસાએજોગસંગેહેહિં**—બત્રીશ પ્રકારના જોગનો સંગ્રહ કરવો તે કહે છે– ૧ શિષ્ય આચાર્ય જેવો થાય તેને માટે તેને જ્ઞાન દેવું, ૨ પોતાનું આચાર્યપણું (જ્ઞાન) તે બીજા આગળ પ્રકાશ કરવું, ૩ કઠણ વખતે પણ ધર્મની દૃઢતા મુકે નહિ. ૪ આ લોક પરલોકને વિષે ફળની ઈચ્છા રહિત તપ કરે, ૫ શિક્ષા મળી તે પ્રમાણે વર્તવું ને નવી ગ્રહણ કરતાં જવું. ૬ મમતા ન કરે, ૭ છાનું તપ કરે, ૮ નિર્લોભપણું રાખે, ૯ પરિસહ [ઉપસર્ગ] જીતે, ૧૦ સરસ ચિત્ત રાખે, ૧૧ શુદ્ધ સંજમ પાળે, ૧૨ સમકિત શુદ્ધ રાખે, ૧૩ ચિત્તની સમાધિ રાખે, ૧૪ કપટ રહિત આચાર પાળે, ૧૫ વિનય બરાબર કરે, ૧૬ સંતોષીપણું, ૧૭ વૈરાગીપણું, ૧૮ કપટ રહિતપણું,

૧૯ શુધ્ધ કરણી, ૨૦ સંવર ધરે, [પાપને રોકે], ૨૧ પોતાના દોષ ટાળે, ૨૨ સર્વ વિષયથી વિરક્ત હોય, ૨૩ મૂળ ગુણ પચખાણ [પહેલાં પાંચ] મહાવ્રત પાળે, ૨૪ ઉત્તરગુણ પચખાણ [એ સિવાયનાં વ્રત પાળે]. ૨૫ ભાવસહિત કાઉસગ કરે, ૨૬ પ્રમાદ રહિત વરતે, ૨૭ હમેશાં ચારિત્રને વિષે સાવધાન રહે ૨૮ ધ્યાન ધરે, ૨૯ મરણાંત દુઃખ પડયેથી પણ ભય ન પામે, ૩૦ સ્ત્રી આદિના સંગને છાંડે, ૩૧ પ્રાયશ્ચિત લે [વિશુદ્ધિ કરે]. ૩૨ મરણકાળે આરાધના કરે, **તેત્તીસાએઆસાયણાએ**—તેત્રીશ પ્રકારની ગુરૂની અસાતના તે અવિનયને ટાળવો–૧ ગુરૂની આગળ આગળ ચાલે તો અવિનય કર્યો, ૨ ગુરૂની જોડાજોડ ચાલે, ૩ ગુરૂને ભરાઈને ચાલે, ૪ ગુરૂને પુંઠ દઈ ઉભો રહે, ૫ ગુરૂની જોડાજોડ ઉભો રહે, ૬ ગુરૂની પુંઠે અડીને ઉભો રહે, ૭ ગુરૂની આગળ બેસે, ૮ ગુરૂની જોડાજોડ બેસે, ૯ ગુરૂને અડીને બેસે, ૧૦ ગુરૂ પહેલાં આચમન લીએ, ૧૧ ગુરૂની સાથે દિશાએ ગયો હોય અને આવ્યા પછી તે પહેલાં ઈરિયાવહી પડિકમે, ૧૨ કોઈ માણસને ગુરૂ બોલાવવા ચાહે છે તે અગાઉ પોતે તે માણસ સાથે વાત કરવા મંડી જાય ૧૩ પોતે સુતો હોય ને જાણતો પણ હોય ને ગુરૂ સાદ કરે તો બોલે નહિ, ૧૪ પોતે આહાર પાણી લાવ્યો તે પહેલાં ગુરૂને દેખાડયા વિના બીજાને દેખાડે, ૧૫ પોતે આહાર પાણી લાવ્યો તે પહેલાં પોતાના શિષ્યને દેખાડે ને પછી પોતાના ગુરૂને દેખાડે, ૧૬ પોતે જે લાવ્યો છે તે પહેલાં પોતાના શિષ્યને દઈને પછી ગુરૂને દે, ૧૭ પોતાનો શિષ્ય આહાર પાણી લાવ્યો છે તે ગુરૂને પૂછ્યા વિના બીજાને આપે. ૧૮ ગુરૂઆદિ સાથે આહાર કરવા બેઠો ને પોતે ઉતાવળો ઉતાવળો સારૂં સારૂં ખાઈ જાય, ૧૯ ગુરૂ બોલાવે ને બોલે નહિ, ૨૦ ગુરૂએ બોલાવ્યા છતાં બેઠો બેઠો હોકારા કરે પણ આવીને જવાબ ન દે, ૨૧ ગુરૂ બોલાવે ત્યારે જોરથી બોલે કે શું કહો છો? ૨૨ ગુરૂ કામ કહે તો ઉલટું કહે કે તમે કરો, ૨૩ ગુરૂને આકરે વચને બોલાવે, ૨૪ ગુરૂને તિરસ્કારે બોલાવી વચન ન માને. ૨૫ ગુરૂ કથા કહે છે તેમાં આડું બોલે કે આમ કહો, ૨૬ ગુરૂ કથા કહે છે તેમાં કહે કે તમે શું ભુલી ગયા કે! ૨૭ ગુરૂ ધર્મકથા કહે તેમાં રાજી ન રહે, ૨૮ ગુરૂની ધર્મકથામાં ભેદ પાડે, ૨૯ ગુરૂ ધર્મકથા કહેતાં હોય તેમાં પોતે આડો પડી જુદું બતાવે, ૩૦ ગુરૂનું વાંકું બોલે, ૩૧ ગુરૂની પથારી ન કરી આપે. ૩૨ ગુરૂની પથારી ખુંદી નાખે, ૩૩ ગુરૂથી ઉંચે આસને બેસે, એ તેત્રીશ પ્રકારથી ચાલે તેથી ગુરૂનો અવિનય થાય માટે તેમ કરવું નહિ. **અરિહંતાણંઆસાયણાએ**–

અરિહંત દેવની અસાતના કરી હોય એટલે તેના વિષે કાંઈ ખોટું ચિંતવ્યું હોય તેનું નિવારણ કરૂં છું. **સિદ્ધાણંઆસાયણાએ**—સિધ્ધભગવાનની આસાતના કરી હોય, તે વિષે કાંઈ સંદેહ આણ્યો હોય **આયરિયાણંઆસાયણાએ**—આચાર્યજીની આસાતના કરી હોય **ઉવજ્ઝાયાણંઆસાયણાએ**—ઉપાધ્યાયની આસાતના કરી હોય. **સાહૂણંઆસાયણાએ**—સાધુની આસાતના કરી હોય. **સાહુણીણંઆસાયણાએ**—સાધ્વીની આસાતના કરી હોય. **સાવયાણંઆસાયણાએ**—શ્રાવકની આસાતના કરી હોય. **સાવિયાણંઆસાયણાએ**—શ્રાવિકાની આસાતના કરી હોય. **દેવાણંઆસાયણાએ**—ચાર જાતના દેવની શ્રદ્ધા ન આણી હોય. **દેવીણંઆસાયણાએ**—દેવતાની દેવીનું ભુંડું બોલી આસાતના કરી હોય **ઇહલોગસ્સઆસાયણાએ**—આ લોક જે મનુષ્ય તિર્યંચના ભવ તેની નાસ્તિ કહી આસાતના કરી હોય. **પરલોગસ્સઆસાયણાએ**—પરલોક જે દેવતા નારકીના ભવ તેની નાસ્તિ કહી આસાતના કરી હોય. **કેવલીણંઆસાયણાએ**—કેવળજ્ઞાનને વિષે શંકા આણી તેની આસાતના કરી હોય. **કેવલીપન્નતસ્સધમ્મસ્સઆસાયણાએ**—કેવળીના પ્રરૂપેલ ધર્મનું માઠું બોલી તેની આસાતના કરી હોય. **સદેવમણુઆસુરસ્સલોગસ્સઆસાયણાએ**—દેવતા અને મનુષ્ય સહિત જે લોક તેની શ્રદ્ધા ન આણી આસાતના કરી હોય. **સવ્વપાણુ, ભૂય, જીવ, સત્તાણંઆસાયણાએ**—જીવ જે પ્રાણ, શાશ્વતપણું તથા સત્તા સહિત છે તેની શ્રદ્ધા ન આણી આસાતના કરી હોય. **કાલસ્સઆસાયણાએ**—ત્રણ કાળ નથી એમ કહી આસાતના કરી હોય. **સુયસ્સઆસાયણાએ**—સૂત્ર સિદ્ધાંત વિષે શંકા લાવી આસાતના કરી હોય. **સુયદેવયાએઆસાયણાએ**—સૂત્રદેવ જે તીર્થંકર તેની આસાતના કરી હોય. **વાયણાયરિયસ્સઆસાયણાએ**—વાંચણી આપનાર આચાર્યની આસાતના કરી હોય **જંવાઇદ્ધં**—સૂત્ર આધાં પાછાં ભણ્યાં હોય. **વચ્ચામેલીયં**—ઉપયોગવિના વારંવાર સૂત્ર ભણ્યા-યેલ હોય. **હીણક્ખરં**—અક્ષર ઓછો બોલાણો હોય. **અચ્ચક્ખરં**—અક્ષર અધિક બોલાણો હોય. **પયહીણં**—પદ ઓછું બોલાણું હોય. **વિણયહીણં**—વિનયરહિત ભણ્યો હોય. **જોગહીણં**—ધ્યાન રાખ્યા વિના ભણ્યો હોય. **ઘોસહીણં**—શુદ્ધ ઉચ્ચાર વિના ભણ્યો હોય. **સુદુદિન્નં**—સારૂં જ્ઞાન અવિનીતને ભણાવ્યું હોય. **દુદ્ધુપડિચ્છીયં** પ્રમાદસહિત—આળસે ભણ્યો હોય. **અકાલેકએસઝાઓ**—કવખતે સઝાય કરી હોય. **કાલે ન કએસઝાઓ**—બરાબર વખતે સઝાય ન કરી હોય. **અસઝાઇએસઝાયં**—અસઝાયને

વખતે સઝાય કરી હોય **સઝાઇએ ન સઝાયં**—સઝાય કરવાનો બરાબર વખત છે તે વખતે સઝાય ન કરી હોય. **તસ્સમિચ્છામિદુક્કડં**—તે સર્વ ખોટું કીધેલું નિષ્ફળ થાજો.

આલોયણા—એક બોલથી માંડીને તેત્રીશ બોલ સુધી જે કાંઇ જાણવા જોગ જાણતા હશે, આદરવા જોગ આદરતા હશે, છાંડવા જોગ છાંડતા હશે, સફળ જન્મ જીવિત કરતાં હશે, મુક્તિગામી હલુકર્મી, સુલભ બોધી, ભવ્યજીવ, સમતાવંત, ધીરજવંત, લજ્જાવંત, ધ્યાનવંત, તેને ધન્ય છે, તેને સમય સમયની વંદણા હોજો. મારે જીવે આજના દિવસ સંબંધી જાણવા જોગ જાણ્યા ન હોય, આદરવા જોગ આદર્યા ન હોય, છાંડવા જોગ છાંડ્યા ન હોય, સમકિત સહિત બાર વ્રત, સંલેખણા સહિત નવાણું અતિચાર, પાંચ આચાર સંબંધી એકસો ને વીશ દોષ અતિચાર સંબંધી. ૧ દ્રવ્યે, ૨ પ્રમાદે, ૩ અણુભોગે, ૪ આતુરતાએ, ૫ આપદાએ, ૬ શંકાએ, ૭ સહસાકારે, ૮ ભયે, ૯ ઉપશમભાવે, ૧૦ વિષમભાવે. એ દશ પડિસેવણાએ દોષ લાગ્યા હોય તે, સમકાએણું, ફાસીયં, પાળીયં, તીરીયં, કીતિયં, સોહીયં, સામાઇયં, આરાહીયં, આણાએ અણુપાલીતા ભવઇ, મન, વચન, કાયાએ કરણ કોટી ભાંગે કરી, કરણ કરાવણ અનુમોદવે કરી, ખંડન કરાયો હોય, વિરાધના કરી હોય, દેશથી, સર્વથી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ભાવથી, વિરાધના કરી હોય, ઉત્સૂત્રે, ઉન્માર્ગે, અકલ્પે, અકરણીએ, દુષ્ટ ધ્યાને, દુષ્ટ ચિંતવણાએ, અણાચાર આચરવે, અણેષણીક ઇચ્છાએ, સંકલ્પ વિકલ્પ કીધો હોય, આરંભ સમારંભ કીધો હોય, હાસ્યે, ભયે, અજ્ઞાને, મિથ્યાત્વે, અવ્રતે, પ્રમાદે, કષાયે, અશુભ જોગે કરી, ગતિચપળ, મતિચપળ, દૃષ્ટિચપળ, ભાષાચપળ, ભાવચપળપણે અશુદ્ધ ભાવે કરી આપસ્થાપના, પરઉથાપના કરવે, બગ ધ્યાને, ગૃદ્ધિપણે, લોલુપતાપણે, દુષ્ટપણે, મૂઢપણે, મંજર બુદ્ધિએ, દંભ કદાગ્રણપણે, અવિનયપણે, અજોગપણે, કામબુદ્ધિ, વિષયવિકારપણે, આળસે, આકોટીએ, અણાકોટીએ, જાણપણે, અજાણપણે, જે કાંઇ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતા પ્રત્યે અણુમોદ્યા હોય, ને આલોવ્યા ન હોય, નિંદ્યા ન હોય, પડિક્કમ્યા ન હોય, વિશુદ્ધ કર્યા ન હોય, પ્રાયશ્ચિત લીધું ન હોય, ને નિવારણ સમી રીતે કર્યું ન હોય એવા અવિશુદ્ધ આત્મા, સપાપ જોગે કરી આત્માને અરિહંતની સાખે, ધર્માચાર્યની સાખે, સિદ્ધાંતપ્રવચનની સાખે, આત્માની સાખે, મિચ્છામિદુક્કડં.

પાંચમું સૂત્ર.

નમો—નમસ્કાર હોજો. **ચઉવીસાએ**—ચોવીશ. **તિત્થયરાણું**—તીર્થંકર દેવને. **ઉસભાઇમહાવીર**—ઋષભદેવ સ્વામીથી મહાવીર સ્વામી સુધી. **પજ્જવસણાણું**—સેવા ભક્તિ કરૂં છું. **ઇણમેવ**—એવા. **નિગ્ગંથં**—નિર્ગ્રંથ (ધન રહિત) નો. **પાવયણું**—પ્રરૂપેલ-બતાવેલ. **સચ્ચં**-સાચો. **અણુત્તરં**—સર્વથી ઉત્તમ. **કેવલીયં**—કેવળજ્ઞાનીનો કહેલ. **પડિપુન્નં**—પ્રતિપૂર્ણ-સંપૂર્ણ. **નેયાઉયં**—ન્યાયકારક. **સંસુદ્ધં**-બરાબર શુદ્ધ. **સલ્લકત્તણું**—શલ્ય-વહેમનો કાપનાર. **સિદ્ધિમગ્ગ**—એવો સિદ્ધ થવાનો માર્ગ. **મુત્તિમગ્ગં**—(મુક્તિ) કર્મથી મુકાવવાનો માર્ગ. **નિજ્જાણમગ્ગં**-કર્મનો છેડો આણવાનો માર્ગ. **નિવ્વાણમગ્ગં**—(નિર્વાણ) કર્મ નિવારીને શીતળ થવાનો માર્ગ. **અવીતહ**—એના વિષે. **અવિસંધી**-સંદેહ રાખવો નહિ. **સવ્વદુક્ખપહીણમગ્ગં**—સઘળાં દુઃખ મટાડવાનો માર્ગ છે. **ઇત્થંઠિયાજીવા**—એના વિષે રહેલા જીવ. **સીઝંતિ**—સિદ્ધ થશે. **બુઝંતિ**—બુઝશે, સર્વ જાણશે. **મુચ્ચંતિ**—કર્મથી મુકાશે. **પરિનિવાયંતિ**—કર્મ નિવારીને શીતળીભૂત થશે. **સવ્વદુખાણમંતકરંતિ**—સર્વ દુઃખનો અંત કરશે **તં**-તે. **ધમ્મં**—ધર્મ, **સદ્દહામિ**-શ્રધ્ધું છું. **પત્તિયામિ**—પ્રતીતિ આણું છું. **રોએમિ**-રૂચવું છું. **ફાસેમિ**—સ્પર્શ કરૂં છું-તે મુજબ ચાલું છું. **પાલેમિ**-પાળું છું-વર્તું છું. **અણુપાલેમિ**—વિશેષે પાળું છું. **તં**—તે. **ધમ્મં**-ધર્મ. **સદ્દહંતો** બીજાને શ્રદ્ધા લેવરાવતો. **પત્તિયંતો**—પળાવતો. **રોયંતો**—રૂચવતો. **ફાસંતો**-સ્પર્શ કરાવતો. **પાલંતો**-પળાવતો. **અણુપાલંતો**-વિશેષે પળાવતો. **તસ્સ**-તે. **ધમ્મસ્સ**—ધર્મ. **કેવલીપન્નત્તસ્સ**—કેવળીનો પ્રરૂપેલ તેને. **અબ્ભુઠ્ઠિઓમિઆરાહણાએ**-આરાધવાને હું ઉદ્યમવંત થયો છું-તત્પર થયો છું. **વિરઓમિ**—હું નિવર્તું છું. **વિરાહણાએ**—તેની વિરાધના કરવાથી. **અસંયમં**—અસંજમ-પાપ. **પરિયાણામી**—છાંડું છું. **સંયમં**-સંજમને. **ઉવસંપજ્જામિ** અંગીકાર કરૂં છું. **અબ્બંભં**—અબ્રહ્મચર્યને. **પરિયાણામિ** છાંડું છું. **બંભં**—બ્રહ્મચર્યને. **ઉવસંપજ્જામિ**—અંગીકાર કરૂં છું. **અકપ્પં**—લેવાનું અયોગ્ય તે. **પરિયાણામિ**—છાંડું છું. **કપ્પં**—લેવાનું યોગ્ય તે. **ઉવસંપજ્જામિ**—અંગીકાર કરૂં છું. **અન્નાણું**—અજ્ઞાન. **પરિયાણામિ**—છાંડું છું. **નાણું**—જ્ઞાન. **ઉવસંપજ્જામિ**—અંગીકાર કરૂં છું. **અકિરિયં**—અક્રિયા (ખોટી કરણી) **પરિયાણામિ**—છાંડું છું.

કિરિયં—સુકૃત. **ઉવસંપજ્જામિ**—અંગીકાર કરૂં છું. **મિચ્છત્તં**—મિથ્યાત્વને. **પરિયાણામિ**—છાંડું છું. **સમ્મત્તં**—સમકીતને. **ઉવસંપજ્જામિ**—અંગીકાર કરૂં છું, **અબોહિં**—દુર્બોધ. **પરિયાણામિ**—છાંડું છું. **બોહિં**—સુબોધ. **ઉવસંપજ્જામિ**—અંગીકાર કરૂં છું. **અમગ્ગં**—ઉન્માર્ગ. **પરિયાણામિ**—છાંડું છું. **મગ્ગં**—મોક્ષ માર્ગ. **ઉવસંપજ્જામિ**—અંગીકાર કરૂં છું. **જં સંભરામિ**—જે દોષ મને સાંભરે છે. **જં ચ ન સંભરામિ**—જે મને નથી સાંભરતાં **જં પડિક્કમામિ**—જેનું પ્રાયશ્ચિત્ત લીધું છે. **જં ચ ન પડિક્કમામિ**—જેનુ પ્રાયશ્ચિત્ત ન લીધું હોય. **તસ્સ**—તે. **સવ્વસ્સ**—સર્વ. **દેવસિયસ્સ**—દિવસ સંબંધી કીધેલા-કહેલા **અઇઆરસ્સ**—અતિચાર પાપનાં. **પડિક્કમામિ**—પ્રાયશ્ચિત્ત કરૂં છું. નિવારણ કરૂં છું. **સમણોહં**—શ્રમણ છું. **સંજય**—સંયતિ છું. **વિરય**—સંસારથી વિરક્ત થયો છું. **પડિહય**—હણ્યાં છે. **પચ્ચખાય**—બંધી કરીને. **પાવકમ્મે**—પાપ કર્મને. **અનિયાણો**—નિયાણા રહિત, કરણીનું ફળ માગી લેવું નહિ. **દિઠિ**—સમકિત દૃષ્ટિ. **સંપન્નો**—સહિત છું. **માયા**—કપટ. **મોસો**—જુઠાપણું. **વિવજ્જઓ**—તજી દીધું છે. વરજી દીધું છે. **અઢ્ઢાઇજ્જેસુ**—જે અઢી. **દિવસમુદ્દેસુ**—દ્વીપ સમુદ્ર છે તેને વિષે. **પન્નરસકમ્મભૂમીસુ**—પંદર કર્મ ભૂમિ ક્ષેત્રને વિષે. **જાવંતિ**—જેટલા. **કેઈ**—કોઈ. **સાહૂ**—સાધુ. **રયહરણ**—રજોહરણ જેથી રજ કાઢી શકાય છે. **ગુચ્છગ**—ગુચ્છો. **પડિગ્ગહ**—પાત્રનાં. **ધારા**—ધરણહાર છે, રાખનાર છે, **પંચમહવ્વયધારા**—પાંચ મહાવ્રતના ધારનાર છે. **અઠારસ્સ સહસ્સ**—અઢાર હજાર. **સીલ ગરથધારા**—બ્રહ્મચર્યના શ્લોક રૂપી રથના ધારણ કરનાર છે. **અખ્ખયઆયારચરિત્તા**—અક્ષય છે જેનાં આચાર અને ચારિત્ર. **તે સવ્વે**—તે સર્વને. **સિરસા**—મસ્તક નમાડીને, **મણસા**—મને કરી **મત્થએણ વંદામિ**—મસ્તક કરી નમું છું.

અતિચાર આળોવ્યા, પડિક્કમ્યા, નિંદ્યા, ગર્હ્યા, નિસલ્લ થયા, વિશેષે વિશેષે, અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, ગુર્વાદિકને ભુજે ભુજે કરી ખમાવું છું.

ઈતિ સમણસૂત્ર સમાપ્ત.

પહેલા ખામણાં.

પહેલા ખામણાં પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા તીર્થંકર દેવ બિરાજે છે તે જઘન્ય તીર્થંકર ૨૦ અને ઉત્કૃષ્ટા હોય તો ૧૭૦ તે સ્વામિના ગુણગ્રામ કરતા જઘન્ય કર્મની કોડું ખપે, ઉત્કૃષ્ટો રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે. તે વીશ સ્વામિનાં નામ કહું છું. ૧ શ્રીસીમંધરસ્વામી, ૨ શ્રીજુગમંધરસ્વામી, ૩ ચંદ્રાહુસ્વામી, ૪ શ્રીસુબાહુસ્વામી, ૫ શ્રીસુજાતનાથસ્વામી, ૬ શ્રીસ્વયંપ્રભુસ્વામી, ૭ શ્રીઋષભાનનસ્વામી, ૮ શ્રીઅનંતવીર્યસ્વામી, ૯ શ્રીસુરપ્રભુસ્વામી, ૧૦ શ્રીવિશાળપ્રભુસ્વામી, ૧૧ શ્રી વજ્રધરસ્વામી, ૧૨ શ્રીચંદ્રાનનસ્વામી, ૧૩ શ્રીચંદ્રબાહુસ્વામી, ૧૪ શ્રીભુજંગદેવસ્વામી, ૧૫ શ્રીઈશ્વરસ્વામી, ૧૬ શ્રીનેમપ્રભુસ્વામી, ૧૭ શ્રીવીરસેનસ્વામી, ૧૮ શ્રીમહાભદ્રસ્વામી, ૧૯ શ્રીદેવજશસ્વામી, ૨૦ શ્રીઅજીતસેનસ્વામી, તેમને મારી તમારી સમય સમયની વંદણા હોજો તે સ્વામી કેવા છે? મારા તમારા મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે. સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે; ચઉદ રાજ લોક હસ્તામલકવત્ જાણી દેખી રહ્યા છે. અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત ધીરજ છે, અનંત વીરજ છે, ખટ ગુણે કરી સહિત છે, ચોત્રીસ અતિશયે કરી બિરાજમાન છે, પાંત્રીસ પ્રકારની સત્યવચન વાણીગુણે કરી સહિત છે, એક હજાર ને અષ્ટ ઉત્તમ લક્ષણે કરી સહિત છે, અઢાર દોષ રહિત છે, બાર ગુણે કરી સહિત છે, ચાર કર્મ ઘનઘાતીયાં ક્ષય કર્યાં છે, બાકીનાં ચાર કર્મ પાતળાં પાડયાં છે, મુક્તિ જવાના કામી થકા વિચરે છે, ભવ્યજીવના સંદેહ ભાંગે છે, સજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે, ક્ષાયક સમકિત, શુકલધ્યાન, શુકલલેશ્યા, શુભધ્યાન, શુભજોગ, ચોસઠ ઇંદ્રના પૂજનિક વંદનિક અર્ચનિક છે, પંડિત વીર્ય એ આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે સ્વામિનાથ ગામ, નગર, રાયહાણી, પુરપાટણ એક ગામથી બીજે ગામ વિહાર કરતા હશે ત્યાં જિનેંદ્રદેવ રૂપી સૂર્ય આગળ ચાલે, તે વાંસે ગણધર

ચાલે, તે વાંસે શેષ સાધુ ચાલે, સ્વામી પગ ધરે ત્યાં લાખ પાંખડીનું પદ્મ કમળ-ફુલ થઇ આવે. પાછો પગ ઉપાડે ત્યારે વીસરાળ થઇ જાય. નદી નાળાં આવે ત્યાં પાજ બંધાઈ જાય. કાંટા સમે મુખે હોય તે ઉંધે મુખે થઇ જાય. સ્વામિજી હજારો ગાઉનો વિહાર કરી બાગ બગીચામાં વનપાળની આજ્ઞા લઇ સમોસરે, ત્યાંથી પચીશ પચીશ જોજનમાં મારી નહિ, મરકી નહિ, સ્વચક્ર પરચક્રના ભય નહિ, સાત પ્રકારની ભીતિ માત્ર રહે નહિ, ઝાઝું મિથ્યાત્વ હોય ત્યાં ત્રિગડા ગઢની રચના થઈ આવે, રૂપાનો ગઢ ને સોનાના કાંગરા, સોનાનો ગઢ ને રત્નના કાંગરા, રત્નનો ગઢ અને મણિરત્નના કાંગરા, ચાર દિશાએ ચાર ચાર દરવાજા થઇ આવે, એક એક દરવાજે વીશ વીશ હજાર પગથીઆં થઇ આવે, સમોસરણને મધ્ય ભાગે સ્ફાટિક રત્નનું સિંહાસન થઈ આવે, બારગણું અશોકવૃક્ષ થઇ આવે, અંબોડાને ઠેકાણે ભામંડળ થઇ આવે, ઉપર ચોવિશ જોડા ચામરના થઇ આવે, વનપાળ જઇ રાજાદિકને વધામણી આપે, બાર પ્રકારની પ્રખદા વખાણ-વાણી સાંભળે, સૌ સૌની ભાષામાં સૌ સમજી જાય, કોઇને શંકા ઉપજે નહિ. ભવનપતિ અને તેની દેવી, વાણવ્યંતર અને તેની દેવી, જ્યોતિષી અને તેની દેવી, વૈમાનિક અને તેની દેવી, મનુષ્ય અને મનુષ્યાણી, તિર્યંચ ને તિર્યંચણી એ બાર જાતની પ્રખદા વખાણવાણી સાંભળતાં કોઇ કોઇનું વેર ઉલસે નહિ. ધન્ય તે મહારાજ જ્યાં જ્યાં દેશના દેતા થકા વિચરતા હશે ત્યાં ત્યાં રાજસર, તલવર, માડંબિ, કોડંબિ, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, અશનાદિક ચઉદ પ્રકારનું દાન દેઈ કર પવિત્ર કરતા હશે. તેને ધન્ય છે. સ્વામિનાથ તમે પંચ મહા વિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન, ઇહાં બેઠો છું, તમારા જ્ઞાન, દર્શન ચારિત્ર, તપ સંબંધી અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન વચન કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજો ભુજો કરી ખમાવું છું. (તિખુત્તોનો પાઠ ત્રણ વાર કહેવો).

બીજા ખામણાં.

બીજા ખામણાં અનંતા સિદ્ધ ભગવંતને કરૂં છું. તે ભગ-

વંતના ગુણગ્રામ કરતાં જઘન્ય કર્મની કોડું ખપે, ઉત્કૃષ્ટો રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે.

આ ચોવીશીનાં નામ કહું છું—૧ શ્રી ઋષભદેવ સ્વામી, ૨ શ્રીઅજીતનાથસ્વામી, ૩ શ્રીસંભવનાથસ્વામી, ૪ શ્રીઅભિનંદન સ્વામી. ૫ શ્રીસુમતિનાથસ્વામી, ૬ શ્રી પદ્મપ્રભુસ્વામી, ૭ શ્રીસુપાર્શ્વનાથસ્વામી, ૮ શ્રી ચંદ્રપ્રભુસ્વામી, ૯ શ્રીસુવિધિનાથસ્વામી, ૧૦ શ્રીશીતળનાથસ્વામી, ૧૧ શ્રીશ્રેયાંસનાથસ્વામી, ૧૨ શ્રીવાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રીવિમળનાથસ્વામી, ૧૪ શ્રીઅનંતનાથસ્વામી, ૧૫ શ્રીધર્મનાથસ્વામી, ૧૬ શ્રીશાંતિનાથસ્વામી, ૧૭ શ્રીકુંથુનાથસ્વામી, ૧૮ શ્રીઅરનાથસ્વામી, ૧૯ શ્રીમલ્લિનાથસ્વામી, ૨૦ શ્રીમુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રીનમિનાથસ્વામી, ૨૨ શ્રીનેમિનાથસ્વામી, ૨૩ શ્રીપાર્શ્વનાથસ્વામી, ૨૪ શ્રીમહાવીરસ્વામી. આ ચઉવીશી, અનંત ચઉવીશી, પંદર ભેદે, સીઝી, બુઝી, આઠ કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા છે. આઠ કર્મ તે કયા? ૧ જ્ઞાનાવરણી, ૨ દર્શનાવરણી, ૩ વેદની, ૪ મોહની, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય; એ આઠ કર્મ ક્ષય કરી મુક્તિશિલાએ પહોંચ્યા છે. તે મુક્તિશિલા કયાં છે? સમપૃથ્વીથી સાતસેં જોજન ઉંચપણે તારામંડળ આવે. ત્યાંથી દશ જોજન ઉંચપણે સૂરજનું વિમાન છે, ત્યાંથી એંસી જોજન ઉંચપણે ચંદ્રમાનું વિમાન છે, તે ઉપર ચાર જોજન ઉંચપણે નક્ષત્રનાં વિમાન છે, ત્યાંથી ચાર જોજન ઉંચપણે બુધનો તારો છે, તે ઉપર ત્રણ જોજન ઉંચપણે શુક્રનો તારો છે, તે ઉપર ત્રણ જોજન ઉંચપણે બૃહસ્પતિનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઉંચપણે મંગળનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઉંચપણે શનિશ્ચરનો તારો છે, એમ નવસેં જોજન લગે જ્યોતિષચક્ર છે. તે ઉપરાંત અસંખ્યાતા જોજન ક્રોડાક્રોડી ઉંચપણે પહેલો સુધર્મ નામે અને બીજો ઇશાન નામે દેવલોક છે. એકેકો અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણચંદ્રમાને આકારે છે, પહેલામાં બત્રીસ લાખ વિમાન છે, બીજામાં અઠ્ઠાવિશ લાખ વિમાન છે, ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર ત્રીજો સનત્કુમાર અને ચોથો માહેંદ્ર એ બે દેવલોક છે. એકેકો અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. ત્રીજામાં બાર લાખ અને ચોથામાં આઠ લાખ વિમાન છે. તે

ઉપર અસંખ્યાતા જોજન ઉપર પાંચમો બ્રહ્મલોક દેવલોક છે, તે એકલો પૂર્ણચંદ્રમાને આકારે છે, તેમાં ચાર લાખ વિમાન છે. તેથી અસંખ્યાતા જોજન ઉપર છઠ્ઠો લાંતક દેવલોક છે, એકલો પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં પચાસ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર સાતમો મહાશુક્ર દેવલોક છે, એકલો પૂર્ણચંદ્રમાને આકારે છે, તેમાં ચાળીસ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર આઠમો સહસ્સાર દેવલોક છે, એકલો પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં છ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર નવમો આણત અને દશમો પ્રાણત એ બે દેવલોક જોડાજોડ છે, એકેકો અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણચંદ્રમાને આકારે છે, બેમાં મળીને ચારસેં વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર અગ્યારમો આરણ અને બારમો અચ્યુત દેવલોક છે, એ બે જોડાજોડ છે, એકેકો અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણચંદ્રમાને આકારે છે, બેમાં મળીને ત્રણસેં વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉપર નવ ગ્રૈવેયક છે. તેનાં-નામ ભદ્દે, સુભદ્દે સુજાએ, સુમાણુસે, પ્રીયદંસણે, સુદંસણે, આમોહે, સુપડીબુદ્ધે, જસોધરે, તેની ત્રણ ત્રીક છે. તેમાં પહેલી ત્રીકમાં એકસો અગીઆર વિમાન છે, બીજી ત્રિકમાં એકસો સાત વિમાન છે, અને ત્રીજી ત્રિકમાં એકસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઉંચપણે પાંચ અનુત્તર વિમાન છે. તેનાં નામ-વિજય, વિજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ. તે સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજા થકી બાર જોજન ઉંચપણે મુક્તિશિલા છે. તે મુક્તિશિલા કેવી છે? પીસતાળીસ લાખ જોજનની લાંબી પહોળી છે, મધ્યે આઠ જોજનની જાડી છે, ઉતરતાં છેડે માંખીની પાંખથકી પાતળી છે, ઉજળી, ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાનોપટ, મોતીના હાર, ખીરસાગરના પાણીથકી પણ અધિક ઉજળી છે. તે સિદ્ધશિલા ઉપર ઉંચપણે એક જોજન તેના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે સિદ્ધભગવંતજી બિરાજી રહ્યા છે. તે સ્વામી કેવા છે? અવર્ણ, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભૂખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, સોગ નહિ, જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, કર્મ નહિ, અનંત અનંત સુખની લહેરમાં બિરાજી રહ્યા છે. તમે સ્વામી ત્યાં

બિરાજે છો, હું અહીં બેઠો છું. તમારાં કેવળ જ્ઞાન, કેવળ દર્શન સંબંધી અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજે ભુજે કરી ખમાવું છું. (તિખુત્તોનો પાઠ ત્રણ વખત કહેવો.)

ત્રીજા ખામણાં.

ત્રીજા ખામણાં પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા કેવળી ભગવાન બિરાજે છે. તે જઘન્ય બે ક્રોડ કેવળી ઉત્કૃષ્ટા નવ ક્રોડ કેવળી, તે સ્વામી કેવા છે ? મારા તમારા મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચઉદ રાજલોક હસ્તઅમલકવત્ જાણી દેખી રહ્યા છે, અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત વીર્ય છે, અનંત ધીરજ છે, પટ્ ગુણે સહિત છે, ચાર કર્મ ઘનઘાતીયાં ક્ષય કર્યાં છે, ચાર કર્મ પાતળાં પાડયાં છે, મુક્તિ જવાના કામી થકા મહિમંડળમાં વિચરે છે, ભવ્ય જીવના સંદેહ ભાંગે છે, સજોગી, શરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની છે. યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે, ક્ષાયક સમકિત, શુકલલેશ્યા, શુભધ્યાન, શુભજોગ, પંડિતવીર્ય, એ આદી અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે સ્વામી ગામ, નગર રાયહાણી, જ્યાં જ્યાં સ્વામી દેશના દેતા થકા વિચરતા હશે ત્યાં રાઉસર, તલવર, માડંબી, કોડંબી, શેઠ, સેનાપતિ, ગાથાપતિ સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, અશના દિક ચઉદ પ્રકારનું દાન દઇ કર પવિત્ર કરતા હશે, તેને ધન્ય છે. સ્વામિનાથ તમે પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહિં બેઠો છું. તમારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજે ભુજે કરી ખમાવું છું. (તિખુત્તોનો પાઠ ત્રણવાર કહેવો)

ચોથા ખામણાં.

ચોથા ખામણાં ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને કરૂં છું. ગણધરજી બાવન ગુણે કરી સહિત છે, આચાર્યજી છત્રીસ

ગુણે કરી સહિત છે, ઉપાધ્યાયજી પચીસ ગુણે કરી સહિત છે. મારા તમારા ધર્મગુરૂ, ધર્મ આચાર્ય, ધર્મ ઉપદેશના દાતાર, મહાપુરૂષ, પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ, બહુસૂત્રી, સૂત્રસિદ્ધાંતના પારગામી, તરણ તારણ, તારણીનાવસમાન, સકરી જહાજ સમાન, કલ્પવૃક્ષ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક, એવી અનેક ઉપમાએ કરી બિરાજમાન પૂજ્યજી સાહેબજી શ્રી (જે હોય તેમનાં નામ બોલવાં)...

...સ્વામી આદી દેઈ ને સાધુ-સાધ્વી આલોઇ, પડિક્કમી, નિન્દી, નિસલ્લ થઈ પ્રાયે, દેવગતિએ પધાર્યા છે, તેમનો ઘણો ઉપકાર છે. આજ વર્તમાનકાળે, તરણ તારણ, તારણીનાવ સમાન, રત્નચિંતામણી સમાન, પાર્શ્વમણિ સમાન, જિનશાસનના શણગાર, સર્વ સાધુજીને ગુણે કરી બિરાજમાન પૂજ્યજી સાહેબજી શ્રી (જે હોય તેમનાં નામ લેવાં)....

...સ્વામી આદી દેઇને સાધુ સાધ્વી વિચરે છે. તે સ્વામી કેવા છે? પંચ મહાવ્રતના પાલનહાર, પાંચ સુમતિએ સુમતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા, છકાયના પીયર, છકાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડવિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશવિધ યતિધર્મના અજવાળિક છે, બાર ભેદે તપસ્યાના કરણહાર છે, સત્તર ભેદે સંજમના ધરણહાર છે, બાવીસ પરિસહના જીતણહાર છે, સતાવીશ સાધુના ગુણે કરી સહિત છે, બેતાળીશ-સુડતાળીશ તથા છન્નુ દોષ રહિત આહાર પાણીના લેહેવણહાર છે; બાવન અનાચરણના ટાળણહાર છે; અચેતના ત્યાગી, સચેતના ભોગી, કંચનકામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર આદી અનેક ગુણે કરી સહિત છે. ધન્ય મહારાજ! તમે ગામ, નગર, પુરપાટણને વિષે બિરાજો છો, હું અપરાધી દીન કિંકર ગુણહિન અહીં બેઠો છું, તમારા જ્ઞાન દર્શન ચારિત્ર તપ સંબંધી અવિનય, આશાતના અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી ભુજે ભુજે કરી ખમાવું છું (તિખુત્તોનો પાઠ ત્રણવાર કહેવો.

પાંચમા ખામણાં.

પાંચમા ખામણાં પાંચ ભરત, પાંચ ઇરવત ને પાંચ મહા-

વિદેહ, અઢીદ્વીપ ક્ષેત્રને વિષે જે સાધુ સાધ્વી બીરાજે છે તે જઘન્ય હોય તો બે હજાર ક્રોડ સાધુ સાધ્વી, ઉત્કૃષ્ટા હોય તો નવ હજાર ક્રોડ સાધુ સાધ્વી, તેમને મારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામી કેવા છે ? પંચ મહાવ્રતના પાલણહાર છે. પંચ સુમતિએ સુમતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા, છ કાયાના પીયર, છ કાયાના નાથ, સાત ભયના ટાળણહાર, આઠ મદના ગાળણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર છે; દશવિધ યતિધર્મના અજવાલિક છે, બાર ભેદે તપસ્યાના કરણહાર છે સત્તર ભેદે સંજમના ધરણહાર છે, બાવીશ પરીસહના જીતણહાર છે, સત્તાવીશ સાધુજીના ગુણે કરી સહિત છે, બેંતાલીશ સુડતાલીશ તથા છન્નુ દોષ રહિત આહાર પાણીના લહેવણહાર છે, જાવજીવ અનાચરણના ટાળણહાર છે, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર, આદિ અનેક ગુણે કરી સહિત છે. ધન્ય મહારાજ, તમે ગામ, નગર, પુરપાટણને વિષે બિરાજો છો. હું અપરાધી, દીન કિંકર, ગુણહીન અહીં બેઠો છું. તમારા જ્ઞાન દર્શન ચારિત્ર તપ સંબંધી અવિનય, આસાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી હાથ જોડી મસ્તક નમાવી ભુજે ભુજે કરી ખમાવું છું. (સાધુને ખમાવવા) તિખુત્તોનો પાઠ ત્રણ વાર કહેવો)

છટ્ઠા ખામણાં.

છટ્ઠા ખામણાં અઢીદ્વીપમાંહી સંખ્યાતા, અઢીદ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક શ્રાવીકાને કરું છું. તે શ્રાવકજી કેવા છે ! હું થી, તુમથી, જ્ઞાને, શીયળે, તપે, ભાવે, ગુણે કરી અધિક છે. બે વખત આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે. મહિનામાં છ પોષાના કરનાર છે, સમકિત સહિત બાર વ્રતધારી, અગ્યાર પડિમાના સેવણહાર છે. જીવ અજીવ આદિ નવતત્વના જાણનાર છે, ત્રણ* મનોરથના ચિંતવનાર છે, એકવીશ શ્રાવકને ગુણે કરી સહિત છે, દુબળા પાતળા જીવની દયાના જાણનાર છે, પરધન પથ્થર બરોબર લેખે છે, પરસ્ત્રી માતા બેન બરાબર લેખે છે, દયાધર્મી, પ્રિય ધર્મી, દેવતાના ડગાવ્યા ડગે નહિ એવા છે, ધર્મનો

રંગ હાડહાડની મીંજાયે લાગ્યો છે, એવા શ્રાવક શ્રાવિકા, સંવર પૌષા, પ્રતિક્રમણમાં બિરાજતાં હશે તેમને આજના દિવસ સંબંધી અવિનય, આસાતના કરી હોય તો ભુજે ભુજે કરી ખમાવું છું.

સાધુ સાધ્વીને વાંદુ છું, શ્રાવક શ્રાવીકાને ખમાવું છું. સમકિતદૃષ્ટિ જીવને ખમાવું છું, ઉપકારી બાઈ ભાઈને ખમાવું છું, ચોરાશી લક્ષ જીવાજોનીના જીવને ખમાવું છું. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચઉદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચૌરેંદ્રિય, ચાર લાખ નારકી, ચાર લાખ દેવતા, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિ, ચઉદ લાખ મનુષ્યની જાતિ, એ ચોરાશી લક્ષ જીવાજોનીના જીવને, હાલતાં ચાલતાં, ઉઠતાં બેસતાં, જાણતાં અજાણતાં; હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના કીલામના ઉપજાવી હોય તો અનંતસિદ્ધ કેવળીની સાખે મિચ્છામિદુક્કડં.

ખામેમિ—ખમાવું છઊં. **સવ્વેજીવા**—સર્વજીવને. **સવ્વેજીવાવી**—સર્વ જીવ. **ખમંતુમે**—મહારો અપરાધ ક્ષમા કરજો. **મિત્તિ**—મિત્રાઈ છે. **મે**—મહારે. **સવ્વભૂએસુ**—સર્વ જીવ સાથે. **વેર**—વેર-દુશ્મનાઈ **મઝં**—મહારે. **નકેણુઈ**—કોઈ સાથે નથી. **એવમહું**—એ પ્રકારે હું. **આલોઇયં**—કહું છઊં. **નિંદિયં**—નિંદા કરું છું. ખોટું કીધું તેની. **ગરહિયં**—ગરહા કરું છું. **દુગંછિયં**—ખોટું કીધું એમ કહું છું. **સવ્વં**—સર્વ પાપ. **તિવિહેણું** ત્રણ પ્રકારે મન વચન કાયાએ કરી. **પડિકંતો**—પ્રાયશ્ચિત કરું છું. **વંદામિ**—નમસ્કાર કરું છું **જિણુચઉવીસં**—ચોવીશ જિન તીર્થંકરને.

ઇતિ અતિચાર આલોવ્યા, પડિકમ્યા, નિંદ્યા, નિશલ્ય થયા, વિશેષે વિશેષે અરિહંત, સિધ્ધ, કેવળી, ગણધર, આચાર્યજી, સાધુ, સાધ્વી, ગુરૂ આદીને ભુજે ભુજે કરી ખમાવ્યા છે.

(આ ઠેકાણે "ઇચ્છામિ ખમાસમણો" બે વખત પૂરૂં કહેવું.

[એમ દિવસ રાત, પખ્ખી, ચૌમાસી અને સંવત્સરી સંબંધી, મૂલગુણ, ઉત્તરગુણ, દ્રવ્યે, ભાવે, નિશ્ચય, વ્યવહારે, સામાન્યપણે, વિશેષપણે, રમણપણે, ઓછું, અધિક, વિપરિત થયું હોય,

૧ કયારે પરિગ્રહ છોડીશ ! ૨ કયારે દીક્ષા લઈશ ! ૩ કયારે સંથારો કરીશ !

માન્યું હોય, પરૂપ્યું હોય, અજાણપણે, સંશયપણે, અવ્રતીપણે, ઓઘસંજ્ઞાએ, ગાડરીયા પ્રવાહપણે, અણસમજણપણે, આચર્યું હોય, ઇચ્છા વાંચ્છા, મૂર્છાભાવે જે શુભ અને શુદ્ધ આચરણ-કરણી અસાર કરી હોય, તુચ્છ કરી હોય, ગુમાવી હોય, સંસાર વૃદ્ધિ કારણે જીવને જોડયા હોય, તે મારાં પૂર્વનાં આકર્ષણ સુદ્ધાંત, મારાં સર્વે પાપ ફળરૂપ સાવદ્ય મિથ્યા-નિષ્ફળ હોજો, એવી રીતે દિવસ અને રાત સંબંધી અતિચારના દોષ પડિકમણું કરીને આલોયણ, નિંદીયણ કરીને પૂજનિક, અર્ચનિક, વંદનિક, જીવને ભક્તિસહિત, વંદણા કરીને સર્વ પ્રાણ, જીવ, ભૂતને ખમત ખામણા કરીને ચિત્ત ઉપશાંત કરીને, વિરૂદ્ધ ભાવ મટાડીને, નિજભાવ રિદ્ધિ સંભાળીને, અસત્યપણું, ભ્રાંતિપણું, ડોલપણું, ભેળસંભેળપણું, નિરાકરણ કરીને, મૂળગુણ, ઉત્તરગુણના પચ્ચખાણની તજવીજ કરીને, વ્રતનાં છિદ્રો રોકીને, આશ્રવ રૂંધીને, કષાયપણું ટાળીને, વિશુદ્ધપણું કરવાને હવે શરીરની મમતા કાંઇક ત્યાગ કરવારૂપ, કાંઇક વોસરવારૂપ, પાંચે આવશ્યક અતિચારની વિશુદ્ધિ નિમિત્તે, અશરીરી, અજોગી પદ આત્માનું સંભાળીને દેહ મૂર્છા ત્યાગ કરવારૂપ, પ્રાયશ્ચિત વ્યવહારરૂપ પાંચમો આવશ્યક કરવો.]

સામાયિક ૧, ચોવીસંથો [લોગસ્સ] ૨, વંદણા ૩, પડિકમણું ૪ એચાર આવશ્યક પૂરા થયા અને પાંચમા આવશ્યકની આજ્ઞા લેવી.

પાંચમો આવશ્યક.

દેવસી—દિવસ સંબંધી. પ્રાયશ્ચિત—પાપ. વિશુદ્ધનાર્થ—વિશુદ્ધ કરવા માટે. કરેમિ—હું કરૂં છું. કાઉસ્સગ્ગં—સ્થિર કાય રાખવાનું.

(આ ઠેકાણે નવકાર, કરેમિભંતે, ઇચ્છામિઠામિ કાઉસગ્ગં તથા તસ્સઉત્તરિના પાઠ કહીને ચાર લોગસ્સનો અથવા ધર્મધ્યાનનો કાઉસગ્ગ નિત્ય પ્રત્યે કરવો, પાખી પડિક્કમણે બાર લોગસનો, ચઉમાસી પડિક્કમણે વીશ લોગસ્સનો અને સંવત્સરી પડિક્કમણે ચાળીશ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. અને એક નવકાર કહી કાઉસગ્ગ પાળવો (પછી લોગસ્સ એક સંપૂર્ણ બોલવો)

(આ ઠેકાણે ઇચ્છામિ ખમાસમણો બે વખત કહેવું)

સામાયક ૧, ચોવીસંથો ૨, વંદણા ૩, પડિકમણું ૪,

કાઉસગ્ગ ૫, એ પાંચ-આવશ્યક પૂરાં થયાં. એ પાંચ આવશ્યક ચાર તીર્થને અવશ્યમેવ કરવા રૂપ અતીત કાલનું દુષ્કૃત્ય, આલોચી, પડિક્કમી, નિંદી, ગર્હણ કરી, વર્ત્તમાનકાળનો આશ્રવ રૂંધી, સંવર કરીને, હવે આગમીયા કાલસંબંધી, અનાદિ કાળની આહાર લેવા રૂપ આત્માને પુદ્ગળ-મૂર્છા, સંજ્ઞા અભિલાષા, નિવ્રતશ્રવી, નિઃસંગી, નિર્મળી, નિર્વિચ્છક, અકળ, અગમ્ય, અજ્ઞેયર, અગમ્ય સુલક્ષણોપણું, આત્માનું આવરણ, તેને નિવારણ કરવા સાધન કરણરૂપ, પચખાણ યથાશક્તિ, ચઉવિધ આહાર ત્યાગરૂપ, પચખાણ કરણરૂપ, છઠ્ઠો આવશ્યક કરવો.

છઠ્ઠો આવશ્યક.

"ધારણા પ્રમાણે ચૌવિહારનાં પચખાણ કરવા, તે નીચે મુજબ" **ચઉવિહંપિઆહારં**—ચાર પ્રકારના આહાર. **અસણં** અન્ન. **પાણં**—પાણી. **ખાઇમં**—મેવાદિક. **સાઇમં**—મુખવાસ. **અન્નથાણાભોગેણં**—અજાણતાં મુખમાં કાંઈ વસ્તુ ઘલાઈ જાય તેની માફી. **સહસ્સાગારેણં**—અણીતકારે મોઢામાં કાંઈ નાંખે તેની માફી. **વોસિરામિ**—તજું છું.

સામાયક ૧, ચોવીસંથો ૨, વાંદણાં ૩, પડિક્કમણું ૪, કાઉસગ્ગ ૫, ને પચખાણ ૬, તેને વિષે વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડી, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત કહેવાણું હોય ને જાણતાં અજાણતાં કોઈ દોષ લાગ્યો હોય તે મિચ્છામિદુક્કડં.

મિથ્યાત્વનું પડિક્કમણું, અવ્રતનું પડિક્કમણું, કષાયનું પડિક્કમણું, પ્રમાદનું પડિક્કમણું, અશુભજોગનું પડિક્કમણું, વ્યાશી બોલનું પડિક્કમણું, એ પ્રતિક્રમણ વિષે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં કાંઇ દોષ લાગ્યો હોય તો મિચ્છામિદુક્કડં.

ગયા કાળનું પડિક્કમણું, વર્ત્તમાનકાળના સંવર, આવતા કાળના પચ્ચખાણ; કરેમિ ભંગલં, મહામંગલં, થયથુઇમંગલં, છલ્લાં ત્રણ નમોત્થુણં કહેવાં.

પ્રતિક્રમણમાં લાગતા દોષના ૧૨૪ પ્રકાર

નવાણું અતિચારમાંથી જ્ઞાનના ૧૪ અતિચાર વરજીને બાકીના ૮૫ રહ્યા તે તથા જ્ઞાનના ૮ આચાર તે-૧ બત્રીશ અસઝાય ટાળી વખતસર ભણવું, ૨ વિનય સહિત ભણવું, ૩

જ્ઞાનનો સત્કાર કરી ભણવું, ઉપધ્યાન સહિત ભણવું (સૂત્ર ભણવાને માટે જે જે તપ કરવું કહ્યું છે તે તે કરીને), ૫ ઉપકારીનો ગુણ ભુલવો નહિ, ૬ શુદ્ધ ઉચ્ચાર સહિત ભણવું, ૭ અર્થ સહિત ભણવું, ૮ પાઠ, અર્થ વગેરે શુદ્ધ ભણવું. તથા સમકિતના ૮ આચાર તે-૧ જૈનમતને વિષે શંકા ન રાખવી, ૨ અન્યમતની વાંચ્છના ન કરવી, ૩ કરણીના ફળનો સંદેહ ન રાખવો, ૪ અન્યમતનો આડંબર દેખી મુંઝાવું નહિ, ૫ ઉપકારીના ગુણ દીપાવવા, ૬ સમકિતથી પડતા જીવને સ્થિર કરવા, ૭ ચારે તીર્થની વત્સલતા કરવી, ૮ જૈનમાર્ગનો મહિમા નિરવદ્યપણે પ્રકાશવો. તથા ચારિત્રના ૮ આચાર તે ૩ ગુપ્તિ અને ૫ સુમતિ એટલે ૧૦૬ તથા બાર અવ્રત તે ૫ મહાવ્રત, ૫ ઇંદ્રિયો, ૧ રાત્રીભોજન, ૧ મન, એ બાર તથા વીર્યના ૩ આચાર તે ૧ ધર્મકાર્યમાં બળ ગોપાવવું નહિ, ૨ ધર્મકાર્ય ઉપયોગ સહિત કરવું, ૩ યથાશક્તિ ક્રિયા અનુષ્ઠાન કરવું એ મળી કુલ ૧૨૪ પ્રકાર થયા.

આવશ્યક (પ્રતિક્રમણ) વિષે ખુલાસો.

ખરી રીતે જોતાં વીતરાગભાષિત ધર્મ, તેનું મૂળ અને તેનો મોટો આધાર આવશ્યક સૂત્ર ઉપર રહેલ છે. આવશ્યક સૂત્ર વિષે અનેક જુદા જુદા મત મતાંતર છે. કોઈ કહે છે કે આવશ્યક મૂળ સંપૂર્ણ છે. અને કોઇ કહે છે કે વિચ્છેદ ગયું છે. પણ તેના કરતાં તદ્દન જુદી વાત છે. આજ વીતરાગભાષિત મૂળ આવશ્યક સંપૂર્ણ નથી. કારણ કે ચોરાશી ગચ્છનાં આવશ્યક જુદા જુદા છે. જો મૂળ સંપૂર્ણ હોત તો બધા ગચ્છનું એક સરખું હોત. તેમ નથી, તેથી નક્કી થાય છે કે મૂળ સંપૂર્ણ નથી પણ થોડું ઘણું હાલ જે પ્રવર્તે છે તે સૂત્રાનુસારે પાંચમા આરાના છેડા સુધી રહેવાનું છે.

સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાને આવશ્યક-અવશ્ય કરીને કરવાનો નિત્ય નિયમ છે તેથી આવશ્યક સૂત્ર વિચ્છેદ ગયાનું જેઓ કહે છે તે કોઇ પણ રીતે ખરૂં નથી.

જે આવશ્યક સૂત્ર પોતપોતાના ગચ્છમાં જૂદી જૂદી રીતે પ્રવર્તે છે તેનું કારણ કે આવશ્યક સંપૂર્ણ રહ્યું નથી, તેમ સર્વજ્ઞા

વિચ્છેદ ગયું નથી. પણ ત્રૂટક થઈ ગયેલ છે, તેથી સૌ સૌએ પોતાના બુદ્ધિબળથી જોઈએ તેટલું નવું વધારી મિશ્રણ કરેલું છે.

આવશ્યક સૂત્રનું નામ અનુયોગદ્વાર અને નંદીસૂત્રમાં છે અને તે વ્યતિરિક્ત છે. કાલિક કે ઉત્કાલિક નથી. આવશ્યકનું બીજું નામ પ્રતિક્રમણ છે, કારણ કે ચોથા અધ્યયનનું નામ પ્રતિક્રમણ છે અને સૂત્રમાં ઘણે ઠેકાણે સપડિક્કમણું ધમ્મં, ઉવસંપજિત્તાણું વિહરઇ, આ પાઠ છે. એ રીતે આવશ્યકનું બીજું નામ પ્રતિક્રમણ છે.

શ્રી પ્રતિક્રમણ સૂત્ર સમાપ્ત.

ધર્મ-ધ્યાનનો કાઉસગ્ગ.

શેકંત—શું તે. **ધમ્મઝાણે**—ધર્મધ્યાન. **ચઉવીહે**—ચાર જાતના. **ચઉપડીહારે**—ચાર ચાર પડભેદ છે. **પન્નતે**—પરૂપ્યા. **તંજહા**-તે આ પ્રમાણે. **આણાવિજયે**—આજ્ઞાનો વિચાર કરવો **અવાય વિજયે**—દુઃખનો વિચાર કરવો. **વિવાગ વિજયે**-સુખ ને દુઃખ જીવો ભોગવે છે તેનો વિચાર કરવો. **સંઠાણ વિજયે**—લોકના આકારનો વિચાર કરવો. **ધમ્મઝાણંઝાણસ્સ**—ધર્મ ધ્યાનના. **ચત્તારી લક્ખણા**—ચાર લક્ષણ. **પન્નતા તંજહા**—આ પ્રમાણે કહ્યા. **આણારૂઇ**—ધર્મ આજ્ઞાની રૂચિ. **નિસગ્ગરૂઇ**—વીતરાગ દેવે પ્રરૂપ્યું તેના ઉપર શ્રદ્ધા આણવાની રૂચિ. **ઉવયેસરૂઇ**—ઉપદેશની રૂચિ. **સુત્તરૂઈ**- સૂત્ર સિદ્ધાંતની રૂચિ. **ધમ્મઝાણંઝાણસ્સ**-ધર્મ ધ્યાનના.- **ચત્તારીઆલંબણા**—ચાર પ્રકારના આધાર. **પન્નતા**—**તંજહા**—તે આ પ્રમાણે કહ્યા. **વાયણા**—વાંચવું. **પુછણા**—પુછવું. **પરિયટ્ટણા**—શીખેલું સંભારવું. **ધમ્મકહા**-ધર્મકથા કરવી, **ધમ્મઝાણંઝાણસ્સ**—ધર્મ ધ્યાનના. **ચત્તારી અણુપેહા**-ચાર પ્રકારનો વિચાર. **પન્નતા તંજહા**—તે આ પ્રમાણે કહ્યા. **એગચ્ચાણું પેહા**—એકલાપણાનો વિચાર, જીવ એકલો આવ્યો ને એકલો જશે તેનો વિચાર કરવો. **અણિચ્ચાણું પેહા**—અનિત્યપણાનો વિચાર કરવો-સંસાર અનિત્ય છે, કોઈ કોઈનું નથી એવો. **અશરણાણું પેહા**—અશરણપણાનો વિચાર, સંસારમાં કોઈ કોઇને ત્રાણ-શરણ નથી એવો વિચાર કરવો. **સંસારાણું-પેહા**—સંસાર વિષે વિચાર, સંસાર કેવો અસ્થિર છે તે વિષે વિચાર કરવો તે,

એ ધર્મધ્યાનનો સૂત્રપાઠ કહ્યો. હવે તેનો અર્થ કહે છે.

ધર્મધ્યાનના પહેલા ચાર ભેદ—૧ આણાવિજયે, ૨ અવાયવિજયે, ૩ વિવાગવિજયે, ૪ સંઠાણવિજયે.

પહેલો ભેદ—આણાવિજયે કહેતાં વીતરાગ દેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો તે. વીતરાગદેવની આજ્ઞા એવી છે કે સમકિત સહિત શ્રાવકનાં બાર વ્રત અને અગીઆર પડિમા તથા સાધુનાં પંચ મહાવ્રત ને બાર ભિખ્ખુની પડિમા; શુભધ્યાન, શુભજોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, છકાય જીવની રક્ષા એ વીતરાગની આજ્ઞા આરાધવી, તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો. ચતુર્વિધ તીર્થના ગુણ કીર્તન કરવાં એ ધર્મધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

બીજો ભેદ—અવાયવિજયે કહેતાં, જીવ સંસારનાં દુઃખ શાથી ભોગવે છે, તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ જોગ, અઢાર પાપસ્થાનક, છકાયજીવની હિંસા, એથી જીવ દુઃખ પામે છે. એવું દુઃખનું કારણ જાણી, એવો આશ્રવ મારગ છોડી, સંવર-મારગ આદરવો; જેથી જીવ દુઃખ ન પામે. એ ધર્મધ્યાનનો બીજો ભેદ કહ્યો.

ત્રીજો ભેદ વિવાગવિજયે કહેતાં જીવ જે સુખ દુઃખ ભોગવે છે તે શાથકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ કે જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનાવરણી આદિ આઠ કર્મો ઉપાર્જ્યાં છે, તે શુભાશુભ કર્મના ઉદયથી જીવ તે પ્રમાણે સુખ દુઃખ અનુભવે છે. તે અનુભવતાં થકાં કોઇ ઉપર રાગ—દ્વેષ ન આણીએ, સમતા ભાવ આણી, મન વચન કાયાના શુભ જોગ સહિત, જૈનધર્મને વિષે પ્રવર્તિએ; જેથી નિરાબાધ પરમ સુખને પામીએ. એ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

ચોથો ભેદ—સંઠાણવિજયે કહેતાં ત્રણ લોકના આકારનું સ્વરૂપ સુપ્રષ્ઠીતને આકારે છે. લોક જીવ અજીવે કરી સંપૂર્ણ ભર્યો છે. અસંખ્યાતા જોજનની કોડાકોડ ત્રિછા લોક છે, ત્યાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે, તથા અસંખ્યાતા વાણવ્યંતરનાં નગર છે, તથા અસંખ્યાતા જ્યોતિષીનાં વિમાન છે, તથા અસંખ્યાતી રાજધાની છે. તેને મધ્યભાગે અઢી દ્વીપ છે, તેમાં

જઘન્ય તીર્થંકર વીશ, ને ઉત્કૃષ્ટા એકસો સીત્તેર હોય તથા જઘન્ય બે ક્રોડ ને ઉત્કૃષ્ટા નવ ક્રોડ કેવળી હોય, તથા જઘન્ય બે હજાર ક્રોડ ને ઉત્કૃષ્ટા નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વી હોય, તેમને 'તિખુત્તો, આયાહિણં, પયાહિણં, વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમાણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઇયં, પજ્જુવાસામિ,' તથા ત્રિછાલોકમાંહે અસંખ્યાતા શ્રાવક શ્રાવીકા છે, તેમના ગુણગ્રામ કરવા. તે ત્રિછાલોકથકી અસંખ્યાતા ગુણો અધિક ઉર્ધ્વલોક છે, ત્યાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન છે, તે સર્વેમાં મળી ચોરાશી લાખ, સત્તાણું હજાર, ત્રેવીશ વિમાન છે. તથા તે ઉપર સિદ્ધ શિલા છે, ત્યાં શ્રી સિદ્ધભગવંતજી નિરંજન નિરાકાર બિરાજે છે, તેમને તિખુત્તોથી જાવ પજ્જુવાસામિ સુધી કહેવું. તે ઉર્ધ્વલોક થકો કાંઈક વિશેષ આવક અધોલોક છે, ત્યાં સાત નરકના ચોરાશી લાખ નરકાવાસ છે, સાતક્રોડ બહોતેર લાખ, ભવનપતિના ભવન છે. એવાં ત્રણ લોકનાં સર્વ સ્થાનક સમકિત કરણી વિના સર્વ જીવે અનંતી અનંતો વાર જન્મ મરણે કરી ફરસી ચુકયાં છે. એમ જાણો સમકિતસહિત શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધના કરવી જેથી અજર અમર નિરાબાધ પરમ સુખને પામીએ, એ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો. ઇતિ ધર્મધ્યાનનો કાઉસગ્ગ સંપૂર્ણ.

દશમું વ્રત તથા અગ્યારમું વ્રત આદરવાની વિધિ.

જેને દશમું વ્રત તથા અગ્યારમું વ્રત આદરવું હોય તેણે પ્રથમ વસ્ત્ર તથા રજોહરણ તથા ગુચ્છાનું પડિલેહણ કરવું, પછી નવકારથી તસ્સઉત્તરીના પાઠ સુધી ભણીને ઇરીયાવહિનો કાઉસગ્ગ કરવો, પછી લોગસ્સ કહીને ગુર્વાદિકને વંદણા કરવી. પછી ગુરૂને કહેવું કે મને ૧૦ મું વ્રત અથવા પોષો કરાવો. તિવારે ગુરૂ વ્રત અદરાવે, જો ગુરૂનો જોગ ન હોય તો પોતાની મેળે અથવા પોતાનાથી વડેરા શ્રાવક પાસ પચ્ચખે, પછી ત્રણ નમોત્થુણં ગણવાં.

જેણે સામાયક અથવા દેસાવગાસિક કે પૌષધવ્રત કર્યું હોય અને તેમાં લઘુનિત તથા વડિનિત કરવાનું કારણ પડે તિવારે પરઠવવા જાતાં બારણામાં "આવસ્સહિ" કહેવું. પછી જાઇને જોવું અને શકેંદ્રની આજ્ઞા માગવી. પછી જોઇને "અણુજાણહ"

કહીને જતનાએ પરઠવવું, પરઠવિને "વોસિરેહ વોસિરેહ" કહેવું. વળતાં બારણામાં " નિસિહિ " કહેવું. પછી તેની ઇરિયાવહિયા પડિક્કમવી.

એ ત્રણે વ્રતમાં નિદ્રા કરી હોય તો તેના નિવારણ કારણે ૪ લોગસ્સ ને ૧ ઇચ્છામિ પડિક્કમિઉં, પગામ સિજ્જાએ ઇત્યા દિક પ્રથમ સમણ સૂત્રનો કાઉસગ્ગ કરવો.

દશમું તથા અગ્યારમું વ્રત લીધું હોય તેને પાળવાની વિધિ—પ્રથમ ઇરિયાવહિયા કરવી. પછી જે વ્રત લીધું તેના અતિચાર કહેવા. શેષવિધિ સામાયક પાળવાની રીતીએ જાણવી. ઇતિ.

પોષાના અઢાર દોષ.

નીચે લખ્યા અઢાર દોષ ટાળી પોષધવ્રત કરવું.

પોષો કરવાને આગલે દિવસે—૧ શરીરની શોભા સારૂં હજામત કરાવવી નહિ, નખ ઉતરાવવા નહિ અને નાહવું નહીં. ૨ બ્રહ્મચર્યવ્રત પાળવું. ૩ સરસ આહાર કરવો નહી. ૪ વસ્ત્ર ધોવડાવવાં નહિં. ૫ આભૂષણ પહેરવાં નહીં. ૬ વધારે પડતું ખાવું નહીં. એ ૬ આગલા દિવસે ટાળવા. ૭ અવ્રતીની વૈયાવચ્ચ કરવી નહીં. ૮ શરીરની શુશ્રુષા કરવી નહીં. ૯ મેલ ઉતારવો નહીં. ૧૦ નિદ્રા કરવી નહીં. ૧૧ પૂંજ્યાવગર ખણવું નહીં, ૧૨ ચાર વિકથા કરવી નહીં. ૧૩ પરનિંદા કરવી નહીં. ૧૪ સંસારી બાબતની ચર્ચા કરવી નહીં. ૧૫ અંગ-ઉપાંગ નીરખવાં નહીં. ૧૬ સંસારની વાતો કરવી નહીં. ૧૭ ખુલે મોઢે બોલવું નહીં. ૧૮ ભય ઉપજાવવો નહીં. ઇતિ.

શ્રાવકનાં દશ પચ્ચખાણ (પ્રત્યાખાન.)

(૧) **નમોક્કારસહિયં**× (સૂર્ય ઉગ્યા પછી બે ઘડી વીતે ત્યાં સુધી) **પચ્ચખામિ** (પચ્ચખાણ કરૂં છું) **ચઉવિહં પિઆહારં** (ચાર પ્રકારના અને બીજા આહાર તે) **અસણં** (અન્ન) **પાણં** (પાણી) **ખાઇમં** (મેવો વિગેરે) **સાઇમં** (મુખવાસ)

× જેટલા અક્ષર જાડા છે તે પાઠ તરીકે બોલવાના છે અને (કૌંસમાં પાતળા અક્ષર છે તે જાડા અક્ષરનો અર્થ છે; તે માત્ર સમજવા માટે છે.

અનત્થાણાભોગેણં (અજાણપણે ભોગવાય તેનો તથા) **સહસ્સાગારેણં** (બળાત્કારે કોઈ મુખમાં વસ્તુ ઘાલી દે તેનો આગાર રાખીને) **વોસિરામિ** (પરિત્યાગ કરૂં છું.)

(૨) **પોરસહિયં**-(સૂર્ય ઉગ્યા પછી એક પહોર સુધી) **પચ્ચખામિ, ચઉવિહું પિઆહારં અસણું પાણું ખાઇમં સાઇમં અનત્થાણાભોગેણં સહસ્સાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં** (સર્વ પ્રકારે અસમાધિ થવાથી ઓસડવેસડ કરવું પડે તેનો આગાર રાખું છું) **પચ્છન્નકાલેણં** (મેઘ અથવા રજથી સૂર્ય ઢંકાઈ જતાં વખતની ખબર ન પડે તેનો પણ આગાર રાખી) **વોસિરામિ.**

(૩) **સાઢ પોરસહિયં કે પુરીમઢ્ઢં**-(સૂર્ય ઉગ્યા પછી દોઢ કે બે પહોર સુધી) **પચ્ચખામિ ચઉવિહું પિઆહારં અસણું પાણું ખાઇમં સાઇમં અનત્થાણાભોગેણું સહસ્સાગારેણું પચ્છન્નકાલેણું સવ્વ સમાહિવત્તિયાગારેણું વોસિરામિ,**

(૪) **એક્કાસણું**-દિવસમાં એક વાર જમી રાત્રે ચઉવિહારનાં પચ્ચખાણ કરવાં તે) **એકાસણા** ઉપરાંત **દુવિહું પિઆહારં પચ્ચખામિ અસણું ખાઇમં અનત્થાણાભોગેણું સહસ્સાગારેણું ગુરૂ અબ્ભુઠ્ઠાણેણું** (ગુરૂ પધારે તો ઉભા થવાનો આગાર રાખીને તથા) **આઉંટણપસારેણું** (અંગ ઉપાંગ લાંબું ટુંકું કરવું હોય તેનો અને) **સવ્વસમાહિવત્તિયાગારેણું** (અસમાધિને લીધે ઓસડ-વેસડ કરવું પડે તેનો આગાર રાખીને) **વોસિરામિ.**

(૫) **એક્કઠાણું**-(એક સ્થાને બેસી અંગ ઉપાંગ હલાવ્યા વગર જ દિવસમાં એક વાર જમી ચઉવિહાર કરી ઉઠવું તે)
ઉપરાંત ચઉવિહું પિઆહારં પચ્ચખામિ અસણું પાણું ખાઇમં સાઇમં અનત્થાણાભોગેણું સહસ્સાગારેણું ગુરૂ અબ્ભુઠ્ઠાણેણું સવ્વ સમાહિવત્તિયાગારેણું વોસિરામિ.

(૬) **નિવિગઇયવિહું**-(દિવસમાં એક વાર વિગય વિના જમી રાત્રે ચઉવિહારના પચ્ચખાણ કરવા તે) **પચ્ચખામિ તે ઉપરાંત ચઉવિહું પિઆહારં અસણું પાણું ખાઇમં સાઇમં અનત્થાણાભોગેણું સહસ્સાગારેણું લેવાલેવેણું** (લેપ રહિત નહિ એવી વસ્તુનો તથા) **ઉખિત્તવિવેગેણું**-રોટલી વિગેરે

ઉપરથી ઠરેલું ઘી મુકેલું હોય તે ઉપાડી લીધેલી રોટલી આવી જાય તો તેનો તથા, **પડુચ્ચમખિએણું** (ઘૃતાદિકમાં પોળી પ્રમુખ કરેલી હોય **અથવા** અન્નાદિકમાં ઘૃતાદિકના છાંટા પડયા હોય તે અજાણતાં આવી જાય તો તેનો આગાર રાખીને) **સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ.**

(૭) **આયંબિલ વિહું**–(વિગય રહિત–સ્વાદ વિનાનો લૂખો આહાર દિવસમાં એકવાર જમીને રાત્રે ચઉવિહારના પચ્ચખાણ કરવા તે) **પચ્ચખામિ તિવિહું ચઉવિહું પિઆહાર અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણું સહસ્સાગારેણું લેવાલેવેણું ઉખિત્ત વિવેગેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ.**

(૮) **દિવસચરિમં**–સૂર્ય ઉગ્યાથી તે સૂર્ય આથમે ત્યાં સુધી) **પચ્ચખામિ અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણું સહસ્સાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ.**

(૯) **ચઉત્થભત્તં અથવા અભત્તઠં** (ઉપવાસ—આગલી રાતે ચઉવિહારનાં પચ્ચખાણ કરીને) **પચ્ચખામિ તિવિહું ચઉવિહું પચ્ચખામિ અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણું સહસાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ.**

(૧૦) **અભિગ્રહ**–(દ્રવ્યથી, ક્ષેત્રથી, દેશથી, કાળથી, ભાવથી અભિગ્રહ ધારવો તે સંબંધી) **પચ્ચખામિ ચઉવિહું પિઆહાર પચ્ચખામિ અસણું પાણું ખાઇમં સાઇમં અન્નત્થાણાભોગેણું સહસ્સાગારેણું મહત્તરાગારેણું** [મોટાના કહેવાથી જમવું પડે તેનો આગાર રાખીને] **સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરામિ.**

ઇતિ પચ્ચખાણ સંપૂર્ણ.

પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણ અર્થસહિત.

અરિહંતના બાર ગુણ.

૧. જ્યાં જ્યાં ભગવંત સમોસરે ત્યાં ત્યાં ભગવંતના શરીરથી બાર ગણું ઉંચું અશોકવૃક્ષ થઇ આવે તેની નીચે બેસીને પ્રભુ દેશના આપે.

૨. ભગવંતના સમોસરણમાં પાંચે વર્ણનાં અચેત ફુલોની વૃષ્ટિ દેવતાઓ કરે. તે ફુલોનાં ઓંટાં નીચે અને મુખ ઉપર રહે.

૩. જ્યારે ભગવંત દેશના દે, ત્યારે ભગવંતનો સ્વર અખંડ પુરાય.

૪. ભગવંતની બન્ને બાજુએ, રત્નજડિત સુવર્ણની ડાંડીવાળાં શ્વેત ચામરો વીંજાય.

૫. ભગવંતને બેસવા માટે, સિંહાસનરૂપે શોભાયમાન રત્નજડિત સિંહાસન થઈ આવે, તે ઉપર બેસીને પ્રભુ દેશના દે છે.

૬. ભગવંતના મસ્તકના પાછલા ભાગે, સૂર્યથી પણ અધિક પ્રકાશવાળું ભામંડળ થઈ આવે.

૭. ભગવંતના સમોસરણમાં ગંભીરસ્વર શબ્દવાળી ભેરી વાગે.

૮. ભગવંતના મસ્તક ઉપર અતિશય ઉજ્જવળ એવાં ત્રણ છત્રો થઇ આવે.

૯. જ્યાં જ્યાં ભગવંત વિચરે, ત્યાં ત્યાં ભગવંતની ચારે બાજુ પચીશ પચીશ જોજન સુધીમાં પ્રાયઃ રોગ, વૈર, ઉંદર, મારી, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાલ, પોતાના તથા પરના સૈન્યનો ભય, એટલા વાનાં થાય નહિ

૧૦. કેવળજ્ઞાન વડે ભગવંત લોક અને અલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે દેખી રહ્યા છે.

૧૧. ભગવંતની રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તિ, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક પ્રમુખ ભવ્યજીવો સેવા-ભક્તિ કરવાની અભિલાષા રાખે છે.

૧૨. ભગવંત એવી વાણીથી દેશના દે છે કે, દેવતા મનુષ્ય અને તિર્યંચ, એ સર્વે પોતપોતાની ભાષામાં સમજી જાય.

સિદ્ધ ભગવંતના આઠ ગુણ.

૧. જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થવાથી સિદ્ધભગવંત લોકાલોકનું સ્વરૂપ જાણે છે.

૨. દર્શનાવરણીય કર્મ ક્ષય થવાથી, લોકાલોકના સ્વરૂપને દેખે છે.

૩. વેદનીય કર્મ ક્ષય થવાથી, અવ્યાબાધપણું એટલે સર્વ પ્રકારની પીડારહિત છે.

૪. મોહનીય કર્મ ક્ષય થવાથી, ક્ષાયિક સમકિતવાન છે.

૫. આયુષ્ય કર્મ ક્ષય થવાથી, અક્ષય સ્થિતિવાન છે.

૬. નામ કર્મ ક્ષય થવાથી અરૂપી, ઉપલક્ષણથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત છે.

૭. ગોત્ર કર્મ ક્ષય થવાથી અગુરૂ લઘુ અર્થાત્ ઉંચ ગોત્ર અને નીચ ગોત્રથી રહિત છે.

૮. અંતરાય કર્મ ક્ષય થવાથી, અનંત બળવાન છે.

આચાર્યજીના છત્રીશ ગુણ.

૫. શ્રોત્રેંદ્રિય, ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય અને સ્પર્શેન્દ્રિય એ પાંચ ઇંદ્રિયોને સંવરનાર હોય.

૯. નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર હોય.

૪. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયથી મૂકાયેલા હોય.

૫. પાંચ મહાવ્રતે કરી સહિત.

૫. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, એ પાંચ આચાર સહિત હોય.

૫. ઇર્યા, ભાષા, એષણા, આદાનભંડ-મત-નિક્ષેપના અને ઉચ્ચાર પ્રસવણ ખેલ, જલ, સંઘાણ, પારિઠાવણિયા એ પાંચ સુમતિ સહિત હોય.

૩. મન, વચન અને કાયા એ ત્રણ ગુપ્તિ સહિત વર્તનાર હોય.

ઉપાધ્યાયજીના પચ્ચીશ ગુણ.

૧૧. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસક-દશાંગ, અંતગડ, અનુત્તરોવવાઇ, પ્રશ્નવ્યાકરણ અને વિપાક એ અગીઆર અંગ પોતે ભણે અને બીજાને ભણાવે.

૧૨. ઉવવાઇ, રાયપ્પસેણિ, જીવાભિગમ, પન્નવણા, જંબુદ્વીપ-પન્નતિ, ચંદ્રપન્નતિ, સૂર્યપન્નતિ, કપ્પિયા, કપ્પવડિંસયા, પુપ્ફિયા, પુપ્ફચુલિયા અને વન્હિદશા; એ બાર ઉપાંગ પોતે ભણે અને બીજાઓને ભણાવે.

૨. ચરણસિત્તરી અને કરણસિત્તરી એ બેઉને શુદ્ધ રીતે પાળે.

સાધુજીના સત્તાવીશ ગુણ.

૫. પંચ મહાવ્રત અને છઠું રાત્રિભોજન વ્રત પાળે.
૬. પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય એ છકાયની રક્ષા કરે.
૬. પાંચઇંદ્રિય અને છઠ્ઠો લોભ તેનો નિગ્રહ કરે.
૧. ક્ષમા રાખે.
૧. ભાવ વિશુદ્ધિ-ચિત્ત નિર્મળ રાખે.
૧. બાહ્ય ઉપકરણાદિકનું પડિલેહણ ઉપયોગ સહિત કરે.
૧. સંયમ જોગને વિષે યુક્ત હોય.
૩. મન, વચન અને કાયાને માઠાં કાર્યમાં જતાં રોકી રાખે.
૧. શીતાદિક બાવીશ પરિસહ સહન કરે.
૧. મરણાંત ઉપસર્ગ સહન કરે, પરંતુ ધર્મ મૂકે નહિ.

મંગળમય મહાવીર.


મંગળમય મહાવીર, અમારા મંગળમય મહાવીર.
શાસન નાયક, વીર જિનેશ્વર, ઉતારો ભવ તીર.. અમારા૦ ૧
ચંદનબાળા સતી શીલવંતી, લાધ્યા બાકળા પ્રતિવીર...અમારા૦ ૨
ચરણે ડસ્યો ચંડ નાગ કોશીયો, દૂધનું વહ્યું રૂધીર...અમારા૦ ૩

શ્રાવકના ૨૧ ગુણ.

સમકીતી શ્રાવકનાં લક્ષણ શ્રાદ્ધવિધિ ગ્રંથમાં નીચે જણાવેલા એકવીશ પ્રકારે બતાવેલાં છે.

૧ તુચ્છ પરિણામી ન હોય.
૨ રૂપવંત હોય.
૩ સ્વભાવે સૌમ્ય હોય
૪ લોકપ્રિય હોય.
૫ ક્રૂર ન હોય.
૬ ભાગ્યવંત હોય.
૭ મૂર્ખ ન હોય.
૮ દાક્ષિણ્યયુક્ત હોય.
૯ લજ્જાવંત હોય.
૧૦ દયાવંત હોય.
૧૧ સમાન દૃષ્ટિ હોય.
૧૨ ગુણાનુરાગી હોય.
૧૩ ધર્મકથાકથક હોય.
૧૪ રૂડાં કુટુંબવાળો હોય.
૧૫ દીર્ઘદૃષ્ટિ હોય.
૧૬ ધર્મ, અર્થ તથા કામ વર્ગના વિશેષને જાણનાર હોય.
૧૭ બાપદાદાના માર્ગને અનુસરનાર હોય.
૧૮ વડીલોની મર્યાદા જાળવનાર હોય.
૧૯ કરેલા ઉપકારને જાણનાર હોય.
૨૦ પરજીવના હિતાર્થનો કરનાર હોય.
૨૧ સર્વ સારાં કાર્યમાં સાવધાન હોય.

સમકીતવંત અને આવા ગુણજ્ઞ શ્રાવકોએ પ્રથમ તો ગૃહસ્થને ઉપયોગી વિદ્યાનો સંગ્રહ કરવો જોઈએ તેમજ પોતાની સંતતિ વિદ્વાન થાય અને તેની વૃત્તિ સ્વધર્મ તરફ વળે તેવા ઉપાયો અને તેવી યોજનાઓ યોજવી જોઇએ. કેમકે વિદ્યાવડે ગૃહસ્થ સર્વસ્વ મેળવી શકે છે અને નિપુણ બને છે. વાસ્તે વિદ્યારૂપ ખેડવડે બુદ્ધિરૂપ પૃથ્વીને અવશ્ય સુધારવી જોઇએ.



અથ શ્રી ૭ કાયના બોલ.



પ્રથમ ૭ કાયના નામ કહે છેઃ-

૧ પહેલે બોલે ઇંદ્રીયાવરકાય, ૨ બેંદ્રીયાવરકાય, ૩ સપ્તિ યાવરકાય, ૪ સુમતિયાવરકાય, ૫ પયાવચયાવરકાય, ૬ જંગમકાય. હવે તેનાં ગોત્ર કહે છે—૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય ૪ વાઉકાય, ૫ વનસ્પતીકાય, ૬ ત્રસકાય.

(૧) પૃથ્વીકાયના બે ભેદ—સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે કોને કહીએ! હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે, પણ આપણી નજરે આવે નહિ, તે તો ફક્ત જ્ઞાની જ જાણે અને દેખે. બાદર તે કોને કહીયે? આપણી નજરે આવે અથવા ન આવે, હણ્યા હણાય, માર્યા મરે, બાળ્યા બળે, તેને બાદર કહીએ. તેનાં નામ કહે છે—૧ પહેલે બોલે માટી ને મીઠાની જાત; ૨ ખડી ને ખારાની જાત, ૩ કાળમિંઢ મરડીયા પહાણા ને શિલાની જાત, ૪ હિંગળો ને હળતાલની જાત, ૫ ગેરૂ ને ગોપીચંદનની જાત, ૬ રત્ન પરવાળાની જાત, ૭ સોળ જાતનાં રત્ન આદિ લઇને બેંતાળીશ જાતની પૃથ્વીકાય છે, તેના એક કકડામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. જુવાર તથા પીલુ જેટલી પૃથ્વીકાય લઇએ, તેમાંથી એકેકો જીવ નીકળીને પારેવાં જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેનાં કુળ બાર લાખ કોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટું બાવીશ હજાર વર્ષનું, તેની દયા પાળીયે તો મોક્ષનાં અનંતા સુખ પામીયે.

(૨) અપકાય તે પાણી-તેના બે ભેદ—સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે કોને કહીએ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ. તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ. તેને સૂક્ષ્મ કહીએ.

હવે બાદર પાણીના નામ કહે છે—પહેલે બોલે વરસાદ ને કરાનાં પાણી, ૨ ઝાકળ ને કુમરનાં પાણી, ૩ કુવા, નદી ને

તળાવનાં પાણી, ૪ દરિયા ને ઝરણનાં પાણી, ૫ ખારાં ખાટાં પાણી, ૬ મીઠાં મોળાં પાણી-એ આદિ લઇને ઘણી જાતનાં પાણી છે. તેના એક બિંદુમાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે, તેમાંથી એકેકો જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેનાં કુળ સાત લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટું સાત હુજાર વર્ષનું. તેની દયા પાળીયે તો મોક્ષનાં અનંતાં સુખ પામીએ.

(૩) તેઉકાય તે અગ્નિ-તેના બે ભેદ—સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે કોને કહીએ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ, તેને સૂક્ષ્મ કહીએ.

હવે બાદર અગ્નિનાં નામ કહે છે—૧ પહેલે બોલે ચુલા ને ભઠ્ઠીની અગ્નિ, ૨ ધુમાડી ને તાપણીની અગ્નિ, ૩ ચકમક ને વીજળીની અગ્નિ, ૪ દીવા ને ઉમાડાની અગ્નિ, ૫ બગધગતા લોઢાં ને અરણોની અગ્નિ, ૬ દાવાનળની અગ્નિ, ૭ નીંભાડાની અગ્નિ, એ આદિ લઇને ઘણી જાતની અગ્નિ છે. તેના એક તણખામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યાં છે. તેમાંથી એકેકો જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેના કુળ ત્રણ લાખ ક્રોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું ઉત્કૃષ્ટું ત્રણ અહોરાત્રિનું. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

(૪) વાઉકાય તે વાયરો-તેના બે ભેદ-સૂક્ષ્મ ને બાદર—સૂક્ષ્મ તે કોને કહીએ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ, તેને સૂક્ષ્મ કહીએ.

હવે બાદર વાયરાનાં નામ કહે છે—૧ પહેલે બોલે ઉગમણો ને આથમણો વા, ૨ ઉત્તર ને દક્ષિણનો વા, ૩ ઉંચો નીચો ને ત્રિછો વા, ૪ વંટોળીઓ ને મંડળીઓ વા, ૫ ગુંજવા ને સૂધવા એ આદિ લઇને ઘણી જાતનો વાયરો થાય છે. તે વાયરો શા થકી હણાય છે?—ઉઘાડે મોઢે બોલવાથી, ૨ ઝાપટા નાંખવાથી, ૩

સૂપડે સોવાથી, ૪ ઝાટકવાથી, ૫ કાંતવાથી, ૬ વિંજવાથી, ૭ તાલોટા વગાડવાથી, ૮ વિંઝણે વિંઝવાથી, ૯ હીંચોળે હીંચવાથી, એ આદિ લઇને ઘણી જાતનાં શસ્ત્રે કરી હણાય છે. એકવાર ઉઘાડે મોઢે બોલવાથી વાયરાના અસંખ્યાતા જીવ હણાય છે, તેમાંથી એકેકો જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. તેનાં કુળ સાત લાખ કોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટું ત્રણ હજાર વર્ષનું. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતાં સુખ પામીએ.

(૫) વનસ્પતીકાયના બે ભેદ—સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે કોને કહીએ ? હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે પણ આપણી નજરે આવે નહિ, તેને સૂક્ષ્મ કહિએ.

હવે બાદર વનસ્પતીના બે ભેદ-પ્રત્યેક ને સાધારણ. પ્રત્યેક કોને કહીએ ? શરીરે શરીરે એકેકો જીવ હોય તેને પ્રત્યેક કહીએ, અને એક શરીરે અનંતા જીવ હોય તેને સાધારણ કહીએ. હવે પ્રત્યેકનાં નામ કહે છે—૧ પહેલે બોલે વૃક્ષ ને વેલાની જાત, ૨ રીંગણી તળસી ને ગુલમની જાત, ૩ એરડા આકડા ધતુરાની જાત, ૪ દાડમ સેલડી ને કેળાંની જાત, ૫ થોર કેવડો દાભડો ને તરણાની જાત, ૬ કુલ કમળ ને નાગરવેલની જાત, ૭ બોરડી કેવડો ને કસેલાંની જાત, ૮ જુવાર, બાજરો, મઠ, મકાઈની જાત, ૯ તાંજલજો, સુવા, મોથરી, વાલોળફળીની જાત, એ આદિ લઇને ઘણી જાતની પ્રત્યેક વનસ્પતી છે. તેમાં ભગવાને ત્રણ પ્રકારના જીવ કહ્યા છે. સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

હવે સાધારણ વનસ્પતીનાં નામ કહે છે—૧ પહેલે બોલે લીલકુલ અને સેવાળની જાત, ૨ આજર ને મૂળાની જાત, ૩ કુંગળી ને લસણની જાત, ૪ આદુ ને ગરમરની જાત, ૫ રતાળુ ને પીંડાળુની જાત, ૬ કંટાલો, થેાર, અરસાણી, કુંવાર ને શેલરાંની જાત, ૭ મોથ ને લુણીની જાત, ૮ ઉગતા અંકુરા અને કુણી કાકડીની જાત એ આદિ લઇને ઘણી જાતની સાધારણ વનસ્પતી છે. એક

કંદમૂળના કકડામાં શ્રીભગવંતે અનંતા જીવ કહ્યા છે. તેનાં કુળ અહ્યાવીશ લાખ કોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટું દશ હજાર વર્ષનું છે. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

(૬) ત્રસકાય, તેના ચાર ભેદ—૧ બેઇંદ્રિ, ૨ તેઇંદ્રિ, ૩ ચૌરિંદ્રિ, ૪ પંચેંદ્રિ.

(૧) બે ઇંદ્રિના બે ભેદ—અપર્યાપ્તા અને પર્યાપ્તા. બે ઇંદ્રિ તે કોને કહીએ? જેને કાયા અને જીભ હોય તેને બે ઇંદ્રિ કહીએ. તેનાં નામ કહે છે. ૧ જળો, ૨ કીડા, ૩ પોરા, ૪ કરમીયા, ૫ સરમીયા, ૬ મામણમુંડા, ૭ અણસીયા, ૮ વાંતરા, ૯ શંખ, ૧૦ છીપ, ૧૧ કોડાં, ૧૨ ઇયળ-એ આદિ લઇને ઘણી જાતનાં બે ઇંદ્રિ જીવ છે. તેનાં કુળ સાત લાખ કોડ છે, તેનું આઉખું જઘન્ય અંતર્મૂહૂર્તનું. ઉત્કૃષ્ટું, બાર વર્ષનું. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

(૨) તેઇંદ્રિના બે ભેદ—અપર્યાપ્તા અને પર્યાપ્તા. તેઇંદ્રિ તે કોને કહીએ! જેને કાયા, મુખ અને નાસિકા હોય તેને તેઇંદ્રિ કહીએ. તેનાં નામ કહે છે—૧ જુ, ૨ લીંખ, ૩ ચાંચડ, ૪ માંકડ, ૫ કીડી, કંથવા, ૭ માટલા, ૮ ધનેડાં, ૯ ઝુવા, ૧૦ ઇતડી, ૧૧ ગીંગોડા, ૧૨ ધીમેલ ૧૩ ગયૈયાં, ૧૪ કાનખજૂરા, ૧૫ મંકોડા, ૧૬ ઉધાઈ, ૧૭ શવા એ આદિ લઇને ઘણી જાતનાં તેઇંદ્રિ જીવ છે. તેનાં કુળ આઠ લાખ કોડ છે. તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટું ઓગણ પચાશ દિવસનું. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતાં સુખ પામીએ.

(૩) ચૌરેંદ્રિના બે ભેદ—અપર્યાપ્તા ને પર્યાપ્તા. ચૌરેંદ્રિ તે કોને કહીએ! જેને કાયા, મુખ, નાસિકા અને આંખ હોય તેને ચૌરિંદ્રિ કહીયે. તેનાં નામ કહે છે—૧ માંખી, ૨ મસલાં, ૩ ડાંસ, ૪ મચ્છર, ૫ ભમરા, ૬ તીડ, ૭ પતંગ, ૮ કરોળીયા, ૯ કંસારી, ૧૦ ખડમાંકડી, ૧૧ ધુહીયા, ૧૨ વીંછી, ૧૩ બગા, ૧૪ કુદાં-એ આદિ લઇને ઘણી જાતનાં ચૌરેંદ્રિ જીવ છે. તેનાં

×વનસ્પતીમાં પ્રત્યેકનું ઉત્કૃષ્ટું આઉખું દશ હજાર વર્ષનું ને સાધારણનું જ. ઉ. અંતરમુહૂર્ત સમજવું.

કુળ નવ લાખ કોડ છે, તેનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્તનું; ઉત્કૃષ્ટું છ માસનું. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતાં સુખ પામીએ.

(૪) પંચેંદ્રિના બે ભેદ—અપર્યાપ્તા ને પર્યાપ્તા. પંચેંદ્રિ તે કોને કહીયે! જેને કાયા, મુખ, નાસિકા, આંખ અને કાન એ પાંચ ઇંદ્રિ હોય તેને પંચેંદ્રિ કહીએ. પંચેંદ્રિની ચાર જાત. ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, અને ૪ દેવતા.

તેમાં ૧૪ ભેદ નારકીના, ૪૮ ભેદ તિર્યંચના, ૩૦૩ ભેદ મનુષ્યના અને ૧૯૮ ભેદ દેવતાના, કુલ મળી ૫૬૩ ભેદ થયા.

દેવતાના ચાર ભેદ—૧ ભવનપતિ, ૨ વાણવ્યંતર, ૩ જ્યોતિષી, ૪ વૈમાનિક, મનુષ્યના ચાર ભેદ—૧ પંદર કર્મભૂમિનાં મનુષ્ય, ૨ ત્રીશ અકર્મભૂમિનાં મનુષ્ય ૩ છપ્પન અંતરદ્વીપનાં મનુષ્ય ૪ ચઉદ સ્થાનકનાં સમૂચ્છિમ મનુષ્ય. નારકી ને દેવતાની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની, ઉત્કૃષ્ટી તેત્રીશ સાગરોપમની; તિર્યંચ ને મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી ત્રણ પલ્યની. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતાં સુખ પામીએ.

ઇતિશ્રી છ કાયના બોલ સમાપ્ત.

અથ શ્રી નવ તત્ત્વ.

વિવેકી સમદૃષ્ટિ જીવને નવ પદાર્થ જેવા છે તેવા તથારૂપ બુદ્ધિ પ્રમાણે ગુરૂ આમન્યાથી ધારવા. તે—

નવ તત્ત્વનાં નામ કહે છે.

૧. જીવતત્ત્વ, ૨. અજીવતત્ત્વ, ૩. પુણ્યતત્ત્વ, ૪. પાપતત્ત્વ, ૫ આશ્રવતત્ત્વ, ૬. સંવરતત્ત્વ, ૭. નિર્જરાતત્ત્વ, ૮. બંધતત્ત્વ, ૯. મોક્ષતત્ત્વ.

વ્યવહારનયે કરી જે શુભાશુભ કર્મોનો કર્તા, હર્તા તથા ભોક્તા છે. અને નિશ્ચય નયે કરી જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ નિજગુણોનોજ કર્તા તથા ભોક્તા છે અથવા દુઃખ સુખ જ્ઞાનોપયોગ લક્ષણવંત ચેતના[૧] સહિત હોય તથા પ્રાણ ધારણ કરે તેને પ્રથમ જીવતત્વ કહીયે; તેથી વિપરીત જે ચેતનારહિત, જડસ્વભાવવાળો હોય તેને બીજું અજીવતત્વ કહીયે; જેણે કરી શુભ કર્મનાં પુણ્યનો સંચય થવાથી સુખનો અનુભવ થાય છે. તેને ત્રીજું પુણ્યતત્વ કહીયે; તેથી વિપરીત જેણે કરી અશુભ કર્મનાં પાપનો સંચય થવાથી દુઃખનો અનુભવ થાય છે તેને ચોથું પાપતત્વ કહીયે; જેણે કરી નવાં કર્મ બંધાય છે, અશુભ કર્મોપાદાન હેતુ હિંસાદિક તેને પાંચમું આશ્રવતત્વ કહીયે; જેણે કરી આવતાં કર્મ રોકાય અર્થાત્ પાંચ સુમતિ અને ત્રણ ગુપ્તિ તેણે કરી જે આશ્રવ રોધ કરવો તેને છઠું સંવરતત્વ કહીયે; જેણે કરી આત્મપ્રદેશમાંથી દેશથકી કર્મ જુદાં થાય છે. અથવા પૂર્વે કરેલાં કર્મો જે ક્ષય થાય છે એટલે તપ પ્રમુખે કરી કર્મોનું પચાવવું (નિર્જરવું) થાય છે તેને સાતમું નિર્જરાતત્વ કહીયે; જે નવાં કર્મોનું ગ્રહણ કરીને તેની સાથે જીવનું બંધન થવું, ક્ષીર નીરની પેઠે મળી જવું તેને આઠમું બંધતત્વ કહીયે; અને જે આત્મપ્રદેશથકી સર્વથા કર્મોનો ક્ષય થવો તેને નવમું મોક્ષતત્વ કહીયે. એ નવ તત્વરૂપ વસ્તુનું

૧ જેમ ગોળનો ગુણ મીઠાશ તેમ જીવનો ગુણ ચૈતન્ય, જેમ ગોળને મીઠાશ એક તેમ જીવને ચૈતન્ય એક.

યથાસ્થિત સ્વરૂપ જે પ્રમાણે સિદ્ધાંતોને વિષે કહ્યું છે તેમજ સમ્યગ્દૃષ્ટિ જીવોને એ નવતત્વ તે "જ્ઞ" પરિજ્ઞાએ કરી જાણવા યોગ્ય છે અને કેટલાએક પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ કરી છાંડવા યોગ્ય છે.×

જીવના ભેદ વિસ્તારથી કહે છે.

જીવનો એક ભેદ છે, સકળ જીવોનું ચૈતન્ય લક્ષણ એક છે. માટે સંગ્રહનયે કરી એક ભેદે જીવ કહીએ. બે પ્રકારે

× એ નવતત્વમાંહેલા જીવ અને અજીવ એ બે તત્વ માત્ર જાણવા યોગ્ય છે, પુણ્ય, સંવર, નિર્જરા, અને મોક્ષ એ ચાર તત્વ ગ્રહણ કરવા યોગ્ય છે, પરંતુ એમાંનું પુણ્યતત્વ, વ્યવહારનયે કરી શ્રાવકને ગ્રહણ કરવું યોગ્ય છે. અને નિશ્ચયવડે ત્યાગ કરવું એ યોગ્ય છે, તેમજ મુનિને ઉત્સર્ગ ત્યાગ કરવું યોગ્ય છે અને અપવાદે ગ્રહણ કરવું યોગ્ય છે તથા પાપ આશ્રવ અને બંધ એ ત્રણ તત્વ તો સર્વથા સર્વને ત્યાગ કરવા યોગ્ય જ છે.

એ નવતત્વનાં નામ કહ્યાં અન્યથા સંક્ષેપથી તો જીવ અજીવ એ બે તત્વ જ શ્રી ઠાણાંગમાંહે કહ્યાં છે, કેમકે જીવને પુણ્ય તથા પાપનો સંભવ છે તથા કર્મનો બંધ પણ તાદાત્મિક છે અને કર્મ જે છે તે પુદ્ગલ પરિણામ છે અને પુદ્ગલ તે અજીવ છે. તથા આશ્રવ જે છે તે પણ મિથ્યા દર્શનાદિક ઉપાધિએ કરી જીવનો મલિન સ્વભાવ છે એ પણ આત્માના પ્રદેશ અને પુદ્ગલવિના બીજે કોઇ નથી તથા સંવર જે છે તે પણ આશ્રવ નિરોધ લક્ષણ દેશ સર્વ ભેદ આત્માનો નિવૃત્તિરૂપ સ્વભાવ પરિણામ જ્ઞાનાત્મક છે તથા નિર્જરા જે છે તે પણ જીવ અને કર્મને પૃથક્ ઉપજાવવાને કારણે દધિ મંથન ન્યાયે કરી કર્મનો પરિપાક છે તથા સર્વ શક્તિએ કરી સકલ કર્મ દુઃખનો ક્ષય નવનીતગત દગ્ધ જલ નિર્મળ ઘૃત પ્રગટરૂપ દૃષ્ટાંતે ચિદાનંદમય આત્માનું પ્રગટ થાવું તે મોક્ષતત્વ છે, તે માટે જીવ અને અજીવ એ બે તત્વ જ કહીએ. તથા અન્યત્ર મતાંતરે સાત તત્વ પણ છે. કેમકે પુણ્ય અને પાપ એ બે તત્વનો અંતરભાવ બંધતત્વ માંહેજ થાય છે. કારણ જે શુભ પ્રકૃતિકર્મબંધ તે પુણ્ય અને અશુભ પ્રકૃતિકર્મબંધ તે પાપતત્વ છે. માટે પુણ્ય પાપ રહિત સાત તત્વ કહીએ.તેમજ વળી પાંચ તત્વ પણ કહ્યાં છે. ઇત્યાદિક ઘણો વિસ્તાર વિશેષાવશ્યક તથા તત્વાર્થ અને લોકપ્રકાશાદિ ગ્રંથો થકી જાણવો.

પણ જીવ કહીયે. ૧ ત્રસ ને ૨ સ્થાવર તથા ૧ સિદ્ધ અને ૨ સંસારી. ત્રણ પ્રકારે જીવ, ૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષવેદ ને નપુંસક વેદ તથા ૧ ભવ સિદ્ધિયા, ૨ અભવ સિદ્ધિયા, ૩ નોભવ સિદ્ધિયા, નો અભવસિદ્ધિયા, ચાર પ્રકારે જીવ, ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય ને, ૪ દેવતા તથા ૧ ચક્ષુદર્શની, ૨ અચક્ષુદર્શનો ૩ અવધિદર્શની, ૪ કેવળદર્શની. પાંચ પ્રકારે જીવ, ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરેંદ્રિય, ૫ પંચેંન્દ્રિય, તથા ૧ સજોગી, ૨ મન જોગી, ૩ વચન જોગી, ૪ કાય જોગી, ૫ અજોગી, છ પ્રકારે જીવ, ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય, તથા ૧ સકષાયી, ૨ કોહ કષાયી, ૩ માન કષાયી, ૪ માયા કષાયી, ૫ લોભ કષાયી, ૬ અકષાયી. સાત પ્રકારે જીવ ૧ નારકી. ૨ તિર્યંચ, ૩ તિર્યંચણી, ૪ મનુષ્ય, ૫ મનુષ્યણિ, ૬ દેવતા, ૭ દેવી. આઠ પ્રકારે જીવ, ૧ સલેશી, ૨ કૃષ્ણલેશી, ૩ નીલલેશી, ૪ કાપુતલેશી, ૫ તેજુલેશી, ૬ પદ્મલેશી, ૭ શુકલલેશી, ૮ અલેશી. નવ પ્રકારે જીવ, ૧ પૃથ્વી, ૨ અપ, ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ, ૬ બેઇંદ્રિય, ૭ તેઇંદ્રિય, ૮ ચૌરેંદ્રિય, ૯ પંચેંદ્રિ. દશ ભેદે જીવ ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરેંદ્રિય, ૫ પંચેંદ્રિય. એ પાંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી દશ થયા. અગ્યાર ભેદે જીવ ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરેંદ્રિય, ૫ નારકી, ૬ તિર્યંચ, ૭ મનુષ્ય, ૮ ભવનપતિ, ૯ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, ૧૧ વૈમાનિક. બાર ભેદે જીવ, ૧ પૃથ્વી, ૨ અપ, ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ, ૬ ત્રસકાય એ છના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી બાર થયા. તેર ભેદે જીવ ૧ કૃષ્ણલેશી, ૨ નીલલેશી, ૩ કાપુતલેશી, ૪ તેજુલેશી, ૫ પદ્મલેશી, ૬ શુકલલેશી. એ છના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી બાર ને એક અલેશી કુલ મળી તેર થયા.

જીવના ચૌદ ભેદ કહે છે–૧ સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો, ૨ સૂક્ષ્મ એકેંદ્રિયનો પર્યાપ્તો, ૩ બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો ૪ બાદર એકેન્દ્રિયનો પર્યાપ્તો, ૫ બેઇંદ્રિયનો અપર્યાપ્તો, ૬ બેઇંદ્રિયનો પર્યાપ્તો, ૭ તેઇંદ્રિયનો અપર્યાપ્તો, ૮ તેઇંદ્રિયનો પર્યાપ્તો, ૯ ચૌરેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૦ ચૌરેંદ્રિયનો પર્યાપ્તો, ૧૧ અસંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૨ અસંજ્ઞી પંચેંદ્રિયનો

પર્યાપ્તા, ૧૩ સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તા, ૧૪ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તા. એ ચૌદ ભેદ જીવના કહ્યા.

વ્યવહારથી, વિસ્તારનયે કરીને પાંચસેં ત્રેસઠ ભેદ જીવના કહે છે-તેમાં ત્રણસેં ને ત્રણ ભેદ મનુષ્યના, એકસો અઠાણું ભેદ દેવતાના, અડતાલીશ ભેદ તિર્યંચના, ચઉદ ભેદ નારકીના એમ પદ્દ ભેદ થયા.

મનુષ્યના ૩૦૩ ભેદ કહે છે—૧૫ કર્મભૂમીનાં મનુષ્ય, ૩૦ અકર્મભૂમીનાં મનુષ્ય, ૫૬ અંતરદ્વીપનાં મનુષ્ય, એમ ૧૦૧ થયા, તે ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા, ને પર્યાપ્તા એમ ૨૦૨ અને ૧૦૧ ક્ષેત્રના સમૂર્છિમ મનુષ્યના અપર્યાપ્તા, એ સર્વ મળી કુલે ૩૦૩ ભેદ મનુષ્યના થયા.

કર્મભૂમિ તે કોને કહીએ—૧ અસી, ૨ મસી, ૩ કૃષી, એ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તે. તે કર્મભૂમિનાં ક્ષેત્ર કેટલાં અને કયાં છે તે કહે છે—૫ ભરત, ૫ ઇરવત અને ૫ મહાવિદેહ એ ૧૫. તે એક લાખ જોજનનો જંબૂદ્વીપ છે તેમાં એક ભરત, ૧ ઇરવત, ૧ મહાવિદેહ એ ત્રણ ક્ષેત્ર કર્મભૂમિનાં જંબુદ્વીપમાં છે. તેને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે, તેને ફરતો ચાર લાખ જોજનનો ધાતકીખંડ દ્વીપ છે, તેમાં ૨ ભરત, ૨ ઇરવત, ૨ મહાવિદેહ છે. તેને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધિ સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો અર્ધ પુષ્કર દ્વીપ છે, તેમાં ૨ ભરત, ૨ ઇરવત, ૨ મહાવિદેહ છે. એમ સઘળાં મળીને પંદર કર્મભૂમિનાં મનુષ્ય કહ્યાં.

હવે અકર્મભૂમિ તે કોને કહીએ? ત્રણ કર્મરહિત (અસો મસી કૃષી.) દશ પ્રકારના કલ્પવૃક્ષે કરી જીવે તે કેટલા અને કયાં છે. તે કહે છે. ૫ હેમવય, ૫ હિરણ્યવય, ૫ હરીવાસ, ૫ રમકવાસ, ૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરૂ એ ત્રીશ અકર્મભૂમિનાં નામ કહ્યાં. ૧ હેમવય, ૧ હિરણ્યવય, ૧ હરીવાસ, ૧ રમકવાસ, ૧ દેવકુરૂ, ૧ ઉત્તરકુરૂ, એ ૬ ક્ષેત્ર જંબુદ્વીપમાં છે. ૨ હેમવય, ૨ હીરણ્યવય, ૨ હરીવાસ, ૨ રમકવાસ, ૨ દેવકુરૂ, ૨ ઉત્તરકુરૂ, એ બાર ક્ષેત્ર ધાતકી ખંડમાં છે. ૨ હેમવય, ૨ હિરણ્યવય, ૨ હરીવાસ, ૨ રમકવાસ, ૨ દેવકુરૂ, ૨ ઉત્તમકુરૂ, એ બાર અર્ધપુષ્કર દ્વીપમાં છે. એ સઘળાં મળી કુલ ૩૦ અકર્મભૂમિનાં મનુષ્ય કહ્યાં.

છપ્પન ભેદ અંતરદ્વીપના મનુષ્યના કહે છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રની મર્યાદાનો કરણહાર ચુલહિમવંત નામે પર્વત છે તે સોના જેવો પીળો છે, સો જોજનનો ઉંચો છે, સો ગાઉનો ઉંડા છે, એક હજાર બાવન જોજન ને બાર કળાનો પહોળો છે, ચોવીશ હજાર નવસેં બત્રીશ જોજનનો લાંબો છે, તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે ડાઢા નીકળી છે. એકેકી ડાઢા ચોરાસીસેં ચોરાસીસેં જોજનની ઝાઝેરી લાંબી છે. એકેકી ડાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ છે. તે અંતરદ્વીપ કયાં છે તે કહે છે.

જગતીના કોટથકી ત્રણસેં જોજન લવણસમુદ્રમાં જઈએ તે વારે પહેલો અંતરદ્વીપ આવે, તે ૩૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી ચારસેં જોજન જઈએ તેવારે બીજો અંતરદ્વીપ આવે, તે ૪૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી પાંચસેં જોજન જઇએ તેવારે ત્રીજો અંતરદ્વીપ આવે, તે ૫૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી છસેં જોજન જઇએ તેવારે ચોથો અંતરદ્વીપ આવે, તે ૬૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી સાતસેં જોજન જઈએ તેવારે પાંચમો અંતરદ્વીપ આવે, તે ૭૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી આઠસેં જોજન જઈએ તેવારે છટ્ઠો અંતરદ્વીપ આવે, તે ૮૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી નવસેં જોજન જઈએ તેવારે સાતમો અંતરદ્વીપ આવે. તે ૯૦૦ જોજનનો લાંબો અને પહોળો છે. એમ એકેક ડાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ આવે. કુલ ચારે ડાઢાના મળી ૨૮ અંતરદ્વીપ જાણવા.

આવીજ રીતે ઈરવત ક્ષેત્રની મર્યાદાનો કરણહાર શિખરી નામે પર્વત છે, ચુલ હિમવંત સરખો જ જાણવો. ત્યાં પણ ૨૮ અંતરદ્વીપ છે, એમ સઘળા મળી કુલ ૫૬ અંતરદ્વીપ જાણવા. તેને અંતરદ્વીપનાં મનુષ્ય શામાટે કહીએ? હેાળ સમુદ્ર છે અને ઉપર-અધર ડાઢામાં દ્વીપોમાં રહેનારાં છે માટે અંતરદ્વીપનાં મનુષ્ય કહીએ. યુગ્મ અકર્મભૂમિના મનુષ્યો જેવું.

એકસો ને એક ક્ષેત્રના સમૂર્છિમ મનુષ્ય ચૌદ સ્થાનકમાં ઉપજે છે તે કહે છે.

૧ ઉચ્ચારે સુવા કહેતાં વડીનિતમાં ઉપજે, ૨ પાસવણે સુવા કહેતાં લઘુનિતમાં ઉપજે, ૩ ખેળે સુવા કહેતા બળખામાં ઉપજે. ૪ સંઘાણે સુવા કહેતાં લીંટમાં ઉપજે, ૫ વંતે સુવા કહેતાં વમનમાં ઉપજે, ૬ પીત્તે સુવા કહેતાં લીલા પીળા પીત્તમાં ઉપજે, ૭ પુઇએ સુવા કહેતાં પરૂમાં ઉપજે, ૮ સોણીએ સુવા કહેતાં રૂધિરમાં ઉપજે, ૯ સુક્કે સુવા કહેતાં વીર્યમાં ઉપજે, ૧૦ સુક્ક પોગ્ગલ પરીસાડીએ સુવા કહેતાં વીર્યાદિકમાં પુદ્ગળ સુકાણા તે ફરી ભીના થાય તેમાં ઉપજે, ૧૧ વિગય જીવ કલેવરે સુવા કહેતાં મનુષ્યના કલેવરમાં ઉપજે, ૧૨ ઈથી પુરિસ સંજોગે સુવા કહેતાં સ્ત્રી પુરૂષના સંજોગમાં ઉપજે, ૧૩ નગરનીધમણે સુવા કહેતાં નગરની ખાળોમાં ઉપજે, ૧૪ સવ્વે સુચેવ અસુઈ ઠાણે સુવા કહેતાં સર્વ મનુષ્ય સંબંધી અશુચિ સ્થાનકોમાં ઉપજે, એ ચૌદ સ્થાનકનાં નામ કહ્યાં અને ૧૦૧ ક્ષેત્રનાં સમૂછીમ મનુષ્યના અપર્યાપ્તા. એ સર્વે મળી કુલ ૩૦૩ ભેદ મનુષ્યના કહ્યા.

૧૯૮ ભેદ દેવતાના કહે છે.

દશ ભવનપતિનાં નામ—૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિજ્જુકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશાકુમાર, ૯ પવનકુમાર, ૧૦ થણીતકુમાર.

પંદર પરમાધામીનાં નામ—૧ અંબ, ૨ અંબરિસ, ૩ સામ, ૪ સબલ, ૫ રૂદ્ર, ૬ વૈરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિપત્ર, ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ, ૧૨ વાલુ, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર, ૧૫ મહાઘોષ.

સોળ વાણવ્યંતરનાં નામ—૧ પિશાચ, ૨ ભૂત, ૩ જક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ, ૯ આણપન્ની, ૧૦ પાણપન્ની, ૧૧ ઈસીવાઈ, ૧૨ ભુઇવાઈ, ૧૩ કંદીય, ૧૪ મહાકંદીય, ૧૫ કોહંડ, ૧૬ પયંગદેવ.

દસ જંભકાનાં નામ—૧ આણજંભકા, ૨ પાણજંભકા, ૩ લયણજંભકા, ૪ શયણજંભકા, ૫ વચ્છજંભકા, ૬ પુષ્પજંભકા,

૭ કુળજંભકા, ૮ બીયજંભકા, ૯ વિજ્જુજંભકા, ૧૦ અવિયતજંભકા.

દશ જ્યોતિષીનાં નામ—૧ ચંદ્રમા, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર ૫ તારા, એ પાંચ ચળ તે અઢી દ્વીપમાં છે ને એજ નામના બીજા પાંચ સ્થિર તે અઢી દ્વીપ બહાર છે એ મળી દશ.

ત્રણ કિલ્વીષીનાં નામ-૧ ત્રણ પલ્યોપમ, ૨ ત્રણ સાગરોપમ, ૩ તેર સાગરોપમ.

નવ લોકાંતિકનાં નામ-૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વન્હિ, ૪ વરૂણ, ૫ ગર્દતોયા, ૬ તોષિયા, ૭ અવ્યાબાધા, ૮ અગીચ્ચા, ૯ રિઠા.

બાર દેવલોકનાં નામ--૧ સુધર્મા, ૨ ઇશાન, ૩ સનંતકુમાર, ૪ માહેંદ્ર, ૫ બ્રહ્મલોક, ૬ લંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્સાર, ૯ આણત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ ૧૨ અચ્યુત.

નવ ગ્રીવેકનાં નામ—૧ ભદ્દે, ૨ સુભદ્દે, ૩ સુજાએ, ૪ સુમાણુસે, ૫ પ્રિયદંસણે, ૬ સુદંસણે, ૭ આમોહે, ૮ સુપડીબુદ્ધે, ૯ જશોધરે.

પાંચ અનુત્તર વિમાનનાં નામ—૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થસિદ્ધ.

સઘળા મળી ૯૯ જાતના દેવતા અપર્યાપ્તા ને ૯૯ જાતના પર્યાપ્તા કુલ મળી ૧૯૮ ભેદ દેવતાના કહ્યા.

૪૮ ભેદ તિર્યંચના કહે છે.

૧ પૃથ્વી, ૨ પાણી, ૩ તેઉ, ૪ વાઉ એ ચાર સૂક્ષ્મ ને ચાર બાદર એ આઠના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી સોળ થાય. વનસ્પતિના ત્રણ ભેદ-૧ સૂક્ષ્મ, ૨ પ્રત્યેક, ને ૩ સાધારણ એ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી ૬, બધા મળી ૨૨ એકેન્દ્રિયના, ત્રણ વિકલેંદ્રિના, ૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય, ૩ ચૌરિંન્દ્રિય એ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા એ છ મળી ૨૮ થયા.

૧ જળચર, ૨ થળચર, ૩ ઉરપર, ૪ ભુજપર, ૫ ખેચર, એ પાંચ સમૂર્છીમ ને પાંચ ગર્ભજ એ મળી ૧૦ ના અપર્યાપ્તા ને ૧૦ના પર્યાપ્તા એ મળી ૨૦. કુલ મળી ૪૮ ભેદ તિર્યંચના કહ્યાં.

ચૌદ ભેદ નારકીના કહે છે.

સાત નરકનાં નામ-૧ ઘમા, ૨ વંશા, ૩ શિલા, ૪ અંજણા, ૫ રિઠા, ૬ મઘા, ૭ માઘવઇ, એ સાતનાં નામ કહ્યાં. હવે તેનાં ગોત્ર કહે છે-૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમપ્રભા, ૭ તમતમાપ્રભા, એ સાતના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી ચૌદ ભેદ નારકીના કહ્યાં.

નારકીનો વિસ્તાર કહે છે.

૧. પહેલી નરકનો પડ (પિંડ) એક લાખ એંશીહજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ નીચે મુકીએ ને એક હજાર જોજન દળ ઉપર મુકીએ, તે વચ્ચે એક લાખ અઠ્યોતેર હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૧૩ પાથરા છે ને ૧૨ આંતરા છે. તે મધે ત્રીસ લાખ નરકાવાસા છે, અસંખ્યાતી નારકીને ઉપજવાની કુંભીઓ છે ને અસંખ્યાતા નારકી છે. તેની નીચે ચાર બોલ છે ૧-૨૦૦૦૦ જોજનનો ઘનોદધિ છે, ૨ અસંખ્યાતા જોજનનો ઘનવા છે, ૩ અસંખ્યાતા જોજનનો તનવા છે, ૪ અસંખ્યાતા જોજનનો આકાશ છે. એ ચાર બોલ થયા. તેની નીચે બીજી નરક છે.

બીજી નરકનો પડ એક લાખ બત્રીશ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મુકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ. તે વચ્ચે એક લાખ ત્રીશ હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં ૧૧ પાથરા ને દશ આંતરા છે; તે મધ્યે પચીશ લાખ નરકાવાસા છે. અસંખ્યાતી નારકીને ઉપજવાની કુંભીઓ છે, અને અસંખ્યાતા નારકી છે તે નીચે પહેલી નરકમાં કહ્યા તે જ ચાર બોલ છે, તેની નીચે ત્રીજી નરક છે.

ત્રીજી નરકનો પડ—એક લાખ અઠાવીશ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મુકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ તે વચ્ચે એક લાખ છવીસ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૯ પાથરા છે ને ૮ આંતરા છે. તે મધે પંદર લાખ નરકાવાસા છે, નારકીને ઉપજવાની અસંખ્યાની કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે ચોથી નરક છે.

ચોથી નરકનો પડ—એક લાખ વીશ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મુકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ, તે વચ્ચે એક લાખ અઢાર હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં સાત પાથરા છે ને ૭ આંતરા છે. તે મધે દશ લાખ નરકાવાસા છે, નારકીને ઉપજવાની અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે પાંચમી નરક છે.

પાંચમી નરકનો પડ—એક લાખ અઢાર હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મુકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ. તે વચ્ચે એક લાખ સોળ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૫ પાથરા છે ને ૪ આંતરા છે. તેમાં ત્રણ લાખ નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તેની નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે છઠ્ઠી નરક છે.

છઠ્ઠી નરકનો પડ—એક લાખ સોળ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજન દળ ઉપર મુકીએ ને એક હજાર જોજન દળ નીચે મુકીએ, તે વચ્ચે એક લાખ ચૌદ હજાર જોજનન પોલાણ છે. તે પોલાણમાં ૩ પાથરા છે ને ૨ આંતરા છે. તેમાં એક લાખમાં પાંચ ઓછા નરકાવાસા છે, અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે સાતમી નરક છે.

સાતમી નરકનો પડ—એક લાખ આઠ હજાર જોજનનો છે તેમાંથી સાડી બાવન હજાર જોજન દળ ઉપર મુકીએ ને સાડી બાવન હજાર જોજન દળ નીચે મુકીએ તે વચ્ચે ત્રણ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં પાંચ નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે ને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે અનંતો અલોક છે. એ નારકીનો વિસ્તાર સંપૂર્ણ થયો.

જીવનું લક્ષણ કહે છે.

જ્ઞાન તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, તથા કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાન સમ્યક્ત્વ આશ્રયીને કહ્યાં છે,

એની સાથે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન તથા વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન મિથ્યાત્વાશ્રયી છે, તે લેતાં આઠની સંખ્યા થાય છે. એમાંનું ગમે તે એક અથવા અધિક જ્ઞાન જેમાં હોય, વળી દર્શન તે ચક્ષુ, અચક્ષુ, અવધિ તથા કેવલ, એ ચાર પ્રકારના દર્શનમાંનું ગમે તે એક અથવા અધિક દર્શન જેમાં હોય, તથા ચારિત્ર તે સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ તથા અવિરતિ, એ સાત પ્રકારના હિંસાદિક અશુભ પરિણામથી નિવૃત્તિ તથા વ્યવહારથી ક્રિયાનિરોધરૂપ ચારિત્રમાંનું ગમે તે એક અથવા અધિક ચારિત્ર હોય તથા તપ બે પ્રકારનું કહ્યું છે, એક દ્રવ્યથી, એના બાર ભેદ છે. તેનાં નામ નિર્જરા તત્વમાં કહેવાશે, બીજું ઇચ્છાનિરોધરૂપ ભાવથી. એમાંનું ગમે તે એક અથવા અધિક તપ જેમાં હોય, તેમજ કરણ તથા લબ્ધિરૂપ અથવા બાળ પરાક્રમરૂપ એ બે પ્રકારનાં વીર્યમાંનું ગમે તે એક અથવા વધારે જેમાં હોય તથા ઉપયોગ તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન તથા ચાર દર્શન એ બાર પ્રકારના સાકાર તથા નિરાકારરૂપ ઉપયોગમાંનો ગમે તે એક અથવા વધારે ઉપયોગ જેમાં હોય, તેને સંસારી અથવા સિદ્ધ જીવ કહીએ. એ ગુણ જીવ વિના બીજા કોઇમાં હોય નહિ. એ પ્રકારે જીવનું લક્ષણ જાણવું. ઇતિ જીવતત્વ.

૨ અજીવતત્વ.

જડ લક્ષણ, ચૈતન્ય રહિત તેહને અજીવતત્વ કહીએ. હવે અજીવતત્વના ચૌદ ભેદ કહે છે. ૧ ધર્માસ્તિકાયનો સ્કંધ, ૨ દેશ, ૩ પ્રદેશ, ૪ અધર્માસ્તિકાયનો સ્કંધ, ૫ દેશ, ૬ પ્રદેશ, ૭ આકાશાસ્તિકાયનો સ્કંધ, ૮ દેશ, ૯ પ્રદેશ ૧૦ અદ્ધાસમયકાળ, એ દશ ભેદ અરૂપી અજીવના કહ્યા. રૂપી અજીવના. ચાર ભેદ કહે છે. ૧૧ પુદ્ગળાસ્તિકાયનો સ્કંધ, ૧૨ દેશ, ૧૩ પ્રદેશ, ૧૪ પરમાણુપુદ્ગલ એ મળી ૧૪ ભેદ કહ્યા. ×

× સ્કંધ દેશ પ્રદેશની સમજણ.

પ્રદેશના સમૂહને અસ્તિકાય કહે છે. ત્રણે દ્રવ્યોનો રાજ્યવાત્મક સ્કંધ કહેવાય છે તેથી કાંઇક ઓછો હોય અથવા સકળ પ્રદેશાનુગત સામાન્ય

વ્યવહાર વિસ્તાર નયે કરી ૫૬૦ ભેદ અજીવતત્વના કહે છે.

(૧) ધર્માસ્તિકાય—દ્રવ્યથકી એક, ૩ ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, ૩ કાળ થકી અનાદિ અનંત, ૪ ભાવથકી અવર્ણ, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, ૫ ગુણથકી ચલણ સહાય, ૬ અધર્માસ્તિકાય – દ્રવ્ય થકી એક, ૭ ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે,

પરિણામની પેરે અવયવ ધર્માસ્તિકાયના જે બુદ્ધિ પરિકલ્પિતાદિ પ્રકૃષ્ટ દેશ, અતિ નિર્વિભાજ્ય અવિભાજ્ય હોય તે પ્રદેશ કહેવાય છે. અખંડ દ્રવ્યરૂપ આખા પદાર્થને અથવા અનંતાદિ પરમાણુના મળેલા સમૂહને સ્કંધ કહે છે. સ્કંધનો કેટલોએક ભાગ જેનો સ્કંધની સાથે સંબંધ હોય તેને દેશ કહે છે. જેનો સ્કંધની સાથે નિર્વિભાજ્ય કલ્પના કરી છતાં સ્કંધની સાથે અભિન્ન સંબંધ હોય તેને પ્રદેશ કહે છે અને તે જ પ્રદેશ જો સ્કંધથી ભિન્ન થાય એવો નિર્વિભાજ્ય ભાગ એટલે જેના કેવળીની બુદ્ધિએ એક ભાગના બે ભાગ થઈ શકે નહિ તેને પરમાણુ કહે છે.

ચાર દ્રવ્યોની દૃષ્ટાંતથી સમજણ.

૧ જેમ માછલાંને ગતિ કરતાં પાણીનો આધાર અને પાંગળાને લાકડીનો આધાર તેમ જીવ પુદ્ગળને ગત પરિણમ્યાને ધર્માસ્તિકાયનો આધાર. ૨ જેમ ઉષ્ણકાળે તૃષાએ પીડિત પંથીને વૃક્ષની છાયાનો આધાર તેમ સ્થિત પરિણમ્યાં જીવ પુદ્ગળાને અધર્માસ્તિકાયનો આધાર. ૩ જેમ ઓરડામાં એક દીવાની જ્યોતિના પરમાણુ સમાય છે અને હજાર દીવાની પ્રભા પણ સમાય તેમ આકાશાસ્તિકાયના પરમાણુ રહે છે. ૪ જેમ કોઇક બાળક જન્મ્યો હોય, તે બાલ્યાવસ્થાવાળો થાય, પછી યુવાન થાય, પછી વૃદ્ધ થાય, જો કે જીવ તો સદાય સરખો છે, પણ બાળ, યુવા તથા વૃદ્ધનો કરનાર કાળ છે.

પુદ્ગળ દ્રવ્યનું ઔપાધિક લક્ષણ કહે છે.

સચિત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ પ્રકારમાં ગમે તે પ્રકારનો શબ્દ, અંધકાર તથા રત્ન પ્રમુખનો પ્રકાર તથા ચંદ્રમા પ્રમુખની જ્યોતિ તથા છાયા અને સૂર્ય પ્રમુખનો આતાપ, વર્ણ, ગંધ, રસ ફરસ એવા ગુણોવાળો હોય અને જે ચૌદ રાજલોકમાં વ્યાપક, સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી તથા અનંત પ્રદેશીનો પૂર્ણ, ગલન સ્વભાવવાન એવો

૮ કાળથકી અનાદિ અનંત, ૯ ભાવથકી અવર્ણે અગંધે અરસે અફાસે, અમૂર્તિ, ૧૦ ગુણથકી સ્થિર સ્હાય, ૧૧ આકાશાસ્તિ-કાય-દ્રવ્યથકી એક, ૧૨ ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે, ૧૩ કાળથકી અનાદિ અનંત, ૧૪ ભાવથકી અવર્ણે અગંધે અરસે અફાસે અમૂર્તિ, ૧૫ ગુણથકી અવગાહનાદાન, ૧૬ કાળ—દ્રવ્યથકી અનેક, ૧૭ ક્ષેત્રથકી અઢીદ્વીપ પ્રમાણે, ૧૮ કાળથકી અનાદિ અનંત, ૧૯ ભાવથકી અવર્ણે અગંધે અરસે અફાસે અમૂર્તિ, ૨૦ ગુણથકી વર્તના લક્ષણ; એ વીશ અને ઉપર જે અરૂપી અજીવના દશ ભેદ કહ્યા તે મળી કુલ ૩૦ ભેદ અરૂપી અજીવના જાણવા.

અખંડ પુદ્ગલાસ્તિકાયરૂપ સ્કંધ, તે સ્કંધનો એક ભાગ અથવા કાંઇ પણ ન્યુન ભાગરૂપ દેશ તથા જે કેવલીની બુદ્ધિએ પણ એક ભાગના બે ભાગ થઇ શકે નહિ, એવો અતિસૂક્ષ્મ સ્કંધનો અભિન્ન ભાગ નિર્વિભાજ્યરૂપ તે પ્રદેશ, તેનીજ જ્યારે સ્કંધથી ભિન્ન કલ્પના થાય ત્યારે તે પરમાણુ કહેવાય છે. એ પુદ્ગલોનું નિશ્ચયપણે લક્ષણ છે.

કાળ દ્રવ્યના ભેદ દર્શાવે છે.

એક ક્રોડ સડસઠ લાખ, સત્યોતેર હજાર, બસેં અને સોલ ઉપર એટલી આવલિકા એક મુહૂર્તમાં થાય છે. એનો ભાવાર્થ કહે છે—આંખના એક ફુરણામાં અથવા એક ચપટી વગાડવામાં યા જીર્ણ વસ્ત્ર ફાડવાને વખતે એક તંતુથી બીજે તંતુએ જાય તથા કમળના પાંદડાંના સમુહને યુવાન પુરૂષ ભાલાવડે વીંધતાં એક પાંદડાંથી બીજે પાંદડે ભાલું પહોંચે, એટલા વખતમાં અસંખ્યાતા સમય થઇ જાય, એટલે વસ્ત્ર અથવા પત્ર ફાડવાના આરંભમાં સૂક્ષ્માત્ સૂક્ષ્મ ક્ષણરૂપ જે કાળ હોય છે, જેનો વિભાગ થઇ શકે નહિ, જેનો ભૂત અને ભવિષ્ય વિષે વિચાર થાય નહિ. એટલે વસ્ત્ર અથવા પત્ર ફાડતાં પ્રથમ વર્તમાનકાળરૂપ અતિ સૂક્ષ્મ કાળનુ ઉલ્લંઘન થઈને તે કયારે ભૂતકાળ થયો ? કયો વર્તમાન કાળ છે ? અને કયો ભવિષ્યકાળ થવા યોગ્ય છે ? તેનું અનુમાન થઇ શકે નહિ. તેને સર્વ લઘુકાળરૂપ સમય કહે છે. એવા અસંખ્યાત સમયને આવલિકા કહે છે. એવી બસેંને છપ્પન આવલીએ એક ક્ષુલ્લક ભવ હોય છે. એ કરતાં બીજા કોઈ પણ નાના ભવની કલ્પના થઇ શકે નહિ. એવા કાંઇક અધિક સત્તર ક્ષુલ્લક ભવમાં એક શ્વાસોશ્વાસરૂપ પ્રાણની ઉત્પત્તિ હોય છે. એવા

૫૩૦ ભેદ રૂપી અજીવના કહે છે. તેમાં વર્ણ ૫—૧ કાળો ૨ લીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો. અકેકા વર્ણમાં વીશ વીશ ભેદ લાભે, તે ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ એ મળી વીશ, એમ પાંચેમાં થઇને સો થયા.

બે ગંધ—૧ સુરભી ગંધ, ૨ દુરભી ગંધ, અકેકા ગંધમાંહી ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૫ રસ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ એ ત્રેવીશ. બન્નેમાં મળી છેંતાલીશ ભેદ જાણવા.

પાંચ રસ—૧ તીખો, ૨ કડવો, ૩ કસાયલો, ૪ ખાટો, ૫ મીઠો, અકેકા રસમાં વીશ વીશ ભેદ લાભે, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ; એ મળી વીશ, એમ પાંચેમાં થઈ સો થયા.

પાંચ સંઠાણ—૧ પરિમંડળ સંઠાણ, ૨ વટ સંઠાણ, ૩ ત્રંસ, ૪ ચઉરંસ, ૫ આયાત સંઠાણ એ પાંચ. એકેકા સંઠાણમાં વીશ વીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ એ મળી વીશ, એમ પાંચેમાં થઇને સો થયા.

આઠ સ્પર્શ—૧ ખરખરો, ૨ સુંહાળો, ૩ ભારે, ૪ હળવો, ૫ ટાઢો, ૬ ઉન્હો, ૭ ચોપડયો, ૮ લુખો, એ આઠ. અકેકા સ્પર્શમાં ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ,

---

સાત પ્રાણોત્પત્તિ કાળને એક સ્તોક કહે છે એવા સાત સ્તોક સમયે એક લવ હોય છે. એવા સત્યોતેર લવે બે ઘડીરૂપ એક મુહૂર્ત હોય છે.

ત્રીજા મુહૂર્તે એક અહોરાત્રિરૂપ દિવસ થાય છે, પંદર અહોરાત્રિએ પખવાડીયું થાય છે. બે પખવાડીયે એક મહિનો થાય છે, બાર મહિને એક વર્ષ થાય છે, તેમ જ અસંખ્યાતા વર્ષે એક પલ્યોપમ થાય, તેવા દશ ક્રોડાક્રોડી પલ્યોપમે ૧ સાગરોપમ થાય, તેવા દશ ક્રોડાક્રોડી સાગરોપમે ૧ ઉત્સર્પિણી અને બીજા દશ ક્રોડાક્રોડી સાગરોપમે ૧ અવસર્પિણી થાય. એ બે મળી વીશ ક્રોડાક્રોડી સાગરોપમે એક કાળચક્ર થાય, એવા અનંત કાળ ચક્રે એક પુદ્ગલ પરાવર્તન થાય. એ સર્વ મનુષ્ય લોકમાં વ્યવહારથી કાળ જાણવો.

પૂર્વોક્ત જે કાળના ભેદ કહ્યા, તેથી વળી બીજા પણ કાળના ભેદ ઘણા છે, જેમ કે બે માસે એક ઋતુ થાય છે, ત્રણ ઋતુએ એક અયન, બે અયને એક વર્ષ, પાંચ વર્ષે એક યુગ, ચોરાશી લાખ વર્ષે એક પૂર્વાંગ, તે એક પૂર્વાંગને ચોરાશી લાખે ગુણતાં એક પૂર્વ થાય છે.

૫ સંઠાણ, ૬ સ્પર્શ એ ત્રેવીશ ભેદ લાભે. ખરઅરામાં ખરખરો ને સુંહાળો બે વર્જવા. એમ બબ્બે સ્પર્શ વર્જવા. એમ ત્રેવીશને આઠે ગુણતાં ૧૮૪ થયા. એ સર્વે મળીને ૫૩૦ ભેદ રૂપી અજીવના કહ્યા. એમ સઘળા મળીને કુલ ૫૬૦ ભેદ અજીવના જાણવા. ઇતિ અજીવતત્વ.

૩ પુણ્યતત્વ.

શુભ કમાણીયે કરી, શુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ આત્માને ભોગવતાં મીઠાં લાગે તેને પુણ્યતત્વ કહીએ.

નવ ભેદે પુણ્ય ઉપરાજે તે કહે છે. ૧ અન્નપુન્ને, ૨ પાણપુન્ને, ૩ લયણપુન્ને,[1] ૪ સયણપુન્ને,[2] ૫ વત્થપુન્ને,[3] ૬ મનપુન્ને, ૭ વચનપુન્ને, ૮ કાયપુન્ને, ૯ નમસ્કારપુન્ને, એ નવ ભેદે પુણ્ય ઉપસજે. તેનાં શુભ ફળ ૪૨ ભેદે ભોગવે, તે કહે છે:—

૧ શાતા વેદનીય—સુખનો અનુભવ કરાવે. ૨ ઉંચ ગોત્ર. ૩ મનુષ્ય ગતિ. ૪ મનુષ્યાનુપૂર્વી-મનુષ્યના ભવ બાંધવા ૫ દેવતાની ગતિ, ૬ દેવાનુંપૂર્વી—દેવતાના ભવ બાંધવા. ૭ પંચેંદ્રિયની ગતિ. ૮ ઉદારિક શરીર—ઉદારિક શરીર યોગ્ય પુદ્ગળ ગ્રહણ કરીને તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે તે મનુષ્ય તિર્યંચનું શરીર. ૯ વૈક્રેય શરીર—બે પ્રકારનું છે. ૧ ઔપપાતિક તે દેવતા તથા નારકીને હોય, ૨ લબ્ધિ પ્રત્યયી તે તિર્યંચ તથા મનુષ્ય લબ્ધિવંતને હોય છે. ૧૦ આહારક શરીર—ચૌદપૂર્વધારી મુનિરાજ તીર્થંકરની ઋદ્ધિ પ્રમુખ જોવાને અર્થે એક હાથ પ્રમાણ દેહ કરે છે તે. ૧૧ તેજસ શરીર—આહારનું પચન કરનાર તથા તેજુલેશ્યાનો હેતુ, આ સર્વ સંસારી જીવને હોય છે. ૧૨ કાર્મણ શરીર—કર્મના પરમાણુ આત્મપ્રદેશની સાથે મળ્યાં છે તે જ જાણવું. આ શરીર પણ સંસારી સર્વ જીવને હોય છે. ૧૩ ઉદારિકનાં અંગ ઉપાંગ—ઉદારિક શરીરના સઘળા અવયવો પામવા. ૧૪ વૈક્રેયનાં અંગ ઉપાંગ—૧૫ આહારકના અંગ ઉપાંગ ૧૬ વજ્રઋષભનારાચસંઘયણ—લોઢાના જેવું ઘણુંજ મજબુત સંઘયણ. ૧૭ સમચઉરંસસંઠાણ—પલાંઠી

---

૧ સ્થાનક આદિ ૨ શય્યા, પાટ, પાટલા આદિ. ૩ વસ્ત્ર.

વાળી બેસતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય અને પોતાના અંગુલ પ્રમાણે ૧૦૮ અંગુલ પ્રમાણ શરીર ભરાય તે. ૧૮ શુભ વર્ણ. ૧૯ શુભ ગંધ. ૨૦ શુભ રસ, ૨૧ શુભ સ્પર્શ. ૨૨ અગુરૂ લઘુ નામ—મધ્યમ વજનદાર શરીરની પ્રાપ્તિ થાય એટલે લોઢાની પેઠે અતિ ભારે નહિ અને કપાસની પેઠે અતિ હલકું નહિ અને મધ્યમ પરિણામી હોય. ૨૩ પરાઘાત નામ—બીજા બળવાન જે અતિ દુઃસહનીય છતાં પોતે ગમે તેવા બળીઆને જીતવા સમર્થ થાય એવા બળની પ્રાપ્તિ થાય તે. ૨૪ ઉસ્વાસ નામ—સુખેથી શ્વાસોશ્વાસ લઇ શકાય. ૨૫ આતાપ નામ—સૂર્યના બિંબની પેઠે પરને તાપ ઉત્પન્ન કરવાના હેતુરૂપ તેજયુક્ત શરીરની પ્રાપ્તિ થાય. ૨૬ ઉદ્યોત નામ—ચંદ્રબિંબની માફક શીતળતા ઉત્પન્ન કરનાર. ૨૭ શુભ ચાલવાની ગતિ. ૨૮ નિર્માણનામ પોતાના અંગના સર્વ અવયવો યોગ્ય સ્થળે ગોઠવી શકે તે. ૨૯ ત્રસનામ. ૩૦ બાદરનામ. ૩૧ પર્યાપ્તા નામ. ૩૨ પ્રત્યેક નામ. ૩૩ સ્થિર નામ. ૩૪ શુભ નામ. ૩૫ સૌભાગ્ય નામ. ૩૬ સુસ્વર નામ. ૩૭ આદેય નામ. ૩૮ જશોકીર્તિ નામ. ૩૯ દેવતાનું આઉખું. ૪૦ મનુષ્યનું આઉખું. ૪૧ તિર્યંચનું આઉખું જુગલવત્ ૪૨ તીર્થંકર નામ કર્મ, એમ બેંતાલીશ ભેદ પુણ્યના જાણવા. ઇતિ પુણ્યતત્વ.

પાપતત્વ.

અશુભ કરણીએ કરી, અશુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ આત્માને ભોગવતાં કડવાં લાગે તેને પાપતત્વ કહીએ.

અઢાર પ્રકારે પાપ ઉપરાજે તે કહે છે.

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય, ૧૫ પરપરીવાદ,, ૧૬ રતિ અરતિ, ૧૭ માયામોસો, ૧૮ મિછાદંશણશલ્લ એ અઢાર પ્રકારે પાપ ઉપરાજે. બ્યાશી પ્રકારે ભોગવે. તે નીચ મુજબ–

૧ મતિજ્ઞાનાવરણીય—પાંચ ઇંદ્રિય તથા મનોદ્વારાએ જે નિયત વસ્તુનું જ્ઞાન થાય એવા મતિજ્ઞાનનું આચ્છાદન, એટલે

બુદ્ધિ નિર્મળ ન હોય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય—સૂત્રજ્ઞાન પામે નહિ. ૩ અવધીજ્ઞાનાવરણીય—ઇંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્મદ્રવ્યને —સાક્ષાત ઋદ્ધિ દ્રવ્યને જણાવનારૂં જે જ્ઞાન તે પામે નહિ. ૪ મનપર્યવજ્ઞાનાવરણીય—સંજ્ઞી પંચેન્દ્રિના મનોગત ભાવ જણાવનારૂં જ્ઞાન પામે નહિ. ૫ કેવળજ્ઞાનાવરણીય —પૂર્વોક્ત ચાર જ્ઞાન રહિત જે એકલું નિરાવરણ જ્ઞાન હોય એવા કેવળજ્ઞાનનું આચ્છાદન એટલે કેવળજ્ઞાન પામે નહિ. ૬ દાનાંતરાય—છતી શક્તિએ દાન આપી શકે નહિ. ૭ લાભાંતરાય—લાભ મેળવી શકે નહિ ૮ ભોગાંતરાય—ભોગ ભોગવી શકે નહિ, ૯ ઉપભોગાંતરાય—વારંવાર ભોગ ભોગવી શકે નહિ. ૧૦ વીર્યાંતરાય—પોતાનું બળ ફોરવી શકાય નહિ. ૧૧ નિદ્રા—સુખેથી જાગૃત થાય તેવી ઉંઘ, ૧૨ નિદ્રા નિદ્રા—દુઃખથી જાગૃત થાય તેવી ઉંઘ. ૧૩ પ્રચલા —ઉભતાં બેસતાં નિદ્રા આવ્યા કરે. ૧૪ પ્રચલા-પ્રચલા—હરતાં ફરતાં નિદ્રા આવે. ૧૫ થીણદ્ધિનિદ્રા—દિવસનું ચિંતવેલું કાય રાત્રે ઉંઘમાં ને ઉંઘમાં કરી આવે તે. આ નિદ્રાવાળો વાસુદેવના અર્ધ બળયુક્ત હોય છે તે નરકગામી સમજવો. ૧૬ ચક્ષુદર્શનાવરણીય. ૧૭ અચક્ષુદર્શનાવરણીય. ૧૮ અવધિદર્શનાવરણીય. ૧૯ કેવળ દર્શનાવરણીય. ૨૦ નીચ ગોત્ર. ૨૧ અશાતાવેદનીય. ૨૨ મિથ્યાત્વમોહનીય. ૨૩ સ્થાવરપણું, ૨૪ સૂક્ષ્મપણું. ૨૫ અપર્યાપ્તપણું. ૨૬ સાધારણપણું. ૨૭ અસ્થિરનામ.-શરીર કંપ્યા કરે. ૨૮ અશુભનામ. ૨૯ દુર્ભાગ્યનામ. ૩૦ દુઃસ્વરનામ. ૩૧ અનાદેયનામ—તેના બોલ કોઇ માને નહિ. ૩૨ અજશોકીર્તિનામ ૩૩ નરકની ગતિ ૩૪ નરકનું આઉખું. ૩૫ નરકાનુપૂર્વી. ૩૬ અનંતાનુબંધી ક્રોધ—અનંતો સંસાર બંધાય તેવો જીવતાં સુધી ક્રોધ રહે તે. ૩૭ અનંતાનુબંધી માન. ૩૮ અનંતાનુબંધી માયા ૩૯ અનંતાનુબંધી લોભ ૪૦ અપચ્ચખાણાવરણીય ક્રોધ—એક વરસ સુધી રહે એવો ક્રોધ. ૪૧ અપચ્ચખાણાવરણીય માન. ૪૨ અપચ્ચખાણાવરણીય માયા. ૪૩ અપચ્ચખાણાવરણીય લોભ. ૪૪ પચ્ચખાણાવરણીય ક્રોધ—ચાર માસ સુધી રહે તે. ૪૫ પચ્ચખાણાવરણીય માન. ૪૬ પચ્ચખાણાવરણીય માયા. ૪૭ પચ્ચખાણાવરણીય લોભ. ૪૮ સંજ્વલનો ક્રોધ.—પંદર દિવસ સુધી રહે તે. ૪૯ સંજ્વલનો માન. ૫૦ સંજ્વલની માયા. ૫૧ સંજ્વલનો લોભ.

૫૨ હાસ્ય. ૫૩ રતિ. ૫૪ અરતિ. ૫૫ ભય. ૫૬ શોક. ૫૭ દુગંછા—અણગમતો. ૫૮ સ્ત્રીવેદ. ૫૯ પુરૂષવેદ. ૬૦ નપુંસકવેદ. ૬૧ તિર્યંચની ગતિ. ૬૨ તિર્યંચની અનુપૂર્વી. ૬૩ એકેંદ્રિયપણું. ૬૪ બેઇંદ્રિયપણું. ૬૫ તેઇંદ્રિયપણું. ૬૬ ચૌરેન્દ્રિયપણું. ૬૭ અશુભ ચાલવાની ગતિ. ૬૮ ઉપઘાત નામકર્મ—કોઈનો ઘાત કરવા જતાં પોતાનોજ ઘાત થાય. ૬૯ અશુભ વર્ણ. ૭૦ અશુભ ગંધ. ૭૧ અશુભ રસ. ૭૨ અશુભ સ્પર્શ. ૭૩ ઋષભનારાચ સંઘયણ—બે પાસા મર્કટબંધ અને ઉપર પાટો એ બે હોય તે. ૭૪ નારાચ સંઘયણ—મર્કટબંધજ હોય તે. ૭૫ અર્ધનારાચ સંઘયણ—એક પાસું મર્કટબંધ હોય તે. ૭૬ કીલકુ સંઘયણ—માંહો માંહે હાડકાં અને ખીલીનો બંધ હોય તે. ૭૭ છેવટ્ટુ સંઘયણ—ખીલી ન હોય અને હાડકાં માંહોમાંહે અડાડી રાખ્યા હોય તે. ૭૮ નીગોહ પરિમંડળ સંઠાણ—વડવૃક્ષની પેઠે નાભિની ઉપર સુલક્ષણયુક્ત અને નીચે નિર્લક્ષણયુક્ત હોય તે. ૭૯ સાદિ સંઠાણ—નાભિની નીચેનું અંગ સારૂં અને ઉપરનું અંગ નરસું હોય તે. ૮૦ વામન સંઠાણ—ઉદર લક્ષણોપેત અને હાથ, પગ, માથું, કટિ પ્રમાણ રહિત હોય તે. ૮૧ કુબ્જ સંઠાણ—હાથ, પગ, માથું, કટિ પ્રમાણોપેત અને ઉદર પ્રમુખ હીન હોય તે. ૮૨ હુંડ સંઠાણ—સર્વ અવયવ અશુભ હોય તે. એ બ્યાશી ભેદ પાપતત્વના જાણવા.

૫ આશ્રવતત્વ.

અવ્રત ને અપચ્ચખાણે કરી, વિષય કષાયને સેવવે કરી, આત્મારૂપ તળાવને વિષે, ઇંદ્રિયાદિક ગળનાળે-છિદ્રે કરી, કર્મ-પાપરૂપ જળનો પ્રવાહ આવે, તેને આશ્રવતત્વ કહીએ.

આશ્રવતત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે.

૧ મિથ્યાત્વ તે આશ્રવ, ૨ અવ્રત તે આશ્રવ, ૩ પ્રમાદ તે આશ્રવ, ૪ કષાય તે આશ્રવ, ૫ અશુભજોગ તે આશ્રવ, ૬ પ્રાણાતિપાત તે આશ્રવ, ૭ મૃષાવાદ તે આશ્રવ, ૮ અદત્તાદાન તે આશ્રવ, ૯ મૈથુન તે આશ્રવ, ૧૦ પરિગ્રહ તે આશ્રવ, ૧૧ શ્રોત્રેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૨ ચક્ષુરિંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૩ ઘ્રાણેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૪ રસેંદ્રિય અસંવરે

તે આશ્રવ, ૧૫ સ્પર્શેંદ્રિય અસંવરે તે આશ્રવ, ૧૬ મન અસંવરે તે આશ્રવ, ૧૭ વચન અસંવરે તે આશ્રવ, ૧૮ કાયા અસંવરે તે આશ્રવ, ૧૯ ભંડ ઉપગરણ ઉપધિ જેમ તેમ લીયે મૂકે તે આશ્રવ, ૨૦ શુચી કુશગ્ગ કરે તે આશ્રવ.[1]

વિશેષે ૪૨ ભેદ કહે છે.

૫ આશ્રવ,[2] ૫ ઇંદ્રિય મોકળી મૂકે, ૪ કષાય અને ૩ શુભજોગ એ મળી ૧૭ ને ૨૫ ક્રિયા તે નીચે પ્રમાણે—

૧ કાયિકી ક્રિયા—કાયાને અજતનાએ પ્રવર્તાવે. ૨ અધિકરણકી ક્રિયા—હથીઆરોથી જીવનું હનન થાય તે. ૩ પાઉસિઆ—જીવ અજીવ ઉપર દ્વેષ રાખવાથી. ૪ પારીતાવણીઆ—પોતાને તથા પરને પરિતાપ ઉપજાવવો તે. ૫ પાણાઇવાઇયા—જીવ હિંસા, ૬ આરંભિઆ—કર્મણપ્રમુખ ઉત્પત્તિ કરવી અથવા કરાવવી તે. ૭ પરિગહીયા—ધનધાન્યાદિ પરિગ્રહ મેળવી મોહ કરવો તે. ૮ માયાવતિયા—કપટથી કોઇને ઠગવું તે. ૯ અપચખાણવતિયા—કોઇ જાતના પચ્ચખાણ કર્યાવગર લાગે તે. ૧૦ મિચ્છાદંસણવતિયા—જિનવચન અણસદ્દહતો થકો જે વિપરીત પ્રરૂપણા કરતાં લાગે તે. ૧૧ દિઠીયા—કૌતુકે કરી નજરે જોવું તે. ૧૨ પુઠીયા—રાગને વશે કરીને સ્ત્રી, પુરૂષ, ગાય, બળદ, વસ્ત્ર પ્રમુખને સ્પર્શ કરતાં તથા કાંઇ પ્રશ્ન પુછતાં લાગે તે. ૧૩ પાડુચીયા—કોઇને ઘેર મોટી સાહેબી દેખી દ્વેષથી માઠી ચિંતવના કરવાથી લાગે તે. ૧૪ સામંતોવણીયા—પોતાના અર્થે પ્રમુખને જોવા આવેલ માણસો પ્રશંસા કરે તેથી હર્ષ થાય તથા ઘી, દૂધ, દહીં, તેલ વગેરેનાં વાસણ ઉઘાડાં મુકવાથી જીવ હિંસા થાય તેથી લાગે તે. ૧૫ નેસથીયા—રાજાદિકના આદેશથી યંત્રશસ્ત્રાદિકનું જે આકર્ષણ કરવું અથવા શસ્ત્ર કરાવવા, વાવ, કુવા, ખોદાવવાથી લાગે તે. ૧૬ સાહત્થીયા—પોતાને હાથે અથવા બીજાથી જીવહિંસા કરાવે તથા અભિમાનથી પોતાને હાથે કરે તે. ૧૭ આણવણીયા—કોઈ પાસે વસ્તુ માગ્યાથી ૧૮ વિદારણીયા—જીવ અજીવને કાપવાથી. ૧૯ અણાભોગી—ઉપયોગ વિના શુન્ય ચિત્તે કાંઇ વસ્તુ લેવી મુકવી અથવા ઉઠવા બેસવાથી લાગે તે. ૨૦ અણવકંખવતિયા—

---

૧ ડાભની અણી ઉપર પાણી રહે તેટલું પાપ કરે તે ૨ પાંચ વ્રતના.

આ લોક પરલોકથી વિરૂદ્ધ કાર્ય કરવાથી લાગે તે. ૨૧ અનોપઉગી —ઉપયોગ ન રાખવાથી લાગે તે. ૨૨ સામુદાણી—સમુદાય એટલે ઘણા જણ મળી કોઈ કાર્ય કરતાં લાગે તે. ૨૩ પેજવતિયા—પ્રીતિને લીધે લાગે તે. ૨૪ દોસવતિયા - દ્વેષ કરવાથી લાગે તે. ૨૫ ઇરિયા વહિયા ક્રિયા - હાલતાં ચાલતાં લાગે તે. એ પચ્ચીશ અને ઉપર સત્તર કહ્યા તે મળી ૪૨ ભેદ આશ્રવતત્વના જાણવા.

૬ સંવરતત્વ.

જીવરૂપ તળાવને વિષે કર્મરૂપ જળ આવતાં, વ્રત પચ્ચખાણાદિક દ્વારે કરી રોકીએ તેને સંવરતત્વ કહીએ.

સંવરતત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે.

૧ સમકિત તે સંવર, ૨ વ્રત પચ્ચખાણ તે સંવર, ૩ અપ્રમાદ તે સંવર, ૪ અકષાય તે સંવર, ૫ શુભજોગ તે સંવર, ૬ જીવ દયા પાળવી તે સંવર, ૭ સત્ય વચન બોલવું તે સંવર, ૮ દત્તવ્રત ગ્રહણ કરવું તે સંવર, ૯ શિયળ પાળવું તે સંવર, ૧૦ અપરિગ્રહ તે સંવર, એ દશ. ૫ ઇંદ્રિય, ૩ જોગ, એ મળી આઠનું સંવરવું તે સંવર, એ મળી અઢાર. ૧૯ ભંડ ઉપગરણ ઉપધિ જતનાએ લીધે મુકે તે સંવર, ૨૦ શુચિ કુસગ્ગ ન કરે તે સંવર, એ વીશ ભેદ કહ્યા.

વિશેષે ૫૭ ભેદ કહે છે.

૧ ઇરિયાસુમતિ—જયણા રાખી ઉપયોગ સહિત ધુંસરા પ્રમાણે જમીન નજરે જોઈ ચાલવું તે. ૨ ભાષાસુમતિ—સમ્યક પ્રકારે નિરવદ્ય ભાષા બોલવી. ૩ એષણાસુમતિ—સમ્યક પ્રકારે નિર્દોષ આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે ભિક્ષાની ગવેષણા કરવી. ૪ આયાણભંડ મતનિખેવણાસુમતિ—જતનાએ લેવું મુકવું તે. ૫ ઉચ્ચાર પાસવણ ખેલ જલ સંઘાણ પારિઠાવણીયાસુમતિ—પરઠવવાની વસ્તુ જતનાએ પરઠવવી તે, એ પાંચ સુમતિ તથા ૧ મનગુપ્તિ—મન ગોપાવવું. ૨ વચનગુપ્તિ—વચન ગોપાવવું. ૩ કાયગુપ્તિ—કાયા ગોપાવવી. એ આઠ પ્રવચન માતા આદરવા તથા બાવીસ પરિષહ (ઉપસર્ગ) સહન કરવા તે કહે છે:—

૧ ક્ષુધાનો—ભુખનો. ૨ તૃષાનો—તરસનો. ૩ શીતનો—ટાઢનો. ૪ ઉષ્ણનો—તડકાનો. ૫ દંસમસનો—ડાંસ મચ્છર કરડવાનો. ૬ અચેલનો—ફાટાં તુટાં વસ્ત્રનો. ૭ અરતિનો—દુઃખનો. ૮ સ્ત્રીનો—સ્ત્રી જોવાનો. ૯ ચરીયાનો—ચાલવાનો. ૧૦ બેસવાનો—બેસી રહેવું પડે. ૧૧ સેજાનો—રહેવાના સ્થાનકનો. ૧૨ આક્રોશવચનનો—આકરાં વચન સાંભળવાં પડે તેનો. ૧૩ વધનો—માર ખાવો પડે, ૧૪ જાચવાનો.—માગવાનો. ૧૫ અલાભનો—કોઈ વસ્તુની ઈચ્છા થતાં તે વસ્તુ ન મળે. ૧૬ રોગનો—રોગ આવ્યે થકે આર્તધ્યાન કરવાનો. ૧૭ તૃણસ્પર્શનો—તણખલાં વગેરેના સ્પર્શથી દુઃખ થાય તે. ૧૮ મેલનો—મેલને દૂર કરવાની ઈચ્છાથી ન્હાવાનો. ૧૯ સત્કારપુરસ્કારનો—આદર-સત્કાર મળવાનો. ૨૦ પ્રજ્ઞાનો—જ્ઞાનના ગર્વનો. ૨૧—અજ્ઞાનનો—અભણનો. ૨૨ દંસણનો—સમકિત, સૂક્ષ્મ વિચાર સાંભળીને ધર્મને વિષે અસદ્દહણા કરવાનો. એ મળી કુલ બાવીસ થયા. તથા દસ પ્રકારનો યતિધર્મ આરાધવો તે કહે છે.

ખંતિ—ક્ષમા, ક્રોધનો અભાવ. ૨ મુત્તિ—નિર્લોભતા. ૩ અજ્જવે—કપટ રહિતપણું. ૪ મદ્દવે—માનનો ત્યાગ. ૫ લાઘવે અથવા શૌચે—તીર્થંકર દેવની ચોરી ન કરે. ૬ સચ્ચે—સત્ય ભાષણ કરવું, ૭ સંજમે—સત્તર ભેદે સંયમ પાળવો. ૮ તવે—ઇચ્છા નિરોધ-બાર પ્રકારે તપ કરવો. ૯ ચીઆએ અથવા અકિંચણે—સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્છા રહિત થવું. ૧૦ બંભચેરવાસે-મૈથુનનો ત્યાગ. એ દશ.

બાર ભાવના ભાવવી તે કહે છે. ૧ અનિત્યભાવના-સંસારના સર્વ પદાર્થને અનિત્ય, અસ્થિર જાણવા. ૨ અશરણભાવના—કોઈ કોઇને શરણ નથી, એક ધર્મનું જ શરણ છે. ૩ સંસારભાવના—સંસારમાં જીવ ઘણા કાળ થયાં રઝળ્યા કરે છે-મા તે સ્ત્રી થાય, સ્ત્રી તે મા થાય, પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય ઇત્યાદિ ભાવનો અનુભવ કરવો. ૪ એકત્વભાવના—આ જીવ એકલો આવ્યો, એકલો જશે અને એકલો સુખ દુઃખ ભોગવે છે પણ તેનું કોઈ સાથી નથી એવી ભાવના. ૫ અન્યત્વભાવના—જીવ કાયાથી જુદો છે અને કર્મ કરી જુદી જુદી કાયા ધારણ

કરે છે. તેમજ ધન તથા સ્વજનાદિ પણ અન્ય છે એવી ભાવના. ૬ અશુચિભાવના—રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, પરૂ તથા આંતરડાં પ્રમુખે કરી આ શરીર બનેલું છે અને જેનાં નવ દ્વાર સદા વહેતાં રહે છે. એ શરીર કોઇ કાળે પણ પવિત્ર થવાનું નથી એવી ભાવના. ૭ આશ્રવભાવના—પાંચ આશ્રવે કરી પાપ બંધાય છે અને તેથી જીવ દુઃખ ભોગવે છે તેનો વિચાર. ૮ સંવરભાવના—વ્રત પચ્ચખાણેથી આશ્રવ રોકવો અને સંવર આદરવો. ૯ નિર્જરાભાવના—બાર પ્રકારના તપે કરી કર્મને પચાવવું અર્થાત્ પૂર્વના સંચેલા કર્મનું તોડવું તે. ૧૦ લોકભાવના—લોકનું સ્વરૂપ ચિંતવવું તથા આ જીવે સર્વ લોક સ્પર્શી મુકયો છે. ૧૧ બોધભાવના—યથા પ્રવૃતિ કરણને યોગે કરી અકામ નિર્જરા વડે પુણ્યના પ્રયોગે મનુષ્યભવ, આર્ય દેશ, નિરોગીપણું તથા ધર્મશ્રવણાદિ પ્રાપ્ત થયાં, તથાપિ સમ્યકત્વ પ્રાપ્ત થવું દુર્લભ છે એવી ભાવના કરવી તે. ૧૨ ધર્મભાવના—દુસ્તર સંસાર સમુદ્રમાંથી પ્રવહણ સમાન તે શ્રી જિનપ્રણીત દશવિધ ક્ષમાદિક શુદ્ધ ધર્મ તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર એ રત્નત્રયાત્મક ધર્મ પામવો તે દુર્લભ તેમજ તે ધર્મના સાધક અરિહંતાદિ દેવો પામવા તે પણ દુર્લભ છે એવી ભાવના કરવી. એ બાર.

પાંચ પ્રકારના ચારિત્ર—૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહાર વિશુદ્ધ, ૪ સૂક્ષ્મસંપરાય, ૫ યથાખ્યાત ચારિત્ર.

પહેલું સામાયિક ચારિત્ર કહે છે—સમ અને આયિક એ બે શબ્દનો એક સામાયક શબ્દ થયો છે. સમ એટલે રાગ દ્વેષરહિતપણાને માટે આય એટલે ગમણ પ્રાપ્ત છે જીહાં તે સમ કહીએ, તે જ્યાં ઉત્પન્ન થાય તેને સામાયિક કહેવાય છે. વળી સમ તે જ્ઞાન, દર્શન, ચારિત્ર તેનો આયિક તે લાભ જ્યાં થાય છે, એટલે જેણે કરી જ્ઞાન, દર્શન તથા ચારિત્ર એ ત્રણેની પ્રાપ્તિ થાય તેને સર્વ સાવદ્ય યોગ ત્યાગરૂપ અને નિરવદ્ય યોગ સેવનરૂપ સામાયિક કહીએ. એને સમ્યક ચારિત્ર પણ કહે છે. એ સામાયિક ચારિત્ર જીવને પ્રાપ્ત થયા વિના બીજા ચારિત્રોનો લાભ થાય નહિ માટે એને આદ્યમાં કહ્યું છે.

બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર તે પૂર્વોક્ત સર્વ વિરતિ

સામાયિક ચારિત્રનેજ છેદાદિ વિશેષપણે વિશેષીએ તે વારે શબ્દથી તથા અર્થથી નાના પ્રકારપણું ભજે તે વારે છેદોપસ્થાપનીય ચારિત્ર થાય. છેદ એટલે પૂર્વ પર્યાયનો છેદ કરવો અને ઉપસ્થાપન એટલે ગણધિપે આપેલું પંચ મહાવ્રતપણું જે મહાવ્રતને વિષે હોય તે છેદોપસ્થાપનીય ચારિત્ર કહીએ. જ્યાં નવા પર્યાયોનું સ્થાપન કરવું તથા પાંચ મહાવ્રતનો ઉચ્ચાર કરાવવો, તે બે ભેદ, એક વિસ્તાર તે મૂળ ગુણ ઘાતિને પ્રાયશ્ચિતરૂપ અને બીજો નિરતિચાર, તે ઇત્વર સામાયકવંત નવ દીક્ષિત શિષ્યને 'છ જીવણીઆ' અધ્યયન ભણ્યા પછી હોય તથા બીજા તીર્થ આશ્રયી તે જેમ પાર્શ્વનાથના તીર્થથી વર્ધમાન સ્વામીના તીર્થે આવી ચાર મહાવ્રતરૂપ ધર્મ ત્યાગીને પંચ મહાવ્રતરૂપ ધર્મ આદરે તેને હોય.

ત્રીજું પરિહાર વિશુદ્ધ ચારિત્ર—તપ વિશેષ તેણે કરી વિશુદ્ધિ એટલે કર્મની નિર્જરા જે ચારિત્રને વિષે હોય તેને પરિહાર વિશુદ્ધિક ચારિત્ર કહીયે. તે બે ભેદે છે, તેમાં પહેલું જે ચાર જણ વિવક્ષિત ચારિત્રના આસેવક એ કલ્પમાં પ્રવર્તતા હોય તેનું ચારિત્ર તે નિર્વિષ્ટ-માનસિક પરિહાર વિશુદ્ધિક ચારિત્ર જાણવું. અને બીજું જે ચાર જણ તેના અનુચારી હોય તેને નિર્વિષ્ટકાયિક પરિહાર વિશુદ્ધિક ચારિત્ર જાણવું. તે આ રીતે:—નવ જણાનો ગચ્છ જુદો નીકળે તે તીર્થંકર પાસે અથવા પૂર્વે જેણે તીર્થંકર પાસેથી એ ચારિત્ર પડિવજ્યું હોય, તેની પાસે એ ચારિત્ર પડિવજે. હવે તે નવ સાધુમાં ચાર જણ પરિહારક એટલે તપના કરનારા થાય તે નિર્વિષ્ટ-માનસિક જાણવા અને ચાર તેના વૈયાવચ્ચના કરનારા થાય તે નિર્વિષ્ટકાયિક જાણવા. તથા એકને વાચનાચાર્ય ગુરૂસ્થાનકે ઠરાવે. પછી તે ચાર પરિહારક છ માસ સુધી તપ કરે, તેમાં ઉષ્ણકાળે જઘન્યથી ચઉત્થ, મધ્યમથી છઠ અને ઉત્કૃષ્ટથી અઠમ એવો તપ કરે અને શીત કાળે જઘન્યથી છઠ, મધ્યમથી અઠમ, અને ઉત્કૃષ્ટથી દશમ તથા વર્ષાકાળે જઘન્યથી અઠમ, મધ્યમથી દશમ અને ઉત્કૃષ્ટથી દ્વાદશ કરે, પારણે આયંબીલ કલ્પસ્થિતપણે નિત્ય કરે. એમ છ મહિના તપ કરે, તે પછી ફરી ચાર તપસ્યાના કરનાર તે વૈયાવચ્ચીયા થાય અને વૈયાવચ્ચ કરનાર તપિયા થાય. તે પણ છ માસ લગે તપ કરે, તે વાર પછી

ગુરૂ વાચનાચાર્ય છ માસ લગી તપસ્યા કરે તે વારે તે આઠ મહિના સુધી તપ સંપૂર્ણ કરી પછી જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં પણ આવે. એ તપ જે પ્રથમ સંઘયણી, પૂર્વધર, લબ્ધીવંત હોય તે પ્રચુર કર્મના પરિપાકને અર્થે અંગીકાર કરે એ ચારિત્ર પાંચ ભરત, પાંચ ઐરવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં હોય એ પરિહારવિશુદ્ધિ ચારિત્રનો સંક્ષેપથી વિચાર કહ્યો

ચોથું સૂક્ષ્મસંપરાય ચારિત્ર સૂક્ષ્મ છે કષાય જિહાં તેને સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહીએ, તે ઉપશણશ્રેણીયે કર્મ ઉપશમાવતાં અથવા ક્ષપકશ્રેણીયે કર્મ ખપાવતાં હોય તિહાં નવમે ગુણઠાણે લોકના સંખ્યાતા ખંડ કરી તેને ઉપશમશ્રેણીવાળો જે હોય તે ઉપશમાવે તથા ક્ષપકશ્રેણીવાળો હોય તે ખપાવે, તે સંખ્યાતા ખંડ માંહેલો જે વારે છેલ્લો એક ખંડ રહે તેના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ કરીને દશમે ગુણઠાણે ઉપશમાવે અથવા ક્ષપક હોય તે ખપાવે, તે દશમા ગુણઠાણાનું નામ સૂક્ષ્મસંપરાય અને ચારિત્રનું નામ પણ સૂક્ષ્મસંપરાય જાણવું. એ ચારિત્ર બે ભેદે છે, એક શ્રેણી ચઢતાને વિશુદ્ધ માનસિક હોય. બીજો ઉપશમ શ્રેણીથ પડતાને સંક્લિષ્ટમાનસિક જાણવું. ઉપશમિકને એ ચારિત્ર આખા સંસારમાં પાંચ વાર અને એક ભવમાં બે વાર આવે.

પાંચમું યથાખ્યાત ચારિત્ર—તે જ્યાં તથાવિધે કરીને અકષાયપણું અર્થાત્ જ્યાં સંજ્વલનાદિકે કરી સર્વથા રહિતપણું કહીયે. તે યથાખ્યાત ચારિત્ર જાણવું. તેના બે ભેદ છે. એક છદ્મસ્થિક અને બીજો કેવળિક. છદ્મસ્થિક તે છદ્મસ્થ ઉપશમિકને અગીઆરમે ગુણઠાણે હોય, અને ક્ષપકને બારમે ગુણઠાણે હોય, બીજો કેવળિક તે તેરમે અને ચઉદમે ગુણઠાણે હોય, તે કેવળિક જાણવું. એ ચારિત્ર સમસ્ત જીવલોકને વિષે પ્રસિદ્ધ છે. તે કેવી રીતે પ્રસિદ્ધ છે તે કહે છે. જે ચારિત્ર આચરીને સુવિહિત સાધુ તે અજરામર સ્થાનક પામે એટલે જન્મ, જરા અને મરણ રહિત એવું જે મોક્ષરૂપ સ્થાનક-તે પામે. ઇતિ સંવર તત્વ.

૭ નિર્જરાતત્વ.

આત્માના પ્રદેશથી, બાર ભેદે તપસ્યાએ કરી, દેશથકી કર્મનું નિર્જરવું, ઝરીને દૂર થવું તેને નિર્જરાતત્વ કહીએ.

નિર્જરા બે પ્રકારે છે. ૧ દ્રવ્ય નિર્જરા, ૨ ભાવ નિર્જરા. તથા અકામ અને સકામ એવા બે ભેદ પણ છે. પુદ્ગળ કર્મનું જે સાડવું તે દ્રવ્ય નિર્જરા અને આત્માના શુદ્ધ પરિણામે કરી કર્મની સ્થિતિ જે પોતાની મેળે પાકે અથવા બાર પ્રકારના તપે કરી નીરસ કર્યા એવાં જે કર્મ પરમાણુ તે જેનાથી સડે એવા જે આત્માના પરિણામ થાય તે ભાવ નિર્જરા. તિર્યંચાદિકની માફક ઇચ્છાવિના કષ્ટ સહન કરતાં કર્મ પુદ્ગળનું જે ક્ષપન થાય છે, તે દ્રવ્ય અથવા અકામ નિર્જરા. બાર પ્રકારના તપે કરી સંયમી થકાં કષ્ટ સહન કર્યાથી જે કર્મ પરમાણુનું ક્ષપન કરવું અથવા સાડવું તે ભાવ અથવા સકામ નિર્જરા. આ બન્ને નિર્જરામાં ભાવ અથવા સકામ નિર્જરા શ્રેષ્ઠ છે.

તે નિર્જરાતત્વ, બાર પ્રકારના તપના ભેદે કરી કહે છે એટલે બાર પ્રકારનો તપ કરવાથી અનાદિ સંબંધ સર્વ કર્મોનો ક્ષય થાય છે, તેને નિર્જરાતત્વ કહે છે.

બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા થાય છે. તે તપના બે ભેદ છે. એક બાહ્યતપ અને બીજો અભ્યંતર તપ. તેમાં પ્રથમ બાહ્યતપના છ પ્રકાર કહે છે.

૧ અનશન—આહારનો ત્યાગ, ૨ ઉણોદરી—ન્યૂનતા કરવી—ઉપગરણ અથવા આહાર પાણીમાં ઓછું કરવું, ૩ વૃત્તિસંક્ષેપ—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી આજીવિકાનો સંક્ષેપ કરવો એટલે અભિગ્રહ તથા નિયમાદિક ધારવા. ૪ રસપરિત્યાગ-વિગયાદિક સારા સારા રસનો ત્યાગ. ૫ કાયક્લેશ—તપ, લોચાદિક કષ્ટનું સહન કરવું, કાઉસગ્ગ કરવો. ૬ પ્રતિસંલિનતા—અંગ ઉપાંગનું સંવરવું. એ છ પ્રકારનો બાહ્યતપ તે સર્વથી તથા દેશથી એવા બે ભેદે જાણવો. જે કષ્ટને મિથ્યાત્વીઓ પણ તપ કરી માને છે, જેને લોક પણ દેખી શકે છે જેથી કષ્ટ ઘણું ને લાભ અલ્પ થાય અને બાહ્ય શરીરને તપાવે તેથી એ છ પ્રકારનો બાહ્ય તપ કહ્યો.

છ પ્રકારનો અભ્યંતર તપ કહે છે.

૧ પ્રાયશ્ચિત્ત—કરેલા અપરાધની શુદ્ધિ કરવી, કપટ રહિતપણે

લાગેલા દોષ ગુરૂ આગળ પ્રકાશ કરી તેની આલોયણા લેવી. ૨ વિનય—ગુરૂઆદિકની ભક્તિ કરવી તથા આશાતના ટાળવી. ૩ વૈયાવચ્ચ—અન્ન, પાણી, વસ્ત્ર તથા ઔષધ પ્રમુખે કરી યથાયોગ્ય સેવા—ભક્તિ કરવી. ૪ સજ્ઝાય—૧ પોતાને ભણવું, શિષ્યાદિકને ભણાવવું તથા વાંચવું. ૨ સંદેહ પડવાથી ગુર્વાદિકને પુછવું. ૩ શિખેલું ફરી સંભારવું. ૪ ધારેલું ચિંતવન કરવું, ૫ ધર્મસંબંધી કથા કહેવી તથા ઉપદેશ કરવો એ પાંચ ભેદ. ૫ ધ્યાન—આર્ત્ત, રૌદ્ર, એ બે ધ્યાન ટાળી ધર્મ અને શુકલ એ બે ધ્યાનથી મનની એકાગ્રતાએ અવલંબન કરવું. ૬ કાઉસગ્ગ—કાયા હલાવવી નહિ. તે કાઉસગ્ગ દ્રવ્યે તથા ભાવે એ બે ભેદ છે. એ છ ભેદને સમ્યકદૃષ્ટિ જીવ તપ કરી માને. એમ બાર પ્રકારના તપે કરી નિર્જરાતત્વ કહ્યો. ઇતિ.

૮ બંધતત્વ.

આત્માના પ્રદેશને કર્મ પુદ્ગળના દળ ખીર નીરની પેઠે, લોહપિંડ અગ્નિની પેઠે લોલીભૂત થઇ બંધાય તેને બંધતત્વ કહીએ.

બંધતત્વના ચાર ભેદ કહે છે.

૧ પ્રકૃતિબંધ—કર્મનો સ્વભાવ તથા પરિણામ. ૨ સ્થિતિબંધ—જે કર્મની જેટલી સ્થિતિ છે તે. ૩ અનુભાગબંધ—કર્મનો તીવ્ર મંદાદિ રસ પરિણામરૂપ. ૪ પ્રદેશ બંધ—કર્મપુદ્ગળના પ્રદેશ.

ચાર પ્રકારનો બંધ મોદકને દૃષ્ટાંતે કહે છે.

૧ પ્રકૃતિ બંધ.

સુંઠ પ્રમુખ પદાર્થ નાખી મોદક કર્યો હોય તે વાયુ રોગનું હરણ કરે છે. જીરૂ પ્રમુખ ટાઢી વસ્તુ નાખી મોદક કર્યો હોય તે પિત્તરોગનું હરણ કરે છે, ઇત્યાદિક જે દ્રવ્યના સંયોગે કરી તે મોદક નીપનો હોય તે દ્રવ્યના ગુણાનુસાર તે મોદક વાત, પિત્ત તથા કફાદિક રોગનું હરણ કરે છે તે તેનો સ્વભાવ જાણવો. તેમ જ્ઞાનાવરણીય કર્મનો જ્ઞાન અપહારક સ્વભાવ છે, સામાન્ય ઉપયોગરૂપ જે દર્શન તેને નાશ કરવાનો દર્શનાવરણીય કર્મનો સ્વભાવ છે, અનંત અવ્યાબાધ સુખને ટાળવાનો વેદનીય કર્મનો

સ્વભાવ છે, સમ્યકત્વ તથા ચારિત્રને ટાળવાનો મોહનીય કર્મનો સ્વભાવ છે, અક્ષય સ્થિતિને ટાળવાનો આયુ કર્મનો સ્વભાવ છે, શુદ્ધ અવગાહનાને ટાળવાનો નામ કર્મનો સ્વભાવ છે, આત્મા ના અગુરૂ લઘુ ગુણને ટાળવાનો ગોત્ર કર્મનો સ્વભાવ છે અને અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ તથા અનંત વીર્યને ટાળવાનો અંતરાય કર્મનો સ્વભાવ છે.

૨ સ્થિતિ બંધ.

જેમ તે જ મોદકને પક્ષ, માસ, બે માસ, ત્રણ માસ તથા ચાર માસ સુધી રહેવાને કાળનું નામ છે, તેમ કોઇક કર્મની જઘન્ય અંતર મુહુર્ત અને ઉત્કૃષ્ટી સીતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય. તે સ્થિતિની વચમાં જે કર્મ જેટલી રહેવાની સ્થિતિએ બાંધ્યું હોય તે કર્મ જેટલો કાળ રહે તેને કાળનું અવધારણ એટલે નિશ્ચય કરવારૂપ સ્થિતિ-બંધ કહીયે.

૩ અનુભાગ-બંધ.

તે જ મોદક કોઇ મીઠો હોય, કડવો હોય અને કોઈ તીખો હોય તેમજ કોઇ મોદકનો એકઠાણીઓ રસ હોય, કોઇનો બેઠાણીઓ રસ હોય, ઇત્યાદિ અનેક પ્રકારે અલ્પ-વિશેષ હોય છે; તેમ કોઇ કર્મનો શુભ, તીવ્ર, મંદ વિપાક હોય છે અને કોઇ કર્મનો અશુભ, તીવ્ર, મંદ વિપાક હોય છે. જેમ સાતા-વેદનીયાદિકમાં કોઇકનો અશુભ રસ અલ્પ હોય અને કોઇકનો અશુભ રસ ઘણો હોય, તેને ત્રીજો અનુભાગ બંધ કહીયે.

૪ પ્રદેશ-બંધ.

તે જ મોદક કોઇ અલ્પદળથી થયો હોય, કોઇ બહુ દળથી થયો હોય અને કોઇ બહુતર દળથી થયો હોય તેમ કોઇ કર્મ-પુદ્ગળનાં દળ થોડાં હોય છે અને કોઇનાં વધારે હોય છે, તેનું પરિણામ તે પ્રદેશબંધ.

આઠ કર્મ ઉપર પ્રકૃતિ તથા સ્થિતિ.

૧ જ્ઞાનાવરણીય કર્મ—આંખના પાટા સમાન, તેની પાંચ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહુર્તની, ઉત્કૃષ્ટી ત્રીશ કોડાકોડી સાગરોપમની.

૨ વેદનીયકર્મ—પોળીયા સમાન, તેની નવ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી ત્રીસ કોડાકોડી સાગરોપમની.

૩ વેદનીયકર્મ—મધે તથા અકીણે ખરડયા ખડ્ગ સમાન. તેની બે પ્રકૃતિ. સ્થિતિ જઘન્ય ૨ સમયની, ઉત્કૃષ્ટી ત્રીસ કોડાકોડી સાગરોપમની.

૪ મોહનીયકર્મ—મદિરાના છાક સમાન, તેની અઠ્ઠાવીશ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી સીતેર કોડાકોડી સાગરોપમની.

૫ આયુષ્યકર્મ—હેડ (બેડી) સમાન, તેની ચાર પ્રકૃતિ. સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી તેત્રીસ સાગરોપમની.

૬ નામકર્મ-ચિતારા સમાન, તેની એકસો ત્રણ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય આઠ મુહુર્તની, ઉત્કૃષ્ટી વીશ કોડાકોડી સાગરોપમની.

૭ ગોત્રકર્મ—કુંભારના ચાકડા સમાન, તેની બે પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય આઠ મુહુર્તની, ઉત્કૃષ્ટી વીશ કોડાકોડી સાગરોપમની.

૮ અંતરાય કર્મ—ભંડારી સમાન, તેની પાંચ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહુર્તની, ઉત્કૃષ્ટી ત્રીસ કોડાકોડી સાગરોપમની.

૩ અનુભાગબંધ સંક્ષેપથી બતાવે છે—રાગાદિકમસ્ત જીવ, અભવ્ય જીવની રાશીથી અનંત ગુણા અને સિદ્ધના જીવોની રાશિને અનંતમે ભાગે એટલે પરમાણુએ નિષ્પન્ન કર્મસ્કંધ સમય સમય પ્રત્યે ગ્રહણ કરે છે તે દળીઆને વિષે પરમાણુ દીઠ કષાયના વશથી સર્વ જીવની રાશીથી અનંત ગુણા રસ વિભાગના પરિચ્છેદ હોય. તે રસ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ તથા મંદ, મંદતર, મંદતમાદિ અનેક પ્રકારે હોય. ત્યાં અશુભ ત્યાશી પાપ પ્રકૃતિનો તીવ્ર સંકલેશ પરિણામે કરી બંધાય અને શુભ બેંતાલીસ પુણ્ય પ્રકૃતિનો તીવ્રરસ વિશુદ્ધિએ કરી બંધાય તથા મંદરસાનુબંધ તેથી વિપર્યય હોય. તે આવી રીતે—શુભ પ્રકૃતિનો મંદરસ સંકલેશ પરિણામે કરી બંધાય અને અશુભ પ્રકૃતિનો મંદરસ વિશુદ્ધિએ કરી બંધાય.

પ્રદેશબંધ સંક્ષેપથી કહે છે તે—લોકને વિષે ૧ ઔદારિક ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તેજસ, ૫ ભાષા, ૬ શ્વાસોશ્વાસ, ૭ મન અને ૮ કાર્મણ એ આઠ જાતિની કર્મની વર્ગણા છે.

તે એકેકી વળગણા જીવને ગ્રહણ યોગ્ય તથા અગ્રહણ યોગ્ય એવા બે પ્રકારે છે. પ્રથમ બે પ્રદેશથી માંડીને અભવ્યથી અનંત ગુણાધિક પ્રદેશ લગે ઔદારીક વળગણા તે થોડા પ્રદેશ અને સ્થુળ માટે જીવને અગ્રહણ યોગ્ય વળગણા જાણવી બીજી ઔદારિક ગ્રહણ કરવા યોગ્ય તે પણ અનંતી વળગણા જાણવી. ત્યાર પછી ઘણા પ્રદેશ અને સૂક્ષ્મ પરિણામ માટે ઔદારિકને અગ્રહણ યોગ્ય તથા વૈક્રેયની અપેક્ષાએ થોડા પ્રદેશ અને સ્થુળ પરિણામ માટે વૈક્રેયને પણ અગ્રહણ યોગ્ય એમ બેઉને ગ્રહણ કરવાને અયોગ્ય તે પણ અભવ્યથી અનંત ગુણાધિક વળગણા જાણવી. ત્યાર પછી વૈક્રેયને ગ્રહણ યોગ્ય વળગણા જાણવી. એમ સર્વ આઠ જાતિનો વળગણા તે વિષે ગ્રહણ યોગ્ય અને અગ્રહણ યોગ્ય વળગણા જાણવી. ઇતિ બંધતત્વ.

૯ મોક્ષતત્વ.

સકળ આત્માના પ્રદેશથી, સકળ કર્મનું છુટવું, સકળ બંધનથી મુકાવું, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષતત્વ કહીયે.

પંદર ભેદે સિદ્ધ થાય છે તે કહે છે.

૧ તીર્થસિદ્ધા-તીર્થંકરને કેવળજ્ઞાન ઉપન્યા પછી જે મોક્ષ ગયા તે ગણધર પ્રમુખ.

૨ અતીર્થસિદ્ધા—તીર્થંકરને કેવળજ્ઞાન ઉપન્યા પહેલાં જે મોક્ષ ગયા તે, મારૂદેવી પ્રમુખ.

૩ તીર્થંકર સિદ્ધા—તીર્થંકર પદવી પામીને મોક્ષ ગયા તે, તે ઋષભાદિક અરિહંત ભગવાન.

૪ અતીર્થંકર સિદ્ધા—તીર્થંકર પદ પામ્યા વિના સામાન્ય કેવળી થઈ મોક્ષ ગયા તે.

૫ ગૃહસ્થલિંગસિદ્ધા—ગૃહસ્થના વેષે રહ્યા થકા મોક્ષે ગયા તે મારૂદેવી માતા પ્રમુખ.

૬ અન્યલિંગસિદ્ધા—યોગી, સંન્યાસી પ્રમુખ તાપસના વેષે મોક્ષ ગયા તે, વલ્કલચીરી આદિ.

૭ સ્વલિંગસિદ્ધા—સાધુના વેષે મોક્ષ ગયા તે, શ્રી જંબુસ્વામી વગેરે સાધુ મુનિરાજો.

૮ સ્ત્રીલિંગસિદ્ધા—સ્ત્રી વેદે મોક્ષ ગયા તે, ચંદનબાળા આદિ.
૯ પુરૂષલિંગસિદ્ધા—પુરૂષ વેદે મોક્ષ ગયા તે, ગૌતમાદિક.
૧૦ નપુંસકલિંગસિદ્ધા—નપુંસક વેદે મોક્ષ ગયા તે, ગાંગેય અણગાર પ્રમુખ.
૧૧ પ્રત્યેકબુદ્ધસિદ્ધા—કોઇ પદાર્થ દેખીને પ્રતિબોધ પામવાથી પોતાની મેળે ચારિત્ર લઇ મોક્ષ ગયા તે, કરકંડુ પ્રમુખ.
૧૨ સ્વયંબુદ્ધસિદ્ધા—ગુરૂના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી પ્રતિબોધ પામી મોક્ષ ગયા તે, કપિલ આદિ.
૧૩ બુદ્ધબોહીસિદ્ધા—ગુરૂનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી મોક્ષ ગયા તે.
૧૪ એક સિદ્ધા—એક સમયમાં એકજ જીવ મોક્ષ ગયો તે, મહાવીર સ્વામી.
૧૫ અનેકસિદ્ધા—એક સમયમાં ઘણા જીવ મોક્ષ ગયા તે, ઋષભાદિક સ્વામી પ્રમુખ.

એ પંદર ભેદ સિદ્ધના જાણવા. યદ્યપિ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ એ બે ભેદમાં બીજા તેર ભેદ આવી જાય છે, તથાપિ વિશેષ દેખાડવા સારૂં પંદર ભેદ કહ્યા.

૪ પ્રકારે જીવ મોક્ષ જાય તે કહે છે.

૧ જ્ઞાને કરી, ૨ દર્શને કરી, ૩ ચારિત્રે કરી, ૪ તપે કરી.

મોક્ષનાં નવ દ્વાર કહે છે.

૧ સત્પદપ્રરૂપણાદ્વાર, ૨ દ્રવ્યદ્વાર, ૩ ક્ષેત્રદ્વાર, ૪ સ્પર્શનાદ્વાર, ૫ કાળદ્વાર, ૬ અંતરદ્વાર ૭ ભાગદ્વાર, ૮ ભાવદ્વાર, ૯ અલ્પબહુત્વદ્વાર, એ નવનાં નામ કહ્યાં. (૧) સત્પદપ્રરૂપણાદ્વાર, તે મોક્ષ ગતિ પૂર્વ કાળે હતી, હુમણાં પણ છે, આવતા કાળે હશે, તે છતી અસ્તિ છે, પણ આકાશના ફુલની પરે નાસ્તિ નથી. (૨) દ્રવ્ય પ્રમાણે તે સિદ્ધ અનંતા છે, અભવ્ય જીવથી અનંતગુણા અધિક છે, વનસ્પતિ વર્જિને ૨૩ દંડકથી સિદ્ધના જીવ અનંતગુણા અધિક છે. (૩) ક્ષેત્રદ્વાર તે સિદ્ધશિલા પ્રમાણે છે, સિદ્ધશીલા ૪૫ લાખ જોજનની લાંબી પહોળી છે


અને ત્રીગુણી ઝાઝેરી પરિધી છે અને ઉંચપણે ૩૩૩ ધનુષ્ય ને ૩૨ આંગળ પ્રમાણે એટલા ક્ષેત્રમાં સિદ્ધ રહ્યા છે. (૪) સ્પર્શના દ્વાર તે સિદ્ધ ક્ષેત્રથી કાંઇક અધિકી સિદ્ધની સ્પર્શના છે. (૫) કાળદ્વાર તે એક સિદ્ધ આશ્રિ આદિ અનંત, સર્વ સિદ્ધ આશ્રિ અનાદિ અનંત. (૬) અંતરદ્વાર-તે દૂરી સિદ્ધને સંસારમાં અવતરવું નથી અને એક સિદ્ધ ત્યાં અનંતા સિદ્ધ છે અને અનંતા સિદ્ધ ત્યાં એક સિદ્ધ છે, એટલે સિદ્ધ બેમાં અંતર નથી. (૭) ભાગદ્વાર તે સઘળા જીવને સિદ્ધના જીવ અનંતમે ભાગે છે, લોકને અસંખ્યાતમે ભાગે છે. (૮) ભાવદ્વાર તે સિદ્ધમાં ક્ષાયકભાવ, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયક સમકિત છે અને પરિણામિક ભાવ તે સિદ્ધપણું જાણવું. (૯) અલ્પબહુત્વદ્વાર તે સર્વથી થોડા નપુંસક સિદ્ધ, તેથી સ્ત્રી સંખ્યાતગુણી સિદ્ધ, તેથી પુરૂષ સંખ્યાતગુણા સિદ્ધ. એક સમયે નપુંસક ૧૦ સિદ્ધ થાય, સ્ત્રી ૨૦ સિદ્ધ થાય, પુરૂષ ૧૦૮ સિદ્ધ થાય.

ચૌદ બોલ કહે છે.

૧ ત્રસપણે, ૨ બાદરપણે, ૩ સંજ્ઞીપણે, ૪ વજ્રઋષભ નારાચ સંઘયણપણે, ૫ શુકલધ્યાનપણે, ૬ મનુષ્યગતિ, ૭ ક્ષાયક સમકીત, ૮ યથાખ્યાત ચારિત્ર, ૯ પંડિતવીર્ય, ૧૦ કેવળજ્ઞાન, ૧૧ કેવળદર્શન, ૧૨ ભવ્યસિદ્ધિક, ૧૩ પરમશુકલલેશી, ૧૪ ચરમ શરીરી, એ ચૌદ બોલનો ધણી મોક્ષ જાય. જઘન્ય બે હાથની અવગેણાવાળો, ઉત્કૃષ્ટી પાંચસે ધનુષ્યની અવગેણાવાળો, જઘન્ય નવ વરસનો, ઉત્કૃષ્ટ પૂર્વકોડીના આયુષવાળો, કર્મભૂમિનો હોય તે મોક્ષમાં જાય. ઇતિ મોક્ષતત્વ.

ઇતિ નવતત્વ સંપૂર્ણ.

અથ શ્રી લઘુદંડક.



(આર્યા)

शरीरोगाहण संघयण, संठाण कसाय तह हुंति सन्नाओ;
लेसिंदिय समुग्घाए सन्नि वेदे य पज्जति ॥ १ ॥
दिट्ठि दंसण नाण अनाणे, जोगुवओगे तहा किमाहारे ॥
उववाय ठिइ समुहाए, चवण गइ आगइ चेव ॥ २ ॥

એ બે ગાથા સૂત્ર પાઠે કહી. તેમાં ચોવિશ દ્વાર કહ્યા. તે ચોવીશ દ્વાર અર્થ સહિત કહે છે.

(શરીર કે૦) શરીર પાંચ. ૧ ઉદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તેજસ અને ૫ કાર્મણ ॥ ૧ ॥

(ઓગાહણ કે૦) અવગાહણા. ૧ ઉદારિકની અવગાહણા જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટી એક હજાર જોજન ઝાઝેરી, કમળના ડોડાને ન્યાયે જાણવી, ૨ વૈક્રિયની ભવધારણી અવગાહણા જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉ૦ પાંચસે ધનુષ્યની તથા ઉત્તર વૈક્રિયની અવગાહણા જ૦ આંગળનો સંખ્યાતમો ભાગ અને ઉ૦ લાખ જોજન ઝાઝેરી જાણવી, ૪ આહારકની અવગાહણા જ૦ મુઢા હાથની અને ઉ૦ એક હાથની. ૪-૫ તેજસ અને કાર્મણની અવગાહણા જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉ૦ ચૌદ રાજ લોક પ્રમાણે જાણવી તથા કેવળ સમુદ્‌ઘાતની અપેક્ષાયે પોતપોતાના શરીર પ્રમાણે જાણવી. ॥ ૨ ॥

(સંઘયણ કે૦) સંઘયણ છ. ૧ વજ્રઋષભનારાચ સંઘયણ, ૨ ઋષભનારાચ સં૦, ૩ નારાચ સં૦, ૪ અર્દ્ધનારાચ સં૦ ૫ કિલિકુ સં૦ અને ૬ છેવટ્ટુ સંઘયણ ॥ ૩ ॥

(સંઠાણ કે૦) સંસ્થાન છ,-૧ સમચઉરંસ સંસ્થાન, ૨ નિગ્રોહ પરિમંડળ સં૦, ૩ સાદિ સં૦, ૪ વામન સં૦, ૫ કુબ્જ સં૦, અને ૬ હુંડ સંસ્થાન ॥ ૪ ॥

(કષાય કે૦) કષાય ચાર-૧ ક્રોધ, ૨ માન, ૩ માયા અને ૪ લોભ ॥ ૫ ॥ (તહહુંતિ કે૦) તેમજ આગળ કહેશે, તે પ્રકારે હોય.

(સન્નાઓ કે૦) સંજ્ઞા ચાર-૧ આહાર સંજ્ઞા, ૨ ભય સંજ્ઞા, ૩ મૈથુન સંજ્ઞા અને ૪ પરિગ્રહ સંજ્ઞા ॥ ૬ ॥

(લેશ કે૦) લેશ્યા છ.-૧-કૃષ્ણ લેશ્યા, ૨ નીલ લેશ્યા, ૩ કાપોત લેશ્યા, ૪ તેજી લેશ્યા, ૫ પદ્મ લેશ્યા અને ૬ શુકલ લેશ્યા ॥ ૭ ॥

(ઇંદ્રિય કે૦) ઇંદ્રિય પાંચ-૧ શ્રોત્રેંદ્રિય, ૨ ચક્ષુઇંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય ૪ રસેંદ્રિય અને ૫ સ્પર્શેંદ્રિય. ॥ ૮ ॥

(સમુગ્ઘાત કે૦) સમુદ્‌ઘાત સાત-૧ વેદની સમુદ્‌ઘાત, ૨ કષાય સ૦, ૩ મારણાંતિક સ૦, ૪ વૈક્રિય સ૦, ૫ તેજસ સ૦ ૬ આહારક સ૦ અને ૭ કેવળ સમુદ્‌ઘાત. ॥ ૯ ॥

(સન્ની કે૦) સંજ્ઞી અને અસંજ્ઞી,-તેમાં જેને મન હોય તે સંજ્ઞી અને મન ન હોય તે અસંજ્ઞી ॥ ૧૦ ॥

(વેદ કે૦) વેદ ત્રણ-૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષ વેદ અને ૩ નપુંસક વેદ ॥ ૧૧ ॥

(ય કે૦) વળી (પજ્જત્તિ કે૦), પર્યાપ્તિ છ તે-૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર ૫૦, ૩ ઇંદ્રિય ૫૦, ૪ શ્વાસોશ્વાસ ૫૦, ૫ ભાષા ૫૦ અને ૬ મન પર્યાપ્તિ ॥ ૧૨ ॥

છ પર્યાપ્તિનું સ્વરૂપ દર્શાવે છે.

પુદ્‌ગલના ઉપચયથી થયેા જે પરિણમન હેતુ શક્તિ વિશેષ, તેને પર્યાપ્તિ કહે છે. એના બે ભેદ છે-એક લબ્ધિપર્યાપ્તિ અને બીજી કરણ-પર્યાપ્તિ, જે કર્મના ઉદયથી આરંભેલી સ્વયેાગ્ય પર્યાપ્તિ સર્વ પૂરી કરી નથી, પણ કરશે તેને લબ્ધિપર્યાપ્તિ કહે છે અને જેણે સ્વયેાગ્ય પર્યાપ્તિ સર્વ પૂરી કરી લીધી તેને કરણપર્યાપ્તિ કહે છે.

અપર્યાપ્તિ પણ બે પ્રકારની છે-એક લબ્ધિ અપર્યાપ્તિ, બીજી કરણ અપર્યાપ્તિ. આરંભેલી સ્વયેાગ્ય પર્યાપ્તિ પૂરી કરે નહિ તેને લબ્ધિ અપર્યાપ્તિ કહે છે અને જે સ્વયેાગ્ય પર્યાપ્તિ સર્વ પૂરી કરશે, પણ હજી કરી નથી, તેને કરણ અપર્યાપ્તિ કહે છે.

પર્યાપ્તિ ૭ પ્રકારે છે. દરેક જીવને ભવાંતરની ઉત્પત્તિ સમયે જે શક્તિવડે આહાર લઇને તેને રસપણે પરિણમાવવાનો જે શક્તિ વિશેષ તેને આહારપર્યાપ્તિ કહે છે. પછી તે રસરૂપ પરિણામને રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા તથા વીર્ય એ સાત ધાતુપણે પરિણમાવીને શરીર બાંધવાનો જે શક્તિવિશેષ, તેને શરીરપર્યાપ્તિ કહે છે. પછી તે સાત ધાતુપણે પરિણમાવ્યો જે રસ, તે જેને જેટલાં દ્રવ્ય ઇંદ્રિય જોઇએ તેને તેટલા ઇંદ્રિયપણે પરિણમાવવાનો જે શક્તિ વિશેષ તેને ઇંદ્રિયપર્યાપ્તિ કહે છે. પર્યાપ્તિ એ શબ્દ સર્વ સાથે જોડવો. ક્રમકે એ કહેલી ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના કોઇ જીવ મરણ પામે નહિ, માટે પર્યાપ્તિ શબ્દ વચમાં કહ્યો છે. એ ત્રણ પર્યાપ્તિ બાંધીને પછી શ્વાસોશ્વાસપણે પરિણમાવીને અવલંબી મુકવાનો જે શક્તિવિશેષ, તેને શ્વસોશ્વાસ પર્યાપ્તિ કહે છે. ભાષાયોગ્ય પુદ્ગળ લઇ ભાષાપણે પરિણમાવીને અવલંબી મૂકવાનો જે શક્તિવિશેષ તેને ભાષાપર્યાપ્તિ કહે છે અને મનોવરગણા યોગ્ય પુદ્ગળ લઈ, મનપણે પરિણમાવીને અવલંબી મૂકવાનો જે શક્તિવિશેષ તેને મનઃપર્યાપ્તિ કહે છે. એવી રીતે એ ૭ પ્રકારે પર્યાપ્તિ કહી છે.

આહાર પર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇંદ્રિય પર્યાપ્તિ તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિ એ ચાર પર્યાપ્તિ એકેંદ્રિયને હોય ને તે ચાર પર્યાપ્તિઓની સાથે પાંચમી ભાષા પર્યાપ્ત જોડીને પાંચપર્યાપ્તિ તે વિકલેન્દ્રિ એટલે બેઇંદ્રિય, તેઇંદ્રિય તથા ચૌરિંદ્રિય પ્રત્યેકને હોય, એજ પાંચ પર્યાપ્તિયો અસંજ્ઞી પંચેન્દ્રિયને હોય અને છએ પર્યાપ્તિયો સંજ્ઞી પંચેંદ્રિયને હોય.

(દિટ્ઠિ કે૦) દૃષ્ટિ ત્રણ. ૧ સમકિત દૃષ્ટિ, ૨ મિથ્યાત્વ-દૃષ્ટિ અને ૩ સમા મિથ્યાત્વ દૃષ્ટિ ॥ ૧૩ ॥

(દંસણ કે૦) દર્શન ચાર-૧ ચક્ષુ દર્શન, ૨ અચક્ષુ દર્શન, ૩ અવધિ દર્શન, ૪ કેવળ દર્શન ॥ ૧૪ ॥

(નાણ કે૦) જ્ઞાન પાંચ. ૧ મતિ જ્ઞાન, ૨ શ્રુત જ્ઞાન, ૩ અવધિ જ્ઞાન, ૪ મનઃપર્યવ જ્ઞાન અને ૫ કેવળ જ્ઞાન ॥ ૧૫ ॥

(અન્નાણે કે૦) અજ્ઞાન ત્રણ. ૧ મતિ અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન અને ૩ વિભંગ અજ્ઞાન ॥ ૧૬ ॥

(જોગ કે૦) યોગ પંદર. ૪ મનના, ૪ વચનના અને ૭ કાયાના. તેમાં ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મ૦, ૩ મિશ્ર મ૦

અને ૪ વ્યવહાર મ૦ એ ચાર મનના જાણવા તથા ૧ સત્ય વચનયોગ, ૨ અસત્ય, વ૦, ૩ મિશ્ર વ૦, ૪ વ્યવહાર વ૦ એ ચાર વચનના જાણવા. તથા ૧ ઉદારિક, ૨ ઉદારિકનો મિશ્ર, ૩ વૈક્રિય, ૪ વૈક્રિયનો મિશ્ર, ૫ આહારક, ૬ આહારકનો મિશ્ર, અને ૭ કાર્મણકાય યોગ એ સાત કાયાના જાણવા-સર્વે મળી પંદર યોગ જાણવા ।। ૧૭ ।।

(ઉવયોગ કે૦) ઉપયોગ બાર તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એ બાર ઉપયોગ જાણવા ।। ૧૮ ।।

(તહા કિમાહારે કે૦) તેમજ અનુક્રમે આહાર લે. જ૦ ત્રણ દિશિનો અને ઉ૦ છ દિશિનો. ત્રણ દિશિ તે ૧ ઉંચી, ૨ નીચી અને ૩ ત્રાંછી, અને છ દિશિ તે ૧ પૂર્વ, ૨ પશ્ચિમ, ૩ ઉત્તર, ૪ દક્ષિણ, ૫ ઉંચી અને ૬ નીચી. તથા ત્રણ પ્રકારનો આહાર લે તે ૧ સચિત્ત, ૨ અચિત્ત અને ૩ મિશ્ર. તથા ત્રણ પ્રકારનો આહાર લે તે ૧ ઓજ, ૨ રોમ અને ૩ કવળ એ ત્રણ પ્રકારનો આહાર ।। ૧૯ ।।

(ઉવવાય કે૦) કેટલા દંડકનો આવીને ઉપજે? તે આગળ કહેવાશે ।। ૨૦ ।।

(ઠિઇ કે૦) સ્થિતિ. તે જ૦ અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટિ તેત્રીશ સાગરોપમની. તે સ્થિતિ આગળ કહેવાશે. ।। ૨૧ ।।

(સમુહાએ કે૦) ૧ સમોહિયા મરણ, ૨ અસમોહિયા મરણ, તેમાં સમોહિયા મરણ તે કીડીની લારની પેઠે જીવના પ્રદેશ છુટા છુટા નીકળે તે. અને અસમોહીયા મરણ તે બંબુકના ભડાકાની પેઠે જીવના પ્રદેશ સામટા નીકળે તે. ।। ૨૨ ।।

(ચવણ કે૦) કેટલા દંડકમાં ચવીને જાય તે આગળ કહેવાશે ।। ૨૩ ।।

(ગઇ કે૦) ગતિ પાંચ તે ૧ નરકની, ૨ તિર્યંચની, ૩ મનુષ્યની, ૪ દેવતાની અને ૫ સિદ્ધની. તેમાં જે જવું તે ગતિ.

(આગઇ કે૦) આવવું તે આગતિ. તે ચાર પ્રકારની-૧ નરકની, ૨ તિર્યંચની ૩ મનુષ્યની અને ૪ દેવતાની. (ચેવ કે) નિશ્ચે એ બે ગાથાનો અર્થ કહ્યો ।। ૨૪ ।।

પ્રાણ દશ. તેમાં પંચેંદ્રિના પાંચ પ્રાણ તે ૧ શ્રોત્રેંદ્રિય,

૨ ચક્ષુરિંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, અને ૫ સ્પર્શેન્દ્રિય ૬ મનબળ, ૭ વચનબળ, ૮ કાયબળ, ૯ શ્વાસોશ્વાસ અને ૧૦ આઉખું. એ દશ. એ પચ્ચીશ દ્વાર કહ્યા ॥ ૨૫ ॥

ચોવીશ દંડકનાં નામ કહે છે.

પ્રથમ નારકીનો દંડક તે સાત નરકનાં નામ કહે છે—૧ ઘમા, ૨ વંસા, ૩ સિલા, ૪ અંજણા, ૫ રિઠ્ઠા, ૬ મઘા અને ૭ માઘવઈ, તેનાં ગોત્ર કહે છે. ૧ રત્નપ્રભા, ૨ શર્કરપ્રભા, ૩ વાલુપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમઃપ્રભા, અને ૭ તમસ્તમઃપ્રભા. એ સાત મળી એક દંડક થયો.

દશ ભવનપતિના દશ દંડક—૧ અસુરકુમાર, ૨ નાગ કુ૦ ૩ સુવર્ણ કુ૦, ૪ વિદ્યુત્કુ૦, ૫ અગ્નિ, કુ૦, ૬ દ્વિપ કુ૦, ૭ ઉદધિ કુ૦, ૮ દિશા કુ૦, ૯ પવન કુ૦ અને ૧૦ સ્તનિતકુમાર.

પાંચ થાવરના પાંચ દંડક—૧ ઇંદ્ર થાવરકાય, ૨ બંભી થા૦, ૩ સપિ થા૦, ૪ સુમતિ થા૦, અને ૫ પયાવચ્ચ થાવરકાય. તેનાં ગોત્ર કહે છે, ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય અને ૫ વનસ્પતિકાય.

ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક -૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય અને ૩ ચૌરેંન્દ્રિય.

વીશમો તિર્યંચ પંચેંદ્રિયનો દંડક—તિર્યંચ પંચેંદ્રિયના પાંચ ભેદ. તે ૧ જળચર, ૨ સ્થળચર, ૩ ઉરપર, ૪ ભુજપર અને ૫ ખેચર. જળચર તે કોને કહીએ? જે જળમાં ચાલે તેને જળચર કહીએ. તેના અનેક ભેદ. મચ્છ, કચ્છ, ગાહા, મગર, સુમુમાર પ્રમુખ ॥ ૧ ॥ જે પૃથ્વી ઉપર ચાલે તેને સ્થળચર કહીએ. તેના ચાર ભેદ. ૧ એકખુરા ૨ દોખુરા, ૩ ગંડિપયા અને ૪ સણપયા. તેમાં એકખુરા તે ઘોડા, ખર પ્રમુખ. દોખુરા તે ગાય, ભેંસ પ્રમુખ. ગંડિપયા તે સુંવાળા પગ સોનીની એરણને ઘાટે પગ તે હાથી, ગેંડા તે પ્રમુખ. સણપયા તે નહોરવાળા જીવ, તે સિંહ, વાઘ, ચિત્તા, કૂતરા, બિલાડા પ્રમુખ. એ સ્થળચરના ચાર ભેદ જાણવા ॥ ૨ ॥ ઉરપર તે હૈયાભર ચાલે તે સર્પની જાત. તેની બે જાત—એક ફેણ માંડે તે અને બીજી ફેણ ન માંડે તે ॥ ૩ ॥ ભુજપર સર્પ તે ભુજાયે તથા હૈયાભર ચાલે તે

ભુજપર સર્પ. તેના અનેક ભેદ. નોળ, કોળ, કાંકિડા, ગોહ, ઉંદર, ખિશકોલી પ્રમુખ ।। ૪ ।। ખેચર તે જે આકાશે ચાલે તે પંખીની જાતિ. તે પંખીના ચાર ભેદ—૧ ચર્મ પંખી, ૨ રોમ પંખી, ૩ વિતત પંખી, ૪ સમુગ પંખી. ચર્મ પંખી તે ચામડાની પાંખ તે છાપા, વાગુલ પ્રમુખ ।। ૧ ।। રોમ પંખી તે રોમરાયની પાંખ તે સુડા, ચરકલા, પારેવા પ્રમુખ ।। ૨ ।। એ બે પંખી અઢી દ્વીપમાંહિ અને અઢી દ્વીપ બહાર છે. વિતત પંખી તે જેની પાંખ પહોળીજ રહે તે વિતત પંખી કહીએ, ।। ૩ ।। સમુગ પંખી તે જેની પાંખ ડાબડાની પેઠે બીડાયેલી રહે તે સમુગ પંખી કહીએ. એ બે પંખી અઢીદ્વીપ બહારજ છે. એ પાંચ તિર્યંચ પંચેંદ્રિય સમુચ્છીમ અને ગર્ભજ જાણવા. એ વીશમો તિર્યંચ પંચેંદ્રિયનો દંડક થયો.

એકવીશમો મનુષ્ય પંચેંદ્રિયનો દંડક—તે મનુષ્ય પંચેંદ્રિયના ૪ ભેદ-૧ પંદર કર્મ ભૂમિનાં મનુષ્ય, ૨ ત્રીશ અકર્મ ભૂમિનાં મનુષ્ય, ૩ છપ્પન અંતરદ્વીપનાં મનુષ્ય અને ૪ ચૌદસ્થાનકમાં સમુચ્છીમ મનુષ્ય. કર્મ ભૂમિ તે કોને કહીએ? જ્યાં અસિ, મસિ અને કૃષિ એ ત્રણ પ્રકારના વ્યાપાર છે. તે ૧ (અસિ કે૦) તરવાર પ્રમુખ હથિયારનું બાંધવું, ૨ (મસિ કે૦) લખવાનો વ્યાપાર કરવો, ૩ (કૃષિ કે૦) ખેતીવાડી પ્રમુખ વ્યાપાર કરવો, એ ત્રણ પ્રકારના વ્યાપારે કરીને જે જીવે, તે કર્મભૂમિનાં મનુષ્ય કહીયે. તે કર્મ ભૂમિનાં ક્ષેત્ર કેટલાં છે? પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ એ પંદર ક્ષેત્ર કર્મભૂમિનાં છે. તે કયે કયે ઠેકાણે છે? તે કહે છે. એક લાખ જોજનનો જંબુદ્વીપ છે. તેમાં એક ભરત, એક ઐરવત અને એક મહાવિદેહ, એ ત્રણ કર્મભૂમિનાં ક્ષેત્ર જંબૂદ્વિપ મધ્યે છે. તે જંબૂદ્વીપને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે. તેને ફરતો ચાર લાખ જોજનનો ધાતકિખંડ દ્વીપ છે, તેમાં બે ભરત, બે ઐરવત, અને બે મહાવિદેહ એ છ ક્ષેત્ર ધાતકીખંડ મધ્યે છે, તેને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધિ સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો પુષ્કરાર્ધ દ્વીપ છે, તેમાં બે ભરત, બે ઐરવત અને બે મહાવિદેહ એ છ ક્ષેત્ર પુષ્કરાર્ધ દ્વીપ મધ્યે છે. એ પંદર કર્મભૂમિ કહ્યાં.

ત્રીશ અકર્મભૂમિ—અકર્મભૂમિનાં મનુષ્ય તે કોને કહીયે ? જ્યાં અસિ, મસિ અને કૃષિ એ ત્રણ વ્યાપાર નથી અને દશ પ્રકારનાં કલ્પવૃક્ષે કરીને જીવે, તે અકર્મ ભૂમિનાં મનુષ્ય કહીયે. તે કયા કયા ? પાંચ હેમવય, પાંચ હિરણ્યવય, પાંચ હરિવાસ, પાંચ રમકવાસ, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ એ ત્રીશ. તે કયે કયે ઠેકાણે છે ? એક હેમવય, એક હિરણ્યવય, એક હરિવાસ, એક રમકવાસ, એક દેવકુરૂ અને એક ઉત્તરકુરૂ એ છ જુગળીયાનાં ક્ષેત્ર જંબૂદ્વીપ મધ્યે છે. એથી બમણાં એટલે બાર ક્ષેત્ર ધાતકીખંડમાં છે. તેમજ બાર ક્ષેત્ર પુષ્કરાર્દ્ધ દ્વીપમાં છે. એ ત્રીશ અકર્મ ભૂમિ કહ્યાં.

છપ્પન અંતરદ્વીપ—અંતરદ્વીપ તે કોને કહીએ ? લવણ સમુદ્રના પાણી ઉપર, અંતરંગ ડાઢામાં દ્વીપ ઉપર રહેનાર—માટે અંતરદ્વીપનાં મનુષ્ય કહીએ. તે કયાં છે ? ભરત ક્ષેત્રની મર્યાદાનો કરનાર પીળા સુવર્ણના ચુલહિમવંત નામે પર્વત છે, તે એકસો જોજનનો ઉંચો છે, એકસો ગાઉનો ઉંડો છે તથા એક હજાર બાવન જોજન અને બાર કળાનો પહોળો છે, ચોવીશ હજાર નવસેં બત્રીશ જોજનનો લાંબો છે, તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે ડાઢા નિકળી છે, તે એકેકી ડાઢા ચોરાશીસેં ચોરાશીસેં જોજનની ઝાઝેની લાંબી છે. તે એકેકી ડાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ છે. જગતીથી ડાઢા ઉપર ત્રણસેં જોજન જઇએ, ત્યારે ત્રણસેં જોજનનો લાંબો પહોળો પહેલો દ્વીપ આવે ।। ૧ ।। ત્યાંથી ચારસેં જોજન જઇએ, ત્યારે ચારસેં જોજનનો લાંબો પહોળો બીજો દ્વીપ આવે ।। ૨ ।। ત્યાંથી પાંચસેં જોજન જઇએ ત્યારે પાંચસેં જોજનનો લાંબો પહોળો ત્રીજો દ્વીપ આવે ।। ૩ ।। ત્યાંથી છસેં જોજન જઇએ, ત્યારે છસેં જોજનનો લાંબો પહોળો ચોથો દ્વીપ આવે ।। ૪ ।। ત્યાંથી સાતસેં જોજન જઇએ, ત્યારે સાતસેં જોજનનો લાંબો પહોળો પાંચમો દ્વીપ આવે ।। ૫ ।। ત્યાંથી આઠસેં જોજન જઈએ, ત્યારે આઠસેં જોજનનો લાંબો પહોળો છઠ્ઠો દ્વીપ આવે ।। ૬ ।। ત્યાંથી નવસેં જોજન જઈએ, ત્યારે નવસેં જોજનનો લાંબો પહોળો સાતમો દ્વીપ આવે ।। ૭ ।। એમ ચારે ડાઢા ઉપર થઇને સાત ચોકું અઠાવીશ થાય, એમજ ઐરવત ક્ષેત્રની મર્યાદાનો કરનાર શિખરીનામા પર્વત છે તે પણ પીળા સુવર્ણનો છે, તે ચુલ હિમવંત પર્વતની પેઠે જાણવો. તેને પણ

પૂર્વ પશ્ચિમને છેડે બબ્બે ડાઢા નિકળી છે, તે એકેકી ડાઢા ઉપર સાત સાત અંતર દ્વીપ છે, એમ અઠ્ઠાવીશ દુ છપ્પન અંતરદ્વીપ છે. તેનું સુખ અકર્મભૂમિની પેઠે જાણવું.

ચૌદ સ્થાનકના સમુચ્છિમ મનુષ્ય—૧ (ઉચ્ચારે સુવા કે૦) વડીનિતમાં ઉપજે, ૨ (પાસવણે સુવા કે૦) લઘુનિતમાં ઉપજે, ૩ (ખેળે સુવા કે૦) બળખામાં ઉપજે, ૪ (સંઘાણે સુવા કે૦) નાસિકાના શ્લેષ્મમાં ઉપજે, ૫ (વંતેસુવા કે૦) વમનમાં ઉપજે, ૬ (પિત્તે સુવા કે૦) પિતાડામાં ઉપજે, ૭ (પુએ સુવા કે૦) પરૂમાં ઉપજે, ૮ (સોણિએ સુવા કે૦) રૂધિરમાં ઉપજે. ૯ (સુક્કે સુવા કે૦) વીર્યમાં ઉપજે, ૧૦ (સુક્કપોગલ પરિસાડિએ સુવા કે૦) વીર્યાદિકના પુદ્ગલ સૂકાણા તે ભીના થયા તેમાં ઉપજે, ૧૧ (વિગય જીવ કલેવરે સુવા કે૦) જીવ રહિત મૃતકના કલેવરમાં ઉપજે, ૧૨ (ઇત્થિ પુરિસ સંજોગે સુવા કે૦) સ્ત્રીપુરૂષના સંયોગમાં ઉપજે, ૧૩ (નગરની ખમણે સુવા કે૦) નગરની ખાળ પ્રમુખમાં ઉપજે અને ૧૪ (સવ્વે સુચેવ અસુઈ ઠાણે સુવા કે૦) મનુષ્ય સંબંધી પિયા પ્રમુખ અશુચિ સ્થાનકમાં ઉપજે. એ અસંખ્યાતા સમુચ્છિમ મનુષ્ય અંતર્મુહુર્તમાં મનુષ્યના શરીરથી વસ્તુ દૂર થાય, તેમાં ઉપજે. એવા એકસો એક ક્ષેત્રના ગર્ભજ મનુષ્ય અપર્યાપ્તા અને એકસો એક પર્યાપ્તા તથા એકસો એક સમુચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા એમ ત્રણસેં ત્રણ ભેદનો એકવીશમો મનુષ્યનો દંડક થયો.

બાવીશમો વાણવ્યંતરનો દંડક તેની સોળ જાત છે—૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ, ૯ આણુપન્ની, ૧૦ પાણુપન્ની, ૧૧ ઇસિવાઇ, ૧૨ ભૂઇવાઇ, ૧૩ કંદિય, ૧૪ મહાકંદિય, ૧૫ કોહંડ અને ૧૬ પયંગદેવ, એ સોળ જાતના વાણવ્યંતરનો બાવીશમો દંડક થયો.

ત્રેવીશમો જ્યોતિષીનો દંડક તેની દશ જાત છે -૧ ચંદ્રમા, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા એ પાંચ ચળ તે અઢીદ્વીપમાં છે અને એ પાંચ સ્થિર તે અઢીદ્વીપ બહાર છે. એ દશ જાત, બે ચંદ્રમા ને બે સૂર્ય જંબુદ્વીપમાં છે, ચાર ચંદ્રમા અને ચાર સૂર્ય લવણ સમુદ્રમાં છે, બાર ચંદ્રમા અને બાર સૂર્ય ધાતકીખંડમાં

છે, બેંતાળીશ ચંદ્રમા અને બેંતાળીશ સૂર્ય કાળોદધિ સમુદ્રમાં છે, બહોતેર ચંદ્રમા અને બહોતેર સૂર્ય પુષ્કરાર્ધદ્વીપમાં છે; એમ સર્વ મળીને મનુષ્ય ક્ષેત્રમાં એકસો બત્રીશ ચંદ્રમા અને એકસો બત્રીશ સૂર્ય પરિવાર સહિત ચળ છે. પરિવાર તે જ્યાં એક ચંદ્રમા અને એક સૂર્ય હોય ત્યાં અઠ્ઠાશી ગ્રહ, અઠ્ઠાવીશ નક્ષત્ર; છાસઠ હજાર નવસેં ને પંચોતેર કોડાકોડી તારા, એ સર્વ ચંદ્રમા સૂર્યના પરિવાર ગણવો. અસંખ્યાતા ચંદ્રમા અને અસંખ્યાતા સૂર્ય પરિવાર સહિત મનુષ્ય ક્ષેત્ર બહાર અસંખ્યાતા દ્વીપ સમુદ્રમાં સ્થિર છે, એ દશ જાતનો તેવીશમો જ્યોતિષીનો દંડક થયો.

ચોવીશમો વૈમાનિકનો દંડક-તેના છવીશ ભેદ છે—બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન, એ છવીશ તેના નામ કહે છે—૧ સૌધર્મ, ૨ ઇશાન, ૩ સનત્કુમાર, ૪ માહેંદ્ર, ૫ બ્રહ્મલોક, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસાર, ૯ આણત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ અને ૧૨ અચ્યુત એ બાર દેવલોકનાં નામ કહ્યાં. નવ ગ્રૈવેયકનાં નામ કહે છે— ૧ ભદ્દે, ૨ સુભદ્દે, ૩ સુજાએ, ૪ સુમાણસે, ૫ પ્રિયદંસણે, ૬ સુદંસણે, ૭ આમોહે, ૮ સુપડિબુદ્ધે અને ૯ જસોધરે, પાંચ અનુત્તર વિમાનનાં નામ કહે છે—૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થસિદ્ધ, એ ચોવીશમો વૈમાનિકનો દંડક કહ્યો. હવે પંદર પરમાધામીનાં નામ કહે છે—૧ અંબ ૨ અંબરસ, ૩ શામ, ૪ સબળ, ૫ રૂદ્ર, ૬ વૈરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિપત્ર, ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ, ૧૨ વાલુક, ૧૩ વૈતરણી ૧૪ ખરસ્વર, અને ૧૫ મહાઘોષ એ પંદર પરમાધામી તે અસુરકુમારમાં ભળ્યા. દશ જાતિના જંભકા તેનાં નામ કહે છે—૧ આણજંભકા, ૨ પાણજંભકા, ૩ લયણજંભકા, ૪ સયણજંભકા, ૫ વત્થજંભકા, ૬ પુષ્પજંભકા, ૭ ફળજંભકા ૮ બીજજંભકા, ૯ વિજ્જુજંભકા અને ૧૦ અવિયત્તજંભકા, એ દશ જાતિના જંભકા દેવતા તે વાણવ્યંતરમાં ભળ્યા. ત્રણ કિલ્વિષીનાં નામ. ૧ ત્રણ પલિયા, ૨ ત્રણ સાગરીયા અને ૩ તેર સાગરીયા. એ ત્રણ કિલ્વિષી દેવલોક અંતર નિવાસી માટે વૈમાનિકમાં ભળ્યા. હવે નવ લોકાંતિકનાં નામ કહે છે.

૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વિન્હિ, ૪ વરૂણ, ૫ ગર્દતોયા, ૬ તોષિયા, ૭ અવ્યાબાધા, ૮ અગ્નિચા અને ૯ રિષ્ટા એ નવ લોકાંતિક બ્રહ્મલોકવાસી માટે ઉત્તમ વૈમાનિકમાં ભળ્યા. ઇતિ ચોવીશ દંડકનાં નામ કહ્યાં. ॥ ૨૪ ॥

હવે સાત ક્રોડ અને બહોતેર લાખ ભવનપતિનાં ભવન છે, ચોરાશી લાખ નરકાવાસા છે, વાણવ્યંતરનાં અસંખ્યાતા નગર છે, જ્યોતિષીનાં અસંખ્યાતા વિમાન છે, જ્યોતિષીના અસંખ્યાતા રાજધાની દ્વીપ છે, ચોરાશી લાખ સત્તાણું હજાર ત્રેવીશ વિમાન વૈમાનિકનાં છે, મનુષ્યના સંખ્યાતા વાસ છે. શેષ નવ દંડકના અસંખ્યાતા વાસ છે, તે સર્વનું વર્ણન અન્ય સિદ્ધાંતોથી જાણવું.

સિદ્ધશિલાનાં બાર નામ—૧ ઇસિતિવા, ૨ ઇસિપભારાતિવા, ૩ તણુતિવા, ૪ તણુ તણુતિવા, ૫ સિદ્ધિતિવા, ૬ સિદ્ધાલયેતિવા, ૭ મુત્તિતિવા, ૮ મુત્તાલયેતિવા, ૯ લોયગેતિવા, ૧૦ લોગચુ-ભિયેતિવા, ૧૧ લોગપડિયોહેતિવા, ૧૨ સવ્વપાણભૂય જીવસત્ત સુહાવહેતિવા. એ મોક્ષનાં બાર નામ કહ્યાં.

એ કિંચિત્ માત્ર નામ દ્વાર સંપૂર્ણમ્

ચોવીશ દ્વાર તે ચોવીશ દંડક ઉપર ઉતારે છે.

પહેલો નારકીનો દંડક.

નારકીને શરીર ત્રણ, વૈક્રિય, તેજસ અને કાર્મણ. ભવધારણી શરીરની અવગેણા જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃ૦ પાંચસે ધનુષની અને ઉત્તર વૈક્રિય શરીરની જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ હજાર ધનુષની. પહેલી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ પોણા આઠ ધનુષ ને છ આંગળની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સાડા પંદર ધનુષ ને બાર આંગળની. બીજી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સાડાપંદર ધનુષ ને બાર આંગળની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સવાએકત્રીશ ધનુષની. ત્રીજી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સવાએકત્રીશ ધનુષની અને ઉત્તર વૈક્રિય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સાડીબાસઠ

ધનુષની. ચોથી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સાડીબાસઠ ધનુષની અને ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ સવાસો ધનુષની. પાંચમી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ સવાસો ધનુષની અને ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ અઢીસે ધનુષની. છઠી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ અઢીસે ધનુષની અને ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા અને ઉત્કૃ૦ પાંચસે ધનુષની. સાતમી નરકે જ૦ અંગુ૦ અસં૦ અને ઉત્કૃ૦ પાંચસે ધનુષની અને ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ અને ઉત્કૃ૦ હજાર ધનુષની. સંઘયણ-નારકી અસંઘયણી, નારકીને એક હુંડ સંસ્થા. કષાય ચારે, ક્રોધ, માન, માયા અને લોભ, પણ નારકીને ક્રોધ ઘણો. સંજ્ઞા ચારે, આહાર-સંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા પણ નારકીને ભય ઘણો. નારકીને લેશ્યા ત્રણ. પહેલી સમુચ્ચે, પહેલી બીજી નરકે એક કાપોત લેશ્યા, ત્રીજી નરકે બે લેશ્યા, કાપોત ઘણી અને નીલ થોડી, ચોથી નરકે એક નીલ લેશ્યા, પાંચમી નરકે બે લેશ્યા, નીલ ઘણી અને કૃષ્ણ થોડી, છઠી નરકે એક કૃષ્ણ લેશ્યા, સાતમી નરકે મહાકૃષ્ણ લેશ્યા. ઇંદ્રિય પાંચ-૧ શ્રોત્રેંદ્રિય, ૨ ચક્ષુ-ઇંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય અને ૫ સ્પર્શેંદ્રિય. સમુદ્ઘાત ચાર-તે વેદની, કષાય, મારણાંતિક અને વૈક્રય (સન્નિ કે૦) પહેલી નરકે સંજ્ઞી ને અસંજ્ઞી એ બે હોય. બીજીથી માંડી સાતમી નરક સુધી એકલા સંજ્ઞી છે. વેદ, નારકીને એક નપુંસક વેદ. નારકીને પર્યાપ્ત છ પણ ભાષા અને મન ભેગાં બાંધે. નારકીને દૃષ્ટિ ત્રણ—સમકિત દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમામિથ્યાદૃષ્ટિ. નારકીને દર્શન ત્રણ—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન. નારકીને જ્ઞાન ત્રણ—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન. અ-જ્ઞાન ત્રણ—મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગઅજ્ઞાન. નાર-કીને યોગ અગીઆર તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના તે વૈક્રય, વૈક્રયનો મિશ્ર અને કાર્મણકાયયોગ, એમ અગીઆર યોગ. નારકીને ઉપયોગ નવ-તે ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન; એમ નવ (તહા કે૦) તેમજ આહાર લે, તો જ૦ ત્રણ દિશિનો ઉત્કૃ૦ છ દિશિનો આહાર લે. તે બે પ્રકારનો—ઓજ અને રોમ આહાર. તે પણ અશુભ અને અચિત્ત. (ઊવવાય કે૦)

આવીને ઉપજે, તે પહેલી નરકે બે દંડકના મનુષ્ય ગર્ભજ, તિર્યંચ ગર્ભજ અને સમુર્છિમ એ બે દંડકના આવીને ઉપજે. અને બીજીથી માંડીને સાતમી સુધી ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યના આવી ઉપજે. સ્થિતિ-પહેલી નરકે જ૦ દશ હજાર વર્ષની અને ઉત્કૃ૦ એક સાગરની. બીજી નરકે જ૦ એક સાગ૦ ઉત્કૃ૦ ત્રણ સાગ૦ ત્રીજી નરકે જ૦ ત્રણ સા૦ ઉત્કૃ૦ સાત સા૦, ચોથી નરકે જ૦ સાત સા૦ ઉત્કૃ૦ દશ સા૦ પાંચમી નરકે જ૦ દશ સા૦ ઉત્કૃ૦ સત્તર સા૦ છઠ્ઠી નરકે જ૦ સત્તર સા૦ ઉત્કૃ૦ બાવીશ સા૦, સાતમી નરકે જ૦ બાવીશ સા૦ ઉત્કૃ૦ તેત્રીશ સાગરની. સમોહિયા મરણ અને અસમોહિયા મરણ બે પ્રકારે છે. ચવણ તે નારકી ચવીને બે દંડકમાં જાય તે મનુષ્ય અને તિર્યંચમાં જાય. તેમાં સાતમી નરકનો નીકળ્યો એક તિર્યંચના દંડકમાં જાય. ગઇ કે૦ નારકી મરીને બે ગતિમાં જાય-તે મનુષ્ય અને તિર્યંચમાં જાય. આવે પણ બે ગતિનો-તે મનુષ્ય અને તિર્યંચનો, પ્રાણ દશલાભે. યોગ ત્રણ-મન, વચન, અને કાયાનો એ ત્રણ.

ઇતિ પ્રથમ નારકીનો દંડક.

દશ ભવનપતિના દશ દંડક.

તેમાં શરીર ત્રણ—વૈક્રેય, તેજસ અને કાર્મણ. ભવનપતિની અવગેણા જ૦ અંગુ૦ અસં૦ ઉત્કૃ૦ સાત હાથની, અને ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ સં૦ ઉત્કૃ૦ લાખ જોજનની. સંઘયણ નથી. સંસ્થાન એક-સમચઉરંસ, કષાય ચારે, પણ દેવતાને લોભ ઘણો. સંજ્ઞા ચારે પણ દેવતાને પરિગ્રહ સંજ્ઞા ઘણી. લેશ્યા ચાર-કૃષ્ણ, નીલ, કાપુત અને તેજ. ઇંદ્રિય પાંચે છે. સમુદ્‌ઘાત પાંચ—વેદની, કષાય, મારણાંતિક, વૈક્રય અને તેજસ. સંજ્ઞી અસંજ્ઞી બે જાણવા. વેદ બે-સ્ત્રી અને પુરૂષ. પર્યાય પાંચ-ભાષા અને મન ભેગાં બાંધે. દૃષ્ટિ ત્રણ, દર્શન ત્રણ, એક કેવળદર્શન નહિ. જ્ઞાન ત્રણ—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, અજ્ઞાન ત્રણ, યોગ અગીઆર તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના, વૈક્રય, વૈક્રયનો મિશ્ર અને કાર્મણકાય યોગ. ઉપયોગ નવ-ત્રણ જ્ઞાન, ત્રય અજ્ઞાન અને

ત્રણ દર્શન, તેમજ આહાર લે તે જ૦ અને ઉત્કૃ૦ છ દિશિનો આહાર લે. વળી બે પ્રકારે આહાર લે. ઓજ આહાર ને રોમ આહાર તે પણ શુભ અને અચિત્ત. (ઉવવાય કે૦) બે દંડકના આવીને ઉપજે તે મનુષ્ય ને તિર્યંચના આવીને ઉપજે. ઠિઈ કે૦ સ્થિતિ. ભવનપતિમાં દક્ષિણ દિશાના અસુરકુમારની સ્થિત જ૦ દશ હજાર વર્ષની, ઉત્કૃ૦ એક સા૦ ૫. તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ સાડા ત્રણ પલ્યોપમની. તેના નવનિકાયના દેવતાની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ દોઢ પલ્યોપમની, તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની ઉ૦ પોણા પલ્યની. ઉત્તર દિશાના અસુરકુમારની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ એક સાગર ઝાઝેરાની, તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની ઉ૦ સાડા ચાર પલ્યોપમની. તેના નવનિકાયના દેવતાની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ બે પલ્યોપમનો દેશેઊણી. તેની દેવીની જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ એક પલ્યોપમ દેશેઊણીની ૫ સમોહિયા મરણ અને અસમોહિયા મરણ એ બે મરણ લાભે. ચ્યવણ તે ચવીને પાંચ દંડકમાં જાય, તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ એ પાંચમાં જાય. (ગઇ કે૦) મરીને બે ગતિમાં જાય, (આગઈ કે૦) આવે પણ બે ગતિનો–મનુષ્ય અને તિર્યંચનો, પ્રાણ દશ લાભે. જોગ ત્રણ.

ઇતિ દશ ભવનપતિના દશ દંડક.

પાંચ સ્થાવરના પાંચ દંડક.

૧ પૃથ્વી, ૨ પાણી, ૩ તેઉ, ૪ વનસ્પતિ એ ચારને શરીર ત્રણ. તે ઔદારિક, તેજસ અને કાર્મણ અને વાયુને શરીર ચાર. તે ઔદારિક, વૈક્રય, તેજસ અને કાર્મણ. પૃથ્વી, પાણી, તેઉ અને વાયુ એ ચારેની અવગેણા જ૦ ને ઉત્કૃ૦ અંગુલનો અસં૦ ભાગ અને વનસ્પતિની જ૦ અંગુ૦ અસંખ્યા. ઉત્કૃ૦ હજાર જોજનની ઝાઝેરી, કમળ પ્રમુખની. સંઘયણ એક. છેવટ્ટુ. સંસ્થાન એક હુંડ. પાંચેનાં સંસ્થાન કહે છે—૧ પૃથ્વીનું સંસ્થાન મસૂરની દાળ તથા ચંદ્રમાને આકારે. ૨ પાણીનું સંસ્થાન પાણીના પરપોટાને આકારે, ૩ તેઉનું સંસ્થાન સોયના ભારાને આકારે, ૪ વાયરાનું સંસ્થાન ધ્વજાને આકારે. ૫ વનસ્પતિનું સંસ્થાન નાના પ્રકારનું. કષાય ચારે. સંજ્ઞા

ચારે, લેશ્યા-પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ત્રણને અપર્યાપ્તા વેળા લેશ્યા ચાર પહેલી અને પાંચેને લેશ્યા ત્રણ પહેલી, ઇંદ્રિ એક કાયાની, સમુદ્‌ઘાત-પૃથ્વી, પાણી, તેઉ ને વનસ્પતિ એ ચારને ત્રણ—તે વેદની, કષાય ને મારણાંતિક અને વાયરાને સમુદ્‌ઘાત ચાર તે વૈક્રયની વધી. સંજ્ઞી તે પાંચે સ્થાવર અસંજ્ઞી. વેદ એક નપુંસક, પર્યાય પાંચેને ચાર, આહાર પર્યાય, શરીર પર્યાય, ઇંદ્રિય પર્યાય, શ્વાસોશ્વાસ પર્યાય. દૃષ્ટિ એક મિથ્યાત્વ. દર્શન એક અચક્ષુદર્શન. જ્ઞાન નથી. અજ્ઞાન બે તે મતિઅજ્ઞાન ને શ્રુતઅજ્ઞાન. યોગઃ-પૃથ્વી, પાણી, તેઉ અને વનસ્પતિ એ ચારને યોગ ત્રણ તે ૧ ઔદારિક, ૨ ઔદારિકનો મિશ્ર અને ૩ કાર્મણ કાય યોગ અને વાયરાને યોગ પાંચ તે વૈક્રય ને વૈક્રયનો મિશ્ર એ બે વધ્યા. ઉપ યોગ ત્રણ. પાંચેને-બે અજ્ઞાન ને એક અચક્ષુદર્શન, (તહા કે૦) તેમજ આહાર લે જઘન્ય ત્રણ દિશિનો ઉત્કૃ૦ છ દિશિનો, કવળ વર્જીને બે પ્રકારનો આહાર કરે. ઊવવાય તે આવીને ઉપજે, પૃથ્વી, પાણી ને વનસ્પતિમાં ત્રેવીશ દંડકના એક નારકી વર્જીને અને તેઉ વાયુમાં દશ દંડકના આવીને ઉપજે-પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, મનુષ્ય ને તિર્યંચ. ૧ પૃથ્વીની સ્થિતિ જ૦ અંતર્મુહૂર્તની, ઉ૦ બાવીશ હજાર વર્ષની. ૨ પાણીની સ્થિતિ જ૦ અં૦ ઉ૦ સાત હજાર વર્ષની. તેઉની સ્થિતિ જ૦ અંતર્મુહૂર્તની. ઉ૦ ત્રણ અહોરાત્રિની. ૪ વાયરાની સ્થિતિ જ૦ અંતર્મુહુર્તની. ઉ૦ ત્રણ હજાર વર્ષની, ૫ વનસ્પતિની સ્થિતિ જ૦ અંતર્મુહૂર્તની. ઉ૦ દશ હજાર વર્ષની. સમોહિયા મરણ અને અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચવીને પૃથ્વી, પાણી ને વનસ્પતિ એ દશ દંડકમાં જાય-પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિ, મનુષ્ય ને તિર્યંચમાં જાય, અને તેઉ વાયુ નવ દંડકમાં જાય. મનુષ્ય વર્જી પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિ ને તિર્યંચ. (ગઇ કે૦) ગતિ તે મરીને પૃથ્વી, પાણી ને વનસ્પતિ બે ગતિમાં જાય-મનુષ્ય ને તિર્યંચમાં અને તેઉ વાયુ એક તિર્યંચ ગતિમાં જાય. આગઈ તે પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ત્રણ ગતિનો આવે તે દેવતા, મનુષ્ય ને તિર્યંચનો. પ્રાણ પાંચેયને ચાર-૧ એકેંદ્રિયપણું, ૨ કાયબળ, ૩ શ્વાસોશ્વાસ, ૪ આઉખું. જોગ એક કાય જોગ.

ઇતિ પાંચ સ્થાવરના પાંચ દંડક.

ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક.

બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિયમાં શરીર ત્રણ ઉદારિક, તેજસ ને કાર્મણ, બે-ઇંદ્રિયની અવઘેણા જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ બાર જોજનની. તે ઇંદ્રિય જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ ત્રણ ગાઉની. ચૌરેંદ્રિયની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ ચાર ગાઉની. સંઘયણ એક છેવટ્ટુ, સંસ્થાન એક હુંડ, કષાય ચારે, સંજ્ઞા ચારે, લેશ્યા ત્રણ પહેલી. બેઇંદ્રિયને ઇંદ્રિ બે. ૧ કાયા અને ૨ જીભ. તે ઇંદ્રિયને ઇંદ્રિ ત્રણ તે નાસિકા વધી. ચૌરેંદ્રિયને ઇંદ્રિ ચાર, તે આંખો વધી. સમુદ્‌ઘાત ત્રણ-વેદની કષાય ને મારણાંતિક. સંજ્ઞી તે અસંજ્ઞી. વેદ ૧ નપુંસક. પર્યાય પાંચ, મન નહિ, દૃષ્ટિ બે-સમકિત દૃષ્ટિ ને મિથ્યાતદૃષ્ટિ. બે ઇંદ્રિય, તેઇંદ્રિય ને એક અચક્ષુદર્શન. ચૌરેંદ્રિને બે દર્શન-ચક્ષુદર્શન ને અચક્ષુદર્શન. જ્ઞાન બે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન. અજ્ઞાન બે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન. જોગ ચાર ૧ ઔદારિક, ૨ ઔદારિકનો મિશ્ર, ૩ કાર્મણ કાય જોગ. ૪ વ્યવહાર વચન. બેઇંદ્રિય તેઇંદ્રિયને ઉપયોગ પાંચ બે જ્ઞાન, બે અજ્ઞાન ને એક અચક્ષુદર્શન. ચૌરેંદ્રિયને ઉપયોગ છ-બે જ્ઞાન, બે અજ્ઞાન ને બે-દર્શન, (તહા કેવ) તેમજ આહાર લે જઘન્ય અને ઉત્કૃષ્ટો છ દિશિનો આહાર લે તથા ત્રણ પ્રકારનો આહાર લે-૧ ઓજ, ૨ રોમ અને ૩ કવલ, ઉવવાય તે આવીને ઉપજે, દશ દંડકના પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય અને તિર્યંચ. બે ઇંદ્રિયની સ્થિતિ જ૦ અંતમુહૂર્તની ઉ૦ બાર વર્ષની, તેઇંદ્રિયની જ૦ અંતમુહૂર્તની ઉ૦ ઓગણપચાસ દિવસની. ચૌરેંદ્રિયની જ૦ અંતમુહૂર્તની ઉ૦ છ મહીનાની. સમોહીયા મરણ ને અસમોહિયા મરણ બે છે. ચવણ તે ચવીને દશ દંડકમાં જાય—પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચના. બે ઇંદ્રિયને પ્રાણ છ—બે ઇંદ્રિયના બે પ્રાણ, કાયબળ, શ્વાસોશ્વાસ, આઉખું, વચન. તેઇંદ્રિયને પ્રાણ સાત-તે નાસિકા વધી અને ચૌરેંદ્રિયને આઠ પ્રાણ તે આંખ વધી. જોગ બે-વચન જોગ ને કાય-જોગ.

ઇતિ ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક.

વીશમો તિર્યંચ પંચેંદ્રિયનો દંડક.

પાંચે સમુચ્છિમને શરીર ત્રણ—ઔદારિક, તેજસ ને કાર્મણ અને ગર્ભજને ચાર શરીર તે વૈક્રય વધ્યું, એ પાંથની અવગાહના કહે છે. જળચર સમુચ્છિમ ને ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ હજાર જોજનની, સ્થળચર સમુચ્છિમની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ગાઉની. ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ છ ગાઉની. ઉરપર સમુચ્છિમ સર્પની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક જોજનની, અને ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ હજાર જોજનની. ભુજપર સમુચ્છિમ સર્પની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ધનુષની. ગર્ભજની. જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ગાઉની. ખેચર સમુચ્છિમ ને ગર્ભજની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ પ્રત્યેક ધનુષની, અને ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ નવસે જોજનની. સમુચ્છિમને એક છેવટું સંઘયણ. ગર્ભજને છ સંઘયણ સમુચ્છિમને એક હુંડસંસ્થાન, ગર્ભજને છ સંસ્થાન, કષાય ચારે, પણ તિર્યંચને માયા ઘણી. સંજ્ઞા ચારે, પણ તિર્યંચને આહાર સંજ્ઞા ઘણી૦ લેશ્યા સમુચ્છિમને ત્રણ પહેલી, ગર્ભજને છ લેશ્યા, ઇંદ્રિય પાંચે છે. સમુચ્છિમને સમુદ્‌ઘાત ત્રણ તે વેદની, કષાય, ને મારણાંતિક, અને ગર્ભજને સમુદ્‌ઘાત પાંચ તે વેદની, કષાય, મારણાંતિક, વૈક્રય અને તેજસ. સંજ્ઞી અસંજ્ઞી બે છે. સમુચ્છિમને વેદ એક નપુંસક, ગર્ભજને ત્રણ વેદ. સમુચ્છિમને પર્યાય પાંચ, મન નહિ અને ગર્ભજને છ પર્યાય છે. સમુચ્છિમને દૃષ્ટિ બે, સમકીત ને મિથ્યાત. ગર્ભજને દૃષ્ટિ ત્રણ. સમુચ્છિમને દર્શન બે, તે ચક્ષુદર્શન ને અચક્ષુદર્શન, ગર્ભજને ત્રણ દર્શન. સમુચ્છિમને જ્ઞાન બે, મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન ગર્ભજને ત્રણ જ્ઞાન. અજ્ઞાન સમુચ્છિમને બે-મતિ અજ્ઞાન ને શ્રુત અજ્ઞાન અને ગર્ભજને ત્રણ અજ્ઞાન. સમુચ્છિમને યોગ ચાર તે ઔદારિકના બે, કાર્મણ કાયજોગ ને વ્યવહાર વચન. ગર્ભજને તેર યોગ તે આહારકના બે નહિ. સમુચ્છિમને ઉપયોગ છ તે બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન. ગર્ભજને ઉપયોગ નવ તે ત્રણ, જ્ઞાન ત્રણ અજ્ઞાન ને ત્રણ દર્શન. તેમજ આહાર જઘન્ય-ઉત્કૃષ્ટો છ દિશીનો લે તથા ત્રણ પ્રકારે આહાર લે તે ઓજ, રોમ ને કવળ. ઉવવાય તે સમુચ્છિમમાં દશ દંડકના આવીને ઉપજે-પાંચ સ્થાવર, ત્રણ વિકલેં-

દ્રિય, મનુષ્ય ને તિર્યંચ, ગર્ભજમાં ચોવીશે દંડકના આવીને ઉપજે. સ્થિતિ જળચર સમુચ્છિમ ને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વ ક્રોડની. સ્થળચર સમુચ્છિમની જ૦ અંત૦ ઉ૦ ચોરાશી હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ ત્રણ પલ્યોપમની. ઊરપર સર્પ સમુચ્છિમની જ૦ અંત૦ ઉ૦ ત્રેપન હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વક્રોડની. ભુજપર સર્પ સમુચ્છિમની જ૦ અંત૦ ઉ૦ બેંતાળીશ હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પૂર્વક્રોડની. ખેચર સમુચ્છિમની જ૦ અંત૦ ઉ૦ બહોતેર હજાર વર્ષની અને ગર્ભજની જ૦ અંત૦ ઉ૦ પલ્યોપ-નો અસંખ્યાતમો ભાગ. સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચવીને સમુચ્છિમ જાય તો બાવીશ દંડકમાં, જ્યોતિષી ને વૈમાનિકમાં જાય નહિ. અને ગર્ભજ ચોવીશે દંડકમાં જાય. ગઇ તે સમુચ્છિમ મરીને ચાર ગતિમાં જાય અને ગર્ભજ પણ ચાર ગતિમાં જાય. આગઇ તે સમુચ્છિમમાં બે ગતિનો આવે, મનુષ્ય ને તિર્યંચનો અને ગર્ભજમાં ચાર ગતિનો આવે. સમુચ્છિમને નવ પ્રાણ. એક મન નહિ અને ગર્ભજને દશ પ્રાણ લાભે, સમુચ્છિમને જોગ બે, કાય જોગ ને વચન જોગ અને ગર્ભજને ત્રણ જોગ-મન, વચન ને કાય જોગ. ઇતિ વીશમો તિર્યંચ પંચેંદ્રિયનો દંડક.

એકવીશમો મનુષ્યનો દંડક.

સમુચ્છિમ મનુષ્યમાં ત્રણ શરીર—ઉદારિક, તેજસ ને કાર્મણ. જુગલિયામાં પણ તે જ ત્રણ શરીર, પંદર કર્મભૂમિના ગર્ભજ મનુષ્યમાં પાંચ શરીર લાભે. સમુચ્છિમની અવગેણા જ૦ ને ઉ૦ અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ગર્ભજ મનુષ્યની ભરત ઐરવત એ બેમાં આરાને મેળે જાણવી. પહેલે આરે બેસતાં ત્રણ ગાઉની અને ઉતરતાં આરે બે ગાઉની. બીજે આરે બેસતાં બે ગાઉની ઉતરતાં એક ગાઉની. ત્રીજે આરે બેસતાં એક ગાઉની અને ઉતરતાં પાંચસેં ધનુષની. ચોથે આરે બેસતાં પાંચસેં ધનુષની અને ઉતરતાં સાત હાથની. પાંચમે આરે બેસતાં સાત હાથની અને ઉતરતાં એક હાથની. છઠે આરે બેસતાં એક હાથની અને ઉતરતાં

મૂઠા હાથની, પછી ચડતાં અવળા સવળી જાણવી. પાંચ મહાવિદેહમાં પાંચસેં ધનુષની, ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ લાખ જોજનની ઝાઝેરી. હેમવય હીરણ્યવયમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ એક ગાઉની. હરિવાસ રમકવાસમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ બે ગાઉની. દેવકુરૂ ઉત્તરકુરૂમાં જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ ત્રણ ગાઉની. છપ્પન અંતરદ્વીપની જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ આઠસેં ધનુષની. સમુચ્છિમને એક છેવટું સંઘયણ. જુગળિયાને એક વજ્રઋષભનારાચ સંઘયણ. પંદર કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને છ સંઘયણ. સમુચ્છિમને એક હુંડ સંસ્થાન. જુગળિયાને એક સમચઉરંસ સંસ્થાન. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને છ સંસ્થાન, કષાય ચારે પણ મનુષ્યને માન ઘણું, સંજ્ઞા ચારે પણ મનુષ્યને મૈથુન સંજ્ઞા ઘણી, સમુચ્છિમને પહેલી ત્રણ લેશ્યા. જુગળિયાને પહેલી ચાર લેશ્યા અને ગર્ભજને છ લેશ્યા. ઇંદ્રિ પાંચે. સમુચ્છિમને સમુદ્‌ઘાત ત્રણ તે વેદની, કષાય ને મારણાંતિક. જુગળિયાને પણ તે જ ત્રણ સમુદ્‌ઘાત. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને સાત સમુદ્‌ઘાત. સંજ્ઞી અસંજ્ઞી બે. સમુચ્છિમને એક નપુંસક વેદ. જુગળિયામાં બે વેદ. સ્ત્રી ને પુરૂષ, કર્મભૂમિના ગર્ભજ મનુષ્યમાં સ્ત્રી, પુરૂષ ને નપુંસક એ ત્રણ વેદ. સમુચ્છિમને પર્યાય ચાર. ભાષા ને મન નહિ. ગર્ભજને છ પર્યાય. સમુચ્છિમને એક મિથ્યાત દૃષ્ટિ, દશ અકર્મભૂમિમાં બે દૃષ્ટિ સમકિત અને મિથ્યાત. વીશ અકર્મભૂમિ ને છપ્પન અંતરદ્વીપમાં એક મિથ્યાત દૃષ્ટિ અને કર્મ ભૂમિના મનુષ્યમાં ત્રણ દૃષ્ટિ–સમકિત, મિથ્યાત અને સમામિથ્યાત, સમુચ્છિમ અને જુગળિયાને બે દર્શન– ચક્ષુદર્શન ને અચક્ષુદર્શન. ગર્ભજને ચારે દર્શન લાભે. જ્ઞાન, દશ અકર્મભૂમિમાં બે અને વીશ અકર્મભૂમિ, છપ્પન અંતરદ્વીપ, અને સમુચ્છિમને નથી અને ગર્ભજને પાંચે જ્ઞાન. સમુચ્છિમ તથા જુગળિયાને અજ્ઞાન બે–મતિ અજ્ઞાન ને શ્રુત અજ્ઞાન. ગર્ભજને ત્રણ. સમુચ્છિમને જોગ ત્રણ–ઔદારિકના બે ને ૧ કાર્મણ કાય યોગ. જુગળિયાને જોગ અગિઆર ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના, ૧ કાર્મણ કાય જોગ. ગર્ભજને પંદર જોગ. ઉપયોગ, દશ અકર્મભૂમિ તે પાંચ દેવકુરૂ ને પાંચ ઉત્તરકુરૂ એ દશમાં છ-તે બે જ્ઞાન, બે અજ્ઞાન ને બે દર્શન, અને વીશ અકર્મભૂમિ, છપ્પન અંતરદ્વીપમાં ને સમુચ્છિમને ચારઃ-બે અજ્ઞાન,

બે દર્શન, ગર્ભજને બાર ઉપયોગ, તેમજ આહાર લે તો જ૦ ને ઉ૦ છ દિશિનો તથા ત્રણ પ્રકારે આહાર લે, ઓજ, રોમ ને કવળ. ઉવવાય તે સમુચ્છિમમાં આઠ દંડકના આવીને ઉપજે. પૃથ્વી, પાણી, વનસ્પતિ, ત્રણ વિકલેંદ્રિ, મનુષ્ય ને તિર્યંચ. જુગલિયામાં બે દંડકના આવીને ઉપજે તે મનુષ્ય અને તિર્યંચના, કર્મભૂમિના ગર્ભજ મનુષ્યમાં બાવીશ દંડકના ઉપજે, તેઉ-વાયુના નહીં. સમુચ્છિમની સ્થિતિ જ૦ ને ઉ૦ અંતર્મુહુર્તની. ગર્ભજની આરાના મેળે જાણવી. ભરત ઇરવતમાં પહેલે આરે બેસતાં ત્રણ પલ્યોપમની, ઉતરતાં બે પલ્યોપમની. બીજે આરે બેસતાં બે પલ્યોપમની, ઉતરતાં એક પલ્યોપમની. ત્રીજે આરે બેસતાં એક પલ્યોપમની, ઉતરતાં પૂર્વ ક્રોડની. ચોથે આરે બેસતાં પૂર્વ ક્રોડની, ઉતરતાં સવાસો વર્ષની. પાંચમે આરે બેસતાં સવાસો વર્ષની, ઉતરતાં વીશ વર્ષની. છઠે આરે બેસતાં વીશ વર્ષની, ઉતરતાં સોળ વર્ષની, એમ ચડતાં અવળા સવળી જાણવી. હિમવય હીરણવયમાં એક પલ્યોપમની, હરિવાસ રમકવાસમાં બે પલ્યોપમની, દેવકુરૂ ઉત્તરકુરૂમાં ત્રણ પલ્યોપમની, છપ્પન અંતરદ્વીપમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, પાંચ મહાવિદેહમાં પૂર્વક્રોડની. સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચવિને સમુચ્છિમ દશ દંડકમાં જાય—પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય ને તિર્યંચમાં જાય. જુગલીઆ તેર દંડકમાં જાય તે દેવતાના તેર દંડકમાં. કર્મભૂમિના ગર્ભજ ચોવીશે દંડકમાં જાય. ગઈ તે સમુચ્છિમ મરીને બે ગતિમાં જાય- તે મનુષ્ય ને તિર્યંચમાં જાય. જુગલીઆ મરીને એક દેવગતિમાં જાય. કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પાંચે ગતિમાં જાય. આગઈ તે સમુચ્છિમમાં આવે તો બે ગતિનો તે મનુષ્ય ને તિર્યંચનો, ગર્ભજમાં ચારે ગતિનો આવે. સમુચ્છિમને પ્રાણ આઠ, ભાષા ને મન નહિ. ગર્ભજને દશ પ્રાણ. સમુચ્છિમને એક કાયાનો જોગ, ગર્ભજને ત્રણ જોગ. ઇતિ એકવીશમો મનુષ્યનો દંડક.

બાવીસમો વાણવ્યંતરનો દંડક.

તેમાં શરીર ત્રણ—વૈક્રય, તેજસ ને કાર્મણ. અવગેણા જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ સાત હાથની અને ઉત્તર વૈક્રય કરે તો જ૦

અંગુ૦ સંખ્યા૦, ઉ૦ લાખ જોજનની. સંઘયણ નથી. સંઠાણ એક સમચઉરસ, કષાય ચારે પણ દેવતાને લોભ ઘણો. સંજ્ઞા ચારે પણ દેવતાને પરિગ્રહ સંજ્ઞા ઘણી. લેશ્યા ચાર પહેલી. ઇંદ્રિય પાંચે. સમુદ્‌ઘાત પાંચ. આહારક ને કેવળ નહીં. સંજ્ઞી અસંજ્ઞી બે. વેદ બે-સ્ત્રી ને પુરૂષ. પર્યાય છ પણ ભાષા અને મન ભેગાં બાંધે. દૃષ્ટિ ત્રણ. દર્શન ત્રણ. જ્ઞાન ત્રણ. અજ્ઞાન ત્રણ. જોગ અગીઆર-તે ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના. તે વૈક્રય, વૈક્રયનો મિશ્ર અને કાર્મણ કાય જોગ, એમ અગીયાર. ઉપયોગ નવ-ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન. તેમજ આહાર લે તો જઘન્ય ને ઉ૦ છ દિશિનો તથા બે પ્રકારે ઓજ ને રોમ તથા શુભ અને અચિત્ત આહાર. ઉવવાય તે બે દંડકના આવીને ઉપજે તે મનુષ્ય ને તિર્યંચના. વાણવ્યંતરની સ્થિતિ જ૦ દશ હજાર વર્ષની, ઉ૦ એક પલ્યોપમની. સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે પ્રકારે છે. ચવણ તે ચવિને પાંચ દંડકમાં જાય તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય ને તિર્યંચ એ પાંચ. ગઇ તે મરીને બે ગતિમાં જાય તે મનુષ્ય ને તિર્યંચમાં. આગઇ તે આવે પણ બે ગતિના તે મનુષ્ય ને તિર્યંચના. પ્રાણ દશ. જોગ ત્રણ મન, વચન ને કાયાના. ઇતિ બાવીશમો વાણવ્યંતરનો દંડક.

ત્રેવીશમો જ્યોતિષીનો દંડક.

તેમાં શરીર ત્રણ—વૈક્રય, તેજસ ને કાર્મણ. અવગ્રહણા જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ સાત હાથની અને ઉત્તર વૈક્રય કરે તો જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ લાખ જોજનની. સંઘયણ નથી. સંઠાણ એક સમચઉરસ. કષાય ચારે. સંજ્ઞા ચારે. લેશ્યા એક તેજુ. ઇંદ્રિય પાંચે. સમુદ્‌ઘાત પાંચ તે આહારક ને કેવળ નહીં, સંજ્ઞી છે, વેદ બે. પર્યાય છ પણ ભાષા ને મન ભેગાં બાંધે. દૃષ્ટિ ત્રણ, દર્શન ત્રણ, જ્ઞાન ત્રણ, અજ્ઞાન ત્રણ, જોગ અગીયાર-ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના, તે વૈક્રય, વૈક્રયનો મિશ્ર, ને કાર્મણ કાય-જોગ. ઉપયોગ નવ-ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન. ત્રણ દર્શન તેમજ આહાર લે તો, જ૦ ને ઉ૦ ૬ દિશિનો તથા બે પ્રકારે તે ઓજ ને રોમ, તે પણ શુભ ને અચિત્ત આહાર. ઉવવાય તે બે દંડકનાં આવીને ઉપજે, તે મનુષ્ય ને તિર્યંચના. ચંદ્રમાની સ્થિતિ જ૦

પા પલ્યની, ઉ૦ એક પલ્ય ને લાખ વર્ષની. તેની દેવીની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્ય ને પચાસ હજાર વર્ષની. સૂર્યની જ૦ પા પલ્યની, ઉ૦ એક પલ્ય ને હજાર વર્ષની. તેની દેવીની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્ય ને પાંચસે વર્ષની. ગ્રહની જ૦ પા પલ્યની, ઉ૦ એક પલ્યની, તેની દેવીની જ૦ પા પલ્યની ઉ૦ અર્ધ પલ્યની. નક્ષત્રની જ૦ પા પલ્યની, ઉ૦ અર્ધ પલ્યની. તેની દેવીની જ૦ પા પલ્યની, ઉ૦ પા પલ્યની ઝાઝેરી. તારાની જ૦ પલ્યનો આઠમો ભાગ, ઉ૦ પા પલ્યની. તેની દેવીની જ૦ પલ્યનો આઠમો ભાગ, ઉ૦ પલ્યનો આઠમો ભાગ ઝાઝેરી. સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ છે. ચવણ તે ચવીને પાંચ દંડકમાં જાય, તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય ને તિર્યંચમાં. ગઇ તે મરીને બે ગતિમાં જાય; તે મનુષ્ય ને તિર્યંચમાં. આગઇ તે આવે પણ બે ગતિનો તે મનુષ્ય ને તિર્યંચનો આવે. પ્રાણ દશ, જોગ ત્રણ. ઇતિ ત્રેવીશમો જ્યોતિષીનો દંડક.

ચોવીશમો વૈમાનિકનો દંડક.

વૈમાનિક દેવમાં શરીર ત્રણ-વૈક્રય, તેજસ ને કાર્મણ. અવગાહણા, સૌધર્મ ઈશાન એ બે દેવલોકે જ૦ અંગુ૦ અસં૦ ઉ૦ સાત હાથની. ત્રીજે, ચોથે દેવલોકે છ હાથની. પાંચમે, છઠે દેવલોકે પાંચ હાથની, સાતમે, આઠમે દેવલોકે ચાર હાથની, નવમે, દશમે, અગીયારમે અને બારમે દેવલોકે ત્રણ હાથની, નવ ગ્રૈવેયકે બે હાથની, ચાર અનુત્તર વિમાનમાં એક હાથની સર્વાર્થસિદ્ધમાં મૂઢા હાથની, ઉત્તર વૈક્રય કરે તો બાર દેવલોક સુધી જ૦ અંગુ૦ સંખ્યા૦ ઉ૦ લાખ જોજનની. સંઘયણ નથી. સંસ્થાન એક સમચઉરસ, કષાય ચારે પણ લોભ ઘણો. સંજ્ઞા ચારે પણ પરિગ્રહ સંજ્ઞા ઘણી. લેશ્યા પહેલે બીજે દેવલોકે તેજી લેશ્યા. ત્રીજે, ચોથે, પાંચમે એક પદ્મ લેશ્યા. છઠ્ઠાથી માંડી નવ ગ્રૈવેયકમાં એક શુકલ લેશ્યા અને પાંચ અનુત્તર વિમાનમાં એક પરમ શુકલ લેશ્યા. ઇંદ્રિય પાંચે, બાર દેવલોક સુધી સમુદ્‌ઘાત પાંચ, તે આહારક ને કેવળ નહીં, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાનમાં ત્રણ તે વેદની, કષાય ને મારણાંતિક. સંજ્ઞી એકલા છે. વેદ પહેલે બીજે દેવલોકે બે વેદ, ત્રીજાથી તે સર્વાર્થસિદ્ધ સુધી એક પુરૂષ વેદ, પર્યાય છ પણ ભાષા મન જોગાં બાંધે. દૃષ્ટિ, બાર દેવલોકમાં

ત્રણ, નવ ગ્રૈવેયકમાં બે દૃષ્ટિ, પાંચ અનુત્તર વિમાનમાં એક સમકિત-દૃષ્ટિ. દર્શન ત્રણ, જ્ઞાન ત્રણ, અજ્ઞાન ત્રણ, બાર દેવલોકે, નવ ગ્રૈવેયકે અને પાંચ અનુત્તર વિમાનમાં અજ્ઞાન નથી. જોગ અગીયાર—ચાર મનના, ચાર વચનના, ત્રણ કાયાના તે વૈક્રય, વૈક્રયનો મિશ્ર ને કાર્મણ કાયયોગ, એમ અગીઆર. ઉપયોગ, બાર દેવલોક ને નવ ગ્રૈવેયકમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન. પાંચ અનુત્તર વિમાનમાં છ ઉપયોગ–ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન તેમજ આહાર લે તો જ૦ ને ઉ૦ છ દિશિનો તથા બે પ્રકારે ઓજ ને રોમ તે પણ અચિત્ત ને શુભ. ઉવવાય તે આવીને ઉપજે, પહેલા દેવલોકથી માંડીને આઠમા દેવલોક સુધી બે દંડકના તે મનુષ્ય ને તિર્યંચના અને નવમેથી તે સર્વાર્થસિદ્ધ સુધી એક મનુષ્યનો આવે, પહેલે દેવલોકે સ્થિતિ જ૦ એક પલ્યની, ઉ૦ બે સાગરની, તેની પરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની ઉ૦ સાત પલ્યનો અને અપરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની, ઉ૦ પચાસ પલ્યની. બીજે દેવલોકે જ૦ એક પલ્યની ઝાઝેરી, ઉ૦ બે સાગર ઝાઝેરી, તેની પરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યનો ઝાઝેરી ઉ૦ નવ પલ્યની અને અપરિગ્રહિત દેવીની જ૦ એક પલ્યની ઝાઝેરી, ઉ૦ પંચાવન પલ્યની. ત્રીજે દેવલોકે જ૦ બે સાગરની ઉ૦ સાત સા૦, ત્યાં દેવી નથી પણ તેઓવી જાય. ચોથે દેવલોકે જ૦ બે સા૦ ઝાઝેરી. ઉ૦ સાત સા૦ ઝાઝેરી. પાંચમે દેવલોકે જ૦ સાત૦ સા૦, ઉ૦ દશ સા૦, છઠે દેવલોકે જ૦ દશ સા૦, ઉ૦ ચૌદ સા૦, સાતમે દેવલોકે જ૦ ચૌદ સાગરનો, ઉ૦ સત્તર સા૦, આઠમે દેવલોકે જ૦ સત્તર સા૦ ઉ૦ અઢાર સા૦, નવમે દેવલોકે જ૦ અઢાર સા૦, ઉ૦ ઓગણીશ સા૦ દશમે દેવલોકે જ૦ ઓગણીશ સા૦, ઉ૦ વીશ સા૦ અગીઆરમે દેવલોકે જ૦ વીશ સા૦, ઉ૦ એકવીશ સા૦, બારમે દેવલોકે જ૦ એકવીશ સા૦, ઉ૦ બાવીશ સા૦, પ્રથમ ગ્રૈવેયકે જ૦ બાવીશ સા૦, ઉ૦ ત્રેવીશ સા૦, બીજી ગ્રૈવેયકે જ૦ ત્રેવીશ સા૦, ઉ૦ ચોવીશ સા૦. ત્રીજી ગ્રૈવેયકે જ૦ ચોવીશ સાગરોપમની, ઉ૦ પચ્ચીશ સા૦. ચોથી ગ્રૈવેયકે જઘન્ય પચ્ચીશ સા૦ ઉ૦ છવીશ સાગરો૦ પાંચમી ગ્રૈવેયકે જ૦ છવીશ સા૦ ઉ૦ સત્તાવીશ સા૦ છઠી ગ્રૈવેયકે જ૦ સત્તાવીશ સા૦, ઉ૦ અઠાવીશ સા૦ સાતમી ગ્રૈવેયકે જ૦ અઠાવીશ સા૦, ઉ૦ ઓગણત્રીશ સા૦

આઠમી ગ્રૈવેયકે જ૦ એગણત્રીશ સા૦ ઉ૦ ત્રીશ સા૦ નવમી ગ્રૈવેયકે જ૦ ત્રીશ સા૦ ઉ૦ એકત્રીશ સા૦. ચાર અનુત્તર વિમાનમાં જ૦ એકત્રીશ સા૦ ઉ૦ તેત્રીશ સા૦. અને સર્વાર્થસિદ્ધમાં જ૦ ને ઉ૦ તેત્રીશ સા૦. સમોહિયા મરણ ને અસમોહિયા મરણ એ બે મરણ લાભે. ચરણ તે ચવીને પહેલા બીજા દેવલોકના દેવતા પાંચ દંડકમાં જાય તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય ને તિર્યંચ. ત્રીજાથી તે આઠમા દેવલોકના દેવતા બે દંડકમાં જાય–તે મનુષ્ય ને તિર્યંચમાં નવમેથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના દેવતા એક દંડકમાં જાય તે મનુષ્યમાં જાય. ગઇ તે પહેલેથી માંડીને આઠમા દેવલોકના દેવતા બે ગતિમાં જાય અને નવમેથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના એક મનુષ્યની ગતિમાં જાય. આગઈ તે પહેલેથી માંડીને આઠમા દેવલોક સુધી બે ગતિનો આવે તે મનુષ્ય ને તિર્યંચનો આવે અને નવમાથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધી એક મનુષ્યનો આવે. પ્રાણ દશ. જોગ ત્રણ.


ઇતિ શ્રી ચોવીશમો વૈમાનિકનો દંડક.

સિદ્ધનો દ્વાર કહે છે.

સિદ્ધને શરીર નથી, સિદ્ધની અરૂપી ઘન આત્મ પ્રદેશની અવગેજ્ઞા જ૦ એક હાથ ને આઠ અંગુલની, મધ્યમ ચાર હાથ ને સોળ આંગળની અને ઉ૦ ત્રણસે તેત્રીશ ધનુષ્ય ને બત્રીશ આંગળની. સિદ્ધને સંઘયણ નથી સિદ્ધને સંસ્થાન નથી. સિદ્ધને કષાય નથી. સિદ્ધને સંજ્ઞા નથી. સિદ્ધને લેશ્યા નથી. સિદ્ધને ઇંદ્રિય નથી. સિદ્ધને સમુદ્ઘાત નથી. સિદ્ધ સંજ્ઞી અસંજ્ઞી નથી. સિદ્ધને વેદ નથી. સિદ્ધને પર્યાય નથી. સિદ્ધને સમકિત–દૃષ્ટિ છે. સિદ્ધને એક કેવળ દર્શન છે. સિદ્ધને એક કેવળ જ્ઞાન છે. સિદ્ધને અજ્ઞાન નથી. સિદ્ધને જોગ નથી. સિદ્ધને બે ઉપયોગ તે કેવળજ્ઞાન ને કેવળદર્શન છે. સિદ્ધને આહાર નથી. ઉવવાય તે આવીને ઉપજે એક દંડકનો તે મનુષ્યનો. સિદ્ધની સ્થિતિનો છેડો નથી. સિદ્ધને મરણ નથી. સિદ્ધને ચવવું નથી. ગઈ તે મરીને સિદ્ધને કોઇ ગતિમાં જવું નથી. આગઇ તે સિદ્ધમાં એક મનુષ્યનો આવે. સિદ્ધને પ્રાણ નથી. સિદ્ધને જોગ નથી.

ઇતિ લઘુદંડકના બોલ સમાપ્ત.

અથ શ્રી ગતાગતના બોલ.



૧ પહેલી નરકે આગત ૨૫ ભેદની, તે ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ ને ૫ અસંજ્ઞી તિર્યંચ, એ પચીશના પર્યાપ્તાની. ગત ૪૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ ને ૫ સંજ્ઞી તિર્યંચ એ ૨૦ ના પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે ૪૦ ની.

૨ બીજી નરકે આગત ૨૦ ભેદની, તે ઉપર ૨૫ કહ્યા તેમાંથી ૫ અસંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા વર્જ્યા. ગત ૪૦ ભેદની પૂર્વવત્.

૩ ત્રીજી નરકે આગત ૧૯ ભેદની તે ઉપર. ૨૦ ભેદ કહ્યા તેમાંથી ભૂજપરનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ ની પૂર્વવત્.

૪ ચોથી નરકે આગત ૧૮ ભેદની તે ઉપર ૧૯ કહ્યા તેમાંથી ખેચરનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ ની પૂર્વવત્

૫ પાંચમી નરકે આગત ૧૭ ભેદની તે ઉપર ૧૮ કહ્યા તેમાંથી સ્થળચળનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ ની પૂર્વવત્.

૬ છઠ્ઠી નરકે આગત ૧૬ ભેદની તે ઉપર કહ્યા તેમાંથી ઉરપરનો એક ભેદ વર્જ્યો. ગત ૪૦ની પૂર્વવત્.

૭ સાતમી નરકે આગત ૧૬ ભેદની તે ૧૫ કર્મભૂમિ ને ૧ મચ્છ જળચરના પર્યાપ્તાની સ્ત્રી વર્જી. ગત ૧૦ ભેદની ૫ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા અને અપર્યાપ્તાની.

૮ એકાવન જાતના દેવતા. (૧૦ ભવનપતિ. ૧૫ પરમાધામી, ૧૬ વાણવ્યંતર અને ૧૦ જંભકા) માં આગત ૧૧૧ ભેદની તે ૧૦૧ ક્ષેત્રના સંજ્ઞી મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ અને ૫ અસંજ્ઞી તિર્યંચ એ ૧૧૧ ના પર્યાપ્તાની. ગત ૪૬ ની તે ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ, ૩ પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ ૨૩ ના પર્યાપ્તા અને અપર્યાપ્તાની.

૯ જ્યોતિષી અને પહેલા દેવલોકમાં આગત ૫૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ અને ૩૦ અકર્મભૂમિ એ ૫૦ ના પર્યાપ્તાની. ગત ૪૬ ની પૂર્વવત્.

૧૦ બીજા દેવલોકમાં આગત ૪૦ ભેદની તે ઉપર ૫૦ કહ્યા

તેમાંથી પાંચ હેમવય અને ૫ હીરણ્યવય એ ૧૦ ના પર્યાપ્તા વર્જ્યા. ગત ૪૬ ની પૂર્વવત્.

૧૧ પહેલા કિલ્વિષીમાં આગત ૩૦ ભેદની તે ઉપર ૪૦ કહ્યા તેમાંથી ૫ હરિવાસ અને ૫ રમકવાસ એ ૧૦ ભેદ વર્જ્યા. ગત ૪૬ ની પૂર્વવત્.

૧૨ ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધી (૬ દેવલોક, ૯ લોકાંતિક અને ૨ કિલ્વિષી એ ૧૭) માં આગત ૨૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ અને ૫ સંજ્ઞી તિર્યંચ એ ૨૦ ના પર્યાપ્તાની. ગત ૪૦ ભેદની તે ૧૫ કર્મભૂમિ અને ૫ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા અને અપર્યાપ્તાની.

૧૩ નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધી (૪ દેવલોક, નવ ગ્રૈવેયક ૫ અનુત્તર વિમાન એ ૧૮) માં આગત ૧૫ કર્મભૂમિના પર્યાપ્તાનો. ગત ૩૦ ભેદની તે ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા તથા અપર્યાપ્તાની.

૧૪ પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ ત્રણમાં આગત ૨૪૩ ભેદની-૧૦૧ સમુર્છીમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૧૩૧ અને ૪૮ ભેદ તિર્યંચના એવં ૧૭૯ ની લટની,[1] ૬૪ ભેદ દેવતાના (૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વાણવ્યંતર, ૧૦ જંભકા, ૧૦ જ્યોતિષી, ૨ દેવલોક અને ૧ કિલ્વિષી) પર્યાપ્તા કુલ ૨૪૩ થયા. ગત ૧૭૯ ની લટની.

૧૫ તેઉ અને વાયુ એ બેમાં આગત ૧૭૯ ની લટની. ગત ૪૮ ભેદ તિર્યંચની.

૧૬ ત્રણ વિકલેંદ્રિય (બેઇંદ્રિ, તેઇંદ્રિ અને ચઉરેન્દ્રિ) માં આગત ૧૭૯ ની લટની, ગત પણ ૧૭૯ ની લટની.

૧૭ અસંજ્ઞી તિર્યંચમાં આગત ૧૭૯ ની લટની. ગત ૩૯૫ ભેદની તે ૫૬ અંતરદ્વીપા, ૫૧ જાતના દેવતા (ઉપર પ્રમાણે), ૧ પહેલી નરક એ ૧૦૮ ના પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે ૨૧૬ અને ૧૭૯ ની લટ, સર્વ મળીને ૩૯૫ ભેદ થયા.

---

૧ જ્યાં લટ આવે ત્યાં આ બતાવ્યા પ્રમાણે ૧૭૯ ભેદ સમજવા.

૧૮ સંજ્ઞી તિર્યંચમાં આગત ૨૬૭ ભેદની તે ૮૧ ભેદ દેવતાના, (૯૯ ભેદમાંથી ઉપરના ૪ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન એ ૧૮ ભેદ વર્જ્યા. બાકી રહ્યા તે) ૧૯૯ ની લટ અને ૭ નરકના પર્યાપ્તા એમ ૨૬૭ ની. ગત પાંચેની જુદી જુદી કહે છે. જળચળની ૫૨૭ ભેદની તે ૫૬૩ માંથી નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધીના અઢાર જાતના દેવતાના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૬ ભેદ વર્જ્યા. શેષ ૫૨૭ રહ્યા તે. ઉરપરની ગત ૫૨૩ ભેદની તે ૫૨૭ માંથી છઠ્ઠી તથા સાતમી એ બે નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ચાર ભેદ વર્જ્યા. સ્થળચળની ગત ૫૨૧ ની તે ૫૨૩ માંથી પાંચમી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા. ખેચરની ગત ૫૧૯ ની તે ૫૨૧ માંથી ચોથી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા. ભુજપરની ગત ૫૧૭ ની તે ૫૧૯ માંથી ત્રીજી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા.

૧૯ સમુર્છીમ મનુષ્યમાં આગત ૧૭૧ ભેદની તે ૧૯૯ ની લટમાંથી તેઉ વાઉના આઠ ભેદ વર્જ્યા. શેષ ૧૭૧ રહ્યા તે, ગત ૧૯૯ ની લટની.

૨૦ સંજ્ઞી મનુષ્યમાં આગત ૨૭૬ ભેદની તે ૧૯૯ ની લટમાંથી તેઉ વાઉના આઠ વર્જ્યા. શેષ ૧૭૧ તથા ૯૯ જાતના દેવતા અને ૬ નરકના પર્યાપ્તા સર્વ મળી ૨૭૬ ભેદ થયા. ગત ૫૬૩ ભેદની.

૨૧ અકર્મભૂમિમાં આગત ૨૦ ભેદની. ૧૫ કર્મભૂમિ અને ૫ સંજ્ઞી તિર્યંચ એમ ૨૦ ની. ગત જુદી જુદી કહે છે. ૫ દેવકુરૂ અને ૫ ઉત્તરકુરૂની ગત ૧૨૮ ભેદની તે ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વાણવ્યંતર, ૧૦ જંભકા, ૧૦ જ્યોતિષી, ૨ દેવલોક, પહેલું બીજું અને ૧ કિલ્વિષી; એ ૬૪ જાતના દેવતાના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૧૨૮. ૫ હરિવાસ અને ૫ રમકવાસની ગત ૧૨૬ ની તે પૂર્વે ૧૨૮ કહ્યા તેમાંથી પહેલા કિલ્વિષીના અપર્યાપ્તા ને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા. ૫ હેમવય અને ૫ હિર-

જુવયની ગત ૧૨૪ ભેદની તે પૂર્વે ૧૨૬ કહ્યા તેમાંથી બીજા દેવલોકના અપર્યાપ્તા ને પર્યાપ્તા એ બે ભેદ વર્જ્યા.

૨૨ છપ્પન અંતરદ્વીપમાં આગત ૨૫ ભેદની તે, ૧૫ કર્મભૂમિ ૫ સંજ્ઞિતિર્યંચ અને ૫ અસંજ્ઞિતિર્યંચ એ ૨૫ ના પર્યાપ્તાની. ગત ૧૦૨ ભેદની તે ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વાણવ્યંતર, ૧૦ જંભકા એમ ૫૧ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૧૦૨.

ઇતિ ચોવીશ દંડકની ગતાગત સંપૂર્ણ

૨૩ તીર્થંકરદેવમાં આગત ૩૮ ભેદની તે, ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન અને ૩ પહેલી-બીજી-ત્રીજી નરક એમ ૩૮ ની, ગત મોક્ષની.

૨૪ ચક્રવર્તિમાં આગત ૮૨ ભેદની, તે ૯૯ જાતના દેવતામાંથી ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષી એ ૧૮ વર્જ્યા. શેષ ૮૧ રહ્યા, તે અને ૧ પહેલી નરક એમ ૮૨ ભેદની. ગત ૭ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૫ બળદેવમાં આગત ૮૩ ભેદની, તે પૂર્વે ૮૨ કહ્યા તે અને એક બીજી નરક એમ ૮૩ ભેદ. ગત ૭૭ ભેદની, તે ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૩૫ ના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૬ વાસુદેવમાં આગત ૩૨ ભેદની તે ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક અને ૨ નરક પહેલી ને બીજી, એમ ૩૨ ની. ગત ૧૪ ભેદની તે ૭ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૭ કેવળીમાં આગત ૧૦૮ ભેદની તે ૯૯ જાતના દેવતામાંથી ૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી એ અઢાર વર્જ્યા, શેષ ૮૧ રહ્યા તે, ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞીતિર્યંચ, ૪ નરક પહેલી અને પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ૩ એમ સર્વ મળી ૧૦૮ ભેદ થયા તે. ગત મોક્ષની.

૨૮ સાધુમાં આગત ૨૭૫ ની તે ૧૭૬ ની લટમાંથી તેઉ-વાઉના ૮ વર્જ્યા. શેષ ૧૬૧, ૯૯ જાતના દેવતા અને ૫

નરક એમ ૨૭૫ ની. ગત ૯૦ ભેદની તે ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાન એ ૩૫ ના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૨૯ આવકમાં આગત ૨૭૬ ભેદની તે પૂર્વે ૨૭૫ કહ્યા તે અને ૧ છઠ્ઠી નરક વધી. ગત ૪૨ ભેદની તે ૧૨ દેવલોક અને ૯ લોકાંતિક એ ૨૧ ના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૩૦ સમદૃષ્ટિમાં આગત ૩૬૩ ભેદની તે ૧૭૯ ની લટમાંથી ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા તથા તેઉ વાઉના ૮ એ ૨૩ વ જર્યા. શેષ ૧૫૬ તથા ૧૦૬ સંજ્ઞીમનુષ્ય, ૯૯ જાતના દેવતા અને ૭ નરકના પર્યાપ્તા એમ સર્વ મળી ૩૬૩ ભેદ થયા. ગત ૨૨૨ ની તે ૮૧ જાતના દેવતા, ૯૯ ભેદમાંથી ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષી એ ૧૮ વર્જ્યા ને ૧૫ કર્મ-ભૂમિ, ૫ સંજ્ઞીતિર્યંચ, ૬ નરક એમ ૧૦૭ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૨૧૪, ત્રણ વિકલેંદ્રિના અપર્યાપ્તા અને ૫ અસંજ્ઞીતિર્યંચના અપર્યાપ્તા એમ સર્વ મળી ૨૨૨ થયા તે. ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષીના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ૩૬ ભેદ ભેળવતાં ૨૫૮ ભેદની ગત પણ કેટલાકો કહે છે.

૩૧ મિથ્યાત્વીમાં આગત ૩૭૬ ભેદની તે પૂર્વે ૩૬૩ કહ્યા તેમાં તેઉ વાઉના ૮ ભેદ વધ્યા. ગત ૫૫૩ ભેદની તે ૫૬૩ માંથી અનુત્તર વિમાનના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૦ ભેદ વર્જ્યા.

૩૨ સ્ત્રીવેદ અને પુરૂષવેદમાં આગત ૩૭૬ ભેદની મિથ્યાત્વીની પેઠે. ગત પુરૂષવેદની ૫૬૩ ની, સ્ત્રીવેદની ૫૬૧ ની-સાતમી નરકના બે ભેદ વર્જ્યા.

૩૩ નપુંસકવેદમાં આગત ૨૮૫ ભેદની તે, ૯૯ જાતના દેવતા, ૧૭૯ની લટ અને ૭ નારકી એમ ૨૮૫ ની. ગત ૫૬૩ ભેદની.

ઇતિ ગતાગતના બોલ સંપૂર્ણ.

અથ શ્રી ગુણસ્થાનદ્વાર.

[અનુષ્ટુપવૃત્ત]

નામ ૧ લખણગુણ ૨ ઠિઇ ૩ ।
કિરિઆ ૪ સત્તા ૫ બંધ ૬ વેદેય ૭ ॥
ઉદેય ૮ ઉદિરણા ૯ ચૈવ ॥
નિજ્જરા ૧૦ ભાવ ૧૧ કારણા ૧૨ ॥ ૧ ॥
પરિસહ ૧૩ મગ્ગ ૧૪ આયાય ૧૫ ।
જીવાય ભેદે ૧૬ જોગ ૧૭ ઉવિઓગ ૧૮ ॥
લેસ્સા ૧૯ ચરણ ૨૦ સમ્મત્તમ્ ૨૧ ॥
અપ્પાબહુચ્ચ ૨૨ ગુણઠાણેહિમ્ ॥ ૨ ॥

એ બે ગાથામાં ૨૨ દ્વાર કહ્યા.

પહેલો નામદ્વાર કહે છે.

પહેલું મિથ્યાત્વ ગુણઠાણું, બીજું સાસ્વાદાન ગુ૦, ત્રીજું સમામિછત ગુ૦, ચોથું અવિરતિ સમ્યકત્વદૃષ્ટિ ગુ૦, પાંચમું દેશવિરતિ ગુ૦, છઠું પ્રમત્તસંજતિ ગુ૦, સાતમું અપ્રમત્તસંજતિ ગુ૦, આઠમું નિયટ્ટિબાદર ગુ૦, નવમું અનિયટ્ટિબાદર ગુ૦, દશમું સૂક્ષ્મસંપરાય ગુ૦, અગીઆરમું ઉપશાંતમોહ ગુ૦, બારમું ક્ષીણમોહ ગુ૦, તેરમું સજોગી કેવળી ગુ૦, ચઉદમું અજોગી કેવળી ગુણઠાણું.

બીજો લક્ષણ ગુણદ્વાર કહે છે.

પહેલા મિથ્યાત્વ ગુણઠાણાનાં લક્ષણ કહે છે—શ્રી વીતરાગની વાણીથી ઓછું, અધિક, વિપરીત, સરદહે, પરૂપે, ફરસે તેહને મિથ્યાત્વ કહીએ. ઓછી પરૂપણા તે કોને કહીએ ? જેમ કોઇ કહે જે જીવ અંગુઠા માત્ર છે, તંદુલ માત્ર છે, શામા માત્ર છે, દીપક માત્ર છે તેહને ઓછી પરૂપણા કહીએ. બીજી અધિક

પરૂપણા તે કોને કહીએ-એક જીવ સર્વ લોક બ્રહ્માંડ માત્રમાં વ્યાપી રહ્યો છે તેહને અધિક પરૂપણા કહીએ. ત્રીજી વિપરીત પરૂપણા તે કોને કહીએ—કોઇ કહે જે પાંચ ભૂત થકી આત્મા ઉપન્યો છે અને એહને વિનાશે જીવ પણ વીણશે છે. તે જડ છે તે થકી ચૈતન્ય ઉપજે, વીણશે એમ કહે તેહને વિપરીત પરૂપણા કહીએ. એમ નવ પદાર્થનું વિપરીતપણું સરદ્દહે, પરૂપે, ફરસે તેહને મિથ્યાત્વ કહીએ પણ જૈન માર્ગે આત્મા અકૃત્રિમ, અખંડ, અવિનાશી, નિત્ય છે. શરીર માત્ર વ્યાપક છે તે વિષે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી વંદણા નમસ્કાર કરીને શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપન્યો? શ્રી ભગવંતે કહ્યું જે, જીવરૂપ દડી તે કર્મરૂપ ગેડીએ કરી ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ જીવાજોનીમાં વારંવાર પરિભ્રમણ કરે પણ સંસારનો પાર પામે નહિ.

બીજા ગુણઠાણાના લક્ષણ કહે છે-જેમ કોઇ પુરૂષ ખીરખાંડનું ભોજન જમ્યો, પછી વમન કર્યું, ત્યારે કોઇક પુરૂષે પૂછયું, ભાઇ! કાંઇ સ્વાદ રહ્યો? એટલે કહે જે થોડો સ્વાદ રહ્યો તે સમાન સમકિત અને વમ્યો તે સમાન મિથ્યાત્વ ૧. બીજું દૃષ્ટાંત કહે છે—જેવો ઘંટાનો નાદ પહેલો ગહેર ગંભીર પછી રણકો રહી ગયો. ગહેરગંભીર સમાન સમકિત અને રણકો રહી ગયો તે સમાન મિથ્યાત્વ. ૨. ત્રીજું દૃષ્ટાંત આંબાનું—જીવરૂપ આંબો તેની પ્રમાણરૂપ ડાળથી સમકિતરૂપ ફળ મોહરૂપ વાયરે કરી ત્રુટયું, મિથ્યાત્વરૂપ ધરતીએ આવી પડયું નથી, વચમાં છે ત્યાં સુધી સાસ્વાદાન કહીએ અને ધરતીએ આવી પડયું ત્યારે મિથ્યાત્વ. તે વિષે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા. સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપજ્યો? શ્રી ભગવંત કહે, કૃષ્ણપક્ષી હતો તે શુકલપક્ષી થયો, અર્દ્ધ પુદ્ગલ સંસાર ભોગવવો રહ્યો. જેમ કોઇ પુરૂષને માથે લાખ ક્રોડનું દેણું હતું તે પરદેશ જઇને કમાઈ આવ્યો. દેણું દેતાં એક અધેલીનું દેણું રહ્યું તેહનું વ્યાજ થયું; અર્દ્ધ પુદ્ગલ સંસાર ભોગવવો રહ્યો. સાસ્વાદાન સમકિત પાંચવાર આવે.

ત્રીજા ગુણઠાણાનાં લક્ષણ કહે છે—ત્રીજું મિશ્રગુણઠાણું તે બે

વસ્તુ મળીને મિશ્ર શીખંડને દૃષ્ટાંતે. જેમ શીખંડ ખાટો ને મીઠો તેમ મીશ્રા સમાન સમકિત ને ખટાશ સમાન મિથ્યાત્વ. તે જિનમાર્ગ પણ રૂડો જાણે તથા અન્ય માર્ગ પણ રૂડો જાણે. જેમકે નગર બહાર સાધુ મહાપુરૂષ પધાર્યા છે તેહને શ્રાવક વાંદવા જાય છે એવામાં મિશ્રદૃષ્ટિવાળો મિત્ર મળ્યો. તેણે પૂછયું, ક્યાં જાઓ છો ? શ્રાવક કહે, સાધુ મહાપુરૂષને વાંદવા જઇએ છીએ. એટલે મિશ્રદૃષ્ટિવાળો કહે, એહને વાંદે શું થાય ? શ્રાવક કહે જે મહા લાભ થાય. તેથી તે કહે—હું પણ આવું છું એમ કહીને મિશ્રગુણઠાણાવાળે વાંદવાને પગ ઉપાડયો, એટલામાં બીજો મહા મિથ્યાત્વી મિત્ર મળ્યો, તેણે પૂછયું કે શા ભણી જાઓ છો ? મિશ્રગુણઠાણાવાળો કહે જે, સાધુ મહાપુરૂષને વાંદવા જઇએ છીએ. ત્યારે મહા મિથ્યાત્વી કહે જે-એહને વાંદે શું થાય ? એ તો મેલા, ઘેલા છે, એમ કહીને ભોળવી નાખ્યો. એથી પાછો ગયો. સાધુજ્ઞાનીને શ્રાવકે પુછયું, સ્વામી ! વાંદવા પગ ઉપાડયો તેહને શું ગુણ નીપન્યો ? જ્ઞાની ગુરૂ કહે જે કાળા અડદ સરખો હતો તે છઠ્ઠીદાળ સરખો થયો, કૃષ્ણપક્ષી ટળીને શુકલપક્ષી થયો, અનાદિ કાળનો ઉલટો હતો તે સુલટો થયો, સમકિત સન્મુખ થયો પણ પગ ભરવા સમર્થ નહીં, તે વિષે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી વંદણા નમસ્કાર કરીને શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપન્યો ? શ્રી ભગવંત કહે, તે જીવ ૪ ગતિ, ૨૪ દંડકમાં ભમીને પણ દેશે ઉણું અર્દ્ધ પુદ્ગળ પરાવર્ત્તનમાં ઉત્કૃષ્ટો સંસારનો પાર પામશે.

ચોથું અવિરતિ સમ્યકૃત્વદૃષ્ટિ ગુણઠાણું તેનું શું લક્ષણ—૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે તે. ૧ અનંતાનુબંધી ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ સમ્યકૃત્વ મોહિનીય, ૬ મિથ્યાત્વ મોહિનીય, ૭ મિશ્ર મોહનીય. એ ૭ પ્રકૃતિ કાંઇક ઉદય આવે તેહને ક્ષય કરે અને સત્તામાં દળ છે તેહને ઉપશમાવે, તેને ક્ષયોપશમ સમ્યકૃત્વ કહીયે. તે સમ્યકૃત્વ અસંખ્યાતીવાર આવે અને ૭ પ્રકૃતિના દળને સર્વથા ઉપશમાવે-ઢાંકે તેને ઉપશમસમકિત કહીયે. તે સમકિત પાંચવાર આવે, અને ૭ પ્રકૃતિના દળને સર્વથા ક્ષય કરે તેને ક્ષાયક સમકિત કહીયે. તે સમ્યકૃત્વ ૧ વાર આવે, ચોથે ગુણઠાણે આવ્યો થકો જીવાદિક પદાર્થ દ્રવ્યથી ૧, ક્ષેત્રથી ૨, કાળથી

૩, ભાવથી ૪, નોકારસીઆદિ છમાસી તપ જાણે, સરદ્દહે, પરૂપે; પણ ફરસી શકે નહિ. તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા. સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? શ્રી ભગવંત કહે–હે ગૌતમ ! તે જીવ સમકિત વ્યવહારપણે શુદ્ધ પ્રવર્તતો જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટા પંદર ભવે મોક્ષ જાય, વેદક સમકિત એક વાર આવે, એક સમયની સ્થિતિ છે. પૂર્વે જો આયુષ્યનો બંધ પડયો ન હોય તો ૭ બોલમાં બંધ પડે નહિ. ૧ નરકનું આયુષ્ય, ૨ ભવનપતિનું આયુષ્ય, ૩ તિર્યંચનું આયુષ્ય, ૪ વાણવ્યંતરનું આયુષ્ય, ૫ જ્યોતિષીનું આયુષ્ય, ૬ સ્ત્રી વેદ, ૭ નપુંસક વેદ, એ ૭ બોલમાં આયુષ્યનો બંધ પાડે નહિ, તે જીવ, ૮ આચાર સમકિતના આરાધી ચતુર્વિધસંઘની વત્સલતા પરમહર્ષ અને ભક્તિભર કરતો થકો જઘન્ય પહેલે દેવલોકે ઉપજે, ઉત્૦ બારમે દેવલોકે ઉપજે, પન્નવણાની સાખે, પૂર્વ કર્મને ઉદયે કરીને વ્રત પચ્ચખાણ કરી ન શકે, પણ અનેક વરસની શ્રમણોપાસકની પ્રવજ્યાનો પાળક કહીયે, દશાશ્રુત સ્કંધે શ્રાવક કહ્યા છે તે માટે દર્શન શ્રાવકને અવિરય સમદ્દીઠી કહીયે.

પાંચમું દેશવિરતિ ગુણઠાણું, તેનું શું લક્ષણ—અગીયાર પ્રકૃતિને ક્ષયોપશમાવે તે. ૭ પૂર્વે કહો તે અને ૧ અપ્રત્યાખ્યાની ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ એમ ૧૧ પ્રકૃતિને ક્ષય કરે તો ક્ષાયકસમકિત કહીયે, ઢાંકે–ઉપશમાવે તો ઉપશમસમકિત કહીયે. અને કાંઇક ઢાંકે ને કાંઇક ક્ષય કરે તો ક્ષયોપશમસમકિત કહીયે. પાંચમે ગુણઠાણે આવ્યો થકો જીવાદિક પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી કાળથી, ભાવથી, નોકારસી આદિ દઇને છમાસી તપ જાણે, સરદ્દહે, પરૂપે, શક્તિ પ્રમાણે સ્પર્શે, એક પચ્ચખાણથી માંડીને, ૧૨ વ્રત, ૧૧ શ્રાવકની પડીમા આદરે, યાવત્ સંલેખણા સુધી અનશન કરી આરાધે. તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? ત્યારે શ્રી ભગવંતે કહ્યું, જ૦ ત્રીજે ભવે મોક્ષ જાય, ઉ૦ ૧૫ ભવે મોક્ષ જાય, જ૦ પહેલે દેવલોકે ઉપજે, ઉત્૦ ૧૨ મે દેવલોકે ઉપજે. તે સાધુના વ્રતની અપેક્ષાયે દેશવિરતી કહીયે, પણ પરિણામથી અવ્રતની ક્રિયા ઉતરી ગઇ છે. અલ્પઇચ્છા, અલ્પઆરંભ, અલ્પપરિગ્રહી, સુશીલ, સુવ્રતી, ધર્મિષ્ઠ, ધર્મવ્રતી,

કલ્પઉગ્રવિહારી, મહાસંવેગવિહારી, ઉદાસી, વૈરાગ્યવંત, એકાંત-આર્ય, સમ્યગ્માર્ગી સુસાધુ, સુપાત્ર, ઉત્તમ ક્રિયાવાદી, આસ્તિક, આરાધક, જૈનમાર્ગપ્રભાવક અરિહંતના શિષ્ય વર્ણવ્યા છે, ગીતાર્થ જાણે છે, સિદ્ધાંતની શાખ છે, શ્રાવકપણું એક ભવમાં પ્રત્યેક હજારવાર આવે.

છઠું પ્રમત્ત સંજતિ ગુણઠાણું, તેહનું શું લક્ષણ –૧૫ પ્રકૃતિને ક્ષયોપશમાવે તે, ૧૧ પ્રકૃતિ પૂર્વે કહી તે અને ૧ પચ્ચખાણાવરણીય ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ એવં ૧૫ પ્રકૃતિને ક્ષય કરે તો ક્ષાયક સમકિત કહીયે, ઢાંકે તો ઉપશમ સમકિત કહીયે. અને કાંઈક ઢાંકે, ને કાંઇક ક્ષય કરે તો ક્ષયોપશમ સમકિત કહીયે, તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, તે જીવને શું ગુણ નિપન્યો ? શ્રી ભગવંતે કહ્યું:–તે જીવ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી જીવાદિક નવ પદાર્થને તથા નોકારસી આદિ છમાસી તપ જાણે, સરદહે, પરૂપે, ફરસે. સાધુપણું એક ભવમાં નવસેંવાર આવે. તે જીવ જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય, ઉત્૦ ૧૫ ભવે મોક્ષ જાય. આરાધક જીવ જઘ૦ પહેલે દેવલોકે ઉપજે, ઉત્૦ અનુત્તર વિમાને ઉપજે. ૧૭ ભેદે સંજમ નિર્મળ પાળે, ૧૨ ભેદે તપસ્યા કરે, પણ યોગ ચપળ, કષાય ચપળ, વચન ચપળ, દૃષ્ટિમાં ચપળતાનો અંશ છે; તેણે કરીને યદ્યપિ ઉત્તમ અપ્રમાદિ થકા રહે છે, તો પણ પ્રમાદ રહે છે માટે પ્રમાદપણે કરી તથા કૃષ્ણાદિક લેશ્યા, અશુભ જોગ કોઇક કાળે પ્રણમે છે, માટે કષાય પ્રકૃષ્ટમત્ત થઇ જાય છે. તેને પ્રમત્ત સંજતિ ગુણઠાણું કહીયે.

સાતમું અપ્રમત્ત સંજતી ગુણઠાણું, તેહનું શું લક્ષણ–પાંચ પ્રમાદ છાંડે ત્યારે સાતમે ગુણઠાણે આવે. તે ૫ પ્રમાદનાં નામ-(ગાથા) ૧ મદ, ૨ વિષય, ૩ કષાય, ૪ નિંદા, ૫ વિકહા પંચમા ભણિયા; એ એ પંચ પમાયા, જીવ પડંતી સંસારે ॥૧॥ એ ૫ પ્રમાદ છાંડે અને ૧૬ પ્રકૃતિને ઉપશમાવે તે ૧૫ પૂર્વે કહી તે અને સંજલનો ક્રોધ, એમ ૧૬ પ્રકૃતિને ક્ષયોપશમાવે તેને શું ગુણ નીપન્યો ? જીવાદિ પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી તથા નોકારસી આદિ દેઇને છમાસી તપ ધ્યાન જુગતપણે જાણે, સરદહે,

પરૂપે, ફરસે. તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટા ત્રીજે ભવે મોક્ષ જાય. ગતિ તો પ્રાયઃ કલ્પાતીતની થાય. ધ્યાનને વિષે, અનુષ્ઠાનને વિષે, અપ્રમત્ત ઉદ્યત થકા રહે છે, તથા શુભ લેશ્યા-પણે જ કરીને નથી પ્રમત્ત કષાય જેને-તેને અપ્રમત્ત સંજતી ગુણઠાણું કહીયે.

આઠમું નીયટ્ટિ બાદર ગુણઠાણું તેનું શું લક્ષણ—૧૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે. તે સોળ પૂર્વે કહી તે અને સંજલનું માન મળી ૧૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે. તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા, સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપન્યો? શ્રી ભગવંતે કહ્યું-પરિણામદ્વારા, અપૂર્વ કરણ જે કોઇ કાળે જીવને કોઇ દિને આવ્યું નથી તે શ્રેણી જુગત જીવાદિ પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ દઇ છમાસી તપ જાણે, સરદહે, પરૂપે, ફરસે. તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત૦ ત્રીજે ભવે મોક્ષ જાય, અહીંથી શ્રેણી ૨ કરે:-૧ ઉપશમશ્રેણી ને ૨ ક્ષપકશ્રેણી. ઉપશમ શ્રેણીવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશ-માવતો અગ્યારમા ગુણઠાણા સુધી જાય, પડિવાઇ પણ થાય. હાય માન પરીણામ પણ પરીણમે. અને ક્ષપકશ્રેણીવાળો જીવ તે મોહનીય કર્મની પ્રકૃતિના દળને ખપાવતો, શુદ્ધ મૂળમાંથી નિર્જરા કરતો, નવમે, દશમે, ગુણઠાણે થઇને બારમે ગુણઠાણે જાય, અપડિવાઇ જ હોય. વર્દ્ધમાન પરિણામ પરીણમે. હવે નીયટ્ટિ બાદરનો અર્થ તે નિવર્ત્યો છે બાદર કષાયથી બાદર સંપરાય ક્રિયાથી શ્રેણી કરવે, અભ્યંતર પરીણામે, અધ્યવસાય સ્થિર થતે, બાદર ચપળતાથી નિવર્ત્યો છે માટે નીયટ્ટિ બાદર ગુણઠાણું કહીયે, તથા બીજું નામ અપૂર્વ કરણ ગુણઠાણું પણ કહીયે; શા માટે જે કોઇ કાળે જીવે પૂર્વે શ્રેણી કરી નહોતી અને એ ગુણઠાણે પહેલું જ કરણ તે પંડિતવીર્યનું આવરણ ક્ષય-કરણરૂપ કરણ પરીણામદ્વારા વર્દ્ધનરૂપ શ્રેણી કરે તેહને અપૂર્વ-કરણ ગુણઠાણું કહીયે.

નવમું અનીયટ્ટિબાદર ગુણઠાણું, તેનું શું લક્ષણ—એકવીશ પ્રકૃતિને ક્ષયોપશમાવે, તે ૧૭ પ્રકૃતિ પૂર્વે કહી તે અને સંજ-

લની ૧ માયા, ૨ સ્ત્રીવેદ, ૩ પુરૂષવેદ, ૪ નપુંસકવેદ. એ ૧૨ પ્રકૃતિને ક્ષયોપશમાવે, તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા. સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપજ્યો? શ્રી ભગવંતે કહ્યું, તે જીવને જીવાદિક પદાર્થ તથા નોકારસી આદિ દશને છમાસી તપ, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી નિર્વિકાર અવ્યાબી વિષય નિર્વાંછનાપણે જાણે, સરદહે, પરૂપે, ફરસે, તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત૦ ત્રીજે ભવે મોક્ષ જાય. અનીયટ્ટિબાદર તે સર્વથા પ્રકારે નિવર્ત્યો નથી, અંશ માત્ર હજી બાદરસંપરાય ક્રિયા રહી છે, તે માટે અનીયટ્ટિબાદર ગુણઠાણું કહીયે. "આઠમા, નવમા ગુણઠાણાના શબ્દાર્થ ઘણા ગંભીર છે તે અન્ય પંચસંગ્રહાદિક ગ્રંથ તથા સિદ્ધાંતથી સમજવા."

દશમું સૂક્ષ્મ સંપરાય ગુણઠાણું, તેનું શું લક્ષણ—૨૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે. ૨૧ પ્રકૃતિ પૂર્વે કહી તે અને ૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક, ૬ દુગંછા. એ ૨૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે. તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા. સ્વામીનાથ! તે જીવને શું ગુણ નીપન્યો? શ્રી ભગવંતે કહ્યું, તે જીવ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જીવાદિક પદાર્થ તથા નોકારસી આદિ દશને છમાસી તપ નિરભિલાષ, નિર્વાંછના, નિર્વેદકતાપણે, નિરાશી, અવ્યાબોહ, અવિભ્રમપણે જાણે, સરદહે, પરૂપે, ફરસે, તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત૦ ત્રીજે ભવે મોક્ષ જાય. સૂક્ષ્મ-થોડીક-લગારેક પાતળીશો સંપરાય ક્રિયા રહી છે, તેને સૂક્ષ્મસંપરાય ગુણઠાણું કહીયે.

અગ્યારમું ઉપશાંતમોહ ગુણઠાણું, તેનું શું લક્ષણ—૨૮ પ્રકૃતિને ઉપશમાવે, તે ૨૭ પ્રકૃતિ પૂર્વે કહી તે અને ૧ સંજલનો લોભ, એવં ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિને ઉપશમાવે-સર્વથા ઢાંકે. (ભસ્મભારી પ્રછન્ન અગ્નિવત્) તે વિષે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછવા લાગ્યા-સ્વામીનાથ? તે જીવને શો ગુણ નીપન્યો? શ્રી ભગવંતે કહ્યું:-તે જીવ જીવાદિક પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ

દ્વધને છમાસી તપ વીતરાગ ભાવે, યથાખ્યાત ચારિત્રપણે જાણે, સરદ્દહે, પરૂપે, ફરસે, એવામાં જો કાળ કરે તો અનુત્તર વિમાનમાં જાય, પછી મનુષ્ય થઇ મોક્ષ જાય અને જો સૂક્ષ્મ લોભનો ઉદય થાય તો કષાય અગ્નિ પ્રગટે, પછી પડે. દશમાથી સર્વથા પડે તો પહેલે ગુણઠાણે જાય પણ અગ્યારમેથી ચઢવું તો નથી. ઉપશાંત તે ઉપશમ્યો છે મોહ સર્વથા જળે કરી અગ્નિ ઓલવ્યાની પેઠે. ટાળ્યો નહિ, ઢાંક્યો છે માટે ઉપશાંતમોહ ગુણઠાણું કહીયે.

બારમું ક્ષીણમોહ ગુણઠાણું, તેનું શું લક્ષણ—૨ પ્રકૃતિને સર્વથા ખપાવે, ક્ષપકશ્રેણી, ક્ષાયક ભાવ, ક્ષાયકસમકિત, ક્ષાયકયથાખ્યાત ચારિત્ર, કરણસત્ય, જોગસત્ય, ભાવસત્ય, અમાયી, અકષાયી, વીતરાગી, ભાવનિર્ગ્રંથ, સંપૂર્ણ સંવુડ, સંપૂર્ણભાવિતાત્મા, મહાતપસ્વી, મહાસુશીલ, અમોહી, અવિકારી, મહાજ્ઞાની, મહાધ્યાની, વર્દ્ધમાન પરિણામી, અપડીવાઇ થઇ, અંતર્મુહુર્ત રહે. એ ગુણઠાણે કાળ કરવો નથી, પુનર્ભવ છે નહિ, છેલ્લે સમયે પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, પંચવિધ અંતરાય ક્ષયકરણોદ્યમ કરી, તેરમા ગુણઠાણાને પહેલે સમયે ક્ષય કરી કેવળ જ્યોતિ પ્રકટે, તે માટે ક્ષીણમોહ ગુણઠાણું કહીયે.

તેરમું સજોગી કેવળી ગુણઠાણું, તેનું શું લક્ષણ—દશ બોલ સહિત તેરમે ગુણઠાણે વિચરે. ૧ સજોગી, ૨ સશરીરી, ૩ સલેશી, ૪ શુકલલેશી, ૫ યથાખ્યાતચારિત્ર, ૬ ક્ષાયકસમકિત, ૭ પંડિતવીર્ય, ૮ શુકલધ્યાન, ૯ કેવળજ્ઞાન, ૧૦ કેવળ દર્શન, એ દશ બોલ સહિત જઘન્ય અંતર્મુહુર્ત ઉત્કૃષ્ટ દેશે ઉણું પૂર્વ કોડી સુધી વિચરે, ઘણા જીવને તારી, પ્રતિબોધી, ન્યાલ કરીને બીજા ત્રીજા શુકલધ્યાનના પાયાને ધ્યાઇને ચઉદમે જાય, સજોગી તે શુભ મન વચન કાયાના જોગ સહિત છે. બાહ્યચલોપકરણ છે, ગમનાગમનાદિક ચેષ્ટા શુભ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, ઉપયોગ સમયાંતર અવિછિન્નપણે શુદ્ધ પ્રભુમે તે માટે સજોગી કેવળી ગુણઠાણું કહીયે.

ચઉદમું અજોગી કેવળી ગુણઠાણું તેનું શું લક્ષણ—શુકલ ધ્યાનનો ચોથો પાયો, સમચ્છિન્નક્રિય, અનંતર અપ્રતિપાતિ અતિવૃત્તિધ્યાતા મનજોગ રૂંધી, વચનજોગ રૂંધી, કાયજોગ રૂંધી અને પ્રાણનિરોધ કરી રૂપાતિત પરમ શુકલધ્યાન ધ્યાતા, ૭ બોલ

સહિત વિચરે. તેરમે ૧૦ બોલ કહ્યા તેમાંથી ૧ સજોગી, ૨ સલેશી, ૩ શુક્લલેશી એ ત્રણ વર્જીને શેષ ૭ બોલ સહિત સકલ ગિરીનો રાજા મેરૂ તેની પેઠે અડોલ, અચલ, સ્થિર અવસ્થાને પામે. શૈલેશીપણે રહી પંચ લઘુ અક્ષર ઉચ્ચારપ્રમાણ કાળ રહી શેષ ૧ વેદનીય, ૨ આયુષ્ય, ૩ નામ, ૪ ગોત્ર એ ચાર કર્મ ક્ષીણ કરીને મુક્તિપદ પામે. શરીર ઔદારિક, તેજસ, કાર્મણ, સર્વથા છાંડીને સમશ્રેણી, ઋજુગતિ, અન્ય આકાશ પ્રદેશ અણ-અવગાહતો, અણફરસતો, એક સમય માત્રમાં ઉર્ધ્વગતિ, અવિગ્રહગતિએ તિહાં જાય. " એરંડબીજ બંધન મુક્તવત્ નિર્લેપ તુંબીવત્, કોદ્રવડમુક્ત-બાણવત, ઇંધનવન્હિમુક્ત ધૂમ્રવત," તીહાં સિદ્ધ ક્ષેત્રે જઇ સાકારોપયોગે સિદ્ધ થાય, બુદ્ધ થાય, પારંગત થાય, પરંપરાગત થાય, સકલકાર્ય અર્થ સાધી કૃતકૃતાર્થ નિષ્ઠિતાર્થ અતુલ્ય સુખસા-ગર નિર્મગ્ન સાદી અનંત ભાગે સિદ્ધ થાય. એ સિદ્ધ પદનો ભાવસ્મરણ ચિંતન મનન કદાકાળે મુજને હોશે ? સો ઘટી, પળ ધન્ય સફળ હોશે, અજોગી તે જોગ રહિત કેવળ સહિત વિચરે તેને અજોગી કેવળી ગુણઠાણું કહીયે.

ત્રીજો સ્થિતિદ્વાર કહે છે.

પહેલા ગુણઠાણાની સ્થિતિ ૩ પ્રકારની છે—અણાદીઆ-અપજ્જવસીઆ તે જે મિથ્યાત્વની આદિ નથી ને અંત પણ નથી તે અભવ્યજીવ આશ્રિ મિથ્યાત્વ ૧. અણાદિઆ સપજ્જવસીઆ તે જે મિથ્યાત્વની આદિ નથી પણ અંત છે તે ભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રિ ૨. સાદીઆસપજ્જવસીઆ તે જે મિથ્યાત્વની આદિ પણ છે ને અંત પણ છે તે પડીવાઇ સમદિઠીના મિથ્યાત્વ આશ્રિ. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહુર્ત ઉત્ક અર્દ્ધ પુદ્ગલ પરા-વર્તન દેશે ઉણો. પછી અવશ્ય સમકિત પામીને મોક્ષ જાય ૩. ૧. બીજા ગુણઠાણાની સ્થિતિ જ૦ ૧ સમય, ઉ૦ ૬ આવલીકા ને ૭ સમયની ૨ ત્રીજા ગુણઠાણાની સ્થિતિ જ૦ ઉ૦ અંતર્મુહૂર્તની ૩. ચોથા ગુણઠાણાની સ્થિતિ જ૦ અંત૦; ઉ૦ ૬૬ સાગરોપમ ઝાઝે-રાની તે ૨૨ સાગરોપમની સ્થિતિએ ત્રણવાર બારમે દેવલોકે ઉપજે. ત્રણ પૂર્વકોડી અધિક મનુષ્યના ભવ આશ્રિ જાણવી, તથા બે વાર અનુત્તર વિમાનમાં ૩૩ સાગ-

રોપમની સ્થિતિએ ઉપજે. ૩૩ દુ છાસઠ સાગરોપમ ને પૂર્વકોડી અધિક મનુષ્યના ભવ આશ્રી જાણવી. ૪. પાંચમા, છઠ્ઠા, તેરમા ગુણઠાણાની સ્થિતિ જ૦ અંત૦ ઉ૦ દેશે ઉણી તે સાડાઆઠ વર્ષે ઉણી પૂર્વકોડીની. સાતમાથી અગીઆરમા ગુ૦ સુધી જ૦ ૧ સમય૦ ઉ૦ અંત૦, બારમા ગુ૦ ની સ્થિતિ જઘન્ય ઉ૦ અંત૦. ચઉદમા ગુણઠાણાની સ્થિતિ પાંચ હ્રસ્વ અક્ષર અ[૧], ઇ[૨], ઉ[૩], ઋ[૪], લૃ[૫] બોલવા પ્રમાણે જાણવી.

ચોથો ક્રિયાદ્વાર કહે છે.

પહેલે ને ત્રીજે ગુણઠાણે ૨૪ ક્રિયા લાભે, ધરિયાવહી ક્રિયા વર્જિને. બીજે ચોથે ગુ૦ ૨૩ ક્રિયા લાભે, ધરિયાવહી ૧ ને મિથ્યાત્વની ૨, એ બે વર્જિને. પાંચમે ગુ૦ ૨૨ ક્રિયા લાભે, મિથ્યાત્વ ૧, અવિરતિ ૨, ધરિયાવહી ૩ એ ૩ વર્જિને. છઠે ગુ૦ ૨ ક્રિયા–આરંભીઆ ૧, માયાવાત્તયા ૨. લાભે. સાતમે, અગીઆરમે, બારમે, તેરમે ગુ૦ ૧ ધરિયાવહી ક્રિયા લાભે. ચૌદમે ગુ૦ કોઇ ક્રિયા લાભે નહિ.

પાંચમો સત્તાદ્વાર કહે છે.

પહેલા ગુણઠાણાથી તે અગીઆરમા ગુ૦ સુધી આઠ કર્મની સત્તા, બારમે સાત કર્મની સત્તા–૧ મોહનીય કર્મ વર્જિને, તેરમે ચઉદમે ગુ૦ ૪ કર્મની સત્તા–વેદનીય ૧, આયુષ ૨, નામ ૩, ગોત્ર ૪.

છઠ્ઠો બંધદ્વાર કહે છે.

પહેલા ગુણઠાણાથી તે સાતમા ગુ૦ સુધી ત્રીજું ગુ૦ વર્જિને ૮ કર્મ બાંધે અને જો ૭ બાંધે તો આયુષ્ય વર્જિને. ત્રીજે, આઠમે, નવમે ગુ૦ ૭ કર્મ બાંધે આયુષ્ય વર્જિને. દશમે ગુ૦ ૬ કર્મ બાંધે. આયુષ્ય ૧ ને મોહનીય એ ૨ વર્જિને, અગીઆરમે, બારમે, તેરમે ગુ૦ ૧ સાતા વેદનીય બાંધે, ચઉદમે ગુ૦ અબંધ.

સાતમો વેદ ને આઠમો ઉદયદ્વાર ભેળો કહે છે.

પહેલા ગુણઠાણાથી તે દશમા ગુ૦ સુધી ૮ કર્મ વેદે ને ૮ નો ઉદય, અગીઆરમે, બારમે ૭ કર્મ વેદે ને ૭ નો ઉદય, મો-

હનીય વર્જિને. તેરમે, ચઉદમે ૪ કર્મ વેદે ને ૪ નો ઉદય, વેદનીય ૧, આયુષ્ય ૨, નામ ૩, ગોત્ર ૪.

નવમો ઉદીરણાદ્વાર કહે છે.

પહેલા ગુણઠાણાથી માંડીને સાતમા ગુ૦ સુધી ૮ કર્મની ઉદીરણા તથા ૭ ની કરે તો આયુષ્ય વર્જિને. આઠમે નવમે ગુ૦ સાત કર્મની ઉદીરણા તે આયુષ્ય વર્જિને તથા ૬ ની કરે તો આયુષ્ય ૧, મોહનીય ૨ એ ૨ વર્જિને. દશમે ૬ ની ઉદીરણા કરે આયુષ્ય ૧, મોહનીય ૨, એ ૨ વર્જિને અને ૫ ની કરે તો આયુષ્ય ૧, મોહનીય ૨, વેદનીય, ૩ એ ૩ વર્જિને. અગીઆરમે બારમે ૫ ની ઉદીરણા-આયુષ્ય ૧, મોહનીય ૨, વેદનીય ૩, એ ૩ વર્જિને ૨ ની કરે તો નામ ૧, ગોત્ર ૨ એ ૨ ની. તેરમે ગુ૦ ૨ કર્મની ઉદીરણા નામ ૧, ગોત્ર ૨ એ ૨ ની કરે. ચોદમે ગુ૦ ઉદીરણા કરે નહિ. (ચેવ કે૦) નિશ્ચયે.

દસમો નિર્જરાદ્વાર કહે છે.

પહેલાથી તે અગીઆરમા ગુણઠાણા સુધી ૮ કર્મની નિર્જરા, બારમે ૭ કર્મની નિર્જરા, મોહનીય વર્જિને. તેરમે ચૌદમે ૪ કર્મની નિર્જરા-વેદનીય ૧, આયુષ્ય ૨, નામ ૩, ગોત્ર ૪.

અગિયારમો ભાવદ્વાર કહે છે.

૧ ઉદયભાવ, ૨ ઉપશમભાવ, ૩ ક્ષાયકભાવ, ૪ ક્ષયોપશમભાવ, ૫ પારિણામિકભાવ, ૬ સંનીવાઇભાવ, પહેલે ને ત્રીજે ગુણઠાણે ૩ ભાવ-૧ ઉદય, ૨ ક્ષયોપશમ, ૩ પારિણામિક, બીજે ગુ૦ ચોથે ગુ૦ પાંચમે ગુ૦ છઠે ગુ૦ સાતમે ગુ૦ આઠમેથી તે અગ્યારમા ગુણઠાણા સુધી ઉપશમ શ્રેણીવાળાને, ૪ ભાવ-૧ ઉદય ૨ ઉપશમ, ૩ ક્ષયોપશમ, ૪ પારિણામિક તથા કોઇક ઉપશમને ઠેકાણે ક્ષાયક પણ કહે છે. અને આઠમાથી માંડીને બારમા સુધી ક્ષપક શ્રેણીવાળાને, ૪ ભાવ-૧ ઉદય, ૨ ક્ષયોપશમ, ૩ ક્ષાયક, ૪ પારિણામિક, તેરમે ચઉદમે ગુ૦ ૩ ભાવ-૧ ઉદય, ૨ ક્ષાયક, ૩ પારિણામિક. સિદ્ધમાં ૨ ભાવ-ક્ષાયક અને પારિણામિક.

બારમો કારણદ્વાર કહે છે.

કારણ (૫)—૧ કર્મબંધના મિથ્યાત્વ, ૨ અવિરતિ, ૩ પ્રમાદ, ૪ કષાય, ૫ જોગ. પહેલે ત્રીજે ગુ૦ ૫ કારણ લાભે. બીજે ચોથે, ૪ કારણ લાભે મિથ્યાત્વ વર્જીને. પાંચમે છઠે ગુ૦ ૩ કારણ લાભે. ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ વર્જીને. સાતમેથી તે દશમા ગુણઠાણા સુધી, ૨ કારણ લાભે. ૧ કષાય, ૨ જોગ. અગ્યારમે બારમે તેરમે, ૧ કારણ લાભે તે જોગ. ચઉદમે કોઈ કારણ નથી.

તેરમો પરિષહદ્વાર કહે છે.

પહેલાથી તે ચોથા ગુણઠાણા સુધી યદ્યપિ પરિસહ ૨૨ લાભે પણ દુઃખરૂપ છે, નિર્જરારૂપ પ્રણમે નહિ. પાંચમાથી તે ૯ મા ગુણઠાણા સુધી ૨૨ પરીસહ લાભે, એક સમયે ૨૦ વેદે. ટાઢનો ત્યાં તાપનો નહિ, તાપનો ત્યાં ટાઢનો નહિ. ચાલવાનો ત્યાં બેસવાનો નહિ, બેસવાનો ત્યાં ચાલવાનો નહિ. દશમે અગ્યારમે બારમે ૧૪ પરીસહ લાભે. આઠ જે મોહનીય કર્મને ઉદયે હતા તે વર્જ્યા તે કહે છે. ૧ અચેલનો, ૨ અરતિનો, ૩ સ્ત્રીનો, ૪ બેસવાનો, ૫ આક્રોશનો, ૬ મેલનો, ૭ સત્કારપુરસ્કાર, એ ૭ ચારિત્ર મોહનીય કર્મને ઉદયે હતા તે અને ૮ મો દંશણ પરીસહ-દર્શન-મોહનીયને ઉદયે હતો તે, એ ૮ વર્જીને શેષ ૧૪ રહ્યા, તે માંહેલા ૧ સમયે ૧૨ વેદે-ટાઢનો ત્યાં તાપનો નહિ, તાપનો ત્યાં ટાઢનો નહિ, ચાલવાનો ત્યાં સ્થાનકનો નહિ, સ્થાનકનો ત્યાં ચાલવાનો નહિ, તેરમે ચઉદમે ગુણઠાણે ૧૧ પરીસહ લાભે, પૂર્વે ૧૪ કહ્યા તેમાંથી એક પ્રજ્ઞાનો, ૨ અજ્ઞાનનો, એ ૨ જ્ઞાનાવરણીય કર્મને ઉદયે હતા તે અને ૧ અલાભનો અંતરાય કર્મને ઉદયે હતો તે-એ ૩ વર્જીને શેષ ૧૧ રહ્યા, તે માંહેલા ૧ સમયે ૯ વેદે, ટાઢનો ત્યાં તાપનો નહિ, તાપનો ત્યાં ટાઢનો નહિ, ચાલવાનો ત્યાં સ્થાનકનો નહિ, સ્થાનકનો ત્યાં ચાલવાનો નહિ.

ચઉદમો માર્ગણાદ્વાર કહે છે.

પહેલા ગુણઠાણે માર્ગણા ૪-ત્રીજે, ચોથે, પાંચમે, સાતમે જાય, બીજે ગુ૦ માર્ગણા ૧, પડે તો પહેલે આવે, પણ ચડવું નથી.

ત્રીજે માર્ગણા ૪, પડે તો પહેલે આવે અને ચડે તો ચોથે, પાંચમે અને સાતમે જાય. ચોથે માર્ગણા ૫, પડે તો પહેલે, બીજે, ત્રીજે આવે અને ચડે તો પાંચમે, સાતમે જાય. પાંચમે માર્ગણા ૫. પડે તો પહેલે, બીજે, ત્રીજે, ચોથે આવે અને ચડે તો સાતમે જાય. છઠે માર્ગણા ૬–પડે તો પહેલે, બીજે, ત્રીજે, ચોથે, પાંચમે આવે અને ચડે તો સાતમે જાય. સાતમે માર્ગણા ૩, પડે તો છઠે, ચોથે આવે અને ચડે તો આઠમે જાય. આઠમે માર્ગણા ૬–પડે તો સાતમે ચોથે આવે, ચડે તો નવમે જાય, નવમે માર્ગણા ૩, પડે તો આઠમે, ચોથે આવે, અને ચડે તો દશમે જાય. દશમે માર્ગણા ૪, પડે તો નવમે, ચોથે આવે ચડે તો અગ્યારમે બારમે જાય. અગ્યારમે માર્ગણા ૨, કાળ કરે તો અનુત્તર વિમાને જાય, પડે તો દશમે તથા પહેલે આવે. ચડવું નથી. બારમે માર્ગણા ૧–તેરમે જાય, પડવું નથી. તેરમે માર્ગણા ૧, ચઉદમે જાય, પડવું નથી. ચઉદમે માર્ગણા એકે નથી, મોક્ષ જાય.

પંદરમો આત્માદ્વાર કહે છે.

આત્મા ૮. દ્રવ્યઆત્મા ૧, કષાય આત્મા ૨, યોગ આત્મા ૩, ઉપયોગ આત્મા ૪, જ્ઞાન આત્મા ૫, દર્શન આત્મા ૬, ચારિત્ર આત્મા ૭, વીર્ય આત્મા ૮, પહેલે ત્રીજે ગુણ૦ ૬ આત્મા, જ્ઞાન ૧, ચારિત્ર ૨, એ બે વર્જીને. બીજે, ચોથે ગુણ૦ ૭ આત્મા, ચારિત્ર વર્જીને. પાંચમે ગુણઠાણે પણ ૭ આત્મા, દેશથી ચારિત્ર છે. છઠ્ઠાથી દશમા ગુણઠાણા સુધી આઠ આત્મા. અગ્યારમે, બારમે તેરમે ૭ આત્મા, કષાય વર્જીને, ચૌદમે ૬ આત્મા કષાય ને જોગ વર્જીને. સિદ્ધમાં ૪ આત્મા–જ્ઞાન આત્મા ૧, દર્શન આત્મા ૨, દ્રવ્ય આત્મા ૩, ઉપયોગ આત્મા ૪.

સોળમો જીવભેદદ્વાર કહે છે.

પહેલે ગુણઠાણે ૧૪ ભેદ લાભે. બીજે ગુણ૦ ૬ ભેદ લાભે બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીતિર્યંચ પંચેંદ્રિય ૪, એ ૪ ના અપર્યાપ્તા, ને સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો એ ૬. ત્રીજે ગુણ૦ ૧ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો લાભે–ચોથે ગુણઠા૦ ૨ ભેદ લાભે, સંજ્ઞી પંચેંદ્રિયનો ૧ અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો

પાંચમાથી તે ૧૪ મા ગુણઠાણા સુધી ૧ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો લાભે.

સત્તરમો જોગદ્વાર કહે છે.

પહેલે, બીજે ને ચોથે ગુણઠાણે જોગ ૧૩ લાભે–બે આહારકના વર્જિને. ત્રીજે ગુણ૦ ૧૦ જોગ લાભે, ૪ મનના, ૪ વચનના, ૧ ઉદ્ધારિકનો, ૧ વૈક્રેયનો એ ૧૦ લાભે. પાંચમે ગુણઠાણે ૧૨ જોગ, ૨ આહારકના ને એક કાર્મણનો એ ૩ વર્જિને. છઠે ગુણ૦ ૧૪ જોગ લાભે. ૧ કાર્મણનો વર્જિને. સાતમે ગુણ૦ ૧૧ જોગ, ૪ મનના, ૪ વચનના, ૧ ઉદ્ધારિકનો, ૧ વૈક્રેયનો, ૧ આહારકનો એવં ૧૧. આઠમાથી માંડીને ૧૨ મા ગુણઠાણા સુધી જોગ ૯ લાભે. ૪ મનના, ૪ વચનના ને ૧ ઉદ્ધારિકનો. તેરમે ગુણઠાણે ૭ જોગ લાભે. બે મનના, બે વચનના, ઉદ્ધારિકનો ૧ ઉદ્ધારિકનો મિશ્ર ૨, કાર્મણ, કાય જોગ ૩ એવં ૭. ચૌદમે ગુણઠાણે જોગ નથી.

અઢારમો ઉપયોગદ્વાર કહે છે.

પહેલે ને ત્રીજે ગુણઠાણે ૬ ઉપયોગ લાભે, ૩ અજ્ઞાન ને ૩ દર્શન. બીજે, ચોથે, પાંચમે ગુણ૦ ૬ ઉપયોગ લાભે, ૩ જ્ઞાન, ૩ દર્શન. છઠ્ઠાથી તે બારમા ગુણઠાણા સુધી ઉપયોગ ૭ લાભે, ૪ જ્ઞાન ને ૩ દર્શન. તેરમે ચૌદમે ગુણઠાણે તથા સિદ્ધમાં ૨ ઉપયોગ–કેવળજ્ઞાન ૧ ને કેવળદર્શન ૨.

ઓગણીશમો લેશાદ્વાર કહે છે.

પહેલાથી તે છઠ્ઠા ગુણઠાણા સુધી ૬ લેશા લાભે, સાતમે ગુણ૦ ઉપલી ૩ લેશા લાભે, આઠમેથી માંડીને બારમા ગુણઠાણા સુધી શુકલલેશા લાભે, તેરમે ગુણઠાણે ૧ પરમ શુકલ લેશા લાભે. ચૌદમે ગુણઠાણે લેશા નથી.

વીશમો ચારિત્રદ્વાર કહે છે.

પહેલાથી તે ચોથા ગુણઠાણા સુધી કોઇ ચારિત્ર નથી. પાંચમે ગુણઠાણે દેશથી સામાયક ચારિત્ર છે. છઠે, સાતમે ગુણઠાણે ૩ ચારિત્ર લાભે, સામાયક ચારિત્ર ૧, છેદોપસ્થાપનીય ચારિત્ર ૨, પરિહારવિશુદ્ધ ચારિત્ર ૩, એ ૩ લાભે. આઠમે, નવમે ગુણઠાણે

૨ ચારિત્ર લાભે, સામાયક ૧, છેદોપસ્થાપનીય ૨. દશમે ગુણ૦ ૧ સુક્ષ્મસંપરાય ચારિત્ર લાભે અગ્યારમેથી તે ચૌદમા ગુણઠાણા સુધી ૧ યથાખ્યાત ચારિત્ર લાભે.

એકવીશમો સમકિતદ્વાર કહે છે.

પહેલે ને ત્રીજે ગુણઠાણે સમકિત નથી. બીજે ગુણ૦ ૧ સાસ્વાદાન સમકિત લાભે. ચોથેથી તે સાતમા ગુણઠાણા સુધી ૪ સમકિત લાભે. ઉપશમ ૧, ક્ષયોપશમ ૨, વેદક ૩, ક્ષાયક સમકિત ૪. આઠમે, નવમે ગુણઠાણે ૩ સમકિત લાભે, ઉપશમ ૧, ક્ષયોપશમ ૨, ક્ષાયક ૩. દશમે, અગીઆરમે ગુણઠાણે ૨ સમકિત લાભે, ઉપશમ ૧, ક્ષાયક ૨. બારમે, તેરમે, ચઉદમે ગુણઠાણે તથા સિદ્ધમાં ૧ ક્ષાયક સમકિત લાભે.

બાવીશમો અલ્પબહુત્વદ્વાર કહે છે.

સર્વથી થોડા અગ્યારમા ગુણઠાણાવાળા, એક સમયે ઉપશમશ્રેણીવાળા ૫૪ જીવ લાભે ૧. તેથી બારમા ગુણઠાણાવાળા સંખેજગુણા, એક સમયે ક્ષપકશ્રેણીવાળા એકસો ને આઠ જીવ લાભે ૨. તેથી આઠમા, નવમા, દશમા ગુણઠાણાવાળા સંખેજ ગુણા. જ૦ બસેં ઉ૦ નવસેં લાભે ૩. તેથી તેરમા ગુણઠાણાવાળા સંખેજગુણા-જઘ૦ બે ક્રોડી, ઉત૦ નવ ક્રોડી લાભે ૪. તેથી સાતમા ગુણઠાણાવાળા સંખેજગુણા, જઘ૦ બસેં ક્રોડી ઉત૦ નવસેં ક્રોડી લાભે ૫. તેથી છઠ્ઠા ગુણઠાણાવાળા સંખેજગુણા, જઘ૦ બે હજાર ક્રોડી ઉત૦ નવ હજાર ક્રોડી લાભે ૬. તેથી પાંચમા ગુણઠાણાવાળા અસંખેજગુણા, તિર્યંચ શ્રાવક ભલ્યા ૭. તેથી બીજા ગુણઠાણાવાળા અસંખેજગુણા, ૪ ગતિમાં લાભે ૮. તેથી ત્રીજા ગુણઠાણાવાળા અસંખેજગુણા ૪ ગતિમાં વિશેષ છે ૯. તેથી ચોથા ગુણઠાણાવાળા અસંખેજગુણા, ઘણી સ્થિતિ છે. ૧૦. તેથી ચૌદમા ગુણઠાણાવાળા ને શ્રી સિદ્ધભગવંતજી અનંતગુણા ૧૧. તેથી પહેલા ગુણઠાણાવાળા અનંતગુણા, એકેંદ્રિય પ્રમુખ સર્વ મિથ્યાદૃષ્ટિ છે તે માટે ૧૨.

ઇતિ ગુણઠાણાના ૨૨ દ્વાર સમાપ્ત.

હવે છ ભાવ કહે છે.

૧ ઉદય ભાવ, ૨ ઉપશમ ભાવ, ૩ ક્ષાયક ભાવ, ૪ ક્ષયોપશમ ભાવ, ૫ પારિણામિક ભાવ, ૬ સન્નિવાઇ ભાવ. ઉદયભાવના ૨ ભેદ—૧ જીવ ઉદયનિષ્પન્ન, ને ૨ અજીવ ઉદયનિષ્પન્ન. જીવ-ઉદયનિષ્પન્નના ૩૩ બોલ પામે. ૪ ગતિ, ૬ કાય, ૬ લેશ્યા, ૪ કષાય, ૩ વેદ, એવં ૨૩ ને ૧ મિથ્યાત્વ, ૨ અજ્ઞાન, ૩ અવિરતિ, ૪ અસંજ્ઞીપણું, ૫ આહારકપણું, ૬ છદ્મસ્થપણું, ૭ સજોગીપણું, ૮ સંસાર પરિયટ્ટણા, ૯ અસિદ્ધ, ૧૦ અકેવળી. એવં ૩૩. અજીવ ઉદયનિષ્પન્નના ૩૦ બોલ પામે, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ શરીર, ૫ શરીરના વ્યાપાર. એવં ૩૦. ઉભય મળીને ૩૩ ને ૩૦ ત્રેશઠ ભેદ ઉદયભાવના કહ્યા.

ઉપશમભાવે ૧૧ બોલ છે-૪ કષાયનો ઉપશમ, ૫ રાગનો ઉપશમ, ૬ દ્વેષનો ઉપશમ, ૭ દર્શનમોહનીયનો ઉપશમ, ૮ ચારિત્રમોહનીયનો ઉપશમ. એવં ૮ મોહનીયની પ્રકૃતિ અને ૯ ઉવસમીયા ઢંસણલદ્ધિ તે સમકિત. ૧૦ ઉવસમીયાચરિત્તલદ્ધિ. ૧૧ ઉવસમીયા અકષાયઉમત્થ વિતરાગલદ્ધિ એવં ૧૧.

ક્ષાયક ભાવે ૩૭ બોલ છે—૫ જ્ઞાનાવરણીયની, ૯ દર્શનાવરણીયની, ૨ વેદનીયની, ૧ રાગની, ૧ દ્વેષની, ૪ કષાયની, ૧ દર્શનમોહનીયની. ૧ ચારિત્રમોહનીયની, ૪ આયુષ્યની, ૨ નામની, ૨ ગોત્રની, ૫ અંતરાયની, એવં ૩૭ પ્રકૃતિને ક્ષય કરે તેહને ક્ષાયક ભાવ કહીયે; તે ૯ બોલ પામે—ક્ષાયક સમકિત, ૨ ક્ષાયક યથાખ્યાત ચારિત્ર, ૩ કેવળજ્ઞાન, ૪ કેવળદર્શન, અને ક્ષાયક દાનાદિક લબ્ધિના ૫ ભેદ એમ ૯.

ક્ષયોપશમ ભાવે ૩૦ બોલ છે-૪ જ્ઞાન પ્રથમ, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૩ દૃષ્ટિ, ૪ ચારિત્ર પ્રથમ, ૧ ચરિત્તાચરિત્તે-તે શ્રાવકપણું પામે, ૧ આચાર્યની પદવી, ૧ ચૌદ પૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ, ૫ ઇંદ્રિયની ૫ લબ્ધિ, ૫ દાનાદિ લબ્ધિ, એવં સર્વ મળી ૩૦ બોલ.

પારિણામિક ભાવના ૨ ભેદ—૧ સાદિપારિણામિક, ૨ અનાદિપારિણામિક. સાદિ વિણશે, અનાદિ વિણશે નહિ. સાદિપારિણા-

મિકના અનેક ભેદ છે, જુનો સુરા-મદિરા, જુનો ગોળ, તંદુલ એ આદિ ૭૩ બોલ ભગવતીની સાખે છે. અનાદિપારિણામિકભાવના ૧૦ બોલ--૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ પુદ્ગલાસ્તિકાય, ૫ જીવાસ્તિકાય, ૬ કાળ, ૭ લોક, ૮ અલોક, ૯ ભવ્ય, ૧૦ અભવ્ય, એવં ૧૦.

સન્નિવાઇ ભાવના ૨૬ ભાંગા-૧૦ દ્વિકસંજોગીના, ૧૦ ત્રિકસંજોગીના, ૫ ચોકસંજોગીના, ૧ પંચસંજોગીનો. એવં ૨૬ ભાંગા. એહનો વિચાર શ્રી અનુયોગદ્વાર સિદ્ધાંતથી જાણવો ૬. ઇતિ.

૧૪ ગુણઠાણા ઉપર ૧૦ ક્ષેપકદ્વાર ઉતારે છે.

૧ હેતુદ્વાર--૨૫ કષાય, ૧૫ જોગ, એવં ૪૦ ને ૬ કાય, ૫ ઇંદ્રિય, ૧ મન એ ૧૨ અવ્રત, એવં ૫૨ ને ૫ મિથ્યાત્વ, એવં ૫૭ હેતુ. પહેલે ગુણઠાણે ૫૫ હેતુ તે આહારકના ૨ વર્જિને ૧. બીજે ગુ૦ ૫૦ હેતુ તે ૫૫ માંથી ૫ મિથ્યાત્વ ટળ્યા ૨. ત્રીજે ગુ૦ ૪૩ હેતુ તે ૫૭ માંથી ચાર અનંતાનુબંધીના, ૧ ઔદારિકનો મિશ્ર, ૧ વૈક્રેયનો મિશ્ર, ૨ આહારકના, ૧ કાર્મણનો, ૫ મિથ્યાત્વના એવં ૧૪ વર્જ્યા. શેષ ૪૩. ૩. ચોથે ગુ૦ ૪૬ હેતુ તે પૂર્વે ૪૩ કહ્યા તે અને ૧ ઔદારિકનો મિશ્ર, ૨ વૈક્રેયનો મિશ્ર, ૩ કાર્મણકાયજોગ, એ ૩ વધ્યા. સર્વ મળીને ૪૬. ૪. પાંચમે ગુ૦ ૪૦ હેતુ તે પૂર્વે ૪૬ કહ્યા તેમાંથી ૪ અપ્રત્યાખ્યાનીની ચોકડી, ૧ ત્રસકાયનો અવ્રત, ૧ કાર્મણકાયજોગ, એવં ૬ ઘટ્યા, શેષ ૪૦ હેતુ. ૫. છઠે ગુ૦ ૨૭ હેતુ, પૂર્વે ૪૦ કહ્યા તેમાંથી ૪ પ્રત્યાખ્યાનાવરણીયની ચોકડી, ૫ સ્થાવરનો અવ્રત, ૫ ઇંદ્રિયનો અવ્રત ને એક મનનો અવ્રત, એવં ૧૫ વર્જ્યા, શેષ ૨૫ રહ્યા ને ૨ આહારકના વધ્યા, એવં સર્વ મળી ૨૭ હેતુ ૬. સાતમે ગુ૦ ૨૪ હેતુ તે પૂર્વે ૨૭ કહ્યા તેમાંથી ૧ ઔદારિક મિશ્ર, ૨ વૈક્રેય મિશ્ર, ૩ આહારક મિશ્ર, એ ૩ વર્જ્યા, શેષ ૨૪ હેતુ. ૭. આઠમે ગુ૦ ૨૨ હેતુ તે પૂર્વે ૨૪ કહ્યા તેમાંથી ૧ વૈક્રેયનો, ૧ આહારકનો, એ બે વર્જ્યા, શેષ ૨૨ હેતુ. ૮. નવમે ગુ૦ ૧૬ હેતુ. તે પૂર્વે ૨૨ કહ્યા તેમાંથી ૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક, ૬ દુગંછા, એ ૬ વર્જ્યા, શેષ ૧૬ હેતુ. ૯. દશમે ગુ૦ ૧૦ હેતુ તે ૯ જોગ ને

૧ સંજલનો લોભ, એવં ૧૦ હેતુ. ૧૦. અગીઆરમે બારમે ગુ૦ ૯ હેતુ તે ૯ જોગ જાણવા. ૧૧, ૧૨; તેરમે ગુ૦ ૭ હેતુ તે ૭ જોગ જાણવા. ચઉદમે ગુ૦ હેતુ નથી.

૨ દંડકદ્વાર—પહેલે ગુ૦ ૨૪ દંડક, બીજે ગુ૦ ૧૯ દંડક તે ૫ સ્થાવરના વર્જ્યા, ત્રીજે ચોથે ગુ૦ ૧૬ દંડક તે ૩ વિકલેંદ્રિય વર્જ્યા, પાંચમે ગુ૦ ૨ દંડક-૧ સંજ્ઞિ મનુષ્ય, ૨ સંજ્ઞિતિર્યંચ. છઠ્ઠાથી તે ચઉદમા ગુણઠાણા સુધી ૧ મનુષ્યનો દંડક.

૩ જીવાજોનીદ્વાર—પહેલે ગુ૦ ૮૪ લાખ જીવાજોની. બીજે ગુ૦ ૩૨ લાખ તે એકેંદ્રિયની વર્જિ. ત્રીજે ચોથે ગુ૦ ૨૬ લાખ જીવાજોની. પાંચમે ગુ૦ ૧૮ લાખ જીવાજોની. છઠ્ઠાથી તે ૧૪ મા ગુણઠાણા સુધી ૧૪ લાખ જીવાજોની.

૪ અંતરદ્વાર—પહેલે ગુ૦ જઘ૦ અંતર્મુહુર્ત ઉત્ક૦ ૬૬ સાગર ઝાઝેરાનું. બીજાથી માંડીને અગ્યારમા ગુણઠાણા સુધી જ૦ અંત૦ અથવા પલ્યનો અસંખ્યાતમો ભાગ એટલા કાલ વિના ઉપશમ શ્રેણી કરવી પડે નહિ. ઉ૦ અર્દ્ધ પુદ્ગલ દેશે ઊણું. બારમે તેરમે ને ચઉદમે ગુણ૦ આંતરૂં નથી. એ એક જીવ આશ્રિ.

૫ ધ્યાનદ્વાર—પહેલે બીજે ત્રીજે ગુણ૦ ૨ ધ્યાન પહેલાં. ચોથે પાંચમે ગુણ૦ ૩ ધ્યાન પહેલાં, છઠે ગુણ૦ ૨ ધ્યાન, ૧ આર્ત્ત ને ૨ ધર્મ. સાતમે ગુણ૦ ૧ ધર્મધ્યાન. આઠમેથી માંડીને ચઉદમા ગુણઠાણા સુધી ૧ શુકલધ્યાન.

૬ સ્પર્શનાદ્વાર—પહેલું ગુણઠાણું ૧૪ રાજલોક સ્પર્શે. બીજું ગુણ૦ હેઠું પંડગવનથી તે ૬ ઠ્ઠી નરક લગે સ્પર્શે તથા ઉંચું અધોગામ વિજયથી તે ૯ ગ્રૈવેયક સુધી સ્પર્શે. ત્રીજું ગુણ૦ લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે. ચોથું ગુણ૦ અધોગામ વિજયથી ૧૨ મા દેવલોક સુધી સ્પર્શે. પાંચમું ગુણ૦ પણ એમજ સ્પર્શે. છઠ્ઠાથી તે અગ્યારમા ગુણઠાણાવાળા અધોગામ વિજયથી ૫ અનુત્તર વિમાન સુધી સ્પર્શે. બારમું ગુણ૦ લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે. તેરમું ગુણ૦ સર્વે લોક સ્પર્શે. ચઉદમું ગુણઠાણું લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે.

૭ તીર્થંકર ગોત્ર, ૪ ગુણઠાણે બાંધે—ચોથે, પાંચમે, છઠે ને સાતમે. શેષ ગુણઠાણે ન બાંધે. તીર્થંકર દેવ ૯ ગુણઠાણા સ્પર્શે તે ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, એ ૯.

૮ ગુણઠાણા ૧૪ માં—૧, ૪, ૫, ૬, ૧૩. એ ૫ શાશ્વતા, શેષ ૯ ગુણઠાણા અશાશ્વતા.

૯ ગુણઠાણા ૧૪ માં-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, એ ૭ ગુણઠાણે ૬ સંઘયણ, આઠમાથી તે ૧૪ મા ગુણઠાણા સુધી એક વજ્રઋષભ નારાચ સંઘયણ.

૧ આર્યાજી, ૨ અવેદિ, ૩ પરિહારવિશુદ્ધ ચારિત્રવંત, ૪ પુલાક લબ્ધિવંત, ૫ અપ્રમાદિ સાધુ, ૬ ચઉદપૂર્વી સાધુ, ૭ આહારક શરીરી, એનું કોઇ દેવતા સાહારણ કરી શકે નહિ.

ઇતિ ક્ષેપકદ્વાર અને ગુણઠાણાદ્વાર સમાપ્ત.

અથ શ્રી મહોટો બાસઠીઓ.

[अनुष्टुपवृत्त]

जीव १ गइ २ इंदिय ३ काए ४ । जोग ५ वेद ६ कसाय ७ लेस्सा ८ ॥ सम्मत ९ नाण १० दंसण ११ । संजय १२ उवओग १३ आहारे १४ ॥ १ ॥ भासग १५ परित १६ पज्जति १७ । सुहुम १८ सन्नि १९ भवत्थि २० चरिमेय २१ ॥ जीवेय-खेत्तबंधे । पुग्गलएमहादंडए चेव ॥ २ ॥

એ બે ગાથાનો વિસ્તાર કહે છે.

૧ જીવદ્વાર.

૧ સમુચ્ચય જીવમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ ગતિદ્વાર.

૧ નરક ગતિમાં—જીવના ભેદ ૩-૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો ને ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો. ગુણઠાણા ૪ પ્રથમ, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૧ વૈક્રેય, ૧ વૈક્રેયનો મિશ્ર, ૧ કાર્મણકાયજોગ, એવં ૧૧. ઉપયોગ નવ-૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશા ૩ પ્રથમ.

૨ તિર્યંચની ગતિમાં—જીવના ભેદ ૧૪, ગુ૦ ૫ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને. ઉપ૦ ૯-૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશા ૬

૩ તિર્યંચણીમાં-જીવના ભેદ ૨—સંજ્ઞીનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો. ગુ૦ ૫ પ્રથમ, જોગ ૧૩, ઉપયોગ ૯—૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશા ૬.

૪ મનુષ્યની ગતિમાં—જીવના ભેદ ૩—૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૫ મનુષ્યાણીમાં-જીવના ભેદ ૨, સંજ્ઞીના. ગુ૦ ૧૪, જોગ ૧૩ આહારકના ૨ વર્જિને, ઉપયોગ ૧૨, લેશા ૬.

૬ દેવતાની ગતિમાં—જીવના ભેદ ૩—૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૪ પહેલા, જોગ ૧૧—૪ મનના, ૪ વચનના, ૨ વૈક્રેયના, ૧ કાર્મણનો. ઉપયોગ ૯, લેશા ૬.

૭ દેવાંગનામાં-જીવના ભેદ ૨ ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો, ગુ૦ ૪ પ્રથમ; જોગ ૧૧—૪ મનના, ૪ વચનના, ૨ વૈક્રેયના ને ૧ કાર્મણનો, ઉપયોગ ૯, લેશા ૪.

૮ સિદ્ધગતિમાં જીવના ભેદ નથી, ગુણઠાણા નથી, જોગ નથી, ઉપયોગ ૨—૧ કેવળજ્ઞાન, ૨ કેવળદર્શન, લેશા નથી.

એ આઠ ભેદનો અલ્પબહુત્વ, સર્વથી થોડી મનુષ્યણી ૧. તેથી મનુષ્ય સમુચ્છિમ ભળતાં અસંખેજ્જગુણા ૨, તેથી નારકી અસંખેજ્જગુણા ૩. તેથી તિર્યંચાણી અસંખેજ્જગુણી ૪ તેથી દેવતા અસંખેજ્જગુણા ૫. તેથી દેવી સંખેજ્જગુણી ૬. તેથી સિદ્ધભગવંત અનંતગુણા ૭. તેથી તિર્યંચ અનંતગુણા ૮.

૩ ઇંદ્રિયદ્વાર.

૨ સઇંદિયામાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ તે ૧ કેવળજ્ઞાન, ૨ કેવળદર્શન એ ૨ વર્જિને, લેશા ૬.

૨ એકેંદ્રિયમાં-જીવના ભેદ ૪—૧ સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો, ૩ બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો, ગુ૦ ૧ પ્રથમ, જોગ ૫, ઉદારિક ૧, ઉદારિકનો મિશ્ર ૨, વૈક્રેય ૩, વૈક્રેયનો-મિશ્ર ૪, કાર્મણ કાયજોગ ૫, ઉપયોગ—૩—૨ અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન; લેશા ૪.

૫ બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨ ચઉરેન્દ્રિય એ ૩ માં—જીવના ભેદ ૨ પોતપોતાનો અપર્યાપ્તો ૧ ને પર્યાપ્તો ૨, ગુ૦ ૨ પહેલા, જોગ ૪—૨ ઉદારિકના, ૧ કાર્મણનો ને ૧ વ્યવહાર વચનનો. ઉપયોગ—બેઇંદ્રિય તેઇંદ્રિયમાં—૪—૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન અને ચઉરેંદ્રિયમાં ૬ તે ૧ ચક્ષુદર્શન વધ્યું, લેશા ૩.

૬ પંચેંદ્રિયમાં—જીવના ભેદ ૪—૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો ને ૪ પર્યાપ્તો, ગુ૦ ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨ એ ૨ વર્જ્યા, લેશા ૬.

૭ અણિંદ્રિયામાં—જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૦ ૨ તેરમું ને ચઉદમું, જોગ ૭–૨ મનના તે સત્ય મન ૧, વ્યવહાર મન ૨, બે વચનના તે સત્ય વચન ૧, વ્યવહાર વચન ૨ અને ઉદ્ધારિકનો ૫, ઉદ્ધારિકનો મિશ્ર ૬, કાર્મણકાયજોગ ૭. ઉપયોગ ૨ કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨. લેશા ૧ શુક્લ.

એનો અલપબહુત્વ,–સર્વથી થોડા પંચેંદ્રિયા ૧, તેથી ચઉરેંદ્રિયા વિશેષાહિયા ૨, તેથી તેઇંદ્રિયા વિશેષાહિયા ૩, તેથી બેઇંદ્રિયા વિશેષાહિયા ૪, તેથી અણિંદ્રિયા અનંતગુણા ૫, તેથી એકેંદ્રિયા અનંતગુણા ૬, તેથી સઇંદ્રિયા વિશેષાહિયા ૭.

૪ કાયા દ્વાર.

૧ સકાયામાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૪ પૃથ્વીકાય ૧, અપકાય ૨, વનસ્પતિકાય ૩ એ ૩ માં–જીવના ભેદ ૪. ગુણ૦ ૧. જોગ ૩, ઉપયોગ ૩, લેશા ૪.

૬ તેઉકાય ૧, વાઉકાય ૨ એ ૨ માં-જીવના ભેદ ૪, ગુ૦ ૧, જોગ-તેઉમાં ૩ ને વાઉમાં ૫ તે ૨ વૈક્રેયના વર્જ્યા, ઉપયોગ ૩, લેશા ૩.

૭ ત્રસકાયમાં જીવના ભેદ ૧૦ તે ૪ એકેંદ્રિયના વર્જ્યા, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૮ અકાયામાં—જીવના ભેદ નથી, ગુણઠાણા નથી, જોગ નથી, ઉપયોગ ૨, લેશા નથી.

એનો અલપબહુત્વ સર્વથી થોડા ત્રસકાયા ૧, તેથી તેઉકાયા અસંખેજ્જગુણા ૨, તેથી પૃથ્વીકાયા વિશેષાહિયા ૩, તેથી અપકાયા વિશેષાહિયા ૪, તેથી વાઉકાયા વિશેષાહિયા ૫, તેથી અકાયા અનંતગુણા ૬, તેથી વનસ્પતિકાયા અનંતગુણા ૭, તેથી સકાયા વિશેષાહિયા ૮.

૫ જોગ દ્વાર.

૧ સજોગીમાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ મનજોગીમાં—જીવનો ભેદ ૧, સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૧૩, જોગ ૧૪ એક કાર્મણનો વર્જિને, ઉપયોગ ૧૨, લેશા ૬.

૩ વચનજોગીમાં—જીવના ભેદ ૫, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, સંજ્ઞીપંચેંદ્રિય ૫ એ ૫ ના પર્યાપ્તા. ગુણઠાણા ૧૩, જોગ ૧૪, કાર્મણ વર્જિને, ઉપયોગ ૧૨, લેશા ૬.

૪ કાયજોગીમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૫ અજોગીમાં—જીવનો ભેદ ૧, સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણ ૧ ચઉદમું, જોગ નહિ, ઉપયોગ ૨ કેવળજ્ઞાન ને કેવળદર્શન, લેશા નથી.

એહનો અલ્પબહુત્વ, સર્વથી થોડા મનજોગી ૧, તેથી વચનજોગી અસંખ્યગુણા ૨, તેથી અજોગી અનંતગુણા ૩, તેથી કાયજોગી અનંતગુણા ૪, તેથી સજોગી વિશેષાહિયા ૫.*

૬ વેદદ્વાર.

૧ સવેદીમાં—જીવના ભેદ ૧૪, ગુણ૦ ૯ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨ વર્જિને. લેશા. ૬.

૩ સ્ત્રી વેદ ૧, પુરૂષવેદ ૨ એ ૨ માં—જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ૯, જોગ પુરૂષવેદમાં ૧૫, અને સ્ત્રીવેદમાં ૧૩ તે ૨ આહારકના વર્જિને, ઉપયોગ ૧૦, લેશા ૬.

૪ નપુંસકવેદમાં—જીવના ભેદ ૧૪, ગુણ૦ ૯, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨, વર્જિને. લેશા. ૬.

૫ અવેદીમાં—જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૦ ૬, નવમાંથી તે ૧૪ મા સુધી, જોગ ૧૧—૪ મનના, ૪ વચનના, ૨ ઉદારિકના ને ૧ કાર્મણનો એવં ૧૧, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જિને, લેશા ૧, શુકલ.

*વિશેષાહિયા=વિશેષ અધિકઃ

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા પુરૂષવેદી ૧, તેથી સ્ત્રી-વેદી સંખેજ્જગુણા ૨, તેથી અવેદી અનંતગુણા ૩. તેથી નપુંસક-વેદી અનંતગુણા ૪, તેથી સવેદી વિશેષાહિયા ૫.

૭ કષાયદ્વાર.

૧ સકષાયીમાં—જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૦ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨ વર્જિને, લેશા ૬.

૪ ક્રોધ ૧, માન ૨, માયા ૩, એ ૩ માં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૯, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશા ૬.

૫ લોભકષાયમાં—જીવન ભેદ ૧૪, ગુણઠાણા ૧૦ પહેલા, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશા ૬.

૬ અકષાયીમાં—જીવનો ભેદ ૧, સંજ્ઞીનો પર્યાપ્તો. ગુણ૦ ૪ ઉપરના, જોગ ૧૧—૪ મનના, ૪ વચનના, ૨ ઉદારિકના, ૧ કાર્મણનો એવં ૧૧, ઉપયોગ ૯—૫ જ્ઞાન, ૪ દર્શન એવં ૯, લેશા ૧.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અકષાયી ૧, તેથી માન-કષાયી અનંતગુણા ૨, તેથી કોહકષાયી વિશેષાહિયા ૩, તેથી માયાકષાયી વિશેષાહિયા ૪, તેથી લોભકષાયી વિશેષાહિયા ૫, તેથી સકષાયી વિશેષાહિયા ૬.

૮ લેશ્યાદ્વાર.

૧ સલેશીમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૪ કૃષ્ણ ૧, નીલ ૨, કાપુત ૩, એ ૩ લેશીમાં—જીવના ભેદ ૧૩, ગુણઠાણા ૬ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, બે કેવળના વર્જ્યા, લેશા પોતપોતાની.

૫ તેજુલેશીમાં—જીવના ભેદ ૩, સંજ્ઞીનો અપર્યાપ્તો ૧, પર્યાપ્તો ૨, બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો ૩, ગુણ૦ ૭ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશા ૧ તેજુ.

૬ પદ્મલેશીમાં જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ૭ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશા ૧ પદ્મ.

૭ શુક્લલેશીમાં—જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ૧૩ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૧ શુક્લ.

૮ અલેશીમાં—જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો. ગુણ૦ ૧ ચઉદમું, જોગ નથી, ઉપયોગ ૨—કેવળજ્ઞાન ૧ ને કેવળદર્શન ૨, લેશા નથી.

એહનો અલ્પબહુત્વ, સર્વથી થોડા શુક્લલેશી ૧, તેથી પદ્મલેશી સંખેજ્જગુણા ૨, તેથી તેજુ લેશી સંખેજ્જગુણા ૩, તેથી અલેશી અનંતગુણા ૪, તેથી કાપુતલેશી અનંતગુણા ૫, તેથી નીલલેશી વિશેષાહિયા ૬, તેથી કૃષ્ણલેશી વિશેષાહિયા ૭, તેથી સલેશી વિશેષાહિયા ૮.

૯ સમકિતદ્વાર.

૧ સમુચ્ચય સમ્યક્તવદૃષ્ટિમાં—જીવના ભેદ ૬, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, એ ૪ ના અપર્યાપ્તા અને સંજ્ઞીપંચેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો એવં ૬, ગુણ૦ ૧૨ પહેલું ત્રીજું વર્જિને, જોગ ૧૫, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જિને, લેશા ૬.

૨ સાસ્વાદાન સમ્યક્તવદૃષ્ટિમાં—જીવના ભેદ ૬. ગુણ૦ બીજું, જોગ ૧૩ આહારકના ૨ વર્જિને, ઉપયોગ ૬—૩ જ્ઞાન, ૩ દર્શન. લેશા ૬.

૩ ઉપશમ સમ્યક્તવદૃષ્ટિમાં—જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ ૮, ચોથાથી ૧૧ મા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૭-૪ જ્ઞાન, ૩ દર્શન. લેશા ૬.

૪ ક્ષયોપશમ ને વેદક સમ્યક્તવદૃષ્ટિમાં—જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ક્ષયોપશમ સમ્યક્તવદૃષ્ટિમાં ૪ થી નવમા સુધી અને વેદકમાં ૪ થી સાતમા સુધી, જોગ ૧૫, ઉપ૦ ૭, લેશા ૬.

૫ ક્ષાયક સમ્ય૦-જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણા ૧૧-ચોથાથી તે ચૌદમા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જિને, લેશા ૬.

૬ મિથ્યાત્વદૃષ્ટિમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧ પ્રથમ, જોગ ૧૩, આહારકના ૨ વર્જિને, ઉપયોગ ૬—૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશા ૬.

૭ સમામિથ્યાત્વ દૃષ્ટિમાં-જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો,

ગુણઠાણું ૧ ત્રીજું, જોગ ૧૦-૪ મનના, ૪ વચનના, ૧ ઉદારિકનો, ૧ વૈક્રેયનો એવં ૧૦, ઉપયોગ ૬, લેશા ૬.

એનો અલપબહુત્વ, સર્વથી થોડા સાસ્વાદાન સમકિતી ૧, તેથી ઉપશમ સમકિતી સંખેજ્જગુણા ૨, તેથી મિશ્રદૃષ્ટિ સંખેજ્જ-ગુણા ૩, તેથી ક્ષયોપશમ સમકિતી સંખેજ્જગુણા, ૪ તેથી વેદક સમકિતી અસંખેજ્જગુણા ૫, તેથી ક્ષાયક સમકિતી અનંતગુણા ૫, તેથી સમુચ્ચય સમકિતી વિશેષાહિયા ૭, તેથી મિથ્યાત્વ દૃષ્ટિ અનંતગુણા ૮.

૧૦ જ્ઞાનદ્વાર

૧ સમુચ્ચયજ્ઞાનીમાં-જીવના ભેદ ૬, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરે-દ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪ એ ૪ ના અપર્યાપ્તા ને સંજ્ઞીના અપર્યાપ્તો ને પર્યાપ્તો એવં ૬, ગુણઠાણા ૧૨ પહેલું ત્રીજું વર્જિને, જોગ ૧૫, ઉપયોગ ૯—૫ જ્ઞાન ને ૪ દર્શન, લેશા ૬.

૩ મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨ એ બેમાં-જીવના ભેદ ૬, ગુણઠાણા ૧૦, પહેલું ત્રીજું તેરમું ચઉદમું વર્જિને, જોગ ૧૫, ઉપયોગ ૭, લેશા ૬.

૪ અવધિજ્ઞાનીમાં-જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણા ૧૦, જોગ ૧૫, ઉપયોગ ૭. લેશા ૬.

૫ મનપર્યવજ્ઞાનીમાં-જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણા ૭ છઠ્ઠાથી બારમા સુધી, જોગ ૧૪ કાર્મણનો વર્જિને, ઉપયોગ ૭, લેશા ૬.

૬ કેવળજ્ઞાનીમાં—જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨, તેરમું ને ચૌદમું, જોગ ૭, ઉપયોગ ૨, લેશા ૧ પરમશુક્લ.

૭ અજ્ઞાનીમાં- જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૨ પહેલું ને ત્રીજું, જોગ ૧૩ આહારકના ૨ વર્જિને, ઉપયોગ ૬-૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશા ૬.

૯ મતિશ્રુત અજ્ઞાનીમાં— જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૨ પહેલું ત્રીજું, જોગ ૧૩, ઉપયોગ ૬, લેશા ૬.

૧૦ વિભંગજ્ઞાનીમાં-જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણા ૨ પહેલું ને ત્રીજું, જોગ ૧૩, ઉપયોગ ૬, લેશા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા મનપર્યવજ્ઞાની ૧, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા ૨, તેથી મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની બાંહોબાંહિ તુલ્ય ને વિશેષાહિયા ૪, તેથી વિભંગ જ્ઞાની અસંખ્યાતગુણા ૫, તેથી કેવળજ્ઞાની અનંતગુણા ૬. તેથી જ્ઞાની વિશેષાહિયા ૭, તેથી મતિશ્રુતઅજ્ઞાની બાંહોબાંહિ તુલ્ય ને અનંતગુણા ૮, તેથી અજ્ઞાની વિશેષાહિયા ૧૦.

૧૧ દર્શનદ્વાર.

૧ ચક્ષુદર્શનમાં–જીવના ભેદ ૬ ચૌરેંદ્રિય ૧. અસંજ્ઞીપંચેંદ્રિય ૨, સંજ્ઞીપંચેંદ્રિય ૩, એ ૩ ના અપર્યાપ્તા ને પર્યાપ્તા. ગુણઠાણા ૧૨ પ્રથમ, જોગ ૧૪ કાર્મણનો વર્જિને, ઉપયોગ ૧૦ કેવળના ૨ વર્જ્યા, લેશા ૬.

૨ અચક્ષુદર્શનીમાં–જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૨, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશા ૬.

૩ અવધિદર્શનીમાં–જીવના ભેદ ૨, ગુણઠાણા ૧૨, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશા ૬.

૪ કેવળદર્શનીમાં—જીવનો ભેદ ૧, ગુણઠાણા ૨ તેરમું, ચૌદમું, જોગ ૭, ઉપયોગ ૨, લેશા ૧

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અવધિદર્શની ૧, તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા ૨, તેથી કેવળદર્શની અનંતગુણા ૩, તેથી અચક્ષુદર્શની અનંતગુણા ૪.

૧૨ સંજયદ્વાર.

૧ સંજતિમાં–જીવનો ભેદ ૧. સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણા ૯, છઠ્ઠાથી તે ૧૪ મા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જિને, લેશા ૬.

૩ સામાયક ૧, છેદોપસ્થાપનીય ૨, એ બે ચારિત્રમાં—જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગણઠાણા ૪, છઠ્ઠાથી ૯ મા સુધી, જોગ ૧૪, કાર્મણનો વર્જિને, ઉપયોગ ૭–૪ જ્ઞાન ને ૩ દર્શન, લેશા ૬.

૪ પરિહારવિશુદ્ધ ચારિત્રમાં–જીવનો ભેદ ૧, ગુણઠાણા ૨, છઠ્ઠું ને સાતમું, જોગ ૯–૪ મનના, ૪ વચનના ને ૧ ઉદારિરિકનો, ઉપયોગ ૭, લેશા ૩ ઉપલી.

૫ સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં-જીવનો ભેદ ૧, ગુણઠાણું ૧ દશમું, જોગ ૯, ઉપયોગ ૭, લેશા ૧ શુક્લ.

૬ યથાખ્યાત ચારિત્રમાં—જીવનો ભેદ ૧, ગુણઠાણા ૪ ઉપલા, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ ઉદારિકના ને ૧ કાર્મણનો, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશા ૧.

૭ સંજતાસંજતિમાં -જીવનો ભેદ ૧, ગુણઠાણા ૧ પાંચમું, જોગ ૧૨, આહારકના ૨ ને ૧ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૬, ૩ જ્ઞાન ને ૩ દર્શન, લેશા ૬.

૮ અસંજતિમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૪ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૯-૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશા ૬,

૯ નો સંજતિ, નો અસંજતિ, નો સંજતા-સંજતિમાં—જીવનો ભેદ ૦, ગુણ ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા સૂક્ષ્મસંપરાય ચારિત્રિયા ૧, તેથી પરિહારવિશુદ્ધ ચારિત્રિયા સંખેજ્જગુણા ૨, તેથી યથાખ્યાત ચારિત્રિયા સંખેજ્જગુણા ૩, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રિયા સંખેજ્જગુણા ૪, તેથી સામાયક ચારિત્રિયા સંખેજગુણા ૫, તેથી સંજતી વિશેષાહિયા ૬, તેથી સંજતા-સંજતિ અસંખ્યાતગુણા ૭, તેથી નોસંજતિ, નોઅસંજતિ, નોસંજતાસંજતિ અનંતગુણા ૮, તેથી અસંજતિ અનંતગુણા ૯.

૧૩ ઉવઓગદ્વાર.

૧ સાગારોવઉત્તામાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ અણાગારોવઉત્તામાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, દશમું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અણાગારોવઉત્તા ૧, તેથી સાગારોવઉત્તા સંખેજ્જગુણા ૨.

૧૪ આહારદ્વાર.

૧ આહારકમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩ પહેલા, જોગ ૧૪, કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ અણાહારકમાં—જીવના ભેદ ૮, સાત અપર્યાપ્તા ને ૧ સંજ્ઞીના પર્યાપ્તો, ગુણ૦ ૫-પહેલું, બીજું, ચોથું, તેરમું ને ચૌદમું એ ૫, જોગ ૧ કાર્મણનો. ઉપયોગ ૧૦ મનપર્યવજ્ઞાન ૧ ને ચક્ષુ દર્શન ૨, એ વર્જિને, લેશા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અણાહારક ૧, તેથી આહારક અસંખેજ્જગુણા ૨

૧૫ ભાસગદ્વાર.

૧ ભાસગામાં—જીવના ભેદ ૫. બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, સંજ્ઞીપંચેંદ્રિય ૫, એ ૫ ના પર્યાપ્તા, ગુણઠાણા ૧૩ પ્રથમ, જોગ ૧૪ કાર્મણનો વર્જિને, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ અભાસગામાં—જીવના ભેદ ૧૦, તે ૧૪ માંથી બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞિપંચેંદ્રિય ૪, એ ૪ વર્જ્યા, ગુણ૦ ૫ તે પહેલું ૧, બીજું ૨, ચોથું ૩, તેરમું ૪, ચૌદમું ૫, જોગ ૫ તે ૨ ઉદારિકના, ૨ વૈક્રેયના ને કાર્મણનો; ઉપયોગ ૧૧ તે મનપર્યવજ્ઞાન નહિ, લેશા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા ભાસગા ૧, ને તેથી અભાસગા અનંતગુણા ૨.

૧૬ પરિત્તદ્વાર.

૧ પરિત્તસંસારીમાં—જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ અપરિત્તસંસારીમાં--જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પહેલું, જોગ ૧૩ આહારકના ૨ વર્જિને, ઉપયોગ ૬—અજ્ઞાન ૩, દર્શન ૩, લેશા ૬.

૩ નોપરિત્ત નોઅપરિત્તમાં-જીવના ભેદ ૦, ગુણ૦ ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા પરિત્ત ૧, તેથી નોપરિત્તનો અપરિત્ત અનંતગુણા ૨, તેથી અપરિત્ત અનંતગુણા ૩.

૧૭ પર્યાપ્તાદ્વાર.

૧ પર્યાપ્તામાં—જીવના ભેદ ૭, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ અપર્યાપ્તામાં-જીવના ભેદ ૭, ગુણ૦ ૩ તે પહેલું, બીજું ને ચોથું, જોગ ૫ તે ૨ ઉદારિકના. ૨ વૈક્રેયના ને ૧ કાર્મણનો, ઉપ૦ ૯-૩-જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, એવં ૯, લેશા ૬.
૩ નોપર્યાપ્તા નોઅપર્યાપ્તામાં—જીવના ભેદ ૦, ગુણ૦ ૦, જોગ નથી, ઉપ૦ ૨, લેશા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા ૧, તેથી અપર્યાપ્તા અનંતગુણા ૨, તેથી પર્યાપ્તા સંખેજ્જગુણા ૩.

૧૮ સૂક્ષ્મદ્વાર.

૧ સૂક્ષ્મમાં-જીવના ભેદ ૨, સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો ૧ ને પર્યાપ્તો ૨, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૩—બે ઉદારિકના ૧ કાર્મણનો, ઉપ૦ ૩-બે અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન. લેશા ૩.
૨ બાદરમાં - જીવના ભેદ ૧૨ તે ૨ સૂક્ષ્મના વર્જ્યા, ગુણ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.
૩ નો સૂક્ષ્મ, નો બાદરમાં-જીવના ભેદ ૦, ગુણ૦, ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા નોસૂક્ષ્મ નોબાદર ૧, તેથી બાદર અનંતગુણા ૨, તેથી સૂક્ષ્મ અસંખેજ્જગુણા ૩.

૧૯ સંજ્ઞીદ્વાર.

૧ સંજ્ઞીમાં—જીવના ભેદ ૨, ગુણઠાણા ૧૨ પહેલાં, જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળના ૨ વર્જ્યા, લેશા ૬.
૨ અસંજ્ઞીમાં—જીવના ભેદ ૧૨ તે ૨ સંજ્ઞીના વર્જ્યા, ગુણ૦ ૨ પ્રથમ, જોગ ૬—૨ ઉદારિકના, ૨ વૈક્રેયના, ૧ કાર્મણનો, ૧ વ્યવહાર વચનનો એવં ૬, ઉપ૦ ૬-૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન એવં ૬, લેશા ૪ પ્રથમ.
૩ નોસંજ્ઞી નોઅસંજ્ઞીમાં-જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨ તેરમું ચઉદમું, જોગ ૭. ઉપ૦ ૨, લેશા ૧ પરમ શુકલ.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા સંજ્ઞી ૧, તેથી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી અનંતગુણા ૨, તેથી અસંજ્ઞી અનંતગુણા ૩.

૨૦ ભવ્યઅભવ્યદ્વાર.

૧ ભવ્યમાં-જીવના ભેદ ૧૪, ગુણઠાણા૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ અભવ્યમાં-જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬, લેશા ૬.

૩ નોભવ્ય નોઅભવ્યમાં—જીવના ભેદ ૦, ગુણ૦-૦, જોગ ૦ નથી, ઉપયોગ ૨, લેશા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અભવ્ય ૧, તેથી નોભવ્ય નોઅભવ્ય અનંતગુણા ૨, તેથી ભવ્ય અનંતગુણા ૩.

૨૧ ચરમદ્વાર.

૧ ચરમમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ અચરમમાં—જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૯, લેશા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અચરમ ૧, તેથી ચરમ અનંતગુણા ૨.

૧ સમુચ્ચય કેવલીમાં—જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુ૦ ૧૧ ઉપલા, જોગ ૧૫, ઉપયોગ ૯—૩ અજ્ઞાન વર્જીને, લેશા ૬.

૨ વીતરાગીમાં—જીવનો ભેદ ૧, ગુ૦ ૪, તે બારમાથી ચૌદમા સુધી, જોગ ૧૧, ઉપયોગ ૯, લેશા ૧.

૩ જુગલિયામાં—જીવના ભેદ ૨, સંજ્ઞીના, ગુ૦ પહેલું ને ચોથું, જોગ ૧૧ તે ૪ મનના, ૪ વચનના, ૨ ઉદારીકના ને ૧ કાર્મણનો એવં ૧૧, ઉપ૦ ૬—બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન એવં ૬, લેશા ૪ પ્રથમ.

૪ અસંજ્ઞી તિર્યંચમાં—જીવના ભેદ ૨, ગુ૦ ૨ પ્રથમ, જોગ ૪ તે ૨ ઉદારિકના, ૧ કાર્મણનો ને ૧ વ્યવહાર વચનનો એવં ૪, ઉપયોગ ૬ તે ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ૨ દર્શન, લેશા ૩ પ્રથમ.

૫ સમુર્ચ્છિમ મનુષ્યમાં—જીવનો ભેદ ૧, ગુ૦ ૧ પહેલું જોગ ૩ તે ૨ ઉદારિકના ને ૧ કાર્મણનો, ઉપયોગ ૪ તે ૨ અજ્ઞાન ને ૨ દર્શન, લેશા ૩.

એહનો અલ્પબહુત્વ, સર્વથી થોડા જુગલીયા ૧, તેથી સમુચ્છીમ મનુષ્ય અસંખેજ્જગુણા ૨, તેથી અસંજ્ઞી તિર્યંચ અસંખેજ્જગુણા ૩, તેથી વિતરાગી અનંતગુણા ૪, તેથી સમુચ્ચય કેવળી વિશેષાહિયા ૫.

૧ ઉદારિક શરીરમાં—જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

૨ વૈક્રેય શરીરમાં—જીવના ભેદ ૪ તે ૨ સંજ્ઞીના ને ૧ અસંજ્ઞી તિર્યંચનો અપર્યાપ્તો અને ૧ બાદર વાઉકાયનો પર્યાપ્તો એવં ૪, ગુણ૦ ૭ પ્રથમ, જોગ ૧૨ તે ૨ આહારકના ને ૧ કાર્મણનો એ ૩ વર્જ્યા, ઉપયોગ ૧૦ તે ૨ કેવળના વર્જ્યા, લેશા ૬.

૩ આહારક શરીરમાં—જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨ છઠું ને સાતમું, જોગ ૧૨ તે ૨ વૈક્રેયના ને ૧ કાર્મણનો એ ૩ વર્જ્યા, ઉપ૦ ૭ તે ૪ જ્ઞાન ને ૩ દર્શન, લેશા ૬.

૫ તેજસ, કાર્મણ શરીરમાં—જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશા ૬.

એહનો અલ્પબહુત્વ, સર્વથી થોડા આહારક શરીરી ૧, તેથી વૈક્રેય શરીરી અસંખ્યાતગુણા ૨, તેથી ઉદારિક શરીરી અસંખ્યાતગુણા ૩, તેથી તેજસ કાર્મણ શરીરી બાંહોબાંહિ તુલ્ય ને અનંતગુણા ૪-૫. ઇતિ મહોટા બાસઠીઓ સમાપ્ત.

અથ શ્રી ચાર કષાયનો થોકડો.

શ્રી પન્નવણાજી સૂત્ર પદ ચૌદમે કષાયનો વર્ણવ ચાલ્યો છે. કષાય ૧૬ પ્રકારે કહી છે—૧. પોતાને માટે, ૨. પરને માટે, ૩. તદુભયા કહેતાં બન્ને માટે, ૪. ખેત કહેતાં ઉઘાડી જમીનને માટે, ૫. વથ્થુ કહેતાં ઢાંકી જમીનને માટે, ૬. શરીર માટે, ૭. ઉપધિને માટે, ૮. નિરર્થકપણે, ૯. જાણતાં, ૧૦ અજાણતાં, ૧૧. ઉપશાંતપણે, ૧૨. અણુપશાંતપણે, ૧૩. અનંતાનુબંધી ક્રોધ, ૧૪. અપ્રત્યાખ્યાની ક્રોધ, ૧૫. પ્રત્યાખ્યાની ક્રોધ, ૧૬. સંજલનો ક્રોધ, એવં ૧૬. તે ૧૬ સમુચ્ચય જીવઆશ્રી અને ચોવીશ દંડક આશ્રી એમ ૨૫ ને ૧૬ સોલે ગુણતાં ૪૦૦ થયા. હવે કષાયનાં દ્રવ્યીયા કહે છે—ચણ્ણીઆ, ઉપચણ્ણીઆ, બાંધ્યા, વેદ્યા, ઉદીરીયા, નિર્જર્યા એવં છ. તે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ આશ્રી એમ ૬ ને ૩ ત્રણે ગુણતાં ૧૮ થાય. તે એક જીવ આશ્રી અને ૧૮ બહુ જીવ આશ્રી એવં ૩૬ થાય તે સમુચ્ચય જીવ આશ્રી, અને ચોવીશ દંડક આશ્રી, એમ ૩૬ ને ૨૫ સે ગુણતાં ૯૦૦ થાય. અને ૪૦૦ ઉપર કહ્યા તે મળી કુલ ૧૩૦૦ ક્રોધના, ૧૩૦૦ માનના, ૧૩૦૦ માયાના અને ૧૩૦૦ લોભના, એવં સર્વ મળી ૫૨૦૦ થાય.

શ્રી અઠ્ઠાણું બોલનો અલ્પ બહુત્વદ્વાર.

૧ સર્વથી થોડા ગર્ભજ મનુષ્ય.
૨ મનુષ્યાણી સંખેજ્જગુણી
૩ બાદર તેઉકાયના પર્યાપ્તા અસંખેજ્જગુણા.
૪ અનુત્તર વિમાનના દેવતા અ૦
૫ ઉપલી ત્રિકના દેવતા સં૦
૬ મધ્યમ ત્રિકના દેવતા સં૦
૭ હેઠલી ત્રિકના દેવતા સં૦
૮ બારમા દેવલોકના દેવતા સં૦
૯ અગિયારમા દેવ૦ દેવતા સં૦
૧૦ દશમા દેવલોકના દેવતા સં૦
૧૧ નવમા દેવલોકના દેવતા સં૦
૧૨ સાતમી નરકના નારકી અસં૦
૧૩ છઠ્ઠી નરકના નારકી અસં૦
૧૪ આઠમા દેવ૦ દેવતા અસં૦
૧૫ સાતમા દેવ૦ દેવતા અસં૦
૧૬ પાંચમી નરકના નારકી અસં૦
૧૭ છઠ્ઠા દેવલોકના દેવતા અસં૦
૧૮ ચોથી નરકના નારકી અસં૦
૧૯ પાંચમા દેવ૦ દેવતા અસં૦
૨૦ ત્રીજી નરકના નારકી અસં૦
૨૧ ચોથા દેવ૦ દેવતા અસં૦
૨૨ ત્રીજા દેવ૦ દેવતા અસં૦
૨૩ બીજી નરકના નારકી અસં૦
૨૪ સમુર્ચ્છિમ મનુષ્ય અસં૦
૨૫ બીજા દેવ૦ દેવતા અસં૦
૨૬ બીજા દેવલોકની દેવી સં૦
૨૭ પહેલા દેવલોકના દેવતા સં૦
૨૮ પહેલા દેવલોકની દેવી સં૦
૨૯ ભવનપતિ દેવતા અસં૦
૩૦ ભવનપતિની દેવી સં૦
૩૧ પહેલી નરકના નારકી અસં૦
૩૨ ખેચર પુરૂષ અસં૦
૩૩ ખેચરની સ્ત્રી સં૦
૩૪ થળચર પુરૂષ સં૦
૩૫ થળચર સ્ત્રી સં૦
૩૬ જળચર પુરૂષ સં૦
૩૭ જળચર સ્ત્રી સં૦
૩૮ વ્યંતર દેવતા સં૦
૩૯ વ્યંતર દેવી સં૦
૪૦ જ્યોતિષી દેવતા સં૦
૪૧ જ્યોતિષીની દેવી સં૦
૪૨ ખેચર નપુંસક સં૦
૪૩ થળચર નપુંસક સં૦
૪૪ જળચર નપુંસક સં૦
૪૫ ચઉરેંદ્રિય પર્યાપ્તા સં૦
૪૬ પંચેંદ્રિય પર્યા૦ વિશેષાહીયા
૪૭ બેઇંદ્રિય પર્યા૦ વિશેષાહીયા
૪૮ તેઇંદ્રિય પર્યા૦ વિ૦
૪૯ પંચેંદ્રિય અપ૦ અસં૦
૫૦ ચઉરેંદ્રિય અપ૦ અસં૦
૫૧ તેઇંદ્રિય અપ૦ વિ૦
૫૨ બેઇંદ્રિય અપ૦ વિ૦
૫૩ પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ૫૦ અસં૦
૫૪ બાદર નિગોદીયા ૫૦ અસં૦

૫૫ પુઢવિકાયા ૫૦ અસં૦
૫૬ બાદર અપકાયા ૫૦ અસં૦
૫૭ બાદર વાઉકાયા ૫૦ અસં૦
૫૮ બાદર તેઉકાયા ૫૦ અસં૦
૫૯ બાદર પ્રત્યેક શરીરી વનસ્પતિ અપ૦ અસં૦
૬૦ બા૦નિગોદીયા અપ૦ અસં૦
૬૧ બાદર પુઢવી૦ અપ૦ અસં૦
૬૨ બા૦ અપકાય અપ૦ અસં૦
૬૩ બાદર વાઉ૦ અપ૦ અસં૦
૬૪ સૂક્ષ્મ તેઉ૦ અપ૦ અસં૦
૬૫ સૂક્ષ્મ પુઢવી૦ અપ૦ અસં૦
૬૬ સૂક્ષ્મ અપ૦ અપ૦ વિ૦
૬૭ સૂક્ષ્મ વાઉ૦ અપ૦ વિ૦
૬૮ સૂક્ષ્મ તેઉ૦ ૫૦ સં૦
૬૯ સૂક્ષ્મ પુઢવી૦ ૫૦ સં૦
૭૦ સૂક્ષ્મ અપ૦ ૫૦ વિ૦
૭૧ સૂક્ષ્મ વાઉ૦ ૫૦ વિ૦
૭૨ સૂક્ષ્મ નિગોદીયા અપ૦ અસં૦
૭૩ સૂક્ષ્મ નિગોદીયા ૫૦ સં૦
૭૪ અભવ્ય અનંતગુણા.
૭૫ પડિવાઇ સમદિઠી અનં૦
૭૬ સિદ્ધ ભગવંતજી અનં૦
૭૭ બાદર વનસ્પતિ ૫૦ અનં૦
૭૮ બાદર ૫૦ વિ૦
૭૯ બા૦ વનસ્પતિ અપ૦ અસં૦
૮૦ બાદર અપ૦ વિ૦
૮૧ સમુચ્ચય બાદર વિ૦
૮૨ સૂક્ષ્મ વનસ્પતિ અપ૦ અસં૦
૮૩ સૂક્ષ્મ અપ૦ વિ૦
૮૪ સૂક્ષ્મ વનસ્પતિ ૫૦ સં૦
૮૫ સૂક્ષ્મ ૫૦ વિ૦
૮૬ સમુચ્ચય સૂક્ષ્મ વિ૦
૮૭ ભવ્ય સિદ્ધીયા વિ૦
૮૮ નિગોદીયા જીવ વિ૦
૮૯ વનસ્પતિ જીવ વિ૦
૯૦ એકેંદ્રિયા જીવ વિ૦
૯૧ તિર્યંચ જીવ વિ૦
૯૨ મિથ્યાદૃષ્ટિ જીવ વિ૦
૯૩ અવિરતિ જીવ વિ૦
૯૪ સકષાયા જીવ વિ૦
૯૫ છઉમત્થા જીવ વિ૦
૯૬ સજોગી જીવ વિ૦
૯૭ સંસારત્થા જીવ વિ૦
૯૮ સવ્વ જીવ વિ૦

ઇતિ શ્રી અઠ્ઠાણું બોલનો અલ્પબહુત્વ સંપૂર્ણ.

અથ શ્રી ચોવીશ જિનાંતરાં.



૧ અઢાર ક્રોડાક્રોડ સાગરને આંતરે પહેલા શ્રી આદિનાથ તીર્થંકર વનીતા નગરીને વિષે થયા. નાભિરાજા પિતા, મરૂદેવી રાણી માતા, હેમવર્ણે, વૃષભ લંછન, પાંચસેં ધનુષ દેહિમાન, ચોરાશી લાખ પૂર્વનું આયુષ, વીશ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ત્રેસઠ લાખ પૂર્વ રાજ્ય પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી એક હજાર વર્ષે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણિની પેટી આપીને, ત્રીજા આરાના ત્રણ વર્ષ ને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે મહા વદ તેરશને દહાડે દશ હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૨. પહેલા શ્રી આદિનાથ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી પચાસ લાખ ક્રોડ સાગરને આંતરે બીજા અજિતનાથ તીર્થંકર અયોધ્યા નગરીને વિષે થયા. જિતશત્રુ રાજા પિતા, વિજયાદેવી રાણી માતા, હેમવર્ણે, ગજ કહેતાં હસ્તિનું લંછન, સાડા ચારસે ધનુષનું દેહિમાન, બહોંતેર લાખ પૂર્વનું આયુષ, અઢાર લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ત્રેપન લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી બાર વર્ષે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ-તીર્થ સ્થાપીને, દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૩. બીજા અજિતનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી ત્રીશ લાખ ક્રોડ સાગરને આંતરે ત્રીજા સંભવનાથ તીર્થંકર સાવથ્થી નગરીને વિષે થયા. જિતારિ રાજા પિતા, સૈન્યાદેવી રાણી માતા, હેમવર્ણે, અશ્વ કહેતાં ઘોડાનું લંછન, ચારસેં ધનુષનું દેહિમાન, સાઠ લાખ પૂર્વનું આયુષ, પંદર લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ચુમ્માલીશ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વ પ્રવજ્યા પાળી. પ્રવજ્યા લીધા પછી ચઉદ વર્ષે કેવળજ્ઞાન ઉપન્યું-સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી

ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૪. ત્રીજા સંભવનાથ તીર્થંકર મોક્ષે પહોંચ્યા પછી દશ લાખ ક્રોડ સાગરોપમને આંતરે ચોથા અભિનંદન તીર્થંકર વિનીતા નગરીને વિષે થયા. સંવર રાજા પિતા, સિદ્ધાર્થા રાણી માતા, હેમવર્ણે, વાનરનું લંછન, સાડાત્રણસેં ધનુષનું દેહિમાન, પચ્ચાસ લાખ પૂર્વનું આયુષ, તેમાં સાડાબાર લાખ પૂર્વ કુંવરપણે રહ્યા. સાડીછત્રીસ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી અઢાર વર્ષે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ-તીર્થ સ્થાપી, દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૫. ચોથા અભિનંદન તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી નવ લાખ ક્રોડ સાગરને આંતરે પાંચમા સુમતિનાથ તીર્થંકર કુશલપુરી નગરીને વિષે થયા. મેઘરથ રાજા પિતા, સુમંગલા દેવી રાણી માતા, હેમવર્ણે, ક્રૌંચ પંખીનું લંછન, ત્રણસેં ધનુષનું દેહિમાન, ચાળીશ લાખ પૂર્વનું આયુષ, તેમાં દશ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ઓગણત્રીશ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી વીશ વર્ષે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ, ચતુર્વિધ સંઘતીર્થ સ્થાપીને, દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા.

૬. પાંચમા સુમતિનાથ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી નેવું હજાર ક્રોડ સાગરને આંતરે છઠ્ઠા પદ્મપ્રભુ તીર્થંકર કૌસંબી નગરીને વિષે થયા. શ્રીધર રાજા પિતા, સુસિમા દેવી રાણી માતા, રાતે વર્ણે, પદ્મકમળનું લંછન, અઢીસો ધનુષનું દેહિમાન, ત્રીશ લાખ પૂર્વનું આયુષ, સાડાસાત લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, સાડીએકવીશ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા લીધા પછી છઠે મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘતીર્થ સ્થાપીને, દ્વાદશાંગા ગણીની પેટી આપીને ત્રહુંતેર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા.

૭. છઠ્ઠા શ્રીપદ્મપ્રભુ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી નવ હજાર ક્રોડ સાગરને આંતરે સાતમા સુપાર્શ્વનાથ તીર્થંકર વણારસી નગરને વિષે થયા. પ્રતિષ્ઠ રાજા પિતા, પૃથ્વી દેવી રાણી માતા, હેમવર્ણ, સાથીયાનું લંછન, બસેં ધનુષનું દેહિમાન, વીશ લાખ પૂર્વનું આયુષ, તેમાં પાંચ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ચઉદ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી નવ માસે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ, ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને, દ્વાદશાંગી ગણીની પેટી આપીને પાંચસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા.

૮. સાતમા શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી નવસેં ક્રોડ સાગરને આંતરે આઠમા ચંદ્રપ્રભ તીર્થંકર ચંદ્રનપુરી નગરીને વિષે થયા. મહાસેન રાજા પિતા, લક્ષ્મણા દેવી રાણી માતા, ઉજ્જવલ વર્ણે, ચંદ્રમાનું લંછન, દોઢસો ધનુષનું દેહિમાન, દશ લાખ પૂર્વનું આયુષ્ય, તેમાં અઢીલાખ પૂર્વ કુંવરપણે રહ્યા, સાડાછ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વ પ્રવજ્યા પાળી. પ્રવજ્યા લીધા પછી છઠે મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૯. આઠમા શ્રી ચંદ્રપ્રભ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી નેવું ક્રોડ સાગરને આંતરે નવમા શ્રીસુવિધિનાથ તિર્થંકર કાકંદી નગરીને વિષે થયા. સુગ્રીવ રાજા પિતા, રમાદેવી રાણી માતા, ઉજ્જવલ વર્ણે, મગરમચ્છનું લંછન, સો ધનુષનું દેહિમાન, બે લાખ પૂર્વનું આયુષ-તેમાં અર્ધ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, અર્ધ લાખ પૂર્વ રાજ પાળ્યું, એક લાખ પૂર્વ પ્રવજ્યા પાળી. પ્રવજ્યા લીધા પછી ચાર મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ મોક્ષ પધાર્યા.

૧૦. નવમા શ્રીસુવિધિનાથ તીર્થંકર નિર્વાણ મોક્ષ પહોંચ્યા પછી નવ ક્રોડ સાગરને આંતરે દશમા શ્રી શીતળનાથ તીર્થંકર

ભદ્દીલપુર નગરીને વિષે થયા. દૃઢરથ રાજા પિતા, નંદાદેવી રાણી માતા, હેમવર્ણ, શ્રીવત્સ સાથીયાનું લંછન, નેવું ધનુષનું દેહિમાન, એક લાખ પૂર્વનું આયુષ-તેમાં પાલાખપૂર્વ કુંવરપણે રહ્યા, અર્ધલાખ પૂર્વ રાજ પાળ્યું, પાલાખ પૂર્વની પ્રવજ્યા પાળી. પ્રવજ્યા લીધા પછી ત્રણ માસે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૧. દશમા શ્રી શીતળનાથ તીર્થંકર નિર્વાણ પહોંચ્યા પછી એક ક્રોડ સાગરમાં એકસો સાગર, છાસઠ લાખ, છવિશ હજાર વરસને ઉણે આંતરે, અગ્યારમા શ્રેયાંસનાથ તીર્થંકર સિંહપુરી નગરીને વિષે થયા. વિષ્ણુ રાજા પિતા અને વિષ્ણુ દેવી રાણી માતા, હેમવર્ણ, ગેંડાનું લંછન, એંસી ધનુષનું દેહિમાન, ચોરાસી લાખ વરસનું આયુષ-તેમાં ૨૧ લાખ વરસ કુંવરપણે રહ્યા, ૪૨ લાખ વરસ રાજ પાળ્યું, ૨૧ લાખ વરસની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી બે માસે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૨. અગ્યારમા શ્રી શ્રેયાંસનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી ૫૪ સાગરને આંતરે, બારમા શ્રી વાસુપૂજ્ય તીર્થંકર ચંપાપુરી નગરીને વિષે થયા, વાસુપૂજ્ય રાજાપિતા, જયાદેવી રાણી માતા, રાતે વર્ણ, ભેંસનું લંછન, સિત્તેર ધનુષનું દેહિમાન, બોહોતેર લાખ વરસનું આયુષ-તેમાં અઢાર લાખ વરસ કુંવરપણે રહ્યા, ચોપનલાખ વરસની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી એક માસે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને છસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૩. બારમા શ્રી વાસુપૂજ્ય તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી ત્રીશ સાગરને આંતરે તેરમા શ્રી વિમળનાથ તીર્થંકર કંપીલપુર નગરને વિષે થયા. કૃતવર્મા રાજા પિતા, શ્યામાદેવી રાણી માતા, હેમવર્ણ, સુયરનું લંછન, સાઠ ધનુષનું દેહીમાન, સાઠ લાખ વરસનું આયુષ, તેમાં પંદર લાખ વરસ કુંવરપણે રહ્યા,

ત્રીશ લાખ વરસ રાજ્ય પાળ્યું, ૧૫ લાખ વરસની પ્રવજ્યા પાળી. પ્રવજ્યા લીધા પછી બે મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ-તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને ૬૦૦ સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૪. તેરમા શ્રી વિમળનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી નવ સાગરને આંતરે ચઉદમા અનંતનાથ તીર્થંકર અયોધ્યા નગરીને વિષે થયા. સિંહસેન રાજા પિતા, સુયશાદેવી રાણી માતા, હેમવર્ણ, સકરાનું લંછન, પચાસ ધનુષનું દેહિમાન, ૩૦ લાખ વરસનું આયુષ, તેમાં સાડાસાત લાખ વરસ કુંવરપણે રહ્યા, પંદર લાખ વરસ રાજ પાળ્યું, સાડાસાત લાખ વરસની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી ૩ મહિને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને સાતસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૫. ચઉદમા શ્રી અનંતનાથ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી ચાર સાગરને આંતરે પંદરમા ધર્મનાથ તીર્થંકર રત્નપુરી નગરીને વિષે થયા. ભાનુ રાજા પિતા, સુવ્રતાદેવી રાણી માતા, હેમવર્ણ, વજ્રનું લંછન, પિસ્તાલિશ ધનુષનું દેહિમાન, દશ લાખ વર્ષનું આયુષ, તેમાં અઢી લાખ વર્ષ કુંવરપણે રહ્યા, સાડા છ લાખ વરસ રાજ પાળ્યું, એક લાખ વર્ષની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી બે મહિને કેવળજ્ઞાન પામ્યા. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને આઠસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૬. પંદરમા શ્રી ધર્મનાથ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી ત્રણ સાગર તેમાં પોણાપલ્યને ઉણ આંતરે સોળમા શ્રી શાંતિનાથ તીર્થંકર હસ્તીનાગપુર નગરને વિષે થયા. વિશ્વસેન રાજા પિતા, અચિરાદેવી રાણી માતા, હેમવર્ણ, મૃગનું લંછન, ચાળીસ ધનુષનું દેહિમાન, એક લાખ વરસનું આયુષ, તેમાં પા લાખ વર્ષ કુંવરપણે રહ્યા, અર્ધ લાખ વરસ રાજ પાળ્યું, પા

લાખ વરસની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી એક મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને નવસેં સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૭. સોળમા શ્રી શાંતિનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી અર્દ્ધ પલ્યને આંતરે સત્તરમા શ્રી કુંથુનાથ તીર્થંકર ગજપુરનગરીને વિષે થયા. સુરરાજા પિતા, સુરાદેવી રાણી માતા, હેમવર્ણ, છગલ કહેતાં બોકડાનું લંછન, પાંત્રીશ ધનુષનું દેહિમાન, પંચાણું હજાર વરસનું આયુષ, તેમાં પોણો ચોવીશ હજાર વરસ કુંવરપણે રહ્યા, પોણો ચોવીશ હજાર વરસ રાજ પાળ્યું, પોણો ચોવીશ હજાર વરસ ચક્રવર્ત્તીની પદવી ભોગવી. પોણો ચોવીશ હજાર વરસની પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી સોળ મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પધાર્યા.

૧૮. સત્તરમા શ્રી કુંથુનાથ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી પા પલ્યમાંથી એક ક્રોડ ૧ હજાર વર્ષને ઉણે આંતરે ૧૮ મા શ્રી અરનાથ તીર્થંકર નાગપુર નગરીને વિષે થયા. સુદર્શન રાજા પિતા, દેવકીદેવી રાણી માતા, હેમવર્ણ, નંદાવર્ત્ત સાથીયાનું લંછન, ત્રીસ ધનુષનું દેહિમાન, ચોરાશી હજાર વરસનું આયુષ, તેમાં ૨૧ હજાર વરસ કુંવરપણે રહ્યા, ૨૧ હજાર વર્ષ રાજ્ય પાળ્યું. ૨૧ હજાર વર્ષ ચક્રવર્ત્તીની પદવી ભોગવી, ૨૧ હજાર વર્ષ પ્રવજ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી ત્રણ મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ-તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૧૯. અઢારમા અરનાથ તીર્થંકર નિર્વાણ-મોક્ષ પહોંચ્યા પછી એક ક્રોડ ને એક હજાર વરસને આંતરે ૧૯ મા મલ્લિનાથ તીર્થંકર મિથિલા નગરીને વિષે થયા. કુંભ રાજા પિતા, પ્રભાવતી રાણી માતા, નીલેવર્ણ, કળશાનું લંછન, પચ્ચીશ ધનુષનું દેહિમાન, પંચાવન હજાર વર્ષનું આયુષ, તેમાં સો વરસ કુંવરપણે

રહ્યા, બાકી પ્રવર્જ્યા પાળી, પ્રવજ્યા લીધા પછી ત્રીજે પહોરે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકારૂપ ચતુર્વિધ સંઘતીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને પાંચસેં સાધુ અને પાંચસે સાધ્વી સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૨૦ ઓગણીશમા મલ્લિનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી ચોપન લાખ વરસને આંતરે વીશમા શ્રી મુનિસુવ્રત તીર્થંકર રાજગ્રહી નગરીને વિષે થયા. સુમિત્ર રાજા પિતા, પદ્માવતી રાણી માતા, શ્યામવર્ણે, કાચબાનું લંછન, વીશ ધનુષનું દેહિમાન, ત્રીશ હજાર વર્ષનું આયુષ, તેમાં સાડાસાત હજાર વર્ષ કુંવરપણે રહ્યા, પંદર હજાર વર્ષ રાજ પાળ્યું, સાડાસાત હજાર વર્ષ પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી અગ્યાર મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૨૧. વીશમા શ્રી મુનિસુવ્રત તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી ૭ લાખ વર્ષને આંતરે ૨૧ મા નમિનાથ તીર્થંકર મથુરા નગરીને વિષે થયા. વિજય રાજા પિતા, વિપુલાદેવી રાણી માતા, હેમવર્ણે, નીલોત્પલ કમળનું લંછન, પંદર ધનુષનું દેહિમાન, દશ હજાર વર્ષનું આયુષ, અઢી હજાર વર્ષ કુંવરપણે રહ્યા, સાડા છ હજાર વર્ષ રાજ પાળ્યું, એક હજાર વર્ષ પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી નવ મહીને કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકારૂપ, ચાર તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપી એક હજાર સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૨૨. એકવીશમા શ્રી નમિનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી પાંચ લાખ વર્ષને આંતરે ૨૨ મા નેમનાથ તીર્થંકર સોરીપુર નગરને વિષે થયા. સમુદ્રવિજય રાજા પિતા, શીવાદેવી રાણી માતા, શ્યામવર્ણે, શંખનું લંછન, દશ ધનુષનું દેહિમાન, એક હજાર વર્ષનું આયુષ, તેમાં ત્રણસેં વર્ષ કુંવરપણે રહ્યા, સાતસેં વર્ષ પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી ચોપન દહાડે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર તીર્થ સ્થાપી

દ્વાદશાંગી ગણીની પેટી આપીને પાંચસેં ને છત્રીશ સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૨૩. આવીશમા શ્રી નેમનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી પોણો ચોર્યાસી હજાર વર્ષને આંતરે ૨૩ મા પાર્શ્વનાથ તીર્થંકર વણારસી નગરીને વિષે થયા. અશ્વસેન રાજા પિતા, વામાદેવી રાણી માતા, નીલવર્ણે, સર્પનું લંછન, નવ હાથનું દેહિમાન, સો વર્ષનું આયુષ, તેમાં ૩૦ વર્ષ કુંવરપણે રહ્યા, સિત્તેર વર્ષ પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી ચોર્યાસી દહાડે કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકારૂપ ચાર તીર્થ સ્થાપી દ્વાદશાંગી ગણીની પેટી આપીને એક હજાર સાધુ સંઘાતે નિર્વાણ-મોક્ષ પધાર્યા.

૨૪. ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ તીર્થંકર મોક્ષ પહોંચ્યા પછી અઢીસેં વર્ષને આંતરે ચોવીશમા શ્રી મહાવીર તીર્થંકર ક્ષત્રિય-કુંડગ્રામ નગરને વિષે થયા. સિદ્ધાર્થ રાજા પિતા, ત્રિશલાદેવી રાણી માતા, હેમવર્ણે, સિંહનું લંછન, સાત હાથનું દેહિમાન, બહોતેર વર્ષનું આયુષ, તેમાં ૩૦ વર્ષ કુંવરપણે રહ્યા, ૪૨ વર્ષની પ્રવર્જ્યા પાળી, પ્રવર્જ્યા લીધા પછી સાડા બાર વર્ષ ને એક પખવાડીએ કેવળજ્ઞાન ઉપન્યું. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તીર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણીની પેટી આપીને આસો વદ અમાવાસ્યાની રાત્રે પાવાપુરી નગરીને વિષે ચોથા આરાના ત્રણ વર્ષ ને સાડા આઠ મહિના બાકી રહ્યા, ત્યારે સ્વામીનાથ એકાકિપણે, બે દિવસનું અણસણ કરી નિર્વાણ-મોક્ષ પધાર્યા.

પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી અને ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી એ બેઉ વચ્ચે એક ક્રોડાક્રોડ સાગરોપમનું ઝાઝેરું તેમાં ૪૨ હજાર વર્ષ ઉણાનું આંતરું જાણવું.

ઇતિ શ્રી ચોવીશ તીર્થંકરનાં આંતરાં સંપૂર્ણ.

અથ શ્રી શ્વાસોશ્વાસનો થોકડો.

શ્રી પન્નવણાજી સૂત્ર પદ સાતમે શ્વાસોશ્વાસનો અધિકાર ચાલ્યો છે, તેમાં નારકી અને દેવતા કેવી રીતે શ્વાસોશ્વાસ લીએ છે ? વીર પ્રભુએ કહ્યું કે હે ગૌતમ ! નારકીના જીવ નિરંતર ધમણની પેરે શ્વાસોશ્વાસ લીએ છે. અસુરકુમારના દેવતા જઘન્ય સાત થોક, ઉત્કૃષ્ટ એક પક્ષ ઝાઝેરો શ્વાસોશ્વાસ લીએ છે. વાણુ-વ્યંતર ને નવનીકાયના દેવતા જઘન્ય સાત થોક, ઉતકૃષ્ટા પ્રત્યેક મુહૂર્ત્તે. જ્યોતિષી જ૦ અને૦ ઉ૦ પ્રત્યેક મુહૂર્ત્તે, પહેલે દેવલોકે જ૦ પ્રત્યેક મુહૂર્ત્તે અને ઉ૦ બે પક્ષે. બીજે દેવલોકે જ૦ પ્રત્યેક મુહૂર્ત ઝાઝેરે ઉ૦ બે પક્ષ ઝાઝેરે. ત્રીજે દેવલોકે જ૦ બે પક્ષે અને ઉ૦ સાત પક્ષે. ચોથે દેવલોકે જ૦ બે પક્ષ ઝાઝેરે. અને ઉ૦ સાત પક્ષ ઝાઝેરે. પાંચમે દેવલોકે જ૦ સાત પક્ષે ઉ૦ દશ પક્ષે. છઠે દેવલોકે જ૦ દશ પક્ષે ઉ૦ ચૌદ પક્ષે. સાતમે દેવલોકે જ૦ ચૌદ પક્ષે, ઉ૦ સત્તર પક્ષે. આઠમે દેવલોકે જ૦ સત્તર પક્ષે, ઉ૦ અઢાર પક્ષે. નવમે દેવલોકે જ૦ અઢાર પક્ષે, ઉ૦ ઓગણીસ પક્ષે. દશમે દેવલોકે જ૦ ઓગ-ણીસ પક્ષે, ઉ૦ વીશ પક્ષે. અગિયારમે દેવલોકે જ૦ વીશ પક્ષે. ઉ૦ એકવીસ પક્ષે. બારમે દેવલોકે જ૦ એકવીસ પક્ષે ઉ૦ બાવીશ પક્ષે, પહેલી ત્રીકમાં જ૦ બાવીશ પક્ષે, ઉ૦ પચીસ પક્ષે. બીજી ત્રીકમાં જ૦ પચીસ પક્ષે, ઉ૦ અઠાવીસ પક્ષે ચાર અનુત્તર વિમાનમાં જ૦ એકત્રીસ પક્ષે. ઉ૦ તેત્રીશ પક્ષે. સર્વાર્થસિદ્ધમાં જ૦ અને ઉ૦ તેત્રીસ પક્ષે. એમ તેત્રીસ પખવાડીયે શ્વાસ ઉંચો લે અને તેત્રીસ પખવાડીયે શ્વાસ નીચો મુકે.

નંબર	તીર્થંકરના નામ.	પિતાનું નામ.	માતાનું નામ.	લંછન.	ધનુષ. શરીરમાન.	આયુમાન.	યક્ષનાં નામ.	યક્ષણીનાં નામ.
૧	શ્રી ઋષભદેવ	નાભીકુલકર.	મરૂદેવી.	વૃષભ.	૫૦૦	૮૪ લાખ પૂર્વ.	ગોમુખ.	ચક્રેશ્વરી.
૨	શ્રી અજીતનાથ	જિતશત્રુ.	વિજયા.	હસ્તિ.	૪૫૦	૭૨ ,, ,,	મહાયક્ષ.	અજીતબાલા.
૩	શ્રી સંભવનાથ	જિતારિ.	સેનાદેવી.	અશ્વ.	૪૦૦	૬૦ ,, ,,	ત્રિમુખ.	રૂરીતારી.
૪	શ્રી અભિનંદન	સંવરરાજા.	સિદ્ધાર્થા.	વાંદર.	૩૫૦	૫૦ ,, ,,	નાયક.	કાલીકા.
૫	શ્રી સુમતિનાથ	મેઘરાજા.	મંગળા.	ક્રૌંચપક્ષી.	૩૦૦	૪૦ ,, ,,	તુંબરૂ.	મહાકાલી.
૬	શ્રી પદ્મપ્રભ	શ્રીધરરાજા.	સુશ્રીમા.	પદ્મ.	૨૫૦	૩૦ ,, ,,	કુસમય.	શ્યામા.
૭	શ્રી સુપાર્શ્વનાથ	પ્રતિષ્ઠરાજા.	પૃથ્વી.	સાથીઓ.	૨૦૦	૨૦ ,, ,,	માતંગ.	શાન્તા.
૮	શ્રી ચંદ્રપ્રભ	મહાસેનરાજા.	લક્ષ્મણા.	ચંદ્ર	૧૫૦	૧૦ ,, ,,	વિજય.	ભૃકુટી.
૯	શ્રી સુવિધિનાથ	સુગ્રીવરાજા.	રામારાણી.	મગરમચ્છ.	૧૦૦	૨ ,, ,,	અજીત.	સુતારિકા.
૧૦	શ્રી શીતળનાથ	દશરથ.	નંદા.	શ્રીવત્સ.	૯૦	૧ ,, ,,	બ્રહ્મા.	અશોકા.
૧૧	શ્રી શ્રેયાંસનાથ	વિષ્ણુ.	વિષ્ણુ.	ગેંડો.	૮૦	૮૪ લાખ વર્ષ.	જક્ષેત.	માનવી.
૧૨	શ્રી વાસુપૂજ્ય	વાસુપૂજ્ય	જયા.	પાડો.	૭૦	૭૧ ,, ,,	કુમાર.	ચંડા.
૧૩	શ્રી વિમળનાથ	કૃતવર્મા.	શ્યામા.	વરાહ.	૬૦	૬૦ ,, ,,	ષણ્મુખ.	વિદિતા.
૧૪	શ્રી અનંતનાથ	સિંહસેન	સુયશા.	સીયાળો.	૫૦	૩૦ ,, ,,	પાતાળ.	અંકુશા.
૧૫	શ્રી ધર્મનાથ	ભાનુ.	સુવ્રતા.	વજ્ર	૪૫	૧૦ ,, ,,	કિન્નર.	કંદર્પ.
૧૬	શ્રી શાંતિનાથ	વિશ્વસેન.	અચિરા.	હરિણ.	૪૦	૧ ,, ,,	ગરૂડ.	નિર્વાણી.
૧૭	શ્રી કુંથુનાથ	સૂર.	સુરાદેવી	બકરો.	૩૫	૯૫ હજાર વર્ષ.	ગંધર્વ.	બલા.
૧૮	શ્રી અરનાથ	સુદર્શન.	દેવકીરાણી.	નંદાવર્ત્ત.	૩૦	૮૪ ,, ,,	યક્ષેદ.	ધણા.
૧૯	શ્રી મલ્લિનાથ	કુંભ.	પ્રભાવતી.	કળશ.	૨૫	૫૫ ,, ,,	કુબેર.	ધરણપ્રિયા.
૨૦	શ્રી મુનિસુવ્રત	સુમિત્ર.	પદ્માવતી.	કાચબો.	૨૦	૩૦ ,, ,,	વરૂણ.	નરદત્તા.
૨૧	શ્રી નમીનાથ	વિજય.	વિપ્રુલા.	કમળ.	૧૫	૧૦ ,, ,,	ભૃકુટી,	ગંધારી.
૨૨	શ્રી નેમનાથ	સમુદ્રવિજય.	શિવાદેવી.	શંખ.	૧૦	૧ ,, ,,	ગોમેધ.	અંબિકા.
૨૩	શ્રી પાર્શ્વનાથ	અશ્વસેન.	વામાદેવી.	સર્પ	૯ હાથ.	૧૦૦ વર્ષ.	પાર્શ્વ.	પદ્માવતી.
૨૪	શ્રી મહાવીર	સિદ્ધાર્થ.	ત્રિશલાદેવી.	સિંહ.	૭ હાથ.	૭૨ વર્ષ.	માતંગ.	સિધ્ધાયીકા.

અથ શ્રી કર્મ પ્રકૃતિના બોલ.

૧ પહેલું જ્ઞાનાવરણીય કર્મ તે આંખના પાટા સમાન, ૨ બીજું દર્શનાવરણીય કર્મ તે રાજાના પોળીઆ સમાન, ૩ ત્રીજું વેદનીય કર્મ તે મધ તથા અફીણે ખરડયા ખડ્ગ સમાન, ૪ ચોથું મોહનીય કર્મ તે મદિરાપાન સમાન, પાંચમું આયુષ કર્મ તે હેડ સમાન, ૬ છઠું નામ કર્મ તે ચિત્તારા સમાન, ૭ સાતમું ગોત્ર કર્મ તે કુંભારના ચાકડા સમાન, ૮ આઠમું અંતરાય કર્મ તે રાજાના ભંડારી સમાન, ૧ જ્ઞાનાવરણીય કર્મે અનંત જ્ઞાનગુણ ઢાંકયો છે. ૨ દર્શનાવરણીય કર્મે અનંત દર્શનગુણ ઢાંકયો છે. ૩ વેદનીય કર્મે અનંત અવ્યાબાધ આત્મિક સુખ રોકયું છે. ૪ મોહનીય કર્મે ક્ષાયક સમકિત ગુણ રોકયો છે. ૫ આયુષ કર્મે અક્ષય સ્થિતિ ગુણ રોકયો છે. ૬ નામ કર્મે અમૂર્તિ ગુણ રોકયો છે. ૭ ગોત્ર કર્મે અગુર લઘુ ગુણ રોકયો છે. ૮ અંતરાય કર્મે અનંત આત્મિક શક્તિ ગુણ રોકયો છે.

૧. જ્ઞાનાવરણીય કર્મ ૬ પ્રકારે બાંધે. પહેલે બોલે નાણપડિણીયાએ તે જ્ઞાનીના ભુંડા બોલે, બીજે બોલે નાણનિન્હવણયાએ તે જ્ઞાનીનો ઉપકાર ઓલવે, ત્રીજે બોલે નાણઆસાયણાએ તે જ્ઞાનીની આશાતના કરે, ચોથે બોલે નાણઅંતરાએણું તે જ્ઞાનીની અંતરાય પડાવે, પાંચમે બોલે નાણપઉસેણું તે જ્ઞાની ઉપર દ્વેષ કરે, છઠે બોલે નાણવિસંવાયણાજોગેણું તે જ્ઞાની સાથે ખોટા ઝગડા વિખવાદ કરે, એ છ પ્રકારે બાંધે, તે પાંચ તથા ૧૦ પ્રકારે ભોગવે; તે પાંચ કયા તે કહે છે. ૧ મતિજ્ઞાનાવરણીય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય, ૩ અવધિજ્ઞાનાવરણીય ૪ મનપર્યવજ્ઞાનાવરણીય, ૫ કેવલ જ્ઞાનાવરણીય એ ૫ જ્ઞાન પ્રગટ થવા દીયે નહિ તથા ૧૦ પ્રકારે ભોગવે તે કહે છે. ૧ સોયાવરણે, ૨ સોયવિન્નાણાવરણે, ૩ નેત્તાવરણે, ૪ નેત્તાવિન્નાણાવરણે, ૫ ઘ્રાણાવરણે, ૬ ઘ્રાણવિન્નાણાવરણે, ૭ રસાવરણે, ૮ રસવિન્નાણાવરણે, ૯ ફાસાવરણે, ૧૦ ફાસવિન્નાણાવરણે, એ ૧૦ પ્રકારે ભોગવે, જ્ઞાનાવરણીય

કર્મની સ્થિતિ, જઘ૦ અંતર્મુહુર્ત્તની ઉત૦ ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની અને અબાધા કાળ કરે તો ત્રણ હજાર વરસની સ્થિતિ.

૨. બીજું દર્શનાવરણીય કર્મ ૬ પ્રકારે બાંધે તે કહે છે. ૧ પહેલે બોલે દંશણપડિણીયાએ, ૨ દંશણનિન્હવણયાએ, ૩ દંશણઆસાયણાએ, ૪ દંશણઅંતરાએણું, ૫ દંશણપઉસેણું, ૬ દંશણવિસંવાયણાજોગેણં એ ૬ પ્રકારે બાંધે, તે ૯ પ્રકારે ભોગવે તે કહે છે. ૧ ચક્ષુદર્શનાવરણીય, ૨ અચક્ષુદર્શનાવરણીય, ૩ અવધિદર્શનાવરણીય, ૪ કેવળદર્શનાવરણીય, ૫ નિદ્રા, ૬ નિદ્રાનિદ્રા, ૭ પ્રચલા, ૮ પ્રચલાપ્રચલા. ૯ થીણદ્ધિનિદ્રા, એ ૯ પ્રકારે ભોગવે. દર્શનાવરણીય કર્મની સ્થિતિ જઘ૦ અંતર્મુહુર્ત્તની, ઉત૦ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની અને અબાધા કાળ કરે તો ત્રણ હજાર વરસની સ્થિતિ.

૩ ત્રીજું વેદનીય કર્મ તેના બે ભેદ. ૧ સાતા વેદનીય, ૨ અસાતા વેદનીય, તેમાં સાતા વેદનીય દશ પ્રકારે બાંધે તે કહે છે. ૧ પાણાણુકંપયાએ, ૨ ભુયાણુકંપયાએ, ૩ જીવાણુકંપયાએ, ૪ સત્તાણુકંપયાએ, ૫ બહુણું પાણાણું ભુયાણું જીવાણું સત્તાણું અદુખણયાએ, ૬ અસોયણયાએ, ૭ અજુરણયાએ, ૮ અટિપ્પણયાએ. ૯ અપીટ્ટણયાએ, ૧૦ અપરિયાવણયાએ, એ ૧૦ પ્રકારે બાંધે, તે આઠ પ્રકારે ભોગવે. ૧ મણુણાસદ્દા, ૨ મણુણારૂવા, ૩ મણુણાગંધા, ૪ મણુણારસા, ૫ મણુણાફાસા, ૬ મણસુહયા, ૭ વયસુહયા, ૮ કાયસુહયા એ ૮. તેની સ્થિતિ જઘ૦ ૨ સમયની ઉત૦ ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમની, અબાધાકાળ કરે તો દોઢ હજાર વરસની સ્થિતિ. અસાતાવેદનીય ૧૨ પ્રકારે બાંધે તે કહે છે. ૧ પરદુખણયાએ, ૨ પરસોયણાએ, ૩ પરજ્જુરણયાએ, ૪ પરટિપ્પણયાએ, ૫ પરપિટ્ટણયાએ, ૬ પરપરિયાવણયાએ, ૭ બહુણું પાણાણું ભુયાણું જીવાણું સત્તાણું દુઃખણયાએ, ૮ સોયણયાએ, ૯ જુરણયાએ, ૧૦ ટિપ્પણયાએ, ૧૧ પિટ્ટણયાએ, ૧૨ પરિયાવણયાએ, એ ૧૨ પ્રકારે બાંધે, તે આઠ પ્રકારે ભોગવે. ૧ અમણુણાસદ્દા, ૨ અમણુણારૂવા, ૩ અમણુણાગંધા, ૪ અમણુણારસા, ૫ અમણુણાફાસા, ૬ મણદુહયા, ૭ વયદુહયા, ૮ કાયદુહયા, તેની સ્થિતિ જઘ૦ એક સાગ-

રના સાત ભાગ કરીએ એવા ૩ ભાગ એક પલ્યને અસંખ્યાતમે ભાગ ઉણાની, ઉત૦ ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની. એનો અબાધા કાળ ત્રણ હજાર વરસનો.

૪. ચોથું મોહનીય કર્મ છ પ્રકારે બાંધે. ૧ તિવ્વકોહે, ૨ તિવ્વમાણે, ૩ તિવ્વમાયાએ, ૪ તિવ્વલોહે, ૫ તિવ્વદંસણ મોહણિજે, ૬ તિવ્વચરિત્તમોહણિજે, એ છ પ્રકારે બાંધે, તે ૨૮ પ્રકારે ભોગવે, ૧ અનંતાનુબંધી ક્રોધ તે પર્વતની રાઇ સમાન, ૨ અનંતાનુબંધી માન તે પથ્થરના સ્તંભ સમાન, ૩ અનંતાનુબંધી માયા તે વાંસની ગાંઠ સમાન, ૪ અનંતાનુબંધી લોભ તે કિરમચના રંગ સમાન, એ ચારે ગતિ નરકની કરે, સ્થિતિ જાવજ્જીવની કરે, ઘાત સમકિતની કરે. ૧ અપ્રત્યાખ્યાની ક્રોધ તે તળાવના ઓટ સમાન, ૨ અપ્રત્યાખ્યાની માન તે હાડકાના સ્તંભ સમાન, ૩ અપ્રત્યાખ્યાની માયા તે ઘેટાના શૃંગ સમાન, ૪ અપ્રત્યાખ્યાની લોભ તે નગરની ખાળના કર્દમ સમાન, એ ચારે ગતિ તિર્યંચની કરે, સ્થિતિ વરસ એકની કરે, ઘાત દેશવ્રતની કરે ૮. ૧ પચ્ચખાણાવરણીય ક્રોધ તે વેળુની લીંટી સમાન, ૨ પચ્ચખાણાવરણીય માન તે લાકડાના સ્તંભ સમાન, ૩ પચ્ચખાણાવરણીય માયા તે ગોમૂત્રિકા સમાન, ૪ પચ્ચખાણાવરણીય લોભ તે ગાડાના ખંજન સમાન, એ ચારે ગતિ મનુષ્યની કરે, સ્થિતિ ચાર માસની કરે, ઘાત સર્વ વ્રતની કરે. ૧૨. ૧ સંજ્વલનો ક્રોધ તે પાણીની લીંટી સમાન, ૨ સંજ્વલનું માન તે નેતરના સ્તંભ સમાન, ૩, સંજ્વલની માયા તે વાંસની છોઈ સમાન, ૪ સંજ્વલનો લોભ તે પતંગ તથા હલિદ્રના રંગસમાન, એ ચારે ગતિ દેવતાની કરે, સ્થિતિ પંદર દિનની કરે, ઘાત કેવળજ્ઞાનની કરે. ૧૬, એ સોળ કષાય. હવે ૯ નોકષાય કહે છે. ૧૭ હાસ્ય ૧૮ રતિ ૧૯ અરતિ ૨૦ ભય ૨૧ શોક ૨૨ દુગંછા ૨૩ સ્ત્રીવેદ ૨૪ પુરૂષવેદ ૨૫ નપુંસકવેદ, એ ચારિત્ર મોહનીયની ૨૫ પ્રકૃતિ. હવે દંસણ મોહનીયની ૩ પ્રકૃતિ કહે છે, ૧ સમકિત મોહનીય, ૨ મિથ્યાત્વ મોહનીય, ૩ સમામિથ્યાત્વ મોહનીય, એવં સર્વ મળી ૨૮ પ્રકૃતિ. તેની સ્થિતિ જઘ૦ અંતર્મુહૂર્તની, ઉત૦ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની, અબાધા કાલ કરે તો ૭ હજાર વરસની સ્થિતિ.

૫ પાંચમું આયુષ્ય કર્મ સોળ પ્રકારે બાંધે, તેમાં નારકિનું આયુષ્ય ૪ પ્રકારે બાંધે, તે ૧ મહાઆરંભયાએ, ૨ મહાપરિગ્ગહિયાએ, ૬ કુણિમંસાહારેણું ૪ પંચિંદિયવહેણું. તિર્યંચનું આયુષ ૪ પ્રકારે બાંધે, ૧ માઇલયાએ, ૨ નિયડિલયાએ, ૩ અલિયવયણેણું, ૪ કુડતોલે કુડમાણે. મનુષ્યનું આયુષ ૪ પ્રકારે બાંધે, ૧ પગઇભદ્દિયાએ, ૨ પગઇવિણીયાએ, ૩ સાણુકોસયાએ, ૪ અમચ્છરિયાએ. દેવતાનું આયુષ ૪ પ્રકારે બાંધે, ૬ સરાગસંજમેણું, ૨ સંજમાસંજમેણું. ૩ બાલતવોકમેણું, ૪ અકામનિજ્જરાએ. એ સોળ પ્રકારે બાંધે, તે ૪ પ્રકારે ભોગવે. નારકી અને દેવતાનું આયુષ જઘ૦ ૧૦ હજાર વર્ષ ને અંતર્મુહુર્ત અધિકનું, ઉત૦ ૩૩ સાગર ને પૂર્વકોડિનો ત્રીજો ભાગ અધિક. મનુષ્ય અને તિર્યંચનું આયુષ જઘ૦ અંતર્મુહુર્ત, ઉત૦ ૩ પલ્ય ને પૂર્વકોડનો ત્રીજો ભાગ અધિક.

૬. છઠું નામ કર્મ તેના બે ભેદ. ૧ શુભનામ, ૨ અશુભનામ; શુભનામ કર્મ ૪ પ્રકારે બાંધે, ૧ કાયજુયાએ, ૨ ભાસુજુયાએ, ૩ ભાવજુયાએ, ૪ અવિસંવાયણાજોગેણું, તે ૧૪ પ્રકારે ભોગવે, ૧ ઇઠાસદ્દા, ૨ ઇઠારૂવા, ૩ ઇઠાગંધા-ઇઠાજસોકિત્તી, ૧૦ ઇઠેઉઠાણ કમ્મબલવિરિય પુરિસાકાર પરક્કમે, ૧૧ ઇઠસરયા, ૧૨ કંતસરયા, ૧૩ પિયસરયા, ૧૪ મણુણસરયા, એ ૧૪ પ્રકારે ભોગવે. અશુભનામ કર્મ ૪ પ્રકારે બાંધે, ૧ કાયઅણુજુયાએ, ૨ ભાસાણુજુયાએ, ૩ ભાવાણુજુયાએ, ૪ વિસંવાયણાજોગેણું, તે ૧૪ પ્રકારે ભોગવે, ૧ અણિઠાસદ્દા, ૨ અણિઠારૂવા, ૩ અણિઠાગંધા, ૪ અણિઠારસા, ૫ અણિઠાફાસા, ૬ અણિઠાગઇ, ૭ અણિઠાઠિઇ, ૮ અણિઠે લાવણે, ૯ અણિઠાજસોકિત્તિ, ૧૦ અણિઠેઉઠાણ કમ્મબલ વીરિયપુરિસાકાર પરક્કમે, ૧૧ હિણસરયા, ૧૨ હિણસરયા, ૧૩ અણિઠસરયા, ૧૪ અકંતસરયા, એ ૪૧ પ્રકારે ભોગવે. હવે નામ કર્મની ૯૩ પ્રકૃતિ કહે છે. ૧ નરકગતિ, ૨ તિર્યંચગતિ. ૩ મનુષ્યગતિ, ૪ દેવગતિ, ૫ એકેંદ્રિય જાતિ ૬ બેઇંદ્રિય જાતિ, ૭ તેઇંદ્રિય જાતિ, ૮ ચઉરેંદ્રિય જાતિ, ૯ પંચેંદ્રિય જાતિ, ૧૦ ઉદારિકશરીર, ૧૧ વૈક્રેયશરીર, ૧૨ આહારક શરીર, ૧૩ તેજસશરીર. ૧૪ કાર્મણશરીર, ૧૫ ઉદારિકઅંગોપાંગ ૧૬ વૈક્રેયઅંગોપાંગ. ૧૭ આહારકઅંગોપાંગ, ૧૮ ઉદારિકબંધન, ૧૯

વૈક્રેયબંધન, ૨૦ આહારક બંધન, ૨૧ તેજસબંધન, ૨૨ કાર્મણબંધન. ૨૩ ઉદારીકસંઘાતન, ૨૪ વૈક્રેયસંઘાતન, ૨૫ આહારકસંઘાતન, ૨૬ તેજસસંઘાતન ૨૭ કાર્મણસંઘાતન, ૨૮ વજ્રઋષભનારાચસંઘયણ, ૨૯ ઋષભનારાચસંઘયણ, ૩૦ નારાચસંઘયણ, ૩૧ અર્દ્ધનારાચસંઘયણ, ૩૨ કિલકુસંઘયણ, ૩૩ છેવટ્ટુસંઘયણ, ૩૪ સમચઉરંશસંઠાણ, ૩૫ નિગોહુપરીમંડળસંઠાણ, ૩૬ સાદિસંઠાણ, ૩૭ વામનસંઠાણ, ૩૮ કુબ્જસંઠાણ, ૩૯ હુંડસંઠાણ, ૪૦ કાળોવર્ણ, ૪૧ નીલોવર્ણ, ૪૨ રાતોવર્ણ, ૪૩ પીળોવર્ણ, ૪૪ ધોળોવર્ણ, ૪૫ સુરભીગંધ, ૪૬ દુરભીગંધ, ૪૭ તિખોરસ, ૪૮ કડવોરસ, ૪૯ કસાયલોરસ, ૫૦ ખાટોરસ, ૫૧ મીઠોરસ, ૫૨ ખરખરોસ્પર્શ, (ફરસ), ૫૩ સુંહાળો ફરસ, ૫૪ ભારે ફરસ, ૫૫ હળવો ફરસ, ૫૬ ટાઢો ફરસ, ૫૭ ઉન્હોફરસ, ૫૮ ચોપડયો ફરસ, ૫૯ લુખો ફરસ, ૬૦ નરકાનુપૂર્વી, ૬૧ તિર્યંચાનુપૂર્વી, ૬૨ મનુષ્યાનુપૂર્વી, ૬૩ દેવતાનુપૂર્વી, ૬૪ શુભવિહાયગતિ, ૬૫ અશુભવિહાયગતિ, એ ૬૫ પિંડપ્રકૃતિ થઇ, ૬૬ પરાઘાતનામ, ૬૭ ઉસ્વાસનામ, ૬૮ અગુરૂલઘુનામ ૬૯ આતાપનામ, ૭૦ ઉદ્યોતનામ, ૭૧ ઉપઘાતનામ, ૭૨ તીર્થંકરનામ, ૭૩ નિર્માણનામ, ૭૪ ત્રસનામ, ૭૫ બાદરનામ, ૭૬ પ્રત્યેકનામ, ૭૭ પર્યાપ્તનામ, ૭૮ સ્થિરનામ, ૭૯ શુભનામ, ૮૦ સૌભાગ્યનામ, ૮૧ સુસ્વરનામ, ૮૨ આદેયનામ, ૮૩ જશોકીર્તિનામ, ૮૪ સ્થાવરનામ, ૮૫ સુક્ષમનામ, ૮૬ સાધારણનામ, ૮૭ અપર્યાપ્તનામ, ૮૮ અસ્થિરનામ, ૮૯ અશુભનામ, ૯૦ દૌર્ભાગ્યનામ, ૯૧ દુસ્વરનામ, ૯૨ અનાદેયનામ, ૯૩ અજશોકીર્તિનામ, એ ૯૩ પ્રકૃતિ થઇ, તેમાં ૧૦ બંધનની અધિક ભેળવતાં ૧૦૩ પ્રકૃતિ પણ ગ્રંથવાળા કહે છે; અથવા નામકર્મની ૪૨ પણ ખરી. ૧ ગતિ, ૨ જાતિ, ૩ શરીર, ૪ અંગોપાંગ, ૫ બંધન, ૬ સંઘાતન, ૭ વર્ણ, ૮ ગંધ, ૯ રસ, ૧૦ ફરસ, ૧૧ સંઘયણ, ૧૨ સંઠાણ, ૧૩ અનુપૂર્વી, ૧૪ વિહાયગતિ, એ ૧૪ અને પ્રત્યેક પ્રકૃતિ ૮, ત્રશનો દશકો ૧૦, સ્થાવરનો દશકો ૧૦, એવં ૪૨ થઇ તથા વિસ્તારે ચઉદની ૬૫ તથા પ્રત્યેક પ્રકૃતિ ૮, ત્રશનો દશકો ૧૦, સ્થાવરનો દશકો ૧૦ એવં વિસ્તારે ૯૦ પ્રકૃતિ થઇ. નામકર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહુર્ત્તની, ઉત્ત૦ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની, અબાધા કાળ ૨ હજાર વરસનો.

૭. હવે ગોત્રકર્મના ૨ ભેદ. ૧ ઉંચ ગોત્ર, ૨ નીચ ગોત્ર, તેમાં ઉંચગોત્ર ૮ પ્રકારે બાંધે, ૧ જાઇઅમદેણું, ૨ કુલઅમદેણું, ૩ બળઅમદેણું, ૪ રૂવઅમદેણું, ૫ તવઅમદેણું, ૬ સુયઅમદેણું, ૭ લાભઅમદેણું, ૮ ઇસ્સરિયઅમદેણું, એ આઠ મદ અણુકરવે કરી ઉંચગોત્ર બાંધે, તે ૮ પ્રકારે ભોગવે. ૧ જાઇ વીસીઠીયા, ૨ કુલવીસોઠીયા, ૩ બળવીસોઠીયા, ૪ રૂવવીસોઠીયા, ૫ તવવીસોઠીયા, ૬ સુયવીસોઠીયા, ૭ લાભવીસોઠીયા ૮ ઇસ્સરિયવીસોઠીયા એ આઠ પ્રકારે ભોગવે. ૨. હવે નીચગોત્ર ૮ પ્રકારે બાંધે તે. ૧ જાઇમએણું, ૨ કુલમએણું, જાવ ઇસ્સરિયમએણું, એ વગેરે ઉપર કહ્યા તે ૮ મદ કરી નીચગોત્ર બાંધે, તે ૮ પ્રકારે ભોગવે. જાઇવીહીણયાથી જાવ ઇસ્સરિયવીહીણયા સુધી ઉપર કહ્યા તે. ગોત્રકર્મની સ્થિતિ જઘ૦ ૮ મુહુર્ત્તની. ઉત્ર વીશ કોડાકોડી સાગરોપમની, અબાધા કાળ બે હજાર વર્ષનો.

૮. આઠમું અંતરાયકર્મ, પાંચ પ્રકારે બાંધે. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉવભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, એ પાંચ અંતરાય પાડવે કરી અંતરાયકર્મ બાંધે, તે પાંચ પ્રકારે ભોગવે. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉવભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, એ પાંચ પામે નહિ. એ અંતરાયકર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહુર્ત્તની ઉત૦ ત્રીશ કોડાકોડી સાગરોપમની, અબાધા કાળ ૩ હજાર વર્ષનો.

આઠ કર્મ બાંધ્યાની ૮૫ પ્રકૃતિ–૬ જ્ઞાનાવરણીયની, ૬ દર્શનાવરણીયની, ૨૨ વેદનીયની, ૬ મોહનીયની, ૧૬ આયુષની, ૮ નામની, ૧૬ ગોત્રની, ૫ અંતરાયની, એવં સર્વ મળી ૮૫ પ્રકૃતિ બાંધ્યાની જાણવી અને ભોગવ્યાની ૯૩ પ્રકૃતિ. તે ૧૦ જ્ઞાનાવરણીયની, ૯ દર્શનાવરણીયની, ૧૬ વેદનીયની, ૫ મોહનીયની, તે ૧ સમ્મત્તવેયણિજ્જે, ૧ મિછત્તવેયણિજ્જે, ૩ સમ્મામિછતવેયણિજ્જે, ૪ કષાયવેયણિજ્જે, ૫ નોકસાયવેયણિજ્જે, એ ૫. આયુષની ૪, નામની ૨૮, ગોત્રની ૧૬, અંતરાયની ૫, એ સર્વ મળી ૯૩ પ્રકૃતિ ભોગવ્યાની જાણવી. અથવા ૧૪૮ પ્રકારે પણ ભોગવે:– જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, આયુષની ૪, નામકર્મની ૯૩, ગોત્રકર્મની ૨, અંત-

રાયની ૫, એવં સર્વ મળીને ૧૪૮ પ્રકૃતિ જાણવી તથા બંધન નામકર્મની પ્રકૃતિ ગ્રંથાંતરે કહી છે તે મેળવતાં ૧૫૮ પ્રકૃતિ પણ થાય અથવા મૂળ પ્રકૃતિ ૮ તેની ઉત્તર પ્રકૃતિ ૩૧, જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨, આયુષની ૪, નામની ૨, ગોત્રની ૨, અંતરાયની ૫, એવં ૩૧ પ્રકૃતિ થાય, તેહનો વિસ્તાર ૧૪૮ કર્મપ્રકૃતિ જાણવી. એ બોલ સિદ્ધાંત પ્રમાણે છે.

ઇતિ કર્મપ્રકૃતિના બોલ સમાપ્ત.

અથ શ્રી ૭ આરાના બોલ.

---

(૧) પહેલો આરો-૪ ક્રોડાક્રોડી સાગરોપમનો, સુસમ સુસમ એટલે એકલું સુખમાં સુખ; ૩ ગાઉનું દેહમાન, ૩ પલ્યોપમનું આઉખું, ૨૫૬ પાંસળી; ધરતીની સરસાઇ સાકર સરખી; (દરેક આરો ઉતરતાંનું દેહમાન, આઉખું, પાંસળી તથા ધરતીની સરસાઇ, તે પછીનો આરો બેસતાં જે હોય તે જાણવી), વજ્રઋષભ નારાચ સંઘયણ, સમચઉરસ સંઠાણ, ત્રણ દિવસને આંતરે આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે; અને તેમાં ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ મનવંછિત સુખ પહોંચાડે; ત્રણ આરા સુધી જુગલીયાં (એક પ્રકારનાં મનુષ્ય યુગલ) હોય છે; તેનાં આઉખાં આડા ૬ માસ રહે ત્યારે પરભવનું આઉખું બાંધે, ત્યારે જુગલણી એક જોડલું પ્રસવે, તે છોરૂનું પ્રતિપાલન ૪૯ દિવસ કરે. સ્ત્રી પુરૂષને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. એકને છિંક ને એકને બગાસું આવે એટલે બંને મરીને દેવતાની ગતિમાં જાય. તેમનાં શરીરનું નિહરણ દેવતા કરે. તેમને વૈર, વિરોધ, ઇર્ષ્યા, ઝેર હોતાં નથી.

(૨) બીજો આરો-બેસતાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંતા હીણા થયા; ૩ ક્રો૦ સા૦ નો, સુસમ એટલે એકલું સુખ; બે ગાઉનું દેહમાન, બે પલ્યોપમનું આ૦, ૧૨૮ પાંસળી, બે

દિવસને આંતરે આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે, ધરતીની સરસાઇ ખાંડ સરખી; ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ મનવંછિત સુખ પહોંચાડે; સંઘયણ, સંઠાણ અને બાકીના બોલ પહેલા પ્રમાણે; પરંતુ છોરૂની પ્રતિપાલણા ૬૪ દિવસ કરે.

(૩) ત્રીજે આરેઃ—બેસતાં વર્ણ૦ ના પર્યવ અનંતા હીણા થયા, આરો ૨ ક્રો૦ સા૦ નો, સુસમ દુસમ એટલે સુખ ઘણું ને દુઃખ થોડું; ૧ ગાઉનું દેહ૦ ને ૧ પલ્યોપમનું આ૦; ૬૪ પાંસળી, એકાંતર આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે, ધરતીની સરસાઇ ગોળ સરખી; બાકીના બોલ બીજા આરા પ્રમાણે, પરંતુ છોરૂનું પ્રતિપાલન ૭૯ દિવસ કરે.

એ ત્રણ આરામાં જરા, રોગ, કુરૂપ હોય નહીં. સંપૂર્ણ અંગોપાંગ, વિષય સુખ પામે, તે દાનપુન્યનાં ફળ જાણવાં. ત્રીજા આરામાં ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ ને ૮॥ માસ બાકી રહ્યા ત્યારે સર્વાર્થસિદ્ધ વિમાન થકી, ૩૩ સાગરનું આ૦ ભોગવીને વનિતા નગરી, નાભીકુલકર રાજા પિતા, મરૂદેવી માતાની કુંખે શ્રીઋષભદેવ સ્વામી ઉપન્યા, હા મારે જન્મ્યા. પ્રથમ ઋષભનું સ્વપ્ન દેખીને ઋષભદેવ નામ દીધું. તેમણે જુગલીયા-ધર્મ નિવારીને અસિ, મસિ, કૃષિ આદિ ૭૨ કળા શીખવી; અનુકંપા નિમિત્તે ૨૦ લાખપૂર્વ સુધી કુંવરપણે રહ્યા ને ૬૩ લાખપૂર્વ રાજ્ય પાળ્યું. ભરતને રાજ્ય આપીને ૪૦૦૦ સાધુ સાથે સંજમ લીધો તે એક લાખ પૂર્વ પાળ્યો. કેવળ પામીને અષ્ટાપદ પર્વત ઉપર પદ્માસને બેસીને ૧૦૦૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા. ત્રીજા આરામાં ગતિ ૫ જાણવી.

(૪) ચોથો આરો—બેસતાં અનંતા પર્યવ-વર્ણ વિગેરેના હીણા થયા. એ આરો ૧ ક્રો૦ સા૦ માં ૪૨૦૦૦ વર્ષ ઉણાં (ઓછા) નો જાણવો. દુસમ સુસમ એટલે દુઃખ ઘણું ને સુખ થોડું; ૫૦૦ ધનુષનું દેહમાન, ક્રોડ પૂર્વનું આઉખું; ૭ સંઘયણ ને ૭ સંઠાણ; ૩૨ પાંસળી; દિન દિન પ્રત્યે (રોજને રોજ) આહારની ઇચ્છા ઉપજે ત્યારે પુરૂષ ૩૨ કવળ, સ્ત્રી ૨૮ ને નપુંસક ૨૪ કવળનો આહાર કરે; ધરતીની સરસાઇ સારેરી ઉતરતે આરે થોરેરી; એ આરાનાં છેવટ ૭૫ વર્ષ ને ૮॥ માસ બાકી

રહ્યા, ત્યારે ૧૦મા દેવલોકે ૨૦ સાગરોપમનું આ૦ ભોગવીને, માહણકુંડ નગર (બ્રાહ્મણકુંડ)માં ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદાની કુખે શ્રી મહાવીર સ્વામી ઉપન્યા. ત્યાં ૮૨।। રાત્રિ રહ્યા; ૮૩ મી રાત્રે શક્રેન્દ્રનું આસન ચળ્યું. વિ૦.

(૫) પાંચમો આરોઃ—બેસતાં વર્ષ વિ૦ ના અનંતા પર્યવ હીણા થયા; આ આરો દુસમ એટલે એકલું દુઃખ; ૨૧૦૦૦ વર્ષનો, ૭ હાથનું દે૦, ૧૨૫ વર્ષનું આ૦ ૬ સંઘયણ ને ૬ સંઠાણ, ઉતરતે આરે ૧ છેવટું સંઘયણ ને ૧ હુંડ સંઠાણ; ૧૬ પાંસળી, દિનદિન પ્રત્યે આહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે, ધરતીની સરસાઇ કાંઇક સારેરી, ઉતરતે આરે કુંભારના નીંભાડાની ક્ષાર સરખી; એ આરે ગતિ ૪, મોક્ષ અટકી.

પાંચમા આરાનાં લક્ષણઃ—૧. મોટા નગર તે ગામડાં સરખાં થશે, ૨. ગામડાં તે મસાણ સરીખાં; ૩ ભલા કુળના છોરૂ તે દાસ–દાસીપણા કરશે; ૪. પ્રધાન તે લાલચુ થાશે, ૫ રાજા તે જમદંડ સરખા; ૬. ભલા કુળની સ્ત્રી તે લજ્જા રહિત થશે, ૭ રૂડા કુળની સ્ત્રી વેશ્યા સરખી થશે, ૮. પુત્રો સ્વચ્છંદી થશે, ૯. શિષ્ય ગુરૂના અપવાદ બોલશે, ૧૦ દુર્જન સુખી થશે, ૧૧ સજ્જન દુઃખી થશે, ૧૨ દુર્ભિક્ષ ને દુકાળ ઘણાં પડશે, ૧૩ ઉંદર, સર્પાદિકની દાઢ ઘણી થશે, ૧૪ બ્રાહ્મણ અર્થના લોભી થશે, ૧૫ હિંસાધર્મના પરૂપક ઘણાં થશે; ૧૬ એક ધર્મનાં ઘણા ભેદ થશે; ૧૭. મિથ્યાત્વી દેવતા ઘણાં પૂજાશે; ૧૮ મિથ્યાત્વી લોક ઘણાં થશે, ૧૯. માણસને દેવદર્શન દુર્લભ થશે; ૨૦. વિદ્યાધરના વિદ્યાના પ્રભાવ થોડા હોશે; ૨૧. ગોરસ, દૂધ, દહીંમાં સરસાઈ થોડી હશે; ૨૨ બળદ પ્રમુખનાં બળ–આઉખાં થોડાં હોશે, ૨૩ સાધુ સાધ્વીને માસકલ્પ તથા ચાતુર્માસ કર્યા જેવાં ક્ષેત્ર થોડાં હોશે, ૨૪. શ્રાવકની ૧૧ પડિમા ને સાધુની ૧૨ પડિમા વિચ્છેદ જાશે, ૨૫. ગુરૂ શિષ્યને ભણાવશે નહીં. ૨૬ શિષ્ય અવિનિત, કલેશકારી હોશે; ૨૭ અધર્મી, ઝગડા કરનાર કુમાણસ ઘણાં હોશે; ૨૮. સુમાણસ થોડાં; ૨૯ આચાર્ય પોતપોતાના ગચ્છની પરંપરા સમાચારી જુદી જુદી પ્રવર્ત્તાવશે તથા મૂઢ–મૂર્ખ જનને મોહ પમાડીને મિથ્યાત્વ–પાશમાં પાડશે, ઉત્સૂત્ર ભાંખશે; પોતપોતાની પ્રશંસામાં

રાચશે; નિંદક કુબુદ્ધિ હોશે; ૩૦. સરલ, ભદ્રિક, ન્યૂી, પ્રમાણિક માણસ થોડાં; ૩૧ મ્લેચ્છનાં રાજ્ય ઘણાં; હિંદુરાજા અલ્પ ઋદ્ધિવાળા ને થોડા, ૩૨ મોટા કુળના રાજા નીચકામ કરશે, અન્યાય, અધર્મ, કુવ્યસનમાં ઘણાં રાચશે.

આ આરામાં ધાતુ સર્વે વિચ્છેદ જાશે, લોઢાની વાત રહેશે; ચામડાની મ્હોરો ચાલશે, એવી મ્હોરો જેની પાસે હશે તે ધનવંત કહેવાશે; ૧ ઉપવાસ કરશે તે માસખમણ સરખો થશે; જ્ઞાન તથા સૂત્ર સર્વે વિચ્છેદ જાશે; તેમાં દશવૈકાલીકનાં પહેલા ૪ અધ્યયન રહેશે, તે ઉપર ૪ જીવ એકાવતારી થાશે. તેનાં નામઃ-૧. 'દુપસહ' નામે સાધુ, ૨. 'ફાલ્ગુણી' નામનાં સાધ્વી, ૩. નાગિલ શ્રાવક, ૪. નાગશ્રી શ્રાવિકા; અષાડ શુદ ૧૫ ને દિને શક્રેંદ્રનું આસન ચળશે, ત્યારે શક્રેંદ્ર ઉપયોગ મૂકી જોશે, કે આજ પાંચમો આરો ઉતરી કાલે છઠો આરો બેસશે; ત્યારે શક્રેંદ્ર આવી ઉપર કહ્યા તે ચાર જીવને કહેશે કે કાલે છઠો આરો બેસશે, માટે આળોવો, પડિકમો ને નિઃસલ્ય થાઓ; એટલે તે જીવો સર્વ જીવને ખમાવીને સંથારો કરશે, ત્યારે મહા સંવર્તક વાયરો થાશે, તેણે કરીને પહાડ, પર્વત, ગઢ, બેટ, કોટા, વાવ, સરોવર, સર્વે વિસરાલ થાશે, વૈતાઢ્ય પર્વત, ગંગા, સિંધુનદી, ઋષભકુટ અને લવણની ખાડી એ ૫ વજીને સર્વ સ્થાનક તૂટી પડશે; તે ૪ જીવ સમાધિ પણે કાળ કરીને દેવલોકમાં જાશે, ત્યારે ૪ બોલ વિચ્છેદ જાશેઃ—૧ પહેલે પહોરે જન ધર્મ, ૨ બીજે પહોરે ૩૬૩ પાખંડીના મિથ્યાત્વી ધર્મ, ૩ ત્રીજે પહોરે રાજનીતિ, ૪. ચોથે પહોરે બાદર અગ્નિ વિચ્છેદ જાશે.

(૬) છઠો આરોઃ—બેસતાં વર્ણ વગેરેના અનંતા પર્યવ હીણા થયા; ૨૧૦૦૦ વર્ષનો; 'દુસમ દુસમ' એટલે એકલું દુઃખમાં દુઃખ; ૧ હાથનું દેહ, ૨૦ વર્ષનું આઉ, ઉતરતે આરે મૂંડાહાથની કાયા; ૧૬ વર્ષનું આઉ, ૧ છેવટ્ટુ સંઘયણ ને હુંડ સંઠાણ; ૮ પાંસળી, ઉતરતે આરે ૪ પાંસળી; છ વર્ષની સ્ત્રી ગર્ભ ધરશે; તે કાળા, કુદર્શની, રોગી ને રીસાલ, નખ ને મોવાળા ઘણા, એવા છોકરા પ્રસવશે; તે કુતરીની પેઠે પરિવાર ભેળો ફેરવશે, ગંગા સિંધુ નદીઓ રહેશે; તેમાં ૭૨ બીલ છે, ૩-૩ માળ છે, તેમાં મનુષ્ય, તિર્યંચ, પંખી બીજ માત્ર રહેશે; ગંગાસિંધુ નદીનો દરા જોજ-

નનો મહોટ્ટો ૧૮ છે. તેમાં રથના ચીલા પ્રમાણે, પહોળું ને ગાડાની ધરી બુડે એટલું ઉંડું પાણી રહેશે, તેમાં મચ્છ કચ્છ ઘણાં થશે, ૧ ૭૨ બીલના મનુષ્ય સાંજ ને સવાર મચ્છ કાઢીને વેળુમાં ઢારશે, ત સૂર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે, તેણે કરી સીઝ્યા રહેશે તેનો આહાર કરશે, તેનાં હાડકાં ચામડાં, તિમજ ચાટીને રહેશે; માનવીના માથાની તુંબલીમાં પાણી લાવીને પીશે; એ આરામાં નવકાર, સમકિત, વ્રત પચ્ચખાણ રહિત હશે તે જીવો અવતરશે, એવું જાણી જે જીવ જૈન ધર્મ પાળશે તે સુખી થાશે.

અથ શ્રી ત્રેવીસ પદવીના બોલ.



તેના નામ કહે છે. પ્રથમ ૭ એકેંદ્રિયરત્ન, ૭ પંચેંદ્રિયરત્ન, ૯ મહોટી પદવી. તેહમાં ૭ એકેંદ્રિય રત્નના નામ કહે છે. ચક્ર રત્ન ૧, છત્ર રત્ન ૨, ચર્મ રત્ન ૩, દંડ રત્ન ૪, અસિ રત્ન ૫, મણિ રત્ન ૬, કાંગણિ રત્ન ૭, એ એકેંદ્રિય રત્નના નામ કહ્યા. હવે પંચેંદ્રિય રત્નના નામ કહે છે. સેનાપતિ ૧, ગાથાપતિ ૨, વાર્દ્ધિક ૩, પુરોહિત ૪, સ્ત્રી ૫, અશ્વ ૬, ગજ ૭, એ પંચેંદ્રિય રત્નના નામ કહ્યાં. હવે ૯ મહોટી પદવીના નામ કહે છે-અરિહંતની ૧, ચક્રવર્તિની ૨, બલદેવની ૩, વાસુદેવની ૪, કેવલિની ૫, ૫, સાધુની ૬, શ્રાવકની ૭, સમ્યક્દૃષ્ટિની ૮, મંડલિક રાજાની ૯, એ ૯ મહોટી પદવી કહી. એવં સર્વ મળી ૨૩ પદવી. હવે ૧૪ રત્ન શું શું કામ કરે તે-ચક્ર રત્ન ષટ્ ખંડ સાધતાં માર્ગ બતાવે ૧, છત્ર રત્ન તે ૪૮ કોશ પ્રમાણે છાયા કરે ૨, ચર્મરત્ન તે નદી આદિ પાર ઉતારે ૩, દંડરત્ન તે તમસ ગુફાના દ્વાર ઉઘાડે ૪, અસિરત્ન તે શત્રુને હણે ૫, મણિરત્ન તે ઉદ્યોત કરે ૬, કાંગણિ રત્ન તે ૩૯ આંડલા આલેખે તથા તોલા માપ વધારે ૭, સેનાપતિ તે દેશ સાધે ૮, ગાથાપતિ તે ધાન, રસવતી નિપજાવે ૯, વાર્ધિક તે આવાસ, ઘર નિપજાવે ૧૦, પુરોહિત તે ઘાવ સાજા કરે તથા શાન્તિકર્મ કરે, વિઘ્ન ટાળે, ૧૧, સ્ત્રીરત્ન તે ભોગ-સાંત્વનને કામ આવે ૧૨, અશ્વ ને ગજ બેઉ ચડવાને કામ આવે ૧૪,

હવે ૧૪ રત્ન કયાં કયાં ઉપજે તે કહે છે–ચક્ર ૧, છત્ર ૨, અસિ ૩, દંડ ૪, એ ૪ આયુધશાળામાં ઉપજે. ચર્મ, મણિ ને કાંગણિ એ ૩ લક્ષ્મીના ભંડારમાં ઉપજે. સેનાપતિ ૧, ગાથાપતિ ૨, વાર્ધિક ૩, પુરોહિત ૪, એ ૪ પોતાના નગરમાં ઉપજે. સ્ત્રી વિદ્યાધરની શ્રેણિમાં ઉપજે. અશ્વ ને ગજ એ ૨ વૈતાઢ્યના મૂલે ઉપજે. હવે ૧૪ રત્નની કાયાનું પરિમાણ કહે છે:–ચક્ર, છત્ર ને દંડ એ ૩ વામ પ્રમાણે, વામ તે ૪ હાથ પ્રમાણે, ચર્મરત્ન તે ૨ હાથ પ્રમાણે, ખડ્ગરત્ન તે ૫૦ અંગુલનું લાંબું, ૧૬ અંગુલનું પહોળું, ને અર્દ્ધ અંગુલનું જાડું. મણિરત્ન ૪ અંગુલનું લાંબું ને ૨ અંગુલનું પહોળું. કાંગણિરત્નને છ તળાં, આઠ ખુણા, બાર હાંશા, સોનીની અહિરણને સંઠાણે, ૧ અંગુલનું લાંબું, પહોળું ને ઉંચું. સેનાપતિ ૧, ગાથાપતિ ૨, વાર્દ્ધિક ૩, પુરોહિત એ ૪ ની અવગાહણા ચક્રવર્તિ પ્રમાણે ઉંચી જાણવી. સ્ત્રીરત્ન ચક્રવર્તિથી ૪ અંગુલ નીચી હોય. અશ્વરત્ન ૧૦૮ અંગુલનો લાંબો–કાનના મૂલથી તે પુંછના મૂલ લગે, અને ૮૦ અંગુલનો ઉંચો, ગજરત્ન ચક્રવર્તિથી બમણો ઉંચો હોય. એ ૨૩ પદવી. હવે જે ગતિમાંથી નીકળ્યો તે કેટલી પદવી પામે તે કહે છે. પહેલી નરકના નીકળ્યા ૧૬ પદવી પામે તે ૨૩ માંહેથી ૭ એકેંદ્રિય રત્ન વર્જ્યા ૧, બીજી નરકના નીકલ્યા ૧૫ પદવી પામે. પૂર્વે ૧૬ કહી તેહમાંથી ૧ ચક્રવર્તિની વર્જિ ૨, ત્રીજી નરકના નીકલ્યા તેર પદવી પામે તે ૧૫ માંથી બલદેવ ને વાસુદેવ એ બે વર્જ્યા ૩, ચોથી નરકના નીકલ્યા ૧૨ પદવી પામે તે તેર-માંથી ૧ તીર્થંકર વર્જ્યા ૪, પાંચમી નરકના નીકલ્યા અગિયાર પદવી પામે તે ૧૨ માંહેથી ૧ કેવલિ વર્જ્યા ૫, છઠ્ઠી નરકના નીકલ્યા દશ પદવી પામે તે સાધુજી વર્જ્યા ૬. સાતમી નરકના નીકલ્યા ૩ પદવી પામે–અશ્વ ૧, ગજ ૨, સમ્યક્ત્વ દૃષ્ટિ ૩, એ ૩ પદવી પામે. ૭ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી એ ૩ ના નીકલ્યા એકવિશ પદવી પામે તે વાસુદેવ ૧, ને તીર્થંકર એ ૨, વર્જ્યા. પૃથ્વી, પાણી, વનસ્પતિ, ગર્ભજ મનુષ્ય ને ગર્ભજ તિર્યંચ એટલાના નીકલ્યા ૧૯ પદવી પામે, ૨૩ માંથી તિર્થંકર ૧, ચક્રવર્તિ ૨, બલદેવ ૩, વાસુદેવ ૪, એ ૪ વર્જ્યા. બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરેંદ્રિય, સમુચ્છિમ તિર્યંચ ને સમુચ્છિમ મનુષ્ય એ

૫ ના નીકલ્યા. ૮ પદવી પામે, ૧૯ માંથી ૧ કેવલિ વર્જ્યા. તેઉ-વાઉના નીકલ્યા ૯ પદવી પામે તે ૭ એકેંદ્રિયરત્ન ને હાથી ૧, ઘોડો ૨, એ ૯ પદવી. પનર પરમાધામિ ને પહેલા કિલ્વિષીના નીકલ્યા ૧૬ પદવી પામે તે ૨૩ માંથી ૪ ઉત્તમ પુરૂષ ને ૧ કેવલિ વર્જ્યા. ઉપલ્યા ૨ કિલ્વિષીના નીકલ્યા ૧૧ પદવી પામે તે ૧૮ માંથી ૭ એકેંદ્રિય વર્જ્યા, શેષ ૧૧ પામે. સુધર્મ ૧, ઇશાન ૧, એ બે દેવલોકના નીકલ્યા ૨૨ પદવી પામે. ત્રિજાથી તે આઠમા દેવલોક સુધીના તથા નવ લોકાંતિકના નીકલ્યા ૧૬ પદવી પામે. તે ૨૩ માંથી ૭ એકેંદ્રિય રત્ન વર્જ્યા, શેષ ૧૬ પામે. નવમાથી નવ ગ્રૈવેયક સુધીના નીકલ્યા ચૌદ પદવી પામે તે ૧૬ માંથી અશ્વ ૧, ને ગજ ૧, એ ૨ વર્જ્યા શેષ ૧૪ પામે. પાંચ અનુત્તર વિમાનના નીકલ્યા ૮ પદવી પામે તે ૨૪ માંથી ૧૪ રત્ન ને ૧ વાસુદેવ વર્જ્યા. શેષ ૮ પામે. સંજ્ઞિમાંહિ ૧૫ પદવી લાભે તે ૨૩ માંથી ૭ એકેંદ્રિય ને ૧ કેવલિની એ ૮ વર્જી, શેષ ૧૫ લાભે. અસંજ્ઞિમાંહિ ૮ પદવી લાભે તે ૭ એકેંદ્રિય ને ૧ સમકીતની એ ૮ લાભે. તીર્થંકર તથા ચક્રવર્તિમાં ૬ પદવી લાભે તે તીર્થંકરનાં ૧, ચક્રવર્તિનો ૨, મંડલિકની ૩, સમકિતની ૪, સાધુની ૫, કેવલિની એ ૬ લાભે. વાસુદેવમાં ૩ પદવી લાભે-વાસુદેવની ૧, સમકિતની ૨, મંડલિકની ૩, એ ૩ લાભે. બલદેવમાં પાંચ પદવી લાભે. બલદેવનો ૧, મંડલિકનો ૨, સાધુની ૩, કેવલિની ૪, સમકિત દૃષ્ટિની ૫, એ ૫ લાભે. મનુષ્યમાંહિ પદવી ૧૩ લાભે. નવ મહોટી પદવી ને સેનાપતિ ૧, ગાથાપતિ ૨, વાર્દ્ધિક ૩, પુરોહિત ૪, એવં સર્વ મળી ૧૩ પદવી લાભે. મનુષ્યાણીમાંહી પદવી ૫ લાભે. સમકિતની ૧, શ્રાવિકાની ૨, સાધ્વીની ૩, કેવલિની ૪, સ્ત્રીરત્નની ૫, એ ૫. ઇતિ ૨૩ પદવીના બોલ સમાપ્ત.

—ખરેખરા જ્ઞાનના ભંડાર રૂપ પુસ્તકશાળા જ, બીજી બધી દોલત અને સંપત્તિ કરતાં વધારે કિંમતી છે.

—શુદ્ધ ચારિત્રમય જીવન જ આ મનુષ્યભવની મોંઘી કમાણી છે.

—અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરી જ્ઞાન રૂપી અમૃતનું પાન કરો.

અથ શ્રી વિરહ દ્વાર.

સમુચ્ચય ચાર ગતિનો વિરહકાલઃ જઘન્ય ૧ સમયનો, ઉત્કૃષ્ટો ૧૨ મુહુર્ત્તનો. હવે પહેલી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૨૪ મુહુર્ત્તનો. ૧ બીજી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૭ દિનનો. ૨, ત્રીજી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૧૫ દિનનો ૩, ચોથી નરકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૧ માસનો ૪, પાંચમી નરકે જ૦ ૧ સમયનો ઉ૦ ૨ માસનો. ૫, છઠ્ઠી નરકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૪ માસનો. ૬, સાતમી નરકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૬ માસનો. ૭, ઉપજવાનો તથા ચવવાનો વિરહ પડે. હવે દશ ભવનપતિનો જ૦ ૧ સમયનો, ઉ૦ ૨૪ મુહુર્ત્તનો. પાંચ એકેંદ્રિય અવિરહિયા સંખ્યાતાને ઠામે સંખ્યાતા ઉપજે, અસંખ્યાતાને ઠામે અસંખ્યાતા ઉપજે, અનંતાને ઠામે અનંતા ઉપજે. સમય સમય ઉપજે. સમય સમય ચવે. ત્રણ વિગલેંદ્રિયનો જ૦ ૧ સમયનો, ઉ૦ અંતર્મુહુર્ત્તનો. સમુચ્છિમ તિર્યંચ પંચેંદ્રિયનો જ૦ ૧ સમયનો, ઉ૦ અંતર્મુહુર્ત્તનો, ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયનો જ૦ ૧ સમયનો, ઉ૦ ૧૨ મુહુર્ત્તનો. સમુચ્છિમ મનુષ્યનો જ૦ ૧ સમયનો, ઉ૦ ૨૪ મુહુર્ત્તનો. ગર્ભજ મનુષ્યનો જ૦ ૧ સમયનો. ઉ૦ ૧૨ મુહુર્ત્તનો. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકમાં પહેલા, બીજા દેવલોક સુધી જ૦ ૧ સમયનો, ઉ૦ ૨૪ મુહુર્ત્તનો વિરહ કાલ. ત્રીજે દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ ૯ દિન ને વીશ મુહુર્ત્તનો. ચોથે દેવલોકે જ૦ ૧ સમયે ઉ૦ ૧૨ દિન ને ૧૦ મુહુર્ત્તનો. પાંચમે દેવલોકે જ૦ ૧ સમય ઉ૦ સાડા બાવીશ દિનનો. છઠે દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ ૪૫ દિનનો. સાતમે દેવલોકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૮૦ દિનનો વિરહકાલ. આઠમે દેવલોકે જ૦ ૧ સમયનો, ઉ૦ ૧૦૦ દિનનો. નવમે, દશમે દેવલોકે જ૦ ૧ સમયનો, ઉ૦ સંખ્યાતા માસનો, જ્યાં સુધી ૧ વરસ ન હોય. અગ્યારમે, બારમે દેવલોકે જ૦ ૧ સમયનો ઉ૦ સંખ્યાતા વરસનો, જ્યાં સુધી સો વરસ ન હોય. પહેલી ત્રીકે જ૦ ૧ સમયનો ઉ૦ સંખ્યાતા વર્ષના સેંકડા, જ્યાં લગે હજાર વરસ ન હોય. બીજી ત્રિકે જ૦ ૧ સમયનો, ઉ૦

સંખ્યાતા હજાર વરસ, જ્યાં લગે લાખ વરસ ન હોય. ત્રીજી ત્રીકે જ૦ ૧ સમયનો, ઉ૦ સંખ્યાતા લાખ વરસનો, જ્યાં લગે ક્રોડ વરસ ન હોય. ચાર અનુત્તર વિમાનમાં જ૦ ૧ સમયનો, ઉ૦ પલ્યના અસંખ્યાતા ભાગનો વિરહ કાલ. સર્વાર્થસિદ્ધમાં જ૦ ૧ સમયનો, ઉ૦ પલ્યના સંખ્યાતમા ભાગનો વિરહકાલ. સિદ્ધનો વિરહ જ૦ ૧ સમયનો, ઉ૦ છ માસનો વિરહ કાલ. ચાર ગતિમાં પંચેંદ્રિય આશ્રી વિરહ કાલ જ૦ ૧ સમયનો, ઉ૦ ૧૨ મુહુર્ત્તનો. સર્વ ઇંદ્ર સ્થાનકનો વિરહ જ૦ ૧ સમયનો, ઉ૦ ૬ માસનો. ઇતિ શ્રી વિરહ દ્વાર સમાપ્તં.

અથ શ્રી પ્રમાણ બોધનો થોકડો.

ભવ્ય જીવના બોધને અર્થે ત્રણ પ્રકારના અંગુલ તથા ત્રણ પ્રકારના પલ્યોપમનું માન સૂત્ર અનુયોગદ્વારથી કહે છે, તેમાં પ્રથમ ત્રણ પ્રકારના અંગુલના નામ:-આત્મ અંગુલ ૧, ઉત્સેધાંગુલ ૨, પ્રમાણાંગુલ ૩, આત્મ અંગુલનું નામ કહે છે:- ભરતાદિ ૧૫ ક્ષેત્ર છે, તિહાં જે કાળે જે આરે જે મનુષ્ય હોય તે મનુષ્ય પોતપોતાને ૧૨ અંગુલે ૧ મુખ થાય, અને ૯ મુખે એક પુરૂષનું ઉંચપણાનું માન થાય; એટલે ૧૨ નવા ૧૦૮ આત્મ અંગુલનો પુરૂષ ઉંચો હોય. તે પુરૂષને પ્રમાણોપેત કહિયે. ૧ માનયુક્ત પુરૂષ કેહને કહિયે-પુરૂષ પ્રમાણે ઉંડી કુંડી હોય તેને જળે કરી પરિપૂર્ણ ભરીયે. તેમાં પુરૂષ બેસે. તેવારે એક દ્રોણ પ્રમાણે જળ કુંડી માંહિથી બાહિર નીકળે તથા એક દ્રોણ પ્રમાણે જળે કરી કુંડી ઉંણી હોય તે કુંડિમાં તે પુરૂષ બેસે. પરિપૂર્ણ જળે ભરાય તેને માનોપેત પુરૂષ કહિયે. દ્રોણ તે કેવડો હોય તે કહે છે-બે અસલીયે ૧ પસલી થાય, બે પસલીયે ૧ સઈ થાય, ચાર સઇએ ૧ કુડવ થાય, ચાર કુડવે ૧ પાથો થાય, ચાર પાથે ૧ આઢો થાય, ચાર આઢે ૧ દ્રોણ થાય. એ દ્રોણનું માન કહ્યું. એ રીતે માનોપેત પુરૂષ કહિયે. ૨. ઉન્માનયુક્ત પુરૂષ

કેહને કહિયે–જે પુરૂષ તોળ્યો થકો અર્દ્ધ ભાર થાય તેને ઉન્માનયુક્ત પુરૂષ કહિયે. અર્દ્ધ ભારનું માન કહે છે. એક હજાર ને પચાશ પલે અર્દ્ધ ભાર થાય. એ અર્દ્ધ ભારનું માન કહ્યું. ૩. પ્રમાણ માન ઉન્માનયુક્ત લક્ષણ, સાથિયાદિક વ્યંજન, મસ, તીલાદિક ગુણ, ક્ષમા, દાનાદિક સહિત જે પુરૂષ હોય તે ઉત્તમ પુરૂષ જાણવો. ઉત્તમ પુરૂષ ૧૦૮ આત્મ–અંગુલનો ઉંચો હોય ૧. મધ્યમ પુરૂષ ૧૦૪ આત્મ અંગુલનો ઉંચો હોય. ૨. જે પુરૂષ ૧૦૮ આત્મ અંગુલથી ન્યુનાધિક હોય, સ્વર આદેય વચન ૧, સત્વધીર્ય ૨, સાર તે રૂપાદિ એ ૩ ગુણે વર્જિત હોય તે પરનો દાસ કિંકર થાય. એહવા ૬ આત્મ–અંગુલે ૧ પગના મધ્ય ભાગનું પહોળાપણું થાય. બે પગે ૧ વેંત થાય. બે વેંતે ૧ હાથ, બે હાથે ૧ કુક્ષિ થાય, બે કુક્ષિયે ૧ ધનુષ થાય. બે હજાર ધનુષે ૧ ગાઉ થાય. ચાર ગાઉએ ૧ જોજન થાય. જે કાળે મનુષ્યનું આત્મ અંગુલ હોય તે આત્મઅંગુલે તે વખતના નગર, ગામ, વન, કુવા, તળાવ, વાવ, ગઢ, પોળ, કોઠા, યાન, રથ, ગાડાદિક ૭૩ બોલના નામ કહ્યાં છે. ૧ ઉત્સેધાંગુલનું માન કહે છે. અનંતા સુક્ષ્મ પરમાણુ ભેળા કરીયે ત્યારે ૧ વ્યવહારી પરમાણુ થાય તથા જાળીને વિષે સૂર્યના કિરણ તેમાં રજ ઉડતી દેખાય તે રજનો અનંતમો ભાગ તેને વ્યવહારી પરમાણુ કહીયે. અન્યમતિવાળા રજના તેત્રીસમા ભાગને પરમાણુ કહે છે. તે વ્યવહારી પરમાણુ શસ્ત્રાદિ કોઈ પ્રકારે છેદાય નહિ. અગ્નિમાં બળે નહિ. પાણીમાં ચાલ્યો જાય પણ ભીંજાય નહિ. ગંગા મહાનદીનો પ્રવાહ ઉંચા ચુલહિમવંત પર્વતથી પડે છે તે પ્રવાહ સામો ચાલ્યો જાય પણ ખલાય નહિ, ઘાત પામે નહિ, પાણીના બિંદુમાં રહે પણ પાણી ન થાય. તે અતિ તીક્ષ્ણ શસ્ત્રે કરી દેવતાની શક્તિએ છેદતા એક ખંડનો બીજો ખંડ ન થાય, તેને તત્વજ્ઞાતા પરમાણુ કહે છે. એહવા અનંતા વ્યવહારી પરમાણુ એકઠા મળે તેવારે ૧ ઉષ્ણસન્નિયો થાય. આઠ ઉષ્ણસન્નિયે ૧ સણસન્નિયો થાય. આઠ સણસન્નિયે ૧ ઉર્દ્ધરેણું થાય. આઠ ઉર્દ્ધરેણુયે ૧ ત્રસરેણુ, બેઇંદ્રિયાદિક ત્રસ જીવને ચાલતા રજ ઉડે તે ત્રસરેણુ કહેવાય, આઠ ત્રસરેણુયે ૧ રથરેણુ–રથાદિક હિંડતા રજ ઉડે તે રથરેણુ થાય. આઠ રથરેણુએ ૧ દેવકુરૂ, ઉત્તરકુરૂના જુગલીયા મનુષ્યના વાળાગ્રનું જાડપણું

થાય. આઠ દેવકુરૂ, ઉત્તરકુરૂના વાળાગ્રે ૧ હરિવાસ, રમકવાસ ક્ષેત્રના જુગલિયાના વાળાગ્રનું જાડપણું થાય. આઠ હરિવાસ, રમકવાસના વાળાગ્રે ૧ હેમવય, હિરણ્યવય ક્ષેત્રના જુગલિયાના વાળાગ્રનું જાડપણું થાય. આઠ હેમવય, હિરણ્યવયના વાળાગ્રે ૧ પૂર્વ પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યના વાળાગ્રનું જાડપણું થાય. આઠ પૂર્વ, પશ્ચિમ મહાવિદેહના વાળાગ્રે ૧ ભરત, ઐરવતના મનુષ્યના વાળાગ્રનું જાડપણું થાય. એહવા ૮ વાળાગ્રે ૧ લિખ્ખ થાય, આઠ લિખે ૧ જુ થાય, આઠ જુયે ૧ જવમધ્ય થાય, આઠ જવ મધ્યે ૧ અંગુલ થાય, છ અંગુલે ૧ પગ થાય, ૧૨ અંગુલે ૧ વેંત થાય. ૨૪ અંગુલે ૧ હાથ થાય, ૪૮ અંગુલે ૧ કુક્ષિ થાય, ૯૬ અંગુલે ૧ ધનુષ થાય, ૨ હજાર ધનુષે ૧ ગાઉ થાય, ૪ ગાઉએ ૧ જોજન થાય, એ ઉત્સેધાંગુલે ૨૪ દંડકની અવગાહણા વર્ણવી છે. પ્રમાણાંગુલનું માન કહે છે. ભરતાદ્ધિક ચક્રવર્તિનું કાંગણિ રત્ન હોય. તે ૮ સોનઇયા ભાર છે. સોનઇયાનું તોલ કહે છે-૪ મધુર ત્રિફલે ૧ શ્વેત સરસવ થાય, ૧૬ સરસવે ૧ અડદ થાય, ૨ અડદે ૧ ગુંજા થાય, ૫ ગુંજાયે ૧ માસો થાય, ૧૬ માસે ૧ સોનઇયો થાય, એહવા ૮ સોનઇયા ભારનું કાંગણિ રત્ન હોય. તેને છ તળા, ૮ ખુણા, ૧૨ હાંશ છે, સોનીની અહિરણને સંહાણે છે. તે કાંગણિ રત્નની એકેકી હાંશ ઉત્સેધાંગુલની પહોળી છે. અને જે ઉત્સેધાંગુલ તે સમણ ભગવંત મહાવીરનું અર્દ્ધઅંગુલ થાય. તેને હજારગુણું કરીયે ત્યારે ૧ પ્રમાણાંગુલ થાય. એટલે મહાવીર સ્વામીના પાંચસે આત્મઅંગુલે ૧ પ્રમાણાંગુલ થાય, એહવા ૬ પ્રમાણાંગુલે ૧ પગ થાય, ૧૨ અંગુલે ૧ વેંત થાય, ૨૪ અંગુલે ૧ હાથ થાય. ૪૮ અંગુલે ૧ કુક્ષિ થાય, ૯૬ અંગુલે ૧ ધનુષ થાય, ૨ હજાર ધનુષે ૧ ગાઉ થાય. ૪ ગાઉયે ૧ જોજન થાય, એ પ્રમાણાંગુલે પૃથ્વી, પર્વત, વિમાન, નરકાવાસા, દ્વીપ, સમુદ્ર, નરક, દેવલોક, લોક, અલોક, શાશ્વતી જમીન રત્નપ્રભાદ્ધિક ૨૮ બોલનું તથા દ્વિપસમુદ્રાદિ ૨૮ બોલનું લાંબપણું, પહોળપણું, ઉંચપણું, ઉંડપણું, પરિધિ પ્રમુખના માન વર્ણવ્યા છે. ૩. એ ૩ પ્રકારના અંગુલ કહ્યા, તે પ્રત્યેક પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ-શ્રેણિઅંગુલ ૧, પ્રતરાંગુલ ૨, ઘનાંગુલ ૩. તીહાં અસત્કલ્પનાયે શ્રેણી તે અસંખ્યાતા જોજન કોડાકોડી

પ્રમાણે લાંબી, અને એક આકાશ-પ્રદેશની પહોળી, જાડપણે લોકાંત સુધી હોય તેને શ્રેણી કહીયે. ૧. તે શ્રેણીને શ્રેણી ગુણો કરીયે તેને પ્રતર કહીયે ૨. તે પ્રતરને શ્રેણી ગુણો કરીયે તેને ઘન કહીયે ૩. તે ઘનીકૃત લોકને સંખ્યાતગુણો કરીયે ત્યારે સંખ્યાતા લોક અલોકમાં થાય. તે સંખ્યાતા લોકને અસંખ્યાત ગુણા કરીયે ત્યારે અસંખ્યાતા લોક અલોકમાં થાય. તે અસંખ્યાતા લોકને અનંતગુણા કરીયે ત્યારે અનંતા લોક અલોકમાં થાય. અને તે અનંતા લોકના જેટલા આકાશ પ્રદેશ છે તેટલા નિગોદના એક શરીરમાંહિ નિગોદિયા જીવ છે. અસંખ્યાતા સૂક્ષ્મ નિગોદે ૧ બાદર નિગોદ થાય. એક નિગોદમાં અનંતા જીવ જાણવા, એ ૩ પ્રકારના અંગુલ કહ્યા. ૩ પ્રકારના પલ્યોપમનું માન કહે છે. તેમાં પલ્યોપમના ૩ ભેદ,:-ઉદ્ધાર પલ્યોપમ ૧, અદ્ધાપલ્યોપમ ૨, ક્ષેત્રપલ્યોપમ ૩. એક એકના બબ્બે ભેદ. સૂક્ષ્મ ને બાદર. પ્રથમ બાદર ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ કહે છે-એક જોજનનો ઉત્સેધાંગુલે લાંબો, પહોળો ને ઉંડો એહવો ૧ પાલો (કુવો) કલ્પીયે. તેની ત્રિગુણી ઝાઝેરી પરિધિ હોય. તે પાલો દેવકુરૂ, ઉત્તરકુરૂના જુગલીયાના મસ્તકના કેશ તે એક દિનથી માંડીને ૭ દિનના ઉગ્યા વાલાગ્રે કરી ભરીયે, એવો તો ઠાંસી ઠાંસીને ભરીયે કે અગ્નિમાંહિ બળે નહિ, વાયરે કરી ઉડે નહિ, પાણીયે કરી સડે નહિ, પોલારના અભાવથી વિધ્વંશે નહિ, દુર્ગંધ થાય નહિ, ચક્રવર્તિનું સૈન્ય ઉપર ચાલે તોપણ નમે કે ડોલે નહિ. ગંગા-નદીનો પ્રવાહ ઉપર ચાલે તોપણ પાણીમાંહિ ભેદાય નહિ. પાલામાંથી સમયે સમયે એક એક વાળાગ્ર કાઢીયે, એમ કાઢતાં જેટલે કાળે પાલો ખાલી થાય, બાકી એકે રજ રહે નહિ, તેટલા કાળને બાદર ઉદ્ધાર-પલ્યોપમ કહીયે. તે પલ્યોપમ સંખ્યાતા સમયનો જાણવો. એહવા દશ કોડાકોડી પલ્યોપમે બાદર ઉદ્ધાર સાગરોપમ થાય. કેવળ પરૂપણા માત્ર છે. એ બાદર ઉદ્ધાર પલ્યોપમ ૧, સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું માન કહે છે-જેમ એક જોજનનો પાલો કલ્પિયે તે પૂર્વવત તે પાલામાંહિ દેવકુરૂ, ઉત્તર-કુરૂના જુગલીયાના માથાના કેશ એક દિનથી સાત દિનના ઉગ્યા વાલાગ્ર લઇયે. એકેકા વાલાગ્રના અસંખ્યાતા ખંડ કરીયે, તે ખંડ કેવડા નાના થાય-ચક્ષુ ઇંદ્રિયની અવગ્રહણાથી અસંખ્યાતમે

ભાગે અને નાના સૂક્ષ્મ વનસ્પતિ જીવના શરીરની અવગેહનાથી અસંખ્યાતગુણા મહોટા, અને જેવડું એક બાદર પૃથ્વીકાયના જીવનું શરીર તેવડા વાલાગ્રના ખંડ નાના થાય. તે વાલાગ્રના ખંડ અગ્નિયે બળે નહિ, વાયરે ઉડે નહિ, તે વાલાગ્રને ખંડે કરી પાલો ઠાંસી-ઠાંસીને ભરીયે, તે પાલામાંહિથી સમયે સમયે એકેકો વાલાગ્રનો ખંડ કાઢીયે. એમ કાઢતાં જેટલે કાળે તે પાલો ખાલી થાય, તેટલા કાળને સૂક્ષ્મ ઉદ્ધાર-પલ્યોપમ કહીયે. એ પલ્યોપમ અસંખ્યાતા સમયનો થાય. એહવા દશ કોડાકોડી પલ્યોપમે ૧ સુક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય. એ સાગરોપમે દ્વીપ-સમુદ્રનું માન વર્ણવ્યું છે. અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમય થાય તેટલા દ્વિપ સમુદ્ર ત્રિછા લોકમાં છે. જંબુદ્વિપ એક લાખ જોજનનો લાંબો ને પહોળો એમ ઠામ બમણો લવણ સમુદ્ર બે લાખ જોજનનો. ધાતકી ખંડ ૪ લાખ જોજનનો, એમ ઠામ બમણા અસંખ્યાતા દ્વિપ સમુદ્ર જાણવા. એ સુક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ ૨, અદ્ધા પલ્યોપમનું સ્વરૂપ કહે છે, તેના ૨ ભેદ-સુક્ષ્મ ને બાદર. તેમાં બાદર અદ્ધા પલ્યોપમ કેહને કહીયે. એક જોજનનો લાંબો, પહોળો ને ઉંડો ચારે હાંશે સરખો પૂર્વવત પાલો કલ્પીયે. દેવકુરૂ, ઉત્તરકુરૂ જુગલીયા મનુષ્યના વાળાગ્રે કરી પાલો ઠાંસી-ઠાંસીને ભરીયે. પછી સો સો વરસે એકેકો વાલાગ્ર કાઢીયે. એમ કાઢતાં જેટલે કાળે તે પાલો ખાલી થાય, તેટલા કાળને બાદર અદ્ધા પલ્યોપમ કહીયે. એ પલ્ય સંખ્યાતા કોડિ વરસે થાય. એહવા દશ કોડાકોડી બાદર અદ્ધા પલ્યોપમે ૧ બાદર અદ્ધા સાગરોપમ થાય. કેવલ પ્રરૂપણા માત્ર છે. ૧. સુક્ષ્મ અદ્ધા પલ્યોપમનું સ્વરૂપ કહે છે. એક જોજનનો લાંબો, પહોળો ને ઉંડો પાલો પૂર્વવત્ કલ્પીયે. તેહમાં પૂર્વવત્ દેવકુરૂ, ઉત્તરકુરૂ ક્ષેત્રના જુગલીયાના વાલાગ્રને અસંખ્યાતા ખંડ કરી ભરીયે, પાલામાંથી સો સો વરસે એકેક ખંડ કાઢીયે, જેટલે કાલે તે પાલો ખાલી થાય, તેટલા કાળને સુક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહીયે. એહવા દશ કોડાકોડી પલ્યોપમે ૧ સુક્ષ્મ અદ્ધા સાગરોપમ થાય, એ સાગરોપમે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ ૪ ગતિના આયુષ વર્ણવ્યા છે. ૨ ક્ષેત્ર પલ્યોપમ કહે છેઃ-ક્ષેત્ર પલ્યોપમના ૨ ભેદ-સુક્ષ્મ ને બાદર. તેમાં બાદર ક્ષેત્ર પલ્યોપમ કેહને કહીયે. એક જોજનનો લાંબો,

પહોળો ને ઉંડો પૂર્વવત્ પાલો કલ્પીયે, તેમાં પૂર્વવત્ દેવકુરૂ, ઉત્તરકુરૂ ક્ષેત્રના જુગલીયાના માથાના વાળાગ્ર ભરીયે, તે પાલા માંહિલા વાળાગ્રના ફરસ્યા આકાશ પ્રદેશને સમયે સમયે અપહરતા જેટલે કાળે તે પાલો ખાલી થતાં અસંખ્યાતી અવસર્પિણી વહી જાય, એહવા દશ કોડાકોડી પલ્યોપમે ૧ બાદર ક્ષેત્ર સાગરોપમ થાય, કેવલ પ્રરૂપણા માત્ર છે. મતાંતરે જીવ દ્રવ્યના પરિણામ દાખવ્યા છે. ૧. સુક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમનું સ્વરૂપ કહે છે. એક જોજનનો લાંબો, પહોળો ને ઉંડો પૂર્વવત્ પાલો કલ્પીએ, તેમાં દેવકુરૂ, ઉત્તરકુરૂ ક્ષેત્રના જુગલીયાના વાળાગ્રના અસંખ્યાતા ખંડ કરી ભરીયે, તે પાલા માંહિલા વાળાગ્રના ફરસ્યા આકાશ પ્રદેશ તથા અણુફરસ્યા આકાશ પ્રદેશ છે, તે ફરસ્યા અણ ફરસ્યા આકાશ પ્રદેશને સમયે સમયે અપહરીયે. જેટલે કાળે પાલો ખાલી થાય, તેટલા કાળને ૧ સુક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહીયે. એહવા દશ કોડાકોડી સુક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમે ૧ સુક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ થાય. એ સાગરોપમના દૃષ્ટિવાદ સૂત્રે ભાવ વર્ણવ્યા છે. ૨ એ ત્રણ પ્રકારના પલ્યોપમનું માન કહ્યું. ઇતિ.

અથ શ્રી પચીસ બોલનો થોકડો.

---

૧ પહેલે બોલે મહાવીર પ્રભુએ એકાએક દીક્ષા લીધી અને મોક્ષ પણ એકાએક ગયા. ઉર્દ્ધલોકે સર્વાર્થ સિદ્ધ વિમાન એક લાખ જોજનનું છે, ત્રિછા લોકે જંબુદ્વીપ એક લાખ જોજનનો છે, અધો લોકે સાતમી નરકે અપઇઠાણ નરકાવાસો એક લાખ જોજનનો છે. ચિત્રા નક્ષત્ર, શાંતિ નક્ષત્ર, આર્દ્રા નક્ષત્ર એ ત્રણ નક્ષત્રનો એકેકો તારો કહ્યો છે. ૨ બીજે બોલે ધર્મકરણી કરતી વખતે બે દીશા સન્મુખ બેસી કરવી તે પૂર્વ અને ઉત્તર. બે પ્રકારે ધર્મ કહ્યો છે; ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. બે પ્રકારે જીવ કહ્યા છે, સિદ્ધના જીવ અને સંસારી જીવ. બે પ્રકારે દુઃખ કહ્યું છે, તે શારીરિક દુઃખ અને માનસિક દુઃખ. પૂર્વાફાલ્ગુણી નક્ષત્ર, ઉત્તરાફાલ્ગુણી નક્ષત્ર, પૂર્વાભાદ્રપદ અને ઉત્તરાભાદ્ર-

પદ્ધ એ ચાર નક્ષત્રના બબે તારા કહ્યા છે. ૩ ત્રીજે બોલે શ્રાવક ત્રણ મનોરથ ચિંતવે તે એવી રીતે કે, હે ભગવાન! હું આરંભ અને પરિગ્રહ ક્યારે છાંડીશ? હે ભગવાન! હું પંચ મહાવ્રતધારી ક્યારે થઈશ? હે ભગવાન! હું આલોયણા કરી સંથારો ક્યારે કરીશ? તે વખતે ધન્ય છે. ત્રણ પ્રકારના જિન કહ્યા:-૧. અવધિજ્ઞાની જિન, ૨, મનઃપર્યવજ્ઞાની જિન. ૩ કેવળજ્ઞાની જિન. ત્રણ પ્રકારના પાત્ર સાધુને બબે તે-૧. માટીનું, ૨. તુંબડાનું, ૩. કાષ્ઠનું. સાત નક્ષત્રના ત્રણ ત્રણ તારા કહ્યા છે. અભિચ, શ્રવણ, અશ્વિની, ભરણી, મૃગશર, પુષ્ય, જ્યેષ્ઠા એ સાત નક્ષત્ર, ૪ ચોથે બોલે શ્રાવકને ચાર વીસામા કહ્યા છે. ભાર વહેનારને દૃષ્ટાંતે. એવી રીતે કે ભાર એક ખભેથી બીજે ખભે લે તે એક વીસામો ૧, કોઇ જગ્યાએ એટલે કે ચોતરે બેજો મુકીને પીશાબ કરવા જાય કે ઝાડે ફરવા જાય તે બીજો વીસામો ૨, ગામ દૂર હોય, રસ્તામાં ધર્મશાળા કે યક્ષનું દેવળ આવે ત્યાં રાત રહે તે ત્રીજો વીસામો. ૩, પોતાને કે ધણીને ત્યાં ભાર મૂકે તે ચોથો વીસામો, ૪, હવે એ દૃષ્ટાંત શ્રાવકના ઉપર ઉતારે છે. તે જેમ ભાર લીધો તેમ શ્રાવકને બોજો તે અઢાર પાપ રૂપ. તેના ચાર વીસામા નીચે પ્રમાણે-શ્રાવક આઠમ, પાખી ઉપવાસ, એકાસણું કરે તે પાપ રૂપ બોજો-એક ખાંધેથી બીજે ખાંધે લેવા રૂપ તે પહેલો વીસામો. કેમકે ઉપવાસ કર્યો તે પોતાની જાતને માટે ખાવાનું બંધ કર્યું અથવા પાપ બંધ કર્યું પણ બીજાને માટે કરવું પડે છે, તેથી પહેલો વીસામો જાણવો. ૧, શ્રાવક એક સામાયક, બે સામાયક અથવા બે ઘડીનું, ચાર ઘડીનું દેશાવગાસિક કરે તે બીજો વીસામો જાણવો. કેમકે એટલો વખત પાપમાંથી રોકાયો. ૨, શ્રાવક આઠમ પાખીના પોષધ કરે તે રાત રહેવા રૂપ ત્રીજો વીસામો. ૩, શ્રાવક આલોયણા કરી સંથારો કરે ત્યારે સર્વ પાપથી નિવર્ત્યો એ ભાર ઘેર મુકવા રૂપ ચોથો વિસામો, ૪. શ્રાવકને ચાર પ્રકારનું રાત્રિ-ભોજન કહ્યું છે તે જેમકે રાત્રિએ રાંધે અને દિવસે ખાય તે અશુદ્ધ. ૧, દિવસે રાંધે અને રાત્રિએ ખાય તે પણ અશુદ્ધ, ૨, રાત્રે રાંધે અને રાત્રે ખાય તે પણ અશુદ્ધ. ૩, દીવસે રાંધે અને દીવસે ખાય તે શુદ્ધ ૪, વળી એજ ચાર ભાંગા બીજી રીતે કહે છે:-અંધારી જગ્યાએ

રાંધે અને અજવાળે ખાય તે અશુદ્ધ. ૧, અજવાળામાં રાંધે અને અંધારી જગ્યાએ ખાય તે પણ અશુદ્ધ. ૨, અંધારી જગ્યાએ રાંધે અને અંધારી જગ્યાએ ખાય તે અશુદ્ધ. ૩ અજવાળી જગ્યાએ રાંધે અને અજવાળી જગ્યાએ ખાય તે શુદ્ધ ૪. પૂર્વાષાઢા નક્ષત્ર, ઉત્તરાષાઢા નક્ષત્ર, અનુરાધા નક્ષત્ર, એ ત્રણના ચાર ચાર તારા કહ્યા છે. ૫ પાંચમે બોલે સમકિતના લક્ષણ પાંચ. સંમ ૧, સંવેગ ૨, નિર્વેગ ૩, અનુકંપા ૪, આસ્તા ૫. પાંચ સમકિતના દુષણ કહ્યા છેઃ-મિથ્યાત્વીએ બોલાવ્યા પહેલાં પોતે તેને બોલાવે તે. ૧, મિથ્યાત્વીના સામું વારંવાર જોવું તે. ૨, મિથ્યાત્વીને પહોંચાડવા જવું તે. ૩. કામ વિના તેનાં મકાન ઉપર જવું તે. ૪. વારંવાર તેના મકાન ઉપર જવું તે. ૫. એ પાંચ દુષણ. પાંચ સમકિતનાં ભૂષણ કહે છે. ધર્મને વિષે ચતુરાઇ રાખે તે સમકિતનું ભૂષણ. ૧. જિનશાસનને અનેક રીતે દીપાવે તે, ૨. સાધુની સેવા કરે તે. ૩. ધર્મથી ડગતાને સ્થિર કરે તે. ૪. સાધુ, સ્વધર્મીની વૈયાવચ્ચ કરે તે. ૫. એ પાંચ ભૂષણ જાણવા. શરીરમાંહેથી પાંચ ઠેકાણેથી જીવ નીકળે તે કહે છે. પગને તળીએથી નીકળે તે નરકે જાય. ૧. જાંગેથી નીકળે તે તિર્યંચમાં જાય. ૨. છાતીએથી નીકળે તે મનુષ્યમાં જાય, ૩. મસ્તકેથી નીકળે તે દેવલોકમાં જાય. ૪. અને સર્વાંગથી નીકળે તે મોક્ષ જાય. ૫, પાંચ પ્રકારે જીવ ધર્મ ન પામે તે કહે છે. અહંકારી ૧, ક્રોધી ૨, રોગી ૩, પ્રમાદી ૪. આળસુ ૫. પાંચ નક્ષત્રના પાંચ પાંચ તારા કહ્યા છે તે રોહીણી ૧, પુનર્વસુ ૨, ધનિષ્ટા ૩, વિશાખા ૪, હસ્ત ૫. ૬ છઠે બોલે છ પ્રકારે સાધુ આહાર કરે તે કહે છે-ક્ષુધાવેદની સમાવવાને માટે. ૧ વયાવચ્ચ કરવાને માટે. ૨, ઇરીયાસુમતિ શોધવાને માટે, ૩, સંયમના નિર્વાહને માટે. ૪, આયુષ્ય નિભાવવાને માટે. ૫, રાત્રીએ ધર્મ જાગરણ કરવાને માટે. ૬. છ ધર્મના દેવ ગુરૂના નામ કહે છે-જૈન ધર્મમાં દેવ અરિહંત, ગુરૂ નિર્ગ્રંથ. ૧, બૌદ્ધ મતમાં દેવ બુદ્ધ, ગુરૂ કુંગી. ૨, શીવ મતમાં દેવ રૂદ્ર, ગુરૂ યોગી, ૩. દેવી મતમાં દેવી ધર્મ, ગુરૂ વૈરાગી. ૪. ન્યાય મતમાં દેવ જગતકર્તા; ગુરૂ સંન્યાસી. ૫, મીમાંસક મતમાં દેવ અલખ, ગુરૂ દરવેશ, ૬, સમકિતની છ જતના કહે છે-અન્યતીર્થના ગુણગ્રામ ન કરે. ૧, અન્યતીર્થીને માને,

વાંદે ને પૂજે નહિ, ૨, અન્યતીર્થીને બોલાવ્યા વિના પોતે બોલે નહિ, ૩, વારંવાર એ સાથે અલાપ સલાપ કરે નહિ. ૪, અન્યતીર્થીને તરણતારણ માની અન્ન પાણી આપે નહિ. (દયાબુદ્ધિ, અનુકંપાનો આગાર) ૫, અન્યતીર્થીને ધર્મબુદ્ધિએ વસ્ત્ર, પાત્ર આપે નહિ. સાતા નિમિત્તે આપે ૬, છ લેશ્યાના વિચાર કહે છે. કૃષ્ણ લેશ્યાવાળાને જીવહિંસા કરવાની ઇચ્છા હોય ૧, નીલ લેશ્યાવાળાને ચોરીની ઇચ્છા હોય. ૨, કાપુત લેશ્યાવાળાને મૈથુનની ઇચ્છા હોય. ૩, તેજુ લેશ્યાવાળાને તપશ્ચર્યા કરવાની ઇચ્છા હોય. ૪, પદ્મ લેશ્યાવાળાને દાન દેવાની ઇચ્છા હોય. ૫, શુકલ લેશ્યાવાળાને મોક્ષની ઇચ્છા હોય. ૬, કૃતિકા, અશ્લેષા એ બે નક્ષત્રના છ છ તારા છે. ૭, સાતમે બોલે સાત કારણે છદ્મસ્ત જાણવો. પ્રાણાતિપાત લગાડે. ૧, મૃષાવાદ લગાડે. ૨, અદત્તાદાન લગાડે. ૩, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તેનો સ્વાદ લે. ૪, પૂજા સત્કાર વાંછે. ૫, નિર્વદ્ય પરૂપે પણ સાવદ્ય લાગે. ૬, જેવું પરૂપે તેવું કરી શકે નહિ. ૭, એ સાત વાના જેનામાં હોય તે છદ્મસ્ત જાણવો. સાત પ્રકારે આઉખું ઘટે તે કહે છે-શ્વાસકો પડવાથી મરે. ૧, શસ્ત્રથી મરે. ૨, મંત્ર મુઠથી મરે. ૩, ઘણે આહારે અજીર્ણથી મરે. ૪, શુલાદિક વેદનાથી મરે. ૫, સર્પાદિક કરડથી મરે. ૬, શ્વાસોશ્વાસ રૂંધાવાથી મરે, ૭, એ સાત પ્રકારે આઉખું તુટે. ૭, હવે સાત નય કહે છે, નિગમ નય, ૧, સંગ્રહ નય, ૨, વ્યવહાર નય, ૩, ઋજુ સૂત્ર નય, ૪, શબ્દનય, ૫, સમારૂઢ નય, ૬, એવંભૂત નય, ૭, એ સાત પ્રકારે નય કહ્યા. મઘા નક્ષત્રના સાત તારા કહ્યા છે. ૮, આઠમે બોલે આચાર્યની આઠ સંપદા, આચાર-સંપદા, ૧, શરીર સંપદા, ૨, સૂત્ર સંપદા, ૩, વચન સંપદા, ૪ પ્રયોગ સંપદા, ૫, મતિ સંપદા, ૬, સંગ્રહ સંપદા, ૭, વાચના સંપદા, ૮, એકલવિહારી સાધુ-સાધ્વીના આઠ અવગુણ કહ્યા છે તેના નામ-ક્રોધી હોય તે એકલો રહે. ૧, અહંકારી હોય તે એકલો રહે. ૨, કપટી હોય તે એકલો રહે, ૩, લોભી હોય તે એકલો રહે. ૪, પાપ કરવામાં આશક્ત હોય તે એકલો રહે. ૫, કુતુહલી-મશકરો હોય તે એકલો રહે, ૬, ધુતારો હોય તે એકલો રહે. ૭, આઠ આચારનો ધણી હોય તે એકલો રહે, ૮, આઠ ગુણનો ધણી એકલો હોય તેના નામ-સંયમને વિષે દૃઢ પ્રણામનો ધણી ગુરૂની

આજ્ઞા લઈ એકલો રહે. ૧, ઘણા સૂત્રનો જાણ એકલો રહે, ૨, જઘન્ય દશ પૂર્વનો ભણેલો ઉત્કૃષ્ટ ચઉદ પૂર્વનો ભણેલો એકલો રહે, ૩, ચાર જ્ઞાનનો ધણી એકલો રહે, ૪, મહામળનો ધણી એકલો રહે, ૫, ક્લેશ રહિત હોય તે એકલો રહે, ૬, સંતોષી હોય તે એકલો રહે, ૭, ધૈર્યવંત હોય તે એકલો રહે, ૮, આઠ ઠેકાણે મનુષ્યને ઘેલાપણું ઉત્પન્ન થાય તે કહે છે-નરનારી પરસ્પર વાતો કરે ત્યારે ઘેલા, ૧, બાળકને રમાડે ત્યારે ઘેલા, ૨, ક્લેશ કરે ત્યારે ઘેલા, ૩, દારૂ, ભાંગ, કેફી પદાર્થ પીએ ત્યારે ઘેલા, ૪, પેચમાંય પાઘડી બાંધીને ફરે ત્યારે ઘેલા, ૫, અરીસામાં મુખ જુએ ત્યારે ઘેલા, ૬, શયન સમય ઘેલા, ૭, હોળીમાં પુરૂષો અને અપાઢી પુનમે સ્ત્રીઓ, ૮, દેખતા આઠ પ્રકારે અંધ કહ્યા તે કહે છે, કામાંધ ૧, ક્રોધાંધ ૨, કૃપણાંધ ૩, માનાંધ, ૪, મદ્યાંધ ૫, ચોરાંધ ૬, જુગટયાંધ ૭, ચુગલ્યાંધ ૮, એ આઠ આંધળા જાણવા. આઠ મહાપાપી કહે છે-આત્મ-ઘાતી મહા પાપી, ૧, વિશ્વાસઘાતી મહાપાપી, ૨, ગુણ ઓળવનાર મહા પાપી ૩, ગુરૂ-દ્રોહી મહા પાપી. ૪ કુડી સાક્ષી પૂરે તે મહા પાપી, ૫, ખોટી સલાહ આપે તે મહા પાપી, ૬, પચ્ચખાણ વારંવાર ભાંગે તે મહા પાપી, ૭, હિંસામય ધર્મ પરૂપે તે મહા પાપી, ૮, નવમે બોલે નવ પ્રકારે શરીરમાં રોગ ઉપજે તે કહે છે-ઘણું ખાય તો રોગ ઉપજે. ૧, અજીરણમાં ખાય તથા ઘણું બેસી રહે તો રોગ ઉપજે, ૨, ઘણું ઉંઘે તો રોગ ઉપજે, ૩, ઘણું જાગે તો રોગ ઉપજે ૪, દિશા રોકે તો રોગ ઉપજે, ૫, પિશાબ રોકે તો રોગ ઉપજે, ૬, ઘણું ચાલે તો રોગ ઉપજે, ૭, અણગમતી વસ્તુ ભોગવે તો રોગ ઉપજે. ૮, વારંવાર વિષય સેવે તો રોગ ઉપજે. ૯. નવ બોલ સમજવાના કહ્યા તે કહે છે. રજપુતને ક્રોધ ઘણો. ૧, ક્ષત્રીયને માન ઘણું. ૨, ગુણકાને માયા ઘણી, ૩, બ્રાહ્મણને લોભ ઘણો, ૪, મિત્રને રાગ ઘણો. ૫, શ્વેાકને દ્વેષ ઘણો. ૬, જુગારીને શોચ ઘણો. ૭. ચોરની માતાને ચિંતા ઘણી. ૮, કાયરને ભય ઘણો. ૯. દશમે બોલે નારકીના જીવને દશ પ્રકારની વેદના કહે છે-અનંતી ભૂખ, ૧, અનંતી તરસ. ૨. અનંતી ટાઢ ૩, અનંતી ગરમી. ૪, અનંતો દાઘ. ૫, અનંતો ભય. ૬, અનંતો જવર. ૭, અનંતી ખરજ. ૮ અનંતુ પરવશપણું ૯, અનંતો શોક ૧૦. દશ પ્રકારે શ્રાવકને પસ્તાવું પડે તે કહે છે-

સાધુનો જોગવાઇ હોય અને પ્રશ્નાદિક પૂછે નહિ તો સાધુ વિહાર કર્યા પછી પસ્તાવું પડે. ૧, વખાણ વાણી સાંભળે નહિ તો પસ્તાવું પડે. ૨, સામાયિક—પ્રતિક્રમણ કરે નહિ તો પસ્તાવું પડે. ૩, આહાર પાણી અસુઝતો હોય તો પસ્તાવું પડે. ૫. સ્વધર્મીની ખબર લે નહિ તો પસ્તાવું પડે. ૬, ધર્મ જાગરણ જાગે નહિ તો પસ્તાવું પડે. ૭, સાધુની વિનયભક્તિ કરે નહિ તો પસ્તાવું પડે, ૮, સાધુની સાર સંભાળ લે નહિ તો પસ્તાવું પડે. ૯, સાધુ વિહાર કરી જાય ને ખબર ન પડે તો પસ્તાવું પડે. ૧૦ દશ કારણે દેવતાનું આયુષ્ય બંધાય. દશ પ્રકારે જ્ઞાનમાં વૃદ્ધિ કરનાર નક્ષત્રનાં નામ–મૃગસર. ૧, આર્દ્રા. ૨, પુષ્ય. ૩, પૂર્વા ભાદ્રપદ, ૪, પૂર્વાષાઢા. ૫, પૂર્વાફાલ્ગુની. ૬, મૂળ. ૭, અશ્લેષા. ૮, હસ્ત. ૯, ચિત્રા. ૧૦, એ દશ નક્ષત્રમાં જ્ઞાન ભણે તો વૃદ્ધિ થાય ને વિઘ્ન જાય. ૧૧ અગીઆરમે બોલે મહાવીરના ૧૧ ગણધરના નામ કહે છે-ઇંદ્રભૂતિ. ૧, અગ્નિભૂતિ, ૨, વાયુભૂતિ, ૩, વ્યક્ત. ૪, સુધર્મા સ્વામી. ૫, મંડિત પુત્ર. ૬ મૌરીપુત્ર, ૭, અકંપીત ૮, અચળ ભ્રાતા. ૯, મહેતાર્ય. ૧૦, પ્રભાસ. ૧૧, અગિયાર બોલે જ્ઞાન વધે તે કહે છે-ઉદ્યમ કરતા જ્ઞાન વધે, ૧, નિદ્રા તજે તો જ્ઞાન વધે ૨, ઉણોદરી કરે તો જ્ઞાન વધે. ૩, થોડું બોલે તો જ્ઞાન વધે. ૪, પંડિતની સોબત કરે તો જ્ઞાન વધે. ૫, વિનય કરે તો જ્ઞાન વધે, ૬. કપટરહિત તપ કરે તો જ્ઞાન વધે. ૭, સંસાર અસાર જાણે તો જ્ઞાન વધે. ૮, માંહોમાંહી ચર્ચા-વાર્તા કરે તો જ્ઞાન વધે. ૯, જ્ઞાની પાસે ભણે તો જ્ઞાન વધે. ૧૦, ઇંદ્રિયોના વિષયનો ત્યાગ કરે તો જ્ઞાન વધે, ૧૧, મૂળ નક્ષત્રના અગીઆર તારા છે. ૧૨–બારમે બોલે બાર કારણે આત્માનું પરમ કલ્યાણ થાય તે કહે છે–સમકિત નિર્મળ પાળે તો આત્માનું પરમ કલ્યાણ થાય–શ્રેણીક રાજાની પેરે ૧, નિયાણારહિત કરણી કરે તો પરમ કલ્યાણ થાય-તામલી તાપસની પેરે, ૨, મન વચન કાયાના જોગ કબજે રાખે તો પરમ કલ્યાણ થાય. ગજસુકુમાલ મુનિની પેરે, ૩, છતો શક્તિએ ક્ષમા કરે તો પરમ કલ્યાણ થાય-પરદેશી રાજાની પેરે, ૪. પાંચ ઇંદ્રિનું દમન કરે તો પરમ કલ્યાણ થાય-ધર્મરૂચી અણગારની પેરે, ૫, સાધુનો શુદ્ધ આચાર પાળે તો પરમ કલ્યાણ થાય-ધના અણ-

ગારની પેરે. ૬, ધર્મ ઉપર શ્રદ્ધા-પ્રતિત રાખે તો પરમ કલ્યાણ થાય-વરૂણ નાગ નતુયાના મિત્રની પેરે, ૭, માયા કપટ છોડે તો પરમ કલ્યાણ થાય-મલ્લિનાથના છ મિત્રની પેરે. ૮, આશ્રવમાં સંવર નીપજાવે તો પરમ કલ્યાણ થાય-સંજતિ રાજાની પેરે. ૯, રોગ આવે હોય એોય ન કરે તો પરમ કલ્યાણ થાય-અનાથી નિર્ગ્રંથની પેરે. ૧૦, પરિસહ આવ્યા સમભાવ રાખે તો પરમ કલ્યાણ થાય-મેતારજ મુનિની પેરે, ૧૧, તૃષ્ણા ઉત્પન્ન થઇ તેને પાછી વાળે તો પરમ કલ્યાણ થાય-કંપીલ કેવળીની પેરે. ૧૨. ૧૩-તેરમે બોલે તેર તણુખા કહે છે જન્મરૂપી ૨ અને મરણરૂપી તણુખો. ૧, સંજોગરૂપી ૨ અને વિજોગરૂપી તણુખો. ૨, શાતારૂપી ૨ અને અશાતારૂપી તણુખો ૩. સંપદારૂપી ૨ અને આપદારૂપી તણુખો ૪, હરખરૂપી ૨ અને શોગરૂપી તણુખો. ૫, શીલરૂપી ૨ અને કુશીલરૂપી તણુખો. ૬, જ્ઞાનરૂપી ૨ અને અજ્ઞાનરૂપી તણુખો. ૭, સમકિતરૂપી ૨ અને મિથ્યાત્વરૂપી તણુખો. ૮, સંજમરૂપી ૨ અને અસંજમરૂપી તણુખો, ૯, તપસ્વીરૂપી ૨ અને ક્રોધરૂપી તણુખો, ૧૦, વિવેકરૂપી ૨ અને અભિમાનરૂપી તણુખો, ૧૧, સ્નેહરૂપી ૨ અને માયારૂપી તણુખો, ૧૨, સંતોષરૂપી ૨ અને લોભરૂપી તણુખો, ૧૩, એ તેર તણુખા. હવે તેર કાઠીઆ કહે છે. જુગાર ૧, આળસ ૨, શોક ૩, ભય ૪, વિકથા ૫, કૌતક ૬, ક્રોધ ૭, કૃપણ બુદ્ધિ ૮, અજ્ઞાન ૯, વહેમ ૧૦, નિદ્રા ૧૧, મદ ૧૨, મોહ ૧૩, એ તેર કાઠીઆ. ૧૪-ચૌદમે બોલે વ્યાખ્યાન સાંભળનારના ૧૪ ગુણ કહે છે-ભક્તિવંત હોય. ૧, મીઠાબોલો હોય ૨, ગર્વ રહીત હોય ૩, સાંભળ્યા ઉપર રૂચી હોય ૪, ચપળતારહિત એકાગ્ર ચિત્તે સાંભળનાર હોય ૫, જેવું સાંભળે તેવું પૂછનારને બરાબર કહે ૬, જિન-વાણીને પ્રકાશમાં લાવનાર હોય ૭, ઘણાં શાસ્ત્ર સાંભળીને તેના રહસ્યનો જાણ હોય ૮, ધર્મકાર્યમાં આળસ ન કરનાર હોય ૯, ધર્મ સાંભળતા નિદ્રા ન કરનાર હોય ૧૦, બુદ્ધિવંત હોય ૧૧, દાતાર ગુણ હોય ૧૨. જેની પાસે ધર્મ સાંભળે તેના ગુણનો ફેલાવો કરનાર હોય ૧૩, કોઇની નિંદા ન કરે તેમજ તેમનો વાદવિવાદ ન કરે ૧૪, ૧૫ પંદરમે બોલે વિનીત શિષ્યના પંદર ગુણ કહે છે-ગુરૂથી નીચા આસને બેસવાવાળો હોય ૧, ચપળપણા રહિત હોય ૨, માયા

રહિત હોય ૩, કુતુહળ રહિત હોય ૪, કર્કશ વચનરહિત હોય ૫, લાંબો વખત પહોંચે તેવો ક્રોધ ન કરનાર હોય ૬, મિત્ર સાથે મિત્રતા રાખે ૭, સૂત્ર ભણી મદ ન કરે ૮, આચાર્યાદિકની નિંદા ન કરે. ૯, શિખામણ દેનાર ઉપર ક્રોધ ન કરે ૧૦, પુંઠ પાછળ વાલેસરીના ગુણ બોલે ૧૧, કલેશ, મમતા રહિત હોય ૧૨, તત્વનો જાણ હોય ૧૩, વિનયવંત તથા ઇંદ્રિનો દમનાર હોય ૧૫, સોલમે બોલે સોલ પ્રકારના વચન જાણવા તે કહે છે-એક વચન ઘટ, પટ, વૃક્ષ ૧, દ્વિવચન ઘટૌ, પટૌ, વૃક્ષૌ ૨, બહુવચન ઘટા, પટા, વૃક્ષા ૩, સ્ત્રીલિંગે વચનઃ-કુમારી, નગરી, નદી. ૪, પુરૂષલિંગે વચન-દેવ, નર, અરિહંત, સાધુ. ૫, નપુંસકલિંગે વચન-કપટ, કમળ, નેત્ર. ૬, અતીતકાળ વચન (ગયો કાળ)-કરેલું, થએલું, ૭ અનાગતકાળ વચન (આવતો કાળ) કરશે, થશે, ભાંગશે. ૮, વર્તમાનકાળ વચન-કરે છે, થાય છે, ભણે છે. ૯ પરોક્ષ વચન-એ કાર્ય તેણે કર્યું ૧૦, પ્રત્યક્ષ વચન—એમજ છે ૧૧, ઉપનિત વચન-એ પુરૂષ રૂપવંત છે ૧૨, અપનીત વચન-જેમ એ પુરૂષ કુરૂપવંત છે ૧૩, ઉપનીત અપનીત વચન-જેમ એ રૂપવંત પણ કુશીલિઓ છે ૧૪, અપનીત ઉપનીત વચન-જેમ એ પુરૂષ કુશીલિઓ પણ રૂપવંત છે ૧૫, અધ્યાત્મ વચન-ભગ્ન બોલે (તુટેલું વચન), ૩ વાણીઆની પેરે ૩ પા. ૧૬. સત્તરમે બોલે સત્તર પ્રકારનો સંયમ કહે છે-પૃથ્વીકાયની દયા પાળવી તે સંયમ ૧, અપકાયની દયા પાળવી તે સંયમ ૨, તેઉકાયની ૩, વાયુકાયની ૪, વનસ્પતિકાયની ૫, બેઇંદ્રિયની ૬, તેઇંદ્રિયની ૭, ચઉરેંદ્રિયની ૮, પંચેંદ્રિની ૯, અજીવકાયની ૧૦, પેહાની ૧૧, ઉપેહાની ૧૨, પમજણાની ૧૩, પરીઠાવણીયા ૧૪, મન ૧૫, વચન ૧૬, કાયા ૧૭, એ સત્તર પ્રકારનો સંયમ. ૧૭. અઢારમે બોલ અઢાર દ્રવ્ય દિશા કહે છે. પૂર્વ ૧, પશ્ચિમ ૨, ઉત્તર ૩, દક્ષિણ ૪, ઇશાન ખુણો ૫, અગ્નિખુણો ૬, નૈઋત્ય ખુણો ૭, વાયવ્ય ખુણો ૮, વિદીશીના આઠ આંતરા એ બધા થઇને સોળ, ઉંચી સત્તર અને નીચી અઢાર, એ અઢાર. ભાવ દિશા કહે છે-પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, અગ્રબીઆ ૫, મૂળબીઆ ૬, પોરબીઆ ૭, બંધબીઆ ૮, બેઇંદ્રિય ૯, તેઇંદ્રિય ૧૦, ચઉરેંદ્રિય ૧૧, પંચેંદ્રિય ૧૨, તિર્યંચ ૧૩, કર્મભૂમિ ૧૪, અકર્મભૂમિ ૧૫, છપન અંતરદ્વીપા ૧૬, દેવતા

૧૭, નારકી ૧૮. એ અઢાર. ૧૯–ઓગણીસમે બોલે કાઉસગ્ગના ઓગણીશ દોષ કહે છે. ઠીંચણ ઉપર એક પગ રાખીને કાઉસગ્ગ કરે તો દોષ ૧, કાયા આધીપાછી હલાવે તો દોષ ૨, ઉઠીંગણ દે તો દોષ ૩, માથુ નમાવી ઉભો રહે તો દોષ ૪, બે હાથ ઉંચા રાખે તો દોષ ૫, મોઢે માથે ઓઢે તો દોષ ૬, પગ ઉપર પગ રાખે તો દોષ ૭, શરીર વાંકુ રાખે તો દોષ ૮, સાધુની બરાબર રહે તો દોષ ૯, ગાડાની ઉધની પેરે ઉભો રહે તો દોષ ૧૦, કેડથી વાંકો ઉભો રહે તો દોષ ૧૧, રજહરણ ઉંચો રાખે તો દોષ ૧૨, એક આસને ન રહે તો દોષ ૧૩, આંખ ઠેકાણે ન રાખે તો દોષ ૧૪, માથું હલાવે તો દોષ ૧૫, બોંખારો કરે તો દોષ ૧૬, ઠીલ હલાવે તો દોષ, ૧૭, ઠીલ મરડે તો દોષ ૧૮, શુન્ય ચિત્ત રાખે તો દોષ ૧૯, ૨૦ વીસમે બોલે વીસ પ્રકારે જીવ તીર્થંકર ગોત્ર બાંધે તે કહે છે:–અરિહંતના ગુણગ્રામ કરે તો કર્મની કોડ ખપાવે, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર ગોત્ર બાંધે ૧, સિદ્ધના ગુણગ્રામ કરે તો ૨, સિદ્ધાંતના ગુણગ્રામ કરે તો ૩, ગુરૂના ગુણગ્રામ કરે તો ૪, સ્થિવરના ગુણગ્રામ કરે તો ૫, બહુસૂત્રીના ગુણગ્રામ કરે તો ૬, તપસ્વીના ગુણગ્રામ કરે તો ૭, જ્ઞાન ઉપર ઉપયોગ વારંવાર રાખે તો ૮, શુદ્ધ સમકિત પાળે તો ૯, વિનય કરે તો ૧૦, બે વખત પ્રતિક્રમણ કરે તો ૧૧, વ્રત પચ્ચખાણ ચોખ્ખાં પાળે તો ૧૨, ધર્મધ્યાન, શુકલધ્યાન ધ્યાવે તો ૧૩, બાર ભેદે તપ કરે તો ૧૪, સુપાત્રને દાન દે તો ૧૫, વૈયાવચ્ચ કરે તો ૧૬, સર્વ જીવને સુખ ઉપજાવે તો ૧૭, અપૂર્વ જ્ઞાન ભણે તો ૧૮, સૂત્રની ભક્તિ કરે તો ૧૯, તીર્થંકરનો માર્ગ દીપાવે તો ૨૦, એ વીસ. ૨૧–એકવીશમે બોલે શ્રાવકના એકવીશ ગુણ કહે છે:– અક્ષુદ્ર ૧, જશવંત ૨, સૌમ્ય પ્રકૃતિ ૩, લોકપ્રિય ૪, સ્વભાવ આકરો નહિ ૫, પાપથી ડરે ૬, શ્રદ્ધાવંત ૭, લબ્ધલક્ષ ૮, લજ્જાવંત ૯, દયાવંત ૧૦, મધ્યસ્થ ૧૧, ગંભીર ૧૨, સૌમ્યદૃષ્ટિ ૧૩, ગુણરાગી ૧૪, ધર્મકથક ૧૫, સાચાનો પક્ષ કરનાર ૧૬, શુદ્ધ વિચારી ૧૭, વરડાની રીતે ચાલનાર ૧૮, વિનયવંત ૧૯, કીધેલા ગુણને ભૂલે નહિ ૨૦, પરહિતકારી ૨૧, એ એકવીશ. ૨૨–બાવીસમે બોલે બાવીસ જણ સાથે વાદ ન કરવો તે કહે છે:– ધનવંત સાથે ૧. બળવંત સાથે ૨, ઘણા પરિવાર સાથે ૩,

તપસ્વી સાથે ૪, હલકા માણસ સાથે ૫, અહંકારી સાથે ૬, ગુરૂ સાથે ૭, સ્થિવર સાથે ૮, ચોર સાથે. ૯, જુગારી સાથે ૧૦, રોગી સાથે ૧૧, ક્રોધી સાથે ૧૨, જુઠાબોલા સાથે ૧૩, કુસંગી સાથે ૧૪, રાજા સાથે ૧૫, શીતળ લેશાવાળા સાથે ૧૬, તેજુ લેશાવાળા સાથે ૧૭, મોઢે મીઠાબોલા સાથે ૧૮, દાનેશ્રી સાથે ૧૯, જ્ઞાની સાથે ૨૦, ગુણકા સાથે ૨૧, બાળક સાથે ૨૨, એ બાવીસ. ૨૩-ત્રેવીસમે બોલે પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષય કહે છેઃ-શ્રોતેંદ્રિયના ત્રણ વિષય-જીવ શબ્દ ૧, અજીવ શબ્દ ૨, મિશ્ર શબ્દ ૩, ચક્ષુ ઇંદ્રિયના પાંચ વિષય-કાળો ૧, પીળો ૨, લીલો ૩, રાતો ૪, ધોળો ૫, ઘ્રાણેંદ્રિયના બે વિષય-સુર્ભી ગંધ ૧, દુર્ભી ગંધ ૨, કુલ દશ. રસ ઇંદ્રિયના આઠ વિષય તે ખરખરો ૧૧, સુંહાળો ૧૨, હલકો ૧૩, ભારે ૧૪, ટાઢો ૧૫, ઉનો ૧૬, લુખો ૧૭, ચીકણો ૧૮, રસઇંદ્રિયના પાંચ વિષય-તીખો ૧૯, કડવો ૨૦, કષાયલો ૨૧, ખાટો ૨૨, મીઠો ૨૩, ૨૪-ચોવીસમે બોલે ચોવીસ ટોટા કહે છેઃ-ભણવા ગણવાની આળસ કરે તો જ્ઞાનનો ટોટો-બહુસૂત્રોની શાખ ૧, સાધુ સાધ્વીના દર્શન ન કરે તો સમકિતનો ટોટો-સોમિલ બ્રાહ્મણની સાખ ૨, વખતસર પ્રતિક્રમણ ન કરે તો વ્રત-પચ્ચખાણનો ટોટો-ઉત્તરાધ્યયન અધ્યયન ૨૫ ની શાખ ૩, સાધુ-સાધ્વી માંહોમાંહી વૈયાવચ્ચ ન કરે તો તીર્થંનો ટોટો-ઠાણાંગની શાખ ૪, તપસ્યાની ને આચારની ચોરી કરે તો દેવતામાં ઉંચી પદવીનો ટોટો-દશવૈકાલિક ભગવતીની શાખ ૫, કૃષ્ણ કલુશ ભાવ રાખે તો શીતળતાનો ટોટો-સમાવાયાંગની શાખ ૬, અજતનાથી ચાલે તો જીવ-દયાનો ટોટો-દશવૈકાલીકની શાખ ૭, રૂપનો ને યૌવનનો મદ કરે તો શુભ કર્મનો ટોટો-પન્નવણાની શાખ ૮, મોટાનો વિનય ન કરે તો તીર્થંકરની આજ્ઞાનો ટોટો-વ્યવહાર સૂત્રની શાખ ૯, માયા કપટ કરે તો જશ-કીર્તિનો ટોટો-આચારાંગની શાખ ૧૦, પાછલી રાત્રે ધર્મ-જાગિકા ન જાગે તો-ધર્મધ્યાનનો ટોટો, નીશીથની શાખ ૧૧, ક્રોધ કલેશ કરે તો સ્નેહભાવનો ટોટો-ચેડા કૃણિકની શાખ ૧૨, મન ઉંચું નીચું કરે તો અકલનો ટોટો-ભૃગુ પુરોહિતની શાખ ૧૩, સ્ત્રીના લાલચુને બ્રહ્મચર્યનો ટોટો-ઉત્તરાધ્યયનની શાખ ૧૪, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા માંહોમાંહી હેત મેળાપ ન રાખે તો જૈન ધર્મનો

ટોટો–શંખ પોખલીજીની શાખ ૧૫, સુપાત્રને ઉલ્લાસ ભાવે દાન ન આપે તો પુણ્ય પ્રકૃતિનો ટોટો–કપીલા દાસીની શાખ ૧૬, સાધુ ગામ નગર વિહાર ન કરે તો ધર્મ કથાનો ટોટો–શેલક રાજઋષિની શાખ ૧૭, ભણે ગણે નહિ તો જિનશાસનનો ટોટો–સમાચારીની શાખ ૧૮, વ્રત પચ્ચખાણની આલોયણા કરે નહિ તો મોક્ષનો ટોટો–પાર્શ્વનાથની બસેં છપ્પન સાધ્વીની શાખ ૧૯, અરિહંત, ધર્મ ને ચાર તીર્થના અવર્ણવાદ બોલે તો સત્ ધર્મનો ટોટો–ઠાણાંગની શાખ ૨૦, સાધુનું વચન માને નહિ તો ઉંચી ગતિનો ટોટો–બ્રહ્મદત્તની શાખ ૨૧, સાધુ-સાધ્વી, ગુરૂ-ગુરૂણીની આજ્ઞા ઉલ્લંઘે તો આરાધકપણાનો ટોટો–સુકુમાલીકાની શાખ તથા ખંધકજીની શાખ ૨૨, ભગવાનના વચન ઉપર શ્રદ્ધા ન રાખે તો શુદ્ધ માર્ગનો ટોટો-જમાલીની શાખ ૨૩, ભણેલું વારંવાર સંભારે નહિ તો મેળવેલી વિદ્યાનો ટોટો–જયઋષિની શાખ ૨૪. ૨૫-પચીસમે બોલે સાડાપચ્ચીશ આર્યદેશ તથા તેની નગરીના નામ કહે છે– મગધ દેશ-રાજગૃહિ નગરી ૧, અંગ દેશ–ચંપા-નગરી ૨, બંગદેશ–તામલીક નગરી ૩, કલીંગ દેશ–કંચનપુર નગરી ૪, કાશીદેશ–વણારસી નગરી ૫, કોશળ દેશ અયોધ્યા નગરી ૬, કુરૂદેશ–ગજપુર નગરી ૭, કુષવર્ત દેશ–સોરીપુર નગરી ૮, પંચાળ દેશ–કંપીલપુર નગરી ૯, જંગલ દેશ–અહીછત્રા નગરી. ૧૦, કચ્છ દેશ–કોસંબી નગરી ૧૧, સાંડિલ દેશ–નંદીપુર નગરી ૧૨, માળવ દેશ ભદ્દિલપુર નગરી ૧૩, વચ્છ દેશ–વૈરાટ-નગરી ૧૪, દશાર્ણ દેશ–મૃગાવતી નગરી ૧૫, વરણ દેશ–ઇચ્છા-પુર નગરી ૧૬, વિદેહ દેશ–શિવા વતી નગરી ૧૭, સિંધ દેશ–વિતીભય પાટણ નગરી ૧૮, સૌવીર દેશ–મથુરા નગરી ૧૯, વિદેહ દેશ-મીથીલા નગરી ૨૦, સુરસેન દેશ–પાવાપુર નગરી ૨૧, ભંગ દેશ–માંસપુર નગરી ૨૨, પાટણ દેશ–કાંડાવતી નગરી ૨૩, કુણાલ દેશ–સાવથી નગરી ૨૪, સોરઠ દેશ–દ્વારકા નગરી ૨૫. કેકાર્ધ દેશ–શ્વેતાંબિકા નગરી ૨૬, એ સાડીપચીસ આર્ય-દેશ. ઇતિ શ્રી પચીસ બોલ.

અથ શ્રી શ્રોતા અધિકાર.

શ્રી નંદીસૂત્રમાં શ્રોતા અધિકાર નીચે મુજબ છેઃ—

ગાથા-[૧]સેલ ઘણુ, [૨]કુડગ, [૩]ચાલણી, [૪]પરિપુણગ, [૫]હંસ, [૬]મહિસ, [૭]મેસે ય; [૮]મસગ, [૯]જલુગ, [૧૦]બિરાલી, [૧૧]જાહગ, [૧૨]ગો, [૧૩]ભેરિ, [૧૪]આભીરી સા. ૧

ચૌદ પ્રકારના શ્રોતા છે, તેમાં,

૧. સેલ ઘણુ—તે પત્થર ઉપર જેમ મેઘ વરસે પણ પત્થર પાણીથી ભીંજાય નહિ. તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિક સાંભળે પણ સમ્યક્ જ્ઞાન પામે નહિ, બુદ્ધ થાય નહિ.

દૃષ્ટાંત—કુશિષ્ય રૂપી પત્થર, સદ્‌ગુરૂ રૂપી મેઘ અને બોધ રૂપ પાણી. મુંગશેલીઆ તથા પુષ્કરાવર્ત્ત મેઘનું દૃષ્ટાંતઃ જેમ પુષ્કરાવર્ત્ત મેઘથી મુંગશેલીઓ પલળ્યો નહિ તેમ એકેક કુશિષ્ય મહાન્ સંવેગાદિક ગુણયુક્ત આચાર્યના પ્રતિબોધ્યા પણ સમજે નહિ, વૈરાગ્ય રંગ પામે નહિ, માટે તે શ્રોતા છાંડવાયોગ્ય છે. એ અવિનિતનું દૃષ્ટાંત જાણવું.

જેમ કાળી ભૂમિને વિષે મેઘ વરસે તો તે ઘણી ભીંજે તથા પાણી પણ રાખે. તથા ગોધુમાદિક (ઘઉં પ્રમુખ) ની ઘણી નિષ્પત્તિ કરે, તેમ વિનિત સુશિષ્ય પણ ગુરૂની ઉપદેશરૂપ વાણી સાંભળી હૃદયમાં ધારી રાખે, વૈરાગ્યે કરી ભીંજાય અને અનેક બીજા ભવ્ય જીવને વિનય ધર્મ વિષે પ્રવર્ત્તાવે, માટે તે શ્રોતા આદરવાયોગ્ય છે. ૧

૨ કુડગઃ—કુંભનું દૃષ્ટાંત. તે કુંભના આઠ ભેદ છે, તેમાં પ્રથમ ઘડો સંપૂર્ણ ઘડાના ગુણે કરી વ્યાપ્ત છે તેના ત્રણ ગુણ. ૧ તે મધ્યે પાણી ભર્યા થકાં કિંચિત્ બહાર જાય નહિ. ૨ પોતે શીતળ છે માટે બીજાની પણ તૃષા ઉપશમાવે-શીતલ કરે. ૩ પરની મલિનતા પણ પાણીથી દૂર કરે. તેમ એકેક શ્રોતા વિનયાદિ ગુણે કરી સંપૂર્ણ ભર્યા છે તે ત્રણ ગુણ કરે. ૧ ગુર્વાદિકનો ઉપદેશ સર્વ ધારી રાખે-કિંચિત્ વિસારે નહિ. ૨ પોતે જ્ઞાન પામી શીતલ

દશા પામ્યા છે અને ભવ્ય જીવને ત્રિવિધ તાપ સમાવી શીતળ કરે. ૩ ભવ્ય જીવની સંદેહ રૂપી મલિનતા ટાળે. એ શ્રોતા આદરવાયોગ્ય છે.

૨ એક ઘડા પડખે કાણો છે તેમાં પાણી ભરે તો અડધું પાણી રહે ને અડધું પાણી વહી જાય. તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે તો અડધું ધારી રાખે–અડધું વિસરી જાય.

૩ એક ઘડા હેઠે કાણો છે તેમાં પાણી ભરે તો સર્વ પાણી વહી જાય, પણ રહે નહિ, તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે તો સર્વ વિસારે, પણ ધારે નહિ.

૪ એક ઘડા નવો છે તેમાં પાણી ભરે તો થોડે થોડે ઝમીને ખાલી થાય, તેમ શ્રોતા જ્ઞાનાદિ અભ્યાસ કરે પણ થોડે થોડે જ્ઞાન વિસારે.

૫ એક ઘડા દુર્ગંધ વાસિત છે, તેમાં પાણી ભરે તો પાણીના ગુણને ભગાડે, તેમ એકેક શ્રોતા મિથ્યાત્વાદિક દુર્ગંધે કરી વાસિત છે તેમને સૂત્રાદિક ભણાવતાં જ્ઞાનના ગુણને વિણસાડે.

૬ એક ઘડા સુગંધે કરી વાસિત છે તેમાં પાણી ભરે તો પાણીના ગુણને વધારે, તેમ એકેક શ્રોતા સમકિતાદિક સુગંધે કરી વાસિત છે. તેમને સૂત્રાદિક ભણાવતાં જ્ઞાનના ગુણને દીપાવે.

૭ એક ઘડા કાચો છે તેમાં પાણી ભરે તો તે ઘડા ભીંજાઈને વિણસી જાય, તેમ એકેક શ્રોતા અલ્પ બુદ્ધિવાળા ને સૂત્રાદિકનું જ્ઞાન આપતાં તે નયપ્રમુખને નહિ જાણવાથી તે જ્ઞાનથી તથા માર્ગથી ભ્રષ્ટ થાય.

૮ એક ઘડા ખાલી છે તે ઉપર બુઠ્ઠારૂ ઢાંકી વર્ષાકાળે નેવાં હેઠે પાણી ઝીલવા મુકયું, પણ પાણી અંદર આવે નહિ ને તળે પાણી ઘણું થવાથી ઉપર તરે ને વાયરાદિકે કરી ભીંત પ્રમુખે અથડાઇને ફુટી જાય; તેમ એકેક શ્રોતા સદ્‌ગુરૂની સભામાં વ્યાખ્યાન સાંભળવા બેસે પણ ઉંઘ પ્રમુખના યોગે કરી જ્ઞાનરૂપ પાણી હૃદયમાં આવે નહિ ને ઘણી ઉંઘના પ્રભાવે કરી બોટા ડોળરૂપ વાયરે કરી અથડાય છે, તો સભાથી અપમાન પ્રમુખ પામે તથા ઉંઘમાં પડવાથી પોતાના શરીરને નુકસાન થાય.

૩ ચાલણી:—એકેક શ્રોતા ચાલણી સમાન છે. ચાલણીના બે પ્રકાર—૧. એવો છે કે ચાલણી પાણીમાં મૂકે ત્યારે પાણીથી સંપૂર્ણ ભરી દેખાય અને ઉપાડી લઇએ ત્યારે ખાલી દેખાય, તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સભામાં સાંભળવા બેસે ત્યારે વૈરાગ્યાદિ ભાવનાએ કરી સંપૂર્ણ ભર્યા દેખાય અને સભાથી ઉઠી બહાર જાય ત્યારે વૈરાગ્ય રૂપ પાણી કિંચિત્ પણ દેખાય નહિ. એ શ્રોતા છાંડવાયોગ્ય છે.

૨. ચાલણીએ ઘઉં પ્રમુખનો આટો (લોટ) ચાળવા માંડયો, ત્યારે આટો નીકળી જાય ને કાંકરા પ્રમુખ કચરો ગ્રહી રાખે, તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળતાં ઉપદેશક તથા સૂત્રના ગુણ ગુણ જાવા દે, અને સ્ખલના પ્રમુખ અવગુણ રૂપ કચરો ગ્રહી રાખે, માટે તે છાંડવાયોગ્ય છે.

૪ પરિપુણગઃ—તે સુઘરી પક્ષીના માળાનું દૃષ્ટાંત. સુઘરી પક્ષીના માળાથી ઘૃત (ઘી) ગાળતાં ઘૃત ઘૃત નીકળી જાય અને કીટી પ્રમુખ કચરો ગ્રહી રાખે, તેમ એકેક શ્રોતા આચાર્ય પ્રમુખના ગુણ ત્યાગ કરી અવગુણ ગ્રહણ કરે એ શ્રોતા છાંડવાયોગ્ય છે.

૫ હંસ—હંસને દૂધ પાણી એકઠાં કરી પીવા માટે આપ્યાં હોય, તો તે પોતાની ચાંચમાં ખટાશના ગુણે કરી દૂધ પીએ ને પાણી ન પીએ. તેમ વિનિત શ્રોતા ગુર્વાદિકના ગુણ ગ્રહે ને અવ ગુણ ન લે એ આદરણીય છે.

૬ મહિષ—ભેંસો જેમ પાણી પીવા માટે જલાશયમાં જાય; પાણી પીવા જલમાં પ્રથમ પ્રવેશ કરે, પછી મસ્તક પ્રમુખે કરી પાણી ડોહળે ને મલમૂત્ર કરી પછી પોતે પીવે, પણ શુદ્ધ જલ પોતે ન પીએ, અન્ય યૂથને પણ પીવા ન દે; તેમ કુશિષ્ય શ્રોતા વ્યાખ્યાનાદિકમાં ક્લેશરૂપ પ્રશ્નાદિક કરી વ્યાખ્યાન ડોહળે, પોતે શાંતપણે સાંભળે નહિ ને અન્ય સભાજનોને શાંત રસથી સાંભળવા ન દે, એ છાંડવાયોગ્ય છે.

૭ મેષ—બકરાં જેમ પાણી પીવા જલસ્થાનકે નદી પ્રમુખમાં જાય, ત્યારે કાંઠે રહી પગ નીચા નમાવી પાણી પીએ, ડોહળે

નહિ, ને અન્ય યૂથને પણ નિર્મલું પીવા દે, તેમ વિનિત શિષ્ય, શ્રોતા વ્યાખ્યાનાદિક નમ્રતા તથા શાંત રસથી સાંભળે, અન્ય સભાજનોને સાંભળવા દે, એ આદરણીય છે.

૮ મસગ—તેના બે પ્રકાર-પ્રથમ મસગ, તે ચામડાની કોથલી તેમાં વાયરો ભરાય ત્યારે અત્યંત ફૂલેલી દેખાય પણ તૃષા શમાવે નહિ, પણ વાયરો નીકળી જાય ત્યારે ખાલી થાય, તેમ એકેક શ્રોતા અભિમાનરૂપ વાયરે કરી શુષ્ક જ્ઞાનીવત્ તડાકા મારે પણ પોતાના તથા અન્યના આત્માને શાંત રસ પમાડે નહિ, એ છાંડવાયોગ્ય છે.

૨. મસગ તે મચ્છર નામે જંતુ અન્યને ચટકા મારી પરિતાપ ઉપજાવે પણ ગુણ ન કરે અને ખણજ ઉત્પન્ન કરે, તેમ એકેક કુશ્રોતા ગુર્વાદિકને, જ્ઞાન-અભ્યાસ કરાવતાં ઘણો પરિશ્રમ આપે તથા કુવચનરૂપ ચટકા મારે પણ ગુણ તે વૈયાવચ્ચ પ્રમુખ કાંઈ પણ ન કરે અને ચિત્તમાં અસમાધિ ઉપજાવે; એ છાંડવાયોગ્ય છે.

૯ જલુગ—તેના બે પ્રકાર-૧. જલો નામે જંતુ-ગાય પ્રમુખના સ્તનમાં વળગે ત્યારે લોહી પીએ પણ દૂધ ન પીએ, તેમ એકેક અવિનિત કુશિષ્ય શ્રોતા આચાર્યાદિકની સાથે રહ્યા થકા તેમનાં છિદ્રો શોધે, પણ ક્ષમાદિક ગુણ ન ગ્રહણ કરે; માટે છાંડવાયોગ્ય છે.

૨. જળો નામે જંતુ ગુમડા ઉપર મુકીએ ત્યારે ચટકો મારે ને દુઃખ ઉપજાવે અને મુહ્હાલ (બગડેલું) લોહી પીએ ને પછી શાંતિ કરે, તેમ એકેક વિનિત શિષ્ય શ્રોતા આચાર્યાદિક સાથે રહ્યા થકા પ્રથમ વચનરૂપ ચટકો ભરે-કાલે, અકાલે બહુ અભ્યાસ કરતાં બહેનત કરાવે-પછી સંદેહરૂપી બિગાડ કાઢી ગુર્વાદિકને શાંતિ ઉપજાવે-પરદેશી રાજાવત્, એ આદરવાયોગ્ય છે.

૧૦ બિરાલી—બિલાડી દૂધનું ભાજન સીંકાથી હોંઠપર નીચું નાંખીને રજકણ સહિત દૂધ પીએ, તેમ એકેક શ્રોતા આચાર્યાદિક પાસેથી સૂત્રાદિક અભ્યાસ કરતાં અવિનય બહુ કરે, તથા પર પાસે પ્રશ્ન પૂછાવી સૂત્રાર્થ ધારે પણ પોતે વિનય કરી ધારે નહિ; માટે તે શ્રોતા છાંડવા યોગ્ય છે.

૧૧ જાહુગ—સૅહુલો તે તિર્યંચની જાત વિશેષ-તે પ્રથમ પોતાની માતાનું દૂધ થોડે થોડે પીએ ને તે પાચન થાય પછી

વળી થોડું પીએ, એમ થોડે થોડે દૂધથી પોતાના શરીરને પુષ્ટ કરે, પછી મોટા ભુજંગનાં માન મર્દન કરે; તેમ એકેક શ્રોતા આચાર્યાદિક પાસેથી પોતાની બુદ્ધિ પ્રમાણે કાળે-થોડે થોડે સૂત્રાદિ અભ્યાસ કરે; અભ્યાસ કરતાં ગુર્વાદિકને અત્યંત સંતોષ ઉપજાવે, કેમકે આપેલો પાઠ બરાબર અસ્ખલિત કરે ને તે કર્યા પછી વળી બીજીવાર અને ત્રીજીવાર એમ થોડે થોડે લે ને પછી બહુશ્રુત થઇ મિથ્યાત્વી લોકોનાં માન મર્દન કરે એ આદરવા યોગ્ય છે.

૧૨ ગો—ગો તે 'ગાય' ના બે પ્રકાર. ૧ જેમ દૂધવતી ગાયને કોઇ એક શેઠ પાડાશીને ત્યાં આપી ગામ જાય, પણ તે પાડાશી ઘાસ પાણી પ્રમુખ બરાબર ગાયને નહિ આપવાથી ગાય ભૂખ-તૃષાએ પીડાઇ થકી દૂધમાં સૂકાય, ને દુઃખી થાય, તેમ એકેક અવિનિત શ્રોતા એ ગુર્વાદિકની, આહાર પાણી પ્રમુખે વૈયાવચ્ચ નહિ કરવાથી તેમનો દેહ ગ્લાનિ પામે ને શ્રુતાદિકમાં ઘટાડો થાય ને અપયશ પામે.

૨. એક શેઠ પાડાશીને દૂઝણી ગાય સોંપી ગામ ગયો. પાડાશીએ ઘાસ, પાણી પ્રમુખ રૂડે પ્રકારે આપવાથી દૂધમાં વધારો થયો ને તે કીર્તિને પામ્યો, તેમ એકેક વિનિત શ્રોતા (શિષ્ય) ગુર્વાદિકની આહાર પાણી પ્રમુખ વૈયાવ્રત્યની વિધિએ કરી ગુર્વાદિકને શાતા ઉપજાવે તો તેમને જ્ઞાનમાં વધારો થાય ને તે કીર્તિને પામે, એ શ્રોતા આદરવાયોગ્ય છે.

૧૩ ભેરી—તેના બે પ્રકાર-૧ એ છે જે, ભેરીનો વગાડનાર પુરૂષ રાજાના હુકમ પ્રમાણે ભેરી વગાડે તો રાજા ખુશી થઇ તેને પુષ્કળ દ્રવ્ય આપે, તેમ વિનિત શિષ્ય તિર્થંકર તથા ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે સૂત્રાદિકની સ્વાધ્યાય તથા ધ્યાન પ્રમુખ અંગીકાર કરે તો કર્મરૂપ રોગ મટે અને સિદ્ધ ગતિમાં અનંત લક્ષ્મી પામે; એ આદરવાયોગ્ય છે.


૨. જેમ ભેરીનો વગાડનાર પુરૂષ રાજાના હુકમ પ્રમાણે ભેરી વગાડે નહિ, તો રાજા કોપાયમાન થઇ દ્રવ્ય આપે નહિ, તેમ અવિનિત શિષ્ય તીર્થંકરની તથા ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે

સુત્રાદિકની સ્વાધ્યાય ધ્યાન કરે નહિ તો તેમનો કર્મરૂપ રોગ મટે નહિ અને સિદ્ધ ગતિનું સુખ પામે નહિ, એ છાંડવાયોગ્ય છે.

૧૪ આભીરી—તેના બે પ્રકાર—૧. આભીર સ્ત્રી-પુરૂષ એક ગામથી પાસેના શહેરમાં ચાલતાં, ગાડામાં ઘૃત ભરી વેચવા ગયાં. ત્યાં બજારમાં ઉતારતાં ઘૃતનું ભાજન-વાસણ ફુટી ગયું. ઘૃત ઢળી ગયું. પુરૂષે સ્ત્રીને ઘણાં ઠપકાવાળાં કુવચનો કહ્યાં, ત્યારે સ્ત્રીએ પણ તે ભર્તારને સામાં કુવચનો કહ્યાં. આખરે ઘૃત બધું ઢાળાઈ ગયું ને બન્ને બહુ શોક કરવા લાગ્યાં. જમીનપરનું ઘૃત પાછળથી લુછી લીધું ને વેચ્યું. કીમત મળી, તે લઇ સાંજે ગામ જતાં, ચોરોએ લુંટી લીધી. બહુ નિરાશ થયા. લોકોએ પૂછવાથી સર્વ વૃત્તાન્ત કહ્યો. લોકોએ ઠપકો દીધો. તેમ ગુરૂએ વ્યાખ્યાન ઉપદેશમાં આપેલ સાર-ઘૃતને લડાઇ ઝગડો કરી ઢાળો નાંખે ને છેવટે કલેશ કરી દુર્ગતિ પામે. આ શ્રોતા છાંડવાયોગ્ય છે.

૨. ઘૃત ભરી શહેરમાં જતાં બજારમાં ઉતારતાં વાસણ ફુટયું કે તરત જ એકદમ મળી લોગા થઇ તે ઘૃત ભરી લીધું, પણ બહુ નુકશાન થવા દીધું નહિ, તે ઘૃતને વેચી પૈસા મેળવી સારા સંઘાત સાથે ગામમાં સુખે સુખે જેમ અન્ય સુજ્ઞ પુરૂષો પહોંચે, તેમ વિનીત શિષ્ય શ્રોતા ગુરૂ પાસેથી વાણી સાંભળી શુદ્ધ ભાનપૂર્વક તે અર્થ-સુત્રને ધારી રાખે, સાચવે, અસ્ખલિત કરે, વિસ્મૃતિ થાય તો ગુરૂ પાસે ફરી ફરી માફી માગી ધારે, પૂછે; પણ કકલાટ, ઝગડો કરે નહિ, જે ઉપર ગુરૂ પ્રસન્ન થાય, સંયમ-જ્ઞાનની વૃદ્ધિ થાય, પરિણામે સદ્ગતિ મળે. આવા શ્રોતા આદરણીય છે.

પાંત્રીશ બોલ.



પહેલે બોલે—ગતિ ચાર, ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા.

બીજે બોલે જાતિ પાંચ. ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય. ૪ ચઉરેંદ્રિય, ૫ પંચેંદ્રિય.

ત્રીજે બોલે—કાય છ, ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિ કાય, ૬ ત્રસકાય.

ચોથે બોલે—ઇંદ્રિય પાંચ. ૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુઇંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, ૫ સ્પર્શેન્દ્રિય.

પાંચમે બોલે—પર્યાપ્તિ છ. ૧ આહાર, ૨ શરીર, ૩ ઇંદ્રિય, ૪ શ્વાસોશ્વાસ, ૫ ભાષા, ૬ મન.

છઠે બોલે—પ્રાણ દશ. પાંચ ઇંદ્રિયના ૫ પ્રાણ, ૬ મનબળ, ૭ વચનબળ, ૮ કાયબળ, ૯ શ્વાસોશ્વાસ, ૧૦ આયુષ્ય.

સાતમે બોલે—શરીર પાંચ, ૧ ઔદારિક, ૨ વૈક્રેય, ૩ આહારક, ૪ તેજસ, ૫ કાર્મણ.

આઠમે બોલે—યોગ પંદર. ૧ સત્ય મનયોગ. ૨ અસત્ય મનયોગ, ૩ મિશ્ર મનયોગ, ૪ વ્યવહાર મનયોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ, ૭ મિશ્ર વચનયોગ, ૮ વ્યવહાર વચનયોગ, ૯ ઔદારિક કાયયોગ, ૧૦ ઔદારિક મિશ્ર કાયયોગ, ૧૧ વૈક્રેય કાયયોગ, ૧૨ વૈક્રેય મિશ્ર કાયયોગ, ૧૩ આહારક કાયયોગ, ૧૪ આહારક મિશ્ર કાયયોગ, ૧૫ કાર્મણ કાયયોગ.

નવમે બોલે—ઉપયોગ બાર. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન, ૬ મતિ અજ્ઞાન, ૭ શ્રુત અજ્ઞાન, ૮ વિભંગ જ્ઞાન, ૯ ચક્ષુ દર્શન, ૧૦ અચક્ષુ દર્શન, ૧૧ અવધિ દર્શન, ૧૨ કેવળ દર્શન.

દશમે બોલે—કર્મ આઠ. ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય.

અગીયારમે બોલે—ગુણઠાણાં ચૌદ. ૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદાન, ૩ મિશ્ર, ૪ અવિરતી સમ્યક્‌દૃષ્ટિ, ૫ દેશવિરતી, (શ્રાવક) ૬ પ્રમત સંજતિ, ૭ અપ્રમત્ત સંજતિ, ૮ નિવૃત્તિ બાદર, ૯ અનિવૃત્તિ બાદર, ૧૦ સૂક્ષ્મ સંપરાય, ૧૧ ઉપશાંત મોહનીય, ૧૨ ક્ષીણ મોહનીય, ૧૩ સયોગી કેવળી, ૧૪ અયોગી કેવળી.

બારમે બોલે—પાંચ ઇંદ્રિયોના વિષય, ૨૩. શ્રોતેંદ્રિયનો એક વિષય. ૧ શબ્દ. ચક્ષુઇંદ્રિયના પાંચ વિષય. ૧ કાળો, ૨ નીલો, ૩ લાલ, ૪ પીળો, ૫ ધોળો. ઘ્રાણેંદ્રિયના બે વિષય ૧ સુરભિગંધ, ૨ દુરભિગંધ, રસેંદ્રિયના પાંચ વિષય-૧ કડવો, ૨ કસાયલો, ૩ ખાટો, ૪ મીઠો, ૫ તીખો. સ્પર્શેન્દ્રિયના આઠ વિષય. ૧ મુંવાળો, ૨ ખરખરો, ૩ હલકો, ૪ ભારે, ૫ ઉષ્ણ, ૬ ટાઢો, ૭ લુખો, ૮ ચોપડયો.

તેરમે બોલે—પચીસ પ્રકારનું મિથ્યાત્વ. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ અનાભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિનિવેશિક મિથ્યાત્વ, ૪ સાંશયિક મિથ્યાત્વ, ૫ અણાભોગ મિથ્યાત્વ, ૬ લૌકિક મિથ્યાત્વ, ૭ લોકોત્તર મિથ્યાત્વ, ૮ કુપ્રાવચન મિથ્યાત્વ, ૯ જિન માર્ગથી ઓછું પરૂપે તે મિથ્યાત્વ, ૧૦ જિન માર્ગથી અધિક પરૂપે તે મિથ્યાત્વ, ૧૧ જિન માર્ગથી વિપરીત પરૂપે તે મિથ્યાત્વ, ૧૨ ધર્મને અધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૩ અધર્મને ધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૪ જીવને અજીવ કહે તે મિથ્યાત્વ, ૧૫ અજીવને જીવ કહે તે મિથ્યાત્વ, ૧૬ જિનમાર્ગને અન્યમાર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૭ અન્યમાર્ગને જિનમાર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૮ સાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ, ૧૯ કુસાધુને સાધુ કહે તે મિથ્યાત્વ, ૨૦ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે તે મિથ્યાત્વ ૨૧ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૨ અવિનય મિથ્યાત્વ, ૨૩ અક્રિયા મિથ્યાત્વ, ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ, ૨૫ અશાતના મિથ્યાત્વ.

ચૌદમે બોલે—નવતત્ત્વના જાણપણાના ૧૧૫ બોલ. ચૌદ ભેદ જીવના. ૧ સૂક્ષ્મ એકેંદ્રિય, ૨ બાદર એકેંદ્રિય, ૩ બેઇંદ્રિય, ૪ તેઇંદ્રિય, ૫ ચઉરેંદ્રિય, ૬ અસંજ્ઞી પંચેંદ્રિય, ૭ સંજ્ઞી પંચેંદ્રિય, તે દરેકના અપર્યાપ્તા ને પર્યાપ્તા. ચૌદ ભેદ અજીવના:—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને દરેકના સ્કંધ,

દેશ, પ્રદેશ, એમ નવ, અને કાળ મળી દશ ભેદ અરૂપી અજીવના તથા પુદ્ગલાસ્તિકાય (રૂપી અજીવ) ના ચાર ભેદ. સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણું. નવ ભેદ પુણ્યનાં. અન્નપુન્ને, પાણપુન્ને, લયણપુન્ને, શયનપુન્ને, વસ્થપુન્ને, મનપુન્ને, વચનપુન્ને, કાયપુન્ને, નમસ્કાર પુન્ને એ ૯. અઢાર ભેદ પાપના. તે, અઢાર પાપસ્થાનક. વીશ ભેદ આશ્રવના-મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, શ્રોતેંદ્રિય-ચક્ષુરિંદ્રિય-ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય, સ્પર્શેંદ્રિય, એ પાંચને મોકળા મૂકવાં તે; મન વચન કાયાને મોકળા મૂકવાં તે. ભંડોપગરણની અયતના કરે તે; શુચિ કુસગ્ગ કરે તે. વીશ ભેદ સંવરના-સમકિત, વ્રત પચ્ચખાણ, અપ્રમાદ, અકષાય, શુભયોગ, જીવદયા, સત્યવચન, અદત્તાદાન ત્યાગ, મૈથુનત્યાગ, અપરિગ્રહ એ દશ તથા પાંચ ઇંદ્રિય ને ત્રણ જોગનું સંવરવું તે; ભંડ ઉપકરણ ઉપધિ યતનાએ લીએ મુકે તે, શુચિ કુસગ્ગ ન કરે તે. બાર ભેદ નિર્જરાના-અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પરિસંલીનતા, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન, કાઉસગ્ગ. ચાર ભેદ બંધના-પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, પ્રદેશબંધ. ચાર ભેદ મોક્ષના-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, એમ ૧૧૫ બોલ થયા.

પંદરમે બોલે—આત્મા આઠ પ્રકારના છે:-દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા.

સોળમે બોલે—દંડક ચોવીશ છે. દશ ભવનપતિના-અસુરકુમાર, નાગકુમાર, સોવનકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, એક સાત નરકનો; પાંચ સ્થાવરના—પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રણ વિકલેંદ્રિયના—બે ઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરેંદ્રિય, એક તિર્યંચ પંચેંદ્રિયનો; એક મનુષ્યનો, એક વાણવ્યંતર દેવતાનો, એક જ્યોતિષિ દેવતાનો, એક વૈમાનિક દેવતાનો; એમ ચોવીશ દંડક થયા.

સત્તરમે બોલે—લેશ્યા છ. કૃષ્ણ, નીલ, કાપૂત, તેજી, પદ્મ, શુક્લ.

અઢારમે બોલે—દૃષ્ટિ ત્રણ. મિથ્યાત્વ દૃષ્ટિ, સમ-મિથ્યાત્વ. દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ.

ઓગણીસમે બોલે—ધ્યાન ચાર. આર્તધ્યાન, રૂદ્રધ્યાન, ધર્મ-ધ્યાન, શુક્લધ્યાન.

વીશમે બોલે—છ દ્રવ્યના ત્રીશ બોલ. તેમાં પાંચ બોલ ધર્માસ્તિ કાયના-દ્રવ્યથકી એક, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી ચલણ સહાય. પાંચ બોલ અધર્માસ્તિકાયના-દ્રવ્ય થકી એક, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળ થકી અનાદિ અનંત, ભાવ થકી અરૂપી, ગુણથકી સ્થિર-સહાય. પાંચ બોલ આકાશાસ્તિ કાયના:-દ્રવ્ય થકી એક, ક્ષેત્ર થકી લોકાલોક પ્રમાણે, કાળ થકી અનાદિ અનંત, ભાવ થકી અરૂપી, ગુણ થકી ભાજનગુણ. (અવકાશ) પાંચ બોલ કાળના. દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી અઢીદ્વીપ પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી વર્તવાનો ગુણ. પાંચ બોલ પુદ્ગલના-દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી રૂપો, ગુણથકી ગળે ને મળે. પાંચ બોલ જીવના દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, કાળથકી આદિ અંતરહિત, ભાવથકી અરૂપી, ગુણથકી ચૈતન્ય ગુણ.

એકવીશમે બોલે—રાશિ બે. જીવરાશિ, અજીવરાશિ.

બાવીશમે બોલે—શ્રાવકના વ્રત બાર. તેના ભાંગા ૪૯.

ત્રેવીશમે બોલે—સાધુના પાંચમહાવ્રત. તેનાં ભાંગા ૨૫૨.

ચોવીશમે બોલે—પ્રમાણ ચાર, પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન.

પચીશમે બોલે—ચારિત્ર પાંચ:-સામાયિક ચારિત્ર, છેદોપસ્થા-પનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધ ચારિત્ર, સુક્ષ્મસંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર.

છવીશમે બોલે—સાત નય. નૈગમનય, સંગ્રહનય, વ્યવહાર-નય, ઋજુસુત્રનય, સમભિરૂઢનય, શબ્દનય, એવંભૂતનય.

સત્તાવીશમે બોલે—નિક્ષેપા ચાર. નામનિક્ષેપ, સ્થાપના-નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ.

અઠ્ઠાવીશમે બોલે--સમકિત પાંચ. ઉપશમસમકિત, ક્ષયોપશમ સમકિત, ક્ષાયિક સમકિત, સાસ્વાદાનસમકિત, વેદકસમકિત.

ઓગણત્રીશમે બોલે—રસ નવ. શૃંગારરસ, વીરરસ, કરૂણારસ, હાસ્યરસ, રૌદ્રરસ, ભયાનકરસ, અદ્‌ભુતરસ, બિભત્સરસ, શાંતરસ.

ત્રીશમે બોલે—ભાવના બાર. અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અન્યત્વભાવના, અશુચિભાવના, આશ્રવભાવના, સંવરભાવના, નિર્જરાભાવના, લોકસ્વરૂપ ભાવના, બોધિભાવના, ધર્મભાવના.

એકત્રીશમે બોલે--અનુયોગ ચાર છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.

બત્રીશમે બોલે—દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ, ધર્મતત્ત્વ, એ ત્રણ તત્ત્વ.

તેત્રીશમે બોલે સમવાય પાંચ. કાળ, સ્વભાવ, નિયત, પૂર્વકૃત (કર્મ), પુરૂષાકાર (ઉદ્યમ).

ચોત્રીશમે બોલે—પાખંડીના ત્રણસેત્રેસઠ ભેદ-ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, વિનયવાદીના ૩૨, અજ્ઞાનવાદીના ૬૭.

પાંત્રીશમે બોલે—શ્રાવકનાં ગુણ એકવીશ. ૧ અક્ષુદ્ર, ૨ રૂપવંત, ૩ સૌમ્ય પ્રકૃતિવાળો, ૪ લોકપ્રિય, ૫ અક્રૂર, ૬ પાપ ભીરૂ, ૭ શાઠ્ય રહિત, ૮ ચતુરાઇવાળો, ૯ લજ્જાવંત, ૧૦ દયાળુ, ૧૧ મધ્યસ્થપરિણામી, ૧૨ સુદૃષ્ટિવાળો, ૧૩ ગુણાનુરાગી, ૧૪ સાચો પક્ષ ધારણ કરનાર. ૧૫ દીર્ઘદ્રષ્ટિવંત, ૧૬ વિશેષજ્ઞ, ૧૭ અલ્પારંભી, ૧૮ વિનીત, ૧૯ કૃતજ્ઞ, ૨૦ પરહિતકારી, ૨૧ લબ્ધલક્ષી.

પાંત્રીસ બોલ સમાપ્ત.

સિદ્ધ દ્વાર



૧ પહેલી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૨ બીજી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૩ ત્રીજી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૪ ચોથી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૫ ભવનપતિના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૬ ભવનપતિની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ પાંચ સિદ્ધ થાય.

૭ પૃથ્વીકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૮ અપકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૯ વનસ્પતિકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૬ સિદ્ધ થાય.

૧૦ તિર્યંચ ગર્ભજના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૧૧ તિર્યંચાણીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૧૨ મનુષ્ય ગર્ભજના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૧૩ મનુષ્યાણીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૧૪ વાણવ્યંતરના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૧૫ વાણવ્યંતરની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, પાંચ સિદ્ધ થાય.

૧૬ જ્યોતિષીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૧૭ જ્યોતિષીની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૧૮ વૈમાનિકના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૧૯ વૈમાનિકની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૨૦ સ્વલિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૨૧ અન્યલિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૨૨ ગૃહસ્થ લિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૨૩ સ્ત્રી લિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૨૪ પુરુષ લિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૨૫ નપુંસક લિંગી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૨૬ ઊર્ધ્વ લોકમાં એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૨૭ અધો લોકમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૨૮ તિર્યક્ (તીર્છા) લોકમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૨૯ જઘન્ય અવગાહનાના, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૩૦ મધ્યમ અવગાહનાના, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૩૧ ઉત્કૃષ્ટ અવગાહનાના, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, બે સિદ્ધ થાય.

૩૨ સમુદ્રમાંહી, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, બે સિદ્ધ થાય.

૩૩ નદી પ્રમુખ જલમાંહિ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ત્રણ સિદ્ધ થાય.

૩૪ તીર્થ સિદ્ધ થાય તો એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૩૫ અતીર્થ સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૩૬ તીર્થંકર સિદ્ધ થાય તો એક સમયે, જઘન્ય, દશ સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૩૭ અતીર્થંકર સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૩૮ સ્વયંબોધ સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૩૯ પ્રતિબોધ સિદ્ધ થાય તો, એક સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૪૦ બુધબોહી સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૪૧ એક સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, એક સિદ્ધ થાય.

૪૨ અનેક સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય, બે સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૪૩ વિજય વિજય પ્રતિ, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૪૪ ભદ્રશાલ વનમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૪૫ નંદન વનમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૪૬ સોમનસ વનમાં, એક સમયે, જઘન્ય. એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૪૭ પંડગવનમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ, બે સિદ્ધ થાય.

૪૮ અકર્મભૂમિમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૪૯ કર્મભૂમિમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૦ પહેલે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૧ બીજે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૫૨ ત્રીજે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૩ ચોથે આરે એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૫૪ પાંચમે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૫ છઠે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૬ અવસર્પિણીમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૭ ઉત્સર્પિણીમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૮ નોઉત્સર્પિણીમાં, નોઅવસર્પિણીમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

એ ૫૮ બોલ અંતર સહિત, એક સમયે, જઘન્ય, ઉત્કૃષ્ટ સિદ્ધ થાય તે કહ્યા.

હવે અંતર રહિત, આઠ સમય સુધી, સિદ્ધ થાય તો કેટલા સિદ્ધ થાય તે.

૧ પહેલા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.
૨ બીજા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૨ સિદ્ધ થાય.
૩ ત્રીજા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૯૬ સિદ્ધ થાય.
૪ ચોથા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૯૪ સિદ્ધ થાય.
૫ પાંચમા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૭૨ સિદ્ધ થાય.
૬ છઠ્ઠા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૬૦ સિદ્ધ થાય.
૭ સાતમા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૪૮ સિદ્ધ થાય.
૮ આઠમા સમયે જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૩૨ સિદ્ધ થાય.

આઠ સમય પછી અંતર પડયા વિના સિદ્ધ થાય નહિ.

ઇતિ સિદ્ધ દ્વાર સંપૂર્ણ.

ગર્ભ વિચાર.

ગુરૂ—હે શિષ્ય ! પન્નવણા સૂત્રનો તથા ગ્રંથકારોનો અભિપ્રાય જોતાં, સર્વ જન્મ અને મરણનાં દુઃખનો મુખ્યતાએ કરીને, ચોથા મોહનીય કર્મના ઉદયમાં સમાવેશ થાય છે. તે મોહનીયમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય કર્મ એ ત્રણનો સમાવેશ થાય છે. એ ચારે કર્મ એકાંત પાપ છે. તેનું ફળ અસાતા અને દુઃખ છે. આ ચારે કર્મના આકર્ષણથી આયુષ્ય કર્મ બંધાય છે. તે આયુષ્ય શરીરમાં રહીને ભોગવાય છે. તે ભોગવવાનું નામ વેદનીય કર્મ કહેવાય છે. તે વેદનીયમાં સાતા તથા અસાતા વેદનીયનો સમાવેશ થાય છે. તેની સાથે જ નામ તથા ગોત્ર કર્મ જોડાયેલાં હોય છે, અને તે આયુષ્ય કર્મ સાથે સંબંધ રાખે છે. આ ચાર કર્મ શુભ તથા અશુભ, એવાં બે પરિણામથી બંધાય છે, તેથી તે મિશ્ર કહેવાય છે. તેના ઉદય ઉપરથી પુન્ય તથા પાપની ગણના કરી શકાય છે, આ પ્રમાણે આઠ કર્મ બંધાય છે અને તે જન્મ મરણરૂપ ક્રિયા કરી ભોગવાય છે. તેમાં મોહનીય કર્મ રાજા છે. તેનો દીવાન આયુષ્ય કર્મ છે. મન તેઓનો હજુરી સેવક છે. તે મોહ રાજાના આદેશ મુજબ, નિત્ય નવાં કર્મનો સંચય કરી બંધ બાંધે છે, તે સર્વ પન્નવણાજીના કર્મપ્રકૃતિ પદથી સમજવું. મન હમેશાં ચંચળ અને ચપળ છે અને તે કર્મસંચય કરવામાં અપ્રમાદી, અને કર્મ છોડવામાં પ્રમાદી છે. તેથી લોકમાં રહેલા જડ ચૈતન્યરૂપ પદાર્થો સાથે, રાગદ્વેષની મદદવડે, જોડાઈ જાય છે. તેથી તેને મન જોગ કહીને બોલાવાય છે. એવા મન જોગથી નવા કર્મની આવક આવે છે. તેનો પાંચ ઇંદ્રિયદ્વારે ભોગોપભોગ કરે છે. એમ એક પછી એક વિપાકનો ઉદય થાય છે, તે સર્વનું મૂળ મોહ છે. તે પછી મન, તે પછી ઇંદ્રિય વિષય, અને તેનાથી પ્રમાદ વધે છે. તેવા પ્રમાદને વશ પડેલો પ્રાણી, ઇંદ્રિયોનું પોષણ કરવાના રસ સિવાય, રત્ન ત્રયાત્મક અભેદાનંદના આનંદની લહેરનો રસીલો થઇ શકતો નથી. તે બદલ ઉંચ નીચ કર્મના ખેંચાણથી નરક વગેરે ચારે ગતિમાં જા આવ કરે છે. તેમાં વિશેષે કરીને દેવ ગતિ સિવાય ત્રણ ગતિના જન્મ અશુચિથી ભરેલા છે. તેમાં પણ નરક-

કુંડમાં તો કેવળ મળ મૂત્ર અને માંસ રૂધીરનો કાદવ ભરેલો છે. તેમાં છેદન ભેદન થવાનું ભયંકર દુઃખ છે. તે દુઃખનો વિચાર સુયગડાંગ સૂત્રથી જાણવો. ત્યાંથી મનુષ્ય તિર્યંચની ગતિમાં આવે છે. ત્યાં ગર્ભવાસ મળે છે. તે કેવળ અશુદ્ધ અને અશુચિનો ભંડાર છે. પાયખાનાની અપેક્ષાએ જોતાં તે કાયમ અખુટ કીચથી ભરેલો છે. તે. ગર્ભસ્થાન નરકસ્થાનનું ભાન કરાવે છે, તેમ જ ઉપજનારો જીવ નારકીના નમુનાનું ભાન કરાવે છે. ફેર માત્ર આટલો જ કે નરકમાં છેદન, ભેદન, તાડન, તરજણા, ખાંડણ, પીસણ અને દહન સાથે દશ પ્રકારની ક્ષેત્ર વેદના છે, તે ગર્ભમાં નથી પણ ગતિના પ્રમાણમાં ભયંકર કષ્ટ ને દુઃખ છે.

ઉપજનારાની સ્થિતિનું તથા ગર્ભસ્થાનનું વિવેચન.

શિષ્ય—હે ગુરૂ! ગર્ભસ્થાનમાં આવી ઉપજનારો જીવ, ત્યાં કેટલા દિવસ, કેટલી રાત્રિ, કેટલા મુહૂર્ત રહે? અને તેટલા વખતમાં તે જીવ કેટલા શ્વાસોચ્છ્વાસ લે છે?

ગુરૂ—હે શિષ્ય! તે ઉપજનારો જીવ બસે ને સાડી સતોતેર અહોરાત્રિ રહે છે. વાસ્તાવક રીતે જોતાં એટલો જ ગર્ભનો કાળ છે. તે જીવ આઠ હજાર ત્રણસેં ને પચીસ મુહૂર્ત ગર્ભસ્થાનમાં રહે છે. ચૌદ લાખ દશ હજાર બસેંહ ને પચીશ શ્વાસોચ્છ્વાસ લે છે. તેમ છતાં વધઘટ થતી જણાય છે, તે સર્વ કર્મવિપાકનો વ્યાઘાત સમજવો. ગર્ભસ્થાનને માટે સમજવાનું કે માતાના નાભિમંડળ નીચે કુલને આકારે બે નાડી છે. તે બેની નીચે ઉંધા કુલને આકારે એક ત્રીજી નાડી છે. તે યોનિ નાડી કહેવાય છે. તેમાં યોનિ જામે છે. તે યોનિ જીવને ઉપજવાનું ઠેકાણું છે. તે ઠેકાણામાં પિતા તથા માતાના પુદ્ગલનું મિશ્રણ થાય છે. તે યોનિરૂપ કુલની નીચે આંબાની માંજરને આકારે, એક માંસની પેશી હોય છે. તે પેશી દરેક મહીને પ્રવાહિત થવાથી, સ્ત્રી ઋતુધર્મમાં આવે છે. તે રૂધીર ઉપરની યોની નાડીમાં જા આવ કરે છે, કેમકે તે નાડી ખુલેલીજ હોય છે. ચોથે દિવસે ઋતુસ્રાવ બંધ પડે છે, પણ અભ્યંતરમાં સૂક્ષ્મ સ્રાવ રહે છે. ત્યારે સ્નાન કરી શુદ્ધ થવાય છે. પાંચમે દિવસે યોનિ નાડીમાં સૂક્ષ્મ રૂધીરનો જોગ હોય છે, તે જ વખતે વીર્યબિંદુની પ્રાપ્તિ થઇ હોય, તો તેટલા વખતને મિશ્ર

યોનિ કહેવાય છે, અને તે ફળ પ્રાપ્ત થવા યોગ્ય ગણાય છે. તેવું મિશ્રપણું બાર મુહૂર્ત પહોંચે છે. તેટલી હદ સુધીમાં જીવ ઉપજી શકે છે, તેમાં એક બે અને ત્રણ વગેરે નવ લાખ સુધી ઉપજે છે. તેઓનું આઉખું જઘન્ય અંતમુહૂર્ત, અને ઉત્કૃષ્ટું ત્રણ પલ્યોપમ સુધીનું હોય છે. તે જીવનો પિતા એક જ હોય છે, પણ બીજી અપેક્ષાએ જોતાં, છેવટ નવસેં પિતા સુધી શાસ્ત્ર કહે છે. તે સંજોગથી નહિ પણ નદીના પ્રવાહ સામે બેસી, સ્નાન કરવા વખતે, ઉપરવાડેથી ખેંચાઇ આવતાં પુરૂષના બિંદુનાં સેંકડો રજકણો, સ્ત્રીના શરીરમાં પિચકારીના આકર્ષણની રીતે આવી ભરાય છે. કર્મજોગે તેનો કવચિત્ ગર્ભ જામી જાય છે. તેમાં જેટલા પુરૂષનાં રજકણો આવેલાં હોય તે સર્વ તેના પિતા સ્વરૂપે ગણાય છે. એકી સાથે દસ હજાર સુધી ગર્ભ પાકે છે. તે મચ્છો તથા સર્પની માતાનો ન્યાય છે. મનુષ્યને ત્રણ સુધી પાકે છે. બાકી મરણ પામે છે. એક જ વખતે નવ લાખ ઉપજી મરણ પામ્યો હોય તો, તે સ્ત્રી જન્મ-વાંઝણી રહે છે. બીજી રીતે જે સ્ત્રી કામાંધ થઇને અનિયમિત રીતે વિષય સેવે અથવા વ્યભિચારિણી બનીને હદ ઉપરાંત પરપુરૂષ સેવે, તે સ્ત્રી વાંઝણી થાય છે. તેના બીજકનો નાશ થાય છે. તેના શરીરમાં ઝેરી જીવો ઉપજે છે. તેના ડંખથી વિકાર વધે છે. તેથી તે સ્ત્રી દેવ ગુરુ ધર્મ કુળની મર્યાદા તથા શિયળ વ્રતને લાયક રહી શકતી નથી. તેવી બીજભંગ સ્ત્રીનો સ્વભાવ નિર્દય અને અસત્યવાદી હોય છે, જે સ્ત્રી દયાળું અને સત્યવાદી હોય, તે સ્ત્રી પોતાના શરીરનું જતન કરે છે. કામવાસનાને કબજે રાખે છે. પોતાની પ્રજાનું રક્ષણ કરવા અર્થે સંસારી સુખના પ્યારની હદ-મર્યાદા કરે છે. તેથી તેવી સ્ત્રીઓ પુત્રપુત્રીનું સારૂં ફળ પામે છે. એકલા રૂધીરથી કે એકલા બિંદુથી પ્રજા પ્રાપ્ત થતી નથી તેમજ ઋતુના રૂધીર સિવાય બીજા રૂધીર, પ્રજાપ્રાપ્તિને કામે આવતાં નથી. એક ગ્રંથકાર કહે છે, કે સૂક્ષ્મ રીતે સોળ દિવસ સુધી રક્તસ્રાવ રહે છે. તે રોગી નહિ, પણ નીરોગી શરીરવાળી સ્ત્રીને તેમ થાય છે. અને તે પ્રજાપ્રાપ્તિને લાયક કહેવાય છે. તે સોળમાંથી પહેલા ત્રણ દિવસને ગ્રંથકારો નિષેધ કરે છે. તેવો નીતિ માર્ગનો ન્યાય છે અને તે ન્યાય પુણ્યાત્મા જીવો કબુલ રાખે છે. બીજે મતે ચાર દિવસનો નિષેધ છે, કારણ કે ચોથે દિવસે ઉગેલો

જીવ, થોડા વખતમાં મરે છે. તે જીવ તો શક્તિહીણ થાય, ને માબાપને બોજારૂપ નીવડે છે. પાંચમાથી સોળમા સુધીના દિવસો નીતિશાસ્ત્રના ન્યાય મુજબ ગર્ભાધાન સંસ્કારના ગણાય છે. તેમાંનું એક પછી એક બાળ-બીજક ચડતા ચડતું બળીયાવર, રૂપમાં, તેજમાં, બુદ્ધિમાં અને એ વગેરે સર્વ સંસ્કારોમાં શ્રેષ્ઠ તથા દીર્ઘાયુષ્યવાળું અને કુટુંબપાળક નીવડે છે. પાંચથી સોળમી સુધીની અગીઆર રાત્રી છે, તેમાંથી છઠી, આઠમી, દશમી, બારમી, ને ચૌદમી એ પાંચ બેકીની રાત્રીનું બીજક બહુવચને પુત્રીરૂપ ફળ આપે છે. તેમાં વિશેષ એ છે કે પાંચમી રાત્રીમાં ઉપજેલી પુત્રી જન્મવા પછી ઘણી પુત્રીઓનો માતા થાય છે. પાંચમી, સાતમી, નવમી, અગીયારમી, તેરમી અને પંદરમી એ એકીની રાત્રીનું બીજક પુત્ર રૂપે જન્મી બહાર આવે છે અને તે ઉપર કહેલા ગુણવાળું નીવડે છે. દિવસનું બીજક શાસ્ત્રથી નિષેધ છે; તેમ છતાં થાય તો કુટુંબની અને વ્યાવહારિક સુખની તથા ધર્મની હાનિ કરનાર નીવડે છે.

બીજકની રીત—બિંદુનાં રજકણો વધારે અને રૂધીરનાં થોડાં હોય તો પુત્રરૂપ ફળ નીપજે છે રૂધીર વધારે ને બિંદુ થોડું હોય તો પુત્રીરૂપ ફળ નીપજે છે. બે સરખાં હોય તો નપુંસકરૂપ ફળ નીપજે છે. (હવે તેનું ઠેકાણું કહે છે.) માતાની જમણી કુખે પુત્ર, ડાબી કુખે પુત્રી અને બે કુખની વચ્ચે નપુંસક પાકે છે. (હવે તે ગર્ભની સ્થિતિ કહે છે.) મનુષ્ય ઉત્કૃષ્ટો બાર વરસ ગર્ભમાં જીવતો રહી શકે છે. તે પછી મરે છે, પણ શરીર રહે છે. તે શરીર ચોવીસ વરસ સુધી રહી શકે છે. તે સુકા શરીરમાં ચોવીસમે વરસે નવો જીવ ઉપજે તો મહા મુસીબતે જન્મે, ન જન્મે તો માતા મરે. સંજ્ઞી તિર્યંચ આઠ વરસ સુધી ગર્ભમાં જીવતો રહી શકે છે. (હવે આહારની રીત કહે છે.) યોનિ કમળમાં આવી ઉપજનારો જીવ, પ્રથમ માતાપિતાનાં મળેલાં મિશ્ર પુદ્ગલનો આહાર કરીને પછી ઉપજે છે. તેનો અર્થ પ્રજાદ્વારથી જાણવો. વિશેષ એટલું જ કે અહીંના આહારમાં માતા પિતાનાં પુદ્ગલ કહેવાય છે. તે આહારથી સાત ધાતુ નીપજે છે. તેમાં પહેલું રસી, બીજું લોહી, ત્રીજું માંસ, ચોથું હાડ, પાંચમું

હાડની મજ્જા, છઠ્ઠું ચર્મ, સાતમું વીર્ય ને નસા જાળ, એ સાતે મળીને બીજી શરીર પર્યાય અર્થાત્ સૂક્ષ્મ પૂતળું કહેવાય છે. છ પર્યાય બંધાયા પછી તે બીજક સાત દિવસમાં ચોખાના ધોવણ જેવો તોલદાર થાય છે. ચૌદમા દિવસ સુધીમાં પાણીના પરપોટા જેવા આકારમાં આવે છે. એકવીશમા દિવસ સુધીમાં નાકના શ્લેષ્મ જેવો અને અઠાવીશમા દિવસ સુધીમાં અડતાળીશ માસા જેટલો વજનદાર થાય છે. પુરે મહિને બોરના ઠળીઆ જેવડો, અગર છોટી કેરીની ગોટલી જેવો થાય છે. તેનું વજન એક કરખણ ઉપ્પું એક પળનું થાય છે. તે પળ એને કહેવાય છે, કે સોળ માસાનું એક કરખણ તેવા ચાર કરખણના તોલને પળ કહેવાય છે. બીજે માસે કાચી કેરી જેવો, ને ત્રીજે માસે પાકી કેરી જેવો થાય છે. તે વખતથી ગર્ભ પ્રમાણે માતાને ડહોળા (દોહદ-ભાવ) થાય છે. અર્થાત્ સારે ગર્ભે ઉંચા અને નરસે ગર્ભે નીચા મનોરથ થાય છે અને તે કર્મ પ્રમાણે ફળે છે. તે ઉપરથી સારા નરસા ગર્ભની પરીક્ષા થાય છે. ચોથે માસે કણકના પીંડા જેવો થાય, તેથી માતાનું શરીર પુષ્ટિ પામે છે. પાંચમે માસે પાંચ અંકુરા ફુટે છે. તેમાં બે હાથ, બે પગ, પાંચમું મસ્તક. છઠે માસે રૂધીર તથા રોમ, નખ ને કેશની વૃદ્ધિ થાય છે. તેમાં સાડાત્રણ ક્રોડ રોમ છે, તેમાંથી બે ક્રોડ ને એકાવન લાખ ગળા ઉપર અને નવાણું લાખ ગળા નીચે છે. બીજે મતે, તેટલી સંખ્યાનાં રોમ ગાડરનાં કહેવાય છે, તે વિચારી જોતાં વ્યાજબી લાગે છે. એકેકા રોમને ઉગવા જેટલી જગામાં, પોણા-બેથી કાંઈક વધારે રોગ ભરેલા છે. તેનો સરવાળો ગણતાં પોણા છ ક્રોડ ઉપરાંત રોગ થાય છે અને તે પુન્યના ઉદયથી ઢંકાએલા રહે છે. અહીંથી રોમ આહારની શરૂઆત થવાનો સંભવ છે. તત્ત્વં તુ સર્વજ્ઞગમ્યં. તે આહાર, માતાના રૂધીરનો સમે સમે લેવામાં આવે છે ને સમે સમે પ્રગમે છે. સાતમે માસે સાતસેં શીરા એટલે રસહરણી નાડીયો બંધાય છે, તે દ્વારે શરીરનું પોષણ થાય છે. તેથી ગર્ભને પુષ્ટિ મળે છે. તેમાંથી સ્ત્રીને છસેં ને સિત્તેર, નપુંસકને છસેં ને એંશી, અને પુરૂષને સાતસેં પૂરી હોય છે. પાંચસેં માંસની પેષીયો બંધાય છે, તેમાંથી સ્ત્રીને ત્રીસ ને નપુંસકને વીશ ઓછી હોય છે. તે પેશીવડે હાડ ઢંકાયેલાં હોય છે.

તે હાડમાં સર્વ મળીને ત્રણસેં ને સાઠ સાંધો છે. એકેકી સાંધ ઉપર આઠ આઠ મર્મનાં ઠેકાણાં છે, તે મર્મસ્થાન ઉપર એક ટકોર વાગતાં મરણ પામે છે. બીજે મતે એકસો ને સાઠ સંધિ, અને એકસો ને સીત્તેર મર્મનાં સ્થાનક કહેવાય છે. ઉપરાંત સર્વજ્ઞગમ્ય. તે શરીરમાં છ અંગ હોય છે. તેમાંથી માંસ, લોહી અને મસ્તકની મજ્જા (ભેજો) એ ત્રણ અંગ માતાનાં છે, તેમજ હાડ, હાડની મજ્જા અને નખ, કેશ, રોમ, એ ત્રણ અંગ પિતાનાં છે. આઠમે માસે સર્વ અંગ ઉપાંગ પૂર્ણ નીપજી રહે છે. તે ગર્ભને લઘુ નીત, વડી નીત, શ્લેષ્મ, ઉધરસ, છીંક, બગાસું, ઓડકાર વિગેરે કાંઈ હોતું નથી. તે જે જે આહાર ખેંચે છે, તે આહારના રસવડે ઇંદ્રિયોને પુષ્ટિ મળે છે. હાડ, હાડની મજ્જા, ચરબી, નખ, કેશની વૃદ્ધિ થાય છે. તે આહાર લેવાની બીજી રીત એ છે, કે માતાની તથા ગર્ભની નાભી ઉપરની રસહરણી નાડી એ બે પરસ્પરમાં વાળાના આંટાની જેમ વીંટાઈ રહી છે. તેમાં ગર્ભની નાડીનું મોઢું માતાની નાભીમાં જોડાયેલું છે. માતાના કોઠામાં આહારનો પેલો કવલ પડે છે, તે નાભી પાસે અટકે છે, તેનો રસ બને છે, તે રસ, ગર્ભ પોતાની જોડાયલી રસહરણી નાડીથી ખેંચી પુષ્ટ થાય છે. તે શરીરમાં બોંતેર કોઠા છે, તેમાં પાંચ કોઠા મોટા છે. તેમાંથી શીયાળામાં બે કોઠા આહારના, એક કોઠો પાણીનો, ઉનાળામાં બે કોઠા પાણીના, એક કોઠો આહારનો, ચોમાસામાં બે કોઠા આહારના અને બે કોઠા પાણીનાં કહેવાય છે. એક કોઠો સદાકાળ ખાલી રહે છે. સ્ત્રીને એક છઠ્ઠો કોઠો વધારે છે. તેમાં ગર્ભ રહે છે. પુરૂષને બે કાન, બે ચક્ષુ, બે નાસિકા, મુખ, લઘુનીત અને વડીનીત એ નવ દ્વાર અપવિત્ર અને સદા કાળ વહેતાં રહે છે. સ્ત્રીને બે સ્તન અને ગર્ભદ્વાર એ ત્રણ મળીને બાર દ્વાર સદાકાળ વહેતાં રહે છે. તે શરીરમાં અઢાર પૃષ્ટકંડક નામની પાંસળીઓ છે. તે વાંસાની કરોડ સાથે જોડાયલી છે. તે સિવાય બે પાંસાની બાર કંડક પાંસળીઓ છે, તે ઉપર સાત પડ ચામડીના મઢાયલાં છે. છાતીના પડદામાં બે કાળજાં છે, તેમાં એક પડદા સાથે જડાયલો ને બીજો કાંઇક લટકતો છે. પેટના પડદામાં બે અંતસ (નળ) કહ્યા છે, તેમાં પહેલો સ્થુળ છે તે મળસ્થાન અને બીજો સૂક્ષ્મ છે તે લઘુનીત સ્થાન કહેવાય છે.

વળી બે પ્રણવસ્થાન એટલે ભોજન, પાન પ્રગમવાની જગા છે. દક્ષિણ (જમણે પાસે) પરગમે તો દુઃખ ઉપજે છે, વામ (ડાબે પાસે) પ્રગમે તો સુખ ઉપજે છે. સોળ આંતરા છે. ચાર આંગળની ગ્રીવા (ડોક) છે. ચાર પળની જીભ છે. બે પળની આંખો છે. ચાર પળનું મસ્તક છે. નવ આંગળની જીભ છે; બીજે મતે સાત આંગળની કહેવાય છે. આઠ પળનું હૃદય છે. પચીસ પળનું કાળજું છે. (હવે સાત ધાતુના પ્રમાણ-માપ કહે છે.) તે શરીરમાં એક આઢો રૂધીરનો અને અડધો આઢો માંસનો હોય છે. એક પાથો માથાનો ભેજો, એક આઢો લઘુનીત, એક પાથો વડીનીતનો છે. કફ, પિત્ત, ને શ્લેષ્મ એ ત્રણનો એકેકો કલવ અને અડધો કલવ વીર્યનો હોય છે. એ સર્વને મૂળ ધાતુ કહેવાય છે. એ ધાતુ ઉપર શરીરનો ટકાવ છે. એ સાતે ધાતુ પોતાના વજન પ્રમાણે રહે ત્યાં સુધી શરીર નીરોગી અને પ્રકાશવાળું રહે છે. તેમાં વધઘટ થવાથી શરીર રોગને આધીન થાય છે.

નાડીનું વિવેચન—તે શરીરમાં યોગશાસ્ત્રને ન્યાયે બોંતેર હજાર નાડી છે. તેમાંથી નવસેં નાડી મોટી છે, તેમાંથી નવ નાડી ધમણી ને મોટી છે, તેના થડકારા ઉપરથી રોગની તથા સચેત શરીરની પરીક્ષા થાય છે. તે બે પગની ધુંટી નીચે બે, એક નાભીની, એક હૃદયની, એક તાળવાની, બે લમણાની અને બે હાથની એ નવ, એ સર્વ નાડીયોની મૂળ રાજ્યધાની નાભી છે. તેની વિગત એ છે કે નાભીની એકસો ને સાઠ નાડી, પેટ તથા હૃદય ઉપર પથરાઇને ઠેઠ ઉંચે મસ્તક સુધી પહોંચી છે. તેના બંધનથી મસ્તક સ્થિર રહે છે. તે નાડીઓ મસ્તકને નિયમ મુજબ રસ પહોંચાડે છે, તેથી મસ્તક સતેજ, આરોગ્ય ને તર રહે છે. તે નાડીઓમાં નુકસાન હોય, ત્યારે આંખ, નાક, કાન, અને જીભ એ સર્વ કમજોર થાય છે, રોગીષ્ટ બને છે, શૂળ, ઝાંઝર વગેરે વ્યાધિઓનો પ્રકોપ થાય છે.

નાભીથી બીજી એકસો ને સાઠ નાડી નીચી ચાલે છે, તે પગનાં તળીઆં સુધી પહોંચી છે. તેનાં આકર્ષણથી ગમનાગમન કરવાનું, ઉભું રહેવાનું તથા બેસવાનું બને છે. તે નાડીઓ ત્યાં-સુધી રસ પહોંચાડી આરોગ્ય રાખે છે. તે નાડીમાં નુકસાન થવાથી

સંધિવા, પક્ષાઘાત, સાથલના ચસકા, કળતર, તોડ, ફાટ, માથાના ભેળનો દુઃખાવો અને આધાશીશી વગેરે રોગનો પ્રકોપ થાય છે.

નાભી ત્રીજી એકસો ને સાઠ નાડી ત્રીછી ચાલીને બે હાથની આંગળીઓ સુધી પહોંચી છે. તેટલો ભાગ તેનાથી મજબુત રહે છે. તેને નુકસાન થવાથી પાસાશૂળ, પેટનાં અનેક દરદો, મુખપાકનાં, દાંતનાં દર્દો વગેરે અનેક રોગનો પ્રકોપ થાય છે.

નાભીથી ચોથો એકસો ને સાઠ નાડી નીચી મર્મસ્થાન ઉપર પથરાઇને, અપાન દ્વાર સુધી પહોંચી છે. તેની શક્તિવડે બધે જ રહી શકે છે. તેને નુકસાન થવાથી લઘુનીત, વડીનીતની કબજીઆત અથવા અનિયમિત છૂટ થઇ પડે છે. તેમજ વાયુ, કૃમિપ્રકોપ, ઉદરવિકાર, હરસ, ચાંદી, પ્રમેહ, પવનરોગ, પાંડુરોગ, જળોદર, કઠોદર, ભગંદર, સંગ્રહણી વગેરેનો પ્રકોપ થાય છે. નાભીથી પચીસ નાડી ઉપડીને ઉંચી શ્લેષ્મ દ્વાર સુધી પહોંચી છે, તે શ્લેષ્મની ધાતુને પુષ્ટિ આપે છે. તેની નુકસાનીથી શ્લેષ્મ, પીનસનો રોગ થાય છે. તેમજ બીજી પચીસ નાડી તે તરફ આવીને પિત્ત ધાતુને પુષ્ટિ આપે છે. તેની નુકસાનીથી પિત્તનો પ્રકોપ અને જવરાદિક રોગ થાય છે. તેમજ ત્રીજી દસ નાડી વીર્ય ધારણ કરનારી છે, તે વીર્યને પુષ્ટિ આપે છે. તેમાં નુકસાન થવાથી સ્વપ્નધાતુ, મુખલાળ, ખરાબ પેસાબ વિગેરેથી નબળાઇમાં વધારો થાય છે. એ સર્વે મળીને સાતસેં નાડી રસ ખેંચી પુષ્ટિ આપે છે અને તે શરીરને ટકાવી રાખનારી છે. તે નિર્યામત રીતે ચાલવાથી નીરોગ, અને નિયમભંગ થવાથી રોગ થાય છે. તે સિવાયની બસેં નાડી ગુપ્ત ને જાહેર રીતે શરીરનું પોષણ કરે છે, તેથી નવસેં નાડી કહેવાય છે.

ઉપરની રીતે નવમા માસની હદ સુધીમાં, સર્વ અવયવ સાથે શરીર મજબૂત થઇ જાય છે. જ્યારથી ગર્ભનું બીજક રોપા યાની ખબર પડે, ત્યારથી જે સ્ત્રી બ્રહ્મચારિણી રહે છે તેનો ગર્ભ ઘણો ભાગ્યશાળી, મજબુત બાંધાનો, બળીઆવર અને સ્વરૂપવાન થાય છે, તથા ન્યાય-નીતિવાળો અને ધર્મી નીવડે છે. તે ઉભયના કુળનો ઉદ્ધાર કરી, માતા-પિતાને યશ અપાવે છે, અને તે પાંચે ઇંદ્રિયો ચોકખી પામે છે. જે સ્ત્રી ગર્ભ રહ્યો જાણે છે, તેમ છતાં

જન્મવાના છેલ્લા દિવસ સુધી, નિર્દય બુદ્ધિ રાખી કુશીળ સેવ્યા કરે, તેમાં જો પુત્રી ગર્ભમાં હોય તો, તેનાં માતા પિતા દુષ્ટમાં દુષ્ટ, પાપીમાં પાપી, શૌ શૌ નરકનાં અધિકારી થાય છે, તેમજ તેનો ગર્ભ મરણ પામે છે, તેમ છતાં જીવતા રહે તો કાણા, કુબડા, કોઢીયા, લુલા, પાંગળા, બોબડા, મૂંગા, ઇંદ્રિયહીણ, કુરૂપ, દુબળા, શક્તિહીણ આંધાના તથા ઘાટ વગરના થઈ જાય છે, ક્રોધી, રીસાળ, કલેશી, પ્રપંચી અને ખોટી ચાલે ચાલનારાં નીવડે છે, એમ સમજી પોતાની પ્રજાનું ભલું ઇચ્છનારી જે માતાઓ ગર્ભકાળથી શિયળવંતી બને છે તેઓને ધન્ય છે.

વિશેષમાં ઉપર બતાવેલા ગર્ભવાસના સ્થાનકમાં, મહા કષ્ટ ને પીડા ભોગવવી પડે છે, તેનું દૃષ્ટાંત એ છે, કે જેમ કોઇ પુરૂષનું શરીર કોઢ તથા પતના રોગથી નીંગળતું હોય, તેને સાડાત્રણ કોડ સોય, અગ્નિમાં ધખાવીને તેનાં સાડાત્રણ કોડ રૂંવાડાંમાં પરોવે, તેના ઉપર ખાર ને ચુનાનું પાણી છાંટે, તે પછી આળા ચામડાંથી મઢીને તડકે નાંખે, અને દ્રડાની જેમ અથડાવે, તે વખતની પીડાનું વજન, કેટલું ભયંકર છે ? તે તે ભોગવનારો તથા સર્વજ્ઞ પરમાત્મા જાણે દેખે છે. એવી ગર્ભવેદના પહેલે મહિને ભોગવવી પડે છે. તેથી બીજે મહિને બમણી, ત્રીજે મહિને ત્રમણી, એમ ચડતાં ચડતાં નવમે મહિને નવગણી પીડા થાય છે. અર્થાત્ દરેક રૂંવાડે નવનવ સૂઈ પરોવવાના ન્યાયની પીડા સમજવી. ગર્ભવાસની જગા નાની છે, અને ગર્ભનું સ્થૂળ મોટું છે, તેથી સજડ ભીંસાઇને, કેરીની માફક ઊંધે માથે લટકીને રહેવું પડે છે. તે વખતે બે ઢીંચણ છાતીમાં ભરાવેલા, અને બે હાથની મુઠી આંખો આડી દીધેલી હોય છે. કર્મજોગે બીજો ને ત્રીજો ગર્ભ જોડે હોય તો, તે વખતની સંકડાસનું અને મુંઝવણનું તોલ કરી શકાતું નથી. માતા જંગલ જાય ત્યારે ગર્ભના નાકની દાંડી ઉપર થઈ નીકાલ થાય છે. ખરાબમાં ખરાબ માઠળામાં પડેલો હોય છે. બેઠેલી માતા ઉભી થાય, તે વખતે ગર્ભ જાણે છે, કે હું આસમાનમાં ફેંકાઈ ગયો છું, હેઠે બેસતી વખતે જાણે છે કે હું પાતાળમાં પટકાઇ ગયો છું. ચાલતી વખતે જાણે છે કે હું મસકમાં ભરેલા દહીંની માફક ડમોળાઉં છું. રસોઈ કરવા વખતે જાણે છે

કે હું ઇંટની ભઠીમાં ભરાઇ બળું છું. ઘંટીએ બેસતી વખતે જાણે છે કે હું કુંભારને ચાકડે ચડયો છું. માતા ચત્તી સૂવે ત્યારે ગર્ભ જાણે છે કે મારી છાતી પર સવામણની શિલા પડી છે. કુશીલ સમયમાં ગર્ભને ઉખળ મુસળનો ન્યાય મળે છે. એવી રીતે માતા પિતાના કરેલાં તથા ગર્ભસ્થાનથી મળેલાં એવા બે જાતનાં દુઃખોથી પીડાયેલા, કુટાયલા, ખંડાયલા અને અશુદ્ધિથી તરબોળ થયેલા દુઃખી પ્રાણીની દયા શોયળવંતા ધર્માત્મા માતા પિતા વિના કોણ રાખી શકે ? અર્થાત્ પાપી સ્ત્રી પુરૂષોમાંથી કોઇ નહિ. ગર્ભના જીવ, માતાને સુખે સુખી અને માતાને દુઃખે દુઃખી હોય છે. જેવા સ્વભાવવાળી માતા હોય તેવા સ્વભાવની છાયા ગર્ભમાં પડે છે. ગર્ભમાંથી બહાર આવવા પછી, તે પુત્ર પુત્રીના આચાર, વિચાર, આહાર, વ્યવહાર વિગેરે સર્વ માતાના સ્વભાવ મુજબ નીવડે છે. તે ઉપરથી માતા પિતાના ઉચ્ચ નીચ બીજકની તથા જશ—અપજશ વિગેરેની પરીક્ષા, પ્રજારૂપ ફોટોગ્રાફ ઉપરથી વિવેકી સ્ત્રી—પુરૂષો કરી શકે છે, કેમકે તે ચિત્ર માતા પિતાની પ્રકૃતિને આધારે ચિત્રાયલું છે. માતા ધર્મ ધ્યાનમાં, ઉપદેશ શ્રવણ કરવામાં, તથા દાન પુન્ય કરવામાં અને ભલી ભાવના ભાવવામાં જોડાઇ હોય તો ગર્ભ પણ તેવા વિચારમાં હોય છે. તે વખતે ગર્ભનું મરણ થાય તો દેવલોકમાં જઈ શકે છે, તેમજ માતા આર્ત ને રૌદ્ર ધ્યાનમાં હોય, તો ગર્ભ પણ આર્ત, રૌદ્ર ધ્યાની હોય છે. તે વખતે તે ગર્ભનું મરણ થાય તો તે નરકમાં જાય છે. માતા મહા કપટમાં જોડાઇ હોય તે વખતે તે ગર્ભનું મરણ થાય તો તે તિર્યંચમાં જાય છે. માતા મહાભદ્રિક અને પ્રપંચ વગરના વિચારમાં જોડાઇ હોય, તે વખતે ગર્ભ મરે તો તે મનુષ્યમાં જાય છે. એમ ગર્ભમાંથી ચારે ગતિમાં જઇ શકે છે. ગર્ભકાળ પૂરો થાય, ત્યારે માતા તથા ગર્ભની નાભીની વિંટાયલી રસહરણી નાડી ઉખળી જાય છે, ત્યારે જન્મ થવાની તૈયારી થાય છે. તેમાં માતા તથા ગર્ભના પુન્યનું તથા આયુષ્યનું બળ હોય, તો સીધે રસ્તે જન્મ થઇ શકે છે. તે વખતે કેટલાક માથા તરફથી, તો કેટલાક પગ તરફથી જન્મે છે, પણ જો બે ભારે કર્મી હોય તો, ગર્ભ આડો પડી જાય છે, તેથી બેઉ મરણ પામે છે, અથવા માતાના બચાવની ખાતર પાપી ગર્ભના જીવપર, બેધ કરીને

છરીના શસ્ત્રથી ખંડાખંડ કરી જીંદગીપારની શિક્ષાએ પહોંચાડે છે. તેનો કોઇને શોક—સંતાપ થતો નથી. સીધે રસ્તે જન્મ લેનારાઓ સોના રૂપાના તાર જેવા છે. માતાનું શરીર જતરડા છે. જેમ સોની તાર ખેંચે, તેમ ગર્ભ ખેંચાઇ કોટી કષ્ટે બહાર આવે છે, અર્થાત્ નવમે મહિને કહેલી પીડાને ક્રોડ ગણી કરતાં જે દુઃખ થાય છે, તે દુઃખ જન્મ વખતે થાય છે, અને મરતી વખતે તે દુઃખને ક્રોડાક્રોડગણું કરતાં જે દુઃખ થાય છે, તે સર્વ દુઃખ બેહદ છે. તે સર્વ પોતાનાં કરેલાં પુન્ય પાપનાં ફળ છે, અને તે ઉદય કાળમાં ભોગવાય છે. એ સર્વ મોહિનીય કર્મના સંતાપ છે.

ઉપર મુજબ ગર્ભકાળ, તથા ગર્ભસ્થાન, અને ગર્ભમાં ઉપજનારા જીવની સ્થિતિનું વિવેચન એ સર્વ તંદુલ વિયાલીયા પયન્ના તથા ભગવતીજી અને અન્ય ગ્રંથાંતરના ન્યાય મુજબ ગુરૂએ શિષ્યને ઉપદેશમાં કહી બતાવ્યું: ને છેવટમાં કહ્યું, કે જન્મવા પછી ભંગીયાણીના હવાલે લઈ માતાએ ઘણી સંભાળથી ઉછેરી પુખ્ત ઉમરનો કીધો છે, તે પ્રજાની આશામાં માતાનું યૌવન લુંટાયું છે, વ્યવહારિક સુખપર જલાંજલિ કરી છે, તે સર્વને તથા ગર્ભવાસના અને જન્મવા વખતના દુઃખોને ભૂલી જઇ યૌવન-મદમાં છકેલાં પુત્રપુત્રીઓ, મહા ઉપકારી માતાને તિરસ્કારની દૃષ્ટિવડે ધિક્કાર આપી અનાદર કરે છે, વસ્ત્રાલંકારથી શોભિતાં બને છે, તેલ, ફુલેલ, ચુવા, ચંદન, ચંપા, ચમેલી, અગર, તગર, અમર અને અત્તર વિગેરેમાં ગરકાવ બની ફુલહાર ને ગજરા ધારણ કરે છે, તેની સુગંધના અભિમાનની આંધીમાં એમ માનતા હશે, કે આ સર્વ શોભા અને સુગંધ મારા ચામડાથી વીંટાયલા શરીરમાંથી બહાર આવતી હશે, તેવી શોભા અને સુગંધ માતા પિતા વિગેરે કોઇના ચામડામાં નથી, એવા મિથ્યાભિમાનની આંધીમાં પડેલા બેભાન અજ્ઞાન પ્રાણીને માટે ગર્ભવાસના તથા નરક નિગોદનાં અનંત દુઃખ તૈયાર છે; પણ એટલું તો સિદ્ધ છે કે સર્વ બિગાડો પાપી માતાની બેરસમજણના સ્વભાવનો અને કમભાગ્ય ઉપજનારા પાપી ગર્ભનાં વક્ર કર્મનો છે. હવે બીજા પક્ષમાં વિવેકી અને ધર્માત્મા તથા શિયળવ્રત ધારણ કરનારી સગર્ભા માતાઓનાં પુત્ર પુત્રીઓ જન્મી ઉછરે છે, તેઓની જન્મ-

ક્રિયા પણ તેવી જ છે, પણ માત્ર સ્વભાવની છાયા પાડવાનો ફેર છે તેવી માતાઓનાં સ્વભાવનું સ્તનપાન કરી, પુખ્ત ઉમરે પહોંચેલાં પુત્ર-પુત્રીઓ પણ, પોતપોતાનાં પુન્યના ઉદય મુજબ સર્વ વૈભવનો ઉપભોગ કરે છે, તેમ છતાં પોતાનાં માતા પિતા સાથે વિનયપૂર્વક વર્તી શકે છે, ગુરૂ જનોમાં ભક્તિપરાયણ નીવડે છે, લજ્જા, દયા, ક્ષમાદિ ગુણોમાં, અને પ્રભુપ્રાર્થનામાં આગળ વધે છે, અભિમાનથી વિમુખ રહી, મૈત્રી—ભાવને સન્મુખ થાય છે. જીન્દગીના સાર્થક યોગ્ય સત્સંગ કરી જ્ઞાન મેળવે છે, અને શરીરસંપત્તિ વગેરેથી ઉદાસ રહી આત્મસ્મરણમાં જીન્દગી પૂર્ણ કરે છે; તેમજ સર્વ કોઇ વિવેકદૃષ્ટિવાળા સ્ત્રી પુરુષોએ આ અશુચિથી પ્રાપ્ત થયેલા ગંદા શરીરની નિપજ ઉપર ધ્યાન રાખી મમતા ઘટાડવી જોઇએ, મિથ્યાભિમાનથી પાછા હઠવું જોઇએ, મળેલી જીન્દગીનું સાર્થકય કરવા માટે, શુભ કાર્યો કરવામાં ઉદ્યોગ કરવો જોઇએ, જેથી કરીને ઉપર કહેલાં ગર્ભવાસના દુઃખને અધીન થવું ન પડે.

ઇતિ ગર્ભ વિચાર સંપૂર્ણ.

મંગલમ્

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ.


અથ શ્રી બત્રીસ અસઝાય.

(આ બત્રીસ પ્રકારની અસઝાયને વખતે સૂત્ર સિદ્ધાંત વાંચવા નહીં.)

૧ નજીકમાં હાડકાં પડયાં હોય.
૨ માંસ પડયું હોય.
૩ લોહી પડયું હોય.
૪ વિષ્ટા પડી હોય.
૫ સ્મશાન હોય.
૬ ચંદ્રગ્રહણ હોય.
૭ સૂર્યગ્રહણ હોય.
૮ મોટું (પ્રખ્યાત) માણસ ગુજરી ગયું હોય.
૯ રાજ્યમાં વિઘ્ન હોય.
૧૦ નજીકમાં પંચેન્દ્રિયનું કલેવર પડયું હોય.
૧૧ તારા ખર્યા હોય.
૧૨ હજો દિશા રાતી થઈ હોય. (દિશાઓ પડી હોય.)
૧૩ અકાળે ગાજવીજ થાય.
૧૪ અકાળે વીજળી થાય.
૧૫ અકાળે કડાકા થાય.
૧૬ બાળ ચંદ્રમા વખતે. (બીજના ચંદ્રને રોજ ચાર ઘડી.)
૧૭ આકાશમાં નવીન ચિન્હ થાય.
૧૮ ધુમસ પડતી હોય.
૧૯ ઠાર તથા ઝાકળ પડતો હોય.
૨૦ ઘણો તોફાની પવન વાતો હોય.
૨૧ અશાડ સુદ ૧૫ ને રોજ.
૨૨ અશાડ વદ ૧.
૨૩ ભાદરવા શુદ ૧૫.
૨૪ ભાદરવા વદ ૧.
૨૫ કારતક શુદ ૧૫.
૨૬ કારતક વદ ૧.
૨૭ ચૈત્ર શુદ ૧૫.
૨૮ ચૈત્ર વદ ૧.
૨૯ દરરોજ પ્રભાતે ૨ ઘડી સુધી (સૂર્ય ઉગ્યા પહેલાં).
૩૦ મધ્યાહ્ને બે ઘડી સુધી.
૩૧ સાંજે બે ઘડી સુધી (સૂર્ય અસ્ત થયા પછી).
૩૨ મધ્ય રાત્રે બે ઘડી સુધી.

સૂત્ર ભણનારાઓએ આ અસઝાય અવશ્ય જાણી તે પ્રમાણે વર્તવું જોઇએ, અર્થાત્ સૂત્રની મૂળ ગાથાઓ (પાઠ)નો સ્વાધ્યાય અસઝાય વખતે કરવો જોઇએ નહિ.

અધ્યયનો (અર્થ સાથે)



૧ શ્રી મહાવીર સ્તુતિ. [પુચ્છિસ્સુણં]

પુચ્છિસ્સુણું સમણા માહણા ય, આગારિણોયા પરતિત્થિયા ય;
સે કેઇણેગંત-હિયધમ્મમાહુ, અણેલિસં સાહુસમિક્ખયાએ. ૧
કહં ચ નાણં કહં દંસણં સે, સીલં કહંનાયસુયસ્સ આસી;
જાણાસિણું ભિક્ખુ જહાતહેણું, અહાસુયં બ્રુહિ જહાણિસંતં. ૨
ખેયન્ને સે કુસલે મહેસી, અણંતનાણી ય અણંતદંસી;
જસંસિણો ચક્ખુપહેઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ વિઇયં ચ પેહા. ૩
ઉડ્ઢં અહેયં તિરિયં દિસાસુ, તસાય જે થાવર જેહ પાણા;
સે ણિચ્ચણિચ્ચેહિ સમિક્ખ પન્ને, દીવેવ ધમ્મં સમિયં ઉદાહુ. ૪
સે સવ્વદંસી અભિભૂયનાણી, ણિરામગંધે ધિઇમં ઠિયપ્પા;
અણુત્તરે સવ્વ જગંસિ વિજ્જં, ગંથા અતીતે અભયે અણાઉ. ૫
સે ભૂઇપન્ને અણિએઅચારી, ઉહંતરે ધીરે અણંતચક્ખુ;
અણુત્તરે તપ્પઇ સૂરિએવા, વઇરોયણિંદેવ તમં પગાસે. ૬
અણુત્તરં ધમ્મમિણં જિણાણું, ણેયા મુણિ કાસવ આસુપન્ને;
ઇંદેવ દેવાણ મહાણુભાવે, સહસ્સણેતા દિવિણું વિસિટ્ઠે. ૭
સે પન્નયા અક્ખય સાગરેવા, મહોદહિવાવિ અણંતપારે;
અણાઇ લેયા અકસાઇ ભિક્ખુ, સક્કેવ દેવાહિવઇ જુઇમં. ૮
સે વીરિએણું પડિપુન્ન વિરિએ, સુદંસણેવા જુગસવ્વ સેટ્ઠે;
સુરાલએવાસિ સુદાગરે સે, વિરાયએ ણેગગુણોવવેએ. ૯
સયંસહસ્સાણઉ જોયણાણું, તિકંડગે પંડગ વેજયંતે;
સે જોયણે ણવણઉઇસહસ્સે, ઉદ્ધુસ્સિતો હેઠ સહસ્સમેગં. ૧૦
પુઢે ણભે ચિઠઇ ભૂમિવઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ;
સે હેમવન્ને બહુ નંદણે ય, જંસી રઇં વેદયંતિ મહિંદા. ૧૧
સે પવ્વએ સદ્ધ મહપ્પગાસે, વિરાયઇ કંચણમઠવન્ને;
અણુત્તરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરિવરે સે જલિએવ ભોમે. ૧૨
મહીઇ મજ્ઝંમિ ઠિએ ણગિંદે, પન્નાયતે સૂરિય સુદ્ધલેસે;
એવં સિરિએઉ સ ભૂરિવન્ને, મણોરમે જોયઇ અચ્ચિમાલી. ૧૩

સુદંસણસ્સેવ જસો ગિરિસ્સ, પવુચ્ચઈ મહુઓ પવ્વયસ્સ;
એતોવમે સમણે નાયપુત્તે, જાઇ જસો દંસણ નાણ સીલે. ૧૪
ગિરિવરેવા નિસહો યયાણું, રૂયએવ સેઠે વલયાયતાણું;
તઓવમે સે જગભૂઇપન્ને, મુણીણ મજ્ઝે તમુદાહુ પન્ને. ૧૫
અણુત્તરં ધમ્મ-મુઇરઇત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઇ;
સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખિદુવેગં તવદાતસુક્કં. ૧૬
અણુત્તરગ્ગં પરમં મહેસી, અસેસકમ્મં સ વિસોહઇત્તા;
સિદ્ધિગઇ સાઇમણંત પત્તે, નાણેણ સીલેણ ય દંસણેણ. ૧૭
રૂએસુ ણાએ જહ સામલીવા, જંસી રઇં વેદયંતી સુવન્ના;
વણેસુવા નંદણ-માહુ સેઠં, નાણેણ સીલેણ ય ભૂઇપન્ને. ૧૮
થણિયંવ સદ્દાણ અણુત્તરેઉ, ચંદોવ તારાણ મહાણુભાવે;
ગંધેસુવા ચંદણ-માહુ સેઠં, એવં મુણીણં અપડિન્ન-માહુ. ૧૯
જહા સયંભૂ ઉદહીણ સેઠે, નાગેસુવા ધરણિંદ-માહુ સેઠે;
ખોઉદએવા રસવેજયંતે, તવોવહાણે મુણિ વેજયંતે. ૨૦
હત્થિસુ એરાવણ-માહુણાએ, સીહો મિયાણં સલિલાણ ગંગા;
પખિસુવા ગરૂલે વેણુદેવે, નિવ્વાણુવાદીણિહ્ણ ણાયપુત્તે. ૨૧
જોહેસુણાએ જહ વીસસેણે, પુફેસુવા જહ અરવિંદ-માહુ;
ખત્તીણ સેઠે જહ દંતવક્કે, ઇસીણ સેઠે તહ વદ્ધમાણે. ૨૨
દાણાણ સેઠં અભયપ્પયાણું, સચ્ચેસુવા અણુવજ્જં વયંતિ;
તવેસુવા ઉત્તમ બંભચેરં, લોગુત્તમે સમણે નાયપુત્તે. ૨૩
ઠિઇણ સેઠા લવસત્તમાવા, સભા સુહમ્માવ સભાણ સેઠા;
ણિવ્વાણ સેઠા જહ સવ્વધમ્મા, ણ ણાયપુત્તા પરમત્થિ નાણી. ૨૪
પુઢોવમે ધુણઇ વિગયગેહી, ન સન્નિહિં કુવ્વઇ આસુપન્ને;
તરિતુ સમુદ્દં ચ મહાભવોઘં, અભયંકરે વીર અણંતચક્ખુ. ૨૫
કોહં ચ માણું ચ તહેવ માયં, લોભં ચઉત્થં અજ્ઝત્થ દોસા;
એવાણિ વંતા અરહામહેસી, ણ કુવ્વઇ પાવ્વ ણ કારવેઇ. ૨૬
કિરિયા કિરિય વેણઇયાણુવાયં, અન્નાણિયાણું પડિયચ્ચ ઠાણું;
સે સવ્વવાય ઇતિવેદઇત્તા, ઉવઠિએ ધમ્મ સદ્દીહરાયં. ૨૭
સે વારિયા ઇત્થિ સરાઇભત્તં, ઉવહાણુવં દુઃખ ખયઠ્ઠીયાએ;
લોગં વિદિત્તા આરંપારં ચ, સવ્વ પભૂવારિય સવ્વવારં. ૨૮
સોચ્ચા ય ધમ્મં અરિહંતભાસિયં, સમાહિયં અટ્ઠપઉવિશુદ્ધં;
તં સદ્દહણા ય જણા અણાઉ, ઇંદેવ દેવાહિઆગમિસ્સંતિ.
ત્તિબેમિ. ૨૯

અર્થ—૧ શ્રી સુધર્મા સ્વામી પ્રત્યે જંબુસ્વામીએ પૂછ્યું કે, હે ભગવાન ! શ્રમણો, બ્રાહ્મણો, ગૃહસ્થો અને પરતીર્થીઓ મને પૂછે છે કે, એકાંત હિતકારી અને એના જેવો બીજો કોઇ છે નહિ એવો ધર્મ યથાસ્થિત કોણે કહ્યો છે ? ૨ તે જ્ઞાનપુત્ર શ્રી મહાવીર દેવનું જ્ઞાન કેવું હતું ? વળી દર્શન કેવું હતું ? તેનો શીલાચાર કેવો હતો ? તે હે ભિક્ષુ ! તમે જાણો છો. તે જેમ તમે સાંભળ્યું હોય અને ધાર્યું હોય તેમ કહો ! ૩ તે (ભગવાન) સંસારી જીવોના દુઃખના જાણુ, કર્મ કાપવામાં કુશળ, અનંતજ્ઞાની, અનંતદર્શી, મોટા યશસ્વી અને લોકના ચક્ષુભૂત એવા શ્રી મહાવીર દેવના પ્રરૂપેલા ધર્મને તથા તેમની ધીરજને જાણ અને દેખ. ૪ ઉંચી, નીચી અને તીરછી એ ત્રણે દિશાઓને વિષે જે, ત્રસ અને સ્થાવર જીવો છે તેને, પ્રજ્ઞાવંત મહાવીરદેવે, નિત્યાનિત્ય ભેદ સમ્યક્ પ્રકારે જાણીને સંસાર સમુદ્રમાં બુડતા જીવોને રાખવા સારૂં દીપ્યમાન અને સમભાવી એવો ધર્મ કહ્યો છે. ૫ તે ભગવાન લોકાલોકને દેખનારા, બાવીશ પરીસહ જીતીને કેવળજ્ઞાન પામ્યા છે એવા મૂળ તથા ઉત્તરગુણે સંયમના પાળનારા, ધૈર્યવાન, સર્વ કર્મ નાશ થવાથી સ્થિત આત્મવંત, સર્વ જગતને વિષે પ્રધાન જ્ઞાનવાન, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ રહિત, સાત ભય રહિત અને ચાર ગતિના આયુષ્ય રહિત શ્રી મહાવીરદેવ હતા. ૬ એ ભગવંત અનંત જ્ઞાનવાળા, અપ્રતિબંધ વિહારી, સંસાર-સમુદ્રને તારનાર, ધીરજવાન, અનંતજ્ઞાન રૂપ ચક્ષુવાળા તથા સૂર્ય જેમ સર્વથી અધીક તપે છે તેમ જ્ઞાને કરી સર્વોત્તમ છે. વિરોચન અગ્નિ જેમ સળગવાથી ઇંદ્રની પેઠે અંધકાર દૂર કરી પ્રકાશ કરે છે તેમ શ્રી મહાવીરદેવ પણ અજ્ઞાનરૂપ અંધકાર દૂર કરી પ્રકાશ કરે છે. ૭ દેવલોકને વિશે ઇંદ્ર જેમ દેવોમાં મહાપ્રભાવંત, હજારો દેવોનો નાયક અને સર્વોત્તમ છે તેમ સર્વ તીર્થંકરોએ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ તેને પ્રકાશ કરનાર કાશ્યપ ગોત્રી અને કેવળજ્ઞાની શ્રી મહાવીરદેવ સર્વથી ઉત્તમ છે. ૮ તે ભગવાન પ્રજ્ઞાએ કરી અક્ષય તથા જેમ સ્વયંભૂરમણ નામે મોટો સમુદ્ર અનંત, અપાર અને નિર્મળ જળવાળો છે તેમ ભગવાનનું જ્ઞાન નિર્મળ છે. વળી તે ભગવંત કષાયરહિત તથા ભિક્ષાએ આજીવિકા કરનાર અને દેવતાના અધિપતિ શક્રેન્દ્રની પેઠે તેજસ્વી છે. ૯ તે ભગવાન બળે

કરી પ્રતિપૂર્ણ બળવાન છે. સર્વ પર્વતોમાં મેરૂ પર્વત જેમ શ્રેષ્ઠ છે તેમ ભગવાન પણ વિર્યાદિક ગુણે કરી સર્વોત્તમ છે. મેરૂ પર્વત જેમ સ્વર્ગવાસી દેવોને હર્ષ ઉત્પન્ન કરે છે તથા અનેક ગુણોએ કરી શોભે છે તેમ ભગવંત પણ અનેક ગુણોએ કરી શોભે છે. ૧૦ તે મેરૂ પર્વત એક લાખ જોજનનો છે. તેના એક ભૂમિમય, બીજો સુવર્ણમય અને ત્રીજો વૈડૂર્ય રત્નમય, એવા ત્રણ કાન્ડ છે, તથા તે મેરૂ પર્વતની ટોચ ઉપર પંડગવન ધ્વજાની માફક શોભી રહ્યું છે, તે મેરૂ પર્વત નવાણું હજાર જોજન ઉંચો અને એક હજાર જોજન નીચે જમીનમાં છે. ૧૧ તે મેરૂ પર્વત આકાશને સ્પર્શીને રહ્યો છે, ભૂમિને અવગાહી રહ્યો છે, એટલે ઉંચા, નીચા અને તીરછા લોકને સ્પર્શી રહ્યો છે. જે મેરૂપર્વતની આસપાસ સૂર્ય પ્રમુખ જ્યોતિષી દેવો પ્રદક્ષિણા કરી રહ્યા છે, તે મેરૂ પર્વત સુવર્ણના જેવી કાંતિવાળો છે. તેના ઉપર ઘણાં એટલે ચાર નંદનવન છે, જેના વિષે મોટા ઇંદ્રો પણ આવીને રતિસુખ ભોગવે છે. ૧૨ વળી તે મેરૂ પર્વત—૧ મંદિર, ૨ મેરૂ, ૩ મનોરમા, ૪ સુદર્શન, ૫ સ્વયંપ્રભ, ૬ ગિરિરાજ, ૭ રત્નોચ્ચય, ૮ તિલકોપમ, ૯ લોકમધ્ય, ૧૦ લોકનાભિ, ૧૧ રત્ન, ૧૨ સૂર્યાવર્ત, ૧૩ સૂર્યાવરણ, ૧૪ ઉત્તમ, ૧૫ દિશાદિ અને ૧૬ અવતંસ એ સોળ નામે કરી મહા પ્રકાશવાન શોભે છે તથા સુવર્ણની પેઠે શુદ્ધ વર્ણવાળો, સર્વ પર્વતોમાં પ્રધાન, મેખલાએ કરી વિષમ અને વળી તે ગિરીરાજ મણિ અને ઔષધિઓએ કરી દેદીપ્યમાન છે, તેથી જમીનની પેઠે ઝળઝળાયમાન થઈ રહે છે. ૧૩ પૃથ્વીના મધ્ય ભાગમાં રહેલો સર્વ પર્વતોનો ઇંદ્ર મેરૂ પર્વત સૂર્યની પેઠે શુદ્ધ લેશાવંત પ્રકર્ષે કરીને જણાય છે. ઉપર કહી એવી શોભાએ કરી તથા અનેક પ્રકારના રત્નોના વર્ણોએ કરી મનને આનંદ કરે છે અને સૂર્યની પેઠે સર્વ દિશાઓને દીપાવે છે. ૧૪ આ જશ મેરૂ ગિરિરાજ પર્વતના કહેવાય છે. એ પૂર્વોક્ત ઉપમાએ શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ જાતિએ, યશે, દર્શને, જ્ઞાને એવં આચારે સર્વોત્તમ છે. ૧૫ લાંબા પર્વતોમાં નિષધ પર્વત મોટો છે, ગોળાકાર પર્વતોમાં રૂચક પર્વત શ્રેષ્ઠ છે તે ઉપમાએ શ્રી મહાવીરદેવ જગતમાં પ્રજ્ઞાએ કરી શ્રેષ્ઠ કહ્યા છે તથા સર્વ મુનીઓને વિષે પ્રજ્ઞાવંત કહ્યા છે. ૧૬ તે ભગવાન પ્રધાન ધર્મ પ્રકાશીને પ્રધાન, ઉજ્જવળમાં

ઉજ્જવળ, દોષરહિત ઉજ્જવળ, શંખ અને ચંદ્રમાની પેઠે એકાંત ઉજ્જવળ, સર્વ ધ્યાનમાં સર્વોત્તમ એવું શુકલધ્યાન ધ્યાય છે. ૧૮ તે મોટા ઋષીશ્વર (મહાવીરદેવ) સમસ્ત કર્મ ખપાવીને જ્ઞાને કરી, ચારિત્રે કરી, દર્શને કરી, સર્વોત્તમ લોકને અગ્રભાગે ઉત્કૃષ્ટિ સાદિ અનંત ભાગે સિદ્ધિગતિને પામ્યા. ૧૯ જેમ વૃક્ષોને વિશે શામલી વૃક્ષ પ્રસિદ્ધ છે, જે વૃક્ષને વિષે સુવર્ણકુમાર દેવતાઓ રતિસુખ વેદે છે. વનને વિષે જેમ નંદનવન શ્રેષ્ઠ કહ્યું છે તેમ શ્રી મહાવીરદેવ જ્ઞાને અને ચારિત્રે કરી પ્રજ્ઞાવંત છે. ૧૯ શબ્દોમાં જેમ મેઘની ગર્જનાનો શબ્દ, તારાઓને વિશે જેમ ચંદ્રમા અને સુગંધીઓમાં જેમ ચંદન શ્રેષ્ઠ છે તેમ મુનિઓમાં આકાંક્ષારહિત એટલે આલોક પરલોકની વાંછના રહિત શ્રી મહાવીરદેવ શ્રેષ્ઠ કહ્યા છે. ૨૦ જેમ સર્વ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, નાગકુમાર દેવતાઓમાં ધરણેંદ્ર અને રસમાં શેરડીનો રસ શ્રેષ્ઠ છે તેમ તપ-કુપધ્યાને કરી મુનિઓમાં શ્રી મહાવીરદેવ શ્રેષ્ઠ છે. ૨૧ હાથીઓને વિષે જેમ ઐરાવત હાથી, મૃગાદિક જનાવરોમાં સિંહ, પાણીમાં ગંગા નદીનું પાણી, પક્ષીઓને વિષે ગરૂડ પક્ષી (વેણુદેવ) પ્રધાન છે, તેમ નિર્વાણવાદીઓમાં જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ પ્રધાન કહ્યા છે. ૨૨ યોદ્ધાઓમાં જેમ વિશ્વસેન (ચક્રવર્તી), ફુલોમાં જેમ અરવિંદ કમળ,[1] ક્ષત્રિયોમાં જેમ દાતા-વાક્ય (વચન) પાળનારો એવો જે ચક્રવર્તી તે શ્રેષ્ઠ છે તેમ ઋષિઓને વિષે શ્રી વર્ધમાન સ્વામી શ્રેષ્ઠ કહ્યા છે. ૨૩ દાનમાં અભયદાન, સત્ય વચનમાં અનવદ્ય[2] વચન અને તપને વિષે બ્રહ્મચર્ય શ્રેષ્ઠ કહ્યું છે, તેમ સર્વ લોકમાં ઉત્તમ શ્રમણ જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ શ્રેષ્ઠ છે. ૨૪ સ્થિતિવાળા લોકોમાં જેમ લવ સપ્તમ દેવો (પાંચ અનુત્તર વિમાનવાસી દેવતા), સભાઓમાં સૌધર્મ સભા, અને સર્વ ધર્મોમાં જેમ મોક્ષધર્મ શ્રેષ્ઠ છે તેમ જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવથી કોઇ ઉત્કૃષ્ટ જ્ઞાની નથી એટલે શ્રી મહાવીરદેવ સર્વથી શ્રેષ્ઠ જ્ઞાની છે. ૨૫ જેમ પૃથ્વી સર્વ વસ્તુને આધારભુત છે તેમ શ્રી મહાવીરદેવ પણ પૃથ્વી સમાન તથા આઠ પ્રકારનાં કર્મ ખપાવીને અભિલાષા રહિત, દ્રવ્યસંનિધિ તે ધન, ધાન્ય, દુપદ અને ચતુષ્પદાદિ અને ભાવસંનિધિ તે ક્રોધ, માન, માયા અને લોભ એ બે પ્રકારની

૧ સૂર્ય વિકાસી કમળ. ૨ કોઇ જીવને પીડા ન થાય એવું.

સંનિધિ ન કરનાર, એવા પ્રજ્ઞાવાન, ચાર ગતિરૂપ મોટા સમુદ્રને તરીને મોક્ષ પામ્યા છે. અભય કરનાર, શુરવીર તથા અનંત ચક્ષુવાળા છે. ૨૬ ક્રોધ, માન, માયા તેમજ ચોથો લોભ એ ચાર અધ્યાત્મ દોષોને ત્યાગીને અરિહંત અને મોટા ઋષિ થયા તેથી પાપકર્મ કરે નહીં અને કરાવે પણ નહિ. ૨૭-ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, વિનયવાદીના ૩૨ તથા અજ્ઞાનવાદીના ૬૭ એ સર્વ ૩૬૩ પાખંડીઓના ભેદ જાણવા, શ્રી મહાવીરદેવ તે સર્વ ભેદને (દુર્ગતિ જવાના કારણ) જાણીને તેનો ત્યાગ કરી ચારિત્ર-રૂપ ધર્મને વિષે જાવ જીવ સુધી સાવધાનપણે રહ્યા. ૨૮ તે ભગવાન રાત્રિ ભોજન રહિત, સ્ત્રીનું નિવારણ કરીને, અષ્ટ કર્મરૂપ દુઃખનો ક્ષય કરવાને અર્થે ઉપધ્યાનવાન (તપસ્યાવડે દેહ સુકાવી નાંખ્યો એવા) થયા. વળી તે પ્રભુએ આ લોક અને પરલોકનાં સ્વરૂપ જાણીને સર્વ પ્રકારનાં પાપનાં સ્થાનકોને ઘણીવાર નિવારણ કર્યા. ૨૯ હે જંબુ! સમ્યક્ પ્રકારે અર્થ અને પદવડે શુદ્ધ એવા અરિહંત ભાષિત ધર્મને સાંભળીને તથા સરદ્દહીને ઘણા લોકો અનાયુષ સિદ્ધ થયા અને જે લોકોને કર્મ બાકી રહ્યાં હતાં તે લોકો દેવોના અધિપતિ તથા ઇંદ્રાદિક થઇ આગમીક કાળે સિદ્ધ થશે. એ રીતે હું (સુધર્મસ્વામી) જેવું મહાવીર સ્વામી પાસે સાંભળ્યું હતું તેવું (ત્તિબેમિ) કહું છું.

પરચુરણ ગાથાઓ [મૂળ]

પંચ મહવ્વય સુવ્વય મૂલં, સમણ મણાઇલ સાહુ સુચિણું;
વેર વિરામણ પજ્જવસાણું, સવ્વ સમુદ્દ મહોદહિ તીથં. ૧
તીથંકરેહિં સુદેસિય મગ્ગં, નરગ તિરિય વિવજિય મગ્ગં;
સવ્વ પવિત્તં સુનિમ્મિય સારં, સિદ્ધિ વિમાણું અવંગુય દ્વારં. ૨
દેવ નરિંદ નમંસિય પૂઇયં, સવ્વ જગુત્તમ મંગલ મગ્ગં;
દુદ્ધરિસં ગુણ નાયક-મેક્કં, મોખ પહસ્સ-વડંસગ ભૂયં. ૩
ધમ્મા રામે ચરે ભિક્ખુ, ધિઇમં ધમ્મ સાર હિં;
ધમ્મા રામે રએ દંતે, બંભચેર સમાહિએ. ૪
દેવ દાણવ ગંધવ્વા, જખ રખસ કિન્નરા;
બંભયારિ નમંસંતિ, દુક્કરં જે કરંતિ તે. ૫

એસ ધમ્મે ધુવે ણિયએ, સાસએ જિણુદ્દેસિએ;
સિઝા સિઝંતિ ચાણેણું, સિઝિસ્સંતિ તહાવરે, ત્તિબેમિ. ૬
અરિહંત સિદ્ધ પવયણ, ગુરૂ થેર બહુસુએ તવસ્સીસુ;
વચ્છલયા ય તેસિં, અભિખ નાણોવઓગે ય. ૭
દંસણ વિણય આવ—સ્સએ ય, સીલવ્વય નિરઈયારે;
ખણલવ તવ ચ્ચિયાએ, વેયાવચ્ચે સમાહીએ. ૮
અપુવ્વ નાણગ્ગહણે, સુયભત્તી પવયણ પભાવણયા;
એએહિં કારણેહિં, તિથયરત્તં લહઈ જીવો. ૯
જિણવયણે અણુરત્તા, જિણવયણું જે કરંતિ ભાવેણું;
અમલા અસંકિલિઠા, તે હુંતિ પરિત્તસંસારી. ૧૦
એવં ખુ નાણિણો સારં, જં ન હિંસઇ કિંચણું;
અહિંસા સમયં ચેવ, એતાવતં વિયાણિયા. ૧૧
જાઇ ચ વુદ્ધિં ચ ઇયજ્જ પાસં, ભૂતેહિં જાણે પડિલેહ સાયં;
તમ્હાતિવિજો પરમંતિણુચ્ચા, સમ્મતદંસી ણ કરેઇ પાવં. ૧૨
ઉમુચ્ચ પાસં ઇહ મચ્ચિએહિં, આરંભજીવી ઉભયાણુપસ્સી;
કામેસુ ગિદ્ધાણિ ચયં કરંતિ, સંસિચ્ચમાણા પુણુરેતિ ગબ્ભં. ૧૩
સવણે નાણે ય વિન્નાણે, પચ્ચખાણે ય સંજમે;
અણહનએ તવે ચેવ, વોદાણે અકિરિઆ સિદ્ધિ. ૧૪
સારં દંસણ નાણું, સારં તવ નિયમ સંજમં સીલં;
સારં જિણવર ધમ્મં, સારં સંલેહણા પંડિય મરણું. ૧૫
કલ્લાણુકોડિ કારણી, દુગ્ગઇ દ્વર નિઠવણી;
સંસાર જલ તારણી, એગંત હોઇ જીવદયા. ૧૬
આરંભે નત્થી દયા, મહિલા સંગેણ નાસઇ બંભં;
સંકાએ સમ્મત્તં નાસઇ, પવજ્જા અથ ગહણેણંચ. ૧૭
મજ્જ વિસય કસાયા, નિદ્દા વિકહા ય પંચમા ભણિયા;
એ એ પંચ પમાયા, જીવા પડંતિ સંસારે. ૧૮
લબ્ભંતિ વિમલા ભોએ, લબ્ભંતિ સુરસંપયા;
લબ્ભંતિ પુત્ત મિત્તં ચ, એગો ધમ્મો ન લબ્ભઈ. ૧૯
એગો-હું નથી મે કોઇ, નાહ-મન્નસ્સ કસ્સઇ;
એવં અદીણમણસો, અપ્પાણુ-મણુસાસઇ. ૨૦

એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વ સંજોગ લખણા. ૨૧
નવિ સુહી દેવતા દેવલોએ, નવિ સુહી પુહવિ પઇરાયા;
નવિ સુહી સેઠ સેણાવઇણું, એગંત સુહી મુણિ વીયરાગી. ૨૨
નગરી સોહુંતી જલ વૃક્ષ મૂલા, રાજા સોહુંતા ચતુરંગી સેના;
નારી સોહુંતી સુશીલવંતી, સાધુ સોહુંતા નિરવદ્ય વાણી. ૨૩
ચૌદ પૂરવ ધાર કહિયે, જ્ઞાન ચાર વખાણીએ;
જિન નહિં પણ જિન સરિખા, સુધર્મા સ્વામી જાણીયે. ૨૪
માત-પિતા કુલ જાત નિર્મળ, રૂપ અનુપ વખાણીએ;
દેવતાને વલ્લભ એવા, જંબુસ્વામી જાણીએ. ૨૫

દશવૈકાલિકસૂત્રનું પહેલું અધ્યયન

ધમ્મો મંગલ મુક્કિઠં, અહિંસા સંજમો તવો;
દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો. ૧
જહા દુમસ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં;
ન ય પુપ્ફં કિલામેઇ, સોય પીણેઇ અપ્પયં. ૨
એમે એ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો;
વિહંગમાવ પુપ્ફેસુ, દાણ ભત્તે સણે રયા. ૩
વયં ચ વિત્તિં લબ્ભામો, ન ય કોઇ ઉવહમઇ;
અહાગડેસુ રિયંતે, પુપ્ફેસુ ભમરા જહા. ૪
મહુકાર સમા બુદ્ધા, જે ભવંતિ અણિસિયા;
નાણા પિંડ રયા દંતા, તેણ વુચંતિ સાહુણો. (ત્તબેમિ.) ૫

અર્થ:—૧ ધર્મ-ઉત્કૃષ્ટ મંગળીક છે. જીવદયા, સત્તર ભેદે સંયમ અને બાર પ્રકારે તપ એ ધર્મનું લક્ષણ છે. એવા ધર્મને વિષે જેનું સદાય મન છે, તેને દેવતા અને ચક્રવર્તિ આદિ મનુષ્યો નમસ્કાર કરે છે. ૨ જેમ વૃક્ષના ફુલને વિષે ભમરો મર્યાદાએ રસ પીને પોતાના આત્માને તૃપ્ત કરે છે, પણ ફુલને પીડા ઉપજાવતો નથી. ૩ તેમ લોકને વિષે પરિગ્રહથી મુકાએલા અને ચારિત્ર પાળનારા સાધુ ભમરાની માફક ગવેષણાને વિષે

મળેલાં ભાત પાણીથી સંતોષ માને છે. ૪ જેમ ભમરો કુલને વિષે વિચરે છે તેમ ગૃહસ્થે પોતાને અર્થે કીધેલા અને કોઇ પ્રાણી ન હણાય તેવી આહારની વૃત્તિને અમે પામશું. ૫ જે ભમરા સરખા, તત્વના જાણુ સાધુ, નેશ્રા પ્રતિબંધ રહિત નાના પ્રકારના આહારને વિષે અનુરક્ત અને ઇંદ્રિયોના દમણહાર છે તેને ચારિત્રીયા સાધુ કહીએ, એમ હું કહું છું.

દશવૈકાલિકસૂત્રનું બીજું અધ્યયન.

કહં નુ કુજ્જા સામન્નં, જો કામે ન નિવારએ;
પએપએ વિસીયંતો, સંકપ્પસ વસંગઓ. ૧

વત્થગંધ મલંકારં, ઇત્થિઓ સયણાણિ ય;
અચ્છંદા જે ન ભુંજંતિ, ન સે ચાઇ ત્તિ વુચ્ચઇ. ૨

જે ય કંતે પિએ ભોએ, લદ્ધે વિપિઠિ કુવઇ;
સાહીણે ચયઇ ભોએ, સે હુ ચાઇ ત્તિ વુચ્ચઇ. ૩

સમાઇ પેહાઇ પરિવયંતો, સિયા મણો નિસ્સરઇ બહિદ્ધા;
ન સા મહું નોવિ અહંપિતિસે, ઇચ્ચેવ તાઓ વિણએજ્જ રાગં. ૪

આયાવયા હી ચય સોગમલ્લં, કામે કમાહિ કમિયં ખુ દુઃખં;
છિંદાહિ દોસં વિણએજ્જ રાગં, એવં સુહી હોહિસિ સંપરાએ. ૫

પખંદે જલિયં જોઇં, ધુમકેઉં દુરાસયં;
નેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા અગંધણે. ૬

ધિરત્થુ તે જસોકામી, જો તં જીવિય કારણા;
વંતં ઇચ્છસિ આવેઉં, સેયં તે મરણું ભવે. ૭

અહું ચ ભોગરાયસ્સ, તં ચ સી અંધગવન્હિણો;
મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુ ચરે. ૮

જઇ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારીઓ;
વાયા વિદ્ધો વ હડો, અઠિઅપ્પા ભવિસ્સસિ. ૯

તીસે સો વયણું સોચ્ચા, સંજયાએ સુભાસિયં;
અંકુસેણ જહા નાગો, ધમ્મે સં પડિવાઇઓ. ૧૦

એવં કરંતિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા;
વિણિ યટ્ટંતિ ભોગેસુ, જહા સે પુરિસોત્તમો. (ત્તિબેમિ.) ૧૧

અર્થ:-૧ કેવા વિચારથી સાધુ ચારિત્ર પાળે ? જે કોઇ કામ-ભોગની ભુંડી વાંચ્છના નિવારે નહિ તે પગલે પગલે વિખવાદ પામતો થકો માઠા અધ્યવસાયને વશ થાય. જેને વસ્ત્ર, સુગંધી વસ્તુ, અલંકાર, આભરણ, સ્ત્રીઓની જાતિ, શય્યા, આસન એટલાં વાનાં પોતાને નથી અને ભોગવતો પણ નથી પણ ભોગવ-વાના પચ્ચખાણ કર્યાં નથી તેને ત્યાગી કહીએ નહિ. ૩ જે કોઈ વહાલામાં વહાલા ભોગ પામ્યા છે, એવા ભોગ પોતાને વશ છતાં, છાંડે-વેગળા કરે અર્થાત્ પચ્ચખાણ કરે તેને નિશ્ચે ત્યાગી કહીએ. ૪ સમતા પરિણામના વિચારમાં વિચરતા સાધુનું મન કદાચિત સંજમથી બહાર (પ્રથમનું સંસાર સુખ સાંભળવાથી) નીકળે ત્યારે વિચારે કે, તે સ્ત્રી મારી નથી તેમ તે સ્ત્રીનો હું નથી, એમ વિચારીને મન વશ કરવા નિમિત્તે તે સ્ત્રી ઉપરથી સ્નેહ રાગ નિવારે. ૫ તડકાની આતાપના લીએ, સુકોમળપણું છાંડે, નિશ્ચે સર્વ દુઃખને ઉલંઘવાને અર્થે કામ ભોગને છાંડે, દ્વેષને છેદે અને રાગને ટાળે; એમ કરવાથી સંસારને વિષે સુખી થાય. ૬ રાજેમતી રહનેમિનું દૃષ્ટાંત કહે છે—અગંધન કુળમાં ઉપજેલા નાગ, ઝળઝળતી, તીક્ષ્ણ, ધુમાડાવાળી અને સહન ન થાય તેવી અગ્નિમાં પેસી બળી મરવું કબુલ કરશે પણ પોતાના વમેલા ઝેરને કદીપણ પાછું લેવા ઇચ્છા કરશે નહિ. ૭ ધિક્કાર છે તુજને હે અપજશના કામી ! જે તું અસંજમ જીવિતવ્યને કારણે વમેલા ભોગને પાછા લેવાની ઇચ્છા કરે છે ? તેથી તુજને મરવું ભલું છે. ૮ હું ભોજક રાજાની પૌત્રી અને ઉગ્રસેન રાજાની પુત્રી છું; અને તું અંધક વિષ્ણુનો પૌત્ર અને સમુદ્રવિજય રાજાનો પુત્ર છે; માટે રખે ગંધનકુળના સર્પ સરખો થા ! અર્થાત વમ્યા ભોગને પાછા લેવાની ઇચ્છા કરીશ નહિ પણ સંજમ નિશ્ચળ મનથી પાળ. ૯ જો તું સ્ત્રીઓને દેખીને મનને વિષે ભોગની ઇચ્છા કરીશ તો જેમ વાયરે કરી હડ નામે વૃક્ષનાં મૂળ અસ્થિર થાય છે તેમ સ્ત્રીઓને દેખીને કામ-ભોગની ઇચ્છાથી તારો આત્મા અસ્થિર થશે. ૧૦ જેમ અંકુશે કરી હાથી ઠેકાણે આવે તેમ સાધ્વી રાજેમતિનાં રૂડાં વચન સાંભ-

ળીને રહનેમિ ધર્મને વિષે સમ્યક્ પ્રકારે સ્થિર થયા. ૧૧ જેમ પુરૂષ માંહે ઉત્તમ રહનેમિ ભોગથી નિવર્ત્યા તેમ તત્વના જાણ, પંડિત, અતિશય ડાહ્યા તે પ્રમાણે કરે (ભોગથી નિવર્તે). એમ હું કહું છું. ઇતિ.

દશવૈકાલિક સૂત્રનું ત્રીજું અધ્યયન.

સંજમે સુઠિ અપ્પાણં, વિપ્પ મુક્કાણ તાઇણં;
તેસિમેય-મણાઇન્નં, નિગ્ગંથાણં, મહેસિણ. ૧
ઉદ્દેસિયં કીયગડં, નિયાગં અભિહડાણિય;
રાઇભત્તે સિણાણેય, ગંધ મલ્લે ય વીયણે. ૨
સંનિહિ ગીહિમત્તે ય, રાયપિંડે કિ મિચ્છએ;
સંબાહણ દંત પહોયણાય, સંપુચ્છણ દેહ પલોયણાય. ૩
અઠાવએ ય નાલિએ, છત્તસ ય ધારણ ટ્ઠાએ;
તિગિછં પાહણા પાએ, સમારંભં ચ જોઇણો. ૪
સિજ્ઝાયર પિંડં ચ, આસંદી પલીયંકએ;
ગિહંતર નિસિજ્ઝા ય, ગાયસ્સુ વટ્ટણાણીય. ૫
ગિહિણો વેયાવડીયં, જાય આજીવ વત્તિયા;
તત્તા-નિવુડ ભોઇત્તં, આઉર સ્સરણાણી ય. ૬
મૂલએ સિંગબેરે ય, ઉછુ ખંડે અનિવ્વુડે;
કંદે મૂલે ય સચિત્તે, ફલે બીએ ય આમએ. ૭
સોવચ્ચલે સિંધવેલોણે, રોમાલોણે ય આમએ;
સામુદે પંસુ ખારે ય, કાલાલોણે ય આમએ. ૮
ધુવણેત્તિ વમણે ય, વત્થિકમ્મ વિરેયણે;
અંજણે દંત વણે ય, ગાયા ભંગ વિભૂસણે. ૯
સવ્વ-મેય-મણાઇન્નં, નિગ્ગંથાણ મહેસિણ;
સંજમંમિ ય જુત્તાણં, લહુભુય વિહારિણં. ૧૦
પંચાસવ પરિન્નાયા, તિગુત્તા છસુ સંજયા;
પંચ નિગહણા ધીરા, નિગંથા ઉજુદંસિણો ૧૧
આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા;
વાસાસુ પડિસંલીણા, સંજયા સુસમાહિયા. ૧૨

પરિસહ રિઉ દંતા, ધુયમોહા જિઇંદ્રિયા;
સવ્વ દુખ પહિણુઠા, પક્કમંતિ મહેસિણો. ૧૩
દુક્કરાઇ કરિત્તાણં, દુસ્સહાઇ સહેતુય ય;
કેઇત્થ દેવલોએસુ, કેઇ સિઝંતિ નિરયા. ૧૪
ખવિત્તા પુવ્વ કમાઇં, સંજમેણ તવેણ ય;
સિદ્ધિ-મગ્ગ-મણુપત્તા, તાઇણો પરિનિવ્વુડે. ત્તિબેમિ. ૧૫

અર્થ:-સંજમને વિષે જેણે ભલી રીતે આત્માને સ્થાપ્યો છે, જે વિવિધ પ્રકારના પરિગ્રહથી મુકાણા છે અને છકાયના રખવાળ છે એવા, તથા ચારિત્રના પાળનારા નિર્ગ્રંથ, મોટા ઋષીશ્વરને આગળ કહેશું તે અનાચરણ-આચરવાં યોગ્ય નથી. તે બાવન અનાચરણનાં નામ કહે છે-૧ આધાકર્મી આહાર લેવો તે, ૨ પૈસા આપી લાવેલી વસ્તુ લેવી તે, ૩ નિત્ય ચાર પ્રકારનો આહાર લે તે, ૪ સામી મંગાવીને વસ્તુ લેવી તે, વળી ૫ રાત્રી-ભોજન કરે તે, ૬ નાહવું તે, ૭ સુગંધી શરીરે લગાવે તે, ૮ ફુલ પ્રમુખની માળા પહેરે તે, ૯ પંખાથી વાયરો લે તે, ૩. ૧૦ રાતવાસી આહાર રાખે તે, ૧૧ ગૃહસ્થનાં વાસણમાં જમે તે, ૧૨ રાયપિંડ (રાજાને વાસ્તે ઘણા વિગયથી અને બલિષ્ટ આહાર બનાવેલો હોય તે.) ભોગવે તે, ૧૩ દાન દેવાને વાસ્તે કાઢેલો આહાર લે તે, ૧૪ શરીરે મર્દન કરવું તે, ૧૫ દાંત સાફ કરવા તે, ૧૬ ગૃહસ્થને ખુશ ખબર પૂછવા તે, ૧૭ દર્પણ આદિમાં મોઢું જોવું તે, ૪. ૧૮ અર્થ ઉપાર્જનને કારણે ચોપાટ, ગંજીપા અને શેત્રંજ આદિ રમત રમવી તે તથા જુગટે રમે તે, ૧૯ છત્રકંબલ આદિ માથે રાખે, રખાવે તે, ૨૦ વૈદું કરવું, કરાવવું તે, ૨૧ પગમાં પગરખાં પહેરવાં તે (કપડાનાં અથવા ચામડાંનાં). ૨૨ આરંભ કરે તે, ૨૩ અગ્નિનો આરંભ કરે તે, ૫. ૨૪ સ્થાનકના ધણીનો આહારાદિક લે તે, ૨૫ ઢાલીઆ, પલંગ અને ખુરશી પર બેસે તે, ૨૬ ગૃહસ્થને ઘેર બેસે તે, ૨૭ શરીરના ગાત્રને વીલેપન કરવાં તે (પીઠી પ્રમુખનાં) ૬. ૨૮ ગૃહસ્થની વૈયાવચ્ચ કરે તે, ૨૯ પોતાની જાતિ જણાવી આજીવિકા કરવી તે, ૩૦ મિશ્ર એટલે કાંઇક જીવના પ્રદેશ રહી ગયા હોય તેવાં કાચાં પાકાં આહાર પાણી ભોગવવાં તે, ૩૫ ભૂખ તૃષાદિક અથવા

રોગાદિક પીડા ઉપજવાથી ગૃહસ્થનું શરણ લે તે. ૭. ૩૨ કાચા મુળા, ૩૩ કાચું આદુ, ૩૪ શેરડીના કટકા ભોગવે તે, ૩૫ સુરણ આદિ કંદ ભોગવે તે, ૩૬ વૃક્ષનાં મૂળ સચિત ભોગવે તે, ૩૭ તે કાચાં ફળ, ૩૮ કાચાં બીજ લેવાં તે, ૮. ૩૯ સંચળ, સિંધવ, ૪૦ મીઠું, ૪૧ અગરનું કાચું મીઠું ભોગવવું તે, ૪૨ સમુદ્રનું મીઠું. ૪૩ ખારી ધૂળથી નીપજેલું મીઠું, ૪૪ કાળુ મીઠું કાચું ભોગવવું તે, ૯. ૪૫ વસ્ત્રાદિકને ધુપ દેવો અથવા ધોવાં તે, ૪૬ ઔષધથી વમન કરવું તે, ૪૭ ગળાંથી નીચેના વાળ સમારવા તે, ૪૮ જુલાબ લેવો તે. ૪૯ આંખમાં અંજન કરવું તે, ૫૦ દાતણ કરવું તે, ૫૧ શરીરે તૈલાદિક વિલેપન કરવું તે, ૫૨ શરીરની શુશ્રુષા કરવી તે અનાચાર દોષ, ૧૦ એ સર્વ અનાચરણ દોષ નિર્ગ્રંથ મોટા ઋષિવર, સંજમને વિષે જોડાયેલા, અપ્રતિબંધપણે વિચરનારને આચરવા યોગ્ય નહિ. ૧૧ પાંચ આશ્રવ માઠા જાણી છોડનાર, ત્રણ ગુપ્તિ ગોપવનાર, છકાય જીવની સમ્યક્ પ્રકારે યતના કરનાર, પાંચ ઇંદ્રિયનો નિગ્રહ કરનાર, ધૈર્યવંત, નિર્ગ્રંથ, સરલ દૃષ્ટિએ સંયમ પાળનાર. ૧૨ ઉનાળાની ઋતુને વિષે આતાપના લીએ, શીયાળાની ઋતુને વિષે વસ્ત્ર દૂર મુકી ટાઢ સહન કરે, વર્ષાકાળે અંગોપાંગને સમરી એક ઠામે બેસે, સમ્યક્ પ્રકારે યતનાના કરણહાર, ભલી સમાધીવંત, જ્ઞાનાદિકના ધરણહાર. ૧૩ જેણે પરિસહરૂપ વેરીને દમ્યા, મોહને દૂર કર્યો, ઇંદ્રિને જીત્યાં, એવા મોટા ઋષીશ્વર શારીરિક અને માનસિક દુઃખ ટાળવાને અર્થે ઉદ્યમ કરે છે. ૧૮ દુષ્કર કર્તવ્ય કરીને દુષ્કર-સહી ન શકાય તેવા પરિસહ સહીને તે માંહેલા કેટલાક મુનિરાજો દેવલોકને વિષે ઉપજે અને કેટલાક સિદ્ધ થાય. ૧૫ પાછલા ભવના કર્મને સંજમે કરી, તપે કરી ખપાવીને મોક્ષ માર્ગ પામ્યા થકા છકાય જીવને તારનાર અને અતિશય શીતળ થયા, એમ હું કહું છું.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ત્રીજું અધ્યયન.

ચત્તારિ પરમંગાણિ, દુલ્લહાણીહ જન્તુણો;
માણુસત્તં સુઈ સદ્ધા, સંજમમ્મિ ય વીરિયં. ૧

સમાવન્ના ણ સંસારે, નાણાગોત્તાસુ જાઇસુ;
કમ્મા નાનાવિહા કટ્ઠુ, પુઢો વિસ્સંભયા પયા. ૨

એગયા દેવલોએસુ, નરએસુ વિ એગયા;
એગયા આસુરં કાયં, અહાકમ્મેહિં ગચ્છઈ. ૩

એગયા ખત્તિઓ હોઇ, તઓ ચણ્ડાલબુક્કસો;
તઓ કીડપયંગો ય, તઓ કુન્થુપિવીલિયા. ૪

એવમાવટ્ટજોણીસુ, પાણિણો કમ્મકિબ્વિસા;
ન નિવિજ્જન્તિ સંસારે, સબ્વટ્ઠેસુ ય ખત્તિયા. ૫

કમ્મસંગેહિં સમ્મૂઢા, દુક્ખિયા બહુવેયણા;
અમાણુસાસુ જોણીસુ, વિનિહમ્મન્તિ પાણિણો. ૬

કમ્માણું તુ પહાણાએ, આણુપુબ્વી કયાઇઓ;
જીવા સોહિમણુપ્પત્તા, આયયન્તિ મણુસ્સયં. ૭

માણુસ્સં વિગ્ગહં લદ્ધું, સુઇ ધમ્મસ્સ દુલ્લહા;
જં સોચ્ચા પડિવજ્જન્તિ, તવં ખન્તિમહિંસયં. ૮

આહચ્ચ સવણું લદ્ધું, સદ્ધા પરમદુલ્લહા;
સોચ્ચા નેઆઉયં મગ્ગં, બહુવે પરિભસ્સઈ. ૯

સુઈં ચ લદ્ધું સદ્ધં ચ, વીરિયં પુણ દુલ્લહં;
બહુવે રોયમાણા વિ, નો ય ણું પડિવજ્જઇ. ૧૦

માણુસત્તંમિ આયાઓ, જો ધમ્મં સોચ્ચ સદ્દહે;
તવસ્સી વિરિયં લદ્ધું, સંવુડે નિદ્ધુણે રયં. ૧૧

સોહી ઉજ્જુયભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઇ;
નિબ્વાણં પરમં જાઇ, ઘયસિત્તિબ્વ પાવએ. ૧૨

વિગિન્ચ કમ્મુણો હેઉં, જસં સંચિણ ખન્તિએ;
પાઢવં સરીરં હિચ્ચા, ઉઢ્ઢં પક્કમઈ દિસં. ૧૩

વિસાલિસેહિં સીલેહિં, જક્ખા ઉત્તર-ઉત્તરા;
મહાસુક્કાવ દિપ્પન્તા, મન્નન્તા અપુણચ્ચવં, ૧૪

અપ્પિયા દેવકામાણું, કામરૂવવિઉબ્વિણો;
ઉઢ્ઢં કપ્પેસુ ચિટ્ઠન્તિ, પુબ્વા વાસસયા બહૂ. ૧૫

તત્થ ઠિચ્ચા જહાઠાણું, જક્ખા આઉક્ખએ ચુયા;
ઉવેન્તિ માણુસં જોણિં, સે દસંગે ઽભિજાયએ. ૧૬

ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પસવો દાસપોરૂસં;
ચત્તારિ કામખન્ધાણિ, તત્થ સે ઉવવજ્જઇ. ૧૭
મિત્તવં નાયવં હોઇ, ઉચ્ચગોએ ય વણ્ણવં;
અપ્પાયંકે મહાપન્ન અભિજાએ જસો બલે. ૧૮
ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં;
પુવ્વિં વિસુદ્ધસદ્ધમ્મે, કેવલં બોહિ બુજ્જિયા. ૧૯
ચઉરંગં દુલ્લહું નચ્ચા, સંજમં પડિવજ્જિયા;
તવસા ધુયકમ્મંસે, સિદ્ધે હવઇ સાસએ. ત્તિ બેમિ. ૨૦

અર્થ:-૧ મોક્ષ પામવાના ઉત્કૃષ્ટા ચાર અંગ તે-૧ મનુષ્યપણું, ૨ સૂત્રનું સાંભળવું, ૩ ધર્મ ઉપર શ્રદ્ધા અને ૪ સંયમને વિષે બળનું ફોરવવું, એ ચાર મોટાં કારણ આ સંસારમાં જીવને મળવા દુર્લભ છે. ૨ સંસારમાં રહેલા જીવોને નાના (અનેક) પ્રકારનાં ગોત્ર તથા જાતિને વિષે જ્ઞાનાવરણાદિક અનેક પ્રકારનાં કર્મે કરી જુદી જુદી એકેંદ્રિયાદિક જાતિથી સર્વ લોક ભર્યો છે. ૩ એકદા શુભ કર્મે કરી જીવ દેવલોકમાં જાય, એકદા પાપકર્મે કરી નરક-ગતિમાં જાય અને એકદા અસુરની જાતિમાં જાય, એ પ્રમાણે જેવાં કર્મ કરે તેવી ગતિએ જાય છે. ૪ એકદા ક્ષત્રી (રાજા) થાય છે, ત્યારપછી ચંડાળ થાય, બુક્કસ[1] થાય, કોડા થાય, પતંગીઓ થાય અને કીડી થાય છે. ૫ એ પ્રમાણે જીવ ચોરાશીલક્ષ જીવા-જોનીમાં પરિભ્રમણ કરે છે. કર્મરૂપ મેલથી મલિન થયેલા જીવો સંસાર સમુદ્રથી નિવર્તે નહિ; જેમ સર્વ અર્થને વિષે રાજા પાછો હઠે નહિ તેમ કર્મ કરવામાં જીવ પાછો હઠે નહિ. ૬ કર્મને યોગે જીવ મૂઢ થાય, દુઃખીઓ થાય, ઘણી વેદના ભોગવવાવાળો થાય અને મનુષ્યથી ઉતરતી યોનિમાં વિશેષ હણાય છે. ૭ અનેક ભવ પરિભ્રમણ કરી કેટલેક કાળે જીવ અશુભકર્મને હણી વિશુદ્ધકર્મને પામવાથી મનુષ્યપણું અંગીકાર કરે છે. ૮ મનુષ્યનું શરીર પામીને ધર્મ સાંભળવાનું મળવું દોહીલું છે, જે ધર્મ સાંભળ-વાથી જીવ બાર પ્રકારે તપ, ક્ષમા અને દયા અંગીકાર કરે છે. ૯ કદાચ ધર્મનું સાંભળવું પામે તો ધર્મમાં શુદ્ધ શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે, કેમકે ન્યાયમાર્ગ (મોક્ષમાર્ગ) સાંભળીને પણ જમાળી

૧ માતા બ્રાહ્મણી, પિતા ચંડાળ હોય તેને બુક્કસ કહીએ.

પ્રમુખ ઘણા લોકો ભ્રષ્ટ થાય છે. ૧૦ વળી ધર્મનું સાંભળવું અને શ્રદ્ધા પામે પણ સંયમને વિષે બળ ફોરવવું દુર્લભ છે, કેમકે શ્રેણિકાદિ ઘણા લોકો ધર્મને ચહાતા થકા પણ ચારિત્ર-ધર્મ અંગીકાર કરી શકતા નથી. ૧૧ મનુષ્ય ભવ પામીને જે કોઈ ધર્મ સાંભળીને સરદહે અને તપસ્વી થઇ સંયમને વિષે બળ ફોરવે તે પુરૂષ આશ્રવ રૂંધી કર્મરૂપ રજને ટાળે. ૧૨ વળી કષાયરૂપ મેલ ટાળીને નિર્મળ થાય, જિન ભાષિત શુદ્ધધર્મને વિષે નિશ્ચળપણે રહે અને ઉત્કૃષ્ટી મોક્ષગતિને પામે. ઘીએ સીંચેલ અગ્નિની પેઠે તપ તેજે કરી દીપે. ૧૩ મિથ્યાત્વાદિ કર્મના હેતુને ટાળે. દશ પ્રકારે ક્ષમા આદરીને સંયમનો સંચય કરે તે, માટીના કાચા ભાજન જેવું (ઉદારીક) શરીર છાંડીને મોક્ષ, દેવલોકઆદિ ઉચ્ચ ગતિએ જાય. ૧૪ અનેક પ્રકારની આકરી ક્રિયાઓ કરીને સાધુ ઉંચામાં ઉંચા દેવતાઓ થાય છે. ચંદ્રમા સૂર્યની માફક અતિ તેજે દીપતા થકા, મરવું નથી એવું માની સુખે રહે છે. ૧૫ દેવતાના કામ-ભોગ પામ્યા છે તેમાં આસક્ત થઇ, ચિંતવે તેવાં રૂપ વિકુર્વતા થકા અસંખ્યાતા પૂર્વ સુધી ઉંચા દેવલોકમાં રહે છે. ૧૫ દેવતા પોતાના સ્થાનકને વિષે રહેતા થકા, આઉખું ક્ષય થએથી ચવીને મનુષ્યની યોનીપ્રત્યે દશ અંગે સંપૂર્ણ જન્મે છે. ૧૭ ઉઘાડી જમીન તે ખેતર, વાડી તથા ઢાંકી જમીન તે ઘર પ્રમુખ, સોનું-રૂપું, ઘોડાહાથી, દાસદાસી, પાયદળ એ ચાર પ્રકારના સ્કંધ જ્યાં હોય ત્યાં તેઓ ઉપજે છે. ૧૮ તેઓ મિત્રવંત, સ્વજનવંત, ઉચ્ચગોત્રના ધણી, રૂપવંત, નિરોગી, મહાપ્રજ્ઞાવંત, વિનયવંત, યશવંત, બળવંત અને કાર્ય કરવામાં સમર્થ હોય છે. ૧૯ પૂર્વ-જન્મને વિષે નિર્મળ ધર્મને સેવવાથી તેઓ અનુપમ રૂપવાળા થઈ મનુષ્યસંબંધી ભોગ ભોગવીને જીવતાં સુધી ચોકખું સમ્ય-ક્ત્વ પામે. ૨૦ મનુષ્યાદિ ચાર અંગ મળવાં દુર્લભ જાણીને સંયમ અંગીકાર કરી, તપે કરી કર્મરૂપ મેલને ટાળીને શાશ્વતા સિદ્ધ થાય છે. એમ હું કહું છું.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ચોથું અધ્યયન.

અસંખયં જીવિય મા પમાયએ, જરોવણીયસ્સ હુ નત્થિ તાણું;
એવં વિયાણાહિ જણે પમત્તે, કિણ્ણુ વિહિંસા અજયા ગહિન્તિ. ૧

જે પાવકમ્મેહિ ધણું મણુસા, સમાયયન્તી અમઇં ગહાય;
પહાય તે પાસપયટ્ઠિએ નરે, વેરાણુબદ્ધા નરયં ઉવેન્તિ. ૨
તેણે જહા સન્ધિમુહે ગહીએ, સકમ્મુણા કિચ્ચઇ પાવકારી;
એવં પયા પેચ્ચ ઇહં ચ લોએ, કડાણ કમ્માણ ન મોકખ અત્થિ. ૩
સંસારમાવન્ન પરસ્સ અટ્ઠા, સાહારણં જં ચ કરેઇ કમ્મં;
કમ્મસ્સ તે તસ્સ ઉ વેયકાલે, ન બન્ધવા બન્ધવયં ઉવેન્તિ. ૪
વિત્તેણ તાણં ન લભે પમત્તે, ઇમમ્મિ લોએ અદુવા પરત્થા;
દીવપ્પણટ્ઠે વ અણન્તમોહે, નેયાઉયં દટ્ઠુમદટ્ઠુમેવ. ૫
સુત્તેસુ યાવી પડિબુદ્ધજીવી, ન વીસસે પણ્ડિએ આસુપન્ને;
ઘોરા મુહુત્તા અબલં સરીરં, ભારણ્ડપક્ખી વ ચરેઽપમત્તે. ૬
ચરે પયાઇં પરિસંકમાણે, જં કિંચિ પાસં ઇહ મન્નમાણે;
લાભન્તરે જીવિય બૂહઇત્તા, પચ્છા પરિન્નાય મલાવધંસી. ૭
છન્દંનિરોહેણ ઉવેઇ મોકખં, આસે જહા સિક્ખિયવમ્મધારી;
પુવ્વાઇં વાસાઇં ચરેપ્પમત્તે, તમ્હા મુણી ખિપ્પમુવેઇ મોકખં. ૮
સ પુવ્વમેવં ન લભેજજ પચ્છા, એસોવમા સાસયવાઇયાણં;
વિસીયઇ સિઢિલે આઉયંમિ, કાલોવણીએ સરીરસ્સ ભેએ. ૯
ખિપ્પં ન સક્કેઇ વિવેગમેઉં, તમ્હા સમુટ્ઠાય પહાય કામે;
સમિચ્ચ લોગં સમયા મહેસી, અપ્પાણુરકખી ચર અપ્પમત્તો. ૧૦
મુહું મુહું મોહગુણે જયન્તં, અણેગરૂવા સમણું ચરન્તં;
ફાસા ફુસન્તી અસમંજસં ચ, ન તેસિ ભિકખુ મણસા પઉસ્સે. ૧૧
મન્દા ય ફાસા બહુલોહણિજજા, તહપ્પગારેસુ મણું ન કુજજા;
રકિખજજ કોહં વિણએજજ માણું, માયં ન સેવેજજ પહેજજ લોહં. ૧૨
જે ડસંખયા તુચ્છ પરપ્પવાઈ, તે પિજજદોસાણુ ગયા પરજઝા;
એતે અહમ્મે ત્તિ દુગુચ્છમાણે, કંખે ગુણે જાવ સરીરભેઓ. ૧૩

ત્તિબેમિ.

અર્થ:—૧ આઉખું સંધાય તેમ નથી માટે હે જીવ! ધર્મને વિષે પ્રમાદ ન કર. જરાવંત જીવને નિશ્ચે કોઇ ત્રાણ શરણ નથી માટે એવું જાણ કે હિંસક, અજિતેંદ્રિય અને પ્રમાદી જીવો કોને શરણ જશે? ૨ જે મનુષ્ય પાપકર્મ કરીને ધન મેળવે છે અને એ ધન મારૂં દુઃખ ટાળશે એમ જાણી અમૃતની પેઠે ગ્રહી રાખે તેઓ તે ધન છોડીને સ્ત્રી-પુત્રાદિના પાશમાં રહ્યા થકા વેર-બંધ

બાંધીને નરકે જાય છે. ૩ જેમ ખાતર પડતાં ખાતરને મોઢે પકડાએલો પાપી ચોર પોતાના કર્મે કરી પીડા પામે છે તેમ જીવ આલોક અને પરલોકમાં પીડા પામે છે, કારણ કે કરેલાં કર્મ ભોગવ્યા સિવાય છુટે નહિ. ૪ સંસારી જીવ પરને તથા પોતાને માટે જે સાધારણ કર્મ કરે છે તે કર્મ ભોગવવાને વખતે તે પર જીવો બાંધવપણે રહેતા નથી, એટલે દુઃખમાં ભાગ લેતા નથી. ૫ પ્રમાદી જીવ ધન કરીને આલોક અને પરલોકને વિષે ત્રાણ-શરણ પામે નહિ. સમકીતરૂપ દીવો બુઝાણાથી મોહનો ઉદય થાય છે તેથી મોક્ષ માર્ગને દીઠો અણદીઠો કરે છે. ૬ પંડિત શીઘ્ર પ્રજ્ઞાવંત પુરૂષ દ્રવ્ય નિદ્રાએ સુતો થકો પણ ભાવથી જાગતો થકો સંજમ જીવિતવ્યે જીવે અને પ્રમાદનો વિશ્વાસ ન કરે કારણ કે ભયંકર કાળ જાય છે અને શરીર બળરહિત થતું જાય છે, માટે ભારંડ પંખીની પેઠે પ્રમાદરહિત ચાલે છે. ૭ જે કોઇ મૂળ ગુણ તથા ઉત્તરગુણને વિષે દોષ ન લાગે તેમ શંકાતો ચાલે અને સંસારનો પાસ સરખો માને તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક કોઈ જાતનો લાભ મળે ત્યાં સુધી સંજમ જીવિતવ્યને વધારીને પછી મરણને અવસરે કર્મરૂપમળ તથા શરીરને ટાળે. ૮ શીખવેલા અને કવચ ધરનાર ઘોડાની પેઠે સાધુ પોતાની મરજી અટકાવીને મોક્ષને પામે, ઘણા પૂર્વ સુધી પ્રમાદરહિત વીતરાગને માર્ગે ચાલે તે મુનિ શીઘ્ર મોક્ષ જાય છે. ૯ જે પુરૂષ પ્રથમ ધર્મ ન કરે અને એમ માને કે અંતકાળે ધર્મ કરીશ, તે પુરૂષ પછી પણ ધર્મ કરી શકતો નથી. એ ઉપમા કેવળીને છાજે પણ બીજા પુરૂષોને છાજે નહિ. ૧૦ હે જીવ ! તું શીઘ્ર વિવેક (ધર્મ) પામી શકતો નથી માટે સાવધાન થઇ કામભોગને છાંડીને મોટા ઋષીશ્વરની પેઠે સઘળા પ્રાણીઓને સમભાવે બરાબર જાણીને આત્માની રક્ષા કરતો થકો અપ્રમાદી થકો વિચર. ૧૧ મોહના ગુણોને જીતતાં સંજમને વિષે વિચરતા સાધુને અનેક પ્રકારના આકરા કે સુંહાળા શબ્દાદિ વિષયો વારંવાર હરકત કરે છે પણ તે ઉપર સાધુ મને કરીને પણ દ્વેષ ન કરે. ૧૨ શબ્દાદિ વિષયોનો સ્પર્શ ઘણા જીવોને મંદ પાડે છે અને લોભ ઉપજાવે છે, માટે તેવા વિષયોમાં મન ન રાખવું તથા ક્રોધ ન રાખવો, માનને ટાળવું, માયા ન સેવવી અને લોભને છાંડવો. ૧૩ જે કોઇ તત્વજ્ઞાનવિના સંસ્કૃત ભાષા બોલવાના ડોળ ઘાલનાર અને પારકાં શાસ્ત્રના

પરૂપણહાર, રાગદ્વેષસહિત પરવશ પડયા છે. તેને મિથ્યાત્વી ગણી તેમનાથી દૂર રહી જાવજીવ સુધી જ્ઞાનાદિક ગુણની વાંચ્છના કરવી. ।। ઈતિ ।।

શ્રી નમિપ્રવ્રજ્યાનું નવમું અધ્યયન (ઉત્તરાધ્યયન)

ચઇઉણ દેવલોગાઓ, ઉવવન્નો માણુસમ્મિ,
ઉવસન્તમોહણિજ્જો, સરઈ પોરાણિયં જાઇં. ૧
જાઇં સરિત્તુ ભયવં, સયંસંબુદ્ધો અણુત્તરે ધમ્મે,
પુત્તં ઠવેત્તુ રજ્જે, અભિણિક્ખમઈ નમી રાયા. ૨
સે દેવલોગસરિસે, અન્તેઉરવરગઓ વરે ભોએ,
ભુંજિત્તુ નમી રાયા, બુદ્ધો ભોગે પરિચ્ચયઇ. ૩
મિહિલં સપુરજણવયં, બલમોરોહં ચ પરિયણં સવ્વં;
ચિચ્ચા અભિનિક્ખન્તો, એગન્તમહિટ્ઠિઓ ભયવં. ૪
કોલાહલગ ભૂયં, આસી મિહિલાએ પવ્વયન્તમ્મિ,
તઇયા રાયરિસિમ્મિ, નમિમ્મિ અભિણિક્ખમન્તમ્મિ. ૫
અબ્ભુઠિયં રાયરિસિ, પવ્વજ્જાઠાણમુત્તમં,
સક્કો માહણરૂવેણ, ઇમં વયણમબ્બવી. ૬
કિન્નુ ભો અજ્જ મિહિલાએ, કોલાહલગસંકુલા,
સુવ્વન્તિ દારુણા સદ્દા, પાસાએસુ ગિહેસુ ય. ૭
એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી. ૮
મિહિલાએ ચેઇએ વચ્છે, સીયચ્છાએ મણોરમે,
પત્તપુપ્ફફલોવેએ, બહૂણં બહુગુણે સયા. ૯
વાએણ હીરમાણંમિ, ચેઇયંમિ મણોરમે;
દુહિયા અસરણા અત્તા, એએ કન્દન્તિ ભો ખગા. ૧૦
એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૧૧
એસ અગ્ગી ય વાઉ ય, એયં ડજ્ઝઇ મન્દિરં;
ભયવં અન્તેઉરં તેણં, કીસ ણું નાવપેક્ખહ. ૧૨
એયમટ્ઠં નિસામિત્તા, હેઊકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી. ૧૩

સુહં વસામો જીવામો, જેસિં મો નત્થિ કિંચણં;
મિહિલાએ ડજ્ઝમાણીએ, ન મે ડજ્ઝઇ કિંચણં. ૧૪

ચત્તપુત્તકલત્તસ્સ, નિવ્વાવારસ્સ ભિક્ખુણો;
પિયં ન વિજ્જઇ કિંચિ, અપ્પિયં પિ ન વિજ્જઇ. ૧૫

બહું ખુ મુણિણો ભદ્દં, અણગારસ્સ ભિક્ખુણો;
સવ્વઓ વિપ્પમુક્કસ્સ, એગન્તમણુપસ્સઓ. ૧૬

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણ ચોઇઓ,
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૧૭

પાગારં કારઇત્તાણં, ગોપુરટ્ટાલગાણિ ય;
ઉસ્સૂલગસયઘ્ધીઓ, તઓ ગચ્છસિ ખત્તિયા. ૧૮

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ,
તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી. ૧૯

સદ્ધં નગરં કિચ્ચા, તવસંવરમગ્ગલં;
ખન્તિનિઉણપાગારં, તિગુત્તં દુપ્પધંસયં. ૨૦

ધણું પરક્કમં કિચ્ચા, જીવં ચ ઇરિયં સયા;
ધિઇં ચ કેયણું કિચ્ચા, સચ્ચેણ પલિમન્થએ. ૨૧

તવનારાયજુત્તેણ, ભિત્તૂણ કમ્મકંચુયં;
મુણી વિગયસંગામો, ભવાઓ પરિમુચ્ચએ. ૨૨

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દોઽણમબ્બવી. ૨૩

પાસાએ કારઇત્તાણં, વદ્ધમાણગિહાણિ ય;
વાલગ્ગપોઇયાઓ ય, તઓ ગચ્છસિ ખત્તિયા. ૨૪

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇ ઓ;
તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી. ૨૫

સંસયં ખલુ સો કુણઇ, જો મગ્ગે કુણઇ ઘરં;
જત્થેવ ગન્તુમિચ્છેજ્જા, તત્થ કુવ્વેજ્જ સાસયં. ૨૬

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૨૭

આમોસે લોમહારે ય, ગણ્ઠિભેએ ય તક્કરે;
નગરસ્સ ખેમં કાઊણં, તઓ ગચ્છસિ ખત્તિયા. ૨૮

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમી રાયરિસીં, દેવેન્દ્ર ઇણમબ્બવી. ૨૯
અસઇં તુ મણુસ્સેહિં, મિચ્છા દણ્ડો પજુજ્જઇ;
અકારિણોડત્થ બજ્ઝન્તિ, મુચ્ચઇ કારઓ જણો. ૩૦
એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૩૧
જે કેઇ પત્થિવા તુજ્ઝં, ના નમન્તિ નરાહિવા;
વસે તે ઠાવઇત્તાણં, તઓ ગચ્છસિ ખત્તિયા. ૩૨
એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમી રાયરિસીં, દેવેન્દ્રં ઇણમબ્બવી. ૩૩
જો સહસ્સં સહસ્સાણં, સંગામે દુજ્જએ જિએ;
એગં જિણેજ્જ અપ્પાણં, એસ સે પરમો જઓ. ૩૪
અપ્પાણમેવ જુજ્ઝાહિ, કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ;
અપ્પાણમેવમપ્પાણં, જઇત્તા સુહમેહએ. ૩૫
પંચિંદિયાણિ કોહં, માણં માયં તહેવ લોહં ચ;
દુજ્જયં ચેવ અપ્પાણં, સવ્વં અપ્પે જિએ જિયં. ૩૬
એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૩૭
જઇત્તા વિઉલે જન્ને, ભોઇત્તા સમણમાહણે;
દત્તા ભોચ્ચા ય જિટ્ઠા ય, તઓ ગચ્છસિ ખત્તિયા. ૩૮
એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવેન્દ્રં ઇણમબ્બવી. ૩૯
જો સહસ્સં સહસ્સાણં, માસે માસે ગવં દએ;
તસ્સ વિ સંજમો સેઓ, અદિન્તસ્સ વિ કિંચણ. ૪૦
એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૪૧
ઘોરાસમં ચઇત્તાણં, અન્નં પત્થેસિ આસમં;
ઇહેવ પોસહરઓ, ભવાહિ મણુયાહિવા. ૪૨
એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ,
તઓ નમી રાયરિસી, દેવેન્દ્રં ઇણમબ્બવી. ૪૩

માસે માસે તુ જો બાલો, કુસગ્ગેણ તુ ભુંજએ;
ન સો સુયક્ખાય ધમ્મસ્સ, કલં અગ્ઘઇ સોલસિં. ૪૪

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણ ચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૪૫

હિરણ્ણું સુવણ્ણું મણિમુત્તં, કંસં દૂસં ચ વાહણું;
કોસં વદ્ધાવઇત્તાણું, તઓ ગચ્છસિ ખત્તિયા. ૪૬

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી. ૪૭

સુવન્ન રૂપ્પસ્સઓ પવ્વયા ભવે, સીયા હુ કેલાસ સમા અસંખયા;
નરસ્સ લુદ્ધસ્સ ન તેહિં કિંચી, ઇચ્છા હુ આગાસ સમા અણંતિયા ૪૮

પુઢવી સાલી જવા ચેવ, હિરણ્ણું પસુભિસ્સહ;
પડિપુણ્ણું નાલમેગસ્સ, ઇઇ વિજ્જા તવં ચરે. ૪૯

એવમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી. ૫૦

અચ્છેરયમબ્ભુદ્દએ, ભોએ ચયસિ પત્થિવા;
અસન્તે કામે પત્થેસિ, સંકપ્પેણ વિહન્નસિ. ૫૧

એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઇઓ;
તઓ નમી રાયરિસી, દેવેન્દં ઇણમબ્બવી. ૫૨

સલ્લં કામા વિસં કામા, કામા આસીવિસોવમા;
કામે પત્થેમાણાય, અકામા જન્તિ દોગ્ગઇં. ૫૩

અહે વયન્તિ કોહેણું, માણેણું અહમા ગઇ;
માયા ગઇપડિઘ્ઘાઓ, લોભાઓ દુહઓ ભયં. ૫૪

અવઉજ્જઉણ માહણ રૂવં, વિઉવિઉણ ઇન્દત્તં;
વન્દઇ અભિત્થુણન્તો, ઇમાહિ મહુરાહિં વગ્ગૂહિં. ૫૫

અહો તે નિજ્જિઓ કોહો, અહો માણો પરાજિઓ;
અહો નિરક્કિયા માયા, અહો લોભો વસીકઓ. ૫૬

અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં;
અહો તે ઉત્તમા ખન્તી, અહો તે મુત્તિ ઉત્તમા. ૫૭

ઇહં સિ ઉત્તમો ભન્તે, પચ્છા હોહિસી ઉત્તમો;
લોગુત્તમુત્તમં ઠાણું, સિદ્ધિં ગચ્છસિ નિરઓ. ૫૮

એવં અભિત્થુણન્તો, રાયરિસિં ઉત્તમાએ સદ્ધાએ;
પયાહિણં કરેન્તો, પુણો પુણો વન્દઇ સક્કો. ૫૯
તો વન્દિઉણ પાએ, ચક્કંકુસલક્ખણે મુણિવરસ્સ;
આગાસેડણુપ્પઇઓ, લલિયચવલકુણ્ડલતિરીડી. ૬૦
નમી નમેઇ અપ્પાણં, સક્ખં સક્કેણ ચોઇઓ;
ચઇઉણ ગેહં ચ વેદેહી, સામણ્ણે પજ્જુવાદ્ઠિઓ. ૬૧
એવં કરેન્તિ સંબુદ્ધા, પણ્ડિયા પવિયક્ખણા;
વિણિયટ્ટન્તિ ભોગેસુ, જહા સે નમીરાયરિસિ. ત્તિ બેમિ. ૬૨

અર્થ:—૧ નમી રાજર્ષિનો જીવ પાંચમા બ્રહ્મ દેવલોકથી ચવીને મનુષ્ય લોકને વિષે ઉત્પન્ન થયો, દર્શન મોહનીય કર્મ ઉપશમાવીને પાછલા ભવની જાતિ સંભાળવાથી જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ૨ જાતિ સ્મરણ જ્ઞાને કરી પાછલા ભવ સંભારીને ભગવંત જ્ઞાનવંત પોતાની મેળે ઉત્કૃષ્ટ પ્રધાન ધર્મને પામીને તે નમી રાજા પોતાના પુત્રને રાજ્ય સોંપીને ઘરથી દીક્ષા લેવાને નીકળ્યા. ૩ તે નમી રાજા અંતેઉરને વિષે રહી દેવલોકના જેવા ઉત્તમ ભોગ ભોગવીને, તત્વના જાણ નમી રાજાએ ભોગને છાંડ્યા. ૪ તે નમી રાજા મિથિલાનગરી, બીજાં શહેરો, દેશ, ચતુરંગી-સેના, અંતેઉર, સ્વજનાદિક સર્વ છોડીને એકાંત રાગદ્વેષરહિત, નિસ્પૃહીપણે મોટા ઋદ્ધિના અને મોટા જ્ઞાનના ધણી નમી રાજા ઘરથી બહાર નીકળ્યા. ૫ રાજર્ષિ નમી રાજા દીક્ષા લેવાને ઘરથી બહાર નીકળ્યા ત્યારે મિથિલાનગરીમાં લોકો વિલાપાદિક-શબ્દોથી કોલાહલ કરવા લાગ્યા. ૬ તે નમી રાજર્ષિ દીક્ષા લેવાને ઉત્તમ સ્થાનકને વિષે સાવધાન થયા, તે અવસરે શક્રેંદ્ર બ્રાહ્મણરૂપે આવીને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. ૭ અહો, નમી રાજા! આજ મિથિલાનગરી રાજ્યગૃહમાં અને સામાન્ય ગૃહને વિષે હૃદયને અને મનને ઉદ્વેગ કરે એવા દારૂણ શબ્દોથી કોલાહલે કરી કેમ વ્યાપ્ત થઇ છે? ૮ ઘણા લોકોને દુઃખનું કારણ તે તારી દીક્ષા છે અને પરજીવને જેથી દુઃખ ઉપજે તે પરિભ્રમણનું કારણ છે. એ અર્થ સાંભળીને તથા વિચારીને ત્યારપછી નમી રાજર્ષિ દેવેંદ્ર પ્રત્યે આ (નીચે) પ્રમાણે વચન કહે છે. ૯ મિથિલાનગરીને વિષે ઉદ્યાનમાં એક શીતળ છાયાવાળું, મનને રમણિક, પત્ર,

ફુલે, ફળે કરી સહીત, પક્ષો આદિક ઘણા જીવોને સદા ગુણનું કરનાર એવું એક વૃક્ષ છે. ૧૦ અહો વિપ્ર! વનમાંહે તે મનોરમ વૃક્ષ વાયરે કરી હાલવાથી દુઃખીઆં અને શરણરહિત થયેલાં પંખીઓ દુઃખથી પીડા પામીને આક્રંદ કરે છે. તેમાં ઝાડનો દોષ નથી. ૧૧ એ અર્થ સાંભળીને વિચારીને હેતુ પાર પાડવા નિમિત્તે નમી રાજર્ષિ પ્રત્યે દેવેંદ્ર આ પ્રમાણે વચન કહે છે. ૧૨ હે નમી રાજા! તાહરા રહેવાનાં ઘર અને અંતઃપુર વગેરે અગ્નિ અને વાયરે કરી પ્રત્યક્ષ બળતાં દેખાય છે તે તું શા માટે નથી જોતો? ૧૩ એ અર્થ સાંભળીને હેતુ પાર પાડવા નિમિત્તે નમી રાજર્ષિ દેવેંદ્ર પ્રત્યે આ પ્રમાણે કહે છે. ૧૪ હે વિપ્ર! મને જેમ સુખ ઉપજે છે તેમ હું વસું છું અને જીવું છું. તે બળતા ઘરમાં કિંચિતમાત્ર પણ મારૂં નથી, તેથી મિથિલાનગરી બળવાથી મારૂં કાંઇ પણ બળતું નથી. ૧૫ જેણે પુત્ર, સ્ત્રી આદિ તથા સર્વ જાતના વ્યાપાર છાંડયા છે એવા સાધુને લોકમાં કોઇ પણ વસ્તુ પ્રિય કે અપ્રિય નથી. ૧૬ અણગાર (સાધુ) જે સર્વથા પ્રકારે આરંભ પરિગ્રહથી વિશેષે મૂકાણા છે અને હું એકલો છું એમ એકત્વપણાને વિચારે છે તે સાધુને નિશ્ચે ઘણું કલ્યાણ થાય છે. ૧૭ એ અર્થ સાંભળીને હેતુ કારણે પ્રેર્યો થકો નમી રાજર્ષિ પ્રત્યે દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૧૮ હે ક્ષત્રી! તારા ગામને ગઢ, કોટ, કમાડ, ભોગળ, કોટ ઉપરના યુદ્ધ કરવાનાં સ્થાનક, પ્રગટ ખાઇ, ગુપ્ત ખાઇ તથા સૌ મનુષ્યની ઘાત કરે તેવાં શતઘ્ન શસ્ત્ર કરાવીને ત્યાર પછી ઘર મૂકીને જજે. ૧૯ એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૨૦ હે બ્રાહ્મણ! મેં શુદ્ધ શ્રદ્ધારૂપ નગર કર્યું છે, બાર પ્રકારે તપરૂપ કમાડ કર્યાં છે. સંવર રૂપ ભોગળ કરી છે, ક્ષમારૂપ ગઢ કર્યો છે અને ત્રણ ગુપ્તિરૂપ ત્રણ કોટ કર્યા છે, તે કોઇથી જીતી શકાય નહિં. ૨૧ પરાક્રમરૂપ ધનુષ્ય કર્યું છે. ધર્યા સુમતિરૂપ તેની પણચ, ધૈર્યરૂપ કમાન અને સત્યરૂપ ચાપડે કરી ધનુષ બાંધ્યું છે. અર્થાત્ મનાદિયોગ સત્યે કરી બાંધ્યા છે. ૨૨ તપરૂપ લોઢાનાં બાણે કરી સહિત ધનુષ્ય છે તેણે કરીને સાધુ લૌકીક સંગ્રામથી નહીં પણ ભાવસંગ્રામથી કર્મરૂપ વેરીને વિદારે (જીતે) અને સંસાર સમુદ્રથી મૂકાય. ૨૩ એ પ્રમાણે નમી રાજર્ષીનું કહેવું સાંભળીને ત્યાર પછી દેવતા આ પ્રમાણે કહે છે.

૨૪ હે ક્ષત્રી! મોટાં ઘર કરાવી, તેમાં મોટા ગોખ મેલાવી તથા તળાવમાં ક્રીડા કરવાના મહેલ કરાવીને તે પછી તું જાજે. ૨૫ એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ દેવેંદ્ર પ્રત્યે આ પ્રમાણે કહે છે. ૨૬ જેને પરભવનો શંસય હોય તે જ નિશ્ચય ઘર કરે; હું તો જ્યાં જવા ઇચ્છું છું ત્યાંજ શાશ્વતું ઘર કરીશ. ૨૭ એ પ્રમાણે નમી રાજાનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૨૮ હે ક્ષત્રી! વાટપાડું, ફાંસીયા, ગંઠીછોડા એવા ચોર છે તેને નિષેધીને, નગરને કુશળ કરી પછી જાજે. ૨૯ એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમીરાજા આ પ્રમાણે કહે છે. ૩૦ અનેકવાર મનુષ્યભવે અજ્ઞાન અને અહંકારપણે અપરાધીને અને નિરપરાધીને ખોટી શિક્ષા થાય એટલે ઘણી વખતે ચોરી ન કરનાર મનુષ્યને બાંધે છે અને ચોરી કરનારને છોડી મૂકે છે પણ ઇંદ્રિયના વિકારરૂપી જે ચોર છે તેને કોઇ મોહવંત બાંધો શકતો નથી. ૩૧ એ પ્રમાણે નમી રાજર્ષિનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૩૨ હે ક્ષત્રી! જે કોઇ રાજા તને નમતા નથી તે સર્વને વશ કરીને પછી જાજે. ૩૩ એ પ્રમાણે દેવેંદ્રનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૩૪ હે વિપ્ર! દશલાખ યોદ્ધાઓ જીતવા દોહિલા છે તેને કોઈ સંગ્રામને વિષે જીતી શકશે પણ પોતાના આત્માને જીતી શકે તે દશલાખ યોદ્ધાના જીતનાર કરતાં ઉત્કૃષ્ટો જીતનાર જાણવો. ૩૫ આપણે પોતાના આત્માથી જ યુદ્ધ કરવું. મનુષ્ય સાથે બાહ્યયુદ્ધ કરવાથી શું થાય? અર્થાત્ કાંઈ નહિ, પણ આપણે પોતાનો આત્મા જીતવાથી મોક્ષનાં સુખ પામશું. ૩૬ પાંચ ઇંદ્રિયો, ક્રોધ, માન, માયા તેમજ લોભ એ સર્વ જીતવા બહુ દોહીલા છે પણ જેણે પોતાના આત્માને જીત્યો છે તેણે સર્વને જીત્યા છે. ૩૭ એ પ્રમાણે નમી રાજાનું કહેવું સાંભળીને, દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૩૮ હે ક્ષત્રી! મોટા યજ્ઞ કરી, બ્રાહ્મણોને જમાડી, ગાય, સુવર્ણાદિ દાન દઇ મનોજ્ઞ ભોગવીને, યજ્ઞસ્તંભ સ્થાપીને પછી તું જાજે. ૩૯ એ પ્રમાણે દેવેંદ્રનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૪૦ જે કોઇ મહીને મહીને દશલાખ ગાયોનું દાન કોઇને આપે, તેને જે લાભ થાય તેના કરતાં સંજમ (ચારિત્ર) લેનારને ઘણોજ વધારે લાભ થાય છે. માટે ગાયોનાં દાન દેવાની શક્તિ ન હોય તેને પણ સંજમ

લેવો એ વધારે કલ્યાણનું કારણ છે. ૪૧ એ પ્રમાણે નમી રાજાનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૪૨ હે મનુષ્યના અધિપતિ! ઘોર આશ્રમ છાંડીને બીજો આશ્રમ શા સારૂ ઇચ્છે છે? આ ગૃહસ્થાશ્રમમાંજ રહીને પોષધાદિકને વિષે અનુરક્ત થાઓ. ૪૩ એ પ્રમાણે દેવેંદ્રનું કહેવું સાંભળી નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૪૪ હે બ્રાહ્મણ! કોઇ અજ્ઞાની મૂર્ખ પ્રાણી માસ માસખમણને પારણે ડાભની અણી ઉપર રહે એટલો આહાર કરે, પણ તે પુરૂષ નિરવદ્ય ચારિત્રરૂપ ધર્મને સોળમે ભાગે પણ પહોંચે નહિ અર્થાત અજ્ઞાનપણામાં ગમે તેવી આકરી કરેલી ક્રિયા ખરાં ચારિત્ર ધર્મને કાંઇ અંશે આવી શકે નહિ, માટે મને ગૃહસ્થાશ્રમ છાંડી ચારિત્ર આચરવું શ્રેય છે. ૪૫ એ પ્રમાણે નમી રાજર્ષિનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૪૬ હે ક્ષત્રી! સોના રૂપાના વગર ઘડેલાં અને ઘડેલાં અલંકારો, મણી, મોતી, કાંસાના વાસણ, વસ્ત્રો, અશ્વાદિક વાહનો અને કોઠાર વધારીને પછી જાજે. ૪૭ એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૪૮ હે બ્રાહ્મણ! કદાચિત્ સોના-રૂપાના મેરૂ પર્વત જેવડા અસંખ્યાત પર્વતો હોય તો પણ લોભી મનુષ્યને કિંચિત્ માત્ર સંતોષ થાય નહિ કારણ કે તૃષ્ણા અનંત આકાશસરખી છે. ૪૯ સઘળી પૃથ્વી સાળ, જવ આદિ ૪૨ જાતના ધાન્યથી, સોનાં રૂપાંથી તથા પશુ આદિથી ભરી આપે તોપણ એક લોભી મનુષ્યની ઇચ્છા પૂર્ણ થાય નહિ; તેથી હું એવું જાણીને લોભથી નિવર્તી સંતોષની વૃત્તિરૂપ તપ આચરીશ. ૫૦ એ પ્રમાણે નમી રાજર્ષિનું કહેવું સાંભળીને દેવેંદ્ર આ પ્રમાણે કહે છે. ૫૧ હે રાજર્ષિ! મને ઘણું આશ્ચર્ય ઉપજે છે કે પોતાને મળેલા કામ ભોગને છાંડીને હવે પછીથી (અછતા) મળવાના ભોગની ઇચ્છા રાખે છે! પણ ઇચ્છા રાખેલા ભોગ મળશે કે નહિ એવા સંકલ્પ વિકલ્પે કરીને તું હણાઇશ, માટે છતા ભોગને છાંડીશ નહિ. ૫૨-એ પ્રમાણે દેવતાનું કહેવું સાંભળીને નમી રાજર્ષિ આ પ્રમાણે કહે છે. ૫૩ હે બ્રાહ્મણ! એ કામ ભોગ શલ્યસરખા છે, ઝેરસરખા છે, દૃષ્ટિવિષવાળા સર્પની ઉપમા સરખા છે. જો કે તે કામભોગ મળી શકે તેમ નથી, ભોગવી શકે તેમ નથી, તોપણ આકરી અભિલાષા રાખે છે એવા જીવ તંદુલ મચ્છની માફક

નરકને વિષે માઠીગતિએ ઉપજે છે. ૫૪ ક્રોધે કરી નરકાદિક અધોગતિએ જાય છે, અહંકારે કરી માઠીગતિએ જાય છે. માયાકપટે કરી સદ્ગતિનો વિનાશ થાય છે અને લોભે કરીને આ લોક તથા પરલોકનો ભય છે. ૫૫ દેવેંદ્ર બ્રાહ્મણનું રૂપ છાંડી દેવતાનું રૂપ ધારણ કરી નમો રાજર્ષિને વાંદી નમસ્કાર કરી નીચે પ્રમાણે મધુરે વચને સ્તુતિ કરવા લાગ્યા. ૫૬ હે રાજર્ષિ! ધતિ આશ્ચર્ય! ભલું તમારૂં સરલપણું, ધતિ આશ્ચર્ય! ભલું તમારૂં નિરહંકારપણું, ધતિ આશ્ચર્ય! તમારી ઉત્તમ ક્ષમા, અને ધતિ આશ્ચર્ય! તમારી ઉત્તમ નિર્લોભતા. ૫૮ હે પૂજ્ય! તમે આ ભવને વિષે ઉત્તમ છો, પરભવને વિશે ઉત્તમ થશો અને કર્મરૂપ રજરહિત થઇ લોકમાં અતિ પ્રધાન, ઉત્તમ સ્થાનકને-મુક્તિપદને પામશો. ૫૯ દેવતાઓનો ઇંદ્ર તે શક્રેંદ્ર એ પ્રમાણે સ્તુતિ કરતો રાજર્ષિ પ્રત્યે ઉત્તમ શ્રદ્ધા સહિત ભક્તિ કરે છે તથા પ્રદક્ષિણા કરીને વારંવાર વંદણા નમસ્કાર કરે છે. ૬૦ ત્યાર પછી એક ચક્ર અંકુશ આદિ લક્ષણો સહિત ઇંદ્ર, નમી રાજર્ષિના પગને વાંદીને મનોહર ચપળ કુંડળ તથા મુગટ આદિ અલંકારોથી સહિત એવા શક્રેન્દ્ર આકાશને વિષે એટલે દેવલોકમાં પોતાને ઠેકાણે ગયા, સાક્ષાત્ શક્રેંદ્ર નમી રાજર્ષિને ચારિત્ર ન લેવા સંબંધી વાદવિવાદ કરી ચળાવવા માંડયા તો પણ તે ચળ્યા નહિ અને ઘર, દેશ, વિદેશ સર્વ છાંડીને નમી રાજાએ પોતાના આત્માને નમાડી એટલે વૈરાગ્યમાં લીન કરીને ચારિત્રને વિશે ઉદ્યમવંત થયા. ૬૨ જેમ નમી રાજર્ષિ સંસારના ભોગથી નિવર્ત્યા તેમ તત્વના જાણ પંડિત, અતિ વિચક્ષણ હોય તે ક્રિયામાં પ્રવીણ થાય અને વિશેષે ભોગથી નિવર્તે એમ હું કહું છું.

શ્રી મૃગાપુત્રનું ૧૯ મું અધ્યયન [ઉત્તરાધ્યયન]

સુગ્ગીવે નયરે રમ્મે, કાણણુજ્જાણસોહિએ;
રાયા બલભદ્દિ ત્તિ, મિયા તસ્સગ્ગમાહિસી. ૧
તેસિં પુત્તે બલસિરી, મિયાપુત્તે ત્તિ વિસ્સુએ;
અમ્માપિઉણ દઇએ, જુવરાયા દમીસરે. ૨

નન્દણે સો ઉ પાસાએ, કીલએ સહ ઇત્થિહિં;
દેવો દોગુન્દગો ચેવ, નિચ્ચં મુદિતમાણસો. ૩
મણિરયણકોટ્ટિમતલે, પાસાયાલોયણટ્ઠિઓ;
આલોએઇ નગરસ્સ, ચઉક્કત્તિયચચ્ચરે. ૪

અહ તત્થ અઇચ્છન્તં, પાસઇ સમણસંજયં;
તવનિયમસંજમધરં, સીલઢ્ઢં ગુણઆગરં. ૫
તં દેહઇ મિયાપુત્તે, દિટ્ઠિએ અણિમિસાએ ઉ;
કહિં મન્નેરિસં રુવં, દિટ્ઠપુવ્વં મએ પુરા. ૬

સાહુસ્સ દરિસણે તસ્સ, અજ્ઝવસાણમ્મિ સોહણે;
મોહંગયસ્સ સન્તસ્સ, જાઇસરણં સમુપ્પન્નં. ૭
દેવલોગ ચુઓ સંતો, માણુસ્સં ભવ માગઓ;
સન્નિનાણ સમુપ્પને, જાઈ સરણું પુરાણયં. ૮

જાઇસરણે સમુપ્પન્ને, મિયાપુત્તે મહિઢ્ઢિએ;
સરઇ પોરાણિયં જાઈં, સામણણું ચ પુરા કયં. ૯
વિસએસુ અરજ્જન્તો, રજ્જન્તો સંજમમ્મિ ય;
અમ્માપિયરમુવાગમ્મ, ઇમં વયણમબ્બવી. ૧૦

સુયાણિ મે પંચમહવ્વયાણિ, નરએસુ દુક્ખં ચ તિરિક્ખજોણિસુ;
નિવ્વિણ્ણકામો મિમહણણુવાઓ, અણુજાણહ પવ્વઇસ્સામિ અમ્મો. ૧૧

અમ્મ તાય મએ ભોગા, ભુત્તા વિસફલોવમા;
પચ્છા કડુયવિવાગા, અણુબન્ધદુહાવહા. ૧૨
ઇમં સરીરં અણિચ્ચં, અસુઇ અસુઇસંભવં;
અસાસયાવાસમિણું, દુક્ખ કેસાણ ભાયણું. ૧૩
અસાસએ સરીરમ્મિ, રઈ નોવલભામહં;
પચ્છા પુરા વ ચઇયવ્વે, ફેણબુબ્બુયસન્નિભે. ૧૪

માણુસત્તે અસારમ્મિ, વાહીરોગાણ આલએ;
જરામરણઘત્થમ્મિ, ખણં પિ ન રમામહં. ૧૫

જમ્મં દુક્ખં જરા દુક્ખં, રોગાણિ મરણાણિ ય;
અહો દુક્ખો હુ સંસારો, જત્થ કીસન્તિ જન્તવો. ૧૬

ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પુત્તદારં ચ બન્ધવા;
ચઇત્તાણં ઇમં દેહું, ગન્તવ્વમવસસ્સ મે; ૧૭

જહા કિમ્પાગફલાણ, પરિણામો ન સુન્દરો;
એવં ભુત્તાણ ભોગાણું, પરિણામો ન સુન્દરો. ૧૮
અદ્ધાણં જો મહન્તં તુ, અપ્પાહિઓ પવજ્જઈ;
ગચ્છન્તો સો દુહી હોઇ, છુહાતણ્હાએ પીડિઓ. ૧૯
એવં ધમ્મં અકાઉણું, જો ગચ્છઈ પરં ભવં;
ગચ્છન્તો સો દુહી હોઇ, વાહીરોગેહિ પીડિઓ. ૨૦
અદ્ધાણં સો મહન્તં તુ, સપાહિઓ પવજ્જઈ;
ગચ્છન્તો સો સુહી હોઇ, છુહાતન્હાવિમુક્કઓ. ૨૧
એવં ધમ્મં પિ કાઉણું, જો ગચ્છઇ પરં ભવં:
ગચ્છન્તો સો સુહી હોઇ, અપ્પકમ્મે અવેયણે. ૨૨
જહા ગેહે પલિત્તમ્મિ, તસ્સ ગેહસ્સ જો પહૂ,
સારભણ્ડાણિ નીણેઇ, અસારં અવઉજ્જઇ. ૨૩
એવં લોએ પલિત્તમ્મિ, જરાએ મરણેણ ય;
અપ્પાણું તારઇસ્સામિ, તુબ્ભેહિ અણુમન્નિઓ. ૨૪
તં બિન્તમ્માપિયરો, સામણ્ણું પુત્ત દુચ્ચરં;
ગુણાણું તુ સહસ્સાઇં, ધારેયવ્વાઇં ભિક્ખુણો. ૨૫
સમયા સવ્વભૂએસુ, સત્તુમિત્તેસુ વા જગે;
પાણાઇવાયવિરઇ, જાવજ્જીવાએ દુક્કરં. ૨૬
નિચ્ચકાલપ્પમત્તેણું, મુસાવાયવિવજ્જણું;
ભાસિયવ્વં હિયં સચ્ચં, નિચ્চાઉત્તેણ દુક્કરં. ૨૭
દન્તસોહણમાઇસ્સ, અદત્તસ્સ વિવજ્જણું;
અણવજ્જેસણિજ્જસ્સ, ગિણ્હણા અવિ દુક્કરં. ૨૮
વિરઇ અબમ્ભચેરસ્સ, કામભોગરસન્નુણા;
ઉગ્ગં મહવ્વયં બમ્ભં, ધારેયવ્વં સુદુક્કરં. ૨૯
ધણધન્નપેસવગ્ગેસુ, પરિગ્ગહવિવજ્જણું;
સવ્વારમ્ભપરિચ્ચાઓ, નિમ્મમત્તં સુદુક્કરં. ૩૦
ચઉવ્વિહે વિ આહારે, રાઇભોયણવજ્જણા,
સન્નિહી સંચઓ ચેવ, વજ્જેયવ્વો સુદુક્કરં. ૩૧
છુહા તણ્હા ય સીઉણ્હં, દંસમસગવેયણા;
અક્કોસા દુક્ખસેજ્જા ય, તણફાસા જલ્લમેવ ય. ૩૨

તાલણા તજ્જણા ચેવ, વહબન્ધપરીસહા;
દુક્ખં ભિક્ખાયરિયા, જાયણા ય અલાભયા. ૩૩
કાવોયા જા ઇમા વિત્તી, કેસલોઓ ય દારુણો;
દુક્ખં બમ્ભવ્વયં ઘોરં, ધારેઉં ય મહપ્પણો. ૩૪
સુહોઇઓ તુમં પુત્તા, સુકુમાલો સુમજ્જિઓ;
ન હુ સી પભૂ તુમં પુત્તા, સામણ્ણમણુપાલિયા. ૩૫
જાવજ્જીવમવિસ્સામો, ગુણાણં તુ મહબ્ભરો;
ગુરુઓ લોહભારો વ્વ, જો પુત્તા હોઇ દુવ્વહો. ૩૬
આગાસે ગંગસોઉ વ્વ, પડિસોઉ વ્વ દુત્તરો;
બાહાહિં સાગરો ચેવ, તરિયવ્વો ગુણોદહી. ૩૭
વાલુયાકવલો ચેવ, નિરસ્સાએ ઉ સંજમે;
અસિધારાગમણં ચેવ, દુક્કરં ચરિઉં તવો. ૩૮
અહી વેગન્તદિટ્ઠીએ, ચરિત્તે પુત્ત દુક્કરે;
જવા લોહમયા ચેવ, ચાવેયવ્વા સુદુક્કરં. ૩૯
જહા અગ્ગિસિહા દિત્તા, પાઉં હોઇ સુદુક્કરા;
તહા દુક્કરં કરેઉં જે, તારુણ્ણે સમણત્તણં. ૪૦
જહા દુક્ખં ભરેઉં જે, હોઇ વાયસ્સ કોત્થલો;
તહા દુક્ખં કરેઉં જે, કીવેણું સમણત્તણં. ૪૧
જહા તુલાએ તોલેઉં, દુક્કરો મન્દરો ગિરી;
તહા નિહુયનીસંકં, દુક્કરં સમણત્તણં. ૪૨
જહા ભુયાહિં તરિઉં, દુક્કરં રયણાયરો;
તહા અણુવસન્તેણં, દુક્કરં દમસાગરો. ૪૩
ભુંજ માણુસ્સએ ભોગે, પંચલક્ખણએ તુમં;
ભુત્તભોગી તઓ જાયા, પચ્છા ધમ્મં ચરિસ્સસિ. ૪૪
સો બિંતઽમ્માપિયરો, એવમેયં જહા ફુડં;
ઇહ લોએ નિપ્પિવાસસ્સ, નત્થિ કિંચિવિ દુક્કરં. ૪૫
સારીરમાણસા ચેવ, વેયણાઓ અણન્તસો;
મએ સોઢાઓ ભીમાઓ, અસઇં દુક્ખભયાણિ ય. ૪૬
જરામરણકન્તારે, ચાઉરન્તે ભયાગરે;
મએ સોઢાણિ ભીમાણિ, જમ્મમાણિ મરણાણિ ય. ૪૭

જહા ઇહં અગણી ઉણ્હો, એત્તો ણન્તગુણે તહિં;
નરએસુ વેયણા ઉણ્હા, અસ્સાયા વેઇયા મયા. ૪૮
જહા ઇહં ઇમં સીયં, એત્તો ણન્તગુણે તહિં;
નરએસુ વેયણા સીયા, અસ્સાયા વેઇયા મએ. ૪૯
કન્દન્તો કન્દુકુમ્ભીસુ, ઉડ્ઢપાઓ અહોસિરો;
હુયાસણે જલન્તમ્મિ, પક્કપુવ્વો અણન્તસો. ૫૦
મહાકવગ્ગિસંકાસે, મરૂમ્મિ વઇરવાલુએ,
કલમ્બવાલુયાએ ય, દઢ્ઢપુવ્વો અણન્તસો. ૫૧
રસન્તો કન્દુકુમ્ભીસુ, ઉડ્ઢં બદ્ધો અબન્ધવો;
કરવત્તકરકયાઇહિં, છિન્નપુવ્વો અણન્તસો. ૫૨
અઇતિક્ખકણ્ટગાઇણ્ણે, તુંગે સિમ્મલિપાયવે;
એવિયં પાસબદ્ધેણં, કડ્ઢોકડ્ઢાહિં દુક્કરં. ૫૩
મહાજન્તેસુ ઉચ્છુ વા, આરસન્તો સુભેરવં;
પીલિતો મિ સકમ્મેહિં, પાવકમ્મો અણન્તસો. ૫૪
કૂવન્તો કોલસુણએહિં, સામેહિં સબલેહિ ય;
ફાડિઓ ફાલિઓ છિન્નો, વિપ્ફુરન્તો અણેગસો. ૫૫
અસીહિ અયસિવણ્ણાહિં, ભલ્લીહિં પટ્ટિસેહિ ય;
છિન્નો ભિન્નો વિભિન્નો ય, ઓઇણ્ણો પાવકમ્મુણા. ૫૬
અવસો લોહરહે જુત્તો, જલન્તે સમિલાજુએ;
ચોઇઓ તોત્તજુત્તેહિં, રોજ્ઝો વા જહ પાડિઓ. ૫૭
હુયાસણે જલન્તમ્મિ, ચિયાસુ મહિસો વિવ;
દઢ્ઢો પક્કો ય અવસો, પાવકમ્મેહિ પાવિઓ. ૫૮
બલા સંડાસતુણ્ડેહિં, લોહતુણ્ડેહિં પક્ખિહિં;
વિલુત્તો વિલવન્તો હં, ઢંકગિદ્ધેહિંડણન્તસો. ૫૯
તણ્હાકિલન્તો ધાવન્તો, પત્તો વેયરણિં નદિં;
જલં પાહિં તિ ચિન્તન્તો, ખુરધારાહિં વિવાઇઓ. ૬૦
ઉણ્હાભિતત્તો સંપત્તો, અસિપત્તં મહાવણં;
અસિપત્તેહિં પડન્તેહિં, છિન્નપુવ્વો અણેગસો. ૬૧
મુગ્ગરેહિં મુસંઢીહિં, સૂલેહિં મૂસલેહિ ય;
ગયા સંભગ્ગગત્તેહિં, પત્તં દુક્ખં અણન્તસો. ૬૨

ખુરેહિં તિક્ખધારેહિં, છુરિયાહિં કપ્પણીહિ ય;
કપ્પિઓ ફાલિઓ છિન્નો, ઉક્કિત્તો ય અણેગસો. ૬૩
પાસેહિં કૂડજાલેહિં, મિઓ વા અવસો અહં;
વાહિઓ બદ્ધરુદ્ધો વા, બહુસો ચેવ વિવાઇઓ. ૬૪
ગલેહિં મગરજાલેહિં, મચ્છો વા અવસો અહં;
ઉલ્લિઓ ફાલિઓ ગહિઓ, મારિઓ ય અણન્તસો. ૬૫
વીદંસએહિં જાલેહિં, લિપ્પાહિં સઉણો વિવ;
ગહિઓ લગ્ગો બદ્ધો ય, મારિઓ ય અણન્તસો. ૬૬
કુહાડફરસુમાઇહિં, વડ્ઢઇહિં દુમો વિવ;
કુટ્ટિઓ ફાલિઓ છિન્નો, તચ્છિઓ ય અણન્તસો. ૬૭
ચવેડમુટ્ઠિમાઇહિં, કુમારેહિં અયં પિવ;
તાડિઓ કુટ્ટિઓ ભિન્નો, ચુણ્ણિઓ ય અણન્તસો. ૬૮
તત્તાઇં તમ્બલોહાઇં, તઉયાઇં સીસયાણિ ય;
પાઇઓ કલકલન્તાઇં, આરસન્તો સુભેરવં. ૬૯
તુહં પિયાઇં માંસાઇં, ખણ્ડાઇં સોલ્લગાણિ ય;
ખાઇઓ મિ સમંસાઇં, અગ્ગિવણ્ણાઇ ણેગસો. ૭૦
તુહં પિયા સુરા સીહૂ, મેરઓ ય મહૂણિ ય;
પાઇઓ મિ જલન્તીઓ, વસાઓ રુહિરાણિ ય. ૭૧
નિચ્চં ભીએણ તત્થેણ, દુહિએણ વહિએણ ય;
પરમા દુહસંબદ્ધા, વેયણા વેદિતા મએ. ૭૨
તિવ્વ ચણ્ડપ્પગાઢાઓ, ઘોરાઓ અઇદુસ્સહા;
મહબ્ભયાઓ ભીમાઓ, નરએસુ વેદિતા મએ, ૭૩
જારિસા માણુસે લોએ, તાયા દીસન્તિ વેયણા;
એત્તો અણન્તગુણિયા, નરએસુ દુક્ખવેયણા. ૭૪
સવ્વભવેસુ અસાયા, વેયણા વેદિતા મએ;
નિમેસન્તરમિત્તં પિ, જં સાતા નત્થિ વેયણા. ૭૫
તં બિન્તમ્માપિયરો, છન્દેણં પુત્ત પવ્વયા;
નવરં પુણ સામણ્ણે, દુક્ખં નિપ્પડિકમ્મયા. ૭૬
સો બેઇ અમ્માપિયરો, એવમેયં જહા ફુડં;
પડિકમ્મં કો કુણઇ, અરણ્ણે મિયપક્ખિણં. ૭૭

એગઓ્ભૂએ અરણ્ણે વ, જહા ઉ ચરઇ મિગે;
એવં ધમ્મં ચરિસ્સામિ, સંજમેણ તવેણ ય. ૭૮
જહા મિગસ્સ આયંકો, મહારણ્ણમ્મિ જાયઇ;
અચ્ચન્તં રૂક્ખમૂલમ્મિ, કો ણું તાહે તિગિચ્છઇ. ૭૯
કો વા સે ઓસહં દેઇ, કો વા સે પુચ્છઇ સુહં;
કો સે ભત્તં ચ પાણં વા, આહરિત્તુ પણામએ. ૮૦
જયા સે સુહી હોઇ, તયા ગચ્છઇ ગોયરં;
ભત્તપાણસ્સ અઠાએ, વલ્લરાણિ સરાણિ ય. ૮૧
ખાઇત્તા પાણિયં પાઉં, વલ્લરેહિં સરેહિ ય;
મિગચારિયં ચરિત્તાણં, ગચ્છઇ મિગચારિયં. ૮૨
એવં સમુટ્ઠિઓ ભિક્ખૂ, એવમેવ અણેગઓ;
મિગચારિયં ચરિત્તાણં, ઉઢં પક્કમઈ દિસં. ૮૩
જહા મિગે એગ અણેગચારી, અણેગવાસે ધુવગોયરે ય;
એવં મુણી ગોયરિયં પવિટ્ઠે, નો હીલએ નો વિય ખિંસએજ્જા. ૮૪
મિગચારિયં ચરિસ્સામિ, એવં પુત્તા જહા સુહં;
અમ્માપિઉહિં ણુન્નાઓ, જહાઇ ઉવહિં તહા. ૮૫
મિયચારિયં ચરિસ્સામિ, સવ્વદુક્ખવિમોક્ખણિં;
તુબ્ભેહિં અબ્ભણુન્નાઓ, ગચ્છ પુત્ત જહાસુહં. ૮૬
એવં સો અમ્માપિયરો, અણુમાણિત્તાણ બહુવિહં;
મમત્તં છિન્દઈ તાહે, મહાનાગો વ્વ કંચુયં. ૮૭
ઇઢ્ઢી વિત્તં ચ મિત્તે ય, પુત્તદારં ચ નાયઓ;
રેણુયં વ પડે લગ્ગં, નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ. ૮૮
પંચમહવ્વયજુત્તો, પંચહિ સમિઓ તિગુત્તિગુત્તો ય;
સબ્ભિન્તરબાહિરઓ, તવોકમ્મમ્મિ ઉજ્જુઓ. ૮૯
નિમ્મમો નિરહંકારો, નિસ્સંગો ચત્તગારવો;
સમો ય સવ્વભૂએસુ, તસેસુ થાવરેસુ ય. ૯૦
લાભાલાભે સુહે દુક્ખે, જીવિએ મરણે તહા;
સમો નિન્દાપસંસાસુ, તહા માણાવમાણઓ. ૯૧
ગારવેસુ કસાએસુ, દણ્ડસલ્લભએસુ ય;
નિયત્તો હાસસોગાઓ, અનિયાણો અબન્ધવો. ૯૨

અણિસ્સિઓ ઇહું લોએ, પરલોએ અણિસ્સિઓ;
વાસીચન્દણકપ્પો ય, અસણે અણસણે તહા. ૯૩
અપ્પસત્થેહિં દારેહિં, સવ્વઓ પિહિયાસવે;
અજ્જપ્પજ્ઝાણજોગેહિં, પસત્થદમસાસણે. ૯૪
એવં નાણેણ ચરણેણ, દંસણેણ તવેણ ય;
ભાવણાહિ ય સુદ્ધાહિં, સમ્મં ભાવેત્તુ અપ્પયં. ૯૫
બહુયાણિ ઉ વાસાણિ, સામણ્ણમણુપાલિયા;
માસિએણ ઉ ભત્તેણ, સિદ્ધિં પત્તો અણુત્તરં. ૯૬
એવં કરન્તિ સંબુદ્ધા, પણ્ડિયા પવિયક્ખણા;
વિણિયટ્ટન્તિ ભોગેસુ, મિયાપુત્તે જહામિસી. ૯૭
મહાપભાવસ્સ મહાજસસ્સ, મિયાઇ પુત્તસ્સ નિસમ્મ ભાસિયં;
તવપ્પહાણં ચરિયં ચ ઉત્તમં, ગઇપ્પહાણં ચ તિલોગવિસ્સુતં. ૯૮
વિયાણિયા દુક્ખવિવદ્ધણું ધણું, મમત્તબન્ધં ચ મહાભયાવહું;
સુહાવહું ધમ્મધુરં અણુત્તરં, ધારેજ્જ નિવ્વાણગુણાવહું મહું.
તિબેમિ. ૯૯

અર્થ:—મહોટાં વૃક્ષોવાળાં શોભનીક વનથી રમણિક સુગ્રીવ નગરને વિષે બળભદ્ર નામે રાજા હતો, તેને મૃગાવતી નામે પટરાણી હતી. ૨ તે બળભદ્ર રાજાની મૃગાવતી રાણીને એક પુત્ર હતો. તે બળશ્રી નામે તથા અપર નામે મૃગાપુત્ર લોકપ્રસિદ્ધ હતો. માતાપિતાને ઘણોજ વહાલો હતો. પાટવી કુંવર (યુવરાજ) હતો અને સંસારમાં રહ્યા છતાં ઇંદ્રિયોને દમનાર એટલે વશ રાખનાર હતો. ૩ તે મૃગાપુત્ર આનંદકારી ઘરને વિષે ત્રાય ત્રિશંક દેવતાની પેઠે નિરંતર પ્રમોદવંત રહેતો થકો ભોગને વિષે પોતાની સ્ત્રીઓ સાથે હર્ષ સહિત સુખ ભોગવે છે. ૪ મણિ રત્ને જડીત્ર છાજંધ ભોંતળીઆવાળા મહોટા મહેલના ગોખને વિષે જ્યાં ચાર રસ્તા ભેગા થાય છે તેવા ચોક અને ત્રણ રસ્તા ભેગા થાય છે તેવા ત્રિકના રસ્તા ઉપરના મહેલમાં બેઠા નગરની ચર્ચા જોયા કરે છે. ૫ તે ગોખને વિષે બેઠા થકાં એકદા બાર પ્રકારે તપ કરનાર અભિગ્રહધારી, સત્તર ભેદે સંયમ પાળનાર, અઢાર હજાર શીલાંગરથના ધરનાર તથા જ્ઞાનાદિક અતિ ગુણોવાળા સાધુને જોયા. ૬ તે મુનિને દેખી મૃગાપુત્ર એક નજરે જોઇ વિચાર કરવા

લાગ્યા કે પૂર્વે મેં કયાંય આવું સ્વરૂપ દીઠું છે, એટલે આવા સાધુને મેં પૂર્વે જોયેલા છે. ૭ તે સાધુના દર્શન થવાથી મૃગાપુત્રને શુભધ્યાને, શુભઅધ્યવસાએ મોહ ઉપશમ્યો અને તેથી કરી પૂર્વ ભવોને જણાવનારૂં જાતિ—સ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું છે. ૮ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાથી એવું દીઠું કે હું દેવલોકથી ચવીને આ મનુષ્ય ભવમાં આવ્યો છું. સંજ્ઞી પંચેંદ્રિયમાંથી આવે તેને જાતિસ્મરણજ્ઞાન ઉપજે, પૂર્વ ભવોની વાતો સાંભરી આવે તેને જાતિસ્મરણજ્ઞાન કહેવાય છે. ૯ મોટી ઋદ્ધિવાળા મૃગાપુત્રને જાતિસ્મરણજ્ઞાન ઉપજવાથી પોતાની પાછલી જાતિ સંભારતાં દેખાયું કે મેં પૂર્વ ભવે ચારિત્ર પાળ્યું છે. ૧૦ વિષયોને વિષે અપ્રીતિ ધરતાં અને સંયમને વિષે પ્રીતિ ધરતા મૃગાપુત્ર માતાપિતા પાસે આવી આ પ્રમાણે કહે છે. ૧૧ હે માતાપિતા ! મેં પૂર્વ ભવમાં પાંચ મહાવ્રત પાળ્યાં હતાં તે સાંભરી આવ્યાં છે તથા તિર્યંચની યોનિને વિષે જે દુઃખ ભોગવ્યાં છે તે પણ સાંભરી આવ્યાં છે, તેથી કામભોગ ઉપરથી મારી ઇચ્છા ઉઠી ગઇ છે અને મારૂં મન વૈરાગ્યવાન થયું છે, માટે મને દીક્ષા લેવાની રજા આપો. ૧૨ હે માતાપિતા ! એ ભોગ ભોગવતા થકાં વિષફળ (કિંપાકફળ) સરખા છે. જેમ કિંપાકફળ ખાધાથી મીઠાં લાગે પણ પ્રગમ્યાથી જીવ અને કાયા જુદાં કરે છે તેમ ભોગ કહવા વિપાકવાળા અને નિરંતર દુઃખના દેનાર છે. ૧૩ આ શરીર અનિત્ય, અપવિત્ર, અશાશ્વત અને અશુચિમાંથી ઉત્પન્ન થયેલું છે તેમજ આ શરીરમાં જીવનો વાસ પણ અશાશ્વતો છે એટલે થોડો વખત રહેવાનો છે અને તે શરીર દુઃખ, કલેશ અને વ્યાધિ વગેરેનું ભાજન છે. ૧૪ આ અશાશ્વતું શરીર વૃદ્ધપણે અથવા બાળપણે અવશ્ય ત્યાગ કરવા યોગ્ય અને પાણીના પરપોટાની માફક ક્ષણભંગુર છે તેથી હું એવા શરીરને વિષે જરા પણ આનંદ પામતો નથી.

૧૫ મનુષ્યપણું વ્યાધિ-રોગનું ઘર છે અને જરા તથા મરણથી ગ્રસ્ત છે એવા અસાર મનુષ્યપણામાં હું ક્ષણ માત્ર ક્ષેમ પામતો નથી. ૧૬ અહો ! ધિક આશ્ચર્ય ! આ સંસારમાં રહેલા જીવો કેવાં કેવાં દુઃખ ભોગવે છે ! જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃખ તેમજ અનેક દુઃખોથી જીવ ઘણો

કલેશ પામે છે. ૧૭ મારે ગામ, નગર, વાડી, રહેવાના મહેલ, સોનું, રૂપું તથા પુત્ર, સ્ત્રી, ભાઈ ઇત્યાદિ સગાંવહાલાં તેમજ આ ઉદારીક શરીર છોડીને અવશ્ય જવું પડશે. ૧૮ જેમ કિંપાક વૃક્ષનાં ફળ ખાતાં મીઠાં લાગે પણ પરિણામે પ્રાણ લેનાર એટલે સારાં નથી, તેમ ભોગ ભોગવતાં મીઠાં લાગે પણ તેનું પરિણામ સારૂં નથી. ૧૯ જે પુરૂષ મોટા પંથને વિષે ભાતું લીધા વગર જાય છે તે ક્ષુધા-તૃષાએ પીડાણો થકો દુઃખી થાય છે.

૨૦ એ પ્રમાણે ધર્મરૂપી ભાતું લીધા વગર (સત્કર્મ કર્યા વગર) જે જીવ પરભવને વિષે જાય છે તે વ્યાધિ અને રોગથી પીડાણો થકો દુઃખી થાય છે.

૨૧ જે પુરૂષ ભાતું લઇને મોટા પંથને વિષે જાય છે તે ક્ષુધા-તૃષા રહિત થઇને સુખી થાય છે. ૨૨ એ પ્રમાણે જે જીવ ધર્મ કરીને પરભવે જાય છે તે જીવ અલ્પકર્મી અને વેદનારહિત થઇ સુખી થાય છે. ૨૩ જેમ ઘરમાં અગ્નિ લાગવાથી માલીક સારસાર વસ્તુ એટલે ઘણી કિંમતી અને તોલમાં હલકી વસ્તુ હોય તે કાઢી લીએ છે અને અસાર એટલે થોડી કિંમતવાળી અને તોલદાર વસ્તુ છોડી દીએ છે તેમ. ૨૪ એ પ્રકારે જન્મ, જરા અને મરણથી બળતા આ લોકમાંથી તમારી આજ્ઞા લઇ હું મારા આત્માને બહાર કાઢીશ (તારીશ), માટે તમે મને દીક્ષા લેવાની રજા આપો.

૨૫ મૃગાપુત્રનાં આવાં વચન સાંભળી માતા પિતા કહે છે કે, હે પુત્ર! ચારિત્ર પાળવું અતિ દુષ્કર છે, કારણ કે સાધુને મૂળગુણ અને ઉત્તર ગુણરૂપ હજાર ગુણો ધારણ કરવા પડે છે. ૨૬ વળી સાધુને જાવજીવ સુધી જગતમાં સર્વ જીવો ઉપર એટલે શત્રુ-મિત્ર ઉપર સમભાવ રાખવો પડે છે, તેમજ પ્રાણાતિપાતની એટલે જીવ હિંસાની વિરતિ કરવી પડે છે માટે ચારિત્ર પાળવું દુષ્કર છે. ૨૭ હમેશાં અપ્રમાદપણે મૃષાવાદને છાંડવો પડશે. હિતકારક સત્ય વચન બોલવું પડશે માટે તે વ્રત પાળવું પણ દુષ્કર છે. ૨૮ દાંત ખોતરવાની સળી પણ તેના માલીકની રજા સિવાય લેવાય નહિ, નિરવદ્ય અને એષણિક એટલે દોષ વિનાનો આહાર લેવો પડશે તે પણ દુષ્કર છે. ૨૯ બ્રહ્મચર્યની વિરતિ કરવી અને

પામેલા કામભોગના સ્વાદથી નિવર્તીને ઘણા આકરા બ્રહ્મચર્ય-વ્રતને ધારણ કરવું એ સર્વ ઘણું દુષ્કર છે.

૩૦ ધન, ધાન્ય, દાસદાસી તથા પશુ વગેરે ઉપરથી મોહ ઉતારવો, સર્વ આરંભ છાંડવો અને નિર્મમત્વપણે વિચરવું તે અતિ દુષ્કર છે. ૩૧ અન્ન, પાણી, મેવો અને મુખવાસ વગેરે ચાર પ્રકારનો આહાર રાત્રિએ ન કરવો એટલે રાત્રિભોજનનો ત્યાગ કરવો તથા ઘી, ગોળ, સુખડી વગેરેને કાળ ઉપરાંત રાખવાં તે સ્નિગ્ધ સંચય કહેવાય તે ન કરવો, એ સર્વ ઘણું દુષ્કર છે. ૩૨ ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ તથા ડાંસ મચ્છરથી થતી વેદના સહન કરવી, આક્રોશ વચન સહન કરવાં, દુઃખમય ઉપાશ્રયમાં રહેવું, તૃણાનો સ્પર્શ તથા મેલનો પરિસહ સહન કરવો એ ઘણો દુષ્કર છે. ૩૩ ચપેટાદિકનો પ્રહાર, આંગળી દેખાડી તિરસ્કાર કરી ભય ઉપજાવવો, લાકડીનો માર, દોરડાનું બંધન તથા ગૃહસ્થને ઘેર ભિક્ષાને માટે ફરવું અને ફરતાં છતાં પણ આહારની અપ્રાપ્તિ વગેરે પરિસહ સહન કરવા તે ઘણું દુષ્કર છે. ૩૪ કબુતર વગેરે પક્ષીઓ જેમ પોતાનો આહાર ગ્રહણ કરવા શંકા સહિત વસે છે અને ખાધા પછી કાંઈ પાસે રાખતાં નથી તેમ સાધુઓ પણ આહાર લેવામાં દોષ લાગવાનો ડર પ્રવર્તે છે અને આહાર કર્યા પછી પાસે કાંઇ રાખતા નથી. વળી સાધુઓને કેશનો લોચ કરવો પડે છે તે ઘણો ભયંકર છે અને મહાત્મા પુરૂષો જે બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે તે અધૈર્યવાન પુરૂષને પાળવું અતિ દુષ્કર છે.

૩૫ હે પુત્ર! તું સુખ ભોગવવા યોગ્ય અને શરીરે સુકોમળ છે તેથી ચારિત્ર પાળવાને નિશ્ચે સમર્થ નથી. ૩૬ ચારિત્રરૂપી મોટા ભાર લોઢાના ભારની પેઠે અત્યંત ભારે છે અને સદાકાળ વિશ્રામ લીધા વગર ઉપાડવો પડે છે. એટલે ચારિત્ર જાવજીવ સુધી પાળવું પડે છે. ૩૭ આકાશગંગાના પ્રવાહ સામું જવું ઘણું દુષ્કર છે એટલે ચુલ્લહિમવંત પર્વત ઉપરથી પડતા ગંગા નદીના પ્રવાહ સામું જવું તેમજ બે હાથે સમુદ્ર તરવો જેમ દુષ્કર છે તેમ ગુણોનો સમુદ્ર જે ચારિત્ર તે તરવો ઘણો દુષ્કર છે. ૩૮ જેમ વેળુના કોળીઆ નીરસ હોવાથી ખાવા દુષ્કર છે તથા તરવારની ધાર ઉપર ચાલવું દુષ્કર છે તેમ ચારિત્ર અને તપ આચરવું ઘણું

દુષ્કર છે. સર્પ જેમ આડું અવળું જોયા વગર એકાંત દૃષ્ટિએ ચાલે છે તેમ સાધુઓ પણ ચારિત્રને વિષે જ દૃષ્ટિ રાખી ઇર્યા-સમિતિ શોધતા વિચરે છે તથા જેમ લોઢાના જવ ચાવવા મુશ્કેલ છે તેમ ચારિત્ર પાળવું મુશ્કેલ છે.

૪૦ જેમ ધગધગાયમાન અગ્નિ પીવો દુષ્કર છે તેમ યૌવન-વયને વિષે ચારિત્ર પાળવું અતિ દુષ્કર છે. ૪૧ જેમ લુગડાનો કોથળો વાયરાથી ભરવો દુષ્કર છે, તેમ કાયર પુરૂષને સંયમ પાળવો દુષ્કર છે. ૪૨ જેમ મેરૂ પર્વત ત્રાજવે કરી તોળવો દુષ્કર તેમ નિશ્ચળ ને નિઃશંક-પણે સંયમ પાળવો અતિ દુષ્કર છે. ૪૩ જેમ ભુજાએ કરી સમુદ્ર તરવો દુષ્કર છે તેમ જે પુરૂષનું મન વિષયથી ઉપશાંત થયું નથી તેને ઇંદ્રિયોને દમવારૂપ સમુદ્ર તરવો દુષ્કર છે. ૪૪ હે પુત્ર ! મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના પંચેંદ્રિયના વિષયસુખ ભોગવ અને પછી ભુક્તભોગ થઇને વૃદ્ધપણે ચારિત્ર અંગીકાર કરજે. આ પ્રમાણે માતાપિતાના વચન સાંભળી મૃગાપુત્ર નીચે પ્રમાણે કહે છે. ૪૫ હે માતાપિતા ! તમે જે કહ્યું તે સત્ય છે પણ આ લોકને વિષે જે પુરૂષ નિસ્પૃહી છે તેને ચારિત્ર પાળવું મુશ્કેલ નથી. ૪૬ મેં શારીરિક, માનસિક અને અતિ દુઃખ ઉપજાવે એવી મહાભયંકર વેદના અનંતવાર ભોગવી છે. ૪૭ દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નરકરૂપ ચાર ગતિવાળા તથા જરા અને મરણરૂપ અટવી જેવા સંસારને વિષે મેં જન્મ તથા મરણની રૌદ્ર વેદના ભોગવી છે. ૪૮ આ મનુષ્ય લોકમાં જેવી ઉષ્ણવેદના છે તેથી અનંતગણી ઉષ્ણ અસાતા વેદના નરકને વિષે મેં ભોગવી છે. ૪૯ આ મનુષ્ય લોકમાં જેવી શીત (ટાઢ) વેદના છે તેથી નરકમાં મેં અસાતારૂપ અનંતગુણી શીત-વેદના સહન કરી છે. ૫૦ નરકને વિષે કુંભીમાં પગ ઉંચા અને માથું નીચું એટલે ઉંધે માથે રહી દેવતાએ વિકુર્વેલી ધગધગતી અગ્નિને વિષે હું આક્રંદ કરતો પૂર્વે અનંતવાર શેકાયો છું. ૫૧ મોટા દાવાનળ થવાથી મારવાડ દેશની વજ્રમય રેતી જેવી ધગધગે છે તેથી અનંત ગુણી ધગધગતી નરકમાં રહેલી કલંબ વાલુકા નદીની રેતીમાં પૂર્વે મને અનંતીવાર બાળ્યો છે, ૫૨. ભુમો પાડતો, આંખવ રહિત, ઝાડની શાખાએ ઉંધે માથે બાંધી કુંભીમાં લટકતો રાખી મને કરવતે કરીને અનંતી વાર છેદ્યો. ૫૩ અતિ તિક્ષ્ણ કાંટાવાળા,

શાલ્મલી વૃક્ષે સખ્ત બાંધીને પરમાધામીએ મને સામસામા ઘસીને ઘણું દુઃખ દીધું. ૫૪ જેમ કોલમાં શેરડી પીલે તેમ મોટા યંત્રને વિષે આક્રંદ કરતો, ભયંકરપણે મને પરમાધામીએ અનંતીવાર પીલ્યો અને હું મારા પોતાના પાપકર્મે કરી અનંતીવાર દુઃખ પામ્યો. ૫૫ સુઅરના મુખ જેવા શામ નામે અને કુતરાનાં મુખ જેવાં સબળ નામે પરમાધામી એ બન્નેએ મળી મને ભૂમિ પર પછાડીને જીર્ણ વસ્ત્રની પેઠે ફાડયો અને વૃક્ષની પેઠે છેદ્યો. એવી પીડાએ તરફડતાં અને ઘોર શબ્દ કરતાં મેં નરકમાં અનંતીવાર દુઃખ ભોગવ્યાં. ૫૬ મહારાં પાપ કર્મે કરી નરકને વિષે હું ઉપન્યો. ત્યાં અળશીના ફુલના વર્ણ જેવાં તલવાર, ભાલા તથા બીજાં નિપટ શસ્ત્રે કરી છેદાણો, ભેદાણો, અને ઝીણા ઝીણા કટકા થયા. ૫૭ હે માતાપિતા! પરવશપણે મને લોઢાના રથને વિષે ધગધગતા ધોંસરા અને સમેલથી જોતર્યો અને લાકડી આદિ મહારે કરી જેમ રોઝને હેડો પાડે તેમ મને માર મારી હેડો પડયો. ૫૮ જેમ પાપી લોકો પાડાને અગ્નિમાં હોમે છે તેમ પરમાધામીએ વૈક્રિય કીધેલ જાજ્વલ્યમાન અગ્નિમાં મને બાળ્યો, પકાવ્યો, શેકયો અને ભડથું કર્યું. એવી રીતે હું પરવશપણે પાપકર્મે કરીને ઘણું દુઃખ પામ્યો. ૫૯ ડાંસના જેવી તીક્ષ્ણ અને લોઢાના જેવી સખ્ત ચાંચવાળા કંક અને ગીધ પક્ષીઓએ મને અનંતીવાર બળાત્કારે માર્યો, તેથી હું વારંવાર ઘણો વિલાપ કરવા લાગ્યો. ૬૦ નરકને વિષે તૃષાએ પીડાવાથી દોડતો દોડતો વૈતરણી નદીને વિષે પહોંચ્યો. ત્યાં જઇ પાણી પીવા માંડયું તો છરીની ધાર સરખા પાણીથી મારૂં ગળું છેદાઇ ગયું. ૬૧ તાપથી પીડા થવાથી છાયાની આશાએ ઝાડના મોહોટા વનમાં ગયો. ત્યાં ખડ્ગ જેવા પાંદડાંથી હું છેદાણો, ૬૨ હે માતા! નરકને વિષે લોઢાના મુદ્ગળ, મુસળ, સાંબેલા, ત્રિશૂળ અને ગદાએ કરી મહારા શરીરના ચૂરેચૂરા કરી નાખ્યા એવાં અનંતીવાર દુઃખ પામ્યો. ૬૩ તીક્ષ્ણ ધારવાળા અસ્ત્રો, છરી અને કાતરોથી જેમ વસ્ત્ર કતરાય તેમ હું કતરાણો અને ફાડયો. એવી રીતે શરીરની ચામડી ઉતારી નાખી, એવી વેદના મેં અનેકવાર સહન કરી. ૬૩ મને પરવશપણે કપટની જાળમાં મૃગની માફક પાશમાં બાંધ્યો, રૂંધ્યો અને ઘણીવાર પરમાધામીએ માર્યો. ૬૫ માછલાંની જાળમાં મને પકડયો. તેમાં કાંટાવડે મારૂં ગળું

વીંધાયું અને મગરના રૂપવાળા પરમાધામીએ મને બળાત્કારે પકડીને ઉછાળ્યો, ચીર્યો, ફાડ્યો, પકડ્યો, અને અનંતીવાર માર્યો. ૬૬ સીંચાણા પક્ષીની માફક બંધનેથી, જાળથી, લેપથી અને સરસથી કરીને હું અનંતીવાર પકડાયો, ચોંટ્યો, બંધાયો અને મને અનંતીવાર-માર્યો. ૬૭ કુહાડા તથા ક્રકચ પ્રમુખે કરી સુતાર જેમ વૃક્ષને વાઢીને નાના નાના કટકા કરે છે તેમ મને ફાડ્યો, કુટ્યો, છેદ્યો અને એ પ્રમાણે અનંતીવાર પરમાધામીએ ત્રાસ પમાડ્યો. ૬૮ જેમ લુહાર લોઢાને ટીપે છે તેમ મને પરમાધામીએ અનંતીવાર ચપેટા તથા મુષ્ટિ આદિ પ્રહારે કરી, તાડ્યો, કુટ્યો, છેદ્યો અને ઝીણા ઝીણા કટકા કર્યા, ૬૯ પરમાધામીએ મને તપેલાં તથા કકળતાં ત્રાંબાં, લોયાં, તરૂઆં અને સીસાં પાયાં તેથી હું ભયંકર રીતે વિલાપ કરવા લાગ્યો. ૭૦ હે માતા પિતા! પરમાધામી મને કહે કે, તને માંસ બહુ પ્રિય હતું અને માંસના કટકા કરી તેને પકાવી, તળાવીને ખાવાને બહુ ગમતા હતા માટે તું આ તારૂં જ માંસ ખા, એમ કહી મારા જ શરીરના માંસના કટકા કરી, પકાવી, અગ્નિવર્ણા લાલચોળ કરી શેકીને મને અનંતીવાર ખવડાવ્યા. ૭૧ વળી પરમાધામી કહે કે, તને આગલે ભવે મદિરા, તાડી તથા જવ વગેરેનો દારૂ તથા મદ્ય ઘણું પ્રિય હતું એમ કહી મને મારા હાડકાંનો રસ તથા મારા શરીરનું લોહી તપાવી જાજ્વલ્યમાન કરી પાયું. ૭૨ હે માતા! નિત્ય ભયે કરી, ત્રાસે કરી, દુઃખે કરી, પીડાએ કરી, પરમ ઉત્કૃષ્ટા દુઃખે કરી કંપાયમાન શરીરે મેં વેદના ભોગવી. ૭૩ તીવ્ર, ઉત્કૃષ્ટ, અતિ આકરી, ઘોર, સહેતાં અતિ દુષ્કર, મોટા ભયની ઉપજાવનાર, સાંભળતાં પણ ભય ઉપજે એવી વેદના નરકને વિષે મેં ભોગવી છે. ૭૪ મનુષ્ય લોકમાં જેવી ટાઢ-તાપની વેદના વર્તે છે તેથી અનંતગુણી અશાતા વેદના નરકને વિષે છે.

૭૫ સર્વ ભવને વિષે મેં અશાતા વેદના ભોગવી છે. આંખ મીંચીને ઊઘાડીએ એટલો સુક્ષ્મ વખત પણ શાતા ભોગવી નથી. હવે મૃગાપુત્ર પ્રત્યે માતાપિતા કહે છે. ૭૬ હે પુત્ર! તારી ઇચ્છા દીક્ષા ગ્રહણ કરવાની છે તો ખુશીથી દીક્ષા ગ્રહણ કર, પરંતુ આટલું વિશેષ કે ચારિત્રને વિષે દુઃખ થવાથી દવા કરાવી શકાતી નથી એટલે સાવદ્ય વૈદું કરાવી શકાતું નથી. ૭૭ મૃગાપુત્ર માતાપિતા પ્રત્યે કહે છે કે આપનું કહેવું સત્ય છે પણ અરણ્યને વિષે

રહેલાં મૃગ વગેરે જાનવરો અને પક્ષીઓને રોગ આવ્યાથી કોણ મટાડી શકે છે? અર્થાત્ વૈદ્ય આવી તેની દવા કરતા નથી. ૭૮ જેમ એકલો મૃગ અટવીને વિષે ભમ્યા કરે છે તેમ હું પણ સત્તર ભેદે સંયમ અને બાર પ્રકારે તપે કરી ધર્મને આચરીશ. ૭૯ જેમ મોટા અરણ્યને વિષે કોઈ મૃગને રોગ ઉત્પન્ન થાય ત્યારે તે મૃગ ઝાડ નીચે બેસે છે ત્યાં તે મૃગને વૈદું કોણ કરે છે?

૮૦ તે રોગથી પીડાએલા મૃગને કયો વૈદ્ય આવીને ઔષધ આપે છે? કોણ તેને સુખસાતા પૂછે છે? અને ખાવાને વાસ્તે આહાર પાણી (ખોરાક) કોણ લાવી આપે છે? ૮૧ જ્યારે તે મૃગ સુખી હોય ત્યારે તે પોતાની મેળે ખાવા પીવાને માટે ચરવાની જગ્યા-વનમાં, ખેતરમાં તથા સરોવર તરફ જાય છે. ૮૨ તે મૃગ મૃગચર્યા કરીને એટલે ખેતરમાંથી પોતાનો ખોરાક ખાઈ અને સરોવરમાંથી પાણી પીને પોતાની મરજી મુજબ વનમાં ફરે છે. ૮૩ એમ સંયમને વિષે ઉદ્યમવંત સાધુ મૃગની પેઠે અનિયત ઠેકાણે રહે અને અનેકવાર નીરોગી અવસ્થાએ અનિયત સ્થાનકને વિષે ગોચરીએ વિચરે તે ઉર્ધ્વદિશીએ એટલે દેવલોક-મોક્ષને વિષે જાય. ૮૪ જેમ મૃગ એક ઠેકાણે રહેતો નથી અને અનેક ઠેકાણે વસે છે તથા અનેક ઠેકાણે ચારો ચરે છે તેમ સાધુ ગોચરીએ ફરતાં થકાં નીરસ આહાર મળે તો પણ ગૃહસ્થને કે પોતાના આત્માને હીલે કે નિંદે નહિ. ૮૫ જ્યારે મૃગાપુત્રે માતા પિતા પાસે કહ્યું કે આગળ કહ્યા મુજબ મૃગચર્યાની માફક સંજમ આચરીશ. ત્યારે માતાપિતા કહે છે કે હે પુત્ર! જેમ સુખ ઉપજે તેમ કરો, એટલે ખુશીથી દીક્ષા ગ્રહણ કરો. માતા પિતાએ આજ્ઞા દીધા પછી મૃગાપુત્રે પરિગ્રહનો ત્યાગ કર્યો. ૮૬ હે માતા પિતા! હું તમારી આજ્ઞાએ કરી સર્વ દુઃખથી મુકાવનારી મૃગચર્યા રૂપદીક્ષા અંગીકાર કરીશ. ત્યારે માતા પિતાએ કહ્યું કે હે પુત્ર! જાઓ અને જેમ સુખ ઉપજે તેમ કરો. ૮૭ એમ મૃગાપુત્રે માતા પિતાની આજ્ઞા લઇને જેમ મોટો નાગ કાંચળી છોડીને નાસે તેમ મૃગાપુત્રે ઘણે પ્રકારે મમત્વ ભાવને છાંડ્યા. ૮૮ જેમ લુગડે વળગેલી રજ ઝાટકી નાખે તેમ મૃગાપુત્ર રાજ્ય ઋદ્ધિ, સુવર્ણાદિ ધન, મિત્ર, પુત્ર, સ્ત્રી અને સગાંવહાલાં સર્વ છાંડીને નીકળ્યા. ૮૯ મૃગાપુત્ર પંચમહાવ્રત, પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિ, છ પ્રકારે આભ્યંતર અને છ પ્રકારે બાહ્ય

એમ બાર પ્રકારે તપ એ સર્વને વિષે ઉદ્યમવંત થયા. ૯૦ તે મૃગા પુત્ર મમતા રહિત, અહંકાર રહિત, સ્ત્રી આદિના સંગ રહિત, ઋદ્ધિ વગેરે ત્રણ ગારવ રહિત અને ત્રસ તથા સ્થાવર જીવો ઉપર સરખો ભાવ રાખનાર થયા. ૯૧ તે મૃગાપુત્ર આહાર પાણી મળે અથવા ન મળે, સુખ અથવા દુઃખને વિષે, જીવિતવ્ય અને મરણને વિષે, નિંદા તથા પ્રશંસાને વિષે અને માન તથા અપમાન વિષે એ સર્વ ઉપર સમભાવ રાખનાર એટલે રાગદ્વેષ રહિત થયા. ૯૨ તે મૃગાપુત્ર ત્રણ ગારવથી, ચાર કષાયથી, ત્રણ દંડથી, ત્રણ શલ્યથી, સાત ભયથી, હાસ્યથી, શોકથી, નિયાણાથી અને રાગદ્વેષના બંધન રહિત થયા એટલે તેનાથી નિવર્ત્યા. ૯૩ તે મૃગાપુત્ર આ લોક તથા પરલોકના સુખની ઇચ્છા નહિ રાખનાર, પોતાના શરીરને ચંદન લગાવનાર અથવા છેદનાર ઉપર અને આહાર કરવામાં અથવા અણસણ કરવામાં સરખો ભાવ રાખનાર એટલે સમાન દૃષ્ટિવાળા થયા. ૯૪ તે મૃગાપુત્ર અપ્રશસ્ત એટલે હિંસાદિક પાપના દ્વારથી નિવૃત્ત થયા. તેથી સર્વ પ્રકારે આશ્રવનાં બારણાં બંધ થયાં અને અધ્યાત્મ ધ્યાનના યોગે કરી ઇંદ્રિયોને દમનારા અને સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતમાં શુભ ધ્યાનના યોગથી ઉપયોગવંત અથવા શુભઉપશમવાળા થયા, ૯૫-૯૬ એ પ્રમાણે જ્ઞાને કરી, ચારિત્રે કરી સમ્યક્ત્વે કરી, તપે કરી, પચીશભાવનાએ કરી, અથવા અનિત્ય આદિ બાર ભાવનાએ કરી, નિર્મળ પરિણામે કરી પોતાના આત્માને સમ્યક્ પ્રકારે ભાવતાં ઘણાં વર્ષ સુધી સામાન્ય ચારિત્ર પાળીને એક માસનું અણસણ કરીને સર્વોત્તમ-પ્રધાન મોક્ષ ગતિને પામ્યા. ૯૭ એ પ્રકારે જે તત્વના જાણુ, પંડિત, વિચિક્ષણ હોય તે જેમ મૃગાપુત્ર ઋષિ ભોગથી નિવર્ત્યા તેમ નિવર્તે. ૯૮ મોટા પ્રભાવવાળા અને મોટા યશવાળા મૃગાપુત્રનું સંસારની અસારતા દેખાડનાર ઉપદેશરૂપ ભાષણ, તથા તેમનું બાર પ્રકારના તપથી પ્રધાન અને ગતિપ્રધાન એટલે મોક્ષ જવાને માટે યોગ્ય આ ચરિત્ર સાંભળીને જે આચરે તે ત્રણલોકમાં પ્રસિદ્ધ એવી મોક્ષગતિને પામે. ૯૯ ધનને દુઃખનું વધારનાર જાણીને તથા મમત્વને સંસારનું બંધન જાણીને તેમજ ધન અને મમત્વ, ચોરાદિકના મોટા ભય ઉપજાવનાર જાણીને સુખની પ્રાપ્તિ કરાવનારૂં તથા મોક્ષગુણને લાવનારૂં અને અનંતવીર્ય વગેરે ગુણોને લાવનારૂં એવું ધર્મ રથનું ધોરીરૂં ધારણ કરો, એમ હું કહું છું.

અથ શ્રી ભક્તામર સ્તોત્ર.

[વસંતતિલકા વૃત્તમ.]

ભક્તામર પ્રણત મૌલિમણિપ્રભાણા-
મુદ્યોતકં દલિત પાપતમોવિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્યજિનપાદયુગં યુગાદા-
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥ ૧ ॥

ભાવાર્થ:—ભક્તિ કરનારા દેવો પગે લાગે છે, તે વખતે તેમના નમેલા મુગટની અંદર રહેલા મણિઓની કાન્તિને પણ પ્રકાશ આપનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર, અને યુગાદિથી સંસારરૂપી સમુદ્રમાં પડેલા માણસોને આશ્રયરૂપ, એવા શ્રી જિનેંદ્રસ્વામીના બંને ચરણને રૂડેપ્રકારે નમસ્કાર કરીને—૧

યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્વબોધા-
દુદ્ભૂતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ ।
સ્તોત્રૈર્જગત્રિતયચિત્તહરૈરુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિતં પ્રથમં જિનેંદ્રમ્ (યુગ્મમ્ . ॥ ૨ ॥

ભાવાર્થ:—તમામ શાસ્ત્રોનું તત્વ જાણવાથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિવડે, ત્રણે લોકનું ચિત્ત હરણ કરે એવા ઉદાર સ્તોત્રથી ઇંદ્ર દેવે પણ જેમની સ્તુતિ કરી છે; એવા પ્રથમ જિનેંદ્ર શ્રી આદિનાથ સ્વામિની હું પણ સ્તુતિ કરીશ. ૨ (પ્રથમના આ બે શ્લોકનું યુગલ છે.)

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિતપાદપીઠ
સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહમ્ ।
બાલં વિહાય જલસંસ્થિત મિંદુબિંબ
મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥ ૩ ॥

ભાવાર્થ:—જેના પગ મૂકવાના આસનની પણ દેવતાઓએ પૂજા કરેલી છે, એવા હે જિનેંદ્ર! જેમ કોઈ પણ સમજુ માણસ જળની અંદર પડેલા ચંદ્રના પ્રતિબિંબને એકદમ ગ્રહણ કરવાને ઇચ્છતો નથી, પણ માત્ર બાળક જ ઇચ્છે છે, તેમ મેં પણ બુદ્ધિ વિના લજ્જા રહિત થઈને તમારી સ્તુતિ કરવામાં પ્રવૃત્તિ કરી છે. ૩ (તે અરેખર બાળ ચેષ્ટા જેવુંજ ગણાય એમ છે.)

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર શશાંકકાંતાન્
કસ્તે ક્ષમઃ સુરગુરૂપ્રતિમોઽપિ બુદ્ધ્યા ।
કલ્પાંતકાલપવનોદ્ધતનક્રચક્રં
કો વા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ ।। ૪ ।।

ભાવાર્થઃ—હે ગુણસમુદ્ર ! સંહારકાળના પવન વડે જેની અંદર મગર આદિ પ્રાણીઓ ઉછળી રહ્યાં છે એવા સમુદ્રને હાથવડે તરવાને કોણ સમર્થ થાય છે? (અર્થાત્ કોઈ નહિ.) તેમ ચંદ્રના જેવા મનોહર તમારા ગુણોને કહેવાને બૃહસ્પતિ જેવા બુદ્ધિમાન પણ કયાંથી સમર્થ થાય? (ભાવાર્થ કે એવા પણ સમર્થ ન થાય તો પછી મારી શક્તિ તો તેમાં કયાંથીજ ચાલે?) ૪

સોઽહું તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ
કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ ।
પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગી મૃગેંદ્રમ
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ ।। ૫ ।।

ભાવાર્થઃ—હે મુનીશ્વર ! એ પ્રમાણે હું તમારી સ્તુતિ કરવામાં અશક્ત છું, છતાં પણ તમારી ભક્તિને આધિન થઈને જેમ મૃગપશુ પોતાના બાળકની પ્રીતિને આધિન થઈને તેનું રક્ષણ કરવાને પોતાના બળનો વિચાર છોડી દઈને પણ (પોતે તેના સામું થવાને અશક્ત છતાં પણ) સિંહની સામે થાય છે; તેમ હું પણ (મારી શક્તિનો વિચાર તજી દઈને) તમારી સ્તુતિ કરવાને પ્રવૃત્ત થયો છું. ૫

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ
ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ
તચ્ચારૂચામ્રકલિકાનિકરૈકહેતુઃ ।। ૬ ।।

ભાવાર્થઃ—જેમ ચૈત્ર માસને વિષે આંબાના મોરના પ્રભાવથી કોયલ મધુર શબ્દો ઉચારે છે, તેમ મને પણ, હું થોડું જાણનાર [મૂર્ખ] અને શાસ્ત્રજ્ઞોના [વિદ્વાનોના] હાસ્યનું પાત્ર છતાં તમારી ભક્તિ [ના પ્રભાવથી] જ બળાત્કારથી બોલાવે છે. ૬ [આ સ્તુતિ કરવામાં પ્રવૃત્ત કરે છે.]

ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિબદ્ધં
પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીરભાજામ ।

આક્રાંતલોકમલિનીલમશેષમાશુ
સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ॥ ૭ ॥

ભાવાર્થ:—જેમ સૂર્યના પ્રકાશથી, રાત્રિને વિષે વ્યાપેલું ભમરાના જેવું કાળું અંધારૂં તત્કાળ નાશ પામે છે, તેમજ તમારી સ્તુતિ કરવાથી, દેહધારીઓનાં જન્મપરંપરાનાં બાંધેલાં તમામ પાપો ક્ષણમાત્રમાં નાશ પામે છે. ૭

મત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદ-
મારભ્યતે તનુધિયાઽપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ
મુક્તાફલદ્યુતિમુપૈતિ નનૂદબિંદુ: ॥ ૮ ॥

ભાવાર્થ:—અને એ પ્રમાણે સમજીને, જો કે હું અલ્પ બુદ્ધિવાળો છું તો પણ તમારી આ સ્તુતિ કરવાનો આરંભ કરૂં છું; તે જેમ કમળપત્રની અંદર પડેલું પાણીનું ટીપું, કમળપત્રના પ્રભાવથી મોતીના જેવી શોભા પામે છે, તેમજ આ સ્તોત્ર પણ તમારા પ્રભાવથી સજ્જનોના મનનું હરણ કરશે. ૮ (એવો શોભાયમાન-પ્રીતિ ઉપજાવનાર-થશે.)

આસ્તાં તવ સ્તવનમસ્તસમસ્તદોષં
ત્વત્સંકથાઽપિ જગતાં દુરિતાનિ હંતિ ।
દૂરે સહસ્રકિરણ: કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજી ॥ ૯ ॥

ભાવાર્થ:—જેમ સૂર્ય ઘણે છેટે રહ્યો છે, તો પણ તેનાં કિરણો વડેજ સરોવરને વિષે રહેલાં કમળો પ્રફુલ્લિત થાય છે, તેમજ સર્વ પાપોનો નાશ કરનારૂં તમારૂં સ્તવન ભલે (દૂર) હો પણ તમારી કથા માત્ર લોકોના પાપોનો નાશ કરે છે! ૯

નાત્યદ્ભુતં ભુવનભૂષણ ભૂતનાથ
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંતમભિષ્ટુવંત: ।
તુલ્યા ભવંતિ ભવતો નનુ તેન કિં વા
ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥ ૧૦ ॥

ભાવાર્થ:—હે ભુવનભૂષણ! હે ભૂતનાથ! તમારા અનેક સત્ય ગુણો વડે કરીને તમારી સ્તુતિ કરનાર, આ લોકમાંજ તમારા સરખો થાય, એમાં વિશેષ આશ્ચર્ય શું છે? કેમકે લોકમાં પણ જે જેનો આશ્રય કરીને રહે, તે તેને સંપત્તિવડે પોતાના સમાન નથી કરતો શું? કરે છે જ. ૧૦

દૃષ્ટ્વા ભવંતમનિમેષવિલોકનીયં
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ
પીત્વા પયઃ શશિકરદ્યુતિદુગ્ધસિંધોઃ
ક્ષારં જલં જલનિધેરસિતું ક ઇચ્છેત્ ॥ ૧૧ ॥

ભાવાર્થઃ—હે ભગવાન્! એકી નજરે જોઈ રહેવા યોગ્ય આપનું સ્વરૂપ (એકવાર) જોયા પછી, માણસનાં નેત્ર બીજે ઠેકાણે સંતોષ પામતાં–ઠરતાં–નથી; કેમકે ચંદ્રના કિરણ જેવું ઉજ્જવળ ક્ષિરસાગરનું દૂધ પીધા પછી જળના સમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઇચ્છે છે? કોઈ નહી. ૧૧

યૈઃ શાંતરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં
નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત ।
તાવંત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં
યત્તે સમાનમપરં ન હિ રૂપમસ્તિ ॥ ૧૨ ॥

ભાવાર્થઃ—હે ત્રણ ભુવનને વિષે એક જ માત્ર આભૂષણરૂપ! જે શાંતરાગની છાયાના પરમાણુંઓ વડે આપ નિર્માએલા છો, તે પરમાણુંઓ પૃથ્વીને વિષે તેટલાં જ હોવાથી, તમારા સમાન બીજાનું રૂપ જ નથી! ૧૨

વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ
નિઃશેષનિર્જિતજગત્ત્રિતયોપમાનમ્ ।
બિંબં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય
યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્ ॥ ૧૩ ॥

ભાવાર્થઃ—દેવતાઓ, મનુષ્યો અને નાગ પ્રમુખના નેત્રોનું હરણ કરનાર એવું; અને ત્રણે જગતને વિષે રહેલાં ચંદ્ર, કમળ આદિક ઉપમાનને જીતનારૂં એવું તમારૂં મુખ ક્યાં? અને દિવસને વિષે ખાખરાના પાનના જેવું ફીકું પડી જનારૂં એવું; તેમજ વળી કલંકવાળું, એવું ચંદ્રમાનું બિંબ; તે ક્યાં? ૧૩

સંપૂર્ણમંડલશશાંકકલાકલાપ-
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ।
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વરનાથમેકં
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥ ૧૪ ॥

ભાવાર્થઃ—સંપૂર્ણ ચંદ્રની કાન્તિ જેવા તમારા ઉજ્જવળ ગુણો, ત્રણે જગત્ને ઉલ્લંઘન કરીને વ્યાપી રહ્યા છે; કેમકે ત્રણે જગત્ના આપ એક-

લાજ સ્વામી છો, તેથી તમારો આશ્રય કરીને રહેલા તે ગુણોને, ઇચ્છા પ્રમાણે વર્તતાં કોણ અટકાવી શકે એમ છે? ૧૪

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ-
નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્ ।
કલ્પાંતકાલમરુતા ચલિતાચલેન
કિં મંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ॥ ૧૫ ॥

ભાવાર્થ:-હે પ્રભુ! દેવાંગનાઓ તમારા મનમાં કિંચિત્ માત્ર પણ વિકાર (કામવિકાર) લાવી શકી નહિ, તેમાં શું આશ્ચર્ય છે? કેમકે સંહાર-કાળના પવનથી તમામ પર્વતો ડોલે છે, તોપણ મેરૂ પર્વતનું શિખર કદાપી ડોલે છે શું? (નહીંજ) ૧૫

નિર્ધૂમવર્તિરપવર્જિતતૈલપૂરઃ
કૃત્સ્નં જગત્રયમિદં પ્રકટીકરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં
દીપોઽપરસ્ત્વમસિ નાથ જગત્પ્રકાશઃ ॥ ૧૬ ॥

ભાવાર્થ—હે નાથ! જેની અંદરથી ધૂમાડો નિકળતો નથી, જેને દીવેટની જરૂર નથી, અને તેલની પણ જરૂર નથી, જે આ સમગ્ર ત્રણે જગતને પ્રકાશીત કરે છે, અને પર્વતોને પણ ડોલાવી નાખે એવો પવન પણ જેની પાસે જઈ શકતો નથી; એવા વિલક્ષણ દીપ રૂપે આ જગતને વિષે તું પ્રકાશે છે. ૧૬

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।
નાંભોધરોદરનિરુદ્ધમહાપ્રભાવઃ
સૂર્યાતિશાયિ મહિમાસિ મુનીંદ્ર લોકે ॥ ૧૭ ॥

ભાવાર્થ—હે મુનીંદ્ર! જગતને વિષે તમે સૂર્યના કરતાં પણ વધારે મહિમાવાન છો! (સૂર્યની પેઠે) રાહુ તમને ઘેરી શકતો નથી, તમે કદી પણ અસ્ત પામતા નથી, મેઘ તમારા પ્રભાવનો અવરોધ કરી શકતો નથી, અને એકી વખતે તમે ત્રણે જગતને પ્રકાશીત કરો છો (તેથી સૂર્યના કરતા પણ તમે અધિક મહિમાવાન છો એ સ્પષ્ટ જ છે). ૧૭

નિત્યોદયં દલિતમોહમહાંધકારં
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ।

વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ
વિદ્યોતયજ્જગદપૂર્વશશાંકબિંબમ્ ।। ૧૮ ।।

ભાવાર્થ– જેનો ઉદય હંમેશાં છે, જેણે મોહરૂપી અંધકારનો નાશ કરેલો છે, જેનો રાહુથી ગ્રાસ થઈ શકતો નથી, જેને મેઘ પણ ઘેરી શકતો નથી, તેમજ જેની કાંતિ કદી પણ ઓછી થતી નથી; એવું તમારું મુખ-કમળ જગતને વિષે અપૂર્વ ચંદ્રબિંબની પેઠે શોભી રહે છે. ૧૮

કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા
યુષ્મન્મુખેંદુદલિતેષુ તમસ્સુ નાથ ।
નિષ્પન્નશાલિવનશાલિની જીવલોકે
કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈઃ ।। ૧૯ ।।

ભાવાર્થ:–હે નાથ! તમારા મુખરૂપી ચંદ્રમાથી જ્યારે અંધકારનો નાશ થાય છે, ત્યારે પછી રાત્રિને વિષે ઉગતા ચંદ્રમાનું શું કામ છે? તેમજ દિવસે ઉદય પામતા સૂર્યનું પણ શું કામ છે? કેમકે શોભાયમાન ડાંગરનું ધાન્ય પાકી ચૂકયા પછી, આકાશમાં ચઢી આવેલા વર્ષાદનું શું પ્રયોજન રહે છે? (ભાવાર્થ કે તે જેમ નિરર્થક છે તેમજ સૂર્યચંદ્ર પણ તમારા મુખના પ્રકાશ આગળ નિરર્થકજ છે!) ૧૯

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્વં
નૈવં તુ કાચશકલે કિરણાકુલેઽપિ ।। ૨૦ ।।

ભાવાર્થ—હે પ્રભુ! તમારા વિષે જ્ઞાન જેવી રીતે યથાવકાશથી શોભી રહે છે, તેવું હરિ, હર ઇત્યાદિક દેવોને વિષે શોભતું નથી જ. કેમકે પ્રકાશમાન રત્નોના સમૂહને વિષે જેવું તેજનું પ્રાબલ્ય ભાસે છે, તેવું કાચના ચળકતા કકડાને વિષે પણ જણાતું નથી જ. ૨૦

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ
કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેઽપિ ।। ૨૧ ।।

ભાવાર્થ– હે સ્વામી! હરિ, હર ઇત્યાદિ દેવો (મારી) દૃષ્ટિએ પડયા તે સારૂંજ થયું છે. કેમકે તેમને દીઠાથી મારૂં હૃદય તમારે વિષે જ

(તે સર્વેને દીઠાથી અને તે સર્વેથી તમે શ્રેષ્ઠ છો એમ જાણ્યાથી) સંતોષ પામે છે. આ લોકમાં તમને જોવાથી શું થયું છે? (તો એટલું જ કહેવાનું છે કે) ભવાન્તરને વિષે પણ અન્ય કોઈ દેવ મારૂં મન હરણ કરી શકનાર નથી. ૨૧

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ।
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ ।। ૨૨ ।।

ભાવાર્થ—જેમ તારાઓના સમૂહોને સર્વ દિશાઓ ધારણ કરે છે, પણ તેજસ્વી સૂર્યને તો માત્ર પૂર્વદિશા જ જન્મ આપે છે; તેમજ સેંકડો સ્ત્રીઓ ઘણાએ પુત્રોને જન્મ આપે છે, છતાં તમારા સમાન પુત્રને તો બીજી કોઇ જનેતા (સ્ત્રી) ઉત્પન્ન કરતી જ નથી! ૨૨

ત્વામામનંતિ મુનયઃ પરમં પુમાંસ
માદિત્યવર્ણમમલં તમસઃ પુરસ્તાત્ ।
ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીંદ્ર પંથાઃ ।। ૨૩ ।।

ભાવાર્થ—હે મુનીંદ્ર! તમને મુનિયો પરમ પુરૂષ માને છે, અને તમે અંધકાર આગળ નિર્મળ સૂર્ય જેવા છો; વળી તમને રૂડે પ્રકારે પામવાથી (જાણવાથી) મૃત્યુને પણ જીતી શકાય છે. અને (એ કારણથી) તમારા સિવાય બીજો (કોઈપણ) મોક્ષ (મુક્તિ) પામવાનો કલ્યાણકારક માર્ગ નથી જ! ૨૩

ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં
બ્રહ્માણમીશ્વરમનંતમનંગકેતુમ ।
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં
જ્ઞાનસ્વરુપમમલં પ્રવદંતિ સંતઃ ૨૪ ।।

ભાવાર્થ—હે પ્રભુ! તમને અવ્યય, વિભુ, અચિંત્ય, અસંખ્ય, આદ્ય, બ્રહ્મા, ઈશ્વર, અનંત, અનંગ-કેતુ, યોગેશ્વર, યોગને જાણનાર, અનેક, અને એક, એવી રીતે સત્પુરૂષો અનેક વિશેષણોથી જ્ઞાનના સાક્ષાત્ સ્વરૂપ રૂપે, અને વળી નિર્મળ પણ કહે છે! ૨૪

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિબોધાત્
ત્વં શંકરોસિ ભુવનત્રયશંકરત્વાત્ ।

ધાતાસિ ધીર શિવમાર્ગવિધેર્વિધાનાત્
વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોઽસિ ॥ ૨૫ ॥

ભાવાર્થ—હે વિબુધાર્ચિત! તમે બુદ્ધિનો બોધ કરો છો તેથી બુદ્ધ જ છો. તમે ત્રણે જગતનું કલ્યાણ કરનાર છો તેથી શંકર રૂપ જ છો, અને કલ્યાણકારક માર્ગના વિધિને ધારણ કરનાર-જાણનારા છો તેથી તમેજ ધાતા છો. અને હે ભગવન્! તમે જ સ્પષ્ટ પુરુષોત્તમ એટલે નારાયણ રૂપ છો! ૨૫

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય ॥ ૨૬ ॥

ભાવાર્થ—હે નાથ! ત્રણે જગત્ની પીડાને હરણ કરનાર આપને મારા નમસ્કાર હો! પૃથ્વીના તળ ઉપર અમલ-નિર્મળ ભૂષણ રૂપ આપને મારા નમસ્કાર હો! વળી ત્રૈલોકના પરમેશ્વર એવા આપને મારા નમસ્કાર હો! હે જિન! આ સંસારરૂપ સાગરને શોષણ કરનાર-નહીં સરખો કરી દેનાર-આપને મારા નમસ્કાર હો! ૨૬

કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ-
સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ।
દોષૈરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ
સ્વપ્નાંતરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ ॥ ૨૭ ॥

ભાવાર્થ—હે મુનીંદ્ર! તમામ ગુણો જ તમારામાં પરિપૂર્ણ રીતે આશ્રય કરીને રહેલા છે, તેમાં શું આશ્ચર્ય છે! કેમકે અનેક સ્થળે આશ્રય મળવાથી જેમને ગર્વ ઉત્પન્ન થએલો છે, એવા દોષોએ તો તમને સ્વપ્નાંતરે-સ્વપ્નમાં-પણ જોયેલા જ નથી! (ભાવાર્થ કે તમારામાં ગુણ સિવાય દોષ બીલકુલ છે જ નહીં.) ૨૭

ઉચ્ચૈરશોકતરુસંશ્રિતમુન્મયૂખ-
માભાતિ રૂપમમલં ભવતો નિતાંતમ ।
સ્પષ્ટોલ્લસત્ કિરણમસ્તતમોવિતાનં
બિંબં રવેરિવ પયોધરપાર્શ્વવર્તિ ॥ ૨૮ ॥

ભાવાર્થ—હે જિનેશ્વર જેમ મેઘના સમીપમાં રહીને, અંધકારનો નાશ કરીને, અને સ્પષ્ટ ઉંચા કિરણો પ્રસારીને, સૂર્ય શોભી રહે છે; તેમજ

અશોકવૃક્ષની નીચે રહેલું આપનું સ્વરૂપ (પાપરૂપી અંધકારનો નાશ કરીને અને) ઉંચા કિરણ પ્રસારીને, અત્યંત નિર્મળ, શોભી રહે છે. ૨૮

સિંહાસને મણિમયુખશિખાવિચિત્રે
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।
બિંબં વિયદ્વિલસદંશુલતાવિતાનં
તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ ।। ૨૯ ।।

ભાવાર્થ—જેવી રીતે ઉંચા ઉદયાચળ પર્વતના ઉપર, આકાશને વિષે પ્રકાશમાન કિરણો રૂપી લતાઓના સમૂહવડે, સૂર્યનું બિંબ શોભે છે; તેવીજ રીતે હે જિનેંદ્ર ! મણિયોના કિરણોની પંક્તિઓવડે કરીને, વિચિત્ર દેખાતા સિંહાસનને વિષે, સુવર્ણ જેવું મનોહર આપનું શરીર, અત્યંત શોભે છે. ૨૯

કુંદાવદાતચલચામરચારુશોભં
વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાંતમ્
ઉદ્યચ્છશાંકશુચિનિર્ઝરવારિધાર-
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌંભમ્ ।। ૩૦ ।।

ભાવાર્થ—જેમ ઉદય પામેલા ચંદ્રમાના જેવી, નિર્મળ પાણીનાં ઝરણની ધારાઓ વડે, મેરૂપર્વતનું સુવર્ણમય ઉંચુ શિખર શોભી રહે છે; તેમ મોગરાની પુષ્પ જેવા ધોળા વીંજાતા (ફરતા) ચામરો વડે, સોનાના જેવું મનોહર આપનું શરીર શોભી રહે છે. ૩૦

છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત-
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકરપ્રતાપમ્ ।
મુક્તાફલપ્રકરજાલવિવૃદ્ધશોભં
પ્રખ્યાપયત્ ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ।। ૩૧

ભાવાર્થ—હે ભગવન્ (તારા સહિત) ચંદ્રના જેવાં મનોહર, સૂર્યના કિરણના તાપનું નિવારણ કરનાર, અને મોતીઓના સમૂહની રચનાથી શોભાયમાન, એવાં તમારાં ઉપર રહેલાં તમારાં ત્રણ છત્રો શોભી રહ્યાં છે; તે જાણે તમારૂં ત્રણે જગતનું અધિપતિપણું જ જાહેર કરતાં હોય નહીં શું ! તેમ શોભે છે. ૩૧

ગંભીરતારરવપૂરિતદિગ્વિભાગ-
ત્રૈલોક્યલોકશુભસંગમભૂતિદક્ષઃ ।
સદ્ધર્મરાજજયઘોષણઘોષકઃ સન્
ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાદી ।। ૩૨ ।।

ભાવાર્થ—ઉંચા અને ગંભીર શબ્દ વડે જેણે દિશાઓના વિભાગો પૂરી દીધા છે. ત્રણે જગતના લોકોને શુભ સમાગમની સંપત્તિ આપવામાં જે કુશળ છે, અને સત્યધર્મના રાજાના જયના શબ્દને જે જાહેર કરે છે, એવો તમારો જે દુંદુભિ તે આકાશને વિષે ગર્જના કરી રહ્યો છે! ૩૨

મંદારસુંદરનમેરૂસુપારિજાત-
સંતાનકાદિકુસુમોત્કરવૃષ્ટિરુદ્ધા ।
ગંધોદબિંદુશુભમંદમરુત્પ્રપાતા
દિવ્યા દિવઃપતતિ તે વચસાં તતિર્વા ॥ ૩૩ ॥

ભાવાર્થ—મંદાર, સુંદર નમેરૂ, પારિજાત, અને સંતાનક ઇત્યાદી વૃક્ષોના ફૂલોની જે દિવ્ય વૃષ્ટિ, સુગંધીદાર પાણીના બિંદુઓ વડે શીતળ અને મંદવાયુએ પ્રેરાએલી, સ્વર્ગમાંથી ઘણી જ પડે છે; તે જાણે તમારા ભાષણની દીવ્યમાળા જ પડતી હોય નહી શું! ૩૩

શુંભત્પ્રભાવલયભૂરિવિભા વિભોસ્તે
લોકત્રયદ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તી ।
પ્રોદ્યદ્દિવાકરનિરંતરભૂરિસંખ્યા
દીપ્ત્યા જયત્યપિ નિશામપિસોમસૌમ્યા ॥ ૩૪ ॥

ભાવાર્થ—હે વિભુ! શોભાયમાન છે પ્રભામંડળ જેનું, એવી ઘણીજ તેજસ્વી તમારી કાન્તિ; ત્રણે જગતના તેજસ્વી પદાર્થોના તેજને ઝાંખુ પાડે છે-જીતે છે-આક્ષેપ કરે છે. તે તમારી કાન્તિ, અસંખ્ય સૂર્યના સરખી તેજસ્વી હોવા છતાં ચંદ્રના જેવી શીતળ પ્રભાથી રાત્રિને પણ જીતે છે! ૩૪

સ્વર્ગાપવર્ગગમમાર્ગવિમાર્ગણેષ્ટ-
સદ્ધર્મતત્વકથનૈકપટુસ્ત્રિલોક્યાઃ ।
દિવ્યધ્વનિર્ભવતિ તે વિશદાર્થસર્વ-
ભાષાસ્વભાવપરિણામગુણૈઃ પ્રયોજ્યઃ ॥ ૩૫ ॥

ભાવાર્થ—સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઇષ્ટ તેમજ ત્રણે લોકને વિષે સત્યધર્મનું તત્વ કહેવામાં જે એકજ માત્ર નિપુણ છે, એવો તમારો જે દિવ્યધ્વનિ તે નિર્મળ અર્થવાળો હોવાથી સર્વ ભાષાના સ્વભાવના ગુણને પામીને (સર્વત્ર) થાય છે. ૩૫

ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાંતી
પર્યુલ્લસન્નખમયૂખશિખાભિરામૌ ।

પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર ધત્તઃ
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ ।। ૩૬ ।।

ભાવાર્થ—હે જિનેંદ્ર! સુવર્ણનાં નવાં ખીલેલાં કમળોના સમૂહની કાંતિ જેવા પ્રસરી રહેલા નખોનાં કિરણોની પંક્તિ વડે જે સુંદર દેખાય છે, એવા તમારા પગો પૃથ્વી ઉપર જ્યાં જ્યાં ડગલાં ભરે છે, (તમે જ્યાં જ્યાં વિચારો છો) તે તે ઠેકાણે દેવતાઓ કમળની કલ્પના-રચના-કરે છે. ૩૬

ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેંદ્ર
ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય ।
યાદૃક્પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા
તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાસિનોઽપિ ।। ૩૭ ।।

ભાવાર્થ—હે જિનેંદ્ર! એ પ્રકારની (પાછળ જણાવેલા આઠ પ્રાતિહાર્યની) તમને જે જે સંપત્તિયો ધર્મનો ઉપદેશ કરતી વખતે (સમવસરણમાં) થઈ, તે પ્રમાણે અન્યને (હરિહરાદિક પરધર્મના દેવોને કદી પણ) થઈ નથી. (તે યોગ્યજ છે) કેમકે અંધકારનો સમૂળ નાશ કરનાર સૂર્યની જેવી પ્રભા છે, તેવી પ્રકાશ પામેલા ગ્રહોની પણ કયાંથી જ હોય? ૩૭

શ્ચ્યોતન્મદાવિલવિલોલકપોલમૂલ
મત્તભ્રમદ્ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્ ।
ઐરાવતાભમિભમુદ્ધતમાપતંતં
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ।। ૩૮ ।।

ભાવાર્થ—જેનું ગંડસ્થળ ઝરતા મદવડે કરીને ખરડાએલું છે, વળી જે માથું ધુણાવ્યા કરે છે, અને તેની આજુબાજુ ભમતા ઉન્મત્ત ભમરાઓના ગુંજારવ વડે, જેનો ક્રોપ વૃદ્ધિને પામેલો છે, વળી જે ઉદ્ધત ઐરાવત જેવો છે, એવો હાથી પણ જો (કદાચ) સામો આવે, તો પણ તેને દેખીને તમારો જે આશ્રિત હોય છે તેને ભય ઉપજતો નથી. ૩૮

ભિન્નેભકુંભગલદુજ્જ્વલશોણિતાક્ત
મુક્તાફલપ્રકરભૂષિતભૂમિભાગઃ ।
બદ્ધક્રમઃક્રમગતં હરિણાધિપોઽપિ
નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે ।। ૩૯ ।।

ભાવાર્થ—જેણે હાથીઓનાં કુંભસ્થળ છેદીને, તેમાંથી ગળતાં ઉજ્જ્વળ અને લોહીથી ખરડાએલાં મોતી વડે પૃથ્વી શોભાવી છે; એવા બળવાન દોડતા સિંહની દોટમાં જે માણસ આવી પડયો હોય, તે પણ જો તમારા

ચરણ રૂપી પર્વતનો આશ્રય લે તો તેને તેવો સિંહ પણ (મારી શકતો નથી.) આક્રમણ કરી શકતો નથી-પંજામાં લઈ શકતો નથી. ૩૯

કલ્પાંતકાલપવનોદ્ધતવન્હિકલ્પં
દાવાનલં જ્વલિતમુજ્જ્વલમુત્સ્ફુલિંગમ્ ।
વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતંતં
ત્વન્નામકીર્તનજલં શમયત્યશેષમ્ ॥ ૪૦ ॥

ભાવાર્થ—જે, પ્રલયકાળના પવનથી ઉદ્ધત થયેલા અગ્નિ જેવો, જેની અંદરથી ઘણા ઓઢા (તનખા) ઉડે છે એવો, અને ઘણાજ પ્રકાશવાળો એવો દાવાનળ-વનનો-અગ્નિ-જાણે જગતને બાળી નાખવાની જ ઇચ્છા કરતો હોય નહિ! તેમ જોરમાં સળગતો સળગતો સન્મુખ આવે; તો તેને પણ તમારા નામનું કીર્તન રૂપી-તમારૂં સ્તવન રૂપી-જળ અશેષ સમાવી દે છે-સમગ્ર બુજાવી નાખે છે. ૪૦

રક્તેક્ષણં સમદકોકિલકંઠનીલં
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતંતમ્ ।
આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક-
સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥ ૪૧ ॥

ભાવાર્થ—લાલચોળ આંખોવાળો, મદોન્મત્ત કોયલના કંઠ (ગળું) જેવો કાળો, અને ક્રોધે કરીને ઉદ્ધત, (છંછેડાયેલો) એવો સર્પ ઉંચી ફેણ કરીને સામો ધસી આવતો હોય તેને પણ, જે માણસની પાસે તમારા નામરૂપી નાગ-દમની (સર્પનું દમન કરનાર ઔષધી) હોય છે, તે માણસ નિઃશંકપણે ઓળંગી જાય છે! [ભાવાર્થ કે એવો સાપ પણ તમારા ભક્તને કરડી શકતો નથી. ૪૧

વલ્ગત્તુરંગગજગર્જિતભીમનાદ-
માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।
ઉદ્યદ્દિવાકરમયૂખશિખાપવિદ્ધં
ત્વત્કીર્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ ॥ ૪૨ ॥

ભાવાર્થ—જેની અંદર ઘોડાઓ કૂદી રહ્યા છે, અને હાથીઓની ગર્જનાના ભયાનક શબ્દો થઈ રહ્યા છે, એવા રણને વિષે રહેલા બળવાન ભૂપતિના સૈન્યને પણ, જેમ ઉદય પામેલા સૂર્યનાં કિરણોની શિખાઓ વડે, અંધકારનો નાશ કરી શકાય છે, તેમજ તમારા કીર્તનથી ભેદી શકાય છે! (ભાવાર્થ કે તમારી ભક્તિથી એવું સૈન્ય પણ જીતી શકાય છે.) ૪૨

કુંતાગ્રભિન્નગજશોણિતવારિવાહ-
વેગાવતારતરણાતુરયોધભીમે ।
યુદ્ધે જયં વિજિતદુર્જયજેયપક્ષા-
સ્ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભંતે ॥ ૪૩ ॥

ભાવાર્થ—ભાલાઓની અણીઓ વડે છેદાઈ ગયેલા હાથીઓના રુધિરનો પ્રવાહ જ્યાં આગળ વહે છે, અને જ્યાં તે પ્રવાહની અંદર યોદ્ધાઓ તરવામાં આતુર થઈ ગયેલા છે, એવા ભયાનક યુદ્ધને વિષે; જેને તમારા ચરણ કમળ રૂપી વનનો આશ્રય હોય છે, તેઓ અજીત શત્રુઓને પણ જીતી શકે છે. ૪૩

અંભોનિધૌ ક્ષુભિતભીષણનક્રચક્ર-
પાઠીનપીઠભયદોલ્વણવાડવાગ્નૌ ।
રંગત્તરંગશિખરસ્થિતયાનપાત્રા-
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્વ્રજન્તિ ॥ ૪૪ ॥

ભાવાર્થ—ભયંકર મગરમચ્છ આદિ-નક્રચક્ર જળચર જંતુઓ જેની અંદર ઉછળી રહ્યા છે, અને ભયાનક વાડવાગ્નિ જેની અંદર અતિક્ષય પ્રજ્વલિત થઈ રહ્યો છે તથા મોટા મોટા મોજાંઓ જેની અંદર ઉછળી રહ્યાં છે, એવા તોફાની સમુદ્રની અંદર જે વહાણો (વહાણની અંદરના મનુષ્યો) આવી પડેલા હોય છે, તે પણ તમારા સ્મરણથી નિર્ભયપણે જઈ શકે છે! (સમુદ્રમાં જોખમમાંથી સિવાય રહી શકે છે.) ૪૪

ઉદ્ભુત ભીષણજલોદરભારભુગ્નાઃ
શોચ્યાંદશામુપગતાશ્ચ્યુતજીવિતાશાઃ
ત્વત્પાદપંકજરજોઽમૃતદિગ્ધદેહા:
મર્ત્યા ભવંતિ મકરધ્વજતુલ્યરૂપાઃ ॥ ૪૫ ॥

ભાવાર્થ—ભયંકર જલોદર રોગના ભારથી નમી ગયેલા, અને તેથી કરીને જેમણે જીવતરની આશા છોડી દીધી છે, એવી મહા દુઃખદ અવસ્થાને જેઓ પામેલા હોય છે; તેઓ પણ તમારા ચરણ કમળની રજ-રૂપી અમૃતનું જો પોતાના શરીરને લેપન કરે તો [રોગથી રહીત થઈને] કામદેવ જેવા સુંદર શરીરવાળા થાય છે! ૪૫

આપાદ કંઠમુરુશૃંખલવેષ્ટિતાંગાઃ
ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘાઃ ॥

ત્વન્નામમંત્રમનિશં મનુજાઃ સ્મરંતઃ
સદ્યઃ સ્વયં વિગતબંધભયા ભવંતિ ।। ૪૬ ।।

ભાવાર્થ—પગથી તે ગળાસુધી જડેલી બેડીઓવડે જેના અંગ વિટાઈ ગયાં છે, અને–તે મોટી બેડીઓના ગાઢ બંધનથી–તેની કોટીઓની ઝીણી અણીઓવડે જેમની જાંઘો ઘસાયા કરે છે, તે માણસો પણ જો તમારા નામનું નિરંતર સ્મરણ કરે છે, તો ઉતાવળા પોતાની મેળે જ બંધનના ભયથી મુક્ત થઈ જાય છે. (કેદમાંથી છૂટે છે.) ૪૬

મત્તદ્વિપેંદ્રમૃગરાજદવાનલાહિ-
સંગ્રામવારિધિમહોદરબંધનોત્થમ્ ।
તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ
યસ્તાવકં સ્તવમીમં મતિમાનધીતે ।। ૪૭ ।।

ભાવાર્થ—જે બુદ્ધિમાન માણસ તમારું આ સ્તવન [આ ભક્તામર સ્તોત્ર] ભણે છે,–પાઠ કરે છે–તેના; મદોન્મત્ત હાથીથી, સિંહથી, દાવાનળ અગ્નિથી, યુદ્ધથી, સમુદ્રથી અને જળોદર તથા બંધન; (પાછલાં કાવ્યોમાં જણાવેલાં) એ સર્વેથી ઉત્પન્ન થએલો ભય; ભયથી જ જેમ નાશ પામતો હોય તેમ (આ સ્તોત્રના પાઠથી) ઝટ નાશ પામે છે! ૪૭


સ્તોત્રસ્રજં તવ જિનેંદ્ર ગુણૈર્નિબદ્ધાં
ભક્ત્યા મયા વિવિધવર્ણવિચિત્રપુષ્પામ્ ।।
ધત્તે જનો ય ઇહ કંઠગતામજસ્રં
તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ।। ૪૮ ।।

ભાવાર્થ—હે જિનેંદ્ર! આ સ્તોત્રરૂપી માળા મેં તમારા ગુણરૂપી દોરાવડે, વિચિત્ર અક્ષરરૂપી રંગવાળાં પુષ્પોથકી ભક્તિવડે ગુંથેલી છે; તેને જે માણસ હમેશાં પોતાના કંઠને વિષે ધારણ કરશે, તે સન્માનથકી ઉંચા થયેલા એવા (હોઈને), સ્વતંત્ર લક્ષ્મીને પામશે. ૪૮

[ઇતિ ભક્તામર સ્તોત્ર સંપૂર્ણ.]

卐

અથ શ્રી કલ્યાણમંદિર સ્તોત્રં



[વસંતતિલકાવૃત્તમ્]

કલ્યાણમંદિરમુદારમવદ્યભેદિ,
ભીતાભયપ્રદમનિંદિતમંઘ્રિપદ્મમ;
સંસારસાગરનિમજ્જદશેષજંતુ,
પોતાયમાનમભિનમ્ય જિનેશ્વરસ્ય. ૧

યસ્ય સ્વયં સુરગુરૂર્ગરિમાંબુરાશેઃ,
સ્તોત્રં સુવિસ્તૃતમતિર્ન વિભુર્વિધાતુમ;
તીર્થેશ્વરસ્ય કમઠસ્મયધૂમકેતો,
સ્તસ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે. ૨

સામાન્યતોઽપિ તવ વર્ણયિતું સ્વરૂપ-
મસ્માદૃશાઃ કથમધીશ ભવત્યધીશાઃ
ધૃષ્ટાપિ કૌશિકશિશુર્દિવા દિવાંધો,
રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મેઃ ૩

મોહક્ષયાદનુભવન્નપિ નાથ મર્ત્યો,
નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત;
કલ્પાંતવાંતપયસઃ પ્રકટોઽપિ યસ્માન્
મીયેત કેન જલધેર્નનુ રત્નરાશિઃ ૪

અભ્યુદ્યતોઽસ્મિ તવ નાથ જડાશયોઽપિ,
કર્તું સ્તવં લસદસંખ્યગુણાકરસ્ય;
બાલોઽપિ કિં ન નિજબાહુયુગં વિતત્ય,
વિસ્તીર્ણતાં કથયતિસ્વધિયાંબુરાશેઃ ૫

યે યોગિનામપિ ન યાંતિ ગુણાસ્તવેશ,
વક્તું કથં ભવતિ તેષુ મમાવકાશઃ
જાતા તદેવમસમીક્ષિતકારિતેયં,
જલ્પંતિ વા નિજગિરા નનુપક્ષિણોઽપિ. ૬

આસ્તામચિંત્યમહિમા જિનસંસ્તવસ્તે,
નામાપિ પાતિ ભવતી ભવતો જગંતિ;
તીવ્રાતપોપહતપાંથજનાન્નિદાઘે,
પ્રીણાતિ પદ્મસરસઃ સરસોઽનિલોઽપિ. ૭

હૃદ્વર્તિનિત્વયિ વિભો શિથિલીભવંતિ,
જંતોઃક્ષણેન નિબિડા અપિ કર્મબંધાઃ
સદ્યો ભુજંગમમયા ઇવ મધ્યભાગ,
મભ્યાગતે વનશિખંડિનિ ચંદનસ્ય. ૮

મુચ્યંત એવ મનુજાઃ સહસા જિનેંદ્ર,
રૌદ્રૈરુપદ્રવશતૈસ્ત્વયિ વીક્ષિતેપિ;
ગોસ્વામિનિ સ્ફુરિતતેજસિ દૃષ્ટમાત્રે,
ચૌરૈરિવાશુ પશવઃ પ્રપલાયમાનૈઃ ૯

ત્વં તારકો જિન ! કથં ભવિનાં ત એવ,
ત્વામુદ્વહંતિ હૃદયેન યદુત્તરંતઃ;
યદ્વા દૃતિસ્તરતિ યજ્જલમેષનૂન,
મંતર્ગતસ્ય મરુતઃ સ કિલાનુભાવઃ ૧૦

યસ્મિન્ હરપ્રભૃતયોઽપિ હતપ્રભાવાઃ
સોઽપિ ત્વયા રતિપતિઃ ક્ષપિતઃ ક્ષણેન;
વિધ્યાપિતા હુતભુજઃ પયસાથ યેન,
પીતં ન કિં તદપિ દુર્ધરવાડવેન. ૧૧

સ્વામિન્નનલ્પગરિમાણમપિ પ્રપન્ના,
સ્ત્વાં જંતવઃ કથમહો હૃદયે દધાનાઃ
જન્મોદધિં લઘુ તરંત્યતિલાઘવેન,
ચિંત્યો ન હંત મહતાં યદિ વા પ્રભાવઃ ૧૨

ક્રોધસ્ત્વયા યદિ વિભો પ્રથમં નિરસ્તો,
ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મ ચૌરાઃ
પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાપિ લોકે,
નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની. ૧૩

ત્વાં યોગિનો જિન સદા પરમાત્મરૂપ,
મન્વેષયંતિ, હૃદયાંબુજકોશદેશે;
પૂતસ્ય નિર્મલરુચેર્યદિવાકિમન્ય,
દક્ષસ્ય સંભવિ પદં નનુ કર્ણિકાયા: ૧૪

ધ્યાનાજ્જિનેશ ભવતો ભવિન: ક્ષણેન,
દેહં વિહાય પરમાત્મદશાં વ્રજંતિ;
તીવ્રાનલાદુપલભાવમપાસ્ય લોકે,
ચામીકરત્વમચિરાદિવ ધાતુભેદા: ૧૫

અંત: સદૈવ જિન યસ્ય વિભાવ્યસે ત્વં,
ભવ્યૈ: કથં તદપિ નાશયસે શરીરમ્;
એતત્સ્વરૂપમથ મધ્યવિવર્ત્તિનો હિ,
યદ્વિગ્રહં પ્રશમયંતિ મહાનુભાવા: ૧૬

આત્મા મનીષિભિરયં ત્વદભેદબુદ્ધ્યા,
ધ્યાતો જિનેંદ્ર ભવતીહ ભવત્પ્રભાવ:
પાનીયમપ્યમૃતમિત્યનુ ચિંત્યમાનં,
કિં નામ નો વિષવિકારમપાકરોતિ. ૧૭

ત્વામેવવીતતમસં પરવાદિનોપિ,
નૂનં વિભો ! હરિહરાદિધિયા પ્રપન્ના:
કિં કાચકામલિભિરીશ સિતોપિ શંખો,
નો ગૃહ્યતે વિવિધવર્ણવિપર્યયેણ. ૧૮

ધર્મોપદેશસમયે સવિધાનુભાવા,
દાસ્તાં જનો ભવતિ તે તરુરપ્યશોક:
અભ્યુદ્ગતે દિનપતૌ સમહીરુહોપિ,
કિં વા વિબોધમુપયાતિ ન જીવલોક: ૧૯

ચિત્રં વિભો કથમવાઙ્મુખવૃંતમેવ,
વિષ્વક્ પતત્યવિરલા સુરપુષ્પવૃષ્ટિ:
ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા મુનીશ,
ગચ્છન્તિ નૂનમધ એવ હિ બંધનાનિ. ૨૦

સ્થાને ગભીરહૃદયોદધિસંભવાયા:
પીયૂષતાં તવ ગિર: સમુદીરયંતિ,
પીત્વા યત: પરમસંમદસંગભાજો;
ભવ્યા વ્રજંતિ તરસાપ્યજરામરત્વમ્. ૨૧

સ્વામિન્ ! સુદૂરમવનમ્ય સમુત્પતંતો;
મન્યે વદંતિ શુચય: સુરચામરૌઘા:
યેઽસ્મૈ નતિં વિદધતે મુનિપુંગવાય;
તે નુનમૂર્ધ્વગતય: ખલુ શુદ્ધભાવા: ૨૨

શ્યામં ગભીરગિરમુજ્જ્વલહેમરત્ન,
સિંહાસનસ્થમિહ ભવ્યશિખંડિનસ્ત્વામ્;
આલોકયંતિ રભસેન નદંતમુચ્ચૈ,
શ્ચામીકરાદ્રિશિરસીવ નવાંબુવાહમ્. ૨૩

ઉદ્ગચ્છતા તવ શિતિદ્યુતિમંડલેન,
લુપ્તચ્છદચ્છવિરશોકતરુર્બભૂવ;
સાન્નિધ્યતોઽપિ યદિ વા તવ વીતરાગ !
નિરાગતાં વ્રજતિ કો ન સચેતનોપિ. ૨૪

ભો ભો: પ્રમાદમવધૂય ભજધ્વમેન,
માગત્યાનિર્વૃતિપુરિં પ્રતિ સાર્થવાહમ્;
એતન્નિવેદયતિ દેવ જગત્ત્રયાય,
મન્યે નદન્નભિનભ: સુરદુંદુભિસ્તે. ૨૫

ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ,
તારાન્વિતો વિધુરયં વિહતાધિકાર:
મુક્તાકલાપકલિતોચ્ચ્રસિતાતપત્ર,
વ્યાજાત્ત્રિધા ધૃતતનુર્ધ્રુવમભ્યુપેત: ૨૬

સ્વેન પ્રપૂરિતજગત્ત્રયપિંડિતેન,
કાંતિપ્રતાપયશસામિવ સંચયેન;
માણિક્યહેમરજતપ્રવિનિર્મિતેન,
સાલત્રયેણ ભગવન્નભિતો વિભાસિ. ૨૭

દિવ્યસ્રજો જિન નમત્ત્રિદશાધિપાના,
મુત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબંધાન્;
પાદૌ શ્રયંતિ ભવતો યદિ વા પરત્ર,
ત્વત્સંગમે સુમનસો ન રમંત એવ. ૨૮

ત્વં નાથ જન્મજલધેર્વિપરાઙ્મુખોપિ,
યત્તારયસ્યસુમતો નિજપૃષ્ઠલગ્નાન્;
યુક્તં હિ પાર્થિવ નિપસ્ય સતસ્તવૈવ,
ચિત્રં વિભો યદસિ કર્મવિપાકશૂન્યઃ ૨૯

વિશ્વેશ્વરોઽપિ જનપાલક દુર્ગતસ્ત્વં,
કિં વાક્ષરપ્રકૃતિરપ્યલિપિસ્ત્વમીશ;
અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ,
જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વવિકાશહેતુ. ૩૦

પ્રાગ્ભારસંભૃતનભાંસિ રજાંસિ રોષા,
દુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ;
છાયાપિ તૈસ્તવ ન નાથ હતા હતાશો,
ગ્રસ્તસ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા. ૩૧

યદ્ગર્જદૂર્જિતઘનૌઘમદભ્રભીમં,
ભ્રશ્યત્તડિન્મુસલમાંસલઘોરધારમ્,
દૈત્યેન મુક્તમથ દુસ્તરવારિ દધ્રે;
તેનૈવ તસ્ય જિન દુસ્તરવારિકૃત્યમ્. ૩૨

ધ્વસ્તોર્ધ્વકેશવિકૃતાકૃતિમર્ત્યમુંડ,
પ્રાલંબભૂદ્ભયદવક્ત્રવિનિર્યદગ્નિઃ;
પ્રેતવ્રજઃ પ્રતિભવંતમપીરિતો યઃ
સોઽસ્યાઽભવત્પ્રતિભવો ભવદુઃખહેતુઃ ૩૩

ધન્યાસ્તએવ ભુવનાધિપ યે ત્રિસંધ્ય,
મારાધયંતિ વિધિવદ્વિધુતાન્યકૃત્યાઃ
ભક્ત્યોલ્લસત્પુલકપક્ષ્મલદેહદેશાઃ
પાદદ્વયં તવ વિભો ભુવિ જન્મભાજઃ ૩૪

અસ્મિન્નપારભવવારિનિધૌ મુનીશ,
મન્યે ન મે શ્રવણગોચરતાં ગતોઽસિ;
આકર્ણિતે તુ તવ ગોત્ર પવિત્રમંત્રે,
કિં વા વિપદ્વિષધરી સવિધં સમેતિ. ૩૫

જન્માંતરેપિ તવ પાદ યુગં ન દેવ,
મન્યે મયા મહિતમીહિતદાનદક્ષમ;
તેનેહ જન્મનિ મુનીશ પરાભવાનાં,
જાતો નિકેતનમહં મથિતાશયાનામ. ૩૬

નૂનં ન મોહ તિમિરાવૃતલોચનેન,
પૂર્વં વિભો સકૃદપિ પ્રવિલોકિતોઽસિ;
મર્માવિધો વિધુરયંતિ હિ મામનર્થા:
પ્રોદ્યત્પ્રબંધગતય: કથમન્યથૈતે. ૩૭

આકર્ણિતોઽપિ મહિતોઽપિ નિરીક્ષિતોઽપિ,
નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા;
જાતોઽસ્મિ તેન જનબાંધવ દુ:ખપાત્રં,
યસ્માત્ક્રિયા: પ્રતિફલંતિ ન ભાવશૂન્યા: ૩૮

ત્વં નાથ દુ:ખિજનવત્સલ હે શરણ્ય,
કારુણ્યપુણ્ય વસતે વશિનાં વરેણ્ય;
ભક્ત્યા નતે મયિ મહેશ દયાં વિધાય,
દુ:ખાંકુરોદ્દલનતત્પરતાં વિધેહિ. ૩૯

નિ:સંખ્યસારશરણું શરણું શરણ્ય,
માસાદ્ય સાદ્ધિતરિપુપ્રથિતાવદાતમ;
ત્વત્પાદપંકજમપિ પ્રણિધાનવંધ્યો,
વધ્યોઽસ્મિ ચેદ્ભુવનપાવન હા હતોઽસ્મિ. ૪૦

દેવેંદ્રવંદ્ય વિદિતાખિલવસ્તુસાર,
સંસારતારક વિભો ભુવનાધિનાથ;
ત્રાયસ્વ દેવ કરુણાહૃદ! માં પુનીહિ,
સિદ્ધંતમદ્ય ભયદવ્યસનાંબુરાશેઃ ૪૧

યદ્યસ્તિ નાથ ભવદંઘ્રિસરોરુહાણાં,
ભક્તેઃ ફલં કિમપિ સંતત સંચિતાયાઃ
તન્મે ત્વદેકશરણસ્ય શરણ્ય ભૂયાઃ
સ્વામીત્વમેવ ભુવનેઽત્ર ભવાંતરેઽપિ. ૪૨

ઇત્થં સમાહિતધિયો વિધિવજ્જિનેંદ્ર,
સાંદ્રોલ્લસત્પુલકકંચુકિતાંગભાગા;
ત્વદ્બિંબનિર્મલમુખાંબુજબદ્ધલક્ષ્યા,
યે સંસ્તવં તવ વિભો રચયંતિ ભવ્યાઃ ૪૩

(આર્યા છંદ)

જનનયનકુમુદચંદ્રપ્રભાસ્વરાઃ સ્વર્ગસંપદો ભુક્ત્વાઃ
તે વિગલિતમલનિચયા, અચિરાન્મોક્ષં પ્રપદ્યંતે. ૪૪

[ઇતિ કલ્યાણ મંદિર સ્તોત્ર સંપૂર્ણ.]

卐

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (પદ્યાનુવાદ)

[હરિગીત છંદ]

કલ્યાણનું મંદિર અને ઉદ્ધાર ઇચ્છીત આપવે,
દાતા અભય ભયભીતને સમર્થ દુરિત કાપવે;
સંસાર દરિયે ડુબતાને નાવરૂપે જે વળી,
નિર્દોષ પ્રભુના પદકમળને પ્રથમ હું પ્રેમે નમી. ૧

સાગર સમા જેના મહિમાની સ્તુતિ કરવા વિષે,
વિશાળ બુદ્ધિ સુરગુરૂ તે છેક શક્તિ હીણ દીશે;
વળી કમઠ કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,
તીર્થેશની સ્તુતિ કરીશજ તેમની હું તો ખરે. ૨

સામાન્ય રીતે પણ તમારા રૂપને વિસ્તારવા,
જિનરાજ શક્તિમાન દુર્લભ મૂઢ મુજ સમ છે થવા;
દિન અંધ ધીરજવાન બન્યું ઘુડનું જે તેહથી,
નહિં સૂર્ય કેરા રૂપને વર્ણવી શકાશે સ્નેહથી. ૩

અનુભવ કરે તુજ ગુણ તણો જન મોહના ટળવા થકી,
નહિં પાર પામે નાથ તે પણ આપ ગુણ ગણતાં કદી;
જ્યમ પ્રલયકાળવડે ખસેલા જળથકી સમુદ્રના,
ખુલ્લા થએલા રત્ન ઢગલા કો'થી માપી શકાય ના. ૪

દેદીપ્યમાન અસંખ્ય ગુણની ખાણ નાથ તમારી હું,
આરંભ તો કરવા સ્તુતિ પણ મંદ બુદ્ધિમાન છું;
શું બાળપણ કે'તું નથી લંબાવી બેઉ હાથને,
નિજ બુદ્ધિના અનુસારથી જ સમુદ્રના વિસ્તારને. ૫

હે ઇશ યોગી પણ તમારા ગુણ જે ન કહી શકે,
સામર્થ્ય મારૂં ક્યાંથી વર્ણન મુજથી તેનું થઈ શકે;
વિચાર વિણનું કાર્ય આ ગણાય મારૂં તેહથી,
પણ પક્ષી શું પોતા તણી ભાષા કહો વદતા નથી ! ૬

અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની હો જિનરે,
તુજ નામ પણ સંસારથી ત્રૈલોકનું રક્ષણ કરે;

જ્યમ ગ્રીષ્મ કેરા સખત તાપવડે મુસાફર જે દુઃખી,
તે થાય કમળ તળાવ કેરા શીતળ વાયુથી સુખી. ૭

હે સ્વામી આપ હૃદય વિષે આવો તદા પ્રાણી તણાં,
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન જાય તૂટી જગ તણાં;
વનમાં મયુરો મધ્યમાં જેવી રીતે આવ્યાં થકી,
ચંદન તણાં તરૂથીજ સર્પો સદ્ય છુટે છે નકી. ૮

દર્શન અહો જિનેન્દ્ર માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભય ભરેલાં, સહેજમાં ટળી જાય છે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણાં દીઠાં થકી,
પશુઓ મુકાયે સદ્ય જેવા નાસતા ચોરો થકી. ૯

તારક તમે જિનરાજ કેવી રીતથી સંસારીના,
તમને હૃદયમાં ધારી ઉલટા તારતા સંસારીયા
આશ્ચર્ય છે પણ ચર્મ કેરી મસકથી સાચું ઠરે;
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે. ૧૦

હરિ હર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણમાત્રમાં તે રતિ પતિને સ્હેજમાં આપે હણ્યો;
જે પાણી અગ્નિ અન્યને બુઝાવતું પળ વારમાં,
તે પાણીને વડવાનળે પીધું ન શું ક્ષણવારમાં! ૧૧

હે સ્વામી ! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો નિજ હૃદયમાં ધાર્યા થકી;
અતિ લઘુ પણે ભવરૂપ દરીયો સ્હેજમાં તરી જાય છે,
અથવા મહાન જનોતણો મહીમા અચિંત્ય ગણાય છે. ૧૨

હે પ્રભુ જ્યારે પ્રથમથી આપે હણ્યો' તો ક્રોધને,
આશ્ચર્ય ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને!
અથવા નહીં આ અવનીમાં શું દેખવામાં આવતું,
શીતળ પરૂ જે હીમ તે લીલાં વનોને બાળતું. ૧૩

હે જિન યોગી આપને પરમાત્મ રૂપેથી સદા,
નિજ હૃદય કમળે જ્ઞાનરૂપી ચક્ષુથી અવલોકતા,
પુનિત નિર્મળ કાંતિવાળા કમળનું બીજ સંભવે,
શું કમળ કેરી કર્ણિકાને મધ્ય વિણ બીજે સ્થળે. ૧૪

ક્ષણમાત્રમાં જિનરાજ ભવિજન આપકેરા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી;
જ્યમ તિવ્ર અગ્નિ તાપથી મિશ્રીત ધાતુ હોય તે,
પત્થરપણાંને ત્યાગીને તત્કાળ સોનું થાય છે. ૧૫

હે જિન હમેશાં ભવ્ય જન જે દેહના અંતર વિષે,
ધરતાં તમારૂં ધ્યાન તેનો નાશ કરતા કેમ તે;
અથવા સ્વભાવ મહાન જન મધ્યસ્થનો એવો સદા,
વિગ્રહતણો કરી નાશ ને શાંતિ પ્રસારે ઉભયથા. ૧૬

નહીં ભેદ હે પ્રભુ આપને આત્મા વિષે આ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે આપ સમ થાયે નકી;
જે જળ વિષે શ્રદ્ધા થકી અમૃત તણું ચિંતન કરે,
તે જળ ખરેખર વિષના વિકારને શું ના હરે ? ૧૭

તમનેજ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે,
વિભુ હરિ હરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે;
કમળા તણાં રોગેથી જેનાં નેત્ર પ્રભુ પીળાં રહે,
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણિ નહીં કહે ! ૧૮

ધર્મોપદેશ તણાં સમયમાં આપના સહવાસથી,
તરૂ પણ અશોકજ થાય તો શું મનુજનું કે'વું પછી;
જ્યમ સૂર્યના ઉગ્યાં થકી ના માત્ર માનવ જાગતાં,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સહેજમાં પ્રફુલ્લિત થતાં. ૧૯

ચારે દીશાયે દેવ જે પુષ્પો તણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય નીચા મુખ વાળા ડીંટથી તે ક્યમ પડે;
હે મુનિશ અથવા આપનું સામીપ્ય જળ પમાય છે,
પંડીત અને પુષ્પો તણાં બંધન અધોમુખ થાય છે. ૨૦

જે આપના ગંભીર હૃદય સમુદ્રમાંથી ઉપજે,
તે વાણીમાં અમૃતપણું લોકો કહે તે સત્ય છે;
કાંકે કરીને પાન પરમાનંદને ભજતાં થકાં,
ભવિજન અહો એથી કરીને શીઘ્ર અજરામર થતા. ૨૧

દેવો વીંઝે જે પવિત્ર ચામર, સ્વામી આપ સમીપ તે,
હું ધારૂં છું નીચા નમો ઉંચા જતાં એમજ કહે;

મુનિ શ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધ ભાવી ઉર્ધ્વ ગતિને પામશે નિશ્ચય થકી. ૨૨

સુવર્ણ રત્નોથી બનેલા ઉજળા સિંહાસને,
ગંભીર વાણીવાન રૂપે શ્યામ સ્વામી આપને;
ઉત્સુક થઇને ભવ્ય જનરૂપી મયુરો નિરખે,
મેઘ શિરે અતિ ગાજતાં નવ મેઘ સમ પ્રીતિવડે. ૨૩

ઉંચે જતી તુમ શ્યામ ભામંડળ તણી કાંતિવડે,
લોપાય રંગ અશોક કેરા પાનનો સ્વામી ખરે;
પ્રાણિ સચેતન તો પછી વીતરાગ આપ સમાગમે,
રે કોણ આ સંસારમાં પામે નહી વૈરાગ્યને. ૨૪

રે રે પ્રમાદ તજો અને આવી ભજો આ નાથને,
જે મોક્ષપુરીમાં જતાં વ્યાપારી પાર્શ્વનાથને;
સુર દુંદુભીનો શબ્દ જે આકાશમાં વ્યાપી રહે,
હું માનું છું હે દેવ તે ત્રૈલોકને એમજ કહે. ૨૫

હે નાથ આ ત્રૈલોકમાં પ્રકાશ જય આપે કર્યો,
તારા સહીત આ ચંદ્રમા તવ હીણ અધિકારી ઠર્યો;
મોતી સમૂહે શોભતાં ત્રણ છત્રના મીસે કરી,
આવ્યો પ્રભુની પાસ તે નકી રૂપ ત્રણ જાણે ધરી. ૨૬

કીર્તિ પ્રતાપજ કાંતિ કેરા સમુહથી ત્રૈલોક આ,
ગોળારૂપે ભગવાન જયમ આપે પૂરેલાં હોય ના;
રૂપુ સુવર્ણ અને વળી માણેક્યથી નિર્મિત ખરે,
ચોપાસથી શોભી રહ્યાં ત્યમ આપ ત્રણ કિલ્લા વડે. ૨૭

પડતી પ્રભુ તુમ પાદમાં દેવેંદ્ર નમતા તેમની,
રત્ને રચીત મુગટો તજીને દિવ્યમાળા પુષ્પની;
હું માનું છું મનમાં ખરે એ યોગ્ય થાએ સર્વથી,
વિભુ ! આપનો સંગમ થતાં સુમનો બીજે રમતાં નથી. ૨૮

હે નાથ ! આ સંસાર સાગરથી તમે વિમુખ છતે,
નિજ આશ્રીતોને તારતા વિશ્વેશ તે તો યોગ્ય છે;
લોકો તરે માટીતણાં ઘટ કર્મ પાપ સહીતથી,
આશ્ચર્ય વિભુ પણ આપ છો રહીત કર્મ વિપાકથી. ૨૯

વિશ્વેશ જનપાલક છતાં પણ આપ દુર્ગત દીસતા,
હે ઈશ અક્ષર છો તથાપિ રહીત લિપી સર્વથા;
વળી દેવ છો અજ્ઞાનિને પણ તારનાર સદૈવ જે,
વિચિત્ર તે ત્રૈલોક્ય બોધકજ્ઞાન આપ વિષે સ્ફુરે. ૩૦

આકાશ આચ્છાદિત કરે એવી અતિશય ધૂળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામિ આપને;
છાયા પરંતુ નાથ તેથી આપની ઢંકાઇ નથી,
ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાના થકી. ૩૧

વિજળી સહિત ઘનઘોર મુશળધારથી વળી વર્ષતો,
વર્ષાઋ દુસ્તર કમઠ દૈત્યે છોડીયો પ્રભુ ગાજતો;
તેણે અહો જિનરાજ ઉલટું રૂપ ત્યાં સહેજે ધર્યું,
તિક્ષ્ણ છુરી તલવાર કેરું કામ તે સામું કર્યું. ૩૨

વિકાળ ઉંચા કેશ લટકે ભાળ શબના શીરની,
ભયકારી અગ્નિ મુખ વિષેથી નીકળે જેના વળી;
એવો સમુહ પિશાચનો જે આપ પ્રત્યે પ્રેરીયો,
હે દેવ! પ્રતિ ભવદુઃખકારી તેહને તે તો થયો. ૩૩

હે ત્રણ ભુવનના નાથ જેઓ અન્ય કાર્યો છોડીને,
ત્રિકાળ વિધીવત પૂજતા તુજ ચરણને ચિત્ત જોડીને;
વળી ભક્તિનાં ઉલ્લાસથી રોમાંચવાળો દેહ છે,
આ પૃથ્વીમાં તે ભવ્યજનને હે પ્રભુજી ધન્ય છે! ૩૪

હે મુનીશ! આ સંસાર રૂપ અપાર સાગરને વિષે,
હું માનું છું તુમ નામ નહીં મુજ શ્રવણમાં આવ્યું હશે;
સુણ્યાં છતાંય પવિત્ર મંત્રરૂપી તમારા નામને,
આપત્તિ રૂપી સર્પિણી શું સમીપમાં આવી શકે? ૩૫

હે દેવ! જન્માંતર વિષે પણ આપના બે ચરણ જે,
બળવાન ઇચ્છિત આપવે તે મેં નહીં પૂજ્યા હશે;
હે મુનીશ! તેથી કરી હું, જરૂર આ ભવને વિષે,
સ્થળ હૃદય વેધક પરાભવનું તે થયો જાતે દીસે. ૩૬

નિશ્ચય અરે મોહાંધકારે વ્યાપ્ત એવાં નેત્રથી.
પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી;

કેવી રીતે થઈ હૃદયભેદક અન્યથા પીડે મને,
બળવાન બંધનની ગતિવાળા અનર્થો શરીરને. ૩૭
કદી સાંભળ્યા પૂજ્યા ખરેખર આપને નિરખ્યા હશે,
પણ પ્રીતિથી ભક્તિવડે નહિ હૃદયમાં ધાર્યા હશે;
જનબંધુ! તેથી દુઃખપાત્ર થયેલ છું ભવને વિષે,
કાંકે ક્રિયા ભાવે રહિત નહીં આપતી ફળ કાંઇએ. ૩૮
સુખકારી શરણાગત પ્રભુ હિતકારી જન દુઃખીયા તણાં,
હે યોગીયોમાં શ્રેષ્ઠ સ્થળ કરૂણા અને પુણ્ય જ તણાં,
ભક્તિથકી નમતો હું તે મહેશ મારા ઉપરે,
તત્પર થશો દુઃખ અંકુરોને ટાળવા કરૂણાવડે. ૩૯
અસંખ્ય બળનું શરણ! ને વળી શરણ કરવા યોગ્ય જે,
અવિનાશથી થઇ કીર્તિ એવા આપના પદકમળને;
શરણે છતાં પણ ભુવન પાવન! ધ્યાનથી કદી હીણ તો,
છું પ્રથમથી જ હણાયલો હણવા જ માટે યોગ્ય જો; ૪૦
હે અખિલ વસ્તુ જાણનારા! વંદ્ય હે દેવેંદ્ર ને,
સંસારના તારક અને ભુવનાધિ નાથ પ્રભુ તમે;
ભયકારી દુઃખ દરીયાથકી આજે પવિત્ર કરો અને,
કરૂણા તણા હે સિંધુ! તારો દેવ! દુખીયાને મને. ૪૧
હે નાથ! આપ ચરણ કમળની નિત્ય સંચિત જે કરી,
તે ભક્તિ કેરી સંતતિનું હોય ફળ કદી જો જરી;
તો શરણ કરવા યોગ્ય માત્ર જ આપને શરણે રહ્યો,
તે અહીં અને ભવ અન્યમાં પોતેજ મુજ સ્વામી થજો. ૪૨
એ રીતથી રૂડે પ્રકારે સ્થિર બુદ્ધિવાન ને,
અતિ હર્ષથી રોમાંચો જેના શરીર કેરાં અંગ તે;
તુજ મુખકમળ નિર્મળ વિષે જિનેંદ્ર! બાંધી દૃષ્ટિને,
જે ભવ્યજન હે પ્રભુ! રચે છે આપ કેરી સ્તુતિને. ૪૩

[પુષ્પિતાગ્રા છંદ.]

જન નયન કુમુદ ચંદ્ર સ્વામિ,
ચળકતી સંપદ સ્વર્ગની જ પામો;
નિર્મળ મનના થવા થકી એ,
તુરત જશે જન મોક્ષને વિષે તે. ૪૪

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર.

(શાર્દૂલ છંદ.)

*કિં કર્પૂરમયં સુધારસમયં કિં ચંદ્રશ્ચિર્મયં ।
કિં લાવણ્યમયં મહામણિમયં કારૂણ્યકેલિમયં ।।
વિશ્વાનંદમયં મહોદયમયં શોભામયં ચિન્મયમ
શુક્લધ્યાનમયં વપુર્જિનપતે ર્ભુયાદ્ભવાલંબનમ ।। ૧ ।।

ભાવાર્થ:—શ્રી જિનેંદ્ર ભગવાનનું શરીર અહા! કર્પુર જેવું શ્વેત, અમૃત જેવું મિષ્ટ, ચંદ્રની કાન્તિ જેવું શીતળ અને પ્રકાશીત, સુંદર, મોટા મણી જેવું પ્રકાશીત, કરૂણતાની ભૂમિકારૂપ, સમગ્ર વિશ્વને આનંદમય, મહા ઉદયવાળું, શોભાવાળું, સચીત સ્વરૂપ, શુકલ ધ્યાનમાં નિમગ્ન, એવાં શ્રી જિનેન્દ્ર ભગવાન સંસારના આધાર રૂપે હો. ૧

પાતાલંકલયન્ ધરાંધવલયન્નાકાશ મા પૂરયન્ ।
દિક્ચક્રં ક્રમયન્ સુરાસુરનર શ્રેણિં ચ વિસ્માપયન્ ।।
બ્રહ્માંડં સુખયન્ જલાનિ જલધેઃ પ્રેનોત્થલાલોલયન્ ।
શ્રી ચિંતામણિ પાર્શ્વસંભવયશો હંસશ્ચિરં રાજતે ।। ૨ ।।

ભાવાર્થ:—પાતાળમાં પણ પ્રવેશ કરી રહેલો, પૃથ્વીને ઉજ્જવલ કરતો, આકાશમાં સર્વ સ્થળે વ્યાપ્ત થતો, દિશાઓના ચક્રને પણ ઉલ્લંઘી જતો, દેવ દાનવોને વિસ્મય પમાડતો, ત્રણે જગતને સુખ આપતો, સમુદ્રમાં શ્વેત ફીણથી શોભાયમાન જળને ડહોળી નાંખતો; એવો શ્રી પાર્શ્વનાથ ચિંતામણીનો યશરૂપી હંસ ચીરંકાળ શોભે છે. ૨

પુણ્યાનાં વિપણિ સ્તમોદિનમણિઃ કામેભકુંભે સૃણિઃ ।
મોક્ષે નિઃસ્સરણિઃ સુરેંદ્રકરિણિઃ જ્યોતિ પ્રકાશારણિઃ ।।
દાને દેવમણિર્નતોત્તમજન શ્રેણીઃ કૃપાસારણી ।
વિશ્વાનંદ સુધા વૃણિર્ભવભિદે શ્રી પાર્શ્વચિંતામણિઃ ।। ૩ ।।

ભાવાર્થ:—પુણ્યના હાટ (ભંડાર) રૂપ, પાપરૂપી અંધકારમાં સૂર્યરૂપ, વિષયરૂપી હાથીને વશ કરવામાં અંકુશરૂપ, મોક્ષમાં ગમન કરવા માટે

* કિં શબ્દ આશ્ચર્યતા સૂચવે છે. એનો અર્થ અહા! જેવો થાય છે. તો દરેક વિશેષણની શરૂઆતમાં વાપરી લેવો.

નીસરણીરૂપ, આત્મજ્ઞાનરૂપ જ્યોતિને પ્રકાશ આપવામાં અરણીના વૃક્ષ સમાન, દાન દેવામાં ઇન્દ્ર સમાન, એમની (શ્રી પાર્શ્વનાથની) આગળ નમન કરી રહેલી સજ્જન પુરૂષોની પંક્તિને કૃપાની નદી સમાન, વિશ્વમાં આનંદરૂપી અમૃતના તરંગ સમાન શ્રી પાર્શ્વ ચિંતામણી (ભગવાન) સંસાર-સમુદ્રનું ઉચ્છેદન કરનાર આપ જ છો. ૩

શ્રી ચિંતામણિ પાર્શ્વવિશ્વજનતા સંજીવનસ્ત્વં મયા ।
દૃષ્ટ સ્તાત તતઃ શ્રિયઃ સમ ભવન્નાશક્ષમા ચક્રિણમ્ ॥
મુક્તિઃ ક્રીડતિ હસ્તયો ર્બહુવિધં સિદ્ધં મનોવાંછિતં ।
દુર્દૈવં દુરિત ચ દુર્ગતભયં કષ્ટં પ્રણષ્ટં મમ ॥ ૪ ॥

ભાવાર્થ:—હે તાત! (હે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ!) આખા વિશ્વના જીવનરૂપ, સચ્ચીદાનંદ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ! જ્યારથી મને આપનાં દર્શન થયાં છે, ત્યારથી જ ઇન્દ્ર દેવ તથા ચક્રવર્તિ પર્યંતની સમૃદ્ધિ મને પ્રાપ્ત થઈ છે, મારા હસ્તમાં જ મુક્તિરૂપી દેવી ક્રીડા કરી રહી છે, મારી વિવિધ પ્રકારની મનની અભિલાષાઓ સિદ્ધ થઇ છે, અને મારૂં દુર્દૈવ, મારૂં પાપ અને મારૂં દુઃખ તથા મારો દરિદ્રતાનો ભય સમૂળ નાશ પામ્યો છે. ૪

યસ્ય પ્રૌઢતમ પ્રતાપ તપનઃ પ્રોદ્દામધામા જગ ।
જ્જંઘાલઃ કલિકાલ કેલિ દલનો મોહાન્ધ વિધ્વંસકઃ ॥
નિત્યોદ્યોતપદ સમસ્ત કમલા કેલિગૃહું રાજતે ।
સ શ્રી પાર્શ્વજિનો જને હિતકર શ્ચિંતામણી પાતુ મામ ।૫।

ભાવાર્થ:—હે અતિશય પ્રતાપવાન્ સૂર્યરૂપ, અતિ ઉત્કટ જગત્રૂપી ધામને તથા કળીકાળના મહિમાને દહન કરનારા, મોહરૂપી અંધકારનો નાશ કરનારા અને જેનું સમસ્ત પ્રકારની સમૃદ્ધિ ધારણ કરનાર પદ હંમેશ શોભી રહ્યું છે એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન જગતના જીવોનું હિત કરનાર ચિંતામણી મારૂં રક્ષણ કરો. ૫

વિશ્વવ્યાપિ તમોહિનસ્તિ તરણિર્બાલોઽપિ કલ્પાંકુરો ।
દારિદ્રાણિ ગજાવલીં હરિ શિશુઃ કાષ્ઠાનિ વન્હે કણઃ ॥
પીયૂષસ્ય લવોપિ રોગનિવહું યદ્વત્તથા તે વિભો ।
મૂર્તિઃ સ્ફુર્તિમતી સતી ત્રિ જગતી કષ્ટાનિ હર્તું ક્ષમા ॥ ૬ ॥

ભાવાર્થ:—સૂર્ય બાલ્યાવસ્થામાં હોવા છતાં પણ વિશ્વમાં વ્યાપી

રહેલા અંધકારને નાશ કરે છે, કલ્પવૃક્ષનો એકજ અંકુર (ફણગો) દરિદ્રતાનો નાશ કરવામાં સમર્થ છે, સિંહનું એક નાનું બાળક જ હાથીઓના સમૂહનો નાશ કરે છે, અગ્નિનો એક સૂક્ષ્મ કણ કાષ્ટના જત્થાને ભસ્મવત્ કરી નાંખે છે, અમૃતનું એકજ બિંદુ રોગને નિર્વંશ કરે છે; તે જ પ્રમાણે હે વિભો! મનુષ્યોની મતિમાં સ્ફુરણા કરનારૂં તમારૂં શરીર ત્રણે જગતનાં દુઃખો હણવાને માટે સમર્થ છે. ૬

શ્રી ચિંતામણિ મંત્ર મોંકૃતિયુતં હ્રીંકાર સારાશ્રિતં ।
શ્રી મર્હન્નમિઉણ પાશ કલિતં ત્રૈલોક્ય વશ્યા વહં ॥
દ્વેષા ભૂત વિષાપહં વિષહરં શ્રેયઃ પ્રભાવાશ્રયં ।
સોલ્લાસં વસહાંકિત જિન કુદિંગા-નંદદં દેહિનાં ॥ ૭ ॥

ભાવાર્થ:—ૐ શબ્દની આકૃતિવાળો હ્રીંકારથી યુક્ત શ્રી મર્હન્નમિઉણના મંત્રથી બદ્ધ થયેલો ત્રણે લોકને વશ વર્તાવનાર, વિષયરૂપી ઝેરનો નાશ કરનાર, કલ્યાણકારક, પ્રભાવવાળો, વ; સ; હ; ઇત્યાદિ અક્ષરોથી યુક્ત એવા મનુષ્ય માત્રને આનંદરૂપ શ્રી ચિંતામણી નામનો મંત્ર છે. ૭

હ્રીં શ્રીં કારવરં નમોક્ષરપરં ધ્યાયન્તિ યે યોગીનો ।
હૃત્પદ્મે વિનિવેશ્ય પાર્શ્વમધિપં ચિંતામણિ સંજ્ઞકં ॥
ભાલે વામભુજે ચ નાભિકરયો ર્ભૂયોર્ભુજે દક્ષિણે ।
પશ્ચાદષ્ટ દલેષુ તે શિવપદં દ્વિત્રૈર્ભવૈર્યાન્ત્યહો ॥ ૮ ॥

ભાવાર્થ:—હ્રીં, શ્રીં ઇત્યાદિ આકારથી યુક્ત મંત્રનું જે યોગીઓ હૃદયકમળમાં અધિષ્ઠાતા ભગવાનના ચિંતામણીની સંજ્ઞાવાળો જેની પૂર્વમાં નમો મુકેલા છે એવો હ્રીં શ્રીકારાદિ ઉત્તમ વર્ણયુક્ત મંત્રને હૃદયકમળમાં ધારણ કરીને કપાળ વિષે, ડાબા હાથને વિષે, નાભિમાં અને બંને ભાગે જમણા હાથમાં અને ત્યાર પછી આઠે દલોને વિષે ધ્યાન ધરે છે તે બે ત્રણ ભવ પછી મોક્ષ ધામમાં સિધારે છે. એ શું આશ્ચર્યજનક નથી! ૮

(સ્રગ્ધરા છંદ.)

નો રોગા નૈવ શોકા ન કલહ કલના નારિ મારિ પ્રચારા ।
નૈ વ્યાધેર્ના સમાધિર્ન ચ દરદુરિતે દુષ્ટ દારિદ્રતા નો ॥
નો શાકિન્યો ગ્રહા નો ન હરિકરિગણા વ્યાલ વૈતાલ જાલા-
જાયન્તે પાર્શ્વચિંતામણિનતિવશતઃપ્રાણિનાં ભક્તિભાજામ ॥૯॥

ભાવાર્થ:—જે ભક્તિવાન પ્રાણીઓ શ્રી ચિંતામણી પાર્શ્વનાથમાં

પોતાની વૃત્તિ જોડે છે, તેઓને રોગ, શોક, કલેશ, અશાન્તિ, ભય, પાપ, દુષ્ટ, દારિદ્રપણું, શત્રુદ્વારા ઉપજતી વ્યાધિ તથા શાકિની, ભૂત, પિશાચ વિગેરે તથા હાથી તથા સિંહના સમૂહો દુઃખરૂપ થઈ શકતાં નથી. ૯

(શાર્દૂલ છંદ)

ગીર્વાણ દ્રુમધેનુ કુંભમણયસ્તસ્યાંગણે રંગીણા ।
દેવા દાનવ માનવાઃ સવિનયં તસ્મૈહિતં ધ્યાયિનઃ ॥
લક્ષ્મી સ્તસ્ય વશાડવશેવગુણિનાં બ્રહ્માંડ સંસ્થાયિની ।
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મનિશં સંસ્તૌતિ યો ધ્યાયતિ ॥૧૦॥

ભાવાર્થઃ—જે પ્રાણી શ્રી ચિંતામણી પાર્શ્વનાથની હંમેશ સ્તુતિ કરે છે તથા ધ્યાન ધરે છે તેના આંગણામાં રાગાદિ આનંદ થયા જ કરે છે. તેને કલ્પવૃક્ષ, કામદુગ્ધા ધેનુ, પારસમણી ઈત્યાદિ અલૌકિક પદાર્થ પ્રાપ્ત થાય છે. દેવ, દાનવ અને મનુષ્યો સુદ્ધાં વિનયથી તેના હિતનું જ ચિંતવન કર્યા કરે છે. ગુણવાન પુરૂષોને આ બ્રહ્માંડમાં પ્રાપ્ત થતી સમસ્ત લક્ષ્મી તેને વશ વર્તે છે. ૧૦

(માલિની છંદ)

ધ્રુતિ જિનપતિ પાર્શ્વઃ પાર્શ્વ પાર્શ્વાભ્ય યક્ષઃ ।
પ્રહલિત દુરિતૌઘઃ પ્રીણિતપ્રાણિ સાર્થઃ ॥
ત્રિભુવન જન વાંચ્છા દાન ચિંતામણિકઃ ।
શિવપદ તરૂ બીજં બોધિબિજં દદાતુ ॥ ૧૧ ॥

ભાવાર્થઃ—આ પ્રમાણે જિનપતિ પાર્શ્વનાથ ભગવાનની પાસે રહેનારો પાર્શ્વ નામનો યક્ષ, જેનાં પાપકર્મો નષ્ટ થઈ ગયાં છે, અને તે ભગવાને જનસમુદાયને સંતુષ્ટ કર્યા છે, અને જે ત્રણે ભુવનની વાંચ્છા પૂરવામાં ચિંતામણી સમાન છે, તે મોક્ષપદરૂપી વૃક્ષનું બીજરૂપ સમકીત મને અર્પણ કરો. ૧૧

વ્યાખ્યાન-પ્રારંભે બોલાતી મહાવીર પ્રભુની સ્તુતિ.

હવે ઇહાં કણે કોણ જે જાણવા, શ્રમણ શ્રી શ્રી ભગવંત, શ્રી શ્રી મહાવીર દેવ, દેવાધિદેવ, પર્મતારૂ, પર્મવારૂ, દયાનિધિ, કરૂણાગરસાગર, ભાનુભાસ્કર, જીવદયાપ્રતિપાલ, કર્મશત્રુના કાલ, મહામાહણ, મહાગોવાલ, પર્મનિર્યામિક, પર્મવૈદ્ય, પર્મગારૂડી, પર્મસનાતન, અનાથના નાથ, અશરણના શરણ, અબંધવનાં બંધવ, ભાગ્યના ભેરૂ, સંત-ઉદ્ધારણ, શિવસુખકારણ, રાજરાજેશ્વર-પુરૂષ, હંસપુરૂષ, સુપાત્રપુરૂષ, નિર્મલપુરૂષ, નિઃકલંકિપુરૂષ, નિર્મોહિ પુરૂષ, નિર્વિકારીપુરૂષ, ઇચ્છાનિરોધતપસ્વી, ચોત્રીશ અતિશયે કરી બિરાજમાન, પાંત્રીસ પ્રકારની સત્યવચનવાણીના ગુણે કરી સહિત, એકહજાર આઠ ઉત્તમ લક્ષણના ધરણહાર, શ્રી શ્રી સિદ્ધાર્થનંદન, ત્રિહુજગવંદન, અઘમલમંજન, ભવભયભંજન, અરિદલગંજન, પાપદુઃખનિકંદન, ક્ષમાદયાએકરી શીતળ ચંદન, દીનદયાળ, પરમ-મયાલ, પરમકૃપાળ, પરમપવિત્ર, પરમયોગેશ્વરી, પરમહિતવંચ્છક, પરમઆધાર, જહાજસફરીસમાન, જગતત્રાતા, જગતભ્રાતા, જગત-જીવન, જગતમોહન, જગતસોહન, જગતપાવન, જગતભાવન, જગતઇશ્વર, જગતવીર, જગતધીર, જગત ગંભીર, જગતઇષ્ટ, જગતમીષ્ટ, જગતશીષ્ટ, જગતમિત્ર, જગતવિભુ, જગતપ્રભુ, જગતમુકુટ, જગતપ્રગટ, જગતનંદન, જગતવંદન, ચૌદ રાજલોકને વિષે ચુડામણી મુકુટસમાન, ભવ્યજીવના હૃદયના નવશરહાર, શિયલપુંજ, જગતશિરોમણી, ત્રિભુવનતિલક, સમવસરણના સાહેબ, સરસ્વતીના તુરંગ, ગણધરના ગુરૂરાજ, છકાયના છત્ર, ગરીબના નિવાજણહાર, મોહના ઘરટ્ટ, વાણીના પદ્મસરોવર, સાધુના સેહરા, લોકના અગ્રેશ્વર, અલોકના સાધણહાર, ત્રાસિતના શરણાગત, મોક્ષના દાનેશ્વરી, ભવ્યજીવના લોચન, સંતોષના મેરૂ, સુજશના કમલ, સુખના સમુદ્ર, ગુણના હંસ, શબ્દના કેસરી, જમના જિત-ણહાર, કાલના ભક્ષણહાર, મનના અંકુશ, મનુજના કલ્પવૃક્ષ, સમ-દૃષ્ટિના માતાપિતા, ચતુર્વિધ સંઘના ગોવાલ, ધરતીના ઇંદ્રધ્વજ, આકાશના સ્થંભ, મુક્તિના વરરાજા, કેવળના દેવણહાર, ચોસઠ ઇંદ્રના વંદનિક, પૂજનિક, અર્ચનિક, સ્મરણનિક, એવા દીનોદ્ધાર, દીનબંધુ, દીનઆધાર, સબ દેવનકા દેવ, સર્વ મુનિના નાથ, સર્વ

યોગીના ઠાકુરપુરૂષ, તરણતારણ, દુઃખનિવારણ, અધમઉદ્ધારણ, ભવદુઃખભંજન, સમતાના સિંધુ, દયાના સાગર, ગુણના આગર, ચિંતામણિરત્નસમાન, પારસમણિ સમાન, કામદુઘાધેનુસમાન, ચિત્રાવેલસમાન, મોહનવેલસમાન, અમૃતરસકુંભસમાન, સુખના કરણહાર, દુઃખના હરણહાર, પાપપડલતિમિરના ટાલણહાર, ચંદ્રમાની પેરે શિતળદશાના ધણી, સૂર્યની પેરે ઉદ્યોતના કરણહાર, સમુદ્રની પેરે અડોલ, વાયુની પેરે અપ્રતિબંધવિહારી, ગગનની પેરે નીરાવલંબી, મારવાડી વૃષભધોરીસમાન, પંચાનનકેશરીસિંહસમાન, એવા લોકોત્તર પુરૂષ, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, એહવા-

ચમ્મજિણેશ્વર જગધણી, જિનશાસનશણગાર;
ભાવ ધરીને સમરતા, પામિજે ભવપાર !

એવા તત્ત્વાનંદી, તત્ત્વવિશ્રામી, અનંતગુણના ધણી, અલક્ષગુણના ધણી, અનંતબલના ધણી, અનંતરૂપના ધણી, અનંત તેજના ધણી, અનંત અવ્યાબાધ આત્મિક સુખના ધરણહાર, સકલનામ ને સકલગોત્રના ધરણહાર, 'મા હણો મા હણો' શબ્દના પ્રકાશણહાર, અહો ભવ્યજીવો ! જે કોઈ જીવને હણશો તો હણાવવા પડશે, છેદશો તો છેદાવવા પડશે, ભેદશો તો ભેદાવવા પડશે, કર્મ બાંધશો તો ભોગવવાં પડશે, એવા 'મ હણો, મ હણો' શબ્દના પ્રકાશના કરણહાર, સમણ ભગવંત મહાવીરે, ઉપન્ન-નાણદંસણધરે, અરહંજિણકેવલી, અપરિશ્રવિ કહેતા-અનાશ્રવિ પુરૂષ, તે પ્રભુજીના ગુણ કહ્યામાં નાવે, મવ્યામાં નાવે, વર્ણવ્યામાં નાવે. એહવા અકલસ્વરૂપી, અવિગત સ્વરૂપી, જિનેશ્વરદેવ, તે પ્રભુએ સાડાબાર વર્ષ ને પંદર દિવસ સુધી મહા મહેનતો કરી, કર્મને ટાલી, કર્મને ગાલી, કર્મબાળી, કર્મને દૂર છાંડી, કર્મના દેણા છઇ કરી, કર્મથી નિઃકરજા થઇ કરી, કેવળશ્રી વરી, આત્મદશા પ્રગટ કરી, જિનેશ્વરદેવ, વીતરાગ દેવ મોક્ષનગરે પધાર્યા.

એહવા પરમ ઉપકારકની મહાવીર દેવે ભવ્ય જીવોના કલ્યાણ નિમિત્તે સિદ્ધાન્તરૂપ આગમવાણીની લહાણી કરી છે.

(૧) શ્રી ચોવીસ જિનની આરતી.

જય મુક્તિદાતા, પ્રભુ જય મુક્તિદાતા,
તુજને વંદન કરીએ (૨), ગુણ તારા ગાતાં; જયદેવ, જયદેવ. એ ટેક.
આદિનાથ અજીત, સંભવ સુખકારી, પ્રભુ સંભવ સુખકારી;
કષ્ટ અમારાં કાપો (૨) હે ભવ ભયહારી. જય૦ ૧
અભિનંદન સુમતિ, પદ્મ તું મુજ પ્યારો, પ્રભુ પદ્મ તું મુજ પ્યારો;
સુપાર્શ્વ ચંદ્ર સુવિધિ (૨), શીતળ ભવતારો. જય૦ ૨
શ્રેયાંસ વાસુ વિમળ, અનંત ગુણ ભરીયા, પ્રભુ અનંત ગુણ ભરીયા;
કષ્ટ ભવોનાં કાપી (૨) શીવ રમણી વરીઆ. જય૦ ૩
ધર્મ ધુરંધર નાથ, આપ વસ્યા મુક્તિ, પ્રભુ આપ વસ્યા મુક્તિ;
શાન્તિનાથ સુણો શ્રવણે (૨) દાસતણી યુક્તિ. જય૦ ૪
કુંથુનાથ કોડે, કાઢો કુવનમાંથી, પ્રભુ કાઢો કુવનમાંથી;
અર મલ્લિને પ્રણમું (૨), તારો કર સાથી. જય૦ ૫
મુનિસુવ્રત મહારાજ, અગણિત મુજ ખામી, પ્રભુ અગણિત મુજ ખામી;
વંદુ શીર હું નામી (૨) તાર અંતરજામી. જય૦ ૬
નમિ નાથ ભગવાન, ભાવ ધરી ભાળો, પ્રભુ ભાવ ધરી ભાળો;
નિર્મળ નેમ નગીના (૨) દુઃખ સર્વે ટાળો. જય૦ ૭
પાર્શ્વ પરમ કૃપાળ, જન પાલનહારો, પ્રભુ જન પાલનહારો;
વર્દ્ધમાન જિન વંદુ (૨), ભવજળથી તારો. જય૦ ૮
ચોવીશ-જિન ભક્તિ, ભાવ ધરી કરશે, પ્રભુ ભાવ ધરી કરશે;
જન્મ, મરણ દુઃખ ટાળી (૨), મુક્તિને વરશે. જય૦ ૯
નમી તુજને કહે નેમ, નાથ તું છે મારો, પ્રભુ નાથ તું છે મારો;
જૈન પ્રવર્તક મંડળ (૨), શાસન સહુ તારો. જય૦ ૧૦

(૨) પાર્શ્વનાથ ભગવાનના ગુણ.

તારો તારો, પાર્શ્વનાથ તારો, તમારા ગુણ નહિ ભૂલું,
તમે બળતો ઉગાર્યો કાળો નાગ રે, તમારી વાત શું બોલું! ટેક.

સાખીઃ—કમઠ પાંચ અગ્નિ તપે, બાળ તપસ્વી રાજ;
નાગ બળે છે કાષ્ટમાં, જુવે અવધિજ્ઞાને જિનરાજ રે, તમારી. ૧

કાષ્ટ ચિરાવી કાઢીયો, સંભળાવ્યો નવકાર;
ધરણ ઇન્દ્રપદ પામીયો, એવો મોટો પ્રભુનો ઉપકાર રે, તમારી. ૨

ભોગ ભોગની વાતડી, સમજાવે શુભ પેર;
પણ શિખામણથી વરસ્યું, કમઠભાવાની આંખમાં ઝેર રે, તમારી. ૩

કમઠ મેઘમાળી થયો, પ્રભુ કાઉસ્સગમાં ધીર;
જળ વરસાવે જોરમાં, આવી નાકે અડ્યાં છે નીર રે, તમારી. ૪

ધરણ ઇંદ્ર આસન ચળ્યું, આવ્યો પ્રભુની પાસ;
નાગ રૂપ કરીને ઉંચકીયાં, શિરછત્ર ફણા આકાશ રે, તમારી. ૫
થાકયો કમઠાસુર હવે, નમ્યો પ્રભુને પાય;
ચંદ્ર કહે ગુણ પાર્શ્વના, જૈન શાળાની બહેનો ગાય રે તમારી. ૬

(૩) શ્રી મહાવીરને વંદન.

સ્નેહે સ્નેહે સંભારૂં શ્રી ભગવાન, વીરને વંદન કરીએ;
વહાલું વહાલું મહાવીર તારૂં નામ, વીરને વંદન કરીએ. ૧
ચૈત્ર શુદિ તેરશનો દહાડો, ત્રિશલાની કુંખે તું જાયો;
ત્રણે ભુવનમાં વર્ત્યો જય જય કાર, વીરને વંદન કરીએ. ૨
દેવ, દેવી સૌએ હુલરાવ્યા, મેરુ ઉપર પ્રેમે નવરાવ્યા,
જેની ભક્તિનું થાય નહિ ધ્યાન, વીરને વંદન કરીએ. ૩
માતપિતાની ભક્તિ કરવા, ભ્રાતૃપ્રેમને નહિં વિસરવા;
ત્રીશે વરસે હંકાર્યું દીક્ષા–વહાણ, વીરને વંદન કરીએ. ૪
તપ જપ સંયમને બહુ પાળી, કષ્ટ ઘણાને નહિં ગણકારી;
જગમગ જ્યોતિસમ પામ્યા કેવળજ્ઞાન, વીરને વંદન કરીએ. ૫
અધમ ઉદ્ધારણ ભવિજન તારક, ગુણ અનંતાના જે ધારક,
એવા વીરને છે વંદન વારંવાર, વીરને વંદન કરીએ. ૬
વંદન કરીએ ભાવે સ્મરીએ, ત્રિકાળ તારું ધ્યાન જ ધરીએ;
તારા નામે સદાય સુખ થાય, વીરને વંદન કરીએ. ૭

(૪) ચેત! ચેત! નર! ચેત!

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨
ગાફીલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ કજેત;
હવે જરૂર હુંશીયાર થઈ, ચેત ચેત નર ચેત. ૩
તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત. ૪
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫
રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬
રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નર–તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત. ૭

કાળા કેશ મટી ગયા, સર્વે બનીયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૮

માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ૯

શુભ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ૧૦

(૫) આત્મોપદેશ (હરિગીત)

રે આત્મ! તહારો વખ્ત સારો વેગે વીતી જાય છે,
તે ધ્યાનમાં ઉતાર તું, પરતંત્રતા તેમ થાય છે;
નથી ભાર રહેવો એ ઘડી એવી દશા તુજને થશે,
તેવા સમે પ્રભુ ભક્તિમાં સદ્‌બુદ્ધિ થું તુજ આવશે! ૧

કેવાં કરૂં કાર્યો અને કેવો બનું આ વિશ્વમાં,
કઈ રીતથી વખણાઉં ને કેમ યશ પામું સર્વમાં;
આવી અહોનિશ ધારણા, તુજ અંતરે લાગી રહી,
હા! હા! જવું પણ શીઘ્રથી, એ કેમ સમજ્યો તું નહિ! ૨

વિલાસિનીના વિલસતાં વિલાસમાં બહુ હર્ષથી,
તાતા અને માતા વળી ભોજન કરે અતિ તર્પથી;
સમુદ્ર પર્યંત આણને વર્તાવી જેઓ રાજતા,
જોને! સુતા ત્રણ હાથની ભૂમિ વિષે હા! હા! થતા. ૩

જાવું અને જોવું અને રોવું અરે આ માહરૂં,
માતા અને પિતા વળી પુત્રો વધૂ ને સાસરૂં;
આવી સ્થિતિ સહુ લોકમાં ચારે દિશે વ્યાપી રહી,
પણ કોઈ એ પ્રભુ પાદમાં, આ જીગરને સોંપ્યું નહિ. ૪

શિશુપણું રમત કરી અજ્ઞાનમાં વિતાડીયું,
તારૂણ્ય તો તરૂણી તણા પ્રવાહમાં હા ગાળીયું;
બુઢ્ઢાપણું આવી રહ્યું ચિંતા તણા ચોગાનમાં,
હા! હા! ગયું પુણ્ય પ્રાપ્ત તહારૂં–મનુષ્યપણું બેભાનમાં. ૫

પાંડુ થયા સહુ કેશ સુંદર, ભ્રષ્ટ થઈ દંતાવળી,
ચક્ષુ તણી ક્ષીણતા બની, અન્યેન્દ્રિઓ પણ ગઈ ગળી;
સહુ હાડ કંપે અંગના રે લાકડી લેવાઈ ગઈ,
તોયે અરે પ્રમદા તણા આનન વિષે દૃષ્ટિ રહી. ૬

તું દે ત્યજી છળ કપટ સઘળાં મોહ માયાથી ભર્યાં,
સહુ તાપ ટળશે તાહરા જે પાપથી જીવે કર્યા;
આનંદ થશે બહુ અંતરે ને સુખ લહેરો ઉઠશે,
સંપૂર્ણ તહારી સત્વ સીમા હર્ષથી આવી જશે. ૭

પ્રાપ્તિસ્થાન :

(૧) સંઘવી જીવણલાલ છગનલાલ

પંચભાઈની પોળ, અમદાવાદ

(૨) શાહ નગીનદાસ મોતીચંદ (જૈન બુકસેલર)

ઢોશીવાડાની પોળ, અમદાવાદ